ડા૦ વામન ગોપાળ

આયોડાઈઝ્ડ

સાર્સા પરિલા.

સાર્સાપરિલા આજ સાઠ વર્ષથી પ્રખ્યાત અને લાખો દરદી-ઓએ એનો ઉપયોગ કરી પોતાની નીરાશા દુર કરી છે.

લોહી એ મનુષ્ય જીવનનું છે. તે બગડયું હોય તો અનેક રોગ ઉત્પન થાય છે માટે તે સુધારવા દરેક માણસને કાળજી લેવી જોઈએ, તેને માટે આ સાર્સાપરિલા પીના બીજી એક પણ દવા લેવાની જરૂર નથી. વળી આ દવા પીવાથી ઉપદંસ એરંડે ગરમી અને તેના વડે થતા રોગો—તેમજ લકવા, સંધીવા, ચામડીપર કાળા ડાઘા પડવા, આંગતુક સુજી આવવુ, શરીરમાં બળતરા થવી, શરીરની ઉપર દેવી સરખા ફોલ્લા થઇ આવવા વીગેરે વીકારો ઉપર આ દવા અકસીર થઈ પડી છે.

શીશી ૧ ના રૂ. ૧॥ ત્રણ શીશી પીવાથી સારો ગુણ આવે છે પો. જુદું. ચાર શીશી એકદમ મંગાવનારને બદલે સહીત રૂ. ૪–૧૩–૦ પડશે.

અમદાવાદ ઝોન ૮—ગોકળદાસ મોતીચંદ પાસેથી મળશે અમદાવાદ ઘાંચીની પોળ.

સુરત ઝોન ૭—ડી૦ સદાશીવ સદાશીવ ભાગળ

ડા. ગૌતમરાવ કેશવ એંડ સન ઠાકુરદ્વાર–મુંબઈ.

નવરંગ.

વાંચવાલાયક વાર્તાઓ ને વિષયોથી ભરપુર માસિક.

માલેક અને અધિપતિ—અરદેશર અરશેદજી દેશાઇ.

ઑફિસ—૨૩૭, બજારગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

વાર્ષિક લવાજમ હિન્દુસ્તાનમાં ૩. ૪. છુટક નકલ ૮ આના.
,, ,, પ્રદેશમાં ૩. ૫.

૮ માં સાલના ગ્રાહકોને મી૦ કાબરાજીની 'દલજંગ દલેર'ની વારતાનું પુસ્તક ભેટ

પુસ્તક ૮ મું. માર્ચ, ૧૯૨૩. અંક ૭ મો.

અનુક્રમણિકા.

મોતનો ડાઘ !	અધીપતી.
ગઝી રક્ષા. (કવિતા)	આદીલ.
ચડવાનાં પુન.	MAVIS.
કોટાનું કટેસર. (ટુંકી વાર્તા)	સોરાબ બી. તાતા.
જ્વાળામુખી પર્વતો સંબંધી વધુ	
જીવેચન (નિબંધ)	J. F. M.
બલિદાન (કવિતા.)	કવિ ભાઇશંકરજી વિ. પંડિત.
બેહેસ્તનો ખજાનો ! (ટુંકી વાર્તા.)	NIOBE
સંસારનો ફાંસો (ચાલુ વાર્તા.)	દાનાં કાપડીયા.
પ્રલયકાય કેળવણી.	એક અભ્યાસી.

તાકીદે જોઇએ છે.

'નવરંગ' માસિકના માસ સપટેમ્બર, ૧૯૨૨ ના અંકો જેટલા આવશે તેટલા રાખીશું. આના આઠ રોકડા આપીશું. માસ સપટેમ્બરના અંકો મોટી સંખ્યામાં વધારે છપાવેલા હોવા છતાં નવા ગ્રાહકોના મોટા ધસારાને તે પુરી શકેલા ન હોવાથી આ માંગણી કરવામાં આવે છે, માટે જે મેહેરબાન ગ્રાહકો ફાઇલો ન રાખતા હોય તેવા ગ્રાહકે આ માસિકની ઓફીસમાં તુરત મોકલી આપવા મેહેરબાની કરવી.

દર મહીને કેટલું ખરચશો ?



કેટલું બચાવશો ?

સેંત્રલ બેંક તરફનો ઉપલો નકસો ઘરસંસારમાં તમોને ઉપયોગી થઈ પડશે.

———:o:———

તે પ્રમાણે તમારા ખરચો નીભાવી ખરાબ વખત માટે, દુઃખસુખના દીવસો માટે નાણું સંધરવાની ટેવ પાડો અને તે નાણું

સેંત્રલ બેંક ઓફ ઈન્ડીયા

ના સેવીંગ બેંક ખાતામાં મુકો, કે જ્યાં તમારૂં નાણું સચવાય અને તમોને બીજી સેવીંગ બેંકો કરતાં વધુ વ્યાજ તથા લાભ મળે.

વધુ માટે લખો યા મળો.

(સોરાબ ન. પોંચખાનાવાલા,)
મેનેજીંગ ડીરેકટર.

નવરંગ.

પુસ્તક ૮ મું. માર્ચ, ૧૯૨૩. અંક ૭ મો.

મોતનો ડાઘ!

પ્રકરણ ૭.

તે પછીના થોડાક દીવસો મધુરી એવઝીએ ક્રોયીન રેકટીફની આમદની આતુરતાથી રાહ જોવામાં ગુંજાર્યા તેણે બ્લેરહેડ ખાતે બીજા શુક્રવારે આવવાનું વચન આપ્યું હતું અને તે તનોમન રૂપસુંદરીની પકકી ખાતરી હતી કે તે પોતાના વચનનો ભંગ તો કોઇ કાળે કરનાર ન હતો.

એ દરમ્યાન વખત હમેશ મુજબ વહેતો ગયો. સર જોન લાસી મુસાફરીએ નીકળનાર છે એવી વાત ગામમા પુગી ગયતા હોવાથી ઘણાકો તેમને ભેટવા એ મુદતમા આવ્યાં. તે વૃધ્ધ બેરોનેટના મિત્રો તે સમાચારથી અચરત થયા કેમકે સર જોનની તંદરોસ્તી અત્યંત બેચેની ઉપજાવનારી હતી એની તેમને કેટલી ખબરો મળી હતી.

મી૦ વેલન્સ, તે નહાના ગામનો રેકટર, પણ સર જોનની મુલાકાત એ મુદતમા લઇ ગયો. તે મુલાકાત અસાધારણ લાગો વખત ચાલી હતી અને જયારે મી૦ વેલન્સ તે વૃધ્ધ ઉમરાવને મળીને તેના ઓરડામાથી બહાર નીકળ્યો ત્યારે ઘણો દીલગીર હોય એવો ભાસ તેના હમેશનાં ભાષાળુ મુખડા ઉપરથી મળતો હતો.

તેણે સર જોનને મળ્યા પછી મીસ રટર્નને મળવા માગ્યુ, અને એલઝી જયારે તેની નજીક આવી ત્યારે હરકત કરતાં વધુ માયાથી તે તેણીને ભેટયો.

"હું તમારી સાથ એકાતમા વાત કરવા ઇચ્છુ છુ," તે ભલા પાદરીએ માયાથી કહ્યુ. "દસ્ટ થોડીક પળ. હું તમને જાસ્તી નહીં રોકશ."

એલઝી તે રેકટરને બાજુમાના એક અથાહેલા દીવાનખાના રૂમમાં લઇ ગઇ. મી૦ વેલન્સે તુરતજ પોતાનું 'કહેવું' શરૂ કર્યું.

"તમારા પિતા અત્રેથી જલદી કુચડી જવાની તૈયારી કરી રહ્યા છે," તેણે કહ્યું, "બલબત્તા, તે એક એવણના મર્યાદાનુજ બાનરૂં પરીણામ હશે. તેવણે પોતાની ગેરહાજરી

દરમ્યાન તમારી સંભાળ લેવાનું કામ મને સોંપ્યું છે. તમને કંઇ બાહરી સલાહ યા મદદની જરૂર હોય તો તે આપવાનું તેમણે મને ફરમાવ્યું છે. વળી તેમણે મને એક સીલ કરેલું કાગળોનું બંડલ આપ્યું છે કે જે એવણના મરણ પછીજ ખોલવાનું એવણે બાહરી પાસ વચન લીધું છે."

"પપાએ એ વીશે મને કહ્યું છે અને મી૦ વેલન્સ એ ફરજ તમે સ્વિકારી છે, એ જોઇ હું ઘણી ખુશી છું. હું ધારું છું કે એ બંડલ ખોલવાનો વખત કદી ન આવે. એમના એ બધા ધબારાઓ સામે મને ઘણોજ કચવાટ છે."

"તેમાં તમો તદ્દન ખરાં છો," તે રફટરે એલઝીના વિચારોને પુષ્ટી આપી, "અંદર શું છે તે હું અટકલી શકતો નથી; કદાચ સર જોનનું વસ્યતનામું હશે."

તે ભલા પાદરીએ જાણી જોઇને તેને માહીતી હોવા છતાં નજ ઉમેર્યું કે અંદર સર જોનનું કોઇ બાબતનું એક શરમીંદગીભર્યું કનફેશન હતું.

"મેં જે ફરજ સ્વિકારી છે તે સાધારણ રીતે તો એક ધારાશાસ્ત્રીને ફાળે જવી જોઇતી હતી, પણ સર જોનની ઇચ્છાનો અનાદર હું કેમે કરી કરી શકયો નહીં. એવણના એ વહેમ કે ધબારા સામે સવાલ ઉઠાવવાની બાહરી હીંમત ચાલી નહીં. મીસ સ્ટર્ન, મેં એ બાબે ઉઠાવેલી ફરજ સામે તમને તો કશો વાંધો નથીની?"

"જરા બી નહીં," એલઝીએ તરતજ દીલસોઝ જવાબ કર્યો, "હું તો ખુશી છું, ઘણીજ ખુશી."

મંગળની સહવારે એલઝીને નામનું એક કાગળ આવ્યું. તે જોઇ તે અજાયબ તો નજ થઇ, પણ તે વાંચતાં તેણી અત્યંત ખુશી થયલી દીસી. તે કાગળ નીચે પ્રમાણે લખાયલું હતું:—

"વ્હાલાં મીસ સ્ટર્ન,

તમને આ પત્ર લખવાની જે છુટ હું લઇ રહયો છું તે માટે તમારી માફી ચાહું છું. મને ઉમીદ છે કે તે તમે જરૂર બક્ષશો, કેમકે હું તમને એક મરતબા મળ્યો છતાં એમ માનતો થયો છું કે આપણા વચ્ચેની મિત્રાચારી વર્ષોની છે. આ કાગળ હું તમને ખાસ યાદ આપવા લખું છું કે આપણા વચ્ચે થયલી ગોઠવણ મુજબ આવતા ગુરૂવારે બ્લેરગેડ પાર્કમાં હું આવનાર છું. મને વિશ્વાસ છે કે સર જોનની તબ્યત હવે સુધરી હશે અને મને મુલાકાત આપી શકવાની તંદરોસ્ત સ્થિતિમાં હશે. મી૦ નોએલ કેમ્બેલ એ મુલાકાત માટે અતિ આતુર છે. તેનો સંદેશો સર જોન મીઠાસ અને મોહબતથી સ્વિકારે એ તેની મોટી આજ્ઞા છે.

તમારો સાચો,

કૅાલીન રેડફલીફ."

ઉપલા પત્રના જવાબમાં એક ધણો ટુંકો રૂકકો એલઝીએ મોકલ્યો. તેણીને લાગ્યું કે તે ગુરૂવાર બદલ સુધવારે ત્યાં આવે એ ખાસ જરૂરનું હતું, કેમકે તેના પિતા ઝડપથી ઉપડી જવાની તૈયારીઓ કરી રહયા હતા.

"હલ્લો મી૰ રેડકલીફ" (તેણીએ લખ્યું.)

"મારા પિતાજી વતી તેમને માટે તમે જે શ્રમ ઉઠાવી રહ્યા છો તે માટે તમારો હું આભાર માનું છું. ખાસ કરીને એટલા માટે વધારે કે તમે મને ખાતરી આપી છે કે તેમાં મારા પિતાજીનો લાભ વધારે સમાયલો છે. જો બની શકે તો અને ખાસ સગવડ કરીને પણ તમે બ્લેરઉડ બુધવારે આવો તો ઠીક થશે, કેમકે પપા લાંબી મુસાફરીએ જવાની તૈયારીઓ કરી રહ્યા છે.

તમારી હિતેચ્છુ,
એલઝી સ્ટર્ન."

તેણીએ એ ચીઠ્ઠી ખાસ પોતાની દાસી એનેટ પાસ પોસ્ટ કરાવી કે મારકહામની ચગોર ચશમ તે ઉપર જવા ન પામે. તે વફાદાર દાસી તે ચીઠ્ઠી સંભાલપૂર્વક તપાલમાં રવાના કરી આવી અને ખબર આપી કે વિલ્યમ સ્ટ્રેટન કંઇ ખાસ કહેવાનું હોવાથી તેણીને મળવા માંગતો હતો.

"હું લાયબ્રેરીમાં જાઉં છું. તું તેને ત્યાં મોકલ," એલઝીએ ફરમાવ્યું.

એનેટ તે હુકમની બજાવણી કરવા ચાલી ગઇ અને એલઝી લાયબ્રેરી ભણી ગઇ. તેણીએ એ દરમ્યાન જોયું કે લેડી હેલીના તેણીની હીલચાલ ઉપર બારીક પણ છુપી નજર રાખી રહી હતી; અને વિલ્યમ સ્ટ્રેટનને લાયબ્રેરીમાં તેણી પછવાડે ગયલો બરાબર માર્ક કર્યા પછીજ તે ત્યાંથી બહાર ગઇ.

તેણીએ એલઝીની એ હીલચાલની ખબર તુરંતજ જઇને લૉર્ડ સોમરટનને આપી, અને તે ઉમરાવને સમજાવ્યું કે તેણે એલઝીને એમ નોકરો સાથ છુટ લેવા માટે કપકા આપવો. તે લેડી હેલીનાનું તે બોલવું સમજી માત્ર બભાં ચઘાવી હસ્યો.

"ઓહ ગેમ કાપર—શું નામ કહ્યું? સ્ટ્રેટન-હં! અરે! કંઇ નજીવી બાબત હશે, તે ઉપર તમારે ધ્યાન બી આપવું ન જોઇએ, લેડી હેલીના," તે બોલ્યો. "ને વળી હાલમાં આપણે મીસ સ્ટર્નના કામની વચે બાધું બી કેમ બાર્યે? એ જુવાન છે અને પોતાની મરજી મુજબ કરવા મકકમ મનની છે. એ તો કોઇ વેળા વખત આવશે ત્યારે વાત," તે એટલું બોલી લેડી હેલીનાને છોડી ગયો.

"સ્ટ્રેટન," તે જતાં જતાં મનસે બબડયો, "એ નામ હું કદી નહી ભુલશ. ઓહ ગેમ કાપર-તેટલું બી નહી-ગેમ કાપરનો મહદનીશ! જોઉં તો ખરો એ કાકા કોણ અને કેવા છે. એને મારે ભુલવો નહીં જોઇએ. કદાચ મારા ખ્યાલો ખોટા બી હોય; પણ મારે સાવધાન તો રહેવુંજ જોઇએ."

તે બહાર બાગમાં જઇ વિચારોમાં લીન થોકર્યો. થોડે વારે તે બાદશાહી મકાનમાંથી એક શખ્સ બહાર આવ્યો. તે સ્ટ્રેટન હતો. અને લૉર્ડ સોમરટને તેને ચીપી ચાપીને મોકલ્યો.

પ્રકરણ ૮.

ઍલઝીએ તે જવાન ગેમ કીપર તરફ જોયું. તેણીએ તુરત જોયું કે તે કદાવર બાંધાનો અને મરદાનગીભર્યા દેખાવનો એક રૂષ્ટ પુષ્ટ જવાન હતો.

"મને તાહરે શું કહેવું છે, સ્ટ્રેટન?" તેણીએ સવાલ કર્યો.

"હું તમને ઝાઝાં નહીં રોકસ, મીસ," તેણે નમીને ઉત્તર કર્યો: તે જરા ઓસકાતો ને ગભરાયલો હોય એમ તેના હાવભાવ ઉપરથી જણાતું હતું, "ઍનેટે મને ઝેબાના ઝુપડાં ઉપર ચાલુ નજર રાખવા કહ્યું હતું અને મેં તેમ કર્યું છે."

"મેહેરબાની, સ્ટ્રેટન અને તુંને કંઇ નવાંઇ જેવું માલમ પડ્યું?" ઍલઝીએ ધડકતે અંતઃકરણે ઉપલો પ્રશ્ન કર્યો.

"એક માણસને, મીસ, ઝેબાના ઝુપડાંની બારી સાંય કંઇ ફાંફાં મારતો મેં જોયેા. હું તો તેને ગોળાયો વિંધીજ નાખવા ઇન્તેજાર હતો પણ તેવા કશા હુકમ વગર તેમ કરવાનું મેં મુનાસેબ વિચાર્યું નહીં."

"તાહરે કોઇ ઉપર પણ હથ્યારનો ઉપયેાગ ન કરવો," ઍલઝીએ તે જવાનની વાતથી કેમતાઇ શિખામણ દીધી, "પણ તે તેને પકડયેા કેમ નહીં?"

"તેમ બની શકયું નહીં, હું તેની આગળ આઉં ન્નઉં તેટલાં તો તે અલોપ થઇ ગયેા."

ઍલઝી થેાડીક પળેા ચુપ રહી, પછી બેાલી "ઠીક્યુ, સ્ટ્રેટન. એ માટે કોઇ આગળ ના બેાલતેા, અને ઝેબાના ઝુપડાં ઉપર ખુબ બારીકાઇથી ચેાકી રાખજે."

તે જવાન ગેમ કીપર તેની ખુબસુરત શેઠાણીએ તેનામાં મેલેલા વિશવાશ માટે મનમાં મગરૂર ને મગન થતેા ત્યાંથી ચાલ્યેા ગયેા.

તે દિવસે બપેારે સર જોન મારકહામની મદદ સાથે પેાતાના રૂમમાંથી બહાર આવ્યેા અને પેાતાના સેાલીસીટર મી૦ ગ્રાન્ટને તેડાવી મંગાવ્યેા. તેઓ વચ્ચે એક કલાકથી વધુ મસલહત ચાલી રહ્યા પછી સર જોને પેાતાની બેટી અને લેડી હેલીનાને પેાતાની નજદીક બેાલાવી મંગાવ્યાં અને પેાતાના સેાલીસીટરની હાજરીમાંજ તેમને સંબેાધીને કહ્યું કે, તેની ગેરહાજરી દરમ્યાન બ્લેરઉડ પાર્ક તેઓના સ્વાધીનમાં હતેા. તેનેા કારભારી બધી મહેસુલ ઉઘરાણી બેન્કમાં જમા કરેા જશે અને વખતેા વખત સેાલીસીટર મી૦ ગ્રાન્ટ તેનેા હિસાબ તપાસી જશે. તેમની ગેરહાજરી દરમ્યાન બધું જેમ ચાલતું આવ્યું હતું તેમ ચલાવવાનું હતું. કશી પણ ફરકસર કે હાથ ખાંચવાનેા ન હતેા. ઍલઝી અને લેડી હેલીનામાં સર જોનને સંપૂર્ણ ભરેાસેા હતેા. વળી તેણે બેંક સાથ ગેાયવણ કરી હતી જેથી ઍલઝીની સહીના ચેક તેઓ સ્વિકારનાર હતા એટલે કશી વાતની તેમને ના કે હીકર કરવાની ન હતી. લેડી હેલીનાને તે ગેાઠવણથી મનમાં જરાક માઠું તેા લાગ્યુંજ પણ સર જોનના મેાંઢા ઉપર તે કંઇ બેાલી શકી નહીં,

સોલીસીટરના વિદાય થવા બાદ સર જોન પાછા પોતાનાં રૂમમાં ગોંધાયા અને થોડી વારમાં એલઝીને ત્યાં બોલાવી મંગાવી.

"બ્હાલી એલઝી, મેં તુને ખુબ બાય ઈચ્છવા તેડાવી છે," તેણે ભરાયલી છાતીએ પોતાની દીકરીને પેટમાં ચાંપી કહયું. "હું આવતી કાલે ક્લેરહાઉસ છોડી જનાર છું, અને હું પાછો આવું ત્યાં સુધી તું તેની માલેક છે.

ખુદા ન કરે ને કાંઈ અણધાર્યો બનાવ બનવા પામે–કેમકે જીંદગીનો કંઈજ ઈતબાર નથી–તો મેં માહરૂં વસ્યતનામું કરી બની શકતી દરેક ચીજ તાહરા નામ ઉપર કરી છે, આપણી મીલકતનો ચોકકસ ભાગ તો ટ્રસ્ટની રૂએ માહરા પુરૂષ વારસને મળવોજ જોઈએ," તે બોલતાં ડોસાજી કમકમયા અને પછી ઝનુનથી વધાયું "અને એજ એક બીજું સબલ કારણ છે કે જેને વાસ્તે હું નોએલ ક્રમ્બેલને જાસ્તી ધીકકારૂં છું. પરવરદીગાર, માહરો ભેદ–ગાહરો ભરમ કેમ જાહેર થવા પામ્યો હશે? કોણ નાપાકનો જણ્યો માહરાં આગે ભરમથી વાકેફ હશે? કોણ એમ વારંવાર બીહીધરાતનારાં કાગળો માહરી ઉપર મોકલાવ મોકલાવ કર્યા કરતું હશે? મને સલામત માનવામાં મેં કેવી સજ્જડ થાપ ખાધી? ઓ હું કેવો મૂર્ખો બન્યો–કેટલો મોટો મૂર્ખો. માહરી દીકરી, માહરી જીંદગીનો તાહરે કાજેનો સર્વથી છેલ્લો સંદેશો મેં રેકટરને સપૂર્દ કર્યો છે. માંહરા મરણ બાદ તે અને તું મળી તે ઉઘેડજો. તે અગાઉ તો જીવતાર નહીંજ. માહરૂં વીલ પણ તેનીજ પાસે છે, તે સહી સાબ થઇ ચુકેલું છે. માહરા સોલીસીટરને એ બધું જણાવવા હું માંગતો નથી. દીકરી એલઝી, માહરી હાલની જીંદગી અત્રે પુરી થાય છે અને જો હું પાછો ફરવા પામશ તો નવોજ માણસ બનીને નવાજ અને ખુશાલ વિચારો સહીત પાછો માહરા દેશમાં આવશ."

પોતાના બાપના તે હૃદયભેદક બોલો સાંભળી એલઝીનું નાજુક હૈયું ભરાઇ આવ્યું. તે કંઇજ બોલી શકી નહીં;

"એલઝી, માહરી દીકરી, મેં તુને અનેક ચેતવણીઓ તો આપી છે અને એક બીજી વધારાની આપું છું," જરા વાર રહી સર જોને પાછું ચલાવ્યું, "તું બને ત્યાં સુધી પુરતા માનશથી અને વિવેકથી લોર્ડ સોમરટન સાથ વર્તજે. એને કેટલીક માહરે લગતી એવી વિગતો જાણી છે કે જે મને નુકશાન પુગાડી શકવાની સ્થિતિમાં છે. પણ પાછો ફર્યા પછી હું એ ચંડાલના કાર્યો ચણા કરી મુકશ. એ માણસ મને મુતલગ પસંદ નથી, તેમ હું તેને હાલમાં તરછોડી કે અપમાન કરી શકતો બી નથી."

એક પળ ત્યાં આમોશી પથરાઇ જે અરસામાં એલઝીને કોલીન રેડકલીફની યાદ થઇ.

"પપા," એલઝીએ નમ્ર અવાજે પ્રાર્થના કરી, "માહરે ખાતર."

"તે શાને માટે, ડાર્લીંગ?"

"હું ઇચ્છું છું –કે નોએલ ક્રમ્બેલનો સંદેશો તમો એક મરતબા વાંચો? મી૰ રેડકલીફ પાછા આવનાર છે અને—"

તેણે કડકાઇથી તેણીને ચુપ કરી મેલી. "નહીં—નહીં! એક તો શું એક હજાર વખત નહીં! જોજ દીયકારો બેબુન્યાદ કલાય લોર્ડ સોમરટનની સાથ સામેલ કરો. મને લાગે

છે કે એનીજ મકસદને સાંધવા લોર્ડ સેમરટનને અહીંઆ જાસુસી ચલાવવા આવવા તેણે મોકલ્યો છે. અને તેના ઇનામ તરીકે આ બ્લેરઉડ—આ બધી સુંદર મીલકત—આ મનમોહક જગ્યાઓ—અને વર્ષે પચાસ હજાર પાઉંડની બાદશાહી આમદાની. હું એને મળવાજ—જોવાજ રાજી નથી. એને શું કહેવાનું છે તેના ખ્યાલથી હું ધ્રુજું છું. એને જોતાંજ હું એને ગોળીથી વીંધી નાખવા જેટલો ઉશ્કેરાઇ જવશ.”

તે ડોસો એટલું બોલતાં અતિશય છેડાઇ ગયો. રાતો ભુંડ જેવો તેનો ચહેરો થઇ ગયો.

“નહીં, હું એને મળનાર નથી,” તેણે દમ લઈને પૂનઃ અતિ ક્રોધથી કહ્યું, “એ પાછો આવે ત્યારે કહી દેજે કે તે ઘણો મોડો આવ્યો છે. એને કહેજે કે હું આઉં પછી વાત થઇ રહેશે, ને—”

તે વાકય તે પુરો કરી શકયો નહીં. હાકથી અચકી જઇ તે ખુરશીમાં અધેલાઇ પડયો. પોતાના પિતાની આવી દુર્દશા જોઇ એલઝી દયા ને હેતથી દાઝી ગઇ. તેણીએ દિલાસાના મીઠા શબ્દોથી તેને મનાવી લીધો. તેના મનપસંદ અનેક ગાયનો ગાઇ તેને રીઝવ્યો.

બીજી સહવારે સર જોન પોતાના નોકર મારકહામ સાથ બ્લેરઉડથી મુસાફરીએ ઉપડી ગયો, અને તેઓની વિદાયગીરી પછી એલઝી દુઃખનો એક દર્યાવજ રડી. તેમાજ તેણીએ પોતાના ઉભરાતાં અંતઃકરણની ખલાસી જોઇ. એક ચીઝ તેણીનો ગમ અમુક દરજ્જે ઓછો કમી કરતી હતી અને તે એ કે તેજ દિવસે કોલીન રેડકલીફ તેણીને મળવા આવનાર

તેની આમદની ટગરમાં તેણી અધીરાઇથી ટલપી રહી. છેક સાંજ થઇ; લંડનથી કશી પણ વધુ ત્રેનો બ્લેરઉડ આવવાનો હવે ટાઇમ રહ્યો ન હતો અને કોલીન ન આવ્યો એટલે તેણીને એવડી નાશીપાશી બની. શું તેણીનું પત્ર તેને મળ્યું ન હશે?

બીજી સહવારે તેણીએ ટપાલ ઉપર ખાસ લક્ષ આપ્યું. તેણીના પપા તરફનું એક પત્ર હતું જેમાં તે લખતો હતો કે તેઓ લીવરપુલ સહીસલામત પુગ્યા હતા અને તેવણની અશકતી વધુ અને વધુ ભાગતી જતી હતી. સર જોને નીચે ફુટનોટમાં જે લખ્યું હતું તે વાંચી એલઝી ચોંકી.

“મારા રૂમોને મજબુત બંધ કરાવજે. કોઇ ત્યાં જવા ન પામે તેની સાવચેતી રાખજે. તારા સિવાય કોઇને ત્યાં મોકલતી ના, કેમકે હું કાંઇ એવાં કાગળ્યાં ત્યાં ભુલી આવ્યો હોવશ કે જે કોઇ બીજાના હાથમાં જવા જોઇતાંજ નથી. ડાર્લીંગ, શુડ બાય.”

એલઝીએ પોતાનાં પિતાના આગ્રહ અનુસાર તેના રૂમો મજબુત બંધ કરાવ્યા. તે સધળો બખત તેણી જાતેજ તે રૂમમાં હાજર રહી કે જેથી તેના વ્હાલા પિતાજીની આજ્ઞાનો ભંગ કોઇ પણ રીતે તેણીથી થવા પામે નહીં.

બપોર થઇ પણ કોલીન રેડકલીફ આજે પણ ન આવવાથી તેણી દીલગીર થઇ.

“ચાલ જરા ઝેમા આગળ જઇ આઉં,” તેણી પટપટી, “એ બિચારી સાથ છેલી મુલાકાત વેળા મેં રકઝીક કરી હતી તે તેને જઇને મનાવી લઉં.

"એને થોડાક ચલકતા સીક્કા મળશે કે તુરત મલકાઈને ખુશી થઇ જશે," એનેટે તે સાંભળી હસીને કહ્યું, "એ દાહડે દાહડે છેકજ કંજુસ થતી જાય છે."

"એ જેમા ખરેજ મુખી છે? પૈસાને એ કરે છે પી શું?" એલઝીએ પરચારો કર્યો અને પોતાની પર્સમાં ખાસ થોડુંક રૂપાનાણું લઇ તે જેમાના ઝુપડાં તરફ જવા નીકળી.

એલઝી જ્યારે તે હિન્દવાણી આયાના ઝુંપડાંમાં પુગી ત્યારે તે રાબેતા મુજબ બડબડતી અને બીડી ફુકતી બેઠી હતી. તેનો બડબડાટ કર્યા પણ અર્થ વિનાનો હતો. એલઝીને નકકી લાગ્યું કે તે બાપડીનું મગજ ભમતું હતું.

"ગુડ મોરનીંગ, ઝમા," એલઝીએ કહ્યું, "છેલ્લી વેળા હું તાહરી સાથ ગુસ્સે થઇને ગઇ હતી, તે માટે તાહરી માફી માગ્વા હું આજે આવી છું. હું તે વખતે માહરા પપા ડીયરને લગતી ચિંતામાં ચકચુર હતી."

એટલું કહી તેણીએ થોડાક સીક્કાઓ જેમાની નજર આગળ ધર્યા અને તે ડોસીએ તુરત તે અતિ તીવ્ર આતુરતાથી લઇ લીધા. એલઝી તે ધરડી દાસીનો એ મહા લોભ જોઇ વિસમ્ય તેમજ ખેદ પામી.

"ઉપકાર થયો, વ્હાલી," જેમાએ આંખમાં ચળકાટ સાથ કહયું, "એ તુનેજ બધ આવશે. એક દિવસે એજ તુંને જરૂરના જણાશે."

તે આગાહી સાંભળી એલઝી કમકમી. વધુ વાત કરવા તેણીને ગમ્યું નહી અને તે જલદીજ તેથી ત્યાંથી નાહસી છુટી.

તેણી ઝુપડાંમાંથી જેમાની રજા ચાહી બહાર નીકળી અને તેણીના મોટા અનગમાં અને ખોફ વચ્ચે લોર્ડ સોમરટનને તેણીએ પેલીજ આગળી જગ્યા ઉપર ઉભેલો જોયો કે જ્યાં જેમાની છેલ્લી મુલાકાત વેળા તે તેને મળ્યો હતો. તે હાથમાં ટોપી સાથ આતુર ચેહેરે ઉભો હતો.

"આ ઓદ્દ નહી ધારેલી ખુશહાલી છે, માહરા લાભમાં, મીસ સ્ટર્ન," તે ઉતશાહભર્યા ખુશ આવાજે બોલ્યો.

"પણ તેટલી ખુશહાલી મને તો નથીજ થતી," એલઝીએ ઠંડો ચોખ્ખો જવાબ આપ્યો, "હું એકલુંજ ફરવાનું પસંદ કરું છું."

"તમારાં જેવા એક નાજુક લેડી માટે આ જંગલમાં એકલું ફરવાનું સલામતીભર્યું નથીજ, મીસ સ્ટર્ન. ચોરો તેમજ બીજા ઠગારા બદમાશો વગેરેથી આ જગ્યા ભરેલી મને તો દીસે છે."

"હું, તેથી બીહીતી નથી, લોર્ડ સોમરટન. મને મેહેરબાની કરીને છોડી જશો. તમારી સંગતની મને જરૂર નથી. મને તે સહન કરવી જરા યધને ગમતી નથી," તેણીએ તીરસ્કાર ભરેલા સાદે કહયું, "માહરા પપા ડીયરને જે તમારે માટે એક વેળા જે કહયું હતું તે હું આજે તમને પાછું કહી સમજાવું છું કે તમે ગ્રહસ્થ છેવજ નહી. તમારામાં સ્વમાન જેવું કંઇજ નથી. એક કમીના ઠંગાલ હીચકારો કરતાં તમે કોઇ પણ પ્રકારે બહેતર નથી. તમે એક ન્હાના ઝેરી નાગ છેવ."

તે અપમાન સાંભળી લોર્ડ સોમરટન ગુસ્સાથી અધ્ધ ઘેલો થઇ ગયો. તે પોતાનો કોપ છોડી બેઠો અને એક કુદકા સમેત આગળ વધી આવ્યો અને તેણીનો નાજુક કર પોતાના હાથોમાં જોરથી પકડી લીધો.

"આ અપમાન માટે–આ ઝેરી શબ્દો માટે," તે ગુસ્સાથી ધુંઘવારા મારતો બબડ્યો, "હું બાટકી વેર લેવશ, કાતીલ કીનો વસુલ કરશ."

"મને જવા દે, હીચકારા" એલઝીએ બુમ પાડી.

તેજ પળે બાજુની ઝાડીઓમાં ખડખડાટ થયો અને તે જડપથી બીસારમુક કરી એક ઉંચો જુવાન તેમાંથી ત્યાં બાહેર ધસી આવ્યો. તેણે એક હાથે લોર્ડ સોમરટનનો મજબુત જબરો હાથ પકડયો અને બીજે હાથે તેનો કૉલર ધરી એક રામબાણ ચેચ આપી તેણે તે ઉમરાવને જમીન ઉપર રગડોલનો કર્યો. તેનો હાથ કોઇએ પકડતાંની સાથજ, કહેવાની કશી જરૂર નથી કે, લોર્ડ સોમરટને એલઝીનો નાજુક કર પોતાના હાથમાંથી છોડી દીધો હતો.

"હું તમને વખતસર મદદ આપી શકયો તે માટે બુશી ને મગરૂર છું," તે નવા આવનારે એલઝી તરફ જોઇ હસીને કહયું.

તે કૉલીન રેડકલીફ હતો!

(સંપુર્ણ છે.)

મુંબઇની જાણીતી જેરી પેરીશીયન જેરી કુંં.

વગર ભેલનું ચોખ્ખું દુધ, માખણ, સ્વચ્છ શ્રેષ્ટ ક્રીમ, મેળવવાનું તમામ ભરશાપાત્ર એકલું મથક છે. એકવાર ત્રાયલ લેશોજી?

ટેમરીંડ લેન, ફોર્ટ મુંબઇ.

ગાઉ રક્ષા.

નવરંગ માટે ખાસ રચનાઃ-(કવિ આદીલ)

(રંગત-લંગડી.)

સકળ સૃષ્ટિની ગઉ માતા છે, જેના તમે થઇ રહ્યા દાસો,
દીન બંધુઓ=પામશો અંત સમે વૈકુંઠ વાસો= ટેક

ગુણગારી ગઉ માતા બિચારી રગેરગનું દુધ પાયે છે.
પાળણ પોષણ=મનુષ્યો તણું જેનાથી થાયે છે.
દહીં દુધ માખણ ઘી એ પદારથ ચારો, જણેજણ ખાયે છે.
વેદ પુરાનો=તથા શાસ્ત્રો જેના ગુણ ગાયે છે.

(શઅર.)

જન્મ દઇ દઈ બાળને—માતાઓ જાયે છે મરી.
તેને પાઇ દુધ ગઉ માતનુ—સ્નેહીઓ પાળે છે ફરી.
બાળ ઉધારન આ જુઓ—ગઉ માત છે કેવી ખરી.
પાળણ કરો જેનું બંધુઓ—જશો પાર ભવ સિંધુ તરી.
ગઉ રક્ષણ ગઉઓનુ કરો ચિત ધરો નરો મુક્તિ પાસો.
દીન બંધુઓ=પામશો અંત સમે વૈકુંઠ વાસો.

૧.

પાળણહાર પ્રેમાળી દયાળી વ્હાળી માત ગુણગારી છે.
વિન વાચાઈ=માત આ કેવી પર ઉપકારી છે.
અમૃત રસને આપી સદા સુકા બહની બાનારી છે.
રક્ષક જેના=અનો બંધુઓ ફરજ તમારી છે.

(શઅર.)

વળી બચેલ છે પુત ગઉ તણો—નથી બામી જેની હામમાં.
ગાડીઓમાં રથોમાં જોડઈ—ફેરવે છે ગામે ગામમા.
ખેડુતો ખેતીઓ કરે—જોડે હળને રેંટો તબામમાં.
ખેચે છે કોયો જળ તણાં—આવે છે લાખો કામમાં.

તેની જનુની ગઉ માતા છે જેની તમે વાહરે ધાસો.
દીન બંધુઓ=પામશો અંત સમે વૈકુંઠે વાસો.

૨.

ગઉ ગુણ અપરંમપાર દેખી હરવાર તેનો વધ અટકાવો.
મનો દયાળુ=ગણેથી જેના છરી લઇ છટકાવો.
ગઉનો કરો ઉદ્ધાર તેને નહીં જમને દવારા ભટકાવો.
ગણી જનુની=પ્રેમથી પુત્ર બની સુખ મટકાવો.

(શઅર.)

હાયહાય રે! હીંદ બંધુઓ—અટકાવો હીન્સા ગઉ તણી.
અતી પ્રેમે પાળી માતને—કરો સેવા તન મનથી ઘણી.
અડો નિષ વધ થાય ગઉ તહોં—જેની ગંતી કોઇએ ના ગણી.
દાતા દયાના થઇ તમે—કરજો દયા ગઉના ભણી.
સદા બની ગઉના ગુણગારી ગઉ વધ અટકાવા ઘ્હાસો.
દીન બંધુઓ=પામશો અંત સમે વૈકુંઠે વાસો.

૩.

આંખ ઉઘાડી જુઓ ગુણી ગુણ છે લાખો ગઉ માતાના.
દીન દયાળુ=બની આશિષ લીયો જગ દાતાના.
લક્ષ ઉપાયો કરી ટાળો દુઃખ ગુણવંતી ગુણ જ્ઞાતાના.
નમ્ર અરજ આ=સુનો પ્રેમીઓ તમે રસ રાતના.

(શઅર.)

સઉથી સરસ પરમાથી—આ હીન્દુ પુત્રો કેહવાય છે.
રંગેરંગ દયાનો અંશ છે—માયાની મુર્તિ ગણાય છે.
વાયા વર્ણાની ભાત અરે—નિર્દોષ મારી જાય છે.
નઓશેરવાં આદીલ જુઓ—જેનો સદા ગમ ખાય છે.
જીવ હત્યા ગઉઓની બચાવી "આદીલ" ગુણ ગઉના ગાસો.
દીન બંધુઓ=પામશો અંત સમે વૈકુંઠે વાસો.

૪.

"વડવાનાં પુન."

અફસોસ, કિસમત તેની સામે સખ્ત રૂઠયું હતું. શ્રી માફક રરી ઉઠવામાં મરદાનગી નથી એમ તે અગાઉ કહેતો હતો, મગર હવે તેનામાં પોતાનાં તકદીર સાથ બાથ ભીડવાની શક્તિ નહી હતી.

એમ પોતાનાં મન સાથ વિચારતાં, બરજોર પાડે ગૌર કરતો હતો. "ભલો દોસ્તા બરજોર!" "બરજોરજી શેઠ! બરજોરજી શેઠ!" એમ તેના ચાલતા વખતમા તેના દોસ્તો કહેતા ને બોલાવતા હતા. મગર હવે તેઓ તેને ઓલખવાનાં સાફ ઇન્કાર કરતા. તેમાં બેશક તે કદરદાન દોસ્તોનો ગાઓ વાંક કહાડી શકાય તેમ નહીં હતું. તેઓ તે બેઠેલાં દાચા ભખી આવેલા દેખાવનાં ઘસાયલા પીસાયલા કપડાં પહેરતાં તદન ભિખારીની સ્થિતીમાં આવી પડેલા શખ્શ સાથ વાતચીતનો વેહેવાર કેમ કરી રાખે? પારસીઓ ઉગતા સુરજને નમે છે!

ગરીબ બરજોરની હાલત દીન ઉગે વધુજ કંગાલ બનતી જતી હતી; અને તેમાંથી નિકળવાનો એકબી રસ્તો–એકબી બારી નહી હતી. મગર તેટલા તેની નજર આગામાંની કંઇ ચીજ પર પડી કે તેને લાગું કે આખરે એક રસ્તો હતો ખરો.

એ બરજોર પાંડેનો બાપ સટ્ટાનાં બુરા લખ્યથી ખુવાર થઇને માર્યો લાગ્યો, જે પછી તેના શ્રીમંત કાકાએ પોતાને આશરે લીધો અને પોતાના વારસ બેટા તરીકે ઉછાર્યો હતો. તેનાં ઉંધા નસીબે ઘરડે ઘડપણ કાકાને પરણવાનું ફીકરૂં થઇ આવ્યુ, અને કાકાને તાંહ વારસ દીકરાનો જનમ થયો કે વારસ તરીકેની તેની આશા લાસ થઇ ગઇ, તેમા વલી .અધુરામાં પુરૂં કાકીના કારેસ્તાનથી તેને કાકા સાથ પંચાત થઇ કે કાકાએ તેને અપવેનસ આપતું બંધ કરયું ને પેરની બહાર કહાડયો કે તેની પુરેપુરી કમબખ્તીની શરૂઆત થઇ.

પોતાનું ગુજરાન કરવા તે હવે કામકાજની શોધમાં પડયો. ચાકરીની શોધમાં તે ખુબ રખડયો રઝળ્યો, પણ તેના જેવા બીનઅનુભવીને કોણ રાખે? અંતે તેને નિરાશ બનીને પોતાની કલમથી કંઇ કુટી કહાડવા ચાહયું, તે એક સારો લખનાર હતો, અને ગુજરાતીમાં જે બે ચાર વજનદાર ચોપાનીયા નિકળે છે તેમા અગાઉ લખાણ કરતો હતો. મગર અફસોસ, સદ હજર અફસોસ! ગરીબ બરજોર, તે પોતાની ધારણામા ભુલ્યો, બલકે ઠગાયો, છેતરાયો! અગાઉ તેના લખાણો ખુશીથી છાપતા; અધીપતીઓ દામની વાત કરતાં અકલાઇ ગીયા. કોઇએ તો 'પૈસા આપવાનો હમારો ધારો નથી.' કરી ફુકડેથીજ તેને દાહ્યો, કોઇએ વલી "ગુજરાતી સાહીત્ય હાલત ઘણી કંગાલ હાલતમાં છે તેથી એ લાઇનમાં તમે કઇ કમાણી કરી શકશો એવી મીથ્યા આશા રાખતા ના," ની શીખ લખી વાળી, કોઇ અધીપતીને પૈસાની વાત નિકળતાં કેમ દુખ્યું ને કોઇને કેમ વિખ્યું. સરસ્વતી દેવી પોતાના પુજારીઓને ટુકડો રોટલી પેટનો દોજખી ખાડો પુરવા ફેંકતી નથી, એમ અંતે કમનસીબ બરજોરની કડવા અનુભવ પછી ખાતરી થઇ. એને તે નિરાશ બન્યો.

તેને કાર્યા પરનાં પોતાના કંગાલ ઓરડામાં નજર ફેરવીને જોયું. ગીરવી મુકે કે વેચી શકે તેવું હવે કાંઇજ બાકી બચ્યું નહીં હતું. એમ છેલ્લે તેના કપડાં ચપડાં વગીરે ગીરવી મુકયાં હતાં, હવે તે તદન બાબાવરણો થઇ ગયો હતો, અને છેલ્લો તે કયારે પેટ પુરતું જમ્યો હતો તેનીએ તે કમબખ્ત જવાનને યાદ નહી હતી.

તેટલા તેની ઘેરવાલીના વગણાં તેના બારણા આગલ સમજાયાં–જેને તાંહજ તે અગાઉ પૈસા આપીને જમતો હતો–તે બસર બસપાટ ધારતી ને મોટે ઘેરની બબડજાતના જેવો લહકો કરતી તેને બારણુ બોલ્યું કે ઓરડામાં દાખલ થઇ, હંમેશનીજ માફક તે પૈસાનીજ પોક મુકતી આવી હતી. અને બરેબર તો, તેને લાગતું કે તેણીના તકાદામાં કંઇ વજુદ હતું, કેમકે તેનુ ભાડું ચઢી ગીયું હતું, મગર તે અભાગ્યો જવાન જે કઢંગી ને કફોડી હાલતમાં આવી ગીયો હતો, અને જેથી તે લગભગ દિવાના જેવો બની ગયો હતો તેમાં તેની નીચ ઘરવાલીની તુમાખી ને અપમાન ભરી રીતભાતથા ઘણો વધુ ઉમેરો થયો.

"કાલે સહવારનાં ભાડાનો બંદોબસ્ત કરજે નહી તો પાખરૂં પોલીસના હાથમાં આપશ.- બરે! આજના વખતમાં આયજ ઓરડાનું બગણું ભાડું લોકો પગે લાગીને આપે, તોબી મુવાને દયા કરીને રહેવા દીધો તે જાણે ગુનેહગારી કીધી મુવા તાહરાથી ભાડું નહી ભરાતું તો ભીખ કાંઇ નહી માંગતો. ભરને ભરાયાને કહયું કે બાલા કરી જા તો તેબી નહી કરતો એ જુલમ કેમ બમાય? માહરા બરા હકના પૈસા મને તો જોઇએ છે, અને હવે તે હું જબરીથી લેવશજ, સમજ્યો આંય ત્રીજે મહીનોબી પુરો થવા આયો ને હજુનં ભાડું નથી. આપ્યું. કોર્ટમાં જાય તાહરે મુવા લોકો ઘેરવાલાનો વાંક કહાડે, ને ભાડું વધારે લયેછ કરીને ન્યુસવાલાઓ રસ લઇ લઇને નામની છાપાછાપી કરે ને સરકારમાં કાયદા બંધાવે, પણ ભુખ્યરીબારસ ભાડુતોથી ઘેરવાલાને કેવું હેરાન થવું પડેછ તેનો કંઇ એ સુખલા કુટેલાઓને સેજબી ખ્યાલ છે! "એમ બબડતી તે બારણાની બહાર ગઇ અને જરા થોભીને બણકાથી બોલી હું ધારૂંછ કે, તમે લાટ સાહેબ છેલ્લા બે ચાર દહાડાની માફક બહારજ જોબરશો કેની?"

ઓ, બરેજ, કમબખ્ત તે! તેની પાસે પેટનો બાડો પુરવા એક કુટી બરબીબી નહી હતી, અને આજે ચાર દહાડા થયા તેની નીચ ઘેરવલીની એજ રીત હતી. મગર આજે રાત્રે તે કહરબ કે, બરજોરે પોતાનાં દાંતબાં કચકચાબ્યાં.

"સેતાનનો હવાલો તુંને!" તે બબડયો, "આજે બહાર હું જરૂર જમશ! દરેક ધનસાનને બાવાનો તો હક છે. હું ફરીથી લાંબે વખતે પેટ ભરતું ભોણું જમશજ, પછી ભલેને તે છેલ્લુંજ થાય."

તેને કપડાં પહેડી લીધાં, અને બને ઓટલો ઠીક ઠાક થઇ ગયો અને પછી બાણાંમાંથી રીવોલવર કહાડીને પોતાના પાતલુનનાં ગજવામાં સેરવી દીધી,

તે કાંહ જશે? તે કમનસીબ જવાને છેલ્લે પાટલેની હીંમત ધરતાં તાજ મહાલ હોટલ તરફનો રસ્તો લીધો. તે ઘણો સોહવામણો હતો, અને તેની પર પડેલી જરૂર ને ધસાયલા પીસાયલાં કપડાં છતાંબી તે એક બદરથ જેવોજ દેખાતો હતો. તેને હોટલમાં દાખલ થઇને ડીનર ઓરડર કીધું ને એક પછી એક બાવતી સ્વાદીસ્ટ વાણીઓને સારી કાની ધનસાફ બાપવા માંડયો.

"ચીકાર ખાધું!" તે ખુરશીમાં અઢેલાતાં બોલ્યો. "બાયાથી માહરામાં નવો જીવ આયો હોય તેવું લાગેછ. કેવું દલગીરીભરેલું કે માહરા કમનશીબે આય દુન્યામાંનું એ છેલ્લું જ બાધિલું પુરવાર થશે."

કલેજું કોતરી ખાતી ભુખ તુપ્ત થઇ કે તેને બીજું તીજું આજુબાજુનું ભાન થયું.

"બહારગામનાં લાગેછ," તેની પાસેની તેબલ પર બોકડાને થોડોક વખત ધ્યાનથી તપાસ્યા પછી તે સેવટ પર આવતાં બબડયો. "શું હેન્ડસમ છોકરી છે!" ટેબલ પર બેઠેલી તે તોલીમાંની એક સીધી પતળી ને ઉંચી તારૂણીને જોતાં તેને વિચાર્યું. તેઓની આંખસે આંખ મલીને તે બાળાએ વળતી કંઇ અજબ આતુરતાથી તેને નિરખવા લાગી. તેનો મરદાનગીભરેલો કદાવર દેખાવ કોઇની સુંદરીનું મન હરી લ્યે તેવોજ હતો.

અંતે તેનું આંય થયાં પેરનું તે છેલ્લું બોણું બલાસ થયું. વેટરે તેનું બીલ લાવીને આપ્યું, અને તે વેટર નજીકમાંજ ભમતો હતો. એટલે ખરેખર તો વધુ વખત બેઠી થવા માટે હવે કશુંજ બહાણું રહયું ન હતું.

તેની નજીકની તેબલ પરનાં પેલા બહારગામવાલાંએ જવા ઉઠયા.

"પેલી જાય તાંહ વેર તો પોગવુંજ પડવાનું." તેને વિચાર્યું. જે પછી જરા વારે તે મોટેથી બોલયો—"મેનેજરને બોલાવ, હુ બીલ તો નથી ભરવાનો." અને તે હીણાનશીબનાં જવાને જમણો હાથ પાતલુનનાં ગજવામાં રીવૉલ્વર ખેંચી કઢાડવા નાંખ્યો.

તેને તરત પોતાનો જીંદગીનો વિચાર કીધો હતો, મગર પેલી રૂપસુંદરી બીજા ઓરડી પુઠે ચાલી નહી જતાં પાછી અંદર આવી હતી. તેને વેટરને બોલાવ્યો હતો. કદાચ તેને 'ટીપ' આપવા હોય.

"હવે બારો લાગ છે," તે ઝડપી પગલે બહાર ગયા પછી કે તેને વિચાર્યું.

મગર પેલા વેટરને પોતાની છેક નજીક આવી ને ઉભેલો જોતાં તે જરા અચંકો ગીયો.

"પેલા બાઇએ, સાહેબનાં બીલનો પૈસા ચુકવ્યા છે." તે બોલ્યો "તેવને સાહેબનું બોલેલું સમજ્યું અને તેથી પાછાં આવીને પૈસા આપી ગીયા."

તે બરૂં હતું—તે અજાણી સુંદરીએ તેને આપઘાતીક મોહોલતનાં પાપમાંથી તરતને માટે ઉગાર્યો હતો. મગર કાંય! તેના પાર્યાથી તદન ઉલટુંજ બની ગયું હતું. તે ચકિત બનીને બેમાન જેવો જરા વાર ઉભો રહયો.

એક સખ્ત જેહમત ખેંચીને તેને પોતાને હુશીયાર કીધો. કોઇની રીતે તેને હવે તે જગોમાંથી અને તુચ્છકારયા મુજમાં હરતા તે કંગાલ વેટરની સામેથી ચાલી જવુંજ જોઇએ. પોતાનો અસલ ખ્યાલ તાંહ અમલમાં મુકવા માટે હવે તેની પાસે કશું બહાણું નહીં હતું. તે તેથી પાછો ઘેરજ ગીયો. તે તહા ગુંચવણ બલકે અકલપ ગંભરણ ગીયો હતો.

કોઇનુંબી ધ્યાન ખેંચ્યા વગર તે પોતાનાં કાર્યા પર ગીયો અને બારણાની કલમાં કુંચી ફેરવીને તે ઓરડામાં દાખલ થયો. તેની બાંગી તુટી તેબલ પર બે કાગલ પડેલા તેને જોયાં.

"વરી બીજાનાં ચીથરાં હોશે!" કંટાળાભરી બેદરકારીથી બબડતાં તેને એક બોલ્યું. તેમાંથી એક ચેક ને ગરમ દિલસોજીથી તેની વેચાની લીધેલી એકાદ બે ટુંકી વારતા એ વિસે લખા-યલું કાગલ નિકલ્યું. એક નવાજ નિકલેલાં ગુજરાતી ચોપાન્યાંનાં અધીપતી તરફનું તે હતું, અને તેમાં તેની કલમની બીજી વારતાઓની માંગણી કીધી હતી, ચેક પંદર રૂપ્યાનો હતો.

એ પંદર રૂપ્યા તે તદ્દન કંગાલ્યતમાં આવી પડેલા જવાનને મનસે હાથીનો પગ હતો! એક નાહની શરખી દોલત હતી! તે રાતે પાછી બીજી વખત તેની જીંદગી બચી હતી! શાને માટે? ફ-તેહ પામે-એમ તેને મજબુત લાગ્યું. અને તે ખરૂંજ હતું કેમકે બીજું કાગલ તેને ફાડ્યું, તો તેમાં તેને ચાકરીને માટે કીધેલાં એપ્લીકેશનનો જવાબ નિકલ્યો. તેમાં તેને પોણોસોનાં પગાર પર ત્રાવલ આપવા લખ્યું આવ્યું હતું. તેના તકદીરનું પાસુ ફરવા લાગ્યું હતું. હોટલમાંની રૂપસુંદરી સાથની મુલાકાત તેના બાગમાં ભાગ્યવંની નીવડી હતી. નવું લોહી તેના અંગમાં આમેજ થયું હોય એવું તેને લાગ્યું.

એ પછી બરજોરનું તકદીર ફરીજ ગીયું. તે ઠીક કમાવા લાગ્યો હતો. તેના રચેલાં એક નાટકનુંબી તેને ઠીક દામ મલ્યું, અને તેને એક ચોપડી લખીને તે છપાવવાનું સાહું કીધું હતું. વળી તેનો પગાર બીજેજ મહીનેથી વધારવામાં આવ્યો હતો. પુરૂષનું નસીબ પાતરાં તળે! તે શું કંઇ બોટું છે. તે થોડા વખતમાંજ ઠીક પગભર થઇ ગયો.

એમ કરતાં ત્રણ મહીના પાણીના ધસી આવતા રોહ માફક વહી ગયા. મગર તે ત્રણ મહીના આપણા બરજોરે બેકરારીનાજ ગુજર્યા હતા. હવે તે કંઇ ભુખે મરતો નહીં હતો, કે નહીં તેને હવે ચાકરીની શોધમાં રખડવું રઝડવું પડતું હતું, ત્યારે તે શાનો બેકરાર બને? વાંચનાર, હવે તે જવાન તો તેનો જીવ ઉગારનાર ફરેસ્તાની તપાસમાં બેકરાર રહેતો હતો. તે તેણી સારૂંજ મેહેનત કરતો, તેણીનોજ વિચાર કરતો, તે મધુરીનીજ મોહક મુર્તી પોતાની છાતીમાં કોતરેલી લઇને તે ફરતો હતો. અને તે તેને મલ્યો! તેની ઓરીસના વડાનાં લગનમાં તેનું જવાનું થયું અને તાંહ તે તેનાં ફરેસ્તાને મલવા નસીબવંત થયો.

કોઇ દોસ્તે તેઓની ઓળખાણ કરાવી. તેઓની આંખસે આંખ મલી, કે આપણા બરજોરનો બદલાયલો અવતાર છતાંબી તે બાહોશ બાલાએ તેને તરત ઓળખ્યો. જરા વારમાં તક મલતાં ખુલાસો કરવા તે મધુરી તેને એકાંતમાં ધસડી ગઇ.

"જોવની હું તમોને સમજાવું," તે સુંદરીએ ચલાવ્યું "હું કરાંચીથી મુંબઇ આવવા ઉપડી તેની એક રાત અગઉ, માહરા બાવાજીએ મને એક કામ સોંપ્યું હતું. તેવને કહયું કે જુવાનીમાં તેવન પર બહુ દુઃખ પડયું હતું, તેવન સાથ કિસમત તદ્દન ફેસઇ બેઠું હતું. અંતે તેવન છેકજ કાયર ને બેહ્મર થઇ ગયા હતા, અને એક રાતે તેવને રીવોલ્વરથી પોતાની દીકરીનો આંકો લાવી નાંખવાનો વિચાર કીધો, મગર"—અત્રે તેણી પોતાના દાડમની કલી જેવા દાંત દેખાડતી જરા હસી—"તેવને પહેલે કેઠે પેટ ભરીને જમવાનો મનસુબો કીધો-તેવને છેલ્લા બે ચાર દહાડા ખાધા પીધા વગરનાં કોરા કકરતાંજ કહાડયા હતા—તેથી તેવન એક સારા હોટલમાં ગીયા, અને બીલ ચુકવવાનો વખત આવે ત્યારે પોતા પર ગોલી છોડીને આપઘાત કરવાનો ઠરાવ કરી રાખ્યો. પેટ ભરીને જમી રહયા ને

બીલ આપ્યું કે લાગલી તેવને રીવૉલ્વર બહાર કહાડી. તેટલા પાસેની તેબલ પર બેઠેલા એક પારસી તાંહ દેાડી આવ્યા, વેટરનાં હાથમાં પાંચની નેાટ જોરવીને બોલ્યા કે—"આપ શેઠ બાહરે ખરચે જમ્યા!"

વધું કાંઈબી બોલાય તે અગાંઉ તેા તે કોઈ ખરેા હાતમ દીલનેા શખ્સ ચાલતેાબી થઈ ગયેા, બાહરા બાવાજી તેવનની પુઠે દેાડીને પકડી પાડવામાં નિષ્ફલ નિવડયા, મગર તેવનનું નામ કોઇથી જાણી લીધું. કોઈની રીતે તે ભલા માણુસની સવેલાની મદદથી બાહરા ગરીબ બાવાજીની જીંદગી બચી હતી. તેવને તે પછી યેાકુકમાંજ કરાંચી ચાકરીએ જઈને પછી વેપાર કરવા માંડયેા, અને તાંહજ આજે તેવન પાંચ પૈસે સુખી છે: પગભર થતાં તેવને પેાતાનાં સારા તકદીર વિસે પેાતાના જીવ ઉગારનારને જણાવવા ચાહ્યું મગર બોલ કરતાં તેવને સમજ્યું કે તે ભલા શખ્સ તેા બીચારા ગુજરી ગયા હતા તેવનનેા એક દીકરેા છે, તેને જો અને તેા શોધી કહાડવા બાહરા બાવાજીએ મને તાકીદ કરમાવી છે, તમે જોવની," તેણીએ ઉમેર્યું, "તમે તે રાતે જ્યારે હોટલમાં દાખલ થયા, ત્યારે તમારી બેકરારીભરી કંઈક વર્તણુંક મને બાહરા બાવાજીની કહેલી વાત યાદ કરાવી, અને તેથી મેં તમેાને ચોકસાઇથી તપાસ્યા."

પછી તેની થઇ પડેલી કદંગી હાલતની ચુપકીદી તેાડવા તેણીએ કહ્યું:-

"તમે મને મદદ કરશેા? તમે તેા બધે બહાર ફરેા હેરા તે ઘણાં લેાકેાનાં સમાગમમાં આવી શકેા, 'ફરે તે ચરે' ને બાંધેા મુખે મરે' એ કહેવત હમેા બૈરાંઓનાં બાબમાં તદન ખરી પડેછ, નહી? તમે ભાટીડાઓએ આગલા ભવમાં ઘણા સારા કામ કીધાં હેાશે, બાહરા બાવાજીનું કામ કર્યા વગર મને મુંબઇ છેાડવા નથી ગમતું, ને બાવાજી તેા કાગલે કાગલ મને તેડવાનીજ તાહી પકડી બેઠાંછ. તમેાને, બી૦ પાે કરી હમણા બોલબાલ્યા, એટલે હું જોવનની શેાધમાં છું તેવનબી તમારા સગાંવ્હાલા થતા હેાશે? આંય કોઇ બરજોર પાંડેને શોધી કહાડવામાં તમે મને મદદ કરશેા?"

"તેના બાવાનું નામ શું?" તેને ઉંચે દમે પુછ્યું, તેને જબરી જેહમત જોરીને પેાતાનેા અવાજ શાંત રાખ્યેા હતેા,

"બાનબહાદુર જેહરામજી પાંડે," તે બેાલી "તમે તેવનને ઓલખતા હતા?"

બરજોર તેા ડઘ થઇને બે પલ તે બીડી બાઇબુથનેા ચહેરેા જોઇવા લાગેા. તેના બાપનું પુત ત્યારે તેને બારે આવ્યું હતું।

અત્રે તે બધુરીનાં સગાંઓ આવીને તેને ઘસડી ગયા, પણ જવા અગાઉ બરજોરને પેાતાને ઘેર મલવા આવવાનું બજન કરતીજ તે ગઇ.

તેજ સાંજે નીચલું એક કાગળ બરજોરે તે લાડલી પર લખ્યું:-

મેહેરબાન મીસ મુંબેદાર,

હુંજ બાનબહાદુર જેહરામજી પાંડેનેા દીકરેા છું એમ તમેાને જણાવી દઇને તમારી વધુ શોધખોળ કરવાની મેહેનત હું બચાવી શકીશ. મળવા આવવાનું

તમારૂં આપાલુ ઇજન થોડા વખતમાંજ અમલમાં મુકવાની હું ધારણા રાખું છું.
સલામ સાથે.

લી૦ દુવાગો સેવક બરજોર બેહરામજી પાંડે.

શીરીનનાં પીતાએ તે જવાનની હકીકત પોતાની બેટીથી જાણ્યા પછી, જબરી કરીને તેને કરાંચી તેડાવી લીધો અને પોતાનાં ધંધામાં ભાગ્યો બનાવ્યો છે.

બીજા બે ચાર મહીના પછી નીચલો ફકરો ન્યુસમાં છપાયો તે શું અત્રે ઉતારી લેવાની જરૂર છે?

"પાંડે–સુબેદાર–મુંબઇવાલા ખાનબહાદુર બેહેરામજી પાંડેનાં એક પુરા બેટા બરજોરનાં લગન કરાંચીના સાહસીક શેઠીયા ગુસતાદજી સુબેદારનાં એક પુરાં બેટી શીરીન સાથે બડી ધામધુમથી થયાં હતાં."

વડવાના પુન પરતાપ બચ્ચાંને આડે આવવાની ને સલની શીખનો શું ઉપલી વારતા એક દ્રષ્ટાંત નથી?

"MAVIS"

ફેશનેબલ બાનુઓ કાજે ફાંકડું પ્રદરશન.

ફાઇન આર્ટ નીડલવર્ક ડીપાર્ટમેન્ટ

અલબેલી મુંબઇ નગરીની તમામ કોમની ફેશનેબલ બાનુઓ અને ભારતની અનેક રાણીઓમાં બેહદ પંકાયલું બાતું.

ઝીક કસબ, રેશમ, સીકવન્સ, જાલી તથા આરીના કામમાં બીનહરીફ છે. અમારાં બાતાંમાંથી ભરાયલી સાડીઓ, અને બ્લાઉઝોનું ઉમદા કામ, તેની મનખુશ કરનારી ઓરીજીનલ ડીઝાઇનો એક બાસ સ્પેશીયાલીટી છે. બીજાઓ અમારી ડીઝાઇનોની નકલ કરવાની ફોકટની કોશેશ કરે છે એજ હમારા ઉત્તમ કામની સાબેતી છે. અમારા ભાવો અમારી નાદર કારીગીરી તરફ જોતાં કીફાયત છે. અમારા બાતાંમાં થયલું ભરત કામ નીચલાં ઠેકાણા સીવાય બીજા કોઇની દુકાને મલશે નહીં.

સ્વદેશી બાદી ઉપર બહુજ ઉમદા ભરતકામ કરી આપવામાં આવે છે. જોવાથી બાત્રી થશે. નમુનાઓ તઇયાર છે.

ધનબાઈ ફરદુનજી બનાજી,

ના૦ ૫, આલનામોંટ રોડ, બંભાલા હીલ, મુબઇ.

ટેલીફોન નાં૦ ૪૩૧૪.

કાંટાનું કટેસર.

લખનારઃ—સોરાબ બી૦ તાતા.

પટેલની મની હસને ચેહેરે ઓરડાનાં બારણામાં દાખલ થઇ પણ પોતાના ભાઈ નાન્-રને મોટેથી ગીત ગાતો ને ઓરડાની વચેની તેમલ આગળ ઉભો રહીને રીવૉલવરમાં કારતીજ ભરતો જોઇ, તેણીનો મચકાટો ચેહેરો સેકજ ઉદાસ થયો, અને ફીકકા પડેલા ચેહેરાથી ફકર-મંદ અદાથી ગાલે ગલાયો દેઇ થોડીક પળ એકાગ્ર ચીતે જોતી ઉભી.

"એ શું કરેછ, નાદર !" મની હરણીની ચપલતાથી નાદર આગળ આવી ભવાં ચઢાવી પુછવા લાગી, "મરેરે, એ અસલતક વલી સાનું લાવું ? રીવૉલવર લઇને શું કાલાં ઘોલાં કરવા જાએછ, નાદર ?'

'બૈરાંઓથી તોબા થઇ ને હાથ જોડ્યા", નાદર હસીને મશ્કરીની ધપે બોલ્યો. "માટી-ડાનાં બધાં કામોમાં તમે લોક નાહેક ફાંયડા મારોછ."

"ધ્રસ ઑલ રબ્બીશ, ડારલીંગ," નાદરનો મીત્ર દાદી દસ્તાવ, જે મની માથે ભવિષમાં ગોઠવાવાનાજ વિચારમાં હતો તેણે જવાબ વાલ્યો. "ફકર ના કર, મેહરૂ."

તેજ વેળા મનીની માતા નાજ્બાય અંદર આવી અને પોતાના દીકરાના હાથમાં રીવૉલવર જોઇ ધાસ્તીથી ફીકકી પડી. પોતાની માતાને જોઇ મનીને વધુ બોલવાનું જોર આવ્યું. "જોવની બાયજી, આએ નાદર ઉસ્તરેલો કાંઇ સમજતોજ નથી; રીવૉલવરમા કારત્રીજ ભરેઇ, ને અકસમાટ ફુટસે તો કાંઇ કાંટાનું કટેસર થસે."

"એ સું કરેછ, નાદર ?" તેની માતાએ ફકરમંદ ધપે પુછ્યું. "એ પીસતોલ કાંહાંથી ઉંચકી લાવ્યો ! એ વલી સું ધરીંગ માંડયાંછ ? કાંઇ ઓરતું દોર થસે."

"બાયજી, તમેથી સું મનીની સુજે આગનો વાધ કરી મુકાછ," નાદર ચીરાગને બોલ્યો, "એ તો નાટકમાં ફોડવા જોઇએછ."

"હમારી કલબનો નાટક ભજવવાનો છે, જેમાં છેલ્લા પાર્ટમાં એ રીવૉલવરનો ઉપયોગ કરવાનો છે," દાદીએ સમજાવ્યું.

"પણ નાટકમાં રીવૉલવર જોઇએ, ને તેમાં કારત્રીજ થી વપરાએ ?" મનીએ તકરાર કીધી, "કોઇની સાંએ ટાંકો તો નાહેક જીવની બરબાદી થાએ."

"મની, એ તો ખાલી કારતુસો છે," દાદીએ જવાબ વાલ્યો. "એમાં કાંઇ ખરો દારૂગોલો ભરેલો નથી. હું પોતે કાલે સાંજે બ્લૅન્કસનની દુકાનેથી કારતુસો વેચાતી લાયો. એનો તો અમથો અવાજ થાએ; એ કારતુસોથી કાંઇ ઇજા નહીં થાએ."

"પણ; દીકરા, એવી અસનાઇ સું કામ કરવાની ?" તેની માતાએ ચીંતાતુર અદાથી સલાહ આપી.

"અરરર ! હજુ તો નાટક થયો નથી, તેટલાં ઘેરભાંજ ગાહીં નાટક થાયછ," ફફડીને નાદર બોલ્યો. "ચટ, ચટ; મોરાં કાંહા બોગ લાગા કે રીવૉલવર ઘેર લાવી કારત્રીજ ભરવા ઉભો. હું સું કરસ તે તમે સું ધારોછ ? જેમ રીહયરસલ કરતી વેલા ખાલી બીડી ફુંકવાની પાયપ ટાંકે તેમ નાટકમાંથી પાયપ ટાંકીને મોઢેથી બોંપ દઇને બોલું એટલે પછી સ્તેજ પર કોહેલા ધંડાં ને કેલાંની છાલં ને કલીંગરની ચીપોનો વરસાદ પડે ! મની, જરા અકકલ તો પકડ ! નંકામી ધાંધલ કરી ગડબડ ગોધ્યારૂં કરેછ. બીજા નાટકોમાં કોઇની સાંબે રીવૉલવર ફોડેછ, તે સું ખરેખર મરી જાએછ કે ? ફુંડને માટે અમારી કલબે કસરેવજનો નાટક તૈયાર કીધોછ, જેમાં કસરવેજ વીરજીનો પાર્ટ આબે દાદીએ લીધોછ. એ જાણે કે મને કાવત્રાંમાં ફસાવી હેરાન કરેછ, અને મારૂં ભેજું કાઢવા ખુરશી ઉંચકીને મને મારવા જાએછ, અને બચાવમાં હું મોરી રીવૉલવર ફોડી એને બેન્દન કરૂંછ, ને પછી પદડો પડેછ. એ તો નાટકનો સૌથી કરણારસ અને જબુઝથાટ મચાવનારો પાર્ટ છે."

"પણ-પણ-દાદીની દુશ્મનને મરતુસ લાગી તો !" ધાસ્તીથી ફાટેલે દોલે મની બોલી, "દાદી, તેંજ કાંય આબે પાર્ટ લાધો હોસે ? પણ વાહ, તું રીવોલવર ફોડે ત્યારે બેનાં દીલ પર ના ટાંકતો, બાજુબે ટાંકજે, સમજ્યો ના.દર. કાંય ખરૂં કેની, માયજી ?"

"મરેરે ! આબે હુલ્લડ ચોયોંબો તો હબારૂં બોલેલું ગણકારતાંજ નહીં." તેની માતા ચીરડાબને બોલી. "હોનારતમાં કોઇ ડાહ્યું છે, વાંચ્યું તું કે પેલી બીચારી બાઇ પોતાના ધણીની પીસતોલ તપાસતાં અંદરથી ગોલી છુટતાં વગર મોતે મરી ગેઇતી તે."

"પણ નાજ્જાબાય, તે તો ખરી ગોલી હતી તેથી," દાદીએ સમજ પાડી. "આ પીસ-તોલમાં તો ખાલી દારૂંગોલો છે. બેનેથી કાંઇ માણસ મરી નહીં જાએ."

"હા,—મરી નહીં જાએ ને બાએલ થાય," મનીએ જીકકર કીધી. "જે હોય તે; મને તો પીસતોલ જોઇનેજ ધુજરાં છુટેછ. સો વાતની એક વાત. તું જે વખને ફોડે ત્યારે હવામાં ઉંચે ધરીને ફોડજે."

નાદર પાછો ચીરડાબને બોલ્યો; "ચટ, ચટ, ચટ ! સુ સીલી ગર્લ ! નાટકને હીરો પોતાની સાંબેના બદમાસને મારી નાખવા ઉંચે હાય કરી હવામાં રીવૉલવર ફોડતાં પેલો જમીન ઉપર તુટી પડે ને મરી જાએ, તેના જેવું બીજું કાંઇ બી હાંસી મસકરી જેવું છે ? ખરો ભાગ ભજવવોજ જોઇએ. હું બરાબર દાદીની છાટીની સાંબેજ રીવૉલવર ટાંકીને ફોડસ, અને હું તેનાથી લગભગ છ ફીટ દુર ઉભો રેહેવસ, તો આ બાલી કારટુસોની કાંબબી ધાસ્તી રેહી શકસે !"

"જરાબી ધાસ્તી નહીં," દાદીએ વચે પડી વધુ બાત્રી આપી. "તું બીહ ના, મની, મને કાંઇ બી અલવલ આવવાની નથીજ."

"ઓ, ભાઇ જોવ! સાડાબાર થયા!" ઘડીવાર જોઇ ચીંતાથી નાદર પુકારી ઉઠયો, "વખત થઇ ગીયેા! માયજી, મારી આ બૅગમા આ રંગ, પાઉદરના દાબડા, મારેા દગલેા પાટલુન ને બે સરસ સાડી અને બ્લાઉઝ મુકી તૈયાર કરેા તેા. હમે ચૉય કલબમાથી અર્ધા પેાણા કલાકમાં પાઠા ફરીયે છ."

અને નાદર માલ ઉપર પેાતાના ઓરડામા કપડા બદલવા ગયેા, અને તેની માતા તે ઓરડામા રેહી, જ્યારે દાદી અને મનીને બાજુના ઓરડાનાં એકાતમા અકેક સયે વાહાલથી વાત કરવાની ટક મલી.

દીલજીટ મનીએ તેનાં ગયામા પેાતાના નાજુક કર પીટાવી નાટકના પાર્ટમા રીહૅાલવર પુટે તે વખતે બહુ સાહુચેાગીભરી સંભાલ લેવાની વાજબી અને રડી સલાહ આપી, અને જવાબમાં તે વાહલા જુવાને કોઇ ફકર ન કરવા ધીરજ આપી

દીલકશ મનીને સપ્ત શરદી થએલી હેાવાથી તે દીને બપેારે એકસેલસીયરમાં બાઇસ્કોપ એમ્બ્યુઅર કલબનેા 'કસરેવજ' નેા નાટક જોવા જવાનું તેણીએ મુદલજ ડહાપણભર્યું વિચાર્યું નહી, કે જે નાટકમા તેનેા ભાઇ નાદર અને તેનેા વાહાલેા દાદી અકેકના હરીફ મુદ્દા તરીકે અને મુખ્ય ભાગ ભજવવાના હતા. અને આવેા નાટક જોવાથી તે તનેામન સુંદરી તદન બેનશીન રેહી જે માટે તેણીને ઘણી નીરાસા અને નાસીપાસી બરપા થઇ.

કલબમાથી બને પાછા બંગયે આવ્યા, અને ચા પીને જવાની તૈયારી કરી

"જો, ભઇ પેલી કમબખ્ત ગનથી જરૂર બહુ સંભાલ લેજે હં કે." મનીએ ફરીથી ચેટવણી આપી, જેથી નાદર પાછેા ફરડી પડયેા.

"ચટ; ચટ! તુ તેા બલાના હાજા ગગડાવી નાખે એવી પેાચી છે! વૅન, તતા ડીયર."

તેની માતા નાજંભાય કોઇ અતલગના સગાં બિમાર હેાવાથી ત્યાં ગેઇ, જ્યારે મની એબલીજ બિછાને લેટેલી બંગલામાં રેહી. એક નૉવેલ લઇ પેાતાનું મન રીઝવવા તે વાંચવા બેઠી અને થેાડે થેાડે વારે ઘડયાલ તરફ નજર કરી. "પેહલેા ભાગ તેા પુરેા થયે હેાસે," તેણી બબડતી, "અને નાદર અને દાદી પેાતાના પાર્ટમા જબરી ધામધુમ કરતા હેાસે."

સમી સાંજ થતાં એક છેાકરેા સાજ વર્તમાન લાવ્યેા. અને નૉવેલ પડતી મેલી તે પેપર ઉથલાવા લાગી. અંદરના પેજમા મેાટાં મથાલા ઉપર ખુદરતી તેણીનુ લક્ષ ખેંચાયું.

"એમુલ જીંદગીનેા ભેાગ થઇ શકે એવી ગંભીર ભુલ."

"એહ કાલે આજે," મનીએ અધીરાઇથી તે ફકરેા વાચ્યેા. "એક જુવાન પારસી ગૃહસ્થ કેાટની મેસર્સ બ્લેન્કસનની જાણીતી બંદુક વેચનારની દુકાને જઇને થેાડી ખાલી કારત્રીજ માગી, જે તે દુકાનના એક નવા મદદનીશે વેચાતી આપી. થેાડાક વખત પછી કમનશીબે માલમ પડયું કે તે નવા મદદનીશે બીલકુલ ગફલટી અને ભુલથી તે ગૃહસ્થને ખાલી કારત્રીજ આપવાને બદલે ખરી ભરેલીજ કારત્રીજ આંપી હતી દેખાવમાં બને વચ્ચે જબરજ ફરક માલમ પડતેા હેાવાથી આવી ગંભીર નજર ચુક થવા પામી તે દુકાનવાલા મી૦ બ્લેન્કસને

રાતોરાત બધાં પેપરોમાં આ ભુલ માટે ખુલાસો કરવાની અર્જ કરવાથી અને તે ન જણાએલા ગ્રહસ્થને ચેતવણી આપવા, હમોએ હમારાં પેપરમાં આ ખબર છાપી છે. જો તે ગ્રહસ્થ કે તેના લાગતાવલગતાનાં વાંચવામાં આવે, તો તે ભરેલી ખરી કારત્રીડજની થહું સંભાલ લેવી, અને ખાલી કારત્રીડજને બદલે ન વાપરવા, અને તાબરતોબ તેઓની દુકાને જઇને બદલાવી લાવવાની ગંભીર ચેતવણી આપવામાં આવે છે. તે પારસી ગૃહસ્થે કાલો સુટ પેહેરેયો હતો, માથે કરઝન હેટ હતી, અને ચેહેરો ઘણો સોહામણો હોવા સાથ આંખે રીમલેસ આઇ ગ્લાસ પેહેરેલો હતો."

"ઓ, માયરે! હવે કેમ કરૂં!" ધાસ્તીથી ચીચ્યારી પાડી બિછાંણાં ઉપરથી ગની ચોંકી ઉઠ્યો બેઠો. તેનાં વાહાલા દાદીએજ બ્લેનકસનને ત્યાં આગલે દીવસે કારત્રીડજ ખરીદી કીધી; પેપરમાં જે વર્ણન કીધું હતું, તે તેનેજ આબાદ જવાબ કરતું બંધબેસતું હતું. મદદનીશે ભુલમાં બેટી ગોલીને બદલે ખરી ભરેલી ગોલી જે ગૃહસ્થને આપીયતી તે ખરેખર તેનો વાહલો દાદી હતો.

તે દીલજીટ છોકરી જોતજોતામાં દહેસતથી મોહત જેવી ફીકકી પડી જઇ તોફાની પવનમાં ડોલા ખાતાં ઝાડની ડાલીઓ મિસાલ તનબદનથી ધ્રુજવા પરી. થોડીક પળ બિછાંણા આગલજ મારબલનાં કોરી કાઢેલાં પુટલાં મીસાલ રતબધ ચીટકી ઉભી. તેણીએ ઘડયાલ તરફ ઝડપી નજર કીધી. સાતનો અમલ થયો હતો. તે ઍમેચ્યુઅર નાટકકારો જ્યાં નાહર દાદીને પીસતોલની ગોલી છોડી મારી નાખે છે. તે પાટ તરફ લગભગ આવી પુગેલા હોવા જોઇએ એમ તે બીહધેલી બાળાએ માન્યું. તેનો બાઇ બગ ભજવતાં પોતાના વાહાલાની બાટી સાંએ રીવૉલવર ફોડશે, તો અફસોસ, અંદર ભરેલી ખરી કારતુસો હોવાથી વાહાલો દાદી ખરેખરજ બેજાન થશે—વગર મોહતે ગોયા બીચારો નાહેક પોતાનો પ્યારો બેકીમતી જાન તે પાક પરવરને જોતજોતામાં માત્ર ગંભીર નજર ચુક અને બથંકાર ભૂલનાં પરિણામે સદકે કરશે!

"અરે, બોદાયજી!" બંને હાથો ધાસ્તીથી મસલી મની ધુજી જતાં પુકારી ઉઠી. "હવે શું કરૂં? મ-મ મને કાંઇ સુજ પડતું નથી! મારો વાહાલો દાદી નાહેક જાન દુસમન બેહોસે! ઓ મારા પાક પરવર!"

મગર તેણીને ખબર હતી કે કાંઇપણ કરતબ કરી બતાવ્યા વીના પાક પરવરની પવીત્ર યાદથી કાંઇ ચીજ જવલેજ સફલ થતી હતી.

ધાસ્તીથી દીવાનાં બનેલાં મગજ ઉપર જોસથી પોતાના મજબુત હાથો દાબી તે ઓરડામાં થોડીક પળ ફરવા લાગી, જે વેળા છેક ગુંઠણ તુલીક લટકતા કાલા ચલકતા રેશમ જેવા બાલથી અને નાજુક આંખોમાંથી મોતી સમ નીચાં ગોલ ગબડી પડતાં આંસુંઓ સાથે તે અભાગણી ગોયા ઘેલી જેવીજ લાગતી હતી.

પણ કરવું શું? દરેક પલ, દરેક ઘડી ધાસ્તીભરી હતી! સરકમ અને સરદીથી તે દુઃખી બાલાનું આંગ જાણે તાવથી લગાર દુઃખતું હતું, અને બેચેન જીવમાં અચીતજ વધારો થયો. ના, એક ઘડીભી ગુમાવવી જોઇતી ન હતી. હજીભી તે મારતી ગાડીએ નાટકસાલામાં દોડી જઇ જો તે પાર્ટ નહીં ભજવાયો હોએ તો તાબરતોબ જઇને ચેતવણી આપવી.

તેણીએ કપડાં બદલવાની ગી કનવાર કરી નહી, કાંય કે તેમ કરતા વધુ વખત લાગે. દીલમાનાંજ કપડાં સાથે છુટા બાલ સાથે હવેરી બાવરી એક દીવાની સ્ત્રી માફક તે ઓરડામાંથી બાર તેણી બાહાર પડી, જે વેળા પક ધ્યાન વચે એક પગ ઉપાડો અને એક પગના સ્લીપર સાથેજ તે બંગલામાંથી હરણીની ચપળતાથી બાહાર પડી—ગેા.! પક્ષી માફક દોડી ઉડી!

બંગલાથી થોડે કદમ દૂર એક તેકરી સારા નશીબે ધીમાં કદમે જતી હતી, તેની સાથેજ દીવાની જેવી બની ધસી ગેઇ, જેથી તેને બરેબરજ ધેલી સમજી તેના શે ફરે સમય સુચકતાથી બરેક ટાઇટ કરી ગાડી ઉભી કીધી, અને તે અબળાની બીજી બાજુ ચાલી જવાની ગહા શે ફરે જોઇ, મગર તેણી તેા દીવાની બહાથી હરવાન્ને ઉપાડી અંદર બેઠક ઉપર જોસ સમેટ અફલાઇ ઝીંગાઇ પડી!

"બોદાને બાતર ડાક!" બની ભાગાતુટા શબ્દોથી જબરી હાંફતી બોલી. "જલ્દી—એક-દમ વીજલીની ફાંની હાંક, બસ ચલાવ."

"પણ, બંદ, કાહા ચલાડું?" તે શોફર દીનસોઝ પારખી હતેા તેને બનીની આવી સ્થીતીથી ચોફાને પુછ્યુ.

"તું બસ હાંક: બોદાને બાતર પુલ રપીટે દોડાવ," બની અધીરાઇનાં દુઃખથી બાહા મુશીબતે દમ લેતા બચકા બચકાને બોલી, "એક પલ ના બો! જે બાગમે તે આપસ! બાખ મીંચીને દોડાવ! ઓ, બોદા! મેાત જીવતનેા ગભીર સવાલ છે! ખુદાને બાતર, મારે બાતર—"

"પણ, બાઇ, હાકું કયાં તે તેા કહેતા નથી," શોફરે માયાથી પુછ્યું. તેણે એમજ માન્યું કે કોઇને કાઇ અકસમાટ થયેા હેાશે તેા તે તરફ તે ચીંતાથી દીવાની બનેલી છોકરી જતી હેાસે.

"ઓ-ગે'-મે'-કહયુ નથી?" બની પાછું બબડી 'બૅકસેલમીયર ડીએટરમા! બાઇ મારે બાતર, બસ બાખ મીંચી મેાટર દોડાવ. ઓ! એક મીનીટ એક જમાના જેવી બાહા-બારટ છે જે! એક ઘડી મેાડું થશે તેા—તેા—બાહેક બનની બરબાદી થસે.'

કાઇની બાનાબગબ બનાવની બાગાહી તે બાપાલુ શોફરને થવા લાગી, જેથી વધુ બોલ્યા વિના પેાતાની મેાટર ચલાવી, અને બને એમ ટુંકે રસ્તે અને કાયદા વીરૂધ 'પુલ રપીટે'જ પાહેામ ચલાવી. બની હેહ મગેલ તરફ રેહેતી હતી, અને ત્યાંથી કોટમાં આવતાં બેશક ઘણેાવાર લાગે, છતાણી "ડીએટર આવ્યુ કે, બૅકસેલસીયર આવી કે," એવાજ બડબડાતની તાસવીસ તેણી મેાટરમા બધીરાઇની તાવથી જળી જતાં તનગદનથી થોડી થોડી બીનાટે કરવા પડી. મેાટરની બેઠકમાં એક બાજુ ધાસ્તીયા કાંપતી દમાઇ બેઠી. ઓ, ખુદા! તેણી જો બચારી જશે તેા કેવું ખુરૂં બાનેબરાબ પરિણામ નિપજશે?

"મારા વાહાલા દાદીના મેાહતનું કારણ નાહકજ થઇ પડશે જો!" દુઃખથી હાયેા મસલતી બની બબડી, "મારેા પેાતાનેાજ બાઇ તેને બેજ્જત કરસે! ઓ, દાદી-વાહલા દાદી!"

તે દુર્ભાગી સુંદરીની બાંખેા બંસુઓમાં ગોથા દુણી ગેઇ, અને તેનાં નાસીપાસ છીંગરમાંથી દુઃખના દબકાં નીકળ્યાં.

આયદે ટૅક્સીની ઝડપ ઓછી થઇ અને એકદમ ઠોભી. રસ્તો લોકોથી ભરાએલો હોવાથી શૉફરને ઠોભાવવાની ફરજ પડી. તે વખી કોઇને હાથી ચાંપીને તે ઘેલી જેવી છોકરીની સુઝ કયાં નાહેક ચાંચડા મારવા ગઇ!

અધીરાઇથી મનીએ ચીસાચીસ પાડી, અને ટૅક્સી ચલાવવા કાકલુદી કીધી. થોડીક મીનીટ પછી ટૅક્સી પુર જોસમાં આગલ વધી. મની પોતે નાટકશાલામાં વખતસર જઇ પુગે તે માટે તે કીરતારની દુઆ ઇચ્છવા લાગી, જો કે ટૅક્સી ઘણી ઝડફે જતી હતી, તો પણ તેને મનસે ઘણીજ ધીમી ચાલતી લાગવાથી, થોડે થોડે વારે ઘણી જોસથી ચલાવવા તે કાકલુદી કરતી,

આખરે ઑકસૅલસીયર થીએટર આવી. ટૅક્સી ઠોભી કે કુદકો મારી મની ઉતરી. તે સીધી વચમાના રસ્તા ઉપરથી ઉંધાડા પગે અને છુટા બાલથી દીવાની અદાથી અંદર ગઇડી, પેહેલા વર્ગના બારણા બાહાર ડૉર કીપર ઉભો હતો, તે તેણીને ગભરાટથી જોતો ઉભો.

"મને જવા દે, ભાઇ," તેણી મીનતભરીથી કરગરી, "ખોદાને ખાતર જવા દે. સ્તેજ પર તે લોકને આગલ વધતાં અટકાવવા જોઇએ. ઓ, મોહત જીવતનો સવાલ છે, મને—મને—"

તે બીચારો તેણીને દીવાનીજ સમજ્યો, અને અંદર જવા દેતાં અટકાવી, મગર જીવ ઉપર આવેલી મની તેને હડસેલા મારી અંદર ધસી ગઇ; સ્તેજ તરફ તેણી દોડી. તેની નજર સ્તેજ ઉપર પડી. બે સખ્સો સામસામી બિભત્સમાં જનુનથી તકરાર કરતા હતા; તેઓ નાદર અને દાદીજ હતા. ધમકીથી એક ખુરસી પોતાના હાથમાં ઉંચે ધરી નીલ સામે મારવા ધસ્યો, જ્યારે તેજ ઘડીએ બીજો સખ્સ પોતાનાં ગજવામાંથી પીસતોલ કાઢી ટાંકતો હતો.

ઓ! તે ધાસ્તીભરી જીવ સટોસટ પલ!

તેણીએ ચીસાચીસ પાડી, અને અંદર ધસી ગઇ; સ્તેજ ઉપર જવાના દાદર ઉપરથી તે ઉપર ચઢવા જાએ તે આગેમજ રીવૉલવર ફુટવાનો અવાજ થયો.

"ઓ—સબર! બઇ! ઓ! રીવૉલવર ના માર! ઓ—મારો—મારો—દાદી—બે જન!" અને બીજીજ પળે સ્તેજ ઉપર આવી તે નાતવાન છોકરી બેભાન તુટી પડી. રીવૉલવર ફુટવા પછી તેનો દાદી ખુરસી એક બાજુ ફેંકી સ્તેજ ઉપર તુટી પડ્યો! અફસોસ! બરી ગોલીથી તે ખચીત મેજાન થયો!

જેમ દાદો રીવૉલવર ફુટી કે તુટી પડ્યો, તેમ કમનશીબ મની બી તે પછી બેભાન તુટી પડી, અને તાબરતોબ પડદો પડ્યો! હાઉસમાં બેઠેલા લોકોને સમજ પડી નહીં કે તે બરો બનાવ હતો કે નાટકનો એક ભાગ હતો!

જે વેળા ઉપલો કરણારસ પાર્ટ સ્તેજ ઉપર થયો, તે વેળા મનીની માતા નાંબાંય પોતાનાં અતલગનાં બિભારને જોવા ગેઇ હતી. તે ચીંતાથી બબડી. "બરેરે! હવે મને પસતાવો લાગેછ કે મેં એમ કીધુંજ નહીં હોતે! આજે નાદરની કલબનો નાટક છે, તેમાં

ઝે રીવોલ્વર ફોડેછ ને ઘેરમાં કારતુસો ભરતાંજ મને બધી હેબટ ને ફકર લાગી; મને બેમમાં બધું ગોડવવા કેહી જેવો નાદર બાહાર ગીયેા કે મેં તે કારતુમોથી ભરેલી પીસતોલ મુકી નહીં! કોણ જાણે બા કાંઇ બાદાની સુંઠ ચાઝે, ને રંગમા ભંગ થઇ જાએ તેા! મેં તે પીસતોલ મારી કબટમાં છુપાવી, ને મને ખત્રર હેાવાથી પાસેના બંગલામાંથી દાવરના ડાલીની રમકડાંની રીવોલ્વર તેમાં થેાડેા દારૂગોલાની તેાડી ભરાવી લાવી; તે બી નાદરના જેવીજ રીવોલ્વર લાગતી'તી, મેં તે અંદર મુકી દીધી. તે બી ફુટેછ ત્યારે અવાજ તેા કરેછ. પણ હું જાંણું છું કે નાટકશાલામાંથી ઘેરે આવી મારેા નાદર બહુ મારી પર ગુસ્સે થવાનેાજ."

જ્યારે મેાડેથી તે બાતા ઘરે આવી ત્યારે મનીને નહીં જોઈ તે ફકરમદ થઇ; આખેા બંગલેા ફુંડયેા, પણ તેનેા પતેાજ નહી મલવાથી નાજંભાય ધાસ્તીથી ફુગલાઇ ગેઇ; બગર થેાડીક મીનીટ પંખી ટેકસી વરન્ડામાં આવી અને હસતે ચેહેરે નાદર, દાદી અને મનીને બાહાર આવતાં જોઇ તે તાજુબીથી પુકારી ઉઠી.

"એા, મની! તું બી નાટક જોવા ગેઇ! કાંય, તુ તેા સરપ્રમ થયેા'તેા તે જવાની નહીં હુની ને? બારા જવા પછી ગેઇ કે?" નાજભાય અધી ફપકાની ધરે બેાલી.

"બધી ચીજેમાં બૈરાંઓજ ફ્રાચડ મારી બધેા બીગાડ કરે?" નાદર ગુસ્સાથી બેાલ્યેા. "બૈરાંઓથી તેા બચીટ તેાબાહ થઇ! તે લેાકથીજ ઝધડા થાયછ, તે લેાકથીજ લડાઇ ને ખુના મરકી બી થાયછ. બાપે પેાતાની ચાલાકી વાપરી રીવોલ્વર બદલી, અને બેહેનજીએ ઘેલાં જેવાં નાટક તકટા પર આવી, નાટકમા નાટક બજારા બજાવ્યેા, સારૂં થયું કે લેાકેા ખરેાજ નાટક તેમી સમજેલા!"

બધેા ખુબાસેા જ્યારે તે બાતા આગળ બલી મનીએ કીધેા, ત્યારે તેણીએ પેાતાની ગેાદમાં વાહાલથી મનીને દાબી. ખરેખર તેા વહાલી બાતાએ પેાતાનું મનનું સુજ્યુ કીધું. જ્યારે એક વફાદાર બેહેને પેાતાના વાહાલાને પેાતાના બાઇને હાથેજ બેજન કરેા અટકાવવા પેાતાનુ મનનું સુજ્યુ કીધુ હતુ જે નાજબાયે તે રીવોલ્વર બદલી ન હેાતે તેા બચીટજ ફરબારસ બનાવ બનવા પામતે.

"જંા, હરવાયા" નાજંભાયે તેને અખડાવ્યેા. "બૈરાઓથી તેા બધી ખાનાખરાબી થતી મહેજનાં બચી ગેઇ. તમે લેાક મરેા, ચેારી મરેાડી, ખુંન્યેા પાપટ બી નહીં ભંગાએ અને બાપી બાર ગજની લબાસ મારી ચત્તંનું ઉધું કરી નાખે, પણ ફરેસ્તા જેવી ઓરતેાથીજ બધી રીતે તમારેા બચાવ થાયછ, સમજ્યા. અમેાસા બેસેાજી."

બંને જુવાનેાએ બંને અબળાઓની બારી ઇચ્છી દીલેાજાન આભાર માન્યેા.

વધુ કેહેવાનું બાકી શું છે?

ડો. એચ. એલ. બાટલીવાળા સન્સ એન્ડ કું૦ લીમીટેડની

સ્વદેશી દવાઓ.

બાટલીવાલાનું એગ્યુમીક્ષચર.
બાટલીવાલાની એગ્યુની ગોળીઓ.
બાટલીવાલાનું-(ટૉનીક સીરપ) બાલામૃત.
બાટલીવાલાનું (કૅપ્યર ઓલ) બામ.
બાટલીવાલાનું ડાએરીયા (કૉલેરાલ) મીક્ષચર.
બાટલીવાલાની કયુનાઇન ટીકડીઓ.
બાટલીવાલાની ટૉનીક પીલ્સ.
બાટલીવાલાનું-રીંગવરમ આઇન્ટમેન્ટ.
બાટલીવાલાનું-દાંતનું મંજન.

જથાબંધ વેપારીઓને ફીફાયત ભાવ.

ટેલીગ્રાફ એડરેસઃ—બાટલીવાલા વરલી મુંબઇ.

પી. ઓ. વરલી, મુંબઇ ૧૮.

ગ્રાંટરોડ વેરથી તમારે માર્કીટ વેર ધકેલા ખાતા જવાની કંઈજ જરૂર નથી.

જામ, જેલી, બીસ્કીટ, સારડીન, કોકો, ચૉકલેટ, ઇ. વેલાતી ટાકી; સેન્ટ, લવન્ડર, કોલોનવૉટર, સાબુ, તેલ, હેરઓઈલો, જાતજાતના મેકરોનાઃ જૅપાનીઝ અને ચાઇનીઝ કટલરી, તથા ભેટ સોગાટને લાયકની હમા ચીઝોઃ પેટન્ટ મેડસીનો, અને પરફ્મયુરી. માર્કીટ ભાવે અમો વેચ્ચે છીએ.

ભોમાન્યાની કું.

સ્લેટર રોડ, ગ્રાંટરોડ, મુંબઈ.

પીરોજશાહ એને ખરશેદજીની કું૦

હમારે ત્યાંથી નવસારીની કસ્તી, નારાં, ઘી, ખાંડ, મેવો, દરેસો મસાલો, ચાહે, કોરી, સુખડ, લોબાન, અગર, બચ્ચાંના રમકડાં, નવાં વરસનાં ત્યા બયદે કાર્ડો, ભેટ આપવા લાયક ચીજો; ત્યા દરેક જાતનો વિલાયતી માલ, પેટન્ટ દવાઓ, વિગેરે ફીફાયત ભાવે મલશે.

૦—તાપ્યા બીલ્ડીંગ, રેલ્વે હોટલની સાંબે ચર્ની રોડ જંકશન, મુંબઇ.ઠે

જ્વાળામુખી પર્વતો સંબંધી વધુ વિવેચન.

લખનાર:-J. F. M.

વહાલાં વાંચનારાઓ ગયા અકટોબર માસના નવરંગના (પાને ૧૮૭ થી ૧૮૧ સુધી) અંકમાં "થોડાક જ્વાળામુખી પર્વતો" એ મથાળાં નીચે જે લેખ પ્રગટ થયો હતો, તે પર આજનો વિષય થોડુ વધારે અજવાળું નાંખશે.

જ્વાળામુખી પર્વત એટલે એક મોટી ફાટ, જે પૃથ્વીના ઉપરના ઠંડા પડમાં થઇને પૃથ્વીનો અંદરનો ભાગ કે જ્યાં અતિશય ગરમી હોવાથી દરેક ચીજ, ખડકો સુધ્ધાં, પીગળેલી હોય છે, ત્યાં સુધી જાય છે.

હજારો, ખલ્કે કરોડો વર્ષ અગાઉ પૃથ્વી એક સૂર્યની માફક બળતો દડો હતો. આ બળતો દડો જેમ વખત વહેતો ગયો તેમ ઠંડો પડતો ગયો, એટલે સુધી કે હાલમાં ઉપરનું પડ ઠંડુ થઇ ગયું છે, જો કે અંદરના ભાગમાં હજી અતિશય ગરમી છે. દાખલા તરીકે, એક પપેટાને જો આપણે બારી ફાડીએ અને પછી ચોડો વાર રહી કાપીએ, તો માલમ પડે છે કે જો કે ઉપરની છાલ ઠંડી પડી ગઈ છે તો પણ અંદરના ભાગમા એટલી ગરમી છે, કે આપણી આંગળી દાઝી જાય છે. તેજ પ્રમાણે, પૃથ્વી ઠંડી પડતી ગઇ તેમ ઉપરનું પડ પણ ઠંડુ પડતું ગયું. માંહેલા ભાગમાં ઘણી ગરમી હોય છે. હવે તે ગરમ ભાગમાંની વરાળ બાહેર નીકળવા જોશ કરે છે, જેથી ઉપર્યાં ઠંડા પડ પર દબાણ થાય છે. આ પડ પર દબાણ થવાંથી પોચા ભાગો તે દબાણને શરણ થઇ જાય છે. આ રીતે વરાળને બહાર આવવાની તક મળવાથી તે પોચા ભાગને ઉંચકી નાંખે છે અને પોતે બહાર નીકળે છે. તમો એક પાણીથી ભરેલી કીટલી લો. પાણી ઉકળે ત્યાં સુધી ગરમ કરો પછી ઉપરનું ઢાકણ મજબુત કરી નાળચાંને બુચ મારો, વરાળને બહાર નીકળવાનો માર્ગ જડતો ન હોવાથી તે કીટલીની બાજુઓ પર દબાણ કરે છે. જો બુચ મજબુત ન મારેલો હોય તો તે તે દબાણને તાબે થઇ "ધડ" અવાજ કરી ઉડી જશે અને વરાળ ધસારાબંધ બહાર નીકળશે, એટલે પાછું વરાળનું જોર ઓછું થઇ જાય છે. જો બુચ મજબુત હોય તો ઢાંકણ કદાચ નીકળી જાય અને જો બુચ અને ઢાંકણ બન્ને મજબુત હોય તો કીટલી ફાટી જશે આ જાણવું અગત્યનું છે કે પાણી જેટલી જગા પ્રવાહી રૂપમાં (Liquid) રોકે છે તેના કરતાં વાયુરૂપમાં (Gaseous) ૧,૯૦૦ ગણી જગા રોકે છે, આ જગા એ "વાયુરૂપ પાણી" એટલે વરાળે રોકવીજ જોઇએ, તેથી જો વરાળને કોઇ ચીજનો અટકાવ હોય તો તે ચીજને વરાળ પોતાના માર્ગમાંથી દુર કરે છે.

ઉપલું ઉદાહરણ વાંચ્યા પછી આપણને સહેલ સમજ પડે છે કે પૃથ્વીની અંદરની વરાળ બહાર નીકળવા માગે છે, તેથી તેણે પોતાનો માર્ગ ખુલ્લો રાખવોજ જોઇએ, પૃથ્વીનું પડ નડે છે માટે તે દબાણ કરે છે. જેમ એક લશકરમાં કોઇ ભાગનું બરાબર રક્ષણ થતું ન હોય તો દુશ્મન તેનો લાભ લઇ, તે નબળા ભાગ પર ટુટી પડી વિજય મેળવે છે, તેમ વરાળ પૃથ્વીના પડ પર હુમલો કરી નબળા ભાગને ઉડાવી દે છે અને પોતે બહાર ચાલી જાય છે.

હવે આ દબાણથી પડેલી ફાટમાંથી પીગળેલો ખડક, વરાળ, રાખ, પથરા વગેરે બહાર નીકળે છે, પીગળેલા ખડકને લાવા (Lava) કહે છે. તે ફાટનું મુખ જમીનમાં મોટું ઉંડું નાકું પાડેલું હોય એવું દેખાય છે. લાવા આ નાકાંમાંથી બહાર નીકળી આજુબાજુ ફેલાય છે. થોડો વખત ગયા પછી તે ઠંડો પડી સખત ખડક બને છે, એજ પ્રમાણે જમીનમાંથી પીગળેલો લાવા બહાર નીકળી ઠંડો પડયા કરે છે એટલે તે ભાગ ઉંચો થતો જઇ આખરે "પડો" હોય તેવો આકાર બને છે. આબાદ અથરણીના લાડવા જેવો તે ડુંગરનો આકાર જોઇ લેવો. આ પ્રમાણે જેમજેમ રસ વધારે ને વધારે વહેતો જાય છે તેમ તેમ ડુંગર ઉંચો થતો જઇ આખરે પહાડ હજારો ફુટ ઉંચો બને છે. આપણે કોટોપેકસી (Cotopaxi) વિષે વાંચી ગયા. આ પર્વત એન્ડીઝ (Andes) પર્વતોની હારમાં આવેલો છે. એની ઉંચાઇ દરીઆઇ સપાટીથી ૧૯,૫૦૦ ફુટ છે. તે નરદમ લાવાનો બનેલો છે. લગભગ ૪,૦૦. ફુટ સુધીનો ઉપલો ભાગ નિરંતર બરફથી ઢંકાએલો રહે છે. એના મુખમાંથી વારંવાર ઉની રાખ, ધુળ, અને પત્થરો આકાશમાં ઉડે છે અને આજુબાજુનાં પ્રદેશોમાં ફેલાય છે.

જે ફાટ પડી હોય છે તે ફાટ ઉપરના નક્કર ખડકમાંથી થઇ છેક પૃથ્વીના અંદરના ભાગમાં જાય છે. આ મુખ્ય ફાટ ઉપરાંત બીજી નાની ફાટો ઘણી હોય છે.

અગાઉના વખતોમાં જ્યારે અંદરની ગરમીનું જોર હાલમાં છે તે કરતાં વિશેષ હતું ત્યારે દુનીઆના કેટલાક ભાગોમાં હજારો માઇલો સુધી લાવા ફેલાએલો હતો. આ લાવા હાલમાં ઠંડો પડી જવાથી ત્યાં હવે નદીઓ વહી જોઇતા થયાં છે. દાખલા તરીકે, હિંદુસ્તાનમાં દખ્ખણનો ત્રિપકલ્પ હજારો ફુટ ઉંડા લાવાનો બનેલો છે. હજારો વર્ષોની વાત પરથી આ લાવાનો બનેલો ઉંચ્ચ પ્રદેશ નદીઓથી ખેડાઇ ફળદ્રુપ થયો છે. તેમાં ખાણો બની છે અને શહેરો વસ્યાં છે. આગળના વખતમાં જે ભયાનક જ્વાળામુખી પર્વતો આ પ્રદેશમાં હોવા જોઇએ તેની નિશાનો હવે જડતી પણ નથી.

"આઇ વિલ નોટ બી ડીસકરેજડ" તે આ નાશીપાશી જોઇ મન મોટું કરી ગંભીર ચેહરે તેનાં મનથી બોલ્યો, અને બીજે દીવસે તેણે બજારમાં ઘણાં જવલ્લેજ મળે તેવાં ખુશનોદાર પુસ્તોનો એક બહુજ મધ્યમધનો તોરો તૈયાર કરી તેણીનાં ઓરડામાં મૂકયો. ઓ. તે મીઠો કુદરતનો સ્વર્ગીય ખુશબો! નાજ઼ંનું મગજ઼ તર થઇ ગયું: તેણીને તેનાં વાહલાં ગામડાંની યાદ થઇ—ત્યાંની કુદરતની બલીહારી, પવિત્રાઇ, સુગંધી ઇત્યાદીનાં ખ્યાલો થયા ને તે ચળકતી ચક્ષુઓ આંજુઓથી તર થઇ આવી! તેણીએ ઘણું ઇચ્છયું કે ને એ સુંદર 'બોકે' પોતાની પાસે રહેવા દે; મગર તેમાં તેણીએ ડાહપણ જોયું નહિ—તેમાં તેણીની સલામતી ભાલમ પડી નહિ, અને પોતાની ઘણી ઘણી મરજી છતાં તેણે તે તોરો રેહવા દીધો નહિ ને જઇને ડાઇનીંગ રૂમમાં મૂકી આવી, કે જેથી ઓરચ જાણતા પાસે કે તે પુસ્તો સ્વીકારવામાં આવ્યાં ન હતાં તેણીને આવી રીતે તેને 'ઇગનોર' કરતી જોઇ ને વધારે ખીજવાયો—વધારે પોતાનાં ખ્યાલોની મરતીમાં ગરમ ને જુસ્સાવાળો બન્યો; અને કોઇપણ રવેશે પોતાની ફ્રેન્ડશીપ કરવાનો ઠરાવ કર્યો. કીસમતે તેને યારી આપી, પોતાની માયનાં ડ્રેસીંગ રૂમમાં જતાં તેણે તે દીલકશ કોમળાંગીને તેવખતનાં સીટીંગ રૂમમાં એકલી બેઠેલી જોઇ.

ને લગારે નાઉમેદ થયો કે, તેનાં આવાં 'ગ્રેલન્ટ' ધરાંધરાં છતાં તે ખુબસુરત ચેહરો તેને જોતાં ના તો એકદમ લાલ થઇ આવ્યો કે ના તો ફીકકો મારી ગયો. નાજ઼ંએ માત્ર તેને એક ધીમું ડોકું ધુણાવ્યું—જે માટે કહી શકાશે કે તેણીનું ડહાપણ હતું—અને પછી એક વારભી પાછું તેની તરફ કદી જોયું નહિ. તે પછી, તેણે નાજ઼ંને વારંવાર જોઇ; પણ તે સઘળી વખતે નાજ઼ંએ ના તો નજર ઉંચકી તેની તરફ જોયું કે ના તો હોઠો ઉઘાડી તેની સાથે વાતો કરવાની દરકાર કીધી. મહેરબાઇ આ જોઇ અરેખરાં ઘણું ખુશ થયાં, તેવખતે લાગ્યું કે આ જવાન છોકરી તેવખતના દીકરા જેવા ઉમરનાં જવાન સાથે અરેખર ઘણી ડાહવણ ભરેલી રીતે વર્તતી હતી.

ચોડાક બીજા વધારે અઠવાડીયાંઓ પસાર થઇ ગયાં, અને સઘળું સમાધાનીભર્યું [illegible] નાજ઼ંએ ઘણી અગવડતા ભોગવી કોલેજ તેણીની જવાન જીંદગીમાં પસાર

જતાં દુઃખ, નાસીપાસી ને નાશીપાગીનાં તે ભયાનક ભોગને દાખી દેવાની, કાંપી. તે ગરીબોમાં જતી. અને તેઓને સહાય હ, સંતોષ તથા સુખ આપતી; વળી પોતાનાથી બન્યું ઝટલી બધી રીતે ભલા મીસીસ મહેરબાન અગોલને મદદરૂપ થવા લાગી; પરંતુ તે ભયાનક જખમનું દરદ તો તેણી ઉપર ચાર્લ્સ ગાલેબ થયેલું રહેતું, તેણી તેને છુપાવવાનાં અને ઢાંકવાનાં ઘણાં ફાંફાંઓ મારતી, પણ અફસોસ! ને દુઃખની કળતર તો નજ નરમ પડી!

આખરે એરચે પોતાનાં ભગજનું અભોલપણું બોલી દીધું અને તેણી આગળ બાપુકાર જાહેર કર્યું કે તે તે નાઝનીનનાં પ્યારમાં પગથી માથાં વહેર ગીરફતાર હતો! પહેલ્લી શરૂઆત તેણે તેણી ઉપર એક મોરેકકો કેસ મોકલી કાંધી; નાઝે તેને બોલ્યો, અને તેમાં તેણે એક બોસ અને ડાયમંડનાં બટનીંગસની જોડી જોઇ. તે બાળાએ, જાણે તેનો ઝળકાટ જોવાને શકતો નહીં હોય તેમ, તે દાબડાનું બારણું ઘણાં જોરથી ચપ્પત ઢાંકી દીધું; તે કાંમતી પત્થરોનો માત્ર દેખાવજ તે બાપડીનાં મસતક ઉપર બધી ડરામણી કડવી યાદો આણી તેને બધી ધ્રુજાવી ને કમકમાવી મેળી. તે તેની આગળ ગઇ અને પેલો કેસ એમનો એમ તેને સ્વાધીન કરી દીધો.

"બટ એરચ," તે હાથનું બોંક રાખી ઘણા ગંભીર અવાજે બોલી; "આય પ્રેઝન્ટ હું તમારી તરફથી સ્વીકારી શકતી નથી. અને એટલીબી માહરા ઉપર મેહરબાની કરશો કે હવેથી કુલો પણ માહરા ઉપર ના મોકલતા?"

"તમારી ખફગી છતી જવા જેટલો હું કમનસીબ થવા પામ્યોછ તેથી મને ઘણું દુઃખ ઉપજેછ," એરચ જુસ્સાથી બોલ્યો.

"માહરી તમે ખફગી છતી કીધી નથી," તે દીલરબા નાઝનીને જવાબ કર્યો, "તમે તો માહરા પર મેહરબાની કરી."

"ગ્રેટ હેવન! આય બેરાંઓબી શું છે?" તે જવાન વારસે તેનાં મનથી વીચાર્યું. "આય સૌથી ખુબસુરત છોકરી આવા સુંદર બોધા કુલો ને ઝગઝગીત હીરાઓથી બીલકુલ અંજાય જતી નથી!"

"જેમ તમારી મરજીમાં આવે તેમ કરવા હું ખુશી છેઉં," તેણે, તે પછી, નાઝ તરફ ફરીને કહ્યું, "માહરો ઇરાદો ફકત તમને ખુશ કરવાનો હતો તેમ કરતાં જો હું નિષ્ફળ નિવડ્યો હોઉં તો હું મને પોતાને ઘણો કમનસીબ માનુંછ, હું ખરેખર ઘણો દુઃખી થયોછ."

એક હસવું, કે જે તે મનોહારીણીનાં ચેહરા ઉપર લાંબો વખત થયાં ગેરહાજર હતું તે, આવ્યું—એક હસવું કે જો તેણીની આંખોનાં શરૂ થયા ભીના હોઠો વાટે પ્રગટ થવા પામ્યું—એક હસવું કે જો એટલું તો તેનાં ભીસમાં મનોહર હતું, એટલું તો ચીત્ત ભ્રમીત કરે તેવું હતું કે દીવાનો એરચ તેનાં મનથી એકાએક બોલી ઉઠ્યો—

"હું એને પરણીશ—અને ફર પરણીશ! એ એક સૌથી ખુબસુરત મરજેતર કહેવાશે; પણ તેમ થવા અગાઉ ઘણું ઘણું વિચાર કરી જોવા જેવું છે."

એક વખતે એવો એક વિચાર તેનું મસતક ઘેર ઘાલી બેઠો કે તરત તે તેનો ભોગ થઇ પડ્યો. તેણીનો [illegible]

રાત અને દીસ એક સરખો કરતો. તેની જીંદગીમાં પેહલવહેલ્લી તેનાં ઉપર ગજબો કરી આવેલી તે એક ઘણી ગંભીર લવ ફીવર હતી, કે જેનાં તાપમાં તે બધો બળી જળી મુવો. તેણે ઘણી છોકરીઓનો વિચાર કરી જોયો હતો, પણ લાંબો વખત સુધી નહિ–થોડા વખતમાં તો તે તેઓને ભુલી જવા માંડ્યો હતો; પરંતુ નામ પારખથી તો તે તેનું મસ્તકજ સરમસર ઓહી બેઠો.

તેણે તે વિષે થોડો વખત વિચાર કરી જોયો; તે પી માતાએ તેણીની ગર્દ ગુજરી વિષે કાંઇ ઇસારો એક વખતે કર્યો, જે તે માનતો હતો કે લગરીક ગુંચવાડા ભરેલો અને ભેદી હતી. પણ તેમા શું થયું? તેણી પાસે કાંઇ પણ પૈસા ન હતા, એ વાત સાચ્ચી; પરંતુ ખુદ તે પોતેજ એક બેઅાંમતી અને બેમુળ ખજાનો હતો. તે કાંઇ પી કારણ જોઇ ન શકયો કે તેને શોધ્યું જડયું નહિ કે જેને આધારે તે એમ માની શકે કે તે આ છોકરીને નહિ પરણે, કે તેણી ઉપર તે પોતાનો જાનથી કુરબાન કરવા તૈયાર હતો. એ। રીતે તેણી સાથે પરણવાનો વિચાર કીધા પછી તે જોવાનને ખ્યાલ ગયો કે કદાચ તે પોતે તેની સાથે પરણવા ખુશી ન હોય. તેનો મુખ્ય ગુંચવાડો તેણી આગળ માંગણી કેમ કરવી તે બાબતનો હતો. તે તે પોતાની માતાને કહે–યા તો લખીને જણાવે કે મોઢે મોઢ મુલાકાત કરી વાત કરે!

તેને લાગ્યું કે લખીનેજ કહેવામાં વધારે શોભાભરેલું હતું. અને તે પ્રમાણે તેણે એક ૧૦ લખી, કે જે કાગજ તેની ધણમાં ખચ્ચીત અંત્યત વખાણવા જેવું હતું. તે પોતે બી, ૧ વાંચીને અજાય થયો કે, એવું સરસ લખવા તે કમ પ્રામી શકયો!

તેણે પછી તે પોતાને હાથે નામને આપ્યું.

"મીસ પારખ," તે બોલ્યો, "આય કાગજનો જવાબ મને દુન્યાનો સૌથી સુખી શખ્સ બનાવશે અને નહિ તો મને દુઃખ ને સંતાપમાં સદાનો જળતો કરશે."

તે મહમુમ તેનાં આવાં ઘરોપરાંથી બરેબર ઘણી કંચવાઇ અને દુઃખ પામી હતી. તે યુવાન તેણીને ગમતો હતો, કાંઇ જે, ફકટ તે તેણીનું ભલું કરનાર બાપનો બેટો થતો હતો. જ્યારે પેલું કાગજ વાંચ્યું ત્યારે તે એક આંચકાથી બધી ધણધણી રહી!

કોઇ તેણીને પરણવા માંગતું હતું–તેણી સાથે પરણવાનો વીચાર પણ કરતું હતું—એ માત્ર તેણીને અત્યંત ભંયકર અને બીહક ઉપજાવનારૂં લાગ્યું. તે, કે જે જીંદગીની પરણે-તર માનતી હતી તેને એક લગનની માંગણી આવે! ખુદ તે ખ્યાલેજ તેણીનાં દીલમાં આકરાં આવ્યાં ને તે ધ્રુજી પડી.

પણ પછી ડાહપણ તુરત તેણી ઉપર ગલબો કરી આવ્યું અને પેલાં કાગજનો તેણીએ જવાબ કર્યો–ટુંકો, સાદો, સમજદારીભર્યો, કે જે વાંચી જવાન એરચની તો ફીકડીજ ફાટી ગઇ! આવી એક માંગણી વાસ્તે તેણીએ તેનો ઘણો મોહબ્બાદાર રીતે ઉપકાર માન્યો, પરંતુ તે સ્વીકારવા વાસ્તે તેણીએ સાફ નાં લખી. વળી તેણીએ સાથે સાથે મ.ગી લીધું કે એવી

એરચે તો બધા હાથ અને પગ અફાળ્યા. તે ક્રોધ અને કોપથી બધો સળગેલા આતશ મીસાલ લાલ થઇ આવ્યો! તે તુરતજ પોતાની મા કને દોડયો અને તે નાની રમણીને તે કેટલો બધો ચાહતો હતો તે બધા જોશ અને હોંશથી તેણીને જણાવી દીધું.

"એ કદી પરણવાની નથી, માહરા દીકરા," મેહરબાઇએ ઘણા પતામણા અવાજે કહ્યું. "મને એની ગઇ ગુજરી વારતે કાંઇ ઝાઝી ખબર નથી; તે છતાં માહરી ખાત્રી છે કે તેમાં કંઇ એવું છે કે જેને લીધે તે પરણી જવાનાં ખ્યાલથી હમેશાં દુર નાહસ્તી ફરશે."

જવાન એરચનો ચેહરો ઉતરી ગયો.

"માહરી બી શું કમનશીબી છે કે જે છોકરીને હું કદી પરણી શકવાનો નથી તેનજ પ્યારમાં હું પડયો," તેણે ઘણાં બળાપાથી કહ્યું.

"મને લાગેછ કે અત્યાર સુધી તાહરી દરેક મરજી સચવાયેલી છે અને પાર ઉતરેલી છે, હવે ત્યારે, તેથી, તુંને નાશીપાશી ખમતાં પણ શીખવું જોઇયે." તેની માતા તેને વાસ્તે બરેબર ઘણી દલગીર થવા પામી; પણ, એજ વખતે, વળી, તે બાઇએ સુંદર નાજનો ઘણો ઉપકાર માન્યો, કે તેણીએ તેનાં દીકરાને નાં પાડયો. તેણીએ તેને પોતાને ત્યાં ફકટ. ખુદાએ કીધેલી મેહરબાનીનાં બદલામાં લીધી હતી; પરંતુ તે છોકરીને પોતાની વહુ તરીકે તો તે બાઇએ કદી આશા રાખી નહિ હતી.

નાજ આંખમાં અત્યંત દુઃખનાં દેખાવ સાથે ભલાં મીસીસ મગોલ આગળ આવી. "મેહરબાઇ," તે નાશીપાશીથી તુટેલા અવાજે ઘણી દયા ઉપજવે તેવી રીતે બોલી; "હવે માહરે ચાલી જવું જોઇએ; મને તમો લોકને છોડીજ જવાં પડશે. હું અહીં રહી શકવાની નથી. એરચ ઘણો દલગીર અને દુઃખી જોવા થઇ ગયાય, અને જ્યારે હું જતી રેહવશ ત્યારે, થોડા દીવસમાં એવણ મને ભુલી જશે."

"મને બીહક લાગેછ કે નહિ," તે માતાએ જવાબ કર્યો; "અને ઘણાં સબબો સર મેં ધરવ્યું હતે કે તું માહરા દીકરાને પરણી જા શકી હોતે. તું એનાં ઉપર ઘણો સારો વગ ચલાવવા પામતે, પણ બેર! શું તું ધારેછ, તાહરે અમને છોડીજ જવાં જોઇયે?"

"હું બીહુંછ કે તે ઉપરાંત બીજો કોઇ રસ્તો નથી," નાજએ સાવ લાચારીનાં અવતારે જણાવ્યું.

મેહરબાઇ મગોલે એક ઉંડો નિસાસો નાંખ્યો. પોતાની કગપેન્યનને એમ છોડી જતી જોઇ તેવણને ઘણું દુઃખ ઉપજ્યું, તે છતાં તેવણેની કબુલ રાખ્યું કે હવે તે છોકરી માટે આ છાપરું શોભાગયું હતું નહિ અને તેણીએ જવું જોઇયે. થોડીક વાતચીત પછી તેઓ એ ઠરાવ ઉપર આવ્યાં કે તેણી વાસ્તે ચાકરી સારૂ કોઇ મોટાં પેપરમાં જાહેર ખબર આપવી અને તેનાં જવાબમાં મળેલી અરજીઓ ઉપર તે બંને બાનુઓએ સાથે મળી મસલત ચલાવવી અને પછી નકકી કરવું.

એ પ્રમાણે, તે જાહેર ખબર નાખવામાં આવી; અને તેઓની મોટી અજાયબી વચ્ચે કોઇક દરજનબંધ અરજીઓ તેઓને મળી, કે જેમાંની અર્ધીથી [illegible] ખબર નાં

કમનશીબોને ફાળે કવચીત આવવા પામે છે. તે સઘળી અરજી તેઓએ ચીપીચીપીને વાંચી અને તેનાં ઉપર ઘણો ઘણો વિચાર કરી જોયો. આખરે તેમાંથી એક તેઓએ પસંદ કીધી, કે જે ઠેઠ હૈદ્રાબાદથી આવવા પામી હતી. એક ઈંગ્લીશ લેડી અને જેન્ટલમેનને તેણીનાં જેવીજ સંપુર્ણ એકોમપ્લીશડ, સારી કેળવણી પામેલી ને કોઇ વગદાર બાઇની ભલામણ લાવતી કમપેનયન, તે ધણીઆણી વાસ્તે, જોઇતી હતી. તેઓએ એ અરજી ખાસ એમ પસંદ કીધી કે તે ઇંગલીશ કપલને મીસીસ મેહરબાઇ ધણી અંગત રીતે પીછાણતાં હતાં. તેઓ કોઇ મી૦ અને મીસીસ નોરમન કરી હતાં, કે જેઓ હૈદ્રાબાદમાં આવેલાં "નવાબ મનઝીલ"માં વસતાં હતાં.

થોડા દીવસ વધારે આગળ પત્રવ્હેવાર ચાલ્યો અને બંનેને એકમેકની શરતો માફક આવતી થઇ પડવે તે સાટું આવ્યું નકકી થયું; અને ગરીબ બિચારી નાજ્જ ભલાં મીસીસ મેહરબાઇનો સુખી પલ્લો સદાને વાસ્તે તજી જવા તૈયાર થઇ ગઇ.

એવીજ મુશીબત છે, પ્રીય વંચનાર, એક જવાન ખુબસુરત દુન્યાંની દયા ઉપર છુટ્ટલી નિરાધાર નારની! ખુબસુરતી તો ખુદાઇ બક્ષેશ છે-તે મેળવવાની ઘણી કુંવારીકાઓ હોંશ ને તલબ કરે છે-પરવરદીગાર તરફથી મળેલી તે અનુપમ ભેટ વાસ્તે સર્વ કોઇ ભાગ્યશાળી માને છે; કીંતુ તે મોહભરેલી સુંદરતા ધરાવવામાં કેવી મુશીબતો હોય છે; તેને નેકી નિતી સાથે ટકાવી રાખતાં લોહીનું કેવું પાણી થાય છે તે તો જેને અનુભવ હોય તેજ કલ્પી શકે છે!

બિચારી નાજ્જ એ પોતાની ખુબસુરતીને લીધે તો એક બદમાસનાં હાથ ઉપર ફસી પડી, પોતાનું સુખ્યારૂં ઘેર, શહેર, બાપ સગાંસ્નેહીઓ તજી આવી અને પોતાની સ્થિતિ સૌથી ખરાબ કરી મેલી. હવે જ્યારે તે એક બીજા ઘરમાં નિરાંત કરતી પડી ત્યારે ત્યાં પણ તેણીની સુંદરતા તેણીને નડવા આવી અને એક વાર પાછી તે બાપડીની કમનશીબી તે શાંતીભર્યો સુખી મુકામ હંમેશ માટે તજી જવાની થઇ.

તે એક નવાં ઘરે નવાં શહેરે અને નવાં લોકોમાં જતી હતી; પરંતુ જે ફીલમની બાનાખરાબી તે જવાન નાદાન આંખે જોવા પામવાની અને અનુભવ મેળવવાની હતી તે જો અત્યારે તેણી જાણવા પામતે તો કદીબી હીંમત કરી તે એમ કદમ ઉઠાવતે ખરી? બલબત નહિ! પરંતુ તે ખુબસુરત નાઝનીનનાં કીસમતમાં તો હજી ઘણું ઘણું સોસવાનું અને ઘણું ઘણું જોવાનું હતું!

(સાંપ્રત છે.)

પ્રજાકીય કેળવણી.

લખનાર:—"એક અભ્યાસી."

(૧)

જુવાન પ્રજાની કેળવણી પરદેશીઓના હાથમાં હોય, પરદેશી વિચારો જુવાનોના મગજમાં ભરવામાં આવતા હોય તેથી પ્રજાકીય જીવંતગીતું સત્વ જેટલું જલદી ચુસાઇ જાય છે તેટલું બીજા કશાથી ચુસાતું નથી. પરદેશી અંકુશ અને પરદેશી આદર્શોથી પ્રજાનું ચારિત્ર્ય (Character) નિર્બળ થાય છે. પરદેશી વિચારો, પરદેશી ટેવો, પરદેશી રિવાજો, પરદેશી પોષાક અને પરદેશી ભાષાથી "સ્વદેશીપણું"જ જુસાઈ જાય છે. પરિણામે આપણે પૂરા અંગ્રેજ કે યૂરોપીઅન પણ નથી બનતા ને દેશી પણ નથી રહેતા. છેલ્લાં ૫૦–૬૦ વર્ષમાં અંગ્રેજી કેળવણીના ફેલાવાની સારી માઠી અસરોનો જેમણે અભ્યાસ કર્યો છે તેઓ આ ભયંકર સત્યની સાક્ષી પૂરશે. પશ્ચિમની કેળવણીથી આપણને તદ્દન ગેરલાભજ થયો છે, ફાયદો બીલકુલ થયોજ નથી—એમ કહેવાનો લેખકનો ઉદ્દેશ નથી. પશ્ચિમની કેળવણીથી મોટામાં મોટો ફાયદો એ થયો છે કે આપણે રાજકીય હકોથી વાકેફ થયા છીએ અને પ્રજાસત્તાકના—પ્રજાને જવાબદાર સરકારના—જે બંધારણ ગ્રીસમાં પ્રાચીન કાળમાં થયા હતા તેનો ધ્વનિ આજે હિંદુસ્થાનમાં જોરશોરથી સંભળાય છે. પાશ્ચાત્ય કેળવણીનો આ ઉત્તમ લાભ આપણે ભૂલી જવાનો નથી.

પણ એ લાભ બાદ કરતાં પાશ્ચાત્ય શિક્ષણથી હિંદની પ્રજામાંથી ધર્મજ્ઞાન અને ધર્મ તરફની દીદાગીરી ઓછી થઇ છે તે હાનિ જેવી તેવી નથી. આપણી તરૂણ પ્રજા "સ્વદેશ" અને "સ્વદેશના ધર્મ"થી અલગ રહીને દરેક ઉમદા વિચાર માટે પશ્ચિમ તરફજ મ્હોં તાકયા કરે એ સ્થિતિ ક્રોધ પણ પ્રજા માટે અસહ્ય છે. ખાસ કરીને જે દેશનો આધાર ધર્મપર છે, જેની સામાજિક ઇમારત ધર્મના પ્રબલ પાયા પર ચણાઇ છે તે દેશને મીશનરી સ્કુલ અને કૉલેજમાં અપાતા ફરજીયાત પરધર્મના જ્ઞાન તથા તે સાથે પરદેશી સંસ્કૃતિના મોહથી કેટલું મોટું નુકસાન થાય તે વાંચનાર ન સમજી શકે એમ હું માની શકતો નથી.

પરદેશી સંસ્કૃતિ (Civilisation) હિંદના ધર્મ પ્રધાન જીવનને સાવ નષ્ટ કરી શકી નથી. તેટલાં આપણા નેતાઓ જાગી ગયા. રાજા રામ મોહનરાયના વખતથી બંગાલમાં કેળવણીની જરૂર ઓછે વધતે અંશે સ્વીકારાઇ હતી. બંગાલના ભાગલા વખતે પ્રજાકીય કેળવણીની ચળવળમાં પૂર આવેલું, સરકાર પરના ક્રોધને લીધે, આવેશને લીધે, એ પ્રજાકીય સંસ્થાઓ સ્થપાઇ હતી તેજ તે વધુ વાર ટકી શકી નથી. હાલમાં અસહકારને લીધે સ્થપાયેલી રાષ્ટ્રીય

શાળાઓની દશા પણ તેવીજ છે. પ્રજાકીય કેળવણીને કોઇ રાજ્યદ્વારી હકકની લડત સાથે જોડી દેવાથી તરૂણ પ્રજાનો ભાવી પર ઘણી ખરાબ અસર થાય છે. તે આપણે ભુલી જવાનું નથી. રાષ્ટ્રીય-National-પ્રજાકિય કેળવણી પરનાં આ લેખમાં વિચાર કરતી વખતે રાજ્યદ્વારી નહિ પણ શિક્ષણની નજરેજ વીચાર કરવામાં આવશે.

ડૉકટર એની બેસંટ, લાલા લજપતરાય; સ્વ૦ સર રાશબિહારી ઘોષ, તારકનાથ પલિત વિગેરેએ પ્રજાકીય કેળવણીના ફેલાવા માટે બહુ કર્યું છે. આર્ય સમાજની દયાનંદ એંગ્લો વેદીક કૉલેજ, મદ્રાસની નેશનલ યુનીવર્સીટી, ગુજરાત વિદ્યાપીઠ, અલીગઢની મુસ્લીમ યુનીવર્સીટી-આ બધીય સંસ્થાઓ પ્રજાકિય શિક્ષણ આપવાનો દાવો કરે છે પણ તેઓ સંપૂર્ણ રાષ્ટ્રીય નથી. એક પંથ, એક ધર્મ, એક રાજકીય સંસ્થાને માટે તેઓ કેળવણી આપતી હોય એવી લાગે છે. આ સંસ્થાઓ દેશ સેવા અને દેશાભિમાનની ભાવનાથી રથપાઇ છે તેની ના પાડતો નથી. પણ હજુ સુધી આપણે ત્યાં સાચી પ્રજાકીય કેળવણી અપાતી નથી.

"બાળકને સમાજ, દેશ અને માનવજાતિ તરફની ફરજ બજાવવાને લાયક બનાવી પ્રભુની પીછાન કરાવે તે સાચી કેળવણી" પછી એવી કેળવણી કોણ આપતો હોય કે ગોરો તેનો વિચાર કરવાનો નથી. કેળવણીની આ ઉદાર અને વ્યાપક ભાવના છે; પરંતુ હિંદ માટે—આપણા દેશ માટે—રાષ્ટ્રીય કેળવણીનો વિચાર કરતી વખતે આ વ્યાપક ભાવના વહેવારૂ જણાતી નથી. આ ભાવના પશ્ચિમના "સુધરેલા" ગણાતા દેશોમાં પણ હજુ પુર્ણપણે અમલમાં આવી નથી.

પ્રજાકિય કેળવણી એટલે શું? પ્રજાકિય કેળવણી કેવી હોવી જોઇએ? ડૉકટર એની બેસંટ આ પ્રશ્નનો જવાબ આપતાં કહે છે કે;

(૧) તે [કેળવણી] પર હિંદીઓનો અંકુશ હોવો જોઇએ, અભ્યાસક્રમ હિંદીવાનોને હાથે ઘડાવો જોઇએ ને તેનો અમલ પણ હિંદીઓએ કરવો જોઇએ. ભકિત, ડહાપણ અને નીતીના હીંદી આદર્શોને ખાસ અગત્યતા આપવી જોઇએ અને તેમાં ધાર્મીક પંથોની નહીં પણ ધર્મની નીર્મળ ભાવનાની સુગંધ હોવી જોઇએ. એ ભાવના વિશાલ, ઉદાર અને સહનશીલતાવાળી છે. તે સર્વને સત્કારે છે અને સઘળા ધર્મો પ્રભુને પામવાના જુદાજુદા માર્ગો છે તથા સર્વ પયગંબરો પ્રભુના દુતો છે, એ મહાન સત્યને તે માને છે.

(૨) પ્રજાકીય કેળવણીનું વાતાવરણ ભગવર અને ગૌરવભર્યા દેશાભીમાનથી ભરપુર હોવું જોઇએ અને આ વાતાવરણને હીંદી સાહીત્ય, હીંદી ઇતીહાસ, હીંદનાં વૈજ્ઞાનીક સાહસો, કલા, યુધ્ધો, વસાહતો, વેપાર ધંધા આદીના અભ્યાસથી મધુર, તાજું અને વ્યાપક રાખવું જોઇએ. ધર્મશાસ્ત્રની સાથેજ અર્થશાસ્ત્ર અને ધર્મની સાથેજ સાયંસ અને રાજ્યદ્વારી જ્ઞાનનો વિદ્યાર્થીઓને લાભ મળવો જોઇએ.

(૩) આપણાં ઘરોથી પ્રજાકીય કેળવણીને અલગ ન કરવી જોઇએ. એકના આદર્શો, લાભો, સિધ્ધાંતો અને લાગણીઓ તેજ બીજાનાં આદર્શો, લાભો, સીધ્ધાંતો અને લાગણીઓ હોવાં જોઇએ; કારણ કે પ્રજા કુટુંબોની બનેલી છે. નિશાળ અને ઘર વચ્ચેનો હાલનો વિરોધ

બંધ થવોજ જોઇએ. નિશાળ અને કૉલેજના શિક્ષકોએ ઘરના શિક્ષકો સાથે સહકાર કરીને કામ કરવું જોઇએ.

(૪) પ્રજાના સ્વભાવને ઓળખી સહ પ્રજાકીય કેળવણીએ પ્રજાકિય ચારિત્ર્યની ખીલવણી કરવી જોઇએ. હિંદ નાનું અથવા મોટું ઇંગ્લંડ થવાનું નથી પણ તે તો વિકાસ પામીને વધુ શક્તિવાળું હિંદ થવાનું છે. બ્રિટિશ આદર્શો બ્રીટન માટે સારા છે. હીંદને હીંદી આદર્શો લાભકર્તા છે. આપણે કોઇની છાયા કે યંત્રરૂપ થવા માગતા નથી. આપણે તો પ્રજાઓની એક એવી મધુર પુલયુંથણી કરવી છે કે જેમાંથી કુદરત અને પ્રભુની વીધવીધ શક્તીઓ પ્રગટ થાય. કુદરત એક રંગી થઇ જાય અને નદી, પુલ, ફલ, પર્વતો અને આકાશમાં એકજ રંગ નજરે પડે તો એ દેખાવજ કેવો બળખાગણો થઇ રહે? મધુર વીધવીધતાજ પુર્ણતાની નીશાની છે.

હિંદના રિવાજને અને રાહરસમો માટે આપણે પરદેશીઓની મદદ માગવાની કે તેમને પગે પડીને આપણી સંસ્કૃતિ તેમને સમજાવવાની કંઇજ જરૂર નથી. હિંદની, જમાનાજુની સંસ્કૃતિ, તેનાં દર્શનશાસ્ત્રો ને ઉપનિષદો જગતની માલીકીનાં છે. પશ્ચિમની જડવાદી પ્રજા તેનો લાભ સહ શાંતી મેળવવા ચાહતી હોય તો આપણે કંજુસાઇથી આપણા દરવાજા બંધ કરવા માગતા નથી. પણ હીંદી સંસ્કૃતીને માનવજાતીના પારણા સમાન આ પ્રાચીન દેશને કોઇ ઉદ્ધત અને અભીમાની યુરોપીઅન વખોડી કાઢવાની ધૃષ્ટતા બતાવે તો તે આપણે કદી પણ સાંખી લેવા માગતા નથી. હીંદ જે છે તે છે. તેને યુરોપના સર્ટીફીકેટની જરૂર નથી. કેમકે આ પુરાતન દેશમાં પ્રભુ જેટલો પ્રકાશ્યો છે તેટલો જગતના કોઇ પણ દેશમાં પ્રકાશ્યો નથી.

આપણે હમણાં ક્રાંતી [transition] માંથી પસાર થઇએ છીએ. મહાન પરીવર્તન આપણી નજર સામે થઇ રહ્યું છે. આપણા ભવીષ્યનો મોટો આધાર આપણાં બાળકોની કેળવણી પર છે. કેળવણી આ દેશ માટે જીવતજીવતનો પ્રશ્ન છે. જે પ્રજા પોતાની તરૂણ પ્રજાની—બાળક પ્રજાની ભવીષ્યની ઉન્નતી માટે બેદરકાર રહે છે તેને જીવવાનો કશો હકકજ નથી. જે બાપ પોતાનાં બાળકોને અભણ રાખે છે અથવા ભણાવી શકતાં નથી તેમને "બાપ" થવાની જવાબદારી વહોરવાની કશી જરૂર નથી. ગુજરાન કરવાની અને કેળવણી આપવાની તાકાત વિનાના હિંદના સ્ત્રી પુરૂષોને લગ્ન કરીને આ દેશમાં કંગાળ, રોગી, ટટ્ટાં જેવા અભણ બાળકો પેદા કરવાનો હકકજ નથી.

આમ હોવાથીજ વિચારકો આજે વિચારમાં પડયા છે. કેળવણી દરેક દેશ માટે, દરેક બાપ માટે, દરેક જુવાન સ્ત્રીપુરૂષ માટે આજે એક મહાન સવાલ થઇ પડયો છે. બધા દેશોના સમર્થ વિચારકો આ ગંભીર સવાલ પર પોતાનાં મગજ કસી રહયા છે. આપણે માટે તે મહાન અને મુખ્ય સવાલ છે. આપણું સઘળું લક્ષ આપણા બાળકોની કેળવણી પર એકત્ર કરવાની જરૂર છે; કારણ કે તેના પર આપણા ભવિષ્યનો આધાર છે. આવા ગંભીર

પરાક્રમની પરાકાષ્ટા.

લગભગ ૪૦ વર્ષો થયાં

આખી દુનિયામાં પુણ્ય કમાવનારી...લાખો સર્ટીફીકેટોવાળી—તંદુરસ્તી, તાકાત અને લાંબી જીંદગી આપનારી તદ્દન વનસ્પતિની

આંતકનિગ્રહ ગોળીઓ

નબળાં શરીરને બળવાન બનાવે છે, પાચનશક્તિને સુધારી દસ્તની બટકાયતને દુર કરે છે અને લોહી તથા ધાતુના વિકારોનો નાશ કરી શરીરને તેજસ્વી કરે છે. બરેખરી જશનામી છે અને તેથી જ લાખો દરદીઓના આશીર્વાદ પામી છે.

કીંમત:—૩૨ ગોળીની ડબ્બી એકનો રૂપિયો એક વધારે વિગત જાણવા માટે પ્રાઇસ લીસ્ટ મંગાવી વાંચો અને વાકેફ થાઓ.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.

મુંબઈ—બ્રાંચ,
કાલબાદેવી રોડ.

આંતકનિગ્રહ ઔષધાલય.
જામનગર—કાઠિયાવાડ.

જસમાઈનનો આયોડાઈઝડ

સારસાપરેલા.

લોહી સુધારી નિરોગી અને જીંદગીની મઝા ભોગવવાને શક્તિવાન બનાવવા માટે આ જસમાઇનનો સારસા પરેલા જરૂર વાપરજો પ્રમેહ, ચાંદી, વિસ્ફોટીક, અને બીજા ગરમીનાં દરદોમાં પહેલા નંબરની દવા છે. સંધીવા ઉપર તેનો ગુણ અજબ જેવો છે. બસ, લુબસ, દરાજ, બરજવાં ગડગુમડ, કંઠમાળ, કોઢ, અને એવાં અનેક દરદો ઉપર આ જસમાઇનનો સારસા પરેલા બાસ કરીને વાપરવા લાયક દવા છે. દમ, બાંસી, અને છાતીનાં દરદોમાં ઘણોજ ફાયદાકારક છે. કીંમત રૂ. ૧॥ વી. પી. થી રૂ. ૧॥=૦ ત્રણ શીશીના રૂ. ૫)= અને ૬ શીશીના રૂ. ૯)= વી. પી. સહીત.

દરેક દવાના વેપારી પણ તે વેચે છે.

લખો:—અમૃતબિંદુ ઓફીસ—નડીઆદ.

હવે હરખાઓ સાહેબો!!!

તમારા શરીરમાં સોયા ભોંકાવી 'ઈન્જેકશન' મુકાવી શા માટે નાણાંની બરબાદી કરી રહ્યા છો?

નિરાશ થયેલાઓ માટે એકજ આશાવંત ઇલાજ

શોણિત શોધક.

આ રામબાણ દવાથી—Blood Purifier. (૧) રકતપીત્ત. (૨) ચાઠાં. (૩) ઉપદંશ અને એવા બીજા અનેક ચામડીના તથા લોહીવિકારના ભયંકર દરદો ફકત સાત દિવસમાં નાબુદ થાય છે.

આ દવાની અમે જાતે તારીફ નહિ કરતાં નીચેના સરટીફીકેટ તરફજ આપ સાહેબોની નજર ખેંચીએ છીએ:—

"ચોવીસ વર્ષથી મને લોહીનું કારતુ દરદ હતું. હાથપગમાં ચાઠાં હતાં અને રસી નીકળતી હતી. મેં અનેક ડોકટરોની દવા કરી પણ દરદ મટયું નહિ. આખરે "શોણિત શોધક" નો મે ઉપયોગ કરવા માંડયો છે અને ચૌદ દિવસમાં આખું દરદ બુદ્ધ થઇ ગયું અને અત્યારે હું તદન આરામ ભોગવી રહ્યો છું."

(સહી) એમ. પી. મહેતા.

સાત દિવસ ચાલે એટલી ૧ બાટલીની કીંમત રૂ. ૨૦.

તા૦ ક૦—બહારગામવાળાઓએ અડધી કીંમત એડવાન્સ મોકલી આપવી, રવાના થશે.

મળવાનું ઠેકાણું:—

ટેલીગ્રાફીક એડરેસ:— "શોધક" મુંબઈ. } ધી 'શોણિત શોધક' ઓફીસ. રહર, કાલકાદેવી રોડ, મુંબઈ.

મુંબઈમાં આજે ઘેર ઘેર અને ઓફીસે ઓફીસ

આ નામ ઘરગતું થઈ પડયું છે.

ધી ડાયમંડ જુબીલી વોશીંગ કું૦.

હમમ સ્ત્રીટ, ફોર્ટ, મુંબઈ

કસબના કપડાં ધોવામાં આજે વરસો થયાં જસમાનુભવ છે, હિંદુસ્તાનમાં આ એકજ ખાતું છે લુગડાં ધોવામાં, સફાઈમાં, અને નવા જેવા બનાવવામાં એકે સવાજે વખણાય છે.

લોહી બનાવવા વિસ્ફોટી ઉપર કે કંઠમાં પરેલા દરદોમાં ઘણોજ શીશીના રૂ. ૫)ન્ન અને ૬

કરવા ભલામણ છે.

જરીના ઝબલો, સાડી દુપટા ચડાવી ખાતરી કરશો.

દરેક દવાના વેપારી પણ તે

લખોઃ—અ મુંબઈ મધે આવેલા

નવરંગ

પુસ્તક ૮ મું. એપ્રીલ-મે, ૧૯૨૩. અંક ૮-૯ મો.

ડયુક એન્ડ સન્સ.

સોડાવાટર બનાવનારાઓ.

માલેક.

જમશેદજી ભીખાજી પંથકી.

નં. ૩૧—૩૩, બ્રીટીશ હૉટલ લેન,

એપોલો સ્ટ્રીટ,

ફોર્ટ મુંબઈ.

નકલ માટે સાવચેત રહો !

ડોંગરેનું

બાલામૃત

મધુર હોવાથી

છોકરાંઓ ખુશીથી પીએ છે.

અને આ પીવાથી

છોકરાંઓની તાકાદ વધી

તેઓ રૂષ્ટપુષ્ટ થાય છે.

શીશીની કી. ૧૪ આના. ટ. ખ. ૬ આના.

કે. ટી. ડોંગરેની કું.,

ગીરગામ-મુંબઈ.

નકલ માટે સાવચેત રહો !

માનુએાને ખરતું.

મશીશ, ઇનસરસાને, રીબન્સ, ત્રીમીગ્સ, ભરત કામના ઉંચા નમુનાઓ, સાડીની કોરો કોચેસ કેનવાસ, ઇત્યાદી અમારી દુકાને એક ફેરો મારી જોઈ જશોજી. બધુ એ-૧ છે.

ચાદમજી નુરભાઈની કું.

૩૪૬, ઉનવાલા બિલ્ડીંગ, ગ્રાંટ રોડ, મુંબઈ.

ભરત કામ માં રેજીસ્ટર્ડ નં. ૧૦૩૯

રેશમનો રાજા

રેશમ સર્વોત્તમ છે.

રેડ માર્ક જોડે જોવું.

ગુલેનુર

નવરંગ.

વાંચવાલાયક વાર્તાઓ ને વિષયોથી ભરપુર માસિક.

માલેક અને અધિપતિ—અરદેશર ખરશેદજી દેશાઇ.

ઑફિસ—૨૩૭, બજારગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

વાર્ષિક લવાજમ હિન્દુસ્તાનમાં ૩. ૪. છુટક નકલ ૮ આના.
" " પ્રદેશમાં ૩. ૫.

૮ માં સાલના ગ્રાહકોને મી૦ કાંબરાજીની 'દલજંગ દલેર'ની વારતાનું પુસ્તક ભેટ.

પુસ્તક ૮ મું. એપ્રીલ-મે ૧૯૨૬. અંક ૯-૧૦ મો.

અનુક્રમણિકા.

મોતનો ડાઘ ! (ચાલુ વાર્તા.)	અધીપ્રતી.
સુધારો સંયુક્ત હીયે ધારો ધારો ! (કવિતા)	આદીલ.
સાહિત્ય પરિષદના પ્રમુખ.	
નેણુમાં નીર ભરો શું ? (કવીતા.)	અરદેશર ફરામજી ખબરદાર.
અમારો અભિપ્રાય.	S. M. K.
નેપોલીયન બોનાપાર્ટ. (સંપુર્ણ વારતા.	હો. બ. આદન.
કોણ લાવ્યો કલિયુગ તેની અજસ ? (કવિતા.)	આદીલ.
પ્રબોધીય કેળવણી.	એક અંધારી.
પેણામાંથી ચુલામાં (ટુંકી વાર્તા.)	સોરાબ બી. તાતા.
સંસારનો ફાંસો (ચાલુ વાર્તા.)	દારા કાપડીયા.

તાકીદે જોઇએ છે.

'નવરંગ' માસિકના માસ સપટેમ્બર, ૧૯૨૬ ના અંકો જેટલા આવશે તેટલા રાખીશું. આના આઠ રોકડા આપીશું. માસ સપટેમ્બરના અંકો મોટી સંખ્યામાં વધારે છપાવેલા હોવા છતાં નવા ગ્રાહકોના મોટા ધસારાને તે પુગી શકેલા ન હોવાથી આ માંગણી કરવામાં આવે છે, માટે જે મેહેરબાન ગ્રાહકો ફાઇલો ન રાખતા હોય તેવા ગ્રાહકોએ આ માસિકની ઓફીસમાં તુરત મોકલી આપવા મેહેરબાની કરવી.

દર મહીને કેટલું ખરચશો?



કેટલું બચાવશો?

સેંટ્રલ બેંક તરફનો ઉપલો નકસો ઘરસંસારમાં તમોને ઉપયોગી થઈ પડશે.

તે પ્રમાણે તમારા ખરચો નીભાવી બરાબ વખત માટે, દુઃખસુખના દીવસો માટે નાણું સંઘરવાની ટેવ પાડો અને તે નાણું

સેંટ્રલ બેંક બોક ઈન્ડીયા

ના સેવીંગ બેંક ખાતામાં મુકો, કે જ્યાં તમારૂં નાણું સચવાય અને તમોને બીજી સેવીંગ બેંકો કરતાં વધુ વ્યાજ તથા લાભ મળે.

વધુ માટે લખો યા મળો.

(સોરાબ ન. ચોંચખાનાવાલા,)
મેનેજીંગ ડીરેક્ટર.

વડોદરા રાજ્યના માજી ચીફ મેડીકલ ઓફીસર ખાનબહાદુર ડૉક્ટર શમસુદીન જે. સુલેમાની હકીમની ચમત્કારીક શોધ પ્રમાણે

બનાવેલી દેશી દવાઓ.

એક અદ્વિતીય અને મહાન શોધ

કુચાટરાકટાઈન

એટલે વાઢ કાપ કર્યા વગર અને આંખમાં દવા નાખ્યા વગર

કાચો મોતિયો મટાડનાર દવા

કાનોની આજુ બાજુ અને ગરદન ઉપર દરરોજ થોડાં ટીપાં ચોળવાથી પંદર દીવસમાં થોડો ફાયદો જણાય છે. અને લગભગ ત્રણ માસમાં આંખમાંનો મોતિયો મટી જાય છે. આ દવાથી આંખમાંની ખીલ કપાઇ જાય છે. વધુ હકિકત નીચેના ઠેકાણેથી મળીને અથવા લખીને મેળવો.

બે ઔંસની શીશીની કીં રૂ. ૨)

(રજીસ્ટર્ડ) # મુંદ્રમેલ (રજીસ્ટર્ડ)

આ દવા (૧) ઘામાંથી વહેતું લોહી તરત બંધ કરે છે. (૨) ઘાને પાકવા નથી દેતી અને ઝટ રૂઝવે છે. (૩) દાઝેલાને આરામ આપે છે. (૪) દાદર અને ગડગુમડાંને બેસાડી દે છે. (૫) ખુજલી, ખસ વગેરેને મટાડે છે. (૬) ખીલને જડમાંથી ઉખાડી દે છે. (૭) મોચ અને ઠોકરનાં દરદને દુર કરે છે. (૮) સોજાને ઉતારી પાડે છે. (૯) સંધીવાને નાબુદ કરે છે. (૧૦) દાંત, દાઢ તથા કાનના દરદને ઝડપથી સારાં કરે છે. (૧૧) ચામડીના ચેપી રોગે ચાલ્યાં ગાંઠીમાંથી દરદીને મુકત કરે છે. (૧૨) ઘોડાની પીઠ બળદની આંધ અને કુતરાનો ઘા ચમત્કારીક રીતે સારાં કરે છે.

બે આંઉસની શીશીની કીંમત રૂ. ૦।।=

મીલો કારખાનાઓ તથા હસ્પીતાલો માટે પચીસ ઔંસની બાટલી રૂ. ૭.

સઘળા દવા વેચનારાઓને ત્યાંથી મળશે.

ઠેકાણું:—**મુંદ્રમેલ ડેપો.**

ન. ૩૨૬, અબ્દુલ રહેમાન સ્ટીટ, કાકુર્ડ માર્કેટ નજીક રંગારી મોહલ્લા,

મુંબઈ નં. ૩.

બહારગામના ઓર્ડરો સંભાળપુર્વક ચેક કરી વેલ્યુપેબલથી મોકલવામાં આવે છે.

ડા૦ વામન ગોપાળનું

આયોડાઈઝડ

સાર્સા પરિલા.

સાર્સાપરિલા આજ સાઠ વર્ષથી પ્રખ્યાત અને લાખો દરદીઓએ એનો ઉપયોગ કરી પોતાની નીરાશા દુર કરી છે.

લોહી એ મનુષ્ય જીવન છે. તે બગડયું હોય તો અનેક રોગ ઉત્પન થાય છે માટે તે સુધારવા દરેક માણસને કાળજી લેવી જોઈએ, તેને માટે આ સાર્સાપરિલા વીના બીજી એક પણ દવા લેવાની જરૂર નથી. વળી આ દવા પીવાથી ઉપદંસ એટલે ગરમી અને તેના વડે થતા રોગો—તેમજ લકવા, સંધીવા, ચામડીપર કાળા ડાઘા પડવા, આંગનું સુજી આવવુ, શરીરમાં બળતરા થવી, શરીરની ઉપર દેવી સરખા ફોલ્લા થઇ આવવા વીગેરે વીકારો ઉપર આ દવા અકસીર થઇ ચુકી છે.

શીશી ૧ નો રૂ. ૧॥ ચાર શીશી પીવાથી સારો ગુણ આવે છે પો. જુદું. ચાર શીશી એકદમ મંગાવનારને અર્ધ સહીત રૂ. ૪-૧૩-૦ પડશે.

ડો. ગૌતમરાવ કેશવ એંડ સન ઠાકુરદ્વાર-મુંબઈ.

અમદાવાદ ઝેન્ડ—ગોકળદાસ મોતીચંદ પારેખ

મળશે અમદાવાદ ઘાંચીની પોળ.

સુરત ઝેન્ડ—નં૦ ૨૪૯—મેસર્સ દયાળજી પુરુષોત્તમ ૦૦

ઠેકાણા

નવરંગ.

પુસ્તક ૮ મું. એપ્રીલ-મે, ૧૯૨૩. અંક ૮-૯ મો.

મોતનો ડાઘ!

પ્રકરણ ૯.

—:o:—

લૉર્ડ સોમરટન જમીન ઉપર રગડોળાયલો, ગુસ્સાથી બાહાવરો બનેલો અને ચહેરામાં બેબાકળતથી અતિશય રાતો થઇ આવેલો ઉઠ્યો. તેના ઉપર કરવામાં આવેલો હુમલો એટલો તો અચાનક ને અણધાર્યો હતો કે તે પળભર ચિત્તભ્રમ બની ગયો.

તેણે કૅપ્ટન રેડફીલ્ડ બંધુ પગથી માથા સુધી ઘુરકી ઘુરકીને જોયું, અને જોતાં સાથ જાણી લીધું કે તે જોરાવર જવાનનો મુકાબલો તે કરી શકે એ બીલકુલ સંભવીત નહોતું. કૅપ્ટન રેડફીલ્ડ તો તે ઉમરાવ તરફ મરકરી ને તિરસ્કારનું મીશ્ર હાસ્ય હસતો ઉભો હતો.

"એક માણસ ઉપર પીઠથી હુમલો કરવામા કોઇ પણ પ્રકારની મર્દાનગી કે બાહદુરી નથી," લૉર્ડ સોમરટને ઉઠી ઉભો થતાં અને પોતા ઉપર કાબુ મેળવી સ્વસ્થ આવાજે કહયું, "મને ખુલાસો જોઇએ છે. હું તમને ઓળખતો નથી. તમે અત્રે શા હકથી આવ્યા છો?"

"એક જવાન બાનુને ગુંગળાવનારા કે સતાવનારા હીચકારા બદમાશની ધરટી બબર કોઇ પણ કીસ્સામે લેવામાં કોઇ પણ રીતની નામર્દાઇ હું જોતો નથી." કૅપ્ટન રેડફીલ્ડે ધીકકારથી ભરેલા સાદે કહયું, અને પછી એલઝીને થરથરતી ને દયા ચાહતી નજરે તેની બાજુ જોતી જોઇ તે તેણી તરફ ફર્યો.

"મીસ સ્ટર્ન, ચાલો, તમને ઘરે પુગાડવા હું આવું?" તે બોલ્યો અને પોતાનો હાથ આપ્યો કે જે તે રૂપસુંદરીએ આભારથી તુરત ઝાલી લીધો. તેણી પોતાની નાદીંમત માટે શરમીંદી બની; પોતાની નબળાઇ માટે મન સાથ ખીજવાઇ. તેણીનું હૃદય એટલું તો જોશથી ધબકારા લઇ રહયું હતું કે તે શ્વાસ પણ મુશ્કેલીથી ખેંચતી હતી.

"એક પળ થોભો," લૉર્ડ સોમરટન બોલ્યો, "આપણા કાર્ડોની આપ લે, હું ધારું છું કે, જરૂરી છે, આપણે એકજ ઘરના પહરોણા હોવાથી આપણે પાછા મળીશું. મીસ સ્ટર્નને

ખાતર હું કડવાસમાં ઉમેરો કરવા ચાહતો તો નથીજ, પણ આ બાબતનો અંત આટલાથીજ આવી જનાર નથી, એમ તમે ખાતરીથી માની લેજો."

"હું તમારી તહેનાતમાં છું.—મી०—ઓહ—લૉર્ડ સોમરટન," કૉલીને લૉર્ડ સોમરટને આપેલો કાર્ડ વાંચી કહયું, "તમારો કાર્ડ જોઇ હું કહી શકું છું કે આપણે કંઇ છેકજ અણબનાવ તો નથી. હું કૉલીન રેડકલીફ આર્ટીસ્ટ છું."

તેનું નામ સાંભળી એક પળ લૉર્ડ સોમરટનના ચહેરા ઉપર આશ્ચર્યની છાયા છવાઇ રહી, પણ બીજીજ પળે તે તીરસ્કાર રૂપે હસ્યો અને મન મનાવાનું ડોકયું એલઝીને કરી ત્યાંથી ચાલતો થયો.

"લૉર્ડ સોમરટન મારો એક ગ્રાહક છે. મેં એમના બંગલાનું ઘણુંએક કામ આગળ કર્યું હતું, મારા અનેક ઉદાર અને હાલમહીલ આશ્રયદાતાઓ માહેલો એ એક છે. જો કે આજ સુધી અમે એકમેકને રૂબરૂમાં કદી મળવા પામ્યા નથી." કૉલીને એલઝીને લૉર્ડ સોમરટન સાથનો પોતાનો સંબંધ સમજાવ્યો.

"ઓ! ત્યારે તો તમને મારી લીધે નાહકનું નુકશાન થયું. તમારી સાથનો એવણનો સંબંધ હવે તો સદાનો તુટીજ ગયો." એલઝીએ તે સાંભળી કહયું, "હું ખરેખર ઘણી દીલગીર છું, મી० રેડકલીફ."

તે આર્ટીસ્ટે પોતાના ખભાં ચઢાવ્યાં અને હસ્યો. તે હસવું કેવળ વિચિત્ર હતું. એલઝીએ, તેથી, ચોંકીને તેના ભણી જોયું.

"લુચ્ચો?" તે બડબડયો, "અનહદ લુચ્ચો! મીસ સ્ટર્ન, મેં એનું કામ કરવાનું છોડી દીધેલુંજ છે. મેં એની આસ્પત જાણતાંજ એનું કામ લેવાનું છોડી દીધું હતું. શરૂઆતમાં કોઇપણ રીતની પુછપરછ કરવાની હું મહેનત લેતો ન હતો, તેમ કરવાની મારી સ્થિતિજ ન હોતી. એના ફાંટાને પોષવા મેં કેટલુંક એનું કામ કર્યું હતું કે જેથી મને લાભ બદલ નુકશાન થવા પામ્યું, અલબતાં તે વેળા હું હાલના જેટલો લોકનો માનીતો કે પ્રખ્યાતીમાં નહીંજ હતો."

એલઝી સ્ટર્નની તે સાંભળી ખાત્રી થઇ કે આજના બનાવ ઉપરાંત લૉર્ડ સોમરટનને એટલો ધીક્કારવાનું બીજું પણ કોઇ સમર્થ કારણ કૉલીન રેડકલીફને હતું.

"હવે તો તમને ઠીક લાગે છેની, મીસ સ્ટર્ન?" તેણે તે પછી તુરત એટલા તો નરમ અને માયાળુ આવાજે પુછ્યું કે એલઝી ચહેરામાં લાલ થઇ આવી.

"ઓ, અત્યીતનજ, હવે મને કંઇ નથી," તેણી મીઠાસથી બોલી, "હું પહેલે તો ઘણીજ બીહીધી કે રખે તમો એકમેકને ધબ્બા પુગાડો. લૉર્ડ સોમરટન એવો લાગે છે કે જો તેના હાથમાં પીસ્ટોલ કે છરી હોય તો એવે સમયે તેનો ઉપયોગ કરવા ચુકે કે અટકે નહીં. તમે પાછા મળનાર છે એ માટે મને ખાસતી છે. બાકી આ બાબતની સહજ બી દરકાર હું કરતે નહી."

તે ખડખડાત હસ્યો, જો કે તે સાંભળી તેની ચક્ષુમોએ જુદોજ રંગ પકડયો અને તે મન સાથ પટપટયો. "સોમરટને હવે બીહીધેલો ને સાવધાનજ રહેવું જોઇશે."

તેઓ હાથમાં હાથ ભેરવી ઘર ભણી જવા નીકળ્યાં. ઝાડોની ગીચ ઘટાઓમાંથી બહાર પડી પાર્કમાં દાખલ થતાં એલઝીએ પોતાનો હાથ ખેંચી લીધો, અને કોલીન તરફ જોઈ હસી.

"તમે છુટાં ચાલી શકશો, મીસ સ્ટર્ન," તેણે કાલજીથી પુછ્યું, "એમ ચાલવાનું એટલાંથીજ પુરૂ થયું તે વાસ્તે હું દીલગીર છું. એ બધો વખત બાહરે મનથી સ્વર્ગીય હતો. હું તે કદી ભી ભુલીશ નહીં," તે બોલતાં અટકયો અને તેણી ભણી એક ઝડપી નજર નાંખી. "મીસ સ્ટર્ન, તમે મને બેઅદબ માની લીધો હશે. હું એક સાધારણ ચીતારો તમો જેવાં એક આલા દરજ્જાને ધરાવતાં સાથ કશા પણ બાધ્યારા વગર કે કોઇ તમો જેવા તરફનાના પ્રમાણપત્ર ધરાવ્યા વગર આવી છુટથી બાહરી ભેળોજ ભેલાતો થયો છું તેથી."

"એમ ના બોલો, મી૦ રેડકલીફ" એલઝી બોલી, "જીનીઅસ (અદભુતતા) ની સમાનતા દુન્યામ્બરમાં હોતીજ નથી. તે ઉમરાવો અને રાજાઓ કરતાં પણ આલાજ છે. શું તમો એમ માનતા નથી કે એ દુન્યામાં બહું થોડાજ માણસોને નસીબ થાય છે. કોઇક વખત તો હું એવો વિચાર કરવાનું પસંદ કરૂં છું કે અસલી ગ્રીક દંતકથાઓ કલ્પીત નહીં પણ જીવતી જીંદગીઓના સાચાંજ વૃતાંતો છે. ને પ્રમાણપત્ર–શું તમે બાહરા કઝીનના મિત્ર નથી ? તેના એક અતિ અગત્યના બાંનગી કામ વાસ્તે તેણે તમને રોકયા છે એજ સર્વથી શ્રેષ્ટ પ્રમાણપત્ર છે." તેણીએ આખું હસીને કહયું, જે સાંભળી કોલીન રેડકલીફનું હૈયું ખુશાલીથી પ્રફુલ્લીત થયું.

"તમારૂં કાગળ મને મોડું મળ્યું, તેથી, હું તમારા ફરમાવ્યા મુજબ જલદી આવી શકયો નહીં;" તેણે, ને પછી કહયું, "મને ઉમીદ છે કે સર જોન મને મળી શકવાને હવે ખુશી ને તંદરોસ્ત હશે."

"મી૦ રેડકલીફ, બાહરા પપા તો અત્યારે બાધ્યો દુર નીકળી ગયા છે. કોલેજ સહવારે તેવણ, તમને ઉડાવવા, બ્લેરઉડ છોડી ગયા."

કોલીન રેડકલીફ તે સાંભળી સખ્ત નારાજ થયલો દીસ્યો.

"એ શી રીતની આંધળી મુર્ખાઇ," તે જરા ગુસ્સાના તીખાશથી બોલ્યો, "બાહરી સાથે એટલો બધો અણગમો ધરાવવાનું એવણને કારણજ શું મળ્યું હશે?"

"તમારી સામે નહીં, મી૦ રેડકલીફ," તેણીએ તેની ભૂલ ભાંગી, "પણ બાહરા કઝીન નોએલ કેમ્બેલ સામે."

"હા, હા. હું ભુલ્યો. એક પળભર મેં બાહરેજ લગતું એ માની લીધું. મીસ સ્ટર્ન, તમારા પપાના ભુતકાળના ચારિત્ર સંબંધી અમે કંઇક સમજેલું છે–મેં અને નોએલ કેમ્બેલે. ચોકકસ બનાવ માટે એવણ ચુંગલાય છે અને અંતઃકરણના દુખથી પીડાય છે તેમાંથી તેમને મુકત કરવાનો–તે ભેદ ખુલ્લો કરવાનો બાહરા–અમારા હાથમાં ઘલાજ છે."

"તે મને કહી શકાય એવું છે, મી૦ રેડકલીફ ?" એલઝીએ પુછ્યું.

"નહીં," તેણે ઝડપથી કહી દીધું, "તમને તે કહેવા જોગું નથી, બાહરો પ્રયત્ન ફોકટ ગયો છે અને બાહરે હવે અહીંથી સદા માટે જવું જોઇએ."

સેદા માટે ! ઓ તે શબ્દો એલઝીને કેવા અરૂચીકર થઇ પડયા. એલઝીને તે કંઇ હદ વિનાના નીરાશાજનક બલકે ભયંકર ભાસ્યા, ને તે આખે અંગે ધ્રુજી ઉઠી.

"અને તમે, મીસ રટર્ન, તમે એ તમારા કઝીન નોએલ કેમ્બેલ વિશે શું વીચાર ધરાવો છો ?" તેણે એકાએક પ્રશ્ન કર્યો.

"હું એ બાબતમાં કશો નિર્ણય આપી શકું એમ નથી," એલઝીએ તે એકાએક પૂછાયલા અણધાર્યા સવાલથી સહેજ ચમકીને કહયું, "પણ જો તે મારા પપાનોજ દુશમન હોય તો પછી તે મારો પણ છેજ. મારા પપા ડીયરની ખાતરી થાય નહીં કે તેવણની તેને માટે ખુરૂં માની લેવામાં ભુલ છે ત્યાં તુલ્લીક હું એ મારા કઝીનને મળવા કે તેની સાથ પીછાન પાડવા રાજી નથી. તે તમારો મિત્ર છે એટલે મારા કરતાં તમો તેને વિશે જ્યસ્તી જાણતા હશો અને તે કેવો છે તે સમજી શકતા હશો."

"હા," તેણે તે જવાબથી સહેજ નીરાશ પામેલા નામુરાદ આવાજે કહયું, "હું તેના સમાગમમાં બહુજ આવ્યો છું. મને નોએલ કેમ્બેલ માટે સાચે સાચું તમને કહી દેવા દેવ. તે એક હીચકારો છે. મને તમારાથી તેની ખાસ્યત છુપાવવાની કશીજ જરૂર નથી. તે એક હીચકારો છે. એક સ્વાર્થી, ધાટકી હીચકારો. તે એક ઘણોજ ધીકકારી કાઢવા જોગ ઇસમ છે."

એલઝીએ તેના બણી અજાયબીથી જોયું.

"મી૦ રેડકલીફ, તમે મને અજાયબી બધી ભરી મુકો છો. એક બાવાડયાંની વાત ઉપર તો તમે મને જુદુંજ કહેયું હતું. તેને માટે પપા ગેરસમજુતીમાં અકડાતા હતા એમ તમે બોલ્યા હતા. હવે તો હું તેને મળવા તો શું પણ જોવા બી ખુશી નહીં થવશ. અને હું ખુશીજ છું કે તેના કાસદને પણ પપાએ નહીંજ મળવાનું વાજબી વિચાર્યું," તે બોલો બોલવા તેણીને ગમ્યુ તો નહીંજ, પણ બોલ્યા વિના પણ તેણીથી રહેવાયું નહીં.

"ચાલો ઘરમાં આવોની, લેડી હેલીનાને મળશો કેની ? એ મારે માટે ઘણી વીહીલી પડી હશે. હું ઘણુંની બહાર નીકળેલી છું. તમે પણ ઠાકી ગમશે હશો."

"નહીં ! હું અંદર આવવા ચાહતો નથી. હું બારથીજ જઇશ. મને હવે અહીં રહેવાનો કાઇ સમય કે બારણું નથી. હું જઇશ. મારો સુખનો સમય ટુંક સમયમાં પૂરો થઇ ગયો છે. ગુડ બાય, મીસ રટર્ન, મને એકજ ઉમીદ છે અને તે તમારા નાજુક કોમલ કરો ઉપર માનની અને પ્યારની એક છેવટની બકી લેવાની છે !" અને એલઝી તેને હા કે ના કહે તે અગાઉ તેણે પોતેજ તેણીનો રૂપાલો કર માનથી પકડી લઇ તે ઉપર એક નરમ ઓકો કરી ત્યાંથી એક બોલ પણ વધુ બોલ્યા વગર, તુરત ચાલતો થયો.

પ્રકરણ ૧૦.

એક પળમાં કોલીન રેડકલીફ નજર આગળથી ગુમ થઇ ગયો. તેના ચાલી જવાના લાગેલા આંચકાઓથી ઝાડીઓનો થયલો ખડખડાટ સમી જતાં ત્યાં સર્વત્ર ચુપકીદી ફેલાઇ રહી હતી.

તે ચિતારો કેવો વિલક્ષણ સ્વભાવનો માણસ હતો? આવી વિચિત્ર કીસમે વાત કરવાનો ને વર્તવાનો તેને શું એકાએક ધખારો ભરાયો હતો?

તે ગયો હતો અને જ્યારે એલઝીએ તે જોયું અને જાણ્યું ત્યારે તેનું અંતર ગમીથી ભરાઇ ગયું. તે તો ગયો હતો પણ એલઝીની નજર સામે જાણે લોર્ડ સોમરટનની કાળા ગુસ્સાથી ભરેલી આંખોજ ચારે તરફથી તેની તરફ ટીકટી જણાતી હતી.

તે ત્યાંજ બેસી રહી. વખતના વહેવાની દરકાર કર્યા વિના કે તેનો ખ્યાલ માત્ર પણ કર્યા સિવાય ને ત્યાંજ બેસી રહી. તેણીના મનમાં બસ એકજ એકલો ખ્યાલ હતો—"એ ગયો. મારા પુરૂષ મારેલો સર્વથી સરસ—મારા મનુષ્યનો રાજા ગયો. ખરેખર હમેશ માટે ગયો?"

બંગલામાંથી લંચના ઘંટનો સાદ સમજી તે પોતાના ખાબમાંથી બીદાર થઇ. લંચનો વખત થયો હતો અને તે કેટલો બધો વખત ત્યાં એકલી બેસી રહી હતી. તે અંદર જવા ઉઠવા જતી હતી પણ તેટલામાં બાજુની ઝાડીઓમાં પાછો ખડખડાટ થતો સંભળાયો. કોઇ ઝડપથી તે તરફ આવતું હતું. તેણીના અંતરમાં તે ક્ષણે કોઇ અજબ પ્રકારની અવનવી લાગણી સળુરી રહી, માત્ર એકજ ક્ષણ તે અજબ જેવી ખુશ લાગણી તેણીને થઇ પણ પછી બીજીજ પળે ભયની એક ધ્રુજારીથી તેણી તનબદનથી કંપી ગઇ. રખે લોર્ડ સોમરટન ત્યાં આવતો હોય. આ તેણીનું નિરાંતે બેસવાનું એકાંત માનીતું મટક બી શું ત્યારે તેણે શોધી કાઢ્યું હતું? તે ત્યાંથી ચાલી જવાની ઉતાવળમાં પડી પણ તેણી તેમ કરી શકે તે અગાઉ ત્યાંની ઝાડીઓ ચીરી કોલીન રેડફલીફ પાછો તેણી સામે ઓચીંતો આવી ઉભો.

એલઝીના મુખમાંથી અચરતીની એક ન્હાની ચીસ નિકળી પડી. તે ચીસમાં સંતોષ ને ખુશહાલીનો દેખાતો અંશ હતો. તેણીએ પોતાની બંધે આંખો શરમથી વિંચી દીધી.

"મીસ રટન, હું પાછો આવ્યો છું. આખર કરેને હું માંસનોજ બનેલો છું, ને માંસ માત્ર નરમ હોયજ છે. હું પાછો આવ્યો છું, તમારી માફી માંગવા—માફરી બેએદબ ને વિચિત્ર વર્તણુક માટે જોઇતો ખુલાસો આપવા."

એલઝા આંસુઓથી અર્ધી ભરાયલી મોહક આંખોએ તેના ભણી જોઇ રહી હતી અને તે જોઇ કોલીનને પહેલે ઝટકે તે તનોમન સુંદરીને પોતાના હૈયાસરસી જોશથી ચાંપીને પોતાનો ઓટો પ્યાર તેણી ને જુસ્સાદાર શબ્દોમાં વર્ણવવાનું સખ્ત મન થયું; પણ પોતાની તે લાગણીઓ ઉપર બડી મુશકેલીથી કાબુ મેળવી તે તેમ કરવાથી બાઝ આવ્યો.

"મીસ રટન, લોર્ડ સોમરટનને મળ્યા વગર હું બ્લેરઉડ પાર્ક છોડી જઇ શકું એમ નથી. હું જઇજ કેમ શકું? જો જાવું તો એ મને હીચકારોજ માને. મેં એને મળવાને પ્રોમીસ કર્યું છે તે તો તમે સમજ્યું હતું ની?"

"હા. તમે તેને મળવા કબુલ થયા હતા તે હું જાણું છું." એલઝીએ કહ્યું, "પણ હું માનું છું કે તેમ તમે કર્યું ન હતે. હું એ માણસને જેટલી ધીકકારું છું તેટલી તેનાથી બીઉં પણ છું."

"તમારું આ કહેવું મને ખુશીમાં ઉછાળતો કરે છે. એની સાથ કેમ કામ લેવું તે હવે હું જાણું છું. મને એક ચીઝનો ખુલાસો કરશો, મીસ સ્ટર્ન, કે એ બ્લેરઉડ પાર્કમાં સર જોનના ગયા પછી શું પંકતીએ રહયો છે? એ શું તમારો પહરેણો છે, યા લેડી હેલીનાનો."

"એનો જવાબ મારે માટે આપવો જરા મુશકેલ છે," એલઝીએ જવાબમાં ઉતાવળે કહયું, "પપાએ એ માણસને છંછેડવા કે અપમાન નહી કરવા મને આજ્ઞા કરી છે. જો કે તેમની ગેરહાજરીમાં તો હું આ મકાનની માલેક છું." તેણી મગરૂર અદાએ છેલ્લો વાકય બોલી, "હું બ્લેર ઉડની માલેક છું ને હું લોર્ડ સોમરટનને હવે જણાવી દેવશ કે તેની અત્રેની હાજરી મને કંચવાવનારી ને નાખુશ કરનારી છે. તમે અત્રે છેવ, મી૦ રેડકલીફ, એટલે એટલું એને કહી સમજાવવાની મને હૈયે હામ ને હીંમત છે.

તે જરા ગુંચવાયલા જેવો ઉભો; પછી બોલ્યો, "તમારી સાથ ન માફ થઇ શકે એવી બેઅદાઝ છુટ લેવાનો ગંભીર અપરાધ કરવા બદલની માફી?"

એલઝી બેઆલતથી રાતી બની ગઇ, અને તેને જવાબ દેતાં તેનાં નયનો નીચાં નમી પડયાં.

"માફ કરવા જેવું કંઈજ નથી," તે નમ્ર મંજુલ નાદે બોલી.

"તમને ફ્રાસ કરવાની પાક બેહયાઇ કરવા માટે પણ, મીસ સ્ટર્ન? ઓ એલઝી, એલઝી, હું પળ ભર દીવાનો બની ગયો હતો. હું ઘણા ઉંડા પાણીમાં ને તે બી માહરાં બળ કરતાં જીયાદા બળ ધરાવનારાં પાણીના જબરા રોહમાં હું તણાઇ ને અટવાઇ ગયો. માહરી જીંદગીનો અંત હયાંજ આવી અટકેલો છે, ને તે હયાંજ અટકવો જોઇએ, કારણ એલઝી, હું તને ચાહું છું, દીવાના ને બેઅદાઝ પ્યારથી તને પુજું છું. માહરી તું વ્હાલીના પ્યાર માટેની કોઇ સીમાજ નથી. દિવસે અને રાત્રે તાહરો મીઠો ચહેરો મને મહારી કંગાળ અવસ્થાની ઉંડી ખાહીમાંથી બહાર નીકલવાની હેબી અને આશાભરી રોશણી પુરી પાડે છે."

તેણે તે રૂપસુંદરીનો નાજુક કર પોતાના હાથોમાં લીધો અને જુસ્સાભરી અંગણીત ચુમીઓથી તે ભરી મુકયો. તેના આ ઓચીંતા જુસ્સાભર્યા પ્યારના એકરારથી તે બે ઘડી ગાફેલ બની ગઇ હતી. પણ તેના મનથી સારી રવેશે જાણતી હતી કે તેમાં તેને સુખ, મજાહ ને ખુશહાલીની લહેર લાગતી હતી.

"તું મને તુચ્છકારી કાહતી નથી," તે જરા વાર રહી ધીમેથી બોલ્યો, "તું મને ચાહતી હશે, કદાપી માહરા જેટલાજ જબરા પ્યારથી. એલઝી, બ્લેરઉડમાં હું આવ્યો તે પળને માહરે કરવા આપોથી વધાવવી કે માહરી જીંદગીના મોક્ષદ્વારનું આંગણું માનવું?'

તેણે તે મધુરી મોહક નજરોમાં જોયું. ત્યાં તેનો જવાબ જોઇ લઇ શકાતો હતો. તેણે તેણીના હોઠો બહુજ ઉશકેરણીથી ચુમ્યા કે જ વારે તેને સ્વર્ગ નાજ સુખમા ગોયા તલ્લીન કરનારા મધુરા આવાજે તેણી તેનું નોમ બડબડી રહી હતી.

"કાલીન, આજ વર્ષો થયાંનો તું માહરે મનશે પુરૂષોનો રાજા છે. તું કદી ખોટું કરેજ નહીં.

તે બંને જવાન જીવોની જીંદગી આહ્લેકો તે સર્વથી મીઠો અને સુખી કલાક પવનની પીઠ ઉપર હોય તેમ ઝડપથી પસાર થઇ ગયો. પ્યારની પ્રબળ ને અજબ જેવી શક્તિમાં મોહમુગ્ધ બનેલું તે જોડું તે દરમ્યાન તે સિવાય કશા આસપાસના ખ્યાલો કરવા જેટલું સજાગૃત ન હતું. થોડા દિનો અગાઉ તો તેઓને એકમેકને માટે સ્વપ્નોએ ન હતો અને આજે? હા, આજે તો પ્યારની દૈવી શક્તિના બળે તેઓ મોત સિવાય કશાથી પણ વિખુટાં ન પડે એવા ગાઢ-સમાગમમાં આવી ગયાં હતાં.

"આપણો પ્યાર જાહેર કરવાનું હાલને તબક્કે બહુજ ઉતાવરૂં થઇ પડશે, એલઝી" કોલીને કેટલી મીઠી પ્યારભરી ને વાંચનારા મહેરબાનો આપણા માટે નકામી વાતો પછી કહ્યું, "આપણે એકમેકના પ્યારમાં એટલાં તો જલદી ગીરફતાર થઇ ગયાં છીએ કે દુનીયાની નજરે તે મન ચકિત કરનારોજ દેખાવ દેખાશે, ને વળી માહરા માયજીને એ જાહેર કર્યા વગર કોઇને પણ તે જણાવવા હું ઘ્યાતુર કે ઇન્તેજાર નથી."

"તાહરાં મમા ડીયર," એલઝી બોલી. "ઓ, હું જરૂરજ તેવણને ચાહતી થવશ. એવણ જેવાં કોઇ એકની માયાળુ મહેર ને શીરછત્ર મેળવવા તો હું તલ્પી રહી છું કે જેથી તે મુરંબીમાં વિશ્વાસ ને સંતોષ અને વળી દુઃખમાં સાચા ને લાગણીવાળા દીલાસાનીજ આશાથી માહરી મુશીબતો વ્યકત કરી શકું."

"માહરા મમા ડીયર તરફથી ઘણા પ્યારની તું આશા રાખતી ના, ઉલટી તેણીની તમામ જીંદગી તો માહરા એકલામાંજ ભરી મુકેલી છે. હું તેણીનું એક પુરંજ બચ્ચું છઉં અને તેથી તે માહરા અને તેના વચ્ચે કોઇ આડ કરતુ આવે તે જોવા ને ઇન્તેજાર નથી. અલબતાં એ તેની એક જાતની અદેખાઇ કહેવાય. હું તાહરી નજરે તમામ સંપુર્ણ કદાપી હોઇશ, પણ તેણીની નજરે તો હું ઘણીક વખતે નિશફળતાજ છું," તે એટલું કહી હસ્યો પણ એલઝી તેના તે શબ્દોથી સહજ નાશીપાશ થયલી દીસી અને તે પછી તેણીએ કોલીનની માતા સંબંધી કશી વાત કરીજ નહી.

તેઓ તે પછી સાંહઝના ત્યાંજ પાછા મળવાનું ઠરાવી ઝટ બંગલામાં ગયાં કેમકે વૃધ્ધત પુષ્કળ વહયો ગયો હતો અને તેઓ માટે બંગલામાં આતુરતાથી લંચ માટે રાહ જોવાતી હતી.

લંચ પછી કોલીન રેડકલીફે પોતાનો કાર્ડ લેાર્ડ સેાગરટન ઉપર મોકલી આપ્યો. તે પાછળ તેણે પેનસીલથી નીચલું લખ્યું હતું.

"રેાયંગ રૂમમાં હું તમારી મુલાકાત માટે ખાસ બેાટી છું."

(સાંપણ છે.)

સુધારો સગુણી હીયે ધારો યારો.

નવરંગ માટે ખાસ રચનાર–કવિ આદીલ.

સુનો સજ્જનો આજ તમ શીખ મ્હારી,
સુની વાત લેજો હીયામાં ઉતારી.
સજી સત્યતાનો સદા સાજ સારો,
સુધારો સગુણી હીયે ધારો યારો.

૧

સભાવત સકળ સૃષ્ટિમાં કરવી ન્યારી,
સહી સ્વર્ગની જાણુને તેજ ભારી.
સદા સાચવી કીર્તિનો કોટ ન્યારો,
સુધારો સગુણી હીયે ધારો યારો.

૨

સંબળ થઇ અબળના થજો હેતકારી,
સુખો દઇ દુઃખીને, સુખી થાજો ભારી.
સફળનો ફરી ફેરો સ્વર્ગે સિધારો,
સુધારો સગુણી હીયે ધારો યારો.

૩

સજ્જનતાપણું સાચવો ઢારીઢારી,
સજીત થઈ રહો સત્યના વેશધારી,
સદાવ્રત સદા સ્થાપજો નરને નારો,
સુધારો સગુણી હીયે ધારો યારો.

૪

સુનો ના કદાપિ કશી તારી ભારી,
સુનો તો શ્રવણથી સુનો વાત સારી.
સદા સર્વથી રાખજો ભાઇચારો.
સુધારો સગુણી હીયે ધારો યારો.

૫

સદા ઇશની કરજો અહોનિશ યારી,
સમય સુખમાં ગાળશો નર ને નારી.

સકળ સૃષ્ટિથી નાવડી તનની તારો,
સુધારો સગુણી હીયે ધારો યારો.

૬

સખત રાહે આદીલ છે વિષ વારી,
સયુંતો જંતા ના હીયે હાંમ હારી.
સવાબોના અર્થે બનો તમ સવારો,
સુધારો સગુણી હીયે ધારો યારો.

૭

—:*:—

મીસીસ ગદેરી–"દોરાબજી, આપણે રૂસ્તમને કાંય ડાકતર બનાવવો જોઇએ, જ્યારે સે આટલા બધા ડાકતરો કકરી જાય છે ત્યારે ?"

મી૦ ગદેરી–"પણ વહાલી, તેં આય દીવસે દીવસે જાતજાતના નવા નવા દરદો ફાટ નીકળે છે તેનો કાંઇ વિચાર કીધો ?"

સમન.

ફેશનેબલ બાનુઓ કાજે ફાંકડું પ્રદરશન.

ફાઇન આર્ટ નીડળવર્ક ડીપાર્ટમેન્ટ

અલબેલી મુંબઇ નગરીની તમામ કોમની ફેશનેબલ બાનુઓ અને ભારતની અનેક રાણીઓમાં બેહદ પંકાયલુ બાતું.

ઝીક કસબ, રેશમ, સીકવન્સ, જલી તથા આરીના કામમાં બીનહરીફ છે. અમારાં બાતાંમાંથી ભરાયલી સાડીઓ, અને બ્લાઉઝોનું ઉમદા કામ, તેની મનખુશ કરનારી ઓરીજીનલ ડીઝાઇનો એક બાસ સ્પેશીયાલીટી છે. બીજાઓ અમારી ડીઝાઇનોની નકલ કરવાની ફોકટની કોશેશ કરે છે એજ હુમારા ઉત્તમ કામની સાબેતી છે. અમારા ભાવો અમારી નાદર કારીગીરી તરફ જોતાં કીફાયત છે. અમારા બાતાંમાં થયલું ભરત કામ નીચલાં ઠેકાણા સીવાય બીજા કોઇની દુકાને મલશે નહીં.

સ્વદેશી બાદી ઉપર બહુજ ઉમદા ભરતકામ કરી આપવામાં આવે છે. જોવાથી બાત્રી થશે. નમુનાઓ તઇયાર છે.

ધનબાઈ ફરદુનજી બનાજી,

ના૦ ૫, આલબર્ટ રોડ, બંબાલા હીલ, મુંબઇ.

WHY LOOK
"OLD?"
Persian
Hair Dye
RESTORES
"GREY HAIR"
To be had from the Army and Navy, Kemps, Phillips Thomson and Taylor, Leach and Weborny, Treacher. and also from all known Chemist & Druggists. SOLE AGENTS.
HORMUSJI DOSABHOY & Co.
BOMBAY NO. 4. TEL. NO 511.

સાહિત્ય પરિષદના પ્રમુખ.

રા૦ ખબરદારનાં લલિત કાવ્યોની ગુજરાત કદર કરશે?

(મળેલું.)

ભાવનગરની આવતી સાહિત્ય પરિષદનું પ્રમુખસ્થાન ગુજરમૈયાના પનોતા પુત્ર રા૦ અરદેશર ફરામજી ખબરદારને આપીને તેમની અપૂર્વ સાહિત્ય સેવાની કદર કરવાની આગ્રહ પૂર્વક ભલામણ કરીને "સાહિત્ય"કારે પોતાની નિષ્પક્ષપાત રાજનીતિનો એક વિશેષ પુરાવો આપ્યો છે. રા૦ ખબરદારે એ પદ માટેની પોતાની લાયકાત અત્યાર અગાઉની પુરવાર કરી છે. પોતે પારસી હોવા છતાં જેની ભાષામાં પારસી ગુજરાતીની ગંધ પણ ન જણાય, એટલું જ નહિ પણ શુધ્ધ ગુજરાતી લખવાનો ફાંકો રાખનારા ભલભલા હિંદુ લેખકોના ગર્વ ગાળી નાખે એવી શુધ્ધ રમ્ય અને રસીલી બાની માટે રા૦ ખબરદારની ગુજરાત આલમ ઋણી છે અને ઋણી રહેશે. "કાવ્ય રસિકા," "વિલાસિકા" અને "પ્રકાશિકા" દ્વારા ગુજરાતી આલમને, "દયાળુની લાલબાઇ મહેતાજીની નિશાળ"ના આ પારસી વિદ્યાર્થીએ ભેટો કરી છે. માનવ જીવનના કડવા મીઠા અનુભવો, સુલલિત શબ્દ રચના, રાગ અને પદબંધ રાગ-રાગણીઓ, પિંગળના શાસ્ત્રીય નિયમોનું યથાવિધ પાલન, ગંભીર ફીલસુફી અને તે સાથેજ ઉછળતી ઉર્મીઓનો ધસમસતો આવેગઃ આ સર્વ લક્ષણો રા૦ ખબરદારના કાવ્યોમાં નજર પડે છે.

"સાહિત્ય"કાર લખે છે કેઃ "હાલના કોઇપણ ગુજરાતી કવિ કરતાં ખબરદારે વધુ પ્રમાણમાં આપણી કવિતાના પૂર્વ સંસ્કાર પોતાની કવિતામાં ઉતાર્યા છે. પ્રેમાનંદ, સામળ, દયારામ અને દલપતરામની કવિતાનો અભ્યાસ કરીને તથા પિંગળ અને કાવ્યશાસ્ત્ર ઉપર કાબુ મેળવ્યા પછી એ કવિતા કરવા બહાર પડયા; અને પરિણામમાં આપણા શિષ્ટ કવિઓની છાપ એમની કવિતાપર પડી છે. અંગ્રેજી કહેવત પ્રમાણે એમણે જુની ગજકમાં નવો દારૂ ભર્યો છે ખરો; છતાં આપણા શિષ્ટ કવિઓનો સીધો ને એકસો વારસ હાલ કોઇ હોય તો ખબરદાર છે."

સાહિત્યકારના ઉપલા કથનનો એકેએક બોલ સત્ય અને અતિશયોક્તિ વિનાનો છે. ખબરદારની કવિતાજ આપણને આજે દયારામ પ્રેમાનંદની સ્મૃતિ કરાવે છે. શેલી ને ટેનિસનના ઢંગધડા વગરના અનુકરણથી નહિ પણ નવયુગના વિચારપ્રવાહને આપણી પ્રાચીન સંસ્કૃતિના મહાસાગરમાં યોગ્ય ઢળાણ દ્વારા ભેળવી દઇને રા૦ ખબરદારે આપણા રાષ્ટ્રીયત્વને સાચવી રાખ્યું છે એટલું જ નહિ પણ પશ્ચિમના તેજના ચમકારથી મોહાંધ થયા વિના તેમણે આર્યોની જુગજુગજુની સંસ્કૃતિનો વારસો આપણે માટે સાચવી રાખવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે.

કમનસિબે સરસ્વતી દેવીના પવિત્ર પ્રદેશમાં ગુજરાતીઓએ અમુક પંથો પાડયા છે. પ્રથમ નામરણીને પેટે નડિયાદના નાગરવાડામાં જન્મ લેનારનેજ સરસ્વતી દેવીની ઉપાસના કરવાનો હક્ક છે એવી આત્મઘાતક માન્યતા કેટલાકોએ પ્રચલિત કરી હતી. શિક્ષણના પ્રચાર સાથે નાગર સાહિત્યકારોને પોતાનાં "વાડા"માં પદવીધરોને દાખલ કરવાની ફરજ પડી. એ અરસામાં ડીગ્રીધરોજ સાહિત્યનો ધજાગરો લઇ બેઠા; પણ "વીસમીસદી"ના મસ્ત અવધુતે-સાહિત્યના ફકીર અને કલાના અદ્વિતિય ઉપાસક સ્વ. હાજીમહમ્મદે ડીગ્રીધરો અને નાગરોના પરવાના ખુંચવી લેવાની અન્ય લેખકોને તક આપી "સાહિત્ય"ની જુની લડતને

વેગ આપ્યો ત્યારથી બબ્બરદાર પક્ષો ચિંતામાં પડયા છે અને તેમની તતુડી હાલમાં વધુ સંભળાતી નથી છતાં દીલગીરીની બીના એ છે કે હજુ આપણા સાહિત્યકારો કોમી અને પાંથિક પક્ષપાત સાવ ભુલી ગયા નથી.

સાહિત્યકાર પારસી કોમના સાહિત્યકારોની સાહિત્ય સેવાની કદર બુજવા માટે રા૦ બબ્બરદારને પ્રમુખસ્થાન આપવાની સુચના કરતા નથી પણ ભાઇ અરદેશરની વિદ્વતા સાહિત્ય પરિષદનું પ્રમુખસ્થાન શોભાવે એવી છે તેથીજ તેમની નીમણુંક કરવાની ભલામણ કરે છે. "પારસી ભાઇઓને ન્યાય મળશે" એ તો રા૦ બબ્બરદારની નીમણુંક કરવાનો "વિશેષ લાભ" છે. સાહિત્યકારની આ સુચનાને હું અંતઃકરણ પુર્વક ટેકો આપું છું અને મને આશા છે કે રા૦ બબ્બરદારની સાહિત્ય સેવાની ઝાંખી પીછાન ધરાવનારો પણ આ સુચનાને વધાવી લેશે.

રા૦ બબ્બરદાર અને રા૦ બોટાદકર સિવાય પ્રેમાનંદની "અકલ પરભૃત આ વાણી કો પ્રેમી તણી"ની લહજ્જત ચખાડનાર કોઇ બીજો ગુજરાતી કવિ હાલમાં નથી ને હોય તો તે મારી જાણમાં નથી. "ગુજરીની મોંઘી મીઠાશ"ને કોઇ કવિએ સાચવી રાખી હોય તો તે રા૦ બબ્બરદાર અને રા૦ બોટાદકર છે. એ બે કવિઓની તુલના કરવાનો આ પ્રસંગ નથી છતાં હું એટલું તો કહી શકું કે આજે જો ગુજરાતમાં સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાન પર કોઇ સાહિત્ય સેવકનો વધુ દાવો હોય તો તે રા૦ બબ્બરદારનો છે.

"સ્વ. ગોવર્ધનરામ, રા૦ કેશવલાલ, દી. બ. અંબાલાલ, દી. બ. રણછોડભાઇ, રા૦ નરસિંહરાવ અને રા૦ બ૦ હરગોવીંદદાસ કાંટાવાળાની સેવા" સાહિત્યની આલમે "અત્યાર લગીમાં ધ્યાનમાં લીધી છે" અને "હજી ગુજરાતી પ્રજાએ નાનાલાલ, રમણભાઇ, આનંદશંકર, કમળાશંકર, ઠાકોર, મણીશંકર," વિગેરેની કદર કરવાની રહી છે. સાહિત્યકારનું એ કથન સત્ય છે પણ તેઓ પોતેજ કહે છે તેમ છ છ વખત હિંદુ પ્રમુખ નીમ્યા પછી "આપણે એટલા બધા નગુણા થઇશું કે આપણે પારસી કે ઇસ્લામી ભાઇઓએ માતૃભાષાની બજાવેલી સેવાની કદર ન કરી શકીએ ?" "સાહિત્ય"ના નિષ્પક્ષપાત તંત્રીને કદાચ કલ્પના પણ ન હોય છતાં હું વાંચકને કાનમાં કહી દઉં કે આવતી સાહિત્ય પરિષદનું પ્રમુખસ્થાન કવિ ન્હાનાલાલને અપાવવાની તેમના કેટલાક અનુયાયીઓ જબરી કોશીષ કરશે. રા૦ ન્હાનાલાલની રમ્ય ભાવનાઓથી મુગ્ધ થઇને તેમને એ માન આપવું હોય તો મને કંઇ વાંધો નથી પણ "મોટાલાલ" ને "ન્હાનાલાલ" ની કાવ્યશૈલી વિષેની મશહુર ચર્ચા પછી સૌ. લીલાવતીના કથન પ્રમાણે કવિ ન્હાનાલાલ વિષે એકજ મત પર આવવું પડે છે કે He lacks something: what that I do not know (બહેન લીલાવતીનો મત હું સ્મરણ શક્તિને આધારે ટાંકું છું.) ગુજરાતમાં રા૦ બબ્બરદારનું રેખાચિત્ર દોરીને આજ સુધી અનેક નામથી ઓળખાતા "મોટાલાલ" રા૦ બબ્બરદારજ છે એમ સૌ. લીલાવતીએ પ્રકટ કરી દીધુ છે એટલે હું નિઃસંકોચ કહી શકું કે રા૦ બબ્બરદારે "મોટાલાલ"ની સંજ્ઞા નીચેના લખેલામાં રા૦ ન્હાનાલાલની અપધાગધની વિપથગામી શૈલી "કાવ્ય"જ નથી એમ સચોટ પુરવાર કર્યું છે. "મીઠી પરભૃતની મધુર વાણી" લલકારી એક કવિ તરીકે ગુજરાતના કાવ્ય પ્રદેશને લીલોછમ રાખવાની રા૦ બબ્બરદારની સેવાની ગુજરાત જો નગુણું ન હોય તો આ વખતે કદર થવીજ જોઇએ.

અંતમાં હું ફરી ફરીને સાહિત્ય પરિષદના કાર્યવાહકોને અરજ કરૂં છું કે તેઓએ રા૦ બબ્બરદારની સર્વાનુમતે, પસંદગી કરીને એ મસ્ત સાહિત્ય સેવકની સુંદર સેવાની કદર કરી ગુજરાતીઓને માથે આજ સુધી પડેલા "પક્ષપાત" ના કલંકને ધોઇ નાખવું.

:o:

નેણમાં નીર ભરો શું !

—:o:—

(રાગ કાફી)

નેણમાં નીર ભરો શું, વીરા ! ખોયું છે આંખરતન હો !

બાપદાદા તમ બહુબહુ કરતા જગતમાં જેની જતન હો,
ભૂલા પડી તમે ભ્રમમાં ભમાઈ, શરમાવ્યું તે નરરતન હોઃ
વીરા, ખોયું છે આંખરતન હો. ૧

પરકરમાં નિજ સર દઇ નાચ્યા, નચવ્યા જ્યમ થનગન હો;
કીધી નહીં દરકાર પ્રથમ કંઇ, આજ ઊઠે છે અગન હોઃ
વીરા, ખોયું છે આંખરતન હો. ૨

સંપ કીધો તમ શત્રુએ દ્વેષે કરવા તમનં પતન હો;
હાય તમે નહિ એક રહ્યા ત્યમ, પ્રેમ ધર્યો નવ મન હો !
વીરા, ખોયું છે આંખરતન હો. ૩

નેણ ભરી ભરી નીર વહાવ્યે આવે નહિ ગત ધન હો; ૬
ઊઠો, ઉદ્યોગ કરો શુભ જોગે, માડવો ઐકયહવન હો !
વીરા, ખોયું છે આંખરતન હો. ૪

એજ પ્રકાશે સદન ઉજવાશે, વેરશે હાસ્ય વદન હો;
ભુવનભુવનમાં જ્યોતિ રેલાશે, ગાશે કવિઓ કવન હો !
વીરા, માતના આંખરતન હો ! ૫

અરદેશર ફરામજી ખબરદાર.

—:o:—

૫૦૦૦ વર્ષ પહેલાં લખાએલો

જ્યોતીષનો મહાન ગ્રંથ !!!

હિંદુસ્તાનના મહાન ઋષીઓમાં ભૃગુ ઋષીનું નામ જગ પ્રશહુર છે.

પંડીત કાશીવાળા ને મળો.

આ મહાન ઋષાનુ લખેલુ તાજુબીભરેલુ પુસ્તક "ભૃગુ સહિતા" અમારી પાસે મોજુદ છે.

પ્રાચીન જ્યોતીષ શાસ્ત્રની સત્યતા જુઓ.

કચ્છના નામદાર રાઓ જી. સી. આઇ. ઈ. કીરાજશા મ્હેતા, ગોખલે, મ૦ ગાંધીજી, લો૦ તિલક, ભાવજી ગોવિંદજી શેઠ અને બીજા નામાંકિત આસામીઓની જન્મ કુંડલીઓ તેમના જીવનની સાચી વિગતો સહિત આ ગ્રંથમાંથી નીકળી છે.

આ ગ્રંથમાંથી તમો ને નીચે જણાવેલી તાજુબી ભરેલી વિગતો મળશે.

મુંબઇના જાણીતા આ ગેવાનો, શ્રીમંતો આ ખાતાનો લાભ લઇ ચુકયા છે

એટલુંજ નહિં પણ મુબઇમાં મહાન ગણાતા જ્યોતીષના પંડીતોનો પણ આ તાજુબીભરેલો ગ્રંથ જોવાને દરોડો પડે છે.

બહારગામના ઘરાકોએ કુંડળી સાથે રૂ. ૧૦ અગાઉથી મોકલવા. મજકુર ગ્રંથના આધારે સમગ્ર જીવનનું વૃતાંત રૂ. ૧૦ ની વી. પી. થી મોકલવામાં આવશે. એટલે એકંદર ફી રૂ. ૨૦ થશે.

તમો સાથે લાવલા કુંડલીની નકલ તેમાં તયાર જોશો– કુંડલીના આધારે તમારી જીંદગીની જન્મથી મૃત્યુ સુધીની તેમજ મૃત્યુનો ટાઇમ વગેરે તાજુબી ભરેલી વિગતો તમે જોશો.

પંડીત કાશીવાળા

ભૃગુ જ્યોતીષ કાર્યાલય.

૨૯૨–૯૪ બીજે માળે–કાલબાદેવી રોડ, દાદી શેઠ અગ્યારી ગલીને નાકે મુંબઇ ૨.

અમારો અભિપ્રાય

—:o:—

નવરંગ માટે ખાસ લખનાર—S. M. K.

—:o:—

તોખમની તકોબરી.

અંગ્રેજી પરથી લખનારઃ—મી૦ દારાં કાપડીયા.

મી૦ દારાં કાપડીયાની "તોખમની તકોબરી" નામની નવલકથાનું અવલોકન કરતાં મને આનંદ અને બેદની બેગી લાગણી થાય છે. સંતોષની બીના એ છે કે આ મીશ્રીત લાગણીમાં આનંદનું પ્રમાણ વધારે છે, મારાં દારાં કાપડીયા મુછનો દોરો ફુટયો ન્હોતો ત્યારથી સાહિત્યની "બીખારી" પણ "રસીક" આલમના સમાગમમાં આવ્યા છે અને ધીમેધીમે તેમની નવલકથાકાર તરિકેની શકિત બીલતીજ જાય છે.

તોખમની તકોબરીમાં લેખક કહે છે તેમ "ધપાધપ ને ગપાગપ ખુનો" કે "ધમાધમ ને ભમાભમ પીસ્તોલોના ધડાકા" નથી પણ એક સાદી સરળ સંસારી વારતા છે. "માતબરની મહેરબાં" નવલકથાની મુખ્ય નાયીકા છે. જમાનાની ગીરદેશીથી માતબર કુટુંબ પાયમાલ થઇ જતાં તેને એક ગરીબીમાંથી તવંગર થયલા જવાન સાથે નાખુશીથી લગ્નની ગાંઠ બાંધવી પડે છે. અહિંથી વારતામાં ખરો રસ ઉભેરાય છે. મેહેરબાં પવિત્ર પણ તુમાખી છોકરી છે-તેનો પતિ પ્યાર ઘેલો મસ્ત છે. મેહેરબાંની નિર્દય બેદરકારી છતાં પણ તે મસ્ત જવાન તેના શબ્દને કાયદો માની માથે ચઢાવે છે ને છેવટે-છેક છેવટે મેહેરબાં તે મસ્ત જવાનની બેમુલ મહોબ્બતની કદર કરી તેના પરથી વારી જાય છે। જન્મથીજ સોના રૂપાના રમકડાં સાથે રમતા બાનદાનની નબીરાઓમાંજ "બાનદાની" ને "ગૃહસ્થાઇ" નથી હોતી પણ ગરીબામાં ને "હલકા" ગણાતા કુટુંબોમાં પણ "પીરેસ્તાઇ બસલત" અજબ હદે બીલેલી હોય છે તે બતાવવાનો હેતુ લેખકે સફળતાથી પાર પાડયો છે. દીલના દર્દ પરથીબ્રન મીશ્રીત ગુજરાતીમાં વર્ણવવાની મી૦ કાપડીયાની શકિત મોહક છે; છતાં અસલ અંગ્રેજી વારતા પરથી આ નવલકથા લીધેલી હોવાથી મેહેરબાંની "નિર્દય બેદરકારી" હિન્દુસ્થાનની રમણીને લાંછન લગાડનારી છે એમ કહ્યા વિના નથી ચાલતું. જે જવાન મેહેરબાંને માટે જ્યે બની શકે તો આકાશના તારા તોડવા પણ તૈયાર થાય તેના તરફ માતબરની મહેરબાં બતાવે છે તેવી બેદરકારી કોઇપણ જરથોસ્તી રમણી બતાવી શકે એ તદ્દન નહિ માની શકાય અને ન કલ્પી શકાય એવી વાત છે. મી૦ દારાંને હું આગ્રહપુર્વક વિનંતી કરું છું કે પશ્ચિમની વારતાઓને પારસી સંસારમાં ઘપાવવાને બદલે હવે સ્વતંત્ર નવલકથા લખવામાંજ પોતાની શકિત વાપરવી. પારસી સંસારમાં અનેક જાતના ગંભીર સવાલો છે કે જેના પર નવલકથાકારની અસરકારક કલમ જેવી ટીકા કરી શકે તેવી ધાર્મીક ઉપદેશકો કરી શકતા નથી. "માતબરની મેહરબાં"ની "ટહેકરાંઇ અને તકોબરી" આ નવલકથામાં છેક અકુદરતી હદે ન ગઇ હતે તો મી૦ દારાંની આ કૃતિ ઔર રસમય બનત. આટલી ટીકા સાથે મી૦ દારાંને આ નવલકથા લખવા માટે હું અંતઃકરણપુર્વક મુબારક બાદી આપી એ ભાઇને સાહિત્યના ક્ષેત્રમાં વધુ ને વધું કૃતેહ થવું છું.

—:o:—

સુંદર કોપી બુકો.

(પ્રગટ કરનાર:-"જીવજ્ઞાન.")

વિદ્યાર્થીઓને ખરેખર ઉપયોગી થઇ પડે એવી કોરાપાનાની નવી એકસરસાઇઝ બુક મી૦ જીવજ્ઞને બહાર પાડી છે તે જોતાં કંઇક નવું કરી બતાવવાની તેમની ઉમેદ સ્પષ્ટ જણાઇ આવે છે. બીનજરૂરી જાહેર ખબરો અથવા નકામી બાબતોથી એકસરસાઇઝ બુકના કવરો ગમે તેમ છાપીને પોરીઆઓને ગળે વળગાડી દેવાને બદલે મી૦ જીવજ્ઞને એક સંગીન સુધારો કર્યો છે અને તે બહારના કવર પર બોધદાયક અંગ્રેજી કવિતાઓ સાથે તેનો સુંદર તરજુમો બેતબાજીમાં રજુ કરવાનો છે. આ કવિતાઓ રસીલી, બોધદાયક અને અસરકારક છે અને ઉંચા ક્રીમલેડ કાગળની સુંદર બાંધણીવાળી આ એકસરસાઇઝ બુકસ વિદ્યાર્થી આલમને ઘણી ઉપયોગી થઇ પડે એવી છે. અંગ્રેજી કવિતાની ચુંટણી ખરેજ મનપસંદ છે અને એક દાહેકાથી બી વધુ વખતથી કવિતા દેવીની પુજા કરનાર મી૦ જીવજ્ઞને જોડેલી બેતો રસીલી અને વીદ્યાર્થીઓને બોધ આપે એવી છે. મી૦ જીવજ્ઞનના આ સાહસને ઉત્તેજન આપવાની અમે સર્વેને ભલામણ કરીએ છીએ કારણ કે બીજી સામાન્ય કોપીબુકોનીજ કીમ્મતે તે મેન્ડેટસ એજંસી, (૭૪, નાનાભાઇલેન, ચર્ચગેટ સ્ટ્રીટ પાસે કોટ, મુંબઇ) માંથી મળી શકશે. આ "કાવ્યમય" કોપીબુકો અમારા સઘળા વાંચકોને વાપરવાની અમે બેબડક ભલામણ કરીએ છીએ. આ એકસરસાઇઝ બુકની કિંમત ફકત ૧॥ આનો છે.

મેન્ડેટસ !

પ્રિય વાંચનાર, કરકસરની આ જમાનામાં બાસ જરૂર છે કારણ કે વેપારી મંદીને લીધે દરોજ સેંકડો આસામીઓને તહાતડ "પેડા" આપી દેવામાં આવે છે. આવા આફતના વખતમાં જો કરકસર નહી કરવામાં આવે તો મારવાડીના ઘર શોધતાં બી પતો લાગવાનો નથી. ઘર વપરાશની ચીજોના વપરાશમાં બાસ કાળજી રાખવાની જરૂર છે એટલુંજ નહિ પણ ઘરના વાસણો જરા કાણાં થઇ જતાં તેને ખુણામાં નાખી દેવા જોઇતાં નથી. જો ગળતાં વાસણોને સંધાવવા હોય તો તે માટે જ્યારે જોઇએ ત્યારે ગરમી મળવી મુશ્કેલ છે, રેવણ તાપ સામે ટકી શકતી નથી, સીમીટ કડાકુટ વાળી અને મોંઘી પડે છે અને રીવેટ જરૂર વખતે તૈયાર હોતી નથી. પણ હવે તમારે કંઇબી ચીંતા કરવાની જરૂર નથી. ગજવામાં આઠ આનાના દોઢીઆ નાખી નીકળી પડો ને "મેન્ડેટ"ની ખરીદી કરી લાવો ! ફકત સવા આનાના નજીવા ખરચમાં, એક પળમાં એક આંટો ફેરવ્યાથી બાલડી, બોઇલર, ટાંકી બાયટબ, ગીરણી, પીપો વીગેરે કોઇ પણ ધાતુના વાસણોના કાણાં તરતજ સંધાઇ જાય છે અને તે પાછાં નવા જેવાં વપરાશમાં આવે છે. એક ડબ્બીની કીમ્મત ફકત આઠ આના છે. અમારા વાંચનારાઓને આ "મેન્ડેટ" વાપરવાની અમે બાસ ભલામણ કરીએ છીએ.

નેકીનો નતીજો
અને
બદીનો બદલો.

લખનારઃ—હો. ળ. માકન.

પ્રકરણ પહેલું.

પહેલુ પગથ્થું.

વાંચક! અત્યાર અગાઉ ઘણી વાર હું દક્ષીણની રાજધાની આલા હજરત **નિઝામના** પાયેતખ્ત હુયદરાબાદની સયર કરાવી ચુકેા છુ, ત્યા કહેવાતી 'મુગલાઈ' પણ ખરેખર પરાક્રમી બાદેાશા ચેાલીસનાં એક વધુ પરાક્રમનુ બયાન અત્રે રજુ કરૂં છું, ઝરા ગઐારથી વાંચજે.

હુયદરાબાદનેા કાયેા રહીશ ત્યાંનાં પ્રખ્યાત મુગલના હેાટેલથી અજાણ્યેા હશે! પાછલી રાતથી ચા-કાફીની ધમાલ શરૂ થઇ પાછી મધ્યરાત થાય ત્યા લગી દહેરી જાતજાતની આમરેા રફત અને પાણીપીની જોહજા લેતી! ખાનામાં સુકકા લુખ્ખા નાનથી લઇ મુર્ગ-પુલાવ અને જાતજાતના હલવા અને શીરીનીઓ મઝેાજુદ, અને પીણામાં ચા-કાફી અને હમા કાસ્મનાં ખુશખુદાર અને લઝીઝ શરબતેા માગેા ત્યારે હાઝીર. શું કહ્યુ? ઐ મારા કાનમાં કેાઇ હળવેથી પૂછે છે કે 'કાંઇ છટ્ટા પાણી બી મળે કે?' અસ્તકફર અલ્લાહ! કાંઇ ખુદાખુદા કર બંદારાહર! ઐ બી કાંઇ તારી મુંબઇ નગ્રીનું 'તાજમહાલ' હેાટેલ જોયું કે? અરે ભલા આદમી! અહીં તેા તેથી ઉનટું, આવતા જતા સયલાનીએા પેટની પુજા સાથ પરમેશ્વરની પ્રાર્થના પણ કરવા ચુકતા નથી—અલબત્ત બધા નહીં પણ ચેાડાક તેા જરૂર વકતેાવકતની નમાઝ બારગાહે ઈલાહીમાં ગુજારવાને ચુકતા નથી.

ચાલેા હવે, આપણે મજકુર હેાટેલની ઝાહેર બબર લખવા નથી બેઠા, માટે આપણે આપણા કીસ્સાનેા પ્રારંભ કરીશું.

ઉપલાં હોટેલનાં એક એકાંત ખુણામાં એક ગોળ ટીપાઈની અતરાફ ડુંડાળુ બણી એક ત્રગડી ગરમાગરમ કૉફીનો સ્વાદ લેતી કાંઈ ગંભીર ચુફ્તેગુમાં ગુંતાયલી દેખાય છે. હોટેલવાળાઓ અકસર પોતાનાં દરેક ગૃહકોને ઓળખે છે અથવા ઓળખ કઢાડવાની તજવીઝમાં રહે છે–ખાસ કરી પોલીસવાળા–છુપી પોલીસવાળાઓને તો બરાબર ઓળખે છે, કેમકે એ સાહેબોને હોટેલો અને પીઠાંઓની મુલાકાત લેવાની તેમનો ધંધાની–ફરજ વારંવાર પડે છે, જેથી તેમના માંલીકોથી કોઈ અશરાફ [!] ઝાદાના શરાફતની [!] ખુબીઓ [!] તેમની જાણમાં આવે છે, અને તેમનાં કામમાં વધારે સહુલત અને મદદ મળે છે. એ મુજબ પેલા ત્રણ જણ ખુફીઆવાળા–છુપી પોલીસવાળા–હતા એમ હોટેલના માણસો આપસમાં ઇશારત કરી બોલતા સંભળાતા હતા.

એ ત્રણની ટોળકીની વાંચનાર સાથ સ્હેજ પ્રાથમિક પિછાણ કરાવીશું.

એક સોહણા દેખાવનો આસરે પાંત્રીસ વર્ષનો ભરજુવાન ત્રણેમાં વધારે હુશિયારવાળો દેખાતો હતો; અને તેમ હોવાનું દેખાયતું કારણ હતું–તે સર્વથી વડો અમલદાર હતો; તેનું નામ **નશીબખાં** હતું.

તેની ફરફર ગોઠવાયલા, ચટપટ્યા સ્વભાવનો એક ખુબસુરત પહેલવાન હતો–જો કે દેખાવે દુબળો પાતળો હતો. એનું નામ **અસગરઅલી** હતું.

ઉપલા બેની વચ્ચે હસેલો કાળી ચળકતી ચશ્મો, ભ્રમર જેવા સિયાહ અને સુંવાળા વાળ, અને મર્દાના દેખાવનો મોટી મુંછોવાળો બહાદુર હતો. તેના બીજા બે ગોઠયાઓના મુકાબેલામાં દેખાવે તે પસ્તાકદ–ઠિંગણો–અને વધારે કમસિન–કમઉમ્ર–જણાતો હતો પણ ગમે એવા ભયને સમયે તેના જેવો ઠરેલ અને શાંત મીઝાજનો તેના કરતાં વધારે અનુભવી જુના અમલદારોમાં ભાગ્યે એક બી હશે. એ ઠિંગણી બલાનું નામ **હાવર મિરઝા.**

ખુફીઆ પોલીસના આ ત્રણે હીરા અહીં હોટેલમાં શું સુખદુઃખ રડવા બેઠા હતા, તે હવે આપણે તપાસીશું.

શહેરના એક તવંગર પણ એકાંત ઝિન્દગી ગુઝારતા અમીર નામે ગયુરજંગે કોઈ ચોકકસ કામ માટે **નસીબખાંને** બોલાવી તેની સાથે ખાનગીમાં કાંઇ ગોઠવણ કરી હતી. તે એ કે તે ખુરેજાંના લાખો રૂપ્યાના દસ્તાવેજો–અને ખુસુસન તેની ગુમ થયલી ગોદમાં લાયેલી–પાળક કરીલી દિકરીને શોધી લાવનારને તે દરોલતના એક કુંવરથી નવાજી નાંખશે, જો કે દસ્તાવેજોના ચોરનારજ તેની દત્તક પુત્રીને ઉંચકી જનાર હોય એ વિશે તેને શક હતો એ એક વાત થઇ.

બીજી વાત એ હતી કે તેમના ગોદીઆ અસંગરઅલીની નાહની ચાર પાંચ વર્ષની એક બાળકી એકાદ વરસપર ગુમ થઈ હતી તેણીની શોધ કરવા પાંજળ તે મરેલો હતોજ–પણ તેના સાથીઓ પણ તેને મદદ કરવા માંગતા હતા,

પહેલી બાબતમાં **નશીબખાંનો** શક ગયુરજંગનાં મંત્રીપર હતો. આ જવાન ઘણો પરહેજગાર અને નમાઝી હોવાનું શહેરમાં દરેક જણ માનતું હતું, પણ અફસોસ! પોલીસનો

તેના વિષેનો અનુભવ જુદીજ કીસમનો હતો, ખાસ કરી અનુભવી **નશીબખાંનો** વિચાર તેની તરફેણમાં બીલકુલ ન હતો.

બીજા મામલામાં **નશીબખાંનો** અભિપ્રાય હતો કે બદમાશોમાં ત્રાસ વર્તાવી રહેલા **અસગરઅલીપર** પોતાનો કીનો લેવા કોઇ લુચ્ચો કે લુચ્ચાઓ તેની બાળક બેટીને ઉંચકી ગયા હશે. પણ તે જીવતીજ હશે.

બે માં વધારે અગત્યનું કામ પહેલું હતું, તેથી તેણે **ગીયાસુદ્દીન** કે જે ગયુરજંગના ભત્રિજાનું નામ હતું તેની પૂઠ પકડી. એ સિપાહદિલ સાધુભાઇનાં ધર્મ ધ્યાન (!) થી તે વાકેફ હોવાથી; કાહવાખાના, ચંડુલખાના, તવાયફોનાં અને શહેરના બદમાશોનાં ધામોમાં અહકે શહેરની બાહેરનાં સેંદખાના અને છેક સીકંદરાબાદની શરાબની દુકાનોમાં જઇ તેની શોધ કરવાનો ઠરાવ કીધો.

તેનો અંદાજો 'તીર-બ-હદફ' હતો. એક ખુશનુમાં સહાંજે ફરતો ફરતો સીકંદરાબાદ આવી ચઢયો. અને એક સુધરેલાં જુગારખાનામાં ધુસ્યો, જ્યાં કેટલાક સાહેબો શોક 'બીલીઅર્ડની' બાજી રમતા હતા તેમાં આપણા રમતાપંચી **ગિયાસુદ્દીન** પણ મોર ગોરાસાહેબના વેસમાં, તેમજ અબ્બાની બ્હારમાં બીરાજમાન થયલા હતા. તે મહાન દેવલ (!) ના બીજા ભાગમાં કેટલાક પાનાંપર હાથ ચલાવતા હતા તો વળી કેટલાક દીનદારો (!) હાથી દાંતના વેપારમાં મશગુલ હતા.

જાણે 'બીલીઅર્ડની' રમત આ ઝમાનાની કેવીક અજીબ અને મહાન શોધ હોય અને તેની પર મોહી પડયો હોય તેમ ઘણીજ અજાયબી સાથ નીહાળતો આપણો **નસીબખાં** ઉભો. થોડીકવાર આમ જોવા પછી જ્યાં આપણા પરહેજગાર (!) બીરાદર 'પોબારા' પુકારતા બેઠા હતા. બરાબર તેની રૂબરૂ ખુરસી માંડી તેને ખુબ ધ્યાનથી ટીકતો બેઠો.

પોતાના ધારેલા શિકારની સામે જઇ તેને એક ટગરે એવી રીતે જોયા કરવાની **નસીબખાંની** એક ખાસ રીત હતી કે જેથી સામેા શખ્સ ગુસ્સામાં આવ્યા વગર રહેજ નહીં; અને તેમ કરતાં બોલાચાલી પર આવી જતાં કેટલાક બેવકુફો પોતાનો છુપો ભેદ જાહેર કરી દેતા.

એજ રીત **નસીબખાંએ ગિયાસુદ્દીનપર** આઝમાવવા માંડી, એટલે ધારેલો અસર તુર્તજ તેની પર થઇ.

પહેલી વાર જ્યારે તેની આંખ્યો **નસીબની** ચંચલ ચશ્મો સાથે ચાર થઇ ત્યારે તે એમજ સમજ્યો કે વગર અર્થનું તે ટીકતો હશે એટલે પોતાની બાજીપર પાછું ધ્યાન પહોંચાડયું; પણ પાછી જોક ઉંચકી જોયું તો પેલો અણજાણો શખ્સ બેહુદી રીતે હજી તેનેજ ટીકતો હતો!

ફરી તે પોતાની રમતમાં પડયો, પણ તેનું ધ્યાન લાગ્યુંજ નહીં; તે બે વચન બનવા લાગ્યો, કે પેલો શખ્સ તેને એમ કાં ટિકતો હશે!

આખરે જેમ તેમ બાજી ખલાસ કરી તે ત્યાંથી ઉઠયો અને પાસેના કમરામાં આરામ કુરસીમાં અરડાઇ પડી ગન્જવામાંથી એક અખબાર ખેંચી કહાડી એક ભેદભરેલાં ખુનની ચટાકેદાર અને દિલ ધપકાવનારી વારેદાત વાંચવામાં મશગુલ બન્યો.

ખુનના અહેવાલની દરેક અંતર ખુબ બીઆસથી વાંચી રહી તેણે વર્તમાનપત્રની ઉપરથી બાહેર નિગાહ કીધી તો વળી પેલો તેને સતાવનાર સામોજ ઉભેલો!

બસ, હવે તેનાં ભીંગ ફરી ગયાં.

કુરસી પરથી તે ઉઠી ઉભો, અને સીધો પોતાને પજવનારની સામે આવી બોલ્યો, "કેમ હઝરત શું સમજીને ત્યારથી મને બેઅદબીભરી રીતે ઘુરતા ઉભા છ?"

"ઓહો! મારી રીતભાત બડી બેઅદબ લાગે છે કે જનાબ?" નસીબખાંએ કરડે કલેજે પુછયું.

"નહીં કે-ત્યારે!". તોછડાઇથી ગીયાસુદીને કહયું.

"પણ જનાબે આલી! બીજો ત્રીજો બકવો કરવા પહેલાં મારી બેઅદબીનો સબબ જાણવા નથી માંગતા?"

"બસી મરોની, એવું તે શું મહાભારત કારણ બનેલું છ!"

"સાંભળો ત્યારે; હું એક બોલોભાળો શખ્સ છું; પણ મને એવો વહેમ પડયો છે કે મહેના લીબાસમાં તમે એક અઓરત છો."

ગીયાસુદીન ગુસ્સાથી રાતો પીળો બની ગયો, તેણે મુકકો દેખાડતાં કહયું.

"અબ બેઅદબ એકદમ તારી ગુસ્તાખીની મોઆફી માંગ, નહીં તો એકજ દોહાદી મુકકાથી તારી બત્રીસી તોડી પાડીશ."

"ધીરે, ધીરે; મારા જવાન દોસ્ત ધીરે, તમારી મુકકાબાઝી આઝમાવવાનું મુલતવી રાખો, નહીં તો પસ્તાશો; બીજો બોલ બોલશો-તે અગાઉ તમે મારા હાથમાં અસીર થઇ લાચારજ બનશો."

"શું? મને કયદ કરશે? મને અસીર કરનાર અહેમક, શું સત્તાથી તું એમ બોલવાની બેઅદબી અને ગુસ્તાખી કરે છે? હું, બોલ!"

"આ જોઇ આખને રોશન કરો!" ગજવામાંથી ચાંદીનો એક નાનો ગોળાકાર ચાંદ દેખાડી કહયું. તે નાનકા ચાંદે ચમતકાર કીધો! તેપર આલા હઝરતનો તોગ્રા [મોનોગ્રામ] કોતરેલો હતો અને વધુ એ જણાવેલું કે તે રાખનાર બુરીઆ પોલીસનો આલા દરજજેનો અમલદાર હતો. એથી વધારે શું જોઇએ?

ગીયાસુદીનની રીતભાત ફેરવાઇ ગઇ.

"આપ સાહેબ બુરીઆના સરકરદા છો?" નમ્રતાથી તેણે પુછયું.

"તો શું તમે મને બા દોઝખખાનામાં જન્મા થયલા જુગારીઓ જેવો એક સમજતા હતા કે?"

"જનાબે મન, આપની કાંઇ ગલતી તો નથી? કારણમાં મેં એવું કશુંજ કીધું નથી કે જેને માટે પોલીસ મારો દુબાશો પકડે."

"બીબી જન, તમે એક અઓરત હોઇ મહેના લીબાસમાં આ પાપી ધામમાં આવો એજ તમોપર શક લઇ જવાને પુરતું છે; અને મને મારી ફર્જ અદા કરની જોઇએ."

"પાક અલ્લાહુ અને નબીની પનાહ! ખુદા ખયર કરે જનાબ; તમે ઝબરૂ ગોતુ ખાતા જણાઓ છે! શું મારી દઢાડી મુંછ મુડાવી નાંખી છે તેથી તમને એ વીચાર દોડયા? લેકીન ફી ઝમાના (હાલની) એ તો 'ફેશન' છે. અલબત્તા મુસલમાનોમાં હજી શુરૂઆત, લેકીન ઇંગ્રેજની બંદર નકલ કરતી પેલી ચાલાક કોમ જે પોતાની સખાવતથી જગ આશકાર બની છે તેની ઉપરતી અઓલાદ તર્ફ ઝરા નિગાહ ફરમાવશો તો એવા મુખન્નસોનો ટોટો નથી। એમ તો હયાની તેમના પાક જરથોસ્તી મજહબમાં બીડી પીવાની સખ્ત મુમાનીઅત છે, અને ઉંઘાડે માથે ફરવાની અયબ છે; પણ આજે તમે શું જોશો? રસ્તે રસ્તે ઉંઘાડા માથા, મોંમાં સીગાર ફુંકતા રખડે છે; વળી તેમાં કેટલાક તો કાગડાની પાંખ જેવા ગોરા (!) સાહેબો જેવા ઇંગ્રેજી પોશાકમાં પોતાની અઓરતો સાથે ફરવા નીકળે છે ત્યારે તમીઝ કરવી મુશ્કીલ થઇ પડે છે કે પેલી બાઇ અથવા આમઓ સાથ ચાલનાર કોણ તેમનો અઝીઝ કે બેશી હશે કે, તેમનો ગોઆનીઝ બટલર। વાસ્તે સાહેબ મુંછ મુડાવવાની તો આજની સુધરેલી 'ફેશન' છે–'જેન્ટલમેની' રીવાજ છે. હજી બી તમે મને એક અઓરત માનો છો?"

"ખાતુ છું બલ્કે ખૂબ જાણું છું." મક્કમપણે નસીબખાંએ કહયું.

"પણ, જનાબ; આપની ચશ્મે મુબારકથી શું જુવો છો? હું એક અઓરત દેખાઉ છું કે મર્દ?"

"મારી આંખોએ જોયલી હકીકતપરજ મારો દારોગદાર છે–મારો આધાર છે। બાર વરસ પર જોયલું જે ધણી ચોકકસ યાદ રાખે તે શું સિર્ફ બે હફતા–ફકત બે અઠવાડીઓપર જે જોયું હોય તે ભુલવાની ભુલ કરેબી। અને તેથી તમારી સુરત જોતાંજ હું પામી ગયો કે તમે કોણ છો?"

"બે હફતાની વાતપર મને જોયો?" ગીયાસુદીને પૂછયું.

"જી, હા!" નસીબે ટુંકા જવાબ વાળ્યો.

"મહેરબાની કરી ફરમાવશો કે કયાં?"

નસીબખાંએ તે મોહલ્લાની નિશાની આપી કે જ્યાં નવ્વાબ ગયુરજ'ગની હવેલી હતી, અને તેની પેલાપર કેવી અસર થઇ હતી તે તેણે સંતોષ વચ્ચે તપાસી હતી.

"અરે સાહેબ! તમે ઝબરૂ ગોતુ ખાતા જણાઓ છો." રહેજ હસીને ગીયાસુદીન બોલ્યો "મારી ઉમરમાં મેં તે મહેલમાં પગ નથી મૂકયો એમ ખાતરીથી માનજો. તે મહેલો કયાં છે તે તો નથીજ જાણતો પણ આજની ઘડી સુધી તેનું નામ વટિક સાંભળેલું નહી!"

"ચાલાકી ચાલશે નહીં બેગમ સાહેબા! હું કહું છું કે મેં તમને ત્યાં જોયાં હતાં; શુમારે રહાંજના છ વાગા તે વકતે તમે સરથી પા સુધી પરદેપોશ હતાં–જાળીનો ખુર્કો તમારા ખૂબસુરત ચહેરા પર હતો અને સુફેદ ચાદરમાં તમારૂં શરીર ઢંકાયલું હતું તે છતાં જાલીની કુંડી અને આસમાની રેશમની ઇજાર હું જોઇ શકયો હતો–એ સિવાય વળી....."

"પાક ખુદાની પનાહ!" ગીયાસ વચ્ચે બોલી ઉઠયો. "સબ્ર-સબ્ર! હવે હું ખાતરીથી કહું છું કે તમે ભૂલથાપના ભોગ થઇ પડયા છો હું એક લહેજામાં તે સાબિત કરીશ."

"મારી બિલ્કુલ ભૂલ છેજ નહીં."

"હું કસમથી કહું છું કે આપ ભૂલ કરો છો. તમે મારો ચહેરો જોયજ કેમ શકો! મણ પડની જાલીનો મેં નિકાબ નાંખ્યો હતો, તેમાંથી મારો ચહેરો તમે જોયજ કેમ શકો એ મારી અજાયબી છે!"

"હું કયાં ના પાડું છું કે તમે જોડો નિકાબ નહીં નાખેલો." ખુબ હસીને નસીબખાંએ કહયું.

કહેવત ખોટી નથી કે 'દરોગ-ગોરા હાફેજા નિસ્ત' યાને જુહાને યાદદાસ્ત હોતી નથી. હુશીયારી કરવા જતાં ગીયાસે કાચું કાપી દીધું હતું. તે કેવું ધચ્છતો હતો કે પેલા કમબખ્ત કલામો તેને મોઢે નિકળ્યા પહેલાં તેની જીભ કેમ નહી કરડાઈ કપાઇ ગઇ! પણ ફોકટ! પોતેજ પાંયરેલી જાલમાં તે ફસી પડયો હતો. ઘેાળાયલાં દુધ પર ગમ બેસુદ હતો! તે આખાદ નશીબખાંના હાથપર વેચાઇ ગયો હતો.

"તમે ઘણા ઝહીન જણાઓ છો લેકીન તમારી યાદદાસ્તે આજે તમને દગો દીધો છે. ઝરા યાદ કરો, જ્યારે તમે એક અઓરતના અવતારમાં નવ્વાબ ગયુરજંગની હવેડીમાં ધુસ્યા, અને પાછલે દાદરથી તેમની હવેલીમાં દાખલ થયા. તે બધું એક નોકરે બરોબર જોયું હતું." એમ કહી બીજી બાબતો એવી બારીકાયી કહી સંભળાવી કે જાણે પોતાનાં મઓતને સામે આવી ઉભેલું જોતો હોય તેમ ગીયાસુદીન દબાઇને ડોળા ફાડી જોવા લાગ્યો.

આખરે ફરી એકવાર ચુપકીદી તોડી નસીબખાંએ આગળ ચલાવ્યું:-

"કેમ, હવે તો ખાતરી થઈ કેની કે હું ભૂલમાં ગોતાં ખાતો નથી!"

ગીયાસુદીન ખામોશ દસ્તબસ્તા-હાથ જોડી ઉભો.

"ચાલો ત્યારે હવે સાચેસાચો એકરાર કરી દો, કે મર્દ છતાં એક અઓરતનો સોંગ લીધેલો તે ખરૂં કે, એક સ્ત્રી હોઇ પુરૂષનો વેષ ધારણ કરેલો ઢોંગ કરો છો તે ખરૂં?" નસીબખાંએ પુછયું.

"કદી પણ મેં અઓરતનો એબીયલ અવતાર લીધો હોય તેનો હું સદંતર ધન્કાર કરૂં છું" એમ કહી ત્યાંથી ચાલી જવા તેણે પીઠ ભરડી તેજ પળે પાછળથી એક ઝબરદસ્ત હાથના પંજામાં તેની ગર્દન પકડાઇ, અને પાછું ફરતાં જોયું તો નસીબના હાથમાં હાથકડી તૈયાર હતી! તેણે જોઇ લીધું કે આ છટકામાંથી છટકવાનું આસાન નહીં હતું-તેને બાહોશ અને બહાદુર કરવૈયા સાથે કામ પડયું હતું.

નસીબખાંએ પાછું પુછયું કે "જનાની ઢોંગ સોંગ કરી નવ્વાબ ગયુરની હવેલીમાં ધુસવાનો સબબ જણાવશો?"

"મેં કદી જનાની ખ્વાહીશ પહેર્યોજ નથી."

"ઠીક; તમારૂં નામ ગયાસુદીન છે-તમે ગયુરજંગના હકીકી ભત્રિજા છો-એનોણી તમે ધન્કાર કરો છો કે કરવાની કોશીશ કરશો?"

"તમે કહો છો તે ખરૂં છે."

"તમારા એકરાર માટે તમારો આભાર માનવાની અગત્ય નથી; પણ જ્યારે નવ્વાબની સાહેબઝાદી–તમારી ચચાઝાદી નજમુન્નીસા ઘરમાંથી ચાલી ગઇ ત્યારે તેનાજ પોષાકને મલતો જુલતો લિબાસ–એટલે સ્વાંગ લઇ તમારા ખુશ્બાર્ગ કાકાના મકાનમાં છુપી રીતે દાખલ થવાનો સબબ સાચેસાચો કહેશો તો ઉપકાર કરશો."

"મારી કોઇ ચચાઝાદી છેજ નહીં, તેમજ નજમુન્નીસા કઈ બલાનું નામ છે તે હું જાણતો નથી અને તમો કહો છો તેમ સ્ત્રીના વેષમાં તે ઘરમાં ઘુસ્યોજ નથી."

"બહુ સારૂં સાહેબ; ત્યારે કદાચ મારીજ ભુલ હશે. ગલતીથી દેખાઇતી રીતે કાપેલી મુસ્તાખી મોઆફ કરજો જનાબ." એટલું કહી **નસીબખાં**એ ત્યાંથી ચાલતી પકડી.

તેના જવા પછી એક પળ રહી ગીયાસે તેની પુઃ પકડી. જો માણસના મોંઢા પરથી ખુન પારખી શકાતું હોય તો તેના ચ્હેરાપરથી કોઈ પણ કહી શકિત કે તે એક ખુની હતો.

પણ બીહવા જેવું કશું હતું નહીં. **નસીબખાંનાં** નસીબમાં તો ધડકધુજારા રોઝનાજ લખેલા હતા. કોઇ પણ ભય સામે થવા તે હમેશા તૈયારજ રહેતો.

થોડેક છેટે જવા,બાદ પોતાની આદત પ્રમાણે પાછું ફરી જોયું, તો એક આકાર પોતાની પુઠે આવતો જણાયો–જે તેણે પોતાની ચંચળ બુધ્ધીથી જાણી લીધું કે **ગીયાસુદીન** સિવાય બીજું કોઇજ નહીં હોય.

ઉપલો વીચાર સુઝતાંજ તેણે ઝડપથી ચાલવા માંડયું અને એવી એક જગા તર્ફનો રસ્તો લીધો કે જ્યાં પોતાની મતલબ મુજબનું કામ સરંજામે પુગે.

અલકારસા, તે બન્ને એક એવા સ્થાપર જઈ પહોંચ્યા કે રાતને વકતે તો શું પણ બોલે દીવસેબી કોઇ શરીફ આદમી ત્યાં જવાને અચકાય. પણ **નસીબખાં** તો બેધડક બદમાશોની તે વસ્તીમાં ધસી-ગયો અને એક ગલી આગળ આવતાં તેમાં વળ્યો, અને **ગીયાસની** નજરથી ગુમ થયો.

પણ **ગીયાસ** બદમાશોનાં આ સંસ્થાનની દરેક ગલીપી વાકેફ હતો. ટુંકે રસ્તે આડા અવળા ભાગો વટાવી ઉપર કહેલી ગલીને બીજે નાકે તે જઇ પૂગ્યો, અને પોતાના તુફંગચાનો ઘોડો ચઢાવી એક ઘરના ઓળામાં સંતાઇ **નસીબખાંનાં** આવવાની વાટ જોતો આતુરતાથી ઉભો. પણ પાંચ મિનિટ પસાર થવા છતાં **નસીબખાં** કે કોઇ ઇન્સાનનો પત્તોજ નહીં !

તે જરા આગળ વધ્યો અને એક ઘરના ઉંચા ઓટલા પરથી પોતાના ધારેલા ભોગની રાહ જોતો હતો.

લગભગ અરધો કલાક ડોળા તાણી તે મકકાર ખુની કંટાળી જઇ બડબડવા લાગ્યોઃ–

"આ વકતે ઓ બેહયા બચી ગયો છે; લેકીન એકજ વકતે ઓ કુત્રો અને હું આ શહેરમાં દમ લેઇ શકીએ નહીં–એટલું ભરવુંજ જોઇએ."

દાંતો કચકચાવતો કીનાબાજ **ગીયાસ** ત્યાંથી નિકળી ચાલ્યો.

તે સીધો પુરાના પુલ પાસે નદી કિનારે ગયો, અને એક કીસ્તીવાર સ્વાર થયો; અને પુરોજ એક મજબુત બાંધાનો શખ્સ દાખલ થયો અને બેહરકારીયા **ગીયાસની** બરાબર

રબર બેઠો. પણ ગીયાસે તે પર ધ્યાન આપ્યું નહીં અને માથે હાથ દઇ કાંઇ ઉંડા વિચારમાં પડયો; અને કિસ્તીએ ધીમે ધીમે ચાલવા માંડયું.

એકાદ માઇલને છેટે પુગતાં કિસ્તી અફઝલ પુલ આગળ આવી થોભી.

ગીયાસુદ્દીન કિનારે ઉતર્યો તેજ વખતે કોઇ બુકોવાલી અોરત તે કીસ્તીમાં દાખલ થઇ.

બતાની બુકો હેઠળ બનતા હઝારો વીચીત્ર અને ભેદી બનાવોથી વાકેફ હોવાને લીધે પેલો મઝબુત બાંધાનો શખ્સ, જે કોઇજ નહીં પણ બદલેલા વેષમાં આપણો નસીબખાંજ નસીબની બાઝી આઝમાવવા આવ્યો હતો, તેની કુદરતી રીતે જીજ્ઞાસા ઉશ્કેરાઇ.

વિજળીના ચમકારા મીસાલ તેને વીચ્યર આવ્યો કે જે ભેદ ઉકેલવાની તે કોશીશ કરતો હતો તેજ ભેદભરમ સાથે એ બુકોવાળી સ્ત્રીને કાંઇ નીરબત હોવી જોઇએ; પણ હાલ તુર્ત તેનો બીઆલ પડતો મૂકી ગીયાસની પૂઠેજ ગયો, અને બે ત્રણ પળમાં તો તેને પોતાની આગળ ચાલતો દીઠો.

શહેર બાહેરના મલકપેઠ તર્ફના લત્તાપર આવેલાં એક મકાનમાં તેને ઘુસતો જોઇ, તથા આસપાસની હાલત તપાસી નસીબખાં પાછો કીસ્તીપર આવ્યો, ત્યાં આવતાંજ જે પહેલી ખબર સાંભળી તેથી તે હયરત પામી બોલ્યોઃ-"યા ઇલાહી! હું સરાસર બેવકુફ બન્યો! ઇન્સાઅલ્લાહ, આમંદે હવે જોનીપર રહેજ પણ શક જરશે તેની પૂરી પકડીશ."

નસીબે શું ખબર સાંભળી હતી! એજ કે પેલી બુકોવાળી સ્ત્રી નદીમાં પડી ગઇ થઇ ગઇ હતી. એક બાઝી હાતથી ગઇ.

પ્રકરણ બીજું.

ભુતના ચાળા!

ઉપર વર્ણવેલા બનાવ પછી આસરે એક અઠવાડીઆં બાદ તે પાયેતખ્ત શહેરમાં એક દુઃખદાયક વાતે નાહનાં મોટાં મંડળોમાં મોટો ગભરાટ વરતાવી મેલ્યો હતો, હથીઆરબંધ વસ્તીવાળા આ નામીચાં શહેરમાં મહીનામાં એકાદ ખુન થવાનું કાંઇ નવાઇ જેવું ન હતું-પણ આ વખતે તો એક ભયંકર ખુનને બદલે ભેદ ભર્યા આપઘાતની-એક આબરૂદાર ભલા અને પૈસે પૂર નવાબના આપઘાતની વાત હતી.

મહુમ નવાબ મલક પેઠના એકાંતમાં એક આલીશાન મકાનમાં એકલા રહેતા, અને તેમનાં ઘરનો કારોબાર તેમની જુની બાંદી નામે જમાલબી ચલાવતી, જેણીએ નવાબને સર્વથી પહેલાં મુવેલા જોયા હતા; તેણીનો ખુલાસો ટુંકમાં નિચે મુજબ હતોઃ—

"મરણની આગલે દિને નવાબ ગયુરજંગ ઘણા ગમગીન જણાતા હતા; બલકે તેવણ ઝેમ પણ બોલ્યા હતા કે, "હું નહીં ધારતો કે આવતી કાલનો ખુરશીદ જોવા પામીશ."

પંચનામું થયું; મુખ્ય ગવાહ "મઝકૂર બાંદી જમાલબીબ હતી. તેણીએ કુરાને શરીફના કુરાનથી ઉપર કહેલીજ વાત કહી સંભળાવી. વધારે તપાસમાં તેણીએ જણાવ્યું કે "હમેશા નબ્બાબ સાહેબ બડી બામદાદમાં ઊઠતા હતા, પણ આજે રહેજે મોડું થવાથી ગારા દિલ ચટપટ થયું અને તેમના કમરામાં જઈને જોવાનું દિલ થયું."

"અને તું, ઔરડામાં ગઇ અને જોયું?" કૅરોનરે પુછ્યું.

"નહીં સરકાર; નબ્બાબના ઔરડામાં ફામસર બોલાવ્યા વગર હું પગ મુકતી નથી. પણ આજે રહવારે કુદરતી મને હાયબત લાગવા માંડી તેથી મેં બારણું ઠોકયું ને કોઇ જવાબ નહીં મળવાથી હું અંદર ગઇ."

"ત્યારે બારણા ખુલ્લાં રાખીનેજ સુવાની મરનારને આદત હશે?"

"નહીં ખુદાવંદ; હમેશા અંદરથી ઝનજીર લગાડી સુતા હતા પણ કોણ જાણે ગઇ રાત્રે કેમ ખુલ્લું રહેવા દીધું."

"વારૂ; અંદર દાખલ થતાંજ તેં શું જોયું?"

"બિબ્લા! શું કહું? તે દેખાવ જોવા પહેલાં અલ્લાહમીયાંએ મારી આંખો ફોડી નાંખી હતે!" અને પેલીએ ઝારઝાર રડવા માંડયું.

"ગરીબ બિચારી! અંબ સિતમઝદા, તારો અહેવાલ પૂરો કર. ઇન્શાહઅલ્લાહ!—રાઝ ફાશ થશે અને મુજરીમ સઝા પામશે."

"આમીન!" પેલીએ આસમાન તરફ ઊંચા હાથ કરી કહયું "કમરામાં દાખલ થતાંજ હું તો ગભરાઇ ગઇ! તેવણ પોતાની આરામ કુરસીપર છવતાં માણસની મોઆફેક બેઠાયલા હતા; રાતે સુવા જતી વકતે પહેરેલાં ઢીલાં કપડાં તે નામદારનાં પાક બદનપર હતાં. આપની તાબેદાર બાંદીએ પહેલાં તો એમજ ધાર્યું કે મારા આકાએ વતીનેઅગત મને રિઝક દેનાર મારા માલિક—કુરસીપર આરામ કરતા હશે અને હજી ભર નિન્દમાં હશે, અને તેથી પાંજરે પગે કમરો છોડી જવાની અણીપર હતી; પણ યા અલ્લાહ! હું અટકીને ઊભી—એક કદમ આગળ કે પાછળ ભરી શકી નહીં—જાણે ઝમીન સાથે સિટકી ગઇ—કારણ કે મારા મુરબ્બીની આંખો પલક માર્યા વગર ખુલ્લી જોયા મને ઘુરીને જોતી હોય તેમ ખુલ્લી હતી.

"મારી તમામ હિમ્મત અને તાકાત જમા કરી હું વધારે આગળ ગઇ, અને યા રસુલે અરબી! યા નબીએ અલ્લાહ! મારી છાતીજ ફાટી ગઇ! મારા ખુલ્લાર્ગ નબ્બાબ સાહેબના દુશમન મરી ગયા હતા—તેમના પાકજેહ બદનનું પંખેરૂ બદતરપી જિન્દાનમાંથી રિહા થઇ બાગે બિહીશ્તમાં પરવાઝ કરી ગયું હતું. લેકીન મારી પાકી બાતરી કરવા મેં બે ત્રણ મારી ઘૂમ પાડી મગર જવાબજ નદારદ! અને જવાબ મેળવવાની આશાબી હતીજ કયાં?

"હું છેક મારા બિબ્લા નબ્બાબ સાહેબ આગળ ગઇ, અને ડરતાં ડરતાં તેમની પિશાની પર હાથ મૂકયો તો બારા ધમામની મદદ! નરો બાણે બર્ફનો ટુકડો!

"બધારે હિમ્મત ધરી હાથ પકડી નબ્જ તપાસી જોઇ, તે ચાલતી નહીં હતી!"

"વધુ વાર એ દેખાવનું દુઃખ હું સહી શકી નહીં અને ચીખ પાડી જમીનપર પછડાઈ પડી–બેહોશ બની પડી; અને મારી ચીખ સાંભળી દોડી આવેલી મામા અમીનાએ મારાં મોંહપર પાણી છાંટી હુશયાર કીધી."

મામા અમીનાને શાક્ષીનાં પિંજરામાં ઉભી રાખી પૂછતાં ઉપર છેલ્લા ફકરામાં કહેલી બીનાની બોલેબોલ મળતી ગવાહી આપી.

વધુ સવાલોના જવાબમાં જમાલબીબીએ જણાવ્યું કે "સાહેબ, મરનારની કુરસીની બાજુની તીપાઇપર એક નાનું ગિલાસ હતું અને જમીનપર આ કાગઝનો પુરઝો પડેલો હતો" અને કાગળનો એક કટકો કહાડી દેખાડયો.

સરકારી હકીમ સાહેબે, તે બન્ને તપાસીને મત આપ્યું કે કાગઝમાં એક કાતિલ ઝહેરની ભૂકી હજી પણ વળગેલી હતી, અને તેજ ભૂકી પાણી સાથ પેલા ગ્લાસમાં મેળવી મરનારે પીધેલી હોવી જોઇએ કારણકે તેની રાજકણો હજી લગી ગ્લાસમાં વળગેલી હતી.

બીજી કેટલીક નિરજીવ બાબતોની તપાસ કર્યા બાદ પંચે એકમતે ચુકાદો આપ્યો કે:–

'મરનાર નવાબ ગયુરજંગે ગમગીનીનો અંત લાવવા કાતિલ ઝહેર પીને આપઘાત કર્યો હતો.'

'કોરોનર'ની તપાસ વેળા શાક્ષીઓ અને પંચના સભાસદો સિવાય બીજા ચાર શખ્સો હાઝર હતાં કે જેમને આપણે અત્યાર અગાઉ ઓળખી ચૂકયા છીએ. એ ચારમાં ત્રણ તો છુપી પોલીસવાળા છુપા વેષોમાં હાઝર થયા હતા. આજના બનાવથી તેઓએ ગોઠવેલાં કામમાં ગોયા એક મુસ્કેલી વધી હતી. ચોથો શખ્સ મરનારનો એક પુરો ભરોસો અને ફાયદાપુર્વક વારેસ ગીયાસુદ્દીન હતો. મરનાર નવાબનાં મરણથી સિર્ફ તેના સિવાય કોઇને લાભ ન હતો. ઉપલા ત્રણમાંથી કોઇ પર પણ તેનો શક શુબોહ હતો નહીં કેમકે નસીબખાં એક અરબના અવતારમાં આવ્યો હતો અને બીજા બેને તો તેણે આગળ કદી જોયલાજ નહીં; તેનો મનમાં એમજ મલકાતો હતો કે તેની હિલચાલ પર કોઇનીજ નિગાહ નથી.

પંચનામું મકાનના પાછલા વરંડામાં ભર્યું હતું. કોરોનર સાહેબ એવી રીતે બારણાને પીઠ કરી બેઠા હતા કે તેમની રૂબરૂ આવતાં ગવાહને તેમની પાછળનાં બારણાંમાં ઉભેલો શખ્સ બરાબર જોઇ શકે. એ મુજબ જ્યારે જમીલા જુબાની આપવા ઉભી ત્યારે તેણીની નજર પેલા દરવાજામાં ઉભેલા ગીયાસુદ્દીન પર ચોંટેલી હતી, અને તેની તરફથી આંખના ઇશારાથી મળતી ચેતવણી અને હિદાયતની હિમ્મતપર તેણી સવાલના જવાબો આપતી હતી.

કોયનો આંધળો ગીયાસ કયાં જાણતો હતો કે તેની દરેક હિલચાલપર ચોકકસ નિગાહ રાખી એક બાહોશ 'ડિટેકટીવ' ત્યાં બેઠેલો હતો.

નસીબખાંએ વિચાર્યું કે "આ મુકદમો ખુદકશી–આપઘાત–કરતાં ખુનનો વધારે લાગે છે." અને તેના પુરાવા મેળવવા બનતું કરવાનો તેણે નિશ્ચય કર્યો. દરેક સવાલ જવાબનો મનમાં તોલ કરી તે ચોકકસ મત પર આવ્યો. કયારે, કેમ, શા કારણસર અને કિયા કરપીનને હાથે ખુન થયું હતું, તેનો તેણે નીચે મુજબ સિલસિલો જમાવ્યો.

પહેલું—એ કે મરનારનો બાકાયદા હકદાર વારેસ ગીયાસુદ્દીન અને બાંદી જમીલાબી દેખાતી રીતે મળેલાં અને એક બીજાનાં મદદગાર હતાં.

બીજું—જમીલાની જુબાની એક સાધારણ બાંદી કરતાં કોઇ બકકાર અઓરતના જેવી હતી—બલકે બોલેબોલ બનાવટી હતી.

ત્રીજું—ગયુરજગની મુલાકાતવેળા નસીબખાંએ જોઇ લીધું હતું કે મરવાથી તેવણ ઘણા બીહતા હતા, અને ધરમી માણસ હોવાથી આપઘાત જેવું દોઝખી કામ તેવણ કરેજ નહીં.

ચોથું—મામુલની બિલાડ આજેજ કાં એ બાંદીનાં લિલમાં નખ્વાબને જઇને જોવાની ચટપટ અને ઉતાવળ પડી? વળી જે ચમચીથી પેલાં ગ્લાસમાંનું ઝહેર ડોળ્યું હશે તે ચમચીના હાથાને અઓરતના એક નાના વાળનો કટકો લાગેલો દેખાયો હતો તે પર પંચે બીઆસ આપ્યો નથી—તે બાલ કોણનો? તેનો રંગ જમીલાનાં ઝુલ્ફોને આબાદ મળતો હતો.

બરેબર નવાબ ગયુરજગના ખુનની વાત એક બારીક બાલના કટકાપર આવી અટકી હતી: પણ તેજ ઝાંણા બાલના ટુકડામાંથી નસીબ એક એવું મઝબુત દોરડું બનાવી ગુન્હેગાર મર્દ યા અઓરત જે હોય તેનાં ગળામાં ફાંસો નાંખવા માંગતો હતો.

અલબત્તા 'કોરોનર' અને પંચ સનમુખ પડેલી સાક્ષી મુજબ સઘળું બરાબર અને વાજબીજ થયું હતું; પણ તે તપાસ ખતમ થવા બાદ આપણી 'ત્રગડી' વળી મસલેહત ચલાવવા મળી અને ચોકસ ગોઠવણ કરી વિખરાઇ ગઇ.

ગયુરજગની લાશ અજમેર શરીફમાં તેમના બાપના બપાવાની દરગાહમાં દાટવાનો વિચાર જાહેર કરી ગીયાસુદ્દીને હજી દફનાવી નહીં હતી, પણ તેમનીજ હવેલીને ભોંય તળીએ રાખી હતી.

'કોરોનર'ની તપાસ પૂરી થઇ તે રઢાંજે ગયુરજગની એકાંત હવેલી આગળ એક ગામડીયો ભમતો જણાયો.

ચેરાગ બતી થવા પછી એક મુસલમાન ગૃહસ્થ એક બે બુકોપોષ અઓરત સાથે તે હવેલીમાંથી નિકળી જતો જણાયો. પેલો ગામડીયો જાણે પેલી મહેલ જેવી હવેલી જોઇ અત્યંતપણામાં ગર્ક હોય તેમ ઘણાં ધ્યાનથી નિચે ઉપર જોતો ઉભો હતો તેની બાજુમાં થઇ બલકે અથડીને પેલો ગૃહસ્થ ગયો તોબી તે એક અણઘડ ગામડીઆની રીત પ્રમાણે જાણે કશું બન્યુંજ ન હોય તેમ તે મકાનની ખુબસુરતી જોવામાં લીન બનેલો હતો. કોઇ અરેજ દહેકાની હશે? આંગળા ચાલો જોઇશું; દેખાવપર ભૂલવું નહીં.

પેલો ગૃહસ્થ અને તેની સાથવાળી અઓરત થોડાંક કદમ દુર નહીં ગયાં હશે કે પેલો ગામડીયો એકલો એકલો બડબડતો સંભળાયો. તે બોલ્યો:—

"બેહદ બરમનો ભંડાર એજ મકાનમાં ભરેલો છે; એ ભેદનો ખરડો ચોરી બરમ બોલવાનું બારેજ કામ છે; અને ધન્યાઅલ્લાહ! આજ રાત્રે હું તેમાં કામમાબ બનીશ."

આમ બોલી તે ઘરડા દેખાતા ધામટે એક જવાન કરતાં પણ વધારે તેજ નિગાહે તે ઘરમાંથી નિકળી ગયલાંને નજરથી ગુમ થયાં ત્યાં લગી જોયાં.

રાત્રીનું રાજ્ય હતું–સૌ કોઇ પોતાનાં ધંધા રોજગારથી ફારેગ થઇ પોત પોતાને ઠેકાને આરામ લેતું હતું–સર્વે શાંત હતું.

ગયુરજ ગની લાશ આપણે વાંચી ગયા તેમ તેની હવેલીને ભોંયતળીએ પડેલી હતી. એક ઉંચી શમએદાનમાં ચેરાગ રોશન હતો. મખમુલી નર્મ બિછાનાપર પોઢનાર અમીર, આજે એક ચટાઇપર ભોંયે પડયો હતો–અલબત્તાં તેનું નાશકારક બદન પડેલું હતું જ્યારે તેનું પવિત્ર રૂહ તો પોતાની ભલી કરણી પ્રમાણે દાદારની દરગાહમાં બિહિસ્ત મુકામે પહોંચી ચુકયું હતું–કારણ કેઃ–

'શુ આહંગે રફતન કુનદ જાને પાક,
ચે બર તખ્ત મુર્દન, ચે બર રૂએ ખાક?'

યાને જ્યારે પાક રૂહતું પંખેરૂ આ ફાની જેહાંથી ઉડી મુલ્કે જાવીદાનીમાં જવા ચાહે છે, ત્યારે બાદશાહી તખ્ત કે ખાકનું બિસ્તર તેને માટે સરખુંજ હોય છે.

ઉપર લખ્યું તેમ સર્વ શાંત હતું–પણ મરનારના સ્મશાણ જેવા ડરામણા ઓરડામાં એકજ જીવતું જાનદાર–અને તેપણ એક બની આદમ–ઇન્સાન હતું. મરનારની લાશની બરાબર રૂબરૂ એક ધરડો હબશી સાંદરીપર 'કાપરાં લેખતો' દીવારને અઢેલી હાથપગ ચલાવી બેઠેલો હતો. જાણે પોતના સિયાહ કમરાને શણગાર આપવા તે સિયાહરને લાવી ત્યાં બેસાડયો હતો! નરો જાણે ઇંદ્રિસભાનો કાળો દેવ!

તે ભયભિત ઓરડાનું બારણું કોઇએ ધણીજ સંભાળ લઇ હળવેથી ખોલ્યું અને એક મર્દ અંદર દાખલ થયો.

એ દાખલ થનાર એકવડીયો ઠિંગણાં કદનો ભણી ખાધેલા ફિક્કા ચહેરાવાળો જવાન હતો.

આપણે વાંચી ગયા તેમ સિધીભાઇ આડામુડી તો કાપરાં લેખતાં હતા એટલે અંદર કોણ ઘુસી આવ્યું હતું તે તેની બલાને બી ખબર ન હતી; પેલો શખ્સ પગના અંગુઠાપર ચાલતો ધીમેથી તેની આગળ ગયો અને તે હબશીનના ફરીસ્તાનાં ખભાંપર હાથ મુકી બોલ્યોઃ–

"મજુક! મજુક! બીદાર થા!"

"અસ્સલામ વાલેકુમ! હઝરત ગીચાસુદીન સાહેબ!" આંખો ચોળી અવાચી ખાતાં શીદી મજુક બોલ્યો.

"કમબખ્ત! અહીં ચૌકી કરવા રાખેલો કે ઉંઘાવા?" પેલા જવાને ઠપકો આપ્યો.

"બરોબર; બરાબર ચૌકી–પહેરા–નીગેહબાની બંદા મજુક કરેછ જનાબ આલાબ ગર્જ!"

"પણ હમણાં તો ઘોંટાઇ ગૂવેલો હતો?"

"ફકત યક લહેજા યક પલક, ખુદાવંદ."

"આ કબરામાં કોઇ આવ્યું હતું"

"મકદુર કોણની જિલ્લા! શીદી મજુકના નામથી શયતાન બી ડરીને નાહસે."

"કમબખ્ત, મુવો છેજ શયતાન સુરત! કોનાં પગલાં થી નથી સાંભળ્યાં?'

"મારી ચશ્મો બંધ હતી લેકીન કાનો તો ખુલ્લાજ હતા તો જરૂર સાંભળતે. લેકીન મસકિલ મઝોતની મજાલ નથી કે અહીં કદમ ધરવાની હિમ્મત કરે. ખુદા હજરતને સલામત રાખે!"

"કોઇ સણસારો જણાયોજ નહીં?"

"કોઇ ચીજ નહીં બંદેનવાઝ." મશ્કુકે ખાતરી આપી.

"મને તો જમાલનો બધો ધકારો લાગે છે." તે જવાન બોલ્યો.

"શું જોયલું તે બયાન કરે છે સાહેબ?" શીદી મશ્કુકે પૂછ્યું.

"ધુળ ને ધમાસા! તેણે મારા ઓરડામાં આવી નાહક ઉંઘમાંથી ઉઠાડયો અને કહેવા લાગી કે કોઇનો સણસારો જણાતાં પોતાના કમરાનું બારણું બોલી જોયું તો દાદરપરથી ઉતરી અહીં આવતો કોઇનો સાયો જોયો."

"શું તેવણ એમ બી બોલ્યાં કે તે સાયો બલકે શયતાન ચાલી ચલાવી પોતાના મઝોતની શોધમાં આ ઓરડામાં બી આવ્યો હતો?"

"અરે તે બિકણ ડાકણ તો બાતરીથી એમજ માનેછ; વળી એટલે સુધી બાતરી આપે છે કે દરવાઝો બંધ હતો તે બોલીને તે સાયો અંદર દાખલ થયલો!"

"અરે સાહેબ, અલ્લાહુ, અલ્લાહુ કરો! જમાલબી બરેબર બ્વાબ જોઇ ઉઠી છે."

"મને બી એમજ લાગે છે. આ ઘરમાં હું, તું અને જમાલ સિવાય બિજુ કોણ કંગાલ ચંડાલ મુવું છે? હા, બરા! પેલી દુકતી અમીનાને ભુલ્યો. બધાં મળી ચારનીજ ચંડાળ ચોકડી!"

"અને વળી તે એમ પણ બોલેલી સાહેબ, કે તે સાયો સુફેદ પોશાકમાં હતો?"

"હા, હું કહેતાં ભુલ્યો; તદન શુધ સુફેદ સાયો તે આકારે સજેલો હતો એમ તેણે મને કહેલું."

"જનાબે આલી! સ્વપ્નામાં દેખાતા સાયા સદા સુફેદ પોષજ હોય છે. મારા જોવા સિવાય સુરતના બ્વાબમાંબી જન્નત હુરીઓજ આવે નહીં, કે હમારા હબશાનની કાલીકાલી અઓરત."

"મશ્કુક! અગર તારી બાતરીજ હોય કે આ ઓરડામાં કોઇજ દાખલ થયું નથી, તો હું તારા મતને મળતો થાઉં છું કે જમાલબીએ સ્વપ્નોજ જોયો છે."

"સિવાય કે આ ઘરમાં ભુતનો ચારો હોય" મશ્કુક બોલી ઉઠયો.

"હશે, જે હોય તે; પણ કોઇ આગળ એ વાત કરતો નહીં અને હવે બાકીની રાત વધારે હોશીઆરીથી ચોકી કરજે, અગર ચે કે બીહવાનું કોઇજ નથી પણ આપણી સાવચેતીમાં રહેલું ભલું."

"બહોત ખુશ હુજુર" અર્ધ લશકરી સલામ કરી મશ્કુકે કહયું અને પેલો જવાન ગીયાસુદીન ત્યાંથી ચાલી ગયો.

પાછો એકલો પડતાં શીદીભાઇ શાંતપણે હમણાજ બનેલી વાતચિતપર વિચાર દોડાવવા બેઠા.

તેણે એમ કહેલું કે 'ફકત એક પલક' ઘોટાંપલો તે વાત સરાસર બોટીજ હતી, પહેલી રાતથીજ કાલેખાંએ કાપરાં જોખવા માંડેલા તે છેક આપણે જોઇ ગયા તેમ ગીયાસુદ્દીન આવીને ઉઠાડયો ત્યાં લગી. એ પરથી તેણે વિચાર્યું કે "હું મુઆને તેડવા ગયલોતો તે અરસામાં કોઇ મૌલાપીર ફરી વળેલો લાગે છે; પણ કોઇ જીવતો જાગતો સાહુકારજ હોય તો ધુળ નાંખી બોભો ભરીને તેના નામપર; પણ રખે મારા મમાવાના બપાવાના ભાઇનો ભુત મને શોધતો હબશાનથી હિન્દુસ્તાન ઉતરી પડયો હોય!"

ચટાઇપરથી ઉઠી તે ઓરડામાં બે ત્રણ આટા ફર્યો. અને પછી ફકતમાં લપટાઇ ચટાઇ પર પડેલા નવ્વાબના ચહેરા પર નજર કરી ચોંકતો જણાયો! "યા **નબીએ** અલ્લાહ! એ શું!" તે બોલ્યો.

તે વધારે વાંકો વળી ખુબ ધ્યાનથી ફરી મરનારનો ચહેરો જોવા લાગ્યો. અને અજવણી સાથ ગભરાટમાં તેણે જોયુ કે મરનારના ઠંડા ગાલોપર જાણે મોતીના દાણા હોય તેમ ગરમ આંસુઓના ટીપાં હતાં!

"કમબખ્ત મુવેલાંઓની રડેછ એમ આજેજ જાણ્યું" તેણે વિચાર્યું, અને હજી વધારે વાંકો વળી જોવા લાગ્યો અને બડબડયો, કે **જમાલખી** ખરેજ બોલેલી–બ્વાબો બીઆલની વાતજ નથી.

"અગર મરી ગયલાની આંખમાંનુ એ આંસુ ન હોય તો કોઇ બીજાની આંખમાંથી ટપકેલાં એ કતરા હોવા જોઇએ" મશુકને શુધ્ધી આવવા લાગી.

હજી તે ઉપર મુજબ તેનાં દિલમાં રોશની થવા માંડી હતી તેવામાં કોઇ ઝબરદસ્ત હાથના શિકંજામાં તેની ગર્દન સપડાઇ અને તેનાં તન બદનમાનુ લોહીજ ઉડી ગયું!

ગર્દન પકડનારે ગળું દાબી રાખી હળવેથી પણ મકકમ આવાજે કહ્યું. "રહેજબી ચુંચાં કીધી તો બદનથી ગર્દન છુટી કરી નાંખીશ!"

આટલી ચેતવણી આપી ઝરા દબાણ ઢીલું કરતાં આપણાં કાલેખાંએ પાછળ ફરી જોયું. તેને ગિરેફતાર કરનારના ડોળાજ જોઇ તે થંથરી ગયો. તે બરડા હબશીએ જોઇ લીધું કે તેનો હરીફ આંગે ઝોરાવર અને મને મકકમ સ્વભાવનો હતો–યાને જે બોલે તે બજાવી નેજ છોડે તેમાંનુ આસામી હતું.

"કમરે! તું અહીં શું માંગે છે! રાતની વકતે કોઇનાં મકાનમાં ઘુસી ઉપરથી ચોર. કોટવાલને દંડે તેમ દમદાટી કરેછ!" મીઆં માંદા પણ ટંગડી ઉંચી, તેમ મશ્કે મુજબતા સાદે કહ્યું.

"બબરદાર! તારી જીભને આંકોશમાં રાખ- તારાં મોહડાંને તાળુ માર, વરના એકને બદલે બે મુરદાં આ કમરામાં પડશે!" પેલા શખ્સે કહ્યું.

ઉપલું બોલવા સાથેજ તેણે હથકડી દેખાડી તેમાં હાથો મુકવાની કોશીશ મશ્કુકને કરવા ભારત કરી એટલે બરડા હબશીનો દમજ બંધ થઇ ગયો. તે બોલ્યો "જનાબ, પેટને ખાતર વેઠ

કરવા આવેલા એક ગરીબ ઝઘડ્યપર રહમ કરો. આ જે બી કોઇ હોય તે તાબેદાર જણતો નથી લેકીન પાક અલ્લાહ અને રસુલે અરબીને નામે કસમીઆ કહું છું કે તમારાં કોઇપણ કામમાં મુદાખેલત કરીશ નહીં—બલલ અંદાઝ બનીશ નહીં–રહેજપણ આડે આવીશ નહીં; વાસ્તે ખુદા મારા હાથમાં મારા રંગ જેવી સિયાહ કડી પહેરાવી મરતી વકતે મને ઝિલ્લતનું ઝેર પહેરાવશો નહીં. ખુદા તમને સલામત રાખે અને સરપર સદા નબીએ મુસ્તફાનો સાયો રહે !"

"પાક અલ્લાહ અને તેના પવિત્ર રસુલના નામને ખાતર તમે જતો મુકાશ, પણ એક બોલ પણ બોલ્યા વગર હું કહું તેમ તારે કરવું."

"પણ આપ મુજ ગુલામને હયરાન તો નહીં કરશોની ? હું કાંઇ આ ઘરનો મુલાઝિમ (નોકર) નથી તેમજ ન કોઇ મુલઝિમ (ગુન્હેગાર) પણ આ મુરદાંને સંભાળ લેવા આજની રાત મને રોકેલો છે."

"ચાલ તારા હાથ લાંબા કર !" પેલા લાંબી દહાડીવાળા દમામદાર શખ્સે કહ્યું.

શિદી મજુક તુર્ત તેના હુકમને તાબે થતાંજ તેના હાથ–બાંધી દીધા, અને કહ્યું. "હવે તારું મોહડું બોલ !"

ગડબડ કે હીલચાલ કરવાથી કાંઇપણ વળવાનું નથી એમ ચોકકસ જાણી મજુકે મોટું ડાચું વકાસ્યું, કે તેમાં પેલા બાહોશ શખ્સે ચાલાકીથી કપડાંનો કુચો બોસી દીધો.

આટલું બન્યા પેલા હિમ્મતવાન શખ્સે પોતાની પાસેનું ચોર ફાનુસ બેચી કહાડી સળગાવ્યું, અને તે બરાબર બળતું હતું કે નહીં તે તપાસી જોયું, અને હાથમાં બે બારનો તુફંગચો તૈયાર પકડી બળગે પગે તે ઓરડામાંથી બાહેર પડયો.

આ બધો તમાશો લાઇલાજ બનેલા શીદી મજુકે જોયા કીધો.

તે બામોશ ઉભો રહયો. પાંચેક મીનીટ પસાર નહીં થઇ હશે કે દરવાજો ધીમેથી ખુલતો જોઇ મજુકે વિચાર્યું કે વળી પેલો પાછો ફર્યો હશે ! પણ નહીં; તેને બદલે તો કોઇ બીજુંજ દાખલ થતું જણાયું. જોને જોઇને તો તેના હોશોહવાસ ઉડી ગયા. તે સ્વપ્ન તો ન જોતો હોય ? વળી તે દાખલ થનારમાં એવું તો શું હતું કે તે આટલો બધો બીધો, કારણ કે એક બાળક પણ નહી ડરે તેવું તે નિર્દોષ દેખાવતું આસામી હતું.

અંધારી રાતની એકાંતમાં નવ્વાબ ગયુરજંગની પડેલી લાશવાળા ભયંકર ઓરડામાં દાખલ થનાર એક સ્ત્રી હતી ! તેણીના લાંબા સુવાળા વાળ ગર્દનપર થઇ ખભાંપરથી છાતીપર પડેલા હતા. તેણીએ એક સાદો શુભ સુફેદ સાયો પહેરેલો હતો.

તેણીનાં કદો કામત કે પહેરવેષમાં કાંઇ એવું અસાધારણ ન હતું કે તે જોવાથી ડર લાગે, પણ તેણીનો સખ્તી ભર્યો ચહેરો અને ડરામણી આંખો એવી દહેશતનાક હતી કે શીદી મજુક કરતાં પણ વધારે જવાન અને ઓરેમન્દ મર્દના છાતીમાં થરથરી ચેદ કરે.

આ અજીબ દેખાવથી જાણે જાદુઇ અસરથી અશકત થઇ પડયો હોય તેમ તે કુબડો કુબડી પાસ્તીયો સ્તબ્ધ થઇ પત્થર જેવો બની હાલ્યા ચાલ્યા વિના ઉભો, પેલી સ્ત્રી

આસપાસ કશાંપર ધ્યાન દેવા વગર સીધી લાશની અડોઅડ ગઇ, અને તે મરણ પામેલા નવ્વાણનાં કાળા પડતા ઠંડા હોઠો પર ચુમ્મી લીધી!

મોતના ઓરડામાં આ અજબ્બે દેખાવ નજરે પડતો હતો. તેવામાં ઘરના બીજા ભાગમાંથી એક તીણી ચીસ સંભળાઇ, જેથી આખું ઘર ગાજી રહ્યું.

હજી તો શું બન્યું હશે તેની મશુક અટકળ કરે તે પહેલાં બીજું એક જણ જોશબંધ અંદર દાખલ થયું. આ નવું આવનાર પણ એક સ્ત્રીજ હતી! જાણે તે પહેલીને પકડવા દોડી આવી હતી! પણ પેલી સ્ત્રીએ ત્યાંથી છટકી જવાની કોશીશ કરવાને બદલે બીજીનો મુકાબેલો કીધો–તે સામી તેની રૂબરૂ ગઇ. રૂબરૂ ગઇ એટલું જ નહી, પણ બેઉ જણીઓ એકબીજીનો ટોટો પીસવા લાગી, પણ તેવામાં બીજી આવેલી બૈરી બેશુધ બની જમીનપર પડી ત્યારે પેલી સુફેદ સાયાવાળી સ્ત્રી સડસડાટ ત્યાંથી નિકળી ચાલી, અને જાણે હવામાં વિગળી ગઇ હોય તેમ ગુમ થઇ ગઇ.

આ ગડબડ ઘોંટાળાનો અંત આવ્યો નહી એવામાં **ગીયાસુદીન** ગભરાટમાં દાખલ થયો.

ઓરડામાં પગ મુકતાંજ તેણે જોયું કે **જમાલબી** જમીનપર બેહોશ પડેલી હતી, અને તુર્તજ તેની નજર બંધાયલા હાથ પગ અને મોહડામાં ડુચો ભરાયલા શીદી મશુક પર પડી.

"ખુદા ખયર કરે! આ બધું શું જોઉછું?"

પણ જવાબ કોણ આપે? **જમાલબી** બેભાન પડેલી અને શીદી મશુકનાં મોંમાં ડુચો હતો!

ગીયાસુદીન પોતાની કમરેથી કટારી ખેંચી કહાડી મશુકના બંધ કાપી કહાડી મોકળો કીધો, અને પૂછ્યું:—

"શિતાબ બોલ શીદી આ શી વારેદાત છે? જલ્દી!"

જે કાંઇ બન્યું હતું તે તેણે ટુંકમાં કહી સંભળાવ્યા બાદ **ગીયાસુદીન** વિચારવંત બની પૂછ્યું:—

"ત્યારે આ મકાનમાં કોઇ ખુની મકકાર ઘુસ્યો છે?"

"હું કહી નહીં શકતો જનાબ કે તે કોઇ નાતસ ખુની હતો કે હિચકારો ચોર પણ તે અહીં આવ્યો, અને આપે આવી છુટકારો કીધો તેવા મારા હાલ કરી ગયો તેતો દીવાની જોત જેવું જાહેર છે."

આ સમયે **જમાલબી** ભાનમૂત થઇ ઉઠી. તેણીએ એક ઘેલી મિસાલ ચોતર્ફ ગભરાટમાં નજર ફેરવી પૂછ્યું "તે કહાં ગઇ?"

"કોણ?" **ગીયાસે** અજાયબીથી પૂછ્યું. "આ ઘરમાં આપણ બે સિવાય સામે પડેલાં મુર્દા સાથે કોઇને કાંઇ લાગેવળગતું નથી તો અહીં કોણ આવી અને ગઇ?"

ઉપલા સવાલનો જવાબ **જમાલબી**ની જુબાનથી સાંભળી **ગીયાસુદીન** અર્ધ ઘેલો બની ગયો. બીજા ત્રીજા બધા વિચાર તેનાં મનમાંથી હવામાં ઉડી ગયા; તેણે મશુક તરફ ફરી પુછ્યું:—

"શું તેં બીજી કોઈ અઓરતનો આકાર જોયો ?"

પણ તે હજારશી કાંઈ જવાબ વાળે તે પહેલાં જમાલબીબી બોલી પડી "મેં તમને પહેલાંજ કહયું'તું ?"

"પણ કાં નહીં તે તારા ધકારાનું પરિણામ હોય—મહજ એક વ્હેમ—ખોટો ભરમ મનમાં ઠસી ગયલો ખીઆલ હોય !"

"શું કહેછો ? અને એટલી બધી બેવકુફ સમજોછો ? મેં મારી નજરે તેણીને જોઈ અને પિછાની બી," જમાલબીબીએ જવાબ દીધો.

ત્રણ જણ જ્યારે ઓરડાની અંદર ઉભાં રહી ઉપલી વાતચિત કરતાં હતાં તે અરસામાં અલગો દરવાજો અરધો ઉઘાડી તેમની પાછળ કોઈ ઉભેલું તે ત્યાંથી ચાલી ગયું તેનું કોઈ-નેબી ભાન હતું નહીં.

જમાલબીબીના છેલ્લા શબ્દો સાંભલ્યા પછી થોડીક પળ વિચાર કરી વળી ગીયાસુદ્દીને પુછ્યું :—

"અરે પણ જ્યારે તેણીને જોઇ એટલુંજ નહીં પણ પિછાની બી પાડી તો તેને પકડી કાં નહીં ?"

"મેં તો ઘણીબી કોશીશ કરીબી; પણ મુવેલાના સાયા બી કાંઇ સમડાતા હશે ! તેણીએ પોતાનો હાથ મારાં મોં આગળ કરતાં હું બેહોશ બની પછડાઇ પડી."

"વાહીયાત !" ગીયાસ ફફડયો. "એ સાયા ને શયતાન ને ભૂત બધું વાહીયાત ! એ બધા બેવકુફ બૈરાંઓનાં મનના ધકારા માત્ર છે. જો તેણી તારી નજરે ખરેખર પડીજ હોય તો તે તારા અને મારા જેવી હાડ અને માસની ભરેલી જીવતી જાગતી અઓરત હોવીજ જોઇએ."

"તમારી ગમે એવી ફેચલસુફી મારો વિચાર ફેરવી શકશે નહીં. હું ફરીથી કહું છું કે મેં એક મુવેલાંનાં રહ સિવાય કાંઇજ જોયું નથી."

"જનાબે આલી, આ બાલી ઝગડો ટાલી કોટવાલીપર ધ્યાન કરો, કે આપોઆપ ચાંદ નજર પડશે ! હુકમ હોય તો બંદો હમણાં ચાલી જાય." મબુકે સૂચવ્યું.

"શું, પેલી અઓરતના રહને પકડી કેદ કરવા કે ?" અધ ધિક્કાર અને અધ રમુજ સાથે ગીયાસે કહયું.

"સાહેબ, પેલો બીજો બદમાશ તમારાં ધ્યાનમાંથી જતો રહેલો દિસે છે."

"હટ, હટ; તે બદમાશ કોઇજ નહીં પણ એક વેષધારી મર્દ હતો—યાને એક અઓરત મર્દના વેષમાં આવી તારીપર ગાલેબ થઇ હતી."

"ખુદાવન્દ ! જિન્દગીનો હર્યો તરી મરણ કાંઠે આવેલો મબુક શું એટલો બી અક્કાડી બયલ છે કે મર્દ અને અઓરત વચ્ચેનો તફાવત નહીં સમજી શકે ? તેઓ બન્ને બની ઇન્સાન કે બની જાત હોય—આદમઝાદ હોય કે મુવેલાં આદમીઓનાં રહ—ગમે તે હોય પણ

એટલું તો હું ખાતરીથી અર્જ કરવાની ગુસ્તાખી કરીશ કે તેઓ એક નહીં પણ જુદાં જુદા હતાં–એક અઓરત ને બીજો મર્દ."

"બહોત ખુબ ફર્ઝ કરીએ કે તમો લોક કહોછો તે ખરૂં હોય, તો પણ એ ભેદી વાત આ ચાર દીવારની બાહેર જવી નહીં જોઇએ. હું શું કહું છ તે સમજ્યો ?"

"લફ્ઝે લફ્ઝ–બેલેબોલ, ખુદાવન્દ" હાથ જોડી મજુક બોલ્યો.

"બહું સારૂં ત્યારે એક હફ્તા પછી મને આવી મળજે અને ત્યારે મને માલુમ પડશે કે દાનાઇ વાપરી તેં તારા મોઢાંને તાળું મારી રાખ્યું હતું તો આજે ભુત શયતાનોથી તને ભોગવવી પડેલી હાડમારીના બદલામાં ઘણું સારૂં ઇનામ આપીશ."

"ત્યારે શું બંદા અહીંથી રૂખ્સત લઇ રવાના થાય ?"

"હા, બાકીની રાત ખુદ હું પહેરો ભરીશ."

શીદી મજુકના જવા પછી જમાલબી તર્ક ભો કરી ગીયાસુદીને પુછ્યું:—

"ચાલ, હવે સાફસાફ શબ્દોમાં બોલી દે–લાશપર વાંકું વળીને કોણ જોતું હતું ?"

"વળી કોણ ? ઝોહરા બેગમ–અથવા તેણીનો ભૂત !"

"દહાડે દહાડે તારૂં મગજ નબળું પડતું જાય છે–તું વધારે વેહમી બનતી જાય છે. જમાલબી તારૂં ધકધ્યાન ચરવા ગયલું લાગે છે."

"શું દેખતી આંખે મને આંધળી બનાવોછ ? વળી મેં તમને કહયું કેની કે ફકત મારા મોં પર હાથ ફેરવી તેણે મને બેહોશ બનાવી દીધી !"

"હાથ ફેરવીને તો શું પણ હાથમાં રૂમાલ હશે તે ફેરવેલો એમ કહે તો માનવા જોગ છે; કારણ કે જ્યારે હું અહીં દાખલ થયો ત્યારે કોઇ એવી ચીઝનો વાસ આવતો હતો કે તેથી દેમાગ ફરવા માંડે; ગાફેલપન પેલીએ પોતાના રૂમાલપર તેવી કોઇ બેહોશી લાવનારી દવા છાંટેલી હશે. બાકી ભુત ને શયતાન જેવી બીઆલી વાતોથી હું ડરતો નથી."

"ઓ ખુદા ! હવે હું કહાં જાઉં મરૂં ? અગર ખરેખર તે જીવતીજ હશે તો કર્મ ફુટયાં !"

"પણ તે મરીજ ગઇછ એમ ધારવાનો સબબ ? કાં નહીં કેકે સંતાઇ રહેલી હોય ?"

"ઓ જનાબ, તમે કેવી વાત કરોછ ? પંદર વરસ થયાં તે બાકે સાથ મળી બાકે બની ગઇ તે તો દુન્યાને રોશન છે. પણ ખુદાનાખાસ્તા તમે ધારો છો તેમ જીવતીજ હોય તોબી આવે સમય અહીં આવવાની હિમ્મતજ કેમ કરે–અને કરે બી તો કોઇ રસ્તે ઘરમાં દાખલ થઇ હશે ? દરેક દરવાજો બલકે દરીચો બંધ છે ! કોઇ પરંદું પણ પર ફરકાવી શકે નહીં ! ઘણુંજ અજબ !"

"આટલાં વરસ પછી તેને કોઇ ઓળખશે નહીં એવા બોટા બીઆલથી ઘરમાં ઘુસી ગયલી; બીજું શું ?

"તમે એમ ધારો છો કે તેને કાંઇ શક પડયો હશે ?" જમાલબીએ પુછ્યું.

"અલબત્તા; તેને ચોકકસ વહેમ–ચોકકસ શક હોવો જોઇએ."

"અને તે ?"

"તારૂં તે મારૂં કબ્રપાળ—વળી શું ? આપણું કાતરૂં, આપણું બોપાળું."

"ત્યારે શું આપણી તમામ મિહનત બરબાદ અને ચુનાલ લાઝિમ ?"

"જે ચીઝ આપણને જડી નથી તે તેણીને ગળે ત્યાં લગી તો નહીંજ !"

"એટલે મરનારનું વસિયતનામું ?"

"હરીનચે શક ! તેજ."

"તમારી ખાતરી છે કે બરોબીઆંએ વસિયત કીધેલું."

"હું બરાબર જાણું છું."

"અને બધું પેલી દુકતીનાં નામપર કીધેલું કે ?"

"હઝાર બારસો અશરફી મારાં નામપર તથા એક જુની વફાદાર ખિદમતગાર તરીકે હઝારેક રૂપરડી તારાં કબ્રપાળમાં ડહામ દીધેલા."

"અરે ત્યારે આપણી હરેક દર્દેસરી અને જહેમત પાણીમાં જવાની ?"

"હું તો નહીં ધારતો."

"પણ એ પોરી કયાં હશે ? એને હાથ કરવી જોઇએ !"

"તેની ફિકર ના કર; પત્તો મેળવ્યો છે; ઈન્શાલ્લા અલ્લાલ્લ, ઉડતાલીસ કલાકમાં અહીં હાજિર કરી શકીશ."

"અને પેલો કોઇ વેપધારી ઘરમાં ઘુસી ચાળામાળા જોઇ ગયોછ તેનું કેમ ? કોઇ મુવો ઝબરો ! જોયા કેની બીચારા પેલા ગરીબ દબણીના કેવા હાલ કીધેલા તે ?"

ગીયાસુદીને, નઝદિક જઇ જમાલબીનાં કાનમાં કાંઇ કહ્યું, તેજ પળે બારણાંપર કોઇએ ટકારા માર્યા.

"લે બાલ, તેઓ આવી ગયા !" એમ બોલતો ગીયાસુદીન તે ઓરડો છોડી ગયો.

પ્રકરણ ત્રીજું.

નસીબખાંની શોધખોળ.

બૈરી બરોબર બેરીનીજ ગરજ સારનાર દોસ્તના આકારમાં મર્દની દુશમન હોય છે. તમે જાણોછ ? એનાં પેટમાં કાંઇ છુપી વાત રહી છે અથવા કહી રહેશે ? વાસ્તે એવા આકેલ મર્દ, જે વાત તારા દુશમનને કહેવા કે જણાવવા માંગતો ન હોય તે હરગેઝ, હરગેઝ તારી ગમે એવી તાબેદાર, ફરમાંબરદાર અને ઈમાનદાર માનેલી સ્ત્રીને જણાવતો નાં, કારણ કે સ્ત્રી નહીં તો આડકતરી રીતે નકી પણ બોલાવશે—પોતાનો પેટમાંની વાત

કહી દેવાની લાલુચ તે રોકાવી શકવાની નથી. અરે કંઈજ નહીં તો ખુશી કે ગુસ્સાના આવેશમાં પોતે પોતાનાંજ મન સાથે એવો બડબડાટ કરશે કે પાસેની પડોશણ પણ સાંભળે.

જમાલબી પણ એક અજોરતજ હતી, અને તેણીની જાતીના સર્વ ગુણ-અવગુણો તેણીમાં પણ ભરપુર હતા.

ગીયાસુદ્દીન ઓરડામાંથી જતાંજ તે મોટે સાદે બડબડવા લાગી; તેને કયાં ખબર હતી કે દીવારને પણ કાન હોય છે! તે બોલીઃ-"કોઇ ચોકકસ ઠેકાણે ગીયાસના મળતીયાઓ છે, ત્યાં એણે તારથી વાત કીધી-ટેલીફોન કર્યો છે, અને ત્યાંથી મદદ આવનાર હતી; અને તે મુજબ મદદગારો આવી પહોંચેલા લાગેછ."

આપણે આગળાં પ્રકરણમાં વાંચી ગયાં કે કોઇ શખ્સ બળગાં બારણામાંથી છુપાઇને તે ઓરડામાંના ચેનચાળા જોઇ ગયો હતો તેમજ ધણી હમણાં પણ ત્યાં મોજુદ હતો, અને જમાલબીના મોંમાંથી પડેલો ઉપલો દરેક બોલ તેણે બરાબર સાંભળ્યો હતો.

આગળા ઓરડાના દરવાઝા આગળ જઇ ગીયાસે પુછ્યું:—"કોણ?"

તુર્તજ ચોકકસ જાતના ટકોરા દરવાઝાપર સંભળાયા, અને તેણે જાણી લીધું કે મદદ આવી પહોંચી હતી.

ગીયાસુદ્દીનને દરવાજો બોલતાં સાદા પોષાકમાં સજ્જ થયલા ચાર કદાવર શખ્સ અંદર આવ્યા. તેઓ ધણીજ સંભાળથી અળગે પગલે ચાલતા હોલતા હતા; તેમની દરેક હિલચાલ પરથી સાફ જણાતું હતું કે તેઓ કોઇ છૂપાં બલકે શયતાની કામ પર કમરકસીને આવેલા હતા.

ગીયાસુદ્દીનની હિલચાલ પણ તેઓથી કોઇ પ્રકારે જૂદી નહતી. દરેકનો તેણે હાથ દાબી ધણીજ સંભાળથી વર્તવાની ઇશારત કીધી; થોડીક પળની છુપી મસલેહત પછી તેઓ સધળા પેલા ઓરડામાં દાખલ થયા કે જયાંથી જમાલબી તુર્તની ચાલી ગઇ હતી.

ચારેા નવા આવનાર હયદરાબાદી કરતાં કાબુલી વધારે દેખાતા હતા, વે સાથ તેઓ ના ચહેરા પરથી કરડા અને ખુમ કરવાને રહેજ પણ અચકાય નહીં એવા જણાતા હતા.

એક પળ લગી કોઇ કાંઇ બોલ્યુ નહીં—સર્વ ચુપચાપ હતું. પછી ગીયાસુદ્દીને ચુપ કીદી તોડીઃ—

"તમે બધા પાક વચનથી બંધાએલ. મારા દોસ્તો છોની?"

બધાઓએ છાતીપર હાથ મકી સર નમાવી મુંગે મોઢે, તેમ હોવાનો ઇકરાર કીધો.

"ત્યારે તમો બધાપર પુરતો અએતેબાર રાખું?"

"ઝરાપણ શક વગર." તેઓમાંના એક ઊંચા પણ પાતળા કદના ચબરાક શખ્સે ખાતરી આપી.

"સાંભળો ત્યારે; મારા કેટલાક દુશમનો છે. જેઓ બાઇ પીને મારો બરાબો કરવા માંગે છે, અને તેથી હું તમો દોસ્તોની ઇમદાદનો બારતગાર છું, અલબતા તમારાં કામ મુજબ મળ્યા

"હમો બાકુતી ખૂનીઓ તરીકે નહીં પણ જાની દોસ્તો તરીકે તમારી મદદે આવેલા છીએ."

ગીયાસુદ્દીન કેટલુંક જુદું સાચું બતાવવા સાથે આપણે આગલાં પ્રકરણમાં વાંચેલી વાત —પેલી સફેદ સાયાવાળી બેદ્દી અોરત તેમજ પેલો અજીબ અજાણ્યો શખ્સ જે સીદી મબ્રુકને સિકંડી મોંમાં ડુચો મારી ગયો હતો તે બીના પણ મરી મસાલો ભભરાવીને કહી.

એ બધાંનો ટુંકસાર એજ હતો કે પેલી બેદ્દી સ્ત્રી તેમજ મર્દ એક બીજાના ભળતાં હતાં, અને તેનું બાતું બરાબર કરવા—તેના કાકાનો મળતો વાજબી વારસો મારી ખાવા કાવત્રાં કરતાં હતાં.

"પેલો બેદ્દી શખ્સ કહાં ગુમ થઇ ગયો?" એકે સવાલ કીધો.

"હું ધારૂં છું કે આ ભકાતમાંજ કોઇ સંતાયલો હશે!"

"અને પેલી અજીબ અોરતબી?" બીજાએ પૂછ્યું.

"હા; એમજ છે." ગીયાસે કહ્યું.

"તેઓની મતલબ શું છે?" ત્રીજાએ ખુલાસો માંગ્યો.

"વળી શું હોય? મારો જાન લેવાનો—માર ખુન કરવાનો!"

છેલ્લા શબ્દો ગીયાસના મોંમાંથી બાહેર પડતાંજ પેલા ચારો જવાનોએ પોતાની કમર માંથી ચળકતી કટારો ઐંચી કહાડી તે પર બોસો દીધો—એવું દેખાડવા કે પેલા છુપા શખ્સનો જાન લઇને છોડશે.

ગીયાસુદ્દીન તેઓની મતલબ સમજી ગયો, અને બોલ્યોઃ—"હા, અેઓનો નિકાલ કરવો જ જોઇએ—એમનો કોટો કહાડવોજ જોઇએ. તેઓ મારો જાન લેશે—અને મારો જાન બચાવવા તેમનો જાન લેવાની મારી વાજબી ફર્જ છે."

પાંચો વચ્ચે પાંચ મિનિટ છુપી મસલેહત ચાલી.

ઉપર વાંચી ગયા તેમ સર્વથી ચાલાક અને ઉત્સાહી માણસ એક ઉંચો જવાન હતો.

તેઓની વધુ હિલચાલપરથી અનુમાન કરી શકાય કે તુર્તજ આખાં ઘરની તપાસ લેવા—છુપાયલાંઓને શોધી કહાડવાની તેઓ તૈયારીમાં હતા.

એકને આગળા અોરડામાં, બીજાને બાજુના કમરામાં, અને ત્રીજાને દરવાજાપર ચોકી કરવા ગોઠવી દઇને તાકીદ કરવામાં આવી કે ઘરમાંથી કોઇ છટકવા પામે નહીં.

બીજી કેટલીક સૂચનાઓ પોતાના ગોઠમાઓને કરી પેલા ઉંચાં કદના શખ્સે ગજવામાંથી તુટ ગયો કહાડી તેનો ઘોડો ચઢાવી હાથમાં લીધો અને ગીયાસને કહ્યું.

"ચાલો; હું તૈયાર છું."

માળપર જવા સારૂ તેઓ ધીમે ધીમે કદમે દાદર તરફ ચાલતા થયા, જ્યાં આવી પુગતાંજ, પેલો સુફેદ સાયાવાળો આકાર જોઇ જોઇલી બીધી હતી તેથી ચારગણી હેબતાવલી જબાલબી ધમધાટમાં ખુલ્લા બારો સાથે એક ચુડેલ મિસાલ ઉપરથી ઉતરતી તેઓએ દીઠી.

તે ઓટલી તો ગભરાયલી અકળાયલી હતી કે જ્યાં સુધી નીચે આવી ગીયાસુદીનને અથડી પડી ત્યાં લગી તેણીને નિચે ઉભેલા મર્દોની હાજરી વટિક જણાઇ નહીં.

ગીયાસના કાનપર પડી ને ઉતાવળમાં બોલી:–

"છેલ્લા એક કલાકની અંદર કોઇએ મોરા ઓરડામા ધુસી આનાં પેટીઓ તળે ઉપર કીધેલી લાગેછ!"

"ઓહો! એમ છે તો આપણો શિકાર હજી અહીંજ ભમતો લાગે છે; હવે એ છટકવા પામવાનો નથી–હરગેઝ નહી!"

હળવે પગલે બન્ને મર્દો દાદરપર ચઢવા લાગ્યા, તેમની પૂઠે જમાલબી પણ ગઇ.

જમાલબીનો ઓરડો બીજે માળે હતો.

ઓરડાનો દરવાઝો ખુલ્લો હતો, અને પેલાં ત્રણે અંદર ઘુસ્યાં.

સૌથી આગળ પેલો અજાણ્યો શખ્સ, તે પાછળ ગીયાસુદીન અને છેલ્લાની પૂઠે જમાલબી ધ્રુજતી છાતીએ દાખલ થઇ, પણ હજી તેનો એક પગ ઉંબરની બાહેરજ હતો તેવામાં તેણીએ એક ચીખ મારી અને બીજી પળે તો બેશુધ્ધીમાં દરવાઝા વચ્ચે ઓરડાજ પડી.

એ અબોરતને એમ ગભરાઇને ફરી એકવાર એમ બેહોશ થઇ પડવાનું શું કારણ મળ્યું તે શોધી કહાડવા પહેલાં, આપણે ઝરા પેલા ભેદી શખ્સ તર્ફ આપણી નિગાહ દોડાવીશું, તેજ ભેદી શખ્સ કે જેણે શીદી મજુકના બુરાં હાલ કર્યા હતા.

તે ભેદી મર્દ જે મધ્યરાત્રી પછી એક ચોર કે ખુનીને અવતારે ગયુરજંગની હવે લીમાં ઘુસ્યો હતો તેની શખ્સીયત વધુવાર છુપાવવી બેકાર હતી કારણ કે કેટલાંક ચતુર વાંચક તો ચેતીજ ગયાં હશે કે તે કોઇજ નહીં પણ મક્કમ વિચારનો, મજબુત હાથનો, ઝોરાવર અને સાહેતં કદમ બહાદુર નસીબખાં હતો.

જ્યાં લગી મરનારની લાશ તે ઘરમાં પડેલી હતી ત્યાં લગી પોતાનાં મળતાં વિષેનો સિવાય કોઇને પણ તે છાપરાં હોળ નહીં રાખવાની જે કાળજી ગીયાસુદીન રાખતો હતો તે નસીબખાં બખુબી સમજી ગયો હતો.

જે જે છુપી વાતો કે જેથી આપણ હજી અજાણ્યાં છીએ તેથી નસીબખાં વાકેફ હોવાથી પેલા કાળા શીદીને બી કેમ ઘરમાં રહેવા દીધો હશે તે તેની અજબબી હતી.

તે કાલેખાંની કેવી અવસ્થા નસીબે કીધી હતી તે તો આપણે જાણીએ છીએ, ત્યાર બાદ તેણે પોતાનાં મારી ખુટને તળીએ નમે ગાદીઓ બાંધી કે જે હમેશા તેના ધંધાની રૂએ તેની પાસે રહેતી હતી–અને મકાનની ઝડતી લેવા નિકળી પડયો હતો.

ઝરાપણ સબુસારો કર્યા વગર તે છેક ત્રીજે માળે પુગી વળ્યો હતો, અને વધુ તપાસ માટે ધાબાંપર ચઢવાની અણીપર હતો તેવામાં પેલી ભેદી સ્ત્રીને દાદરને બચાળે ઉભેલી દીઠી હતી.

સુફેદ સાયાવાળા તે આકારને જોતાં ગમે એવો શેરમર્દ છતાં તે ઝરા ચમકયો.

તે સુફેદ સાયો અગર ગુમ થઇ જતે તો તેણી પોતા જેવું લોહી માસનું બાકી પૂતલું હતું એમ જાણી નસીબખાં તેની પુઠ પકડતે; પણ ગુમ થવાને બદલે તે રૂહાની

દેખાવની અઝોરત, **નસીબ** તરફ નજર રાખી રોબમાં દાદર પરથી ઉતરવા લાગી. આ અણધારેલા બનાવથી તે તો સ્તબ્ધ બની દાંતમાં આગળું પકડી ઉભો!

કાંઇ પણ આવાઝ કર્યા વગર દાદર પરથી ઉતરી–જાણે તેને ત્યાં ઉભેલો જોયો કે જાણ્યોજ નહીં હોય તેમ શાંતપણે ઉભી. **નસીબ**ખાં કાંઇ કરે કે બોલે તે પહેલાં તેણીએ પોતાનો જમણો હાથ ઉંચો કર્યો તેમાં એક નરમ રૂમાલ ખુલ્લો પકડેલો હતો, તે તેણીએ તે જવાંમર્દના મોઢાંપર ફેરવતાંજ જાણે જાદુઇ અસર થઇ હોય તેમ તે બોંયપર પટકાયો–તે બેહોશ થઇ પડયો.

થોડીક પળ પછી જ્યારે તે શુધ્ધીમાં આવ્યો ત્યારે તો પેલો અઝોરતનો આકાર ગુમ થયેલો હતો. પણ દરેક ચીઝ તેણે જોઇ હતી તેમજ હતી–ચુપકીદી અને શાંતી પથરાયલી હતી. મરનાર ગફુરજંગે પોતાની ગુમગશ્તા દિકરીનાં રંગરૂપની વિગત પુરી પાડી હતી. હું બહું તેનેજ મળતો પેલો ફેરેસ્તાઇ આકાર હતો એમ **નસીબ** ખાતરીથી માનવા લાગ્યો.

રૂહાની આકારને બરસે રહેવાને બદલે પહેલેથીજ તેણે હિમ્મત કરી હતે તો આવા ધોકામાં તે આવતે નહીં, પણ કાંઇ જાણવાજોગ વધુ ખુલાસો મેળવતે. પોતાની આખી કારકર્દીમાં આજેજ પહેલીવાર તે એક અઝોરતનાં હાથ વેચાયો હતો.

તેણે એ બેદી અઝોરતનો ભેદ ઉકેલવાનું મન કીધું, પણ તેથી બી વધુ અગતનાં આસામીઓપર બીઆલ આપવાનું મુનાસેબ વિચાર્યું.

હજી તે દાદર આગળજ ઉભેલો હતો. પાસેના ઓરડામાં કાંઇ સણસારો જણાતાં તે દાદરતળે અંધારામાં જઇ ઉભો. પોતાની સંતાવાની જગામા બરાબર ગોઠવાયો નહીં એટલામાં બાજુના ઓરડાનું બારણું ઉઘડયું, અને ડોકું બાહેર કઢાડી જોતાં કોઇ અઝોરતને તેની આગળથી પસાર થતી જોઇ. પણ તે તેણીનો ચહેરો જોઇ શકયો નહીં. તેનાં કદોકામત અને ચાલપરથી તેણે ધાર્યું કે જમાલણી હોવી જોઇએ.

તે અઝોરત દાદરપરથી નિચલા મનઝીલાપર ઉતરી. તે એક ઊભદા તક હતી અને તેનો લાભ લેવા **નસીબ**ખાં ચુકે એમ નહતું. તે મન સાથે બોલ્યો કે, "દહનિ જોઇતું હતું તેવુંજ વૈદે ફરમાવ્યું" આ કાતર્યાપર મારા સિવાય બીજું કોઇજ નથી. કદાચ પેલી સુફેદ સાયાવાળી એકાદ ખુણાંખાંટાણાંમાં બરાબર ભેડી હોય તો કોણ જાણે!"

તે પોતાની છુપાવાની જગામાંથી બાહેર નિકળ્યો, અને જે ઓરડામાંથી જમાલણી નિકળી હતી તેમાં ઘૂસ્યો.

અંદર દાખલ થતાં તે પોતાને કામે વળગ્યો. ગજવામાંથી ટુંચીનો ગુમખો કઢાડી વગર ધાસ્તીએ તેણે એક પછી એક જમાલણીનાં બાનાં અને પેટીઓ ખોલી ખોળવા માંડયાં:

તેના મનને સંતોષ આપે એવી જે પહેલી ચીઝ તેને હાથ લાગી તે કાગળોનું એક બન્ડલ હતું.

ઉપર ટપકે તપાસતાં એક કાગળમાં કોઇની ટુંકી દસ્તખત–સહી પર તેની નજર પડી, જે જોતાં તે બડબડયો, "જનાબ 'ગફન-દાન' હવે તમારી પૂરેપૂરી ખબર લેશું, પણ હમણા વકત નથી" એમ કહી તે કાગળ મુઠીમાં દાબી ગજવામાં ઠેસવી દીધું.

બીજું એક ખાનું તપાસતાં વળી એક અધુરૂં મુકેલું કાગળ મળ્યું. તે કોઇ અોરતના અક્ષર હતા. તે ખુશ થઇ ગયો, અને દીવા આગળ તે કાગળ વાંચ્યું. જે નિચે મુજબ હતું:—

"અઝીઝે મન—તમારી છેલ્લી ચીઠ્ઠીનો મઝમુન વાંચી હું તઆજુબ કરૂં છું કે એક મર્દને ન છાજે તેવી રીતે મને ધમકી આપી ફંમરાવવા માગો છો!

"એવા સુકકા દમથી ડરનારી નારી હું નથી; સુઝમાં રોઝા બોલશો; આસીબાયલાની કાની અખાળવા કરતાં બરા મર્દને મર્દ તરીકે તમારૂં વચન પાળો. તમારી ધરપચ સરપચથી ભંદી બીહવાની નથી. એમ બાતર જમે રાખજો; નથી હું તમારેથી ડરવાની કે છેતરાવાની.

"આપણ વચ્ચે થયલાં કરારનામાં પ્રમાણે મેં મારો ભાગ લફ્ઝે લફ્ઝે—બોલે બોલ બલકે અક્ષરે અક્ષર બજાવ્યો છે; ને નતીજામાં મારા મોહસીનનો મરતી વકતનો કરામેલો દેખાવ શયતાન મિસાલ રોઝે કીઆમત તુલીક મારાં દિલના દીદાર આગળ નમુદ રહેશે.

"મારી ઝિન્દેગી કંટાળાભરી—હયબતનાક અને ધડકધુજરાવાણી બનશે, અને તેથી હરામની મેળવેલી દઓલત મને શા બપની? સિર્ફ આ મુલક છોડી જવા કે મકકા શરીફ હજજ કરવાનાં કામમાં આવે તેજ તો! મારી આખી ઝિન્દેગી મારા અઝીમ ગુનાહોની તોજેશ કરવામાં ગુઝારીશ તોબી એક બેગુનાહ અને ભલા મોહસીનનાં ખુનનો દાગ રસ્તાખેઝ મુર્ધ મારી દામનપર લાગેલો રહેશે.

"પેલી નોટો વિષે જાણવું જે, તમારી ધમકી તો બાજુએ રહી પણ જલ્લાદની તલવારની ધારની ધારતી કે દાર (સુલી)ના બઓફથી પણ હું તે બાબેનો ભેદ ખુલ્લો કરીશ નહીં—મરવાથી હરગેઝ ડરીશ નહી; તા વકતે કે ....."

જાણે આટલું લખ્યાબાદ એકાએક કોઇએ બલલ કીધી હોય તેમ લખનારે તે કાગળ અધુરૂં છોડયું હતું.

પણ તે અધુરૂં કાગળ નસીબખાંને એટલું અગત્યનું અને કારબારભર જણાયું કે ચોરાયલી નોટો—બહુમ નબ્બાબ ગયુરજંગની નોટો ગોવા તેની મુઠ્ઠીમાંજ આવી પડી હોય તેમ તે ખુશખુશ થવા લાગ્યો.

"કેડી આમ બાબત છે! સાતસો ચુહા મારી બિલ્લીમાફ હજે શરીફ કરવા નિકળવાની છે? હરામની મેળવેલી દઓલત મુલક છોડી મકકા શરીફ જવામાં બરચવા માંગે છે? વહારે ધરમી! હવે મારી નજર સામે મોઆમેલો આબનો મિસાલ સાફ દેખાયે છે. મરનાર ગયુરજંગે પીધેલું ઝહેર ડોહવવા વપરાયલી ચમચી—અને તે ચમચીને વળગેલો અોરતના બાલનો એક ટુકડો એ બધાંની હવે સમજ પડતી જાય છે. વળી 'તલવારની ધારની ધારતી કે દારના બઓફથી પણ હું તે બાબેનો ભેદ ખુલ્લો કરીશ નહીં—મરવાથી હરગેઝ ડરીશ નહીં. તા વકતે કે.....' એમ બેગમ સાહેબા ચોકખું પરખાવે છે! વાહરે તારી હિમ્મત! ત્યારે જમાલબ્બી સાહેબા બે બદમાશોમાં પહેલાં નંબરનાં બદકાર મકકાર મુવેલાં છે—બલ્કે ખુની છે? પહેલી ચોર અને પછી ખુની! ઠીક, ઠીક, આજની મહેનત અકારત ગઇ નથી; અને હવે જોવાનું છે કે 'તા વકતે કે' જે કાંઇ બેગમનાં મનમાં હોય તે પહેલાં બેવણનાં બદનસીબમાં નસીબખાંના ફાંસામાં ફસવાનું લખ્યું છે કે નહી? ઇન્શાઅલ્લાહુ! મુહૂર્ત તો મજેનું છે—સગન તો સારા છે, આગે આક અલ્લાહુ છે!"

ઉપલા વિચારમાં તે મશગુલ હતો અને પેલું હાથમાં ધરેલું અધુરૂં કાગળ ગજવામાં મુકવાની તૈયારીમાં હતો એવામાં નિચલા મનઝિલાપર કોઇ ચીબ મારતું સંભળાયું. શું કરવું તેનો તેણે તુર્તજ ઠરાવ કીધો.

તેણે વિચાર્યું કે પેલાં કાગળનો કબજો તુર્ત લેવામાં કંઇદો ન હતો. કારણ કે તે પર કોઇનું નામનિશાન કે ન કોઇની સહી એવું અધુરૂં ચીથરું કાયદાસર કામ કેમ લાગે? વળી અસલ મતલબ તો તેણે વાંચી લીધી હતીજ. અલબત્તા બીજાં કાગળોનું પડીકું બોલીને વાંચેલું ન હોવાથી તે રાખી પેલું અધુરૂં લખાયલું પત્ર તેની જગાએ પાછું ફેંકી દઇ તે ઓરડામાંથી નિકળી ઝડપથી દાદર આગળ જઇ નિચલા માળપર જવા ઉતરવા લાગ્યો.

પહેલા માળ પર પગ મુકતાંજ, પાછલા કમરામાં વાતચીત થતી સંભળાઇ, એટલે તુર્ત તેની પાસેના ઓરડામાં ભરાઇ તે વાત સાભળવા પર કાન લગાડયા. તે વાત કરનારાં શીયાસુદીન અને જમાલબી હતાં.

જ્યારે બોયતણીઆનાં બારણાંપર ચોકકસ ગોઠવણ મુજબના ટકોરા પડતા સંભળાયા ત્યારે કોઇ નજીકો પોચો હતે તો તે ઘરમાંથી છટકવાનો વિચાર કરતે. પણ અત્યાર લગી બેતી કતેહ પછી બહાદુર નસીબખાં પળવારખી એવો વિચાર કરે એ બનેજ કેમ?

પેલા નવા આવનારા કોણ હતા, કેવાં માણસો હતાં, અને શું કરવા આવેલા તે વિષેની બધી વાતચીત સાંભળી લઇ તે બહાદુર પાછો બીજે માળે ગયો તેજ પળે પાછલા કમરાનાં કમાડ ખુલ્યાં, અને જમાલબી બાહેર નિકળી તેની પાછળ દાદરપર ચઢી આવતી જણાઇ. એક પળ પણ ખોવયા વગર જમાલબીના ઓરડાની બાજુના એક કમરાનું બારણું હડસેલતાં સારાં નસીબે ખુલી ગયું; તે એવી ઊમીદમાં છુપાઇ ઊભો કે જેવી જમાલબી ત્યાંથી પસાર થઇ જાય કે પછી પાછો પોતાને કામે વળગે.

પણ તે રાત અજાયબીઓથીજ ભરેલી હતી. નસીબનાં નસીબમાં વળી કોઇ નવુંજ જોવાનું અને અનુભવવાનું હતું? પેલા ઓરડાનું બારણું વાંકું વાળતાંજ તેના અનુભવી કાનો પર કોઇ શણસારો પડયો; તેને માલુમ પડયું કે તે ધારતો હતો તેમ તે ઓરડો ખાલી નહતો–તેમાં બીજું કોઇ હતું.

ખરેખર તેની હાલત જોખમ ભરી થઇ પડી હતી. ઓરડામાં ભરાયલું ન જણાયલું આસામી રહેજ બી ખુન પાડે તો નિચલા મનઝિલાપર જમા થયલા પાંચ જણ ઉપર દોડી આવે તેમની સામે તે એકલો ટકી શકે એમ નહતું–ખાસ કરી તેમાંનાં ચાર તો આપણે જોયુંયે છીયે તેવા બેરહમ કાબુલીઓ હોવાથી મામલો વધારે ભયંકર હતો.

ઓરડામાં ઘોર અંધાર હતું. તે પોતાનો હાથ પણ જોઇ શકતો નહી હતો, ત્યારે ત્યાં બરાબર બેઠેલા બન્દાન કે હયવાનને તો કયાંથીજ જોઇ શકે! તોપણ ઓરડામાં કોઇ હતું જ એમ તેની ખાતેર જમા હતી.

વેળા ખોઇવાની નહતી-વકત ગુમાવવાનો નહતો; તેણે પોતાની વિશ્વાસુ કટાર હાથમાં લીધી. અને એક બંધ બારી તર્ફ કે જ્યાં કોઇ હોવાનો શક પડયો હતો–ચાલવા માંડયું. તુર્તજ તે બારીપરનો પરદો હઠી ગયો અને બાહેર રસ્તાપર બળતી બતીના જંબા ઉજાસમ

પેલી સુફેદ સાયાવાળી સ્ત્રી તેની નઝરે પડી–તેજ કે જેણે થોડાજ વખત પહેલાં રૂમાલના એક ઝટકા સાથ તેને બેહોશ બનાવી દીધેા હતેા.

બહાદુર નસીબખાં જેણે સેંકડેા મરતબા મલકિલમઓતનેા બહાદુરીથી મુકાબલેા કીધેલેા તે આજે આગળ પાછળ કરતેા જણાયેા.

તેણે બોલવાની કેાશીશ કીધી મગર બેાલી શકયેા નહીં; ગેાયા તેની જીભ ટાળવાં સાથ વળગી ગઈ।

પેલેા આકાર તેની તર્ફ આવ્યેા.

ત્યાંથી ખસી જવાનું પણ નસીબને સુઝયું નહી, અને પેલા આકારે હિમ્મતથી આગળ આવી ફરી એકવાર તેનાં મેાંપર રૂમાલ ફેરવી તેને બેહેાશ કરી દીધેા.

આગળ મેાઆફેકજ જયારે તેણે પાછેા હેાશમાં આવી આસપાસ જોયું તેા વળી પેલેા આકાર નદારદ।

એકાએક તેનાં મનમાં કાંઇ વિચાર આવી ગયેા, અને તેજ પળે જમીનપર પડેલી કેાઇ ચીજપર તેનું, ધ્યાન ખેંચાતાં ઊપાડી તપાસી જોઇને બેાલ્યેા :–"સજ્જડ બન્યેા। બીજી વખતે આ અજીબ અને ભેદી સ્ત્રીને મળીશ ત્યારે તેા આ ઘરમાંનેા એક અજીબ ભર્મનેા પરદેા ચીરવાને શકતીવાન થઇશ."

તે પેાતાની કટાર મીયાન કરી પેલા બારી આંગળ ગયેા તેા પરદેા પાછેા પડેલેા હતેા.

તે પરદેા ખિસેડી વધું તપાસ અને તલાશ કરવાનેા તેણે ઠરાવ કીધેા.

પેલેા પરદેા ખસેડી જોતાં તેણે શું જોયું : તે બારીપરથી પાસેનાં ઘરની બારી સુધી જાણે પુલ નાખ્યેા હેાય તેવું જોડાણ કરી લીધેલું।

"ભેદના ભંડારમાં પહેાંચવાનેા કેટેા આજ રસ્તેા દેખું! ઠીક છે; ધીરજથી એની પણ અસર થશે." તે પરદેા આગળ ભારૂક મુંકી ત્યાંથી પાછેા ફરતાં નસીબખાં બેાલ્યેા, અને કાંઇ આવાઝ સાંભળવાની ઉમીદમાં ઉભેા; પણ કાંઇજ નહીં.

તે પાછેા જમાલબીના ઓરડા આગળ ગયેા, અને દરવાઝેા ખેાલી અંદર ગયેા તેા તે તદન ખાલી. તે વધુ બેાળખાળ કરવાની તૈયારીમાં હતેા એટલામાં વળી નિચલા ખંડમાં કેાઇનેા આવાઝ સંભળાયેા.

દાદરના કઠેરાપરથી વાંકેાવાળી તે નીચે જોવા લાગ્યેા, પણ દેખાય શું ? મગર વાત કરવાનેા સાદ પરગરેા સંભળાતેા હતેા.

તેણે જમાલબીનેા આવાઝ સાંભળ્યેા.

તે બેાલતી સંભળાઇ કે "છેલ્લા એક કલાકની અંદર કેાઇએ મારા ઓરડામાં ઘુસી બાનાં પેટીઓ તળે ઉપર કીધેલાં લાગેછ."

અને ઉપલા વાકયના જવાબમાં બીજા બે શબ્દો શું બેાલ્યા હતા તે પણ તેણે સાંભળ્યું હતું.

હવે નસીબખાં ઘરના દરેક કમરાથી વાકેફ થયલો હોવાથી, પેલા બે મર્દો અને જમાલબીને ઉપર આવતાં જાણતાં સામેના ઓરડાનું બારણું ખોલી તેમાં ભરાયો.

પેલાં ત્રણે શું વાત કરતાં હતાં તે સાંભળવા તેણે આતુરતાથી સ્હેજ દરવાજો ઉઘાડયો.

પેલા મર્દો તો આગળ ચાલી ગયા હતા પણ પાછળ પડેલી જમાલબીની નજર તેની પર પડતાંજ ઉપર વાંચી ગયાં તેમ તેણે ચીખ પાડી હતી.

—:o:—

પ્રકરણ ચોથું.

—:o:—

મિહનત બરબાદ.

આપણે વાંચી ગયા કે જમાલબીએ ચીખ પાડી હતી, અને ત્યાર પછી તેણી બેહોશ થઇ પડી હતી; પણ તેણી શું કામ અને શાથી એમ બેભાન થઇ પડી હતી તેનું કારણ પેલા બે જણ શોધી કહાડે તે પહેલાં કેટલીક મીનીટ પસાર થઇ ગઇ હતી.

ગીયાસુદ્દીન ઘણો ઉસ્કેરાઇ ગયો, પણ તેના સાથીએ એક અનુભવી આદમીની અદાથી જાણે કાંઇ બન્યુંજ ન હોય તેમ ખામોશ રહી આહીસ્તાથી પુછયું:—

"એ એમ શાની ચીખો મારતી હશે?"

"એ સત્યાનાશ ગઇને કોણ જાણે શાનો હિસ્ટ્રાયા થઇ આવ્યો? પણ હું જ્યારે તેણીના માન અને હોશયારીની ઘણીજ મુરરત સમજું છું તેવેજ સમયે એમ ઘડી ઘડી ભાન ભુલી અને બેહોશ બની પડયા કરે છે!" ગીયાસે બળાપો કર્યો.

"મર્દ જેવાં મકકમ મનની અઓરત થોડીજ હોઇ શકે!" બીજાએ ધીમેથી સમજાવ્યું.

"પણ એ દહા તો ઘણાંજ મકકમ મનની હોવી જોઇએ; એણે પુરતો અનુભવ મેળવેલો છે."

"એની ઉમરની બધી અઓરતોને બહોળો અનુભવ હોવોજ જોઇએ." પેલા ચબુસ સાથીએ વધાર્યું અને સામેજ એક પાણીનું માટલું દેખાતું હતું તેમાંથી લોટી ભરી લાવી પેલીનાં મોંપર છાંટતાં તુર્ત તે હોશમાં આવી.

"કેમ, બીબી! વળી શાયી ચમકીને હયબત ખાધી?" ગીયાસે ટકોર કરી.

"કોઇનો ઓળો!"—પેલી બોલી,

"ઓળો? તચ્ચાજુબ! કોઇનો નહીં ને તુનેજ ઓળા ને સાયા ને ભુતના ચાળા આજે કેમ દેખાય છે તેની કાંઇ સમજ પડે!" ગીયાસ બબડયો.

"સાયો કે શયતાન નહીં પણ ઇન્સાનનો—એક મર્દનો ઓળો મેં જોયો!"

"પણ તે મુરદાર માણસનો ઓળો કયાં દેખાયો!"

"આ સામેનાજ ઓરડામાં—હજી ત્યાંજ તે હશે બી." તે બોલી.

ગીયાસુદ્દીન ગુસ્સાથી ગરમ બની ગયો. તે બોલ્યોઃ—"બંચિત, મનેબી કાંઇ એવું લાગેછ!" અને પોતાનું ખંજર બેંચી કહાડી હાથમાં ઘુમાવતો પેલા ઓરડા તરફ ધસતો હતો તેવામાં, તેની સાથના લંબાડી ઉઠે તેની બાંધપર હાથ મૂંકી ધારેથી કહ્યું.

"એ કામ મારૂં છે; તમે કરીમરતી ડરપોક અઓરત આગળ ઉભા રહો."

ગીયાસુદ્દીન નીતીએ ગમે એવો નાપાક હશે પણ ઓરેમન્દ અને બેબાક હતો; તે દિલકારો નહીં પણ હિમ્મતવાન જવાન હતો. એમ છતાં પેલા લંબુસનું કહેવું તેને વાજબી લાગવાથી તેનેજ જવા દઇ પોતે પાછળ રહયો.

"ચેરાગ ઝરા કમ કરો" પેલાએ કહયું અને ગીયાસે તેમ કાધું.

"હું નિચલા મનઝિલપર જાઉં છું." જમાલબી બોલી. "હું કેવું ચાહું છું કે એક મહીનો પેસ્તર આ ઘેર હું છોડી ગઇ હતે!"

છેલ્લા શબ્દો સાંભળતાંજ પેલી અઓરતને ગળચીમાંથી પકડી ગીયાસે તેણીના કાનમાં કહયું:—

"બીબીજાન! તમે ચુપચાપ રીતે ચોપીદા રાખેલો—છુપી રીતે સંતાડેલો સામાન હાજિર કરી ગમે તો આ ઘડીએજ ગાહીંથી નીસ્તવ નાબુદ થશો. તો કોઈ કાળો ચોરબી તમને રોકવાનો નથી. સમજ્યાં?"

એ અરસામાં પેલો લંબુસ હાથમાં નાંગી કટારી પકડી જે કમરામાંથી ઓળો દેખાવા વિષે જમાલબી બોલી હતી તે હુજરામાં ધુસી ગયો હતો.

પલભર ગીયાસુદ્દીન બેચયન બની ગયો.

જમાલબી નિચલા મનઝિલપર જવા દાદર ઉતરી ગઇ હતી.

તરહેવાર યોજનાઓ અને કિસ્મ કિસ્મના હવાઇ કિલ્લા બાંધતો પેલો લાંબટાંગ અંધારા ઓરડા વચ્ચે એકલો ઉભો હતો.

અકેક પળ અકેક કલાક જેવી લાંબી અને કંટાળા ભરી લાગતી હતી. આખરે પાંચેક મીનીટ પછી લબેધાં સાહેબે બાહેર આવી ગીયાસને દીવો મોટો કરવા કહી બોલ્યોઃ—

"અંદર મુવું જીવતું કોઇ મળે નહીં; હું તો ધારૂં છું કે પેલી અઓરતની મગજમાં ખોટો ધકારો બેસી ગયો છે."

"આ બધું ઘણુંજ વિચિત્ર અને અજાયબી ભરેલું દિસે છે! હું કહું છું કે આ મકાનમાં જુરૂર એક માણસ છુપાયલું છે. હું પોતેજ એ અંધારા ઓરડાની તપાસ લઇશ," ગીયાસુદ્દીન બોલ્યો.

"અલબતાં તેમ કરવાનાં દરેક હક અને સત્તા તથા એખ્તયાર તમને છે." જાણે પોતાપર વિશ્વાસ નહીં રાખવાથી તેને ચટકો લાગો હોય તેવી ઢબથી બીજાએ કહયું.

ગીયાસુદ્દીન પેલા ઓરડામાં ધુસે તે પહેલાં, વળી પેલાએ જલતાં છગરે કહયું:—

"પેસો બગચર દખાવતનો બેદઆનતી મહેમાન—વગર તેડેનો પરાણો ગમે તે હોય; પણ જો તે અત્યાર લગી આ ઘરનાં છત્ર તળે હોય, તો હું ધારું છું તે કરતાં બી ઝીઆદા બેવકુફ—વધારે મુર્ખ હોવો જોઇએ, એમ ખાતરીથી માનજો."

"અરે પણ તે અહીંથી છટકીજ કેમ શકે?"

"વણી કેમ? જે રસ્તે દાખલ થયો તેજ રસ્તે! અસુસ કરી જ્યારે તમને જગૃત થયલા અને વણી અમારા જેવા ચાર તમારા મદદગાર આવેલા જણ્યા પછી એક પળ પણ અહીં રહેવાનો જોખમ ખેડે તો તેના જેવો પાગલ કોણ? ચાલો હવે આપણે સામેનો ઓરડો તપાસીશું ને જોઇશું કે ત્યાંથી કોઇ ચીઝના પગ થઇ ગયા છે કે? કારણ કે જ્યાં સુધી મારો બીઆલ દોડે છે ત્યાં સુધી તો કોઇ સાધારણ ચોર પડ્યુંખડ્યુ ઉંચકી જવા દાખલ થયેલો લાગે છે!"

તેઓ બન્ને જબાલબીવાળા કમરામાં ઘુસ્યા; એકાદ મિનિટ આસપાસ નિગાહ કરી પેસો લાંબો શખ્સ બોલ્યોઃ—

"અઝહર મિતુલશમ્સ! સુય મિસાલ સાફ રોશન છે, કે તે કોઇ મામુલી ચોરજ હતો."

એકાએક તેની નઝર ઝમીનપર ઢુચોવાળી નાંખેલાં કાગળપર પડી. તે તેજ અધુરૂં લખાયલું કાગળ હતું કે જે નસીબખાંએ ઘણીજ ધ્યાનથી વાંચી જોઇને ત્યાંજ રહેવા દીધું હતું.

તે કાગળ સરખું કરી દીવા આગળ ધરી પેલાએ વાંચવા માંડયું, એટલે સ્વભાવિક રીતે તે પર નીગાહ નાંખવાનું ગીયાસુદીનનું પણ મન થયું. જેમ કરતાં તુર્તજ અક્ષર તેની ઓળખાણમાં આવ્યા, અને થોડીક સતર વાંચતાંજ પેલું કાગળ બીજાના હાથમાંથી ઝુંટવી લીધું, જેની પેલાએ બીલકુલ દરકાર કરી નહીં.

ઢુંકમાં બીજા જે ત્રણ શખ્સોને જુદે જુદે ઠેકાણે તપાસ કરવા રાખ્યા હતા; તેઓને બી એકઠા કરી તળીઆથી છાપરાં સુધી આખું મકાન છાની મારવાનો હુકમ કરી પેસો લાંબો શખ્સ ગીયાસુદીન આગળ બેઠો.

ઘણીજ બારીકાથી બાના તલાશી શુરૂ કરવામાં આવી. દરેક ઓરડો અને દરેક ઓરડાનું ખુણેખુણું શોધી માર્યું, પણ મહેનત બરબાદ ગઇ.

પેસો લાંબો શખ્સ અને તેના ત્રણ સાથીઓ ઘરમાંથી બાહેર પડયા ત્યારે બાગદાદ થવા આવી હતી.

—:o:—

પ્રકરણ પાંચમું.

—:o:—

કાયતરૂં.

નવાબ ગયુરજંગ મર્હુમની લાશ અજમેર શરીફમાં દફનાવ્યાનો તાર મળ્યો હતો; તેમનાં નામ પ્રમાણે શહેરની મોટી મસ્જીદમાં ઝીયારત કરવામાં આવી જેમાં પણે. તખ્તના મોટા મોટા અમીર ઉમરા શરીક થયા હતા.

એક અઠવાડીઉ પસાર થઇ ગયું.

મરનારનું એકાએક થયેલું મોત નિપજ્યું તે વિષે મોટે ભાગે લોક બેખબર હતું અને કેટલાક જાણતા હતા તેઓએ વધુ જાણવાની કનવાર કીધી નહીં. એ પ્રમાણે સમાધાની સાથ ગાડું ગબડવા લાગ્યું.

વીરાસત સાબેત કરવા—પ્રોબેટ મેળવવા **ગીયાસુદ્દીન** અદાલતે આલીઆ [હાઇ કૉર્ટ] માં અરજી સાથે વસિયતનામું દાખલ કીધું, તેમાં જણાવેલું હતું કે મરનારનો ફકત એકજ વારેસ હતો; સિવાય કે થોડાક હજાર રૂપ્યા પોતાની વફાદાર કારભારણ જમાલબીનાં નામપર લખેલા હતા.

મરનારની જાગીરાત અને મિલકતો ઘણી પુરવાર થઇ, પણ અજબ જેવું હતું કે ઝાઝી દસ્તાવેજ કે રોકડ નહીં જેવું માલુમ પડયું.

બોહવાયલી મોટી રકમની નોટોનો વસીયતમાં ઇશારો વટિક નહીં કીધેલો—જો કે લગભગ દસ પંદર લાખ રોકડ મરનાર પાસે હોવાનું સર્વ કોઇ માનતું હતું.

દગલબાઝી કે જાલસાઝીનો કોઇને કશો શક નહીં હતો.

દરેક ચીજ રાસ્ત વ દુરોસ્ત અને બા કાયદા થતી જણાતી હતી; તે વસીયતની મુખાલેફત કરવાને કોઇ વીરોધી ન હતું.

ગયુરજંગનાં મરણ પછી એક હફતાની અંદર તો **ગીયાસુદ્દીન** મરનારની જાગીરો અને માલમિલકતનો લખપતી માલીક બની બેઠો. તે દબોલત અને દરજ્જે કેમ મેળવ્યાં હતાં તેની સ્હેજ પણ દરકાર વગર સેંકડો દોસ્તો અને હજારો ખુશામદયા તેની અતરાફ ફરી વળ્યા. અરજ છે કે જ્યાં મધ હોય ત્યાં માખો ભમે—તેમ બધા તેનીપર ભમવા લાગ્યા.

આ બાબની શુરૂઆતમાં કહ્યું તેમ એક અઠવાડીઉ પસાર થઇ ગયું હતું. **ગીયાસુદ્દીન** મહુમ નવાબની હવેલીમાં પોતાના ખાસ ખાનગી ઓરડામાં કોઇ સાથે વાતે બેઠેલો હતો. તેની સાથે વાત કરનાર તેજ લંબુસ લાંબટાંગ **કાબુલી** હતો કે જે આગલાં પ્રકરણમાં વાંચી ગયા તેમ પેલી યાદગાર રાત્રે **ગીયાસને** મદદ કરવા આવ્યો હતો.

"**વલીદાદખાં!**" ગીયાસ બોલ્યો. "થોડીક પળ વહેલો તું આવી જતે તો કેવુ સારૂ!"

"**સબબ?**" **વલીદાદે** પુછ્યું.

"સબબ એજ કે મારૂં નખ્ખોદ વાળવા જે મુઝીએ મારી પુઠ પકડી છે—જે મને લુટીને ખુવાર કરવા આગે છે—તે નાજકાર મલઉન હમણાંજ અહીંથી દફે થયો."

"કોણ! પેલો કોતવાલી કુતરો **નસીબ** કે?"

"હા; તેજ શું તું તેને ઓળખેછ?"

"જેની સાથે મને કામ પડેલું ખરૂં. તે ઘણું જોખમભર્યું માણસ છે—બડો ફીનાબાઝ છે—અને તે જો તમારી પુઠે લાગેલો હશે તો જરા મુશકિલ પડશે."

વલીદાદ જ્યારે ઉપલા બોલો બોલતો હતો તેજ વખતે તેણે જમાલબી પર નીગાહ રાખી હતી; તે જાણવા માંગતો હતો કે તેનાં બોલવાની તેણીપર શી અસર થઇ હતી.

ઘણીજ અજબ અસર થઇ હતી, તે કબરમાંથી ઉઠી આવેલી અઝોરત જેવી પૂરકી પડી ગઇ, અને બડબડતી સંભળાઇ કે, "ખુદા ખયર કરે! જો તે જાણીતા સરદારે આપણી પુઠ પકડેલી હશે–તો સઘળુ રંધાઇ ચુકેલું સમજવું! આપણું આવી બનેલું નકકી માનવું!"

જાણે કોઇ છુપા ભેદથી વાકેફ હોય તેવા અણકાથી વલીદાદે પૂછ્યું:–

"તે કમબખ્ત એક ગરીબ અઝોરતની પુઠ શા સારૂ પકડે?"

"હું તે સમજીવીશ" જમાલબીને ત્યાંથી ચાલી જવાની ઇશારત કરી ગીયાસુદ્દીન વચ્ચે પુરાયો, અને જમાલબીના જવા બાદ તે બોલ્યોઃ—

"તુને યાદ હશે વલીદાદ કે એક વેળા મેં તુને કહેલું કે મારા કાકાજીએ કોઇની છોકરીને પાળી લીધી હતી?"

"બખુબી યાદ છે."

"સાંભળ ત્યારે; એવું માલુમ પડેછ કે તે બેબદામની છોકરી, મર્હુમની એક પુરી દીકરી હોવાનાં ઢોંગ કરી વરસો મેળવવાની બેઅદબ તજવીજ કરે છે અને પોતાની મદદમાં એ લુચ્ચા નસીબખાંને લીધો છે."

"શું ત્યારે તેનો દાવો ખોટો છે?"

"તો શું ખરો?" ગીયાસે ગુસ્સાથી ડોળા ચઢાવી કહયું. "એક વકત નહીં પણ એક હજાર ને એક વાર બિલકુલ બનાવટી અને ખોટો. મારા બહેશતી કાકાજીને પેટે કોઇ છોકરૂં નહીં હતું કે નહીં કોઇ નઝદિકનું સગું–સિવાય તેમના મરનાર ભાઇ તે મારા સગા વાલિદે મર્હુમ–જેમના સગા દિકરા તરીકે મારા ચચાનો હું જ એકલો હકદાર અને ખરો વારેસ છું."

"ત્યારે એવા ખોટા બડા કરેલા દાવાથી તમને બીહવાનું શું છે?"

એક પળ વિચાર કરી પાછું તેણે બોલવા માંડયું.

"તુને ઝરદાર બનવાનું પસંદ છે, વલીદાદ?"

"આ આલમનો બાદશાહ ઝર છે. તો તે ઝર મેળવવા કિયો ખર નારાજ હોય?"

"જો કામ પ્રમાણે પુરૂં દામ મળવાની બાતર જમે થા। તો તું થોડોક જોખમ ખેડવા તૈયાર થાય કે?"

"દામ કરે કામ ને બીજી કરે સલામ. કબુલ વ મન્જુર. હમારા કાબુલીઓમાં કહેવત છે કે:–

'ઝર બિરેહ બરદ સિપાહીરા, કે ઉ સર બિરેહદ'

તેમ તમારાં ઝરના બદલામા હું અને મારા સાથીઓ તમારે માટે સર આપવા તૈયાર છીએ."

"દર્જ કર, કે કોઇનું અગત્યને સર ખુન કરવું પડે. તો તું કે તારા ગોઠયા પાછા તો નહીં હટો?"

"હજી તમે વલીદાદને પીછાનતા નથી, જનાબ. દુન્યામાં કોઇ કામ એવું ન હશે કે એક વાર મેં માથે ઉઠાવ્યા પછી અધ વચ્ચે છોડી દીધું હશે। તમે ધારતા હશો તેવું

'લે'સનું પુછડું' હું નથી; હું તો કામ સરંજામ ઉતારીને જ છોડીશ. પછી તે શયતાનની સામે થવાનું હોય કે ખુદ મલકિલ મઓતનો મુકાબલો કરવાનો હોય તો શું મુઝાયકા?"

લાંબો અને ગંભીર મશવેરો ચાલ્યો; જેનો સાર એ હતો, કે એક મોટી રકમના બદલામાં વલીદાદે એક નહીં પણ ત્રણ ત્રણ ખુન કરવાનું કબુલ્યું હતું.

જે ત્રણ આસામીના ખુન ગીયાસુદ્દીન કરાવવા માંગતો હતો તે કોણ હતા? સર્વ ની પહેલો નસીબખાં, બીજું તો ચેલી સુફેદ સાયાવાળી ભેદી અઓરત કે જેને મરનાર નવ્વાબની મુવેલી અઓરત ઝોહરાબેગમના ભૂત તરીકે જમાલબી ઓળખાવતી હતી; અને ત્રીજો ભોગ જમાલબી હતી–અને તેણીને તો બને તેમ જલ્દી પહોંચતી કરી મેલવાની તાકીદ કરવામાં આવી હતી.

જોયા દુન્યાના રંગ ઢંગ? જ્યાં જુવો ત્યાં કાવત્રું!

પ્રકરણ છઠું.

તરીઆપાવં.

જેવો વલીદાદખાં મકાનમાંથી નિકળ્યો કે જમાલબી પાછી ગીયાસુદ્દીનની હુજુરમાં આવી ઊભી, અને બોલીઃ–

"મારો જીવ લેવાનો તાગડો રચ્યોછની! એ મારી મિહનત અને જાનફેશાનીનો બદલો કે? અમીરઝાદાના એવા ઢંગ?!"

"ખામોશ! વધારે પટપટારો ના કર, એક વાત તો ચોકકસ છે; અને તે એ કે તેં જે કાંઇ છુપાવી રાખ્યું છે તે બધું ચુપચુપ મારે સ્વાધિન કર, નહીં તો મુલ્કે અમુશાંમાં કુચ કરી ગયલાં મુસારીરોની કહેરીસ્તમાં તારેખી નામે ઝુરર ઊમેરશે."

"હું પોતાને ગમે એવી બાહોશ માનતી હતી છતાં હવે હું સમજું છું કે આખર કરે અબળાની અકલ નબળીજ! મારે ઠેકાણે કોઇ ચતુર નાર હતે તો તુર્ત ચેતી જતે કે જે શખ્સે એકજ લોહીના પોતાના અતશગના સગાં બાપ–તોલતા કાકાનું કાટલું કાઢવાનું–નિર્દયીને તે બેગુનાહનું ખુન કરવાનું–કાળું કાવત્રું રચ્યું, તે શખ્સ પોતાની ગર્જ સરત પોતાના મળતપાનું જ કાં નહીં ખુન કરે! પણ મને તે સુઝયું નહીં."

"તારી જુબાનની કાતર કેવા બેહુદા સુબંન કાતરે છે તેનું તુને ભાન નથી, એવા વગ અર્થના બેવકુફીભર્યા વેણ એક કમસમજ અઓરતનાજ હોઠમાંથી નિકળી શકે!"

"એ બધી તમારી લાંબી ટુંકી તમારી પાસે શાંતી રાખો–બરી ખબારીને હું જે કહેવા માંગું છું તે પર ખુબ ગઓર કરો. જાંબુઝે બીબાં ગીયાસુદ્દીન! કે અગમ બુધ્ધી વાળું માણસ આવની આફત સામે પહેલેથી બચાવની ઢાલ તૈયાર કરી રાખે છે; મને એ

બેવકુફ બૈરી માની લઇ ગમે તેમ મનમાં મર્યન ધ્યા કરો જ્યાં સુધી તમે તમારા મોંઢાપદાના અક્ષરે અક્ષરાસર અમલ કરશો નહીં ત્યાં સુધી મારી છાતીમાંની છાની વાત, છુપીજ રહેશે—હું મઓતને શરણ થઈશ, લેકીન હરગેઝ ભેદ બોલીને નહીં કહીશ."

"બીબી સાહેબ! બે રાસ્તા ખુલ્લા છે—જ્યાતો મારે તાબે થઇ તારી પાસે જે કાંઇ હોય તે સધળું ઝરાએશ મને સુપોદ કર યા મુઠ્ઠે અદમની સફર કરવા-મરવા-તૈયાર થા."

"જે પળે તમે તમારૂં વચન પુરેપુરૂં પાલશો તેજ પળે સર્વ રાઝફાશ કરીશ, અને તેની આગાઉ મરતાંજી નહીં." જમાલણીએ પોતાનો ઠરાવ જણાવ્યો.

"જો નોટના ચિયરાં મારે સ્વાધિન કરી દે તો કબુલેલી રકમથી અમણી રકમ આપવા આમાદા છું—તૈયાર છું."

"બોર્યા રમાડો બોર્યા! જનાબ એવી લાલુચના ફાંસામાં ફસે એવું પરિન્દું હું નથી, તમારી તમામ જાગીરાત અને માલમીલકતથી પણ ઘરાવાની નથી; સમજ્યા?"

"તું શું એવો ગુરૂર ધરાવવાની શેખી કરે છે કે તારી ઝબરદસ્તીથી હું તુને મારી મનકુહા બનાવીશ—તારી સાથે પરણીશ?"

"હું તે કાંઇ સમજતી નથી. હું ફરીથી કહું છું કે તમોએ કરેલા કરારનો બોલેબોલ પાળવોજ પડશે. યા આ મહેલ, માલેઝર અને ગયુરજ'ગની જાગીરોની હાય ધોવાજ પડશે, તમારી પરણેતર બેગમ તરીકે તમારી રાઝદારી કરવી—તમારા છુપા ભેદો સંભાળવા એ મારો પોતાના લાભ માટે મારી અધિન ફર્ઝ સમજીશ; પણ તમારી દુશ્મન તરીકે તે બધું ખુલ્લું કરી તમને ઊંધાડા પાડવાની મારી સર્વથી પહેલી નેમ રહેશે."

"પણ આપણે કોઇ બીજી રીતે સમાધાની પર આવીએ તો મારી દુશ્મન બનવાની કોઇ જરૂરત બાકી ન રહેશે."

"મોઆફ કરો જનાબે વાલા! કેની અબોરત સાથે તમને કામ પડયું છે તે તમે બરાબર જાણતાં હોવ એમ લાગતું નથી! તમારી દાવપેચભરી વાતો અને જુઠા વાયદાઓ સાંભળતાં સાંભળતાં અમારું ધડપણ આવ્યું. હવે મારી સબ્ર ખુટી છે! હવે મને તમારો રહેજ પણ ડર નથી અને તેથી તમારા ગુનાહોની જનજરમાં ખુલ્લી રીતે એક બધુ કડી ઉભેરવાની હિમ્મત કરૂં છું કે મારૂં કાટલું કઢાડવાનો-મારૂં ખુન કરવાનો તમારો હેતુ છે! કેમ ખરૂં કે નહી?"

"અને મને ચીડવીને તેમ કરવાની તુંજ ફર્ઝ પાડશે!"

"કોઇપણ પ્રકારે મારી તો કતેહજ સમજું છું!" જમાલણી બોલી, તેણીની આંખો એવી ચમકી રહી હતી કે જાણે તેણીને હમણાંજ બધી કતેહ મળી ચુકી હોય એમ લાગતું હતું. "હા, હા!" તેણીએ વધાર્યું "બેઉ રીતે મારીજ કતેહ છે. જીવતી રહી તો તમારી પર સરદારી કરીશ અને મુઆ તો ખુબ યાદ રાખજો કે મારાં મરણથી તમારી પર એક એવો ફટકો પડશે કે તમને ઉચકી નાખશે કચકી-તમારો પીસાને આટો કરી નાંખશે!"

ગીયાસુદીન ઊશકેરાઇ ગયો; ગુસ્સાથી તે એક વિકરાળ વરૂ બની ગયો; તેના ચહેરાપર એવો ફેરફાર થઇ ગયો કે એકદમ કોઇ ઓળખી પણ શકે નહીં; આંખોથી ગોયા જ્વાળા ભભકતાં હતાં. તે બોલ્યોઃ—

"એક આખરી વાત સાંભળી લે; અકલપસન્દ અને બેઉ બોરડુને; ફાયદાકારક તોડ સોંપી કહાડીએ તો કેમ?"

"એ તોડને જોડની માથાફોડ કરવાની જરૂરતજ શું? આપેલું પયમાન પળે અને ખલાસ!"

"એમજ છે ઓ શયતાનઝાદી!" દાંતયાં પીસી મુકકી બતાવતાં ગીયાસ બોલ્યો. "તો હવે પછી જે બને તેનો કપકા મારે સર નહીં પણ તારીપરજ રહેશે."

બેપરવા બોલવા સાથે તે જુનુનથી ઊઠી જમાલબીનાં આંગપર ધસ્યો અને તેણીના માથાંમાં મુકકી લગાવી કહાડી કે તે બોંયપર પડી. તે અબોરતે ફરી ઉઠવાની અને ચીખ પાડવાની કોશીશ કીધી પણ બીજી એક ફૈલાદી મુકકી મસ્તકમાં પડવા સાથ બેસુધ બની જમીન પર પડી.

પોતાનો હયવાની અને કીનાખોર જોક્ષ નર્મ પડતાં, પોતાનાં નાદાની ભર્યાં પગલાંનો તેને પસ્તાવો લાગ્યો.

પોતાની ભોગ થઇ પડેલી અબોરતના નિચલા બોલો તેને યાદ આવ્યાઃ—

"મારાં મરણથી તમારી પર એક એવો ફટકો પડશે કે જે તમને કચડી નાંખશે-પીસીને આટો કરી નાખશે"

તુર્તજ તેણીને સાવધ કરવાના ખયાલ કરવા માંડયો. તેણી શુદ્ધીમાં આવતાંજ તે બોલ્યોઃ—

"મને મોઆફ કરજે. ગુસ્સાથી હું ઘેલો બની ગયલો તેવી હાલતમાં નાપાક શયતાને મને વધારે ઉશકેર્યો, અને જે ભુલ મેં કીધી છે તે માટે મારી હયાતના આખેરી દમ સુધી પસ્તાવો કરીશ."

જમાલબીની નસકોરી ફુટીને લોહી વહેતું હતું. તે બોલીઃ—

"અચ્ચિતજ; મુંકી મારતાં તો મરાઇ ગઇ; લેકીન નવ્વાબ ગેયુરજ ગના બની બેઠેલા વારસ સાહેબ! એ મુકકીનો સ્વાદ જુરૂરજ તા દમે ઝિસ્ત-મરણ તુલીક-ચાખતા રહેશો." અને તેણી ઓરડો છોડી જવા લાગી.

પાંચ મીનીટ પહેલાં જે શખ્સ તેણીનો જીવ લેવા તલપેલો જે બેહરમે એક નમળી અબોરતપર હાથ ઉંચકી નિર્દય મુકકીઓ મારેલી તેજ તેણીને જતી રોકવા રસ્તા વચ્ચે આડો ઉભો.

પણ તેણી એકની બે નહીં થઇ.

દસ મીનીટ પછી તો તેણી મરહુમ નવ્વાબની હવેલી છોડી ચાલી ગઇ.

તેણી શું કરવા ભાગતી હશે તેનો વિચાર કરે તે પહેલાંતો તે રસ્તા વચ્ચે ચાલતી રહાજના ઝઝકળામા ગીયાસુદીનની નજરે પડી તેણે તુર્તજ જમાલખીની પુઠ પકડી પણ તે ચંચળા એવી ઝડપથી આડા અવળા રસ્તાઓ લેવા લાગી કે ગીયાસુદીન બેજાર બની ગયો પણ રાતદિનનો અનુભવી અને વધારે લુચ્ચો વલીદાદખાં એક ઓળા મિસાલ તેણીની પુઠે પડયો, અને તેણીને હયદરાબાદનાં મોટા સ્ટેશનપર દાખલ થતી જોઇ

દુરની કોઇ ગાડી જવાનો વકત નહી હતો તુર્તની એક સોકલ ત્રેન ઉપડી ગયલી હોવાથી બીજીને ઉપડવાનો હજી એક કલાકનો વિલબ હતો, તે તકનો લાભ લઇ તે બાજુમાંજ આવેલા 'મહણુખ બાગ'નાં એક એકાંત ખુણામા ગયો અને ઝડપથી વેષ બદલી પાછો સ્ટેશનપર હાજર થઇ પેલી મકરર-નાહસી આવેની જમાલખીપર નિગાહ રાખી કર્યા કીધો

બીજી થોડીક પળ અને જમાલખીને અઓરતોના ડબ્બામા દાખલ થતી જોઇ પાને નાજ મરીના કમ્પાર્ટમેન્ટમા વલીદાદખાં ચઢી બેઠો

એક નહાની જેવી વ્હીસલ અને ત્રેન ઉપડી ગઇ

પ્રકરણ સાતમુ.

અસીલ હિર્સ.

આસરે રાતના સાડા દસને સુમારે મિડચેલમાં સ્ટેશનપર ત્રેન આવી થોભી, તે પહેલાં દરેક સ્ટેશનપર વલીદાદ ઉતરી પોતાની આતરી કરતો કે તેનો શિકાર ગાડીરૂપી પિંજરામાં સલામત હતો કે નહીં, તેમ અહીં પણ તેણે ચોકકસ નિગાહ રાખી, જોયુ તો જમાલખીને ખુર્કો બરાબર ઓઢતી ઉભેલી પ્લાટફૉર્મ પર જોઇ તેજ પળે તેમી ઉતરી પડયો

બારિશની મોસમે—વરષા રૂતુ—વરસાદના દિવસો-હોવાથી આકાશ ખુબ ઘેરાયલું હતું, એક તારો પણ દેખાતો ન હતો, અને દર પળે ધોધમાર વરસાદ તુટી પડવાની ધાસ્તી હતી.

સ્ટેશનની બહાર નિકળી સિયાહ રાતની અંધેરી જોઇ તે સ્ત્રી જરા ડગમગી, ને આસ પાસ કોઇ ન જણાવાથી પોતે એકલીજ હતી એમ માની લઇ તેણી મોટે સાદે બડબડવા લાગી 'ખુદાની પનાહ! આવી ડરામણી સિયાહ રાતમા એક કોસની મુસાફરી પગે કરવાની કેટલી મુશકીલ થઇ પડશે! મગર તેનો શુ મુઝાયકો? મારે જરુજ જોઇએ પેલા કાગઝના ચિથરા ખાતર કહાડી લાવવાજ જોઇએ."

તેણીના કહેવાને પણ બાજર ન હતી કે ઉપલો દરેક બોલ તેણી પાછળ સિર્ફ ચાર કદમ દુર ઉભેલા એક જુવાન શખ્સે સાભળ્યો હતો

એક મીનીટના આરસામાં ઉપરનું બધું બનવું હતું

ઓનજીનની એક વ્હીસલે તેં ડરામણી રાત ગજવી મુકી અને તે સોકેસ પાછી હયદરાબાદ જવા ઉપડી ગઇ.

ગણત્રીના એકાદ બે ગામડીઆ ઉતારૂઓ પોતાનાં પોટલાં બંને મારી ચાલતા થયા; સ્ટેશનના કામદારો પણ પોતાને વગેસગે થઇ ગયા, અને વીંઝલની અવારનવાર થતી ગર્જના તથા જંગલી કોહલાંના અવાજો સીવાય સર્વ શાંત હતું.

દસેક મીનીટ પસાર થઇ ગઇ.

આગળ પડી ચુકેલા વરસાદથી ખડબચડા રસ્તાનાં ખાડા ખાબોચ્યાં કાદવ અને પાણીથી ભરાયલાં હતાં અને હજી ધીમો વરસાદ પણ પડતોજ હતો તે છતાં પેલી અઓરત બહાદુરાથી ભપલું બોલવાને સાદેરતો કાપવા લાગી.

માથાંમાં મુકી લગાવી કહાડી કે એટલાં છેટાંપર ગઇ કે તેણીનો પુઠે જતો ઓળો દેખાયો. પાડવાની કોશીશ કીધી પણ બીજી નહીં ગયો એટલાંમાં એક બીજો છુપો આકાર ઝાડેર ઝમીન પર પડી.

પોતાનો હથવાની અને કીનાબાઝ જોસ નમે ત્રે બેતરોના આડાઅવળા દરેક રસ્તાથી તેને પરતાવો લાગ્યો.

કદમે આગળ અને આગળ વધતીજ

પોતાની ભોગ થઇ પડેલી અઓરતના નિચલા બોલો તેને યાદાની સરખી અમરાઇ-અંબા

દીવર જેવું નહાનું ભાંયું

"મારાં મરણથી તમારી પર એક એવો કૂટકો પડશે કે નાંખશે-પીસીને આટો કરી નાખશે"

તુર્તજ તેણીને સાવધ કરવાના પવાજ કરવા માંડયો. તેણી શુદ્દોમાં આવતાં પણ હડસેલી બોલી

"મને મોઆફ કરજે. ગુસ્સાથી હું ઘેલો બની ગયલો તેવી હાલતમાં નાપો દીવારોપરથી મને વધારે ઉશકેર્યો, અને જે ખુન મેં કીધી છે તે માટે મારી હયાતના આખેરી દેખાવ પસ્તાવો કરીશ."

જમાલબીની નસકોરી પુરીને બોલી વહેતું હતું. તે બોલીઃ—

"બીચતજ; મુંકી મારતાં તો મરાઇ ગઇ; લેકીન નવાબ ગયુરજંગના બની બોમાંથી વારસ સાહેબા એ મુકકીનો સ્વાદ ગુરૂરજ તો દમે ઝિરત-મરણ તુલીક-ચાખતા રહેશો." અને તેણી ઓરડો છોડી જવા લાગી.

પાંચ મીનીટ પહેલાં જે શખ્સ તેણીનો જીવ લેવા તલપેલો જે બેહરમે એક નબળી અઓરતપર હાથ ઉંચકી નિર્દય મુકકીઓ મારેલી તેજ તેણીને જતી રોકવા રસ્તા વચ્ચે આડો ઉભો.

પણ તેણી એકની બે નહીં થઇ.

દસ મીનીટ પછી તો તેણી મહુમ નવાબની હવેલી છોડી ચાલી ગઇ.

લાગી કે, "પેલા કાગઝના કટકા મારા કબજામા એક વાર આ યા કે ગીયાસ મારે ગુલામ બનશે"

એવી રીતે તરેહવાર હવાઇ કીલ્લા બાધતી તથા ખટકે ખટકે બાગેના દાદરપર અટકતી અને અંધારામા ફાફા મારતી તેણી ઉપલા મનઝિલાપર જઇ પહોચી, અને પાછી બતી સળગાવી એક બારણુ ખોલી કરોળીઆના જાળાથી ભરાયલા એક ઓરડામા દાખલ થઇ

તે એક એવી ઉજડ જગા હતી કે જ્યા મર્દમૂત બેનતીજ કોઇ સ્ત્રી જવાની હિમ્મત કરે—અને તે બી દિવસની વકતેજ બેાઇ છાતી ચલાવે પણ એક ભયકર અને જીવ સટોસટનું કામ પાર ઉતારવા મંડેની જમાલબી બીક કે ધારતી શુ ચીજ હતી તે જાણતીજ ન હતી—ભયકર ગાજવીજ અને પવનના તુફાનથી પડતા ઝાડોના કડાકા, અને પેલા ભાગા ભરતાના ખરી પડતા ચુનાના ચેંસલા અને ઇટ પત્થરના ટુકડાએ તેણી પર કશીજ અસર કરી નહીં, કારણ કે તે તો તનમનથી પોતાના કામ પાળવજ મંડેલી હતી ને કે તે કાઇ કુવતમદ અેાગ્ત ન હતી પણ માથે લીધેલું કામ પૂરેપૂરૂં પાર ઉતારવાના ઉત્સાહમા અજબ જેવી હિમ્મત તેણીમા આવી ગઇ હતી.

હાથમા દીવેા પકડી થેાડીક પળ તે ઉભી રહી, પછી ધીસે કદમે એક ધુમાડયાં તરફ ગઇ અને જતા જતાં પટપટારેા કરવા લાગી કે —

'ખુદાવન્દે કરીમ મારી મદદે પહેાચ્યે। પણ અફસેાસ! એક નાપાક પાક પરવર દિગારની મદદ માગવાનેા મને શેા હક છે? પાપીમાં પાપી કર્મ કય દીધી તે આલ્હેાબનુ પાક નામ વટિક મારી જુબાનપર કમ લાવી શકુ?" હતેા— પુરના

તેણી પેલા ધુમાડયા પાસે જઇ પૂગી, ચેાકકસ ઠેકાણેની બળગી ઇટેા તાણી કહાડી બાધગતા બાયામા હાથ ઘાલ્યેા, અને તેમાથી તેણીએ આઠ તમુ સમ ચેારસ એક દાબડેા બેચી કહાડયા

તે નાહનેા દાબડેા હાથમાં લઇ જોતાંજ તેણીના ચ્હેરાપર મગરૂરી અને ખુશાલીનાં કીરણેા ચળકવા લાગ્યા તે બેાલી—"આ તે એ મારે હાથ લાગેા ખરે!'

તેજ પળે તે ઓરડામા એક બીજો દાખલ થયેા અને જમાલબીની પીઠ પાછળ આવી તેણીના હાથમાથી પેલેા દાબડેા છિનવી લીધેા અને બેાલ્યેા—"કેાણુના બાપનેા માલ!'

જમાલબીએ ચિમવાઇને ખૂબ પાડી, ગભરાટથી થરથર કાપવા લાગી, પેાતાની સામે ઉભેલા શખ્સનેા કઠેાર ચ્હેરેા ટિકતીજ ઉભી.

જરા થેાભી જઇ જીવપર આવી ગયલી તે જબ્બાઝ અેારતે પાછી પેલા દાબડાપર તડાપ મારી પણ ફેાકટ! એક ઝબરદસ્ત મર્દમૂત હાથે તેણીને બાજુમાથી પકડી હડમેતી કહાડી પેલા શખ્સે કહ્યું—

"એ તેા માહરેા છે!"

"નહીં, નહીં, બેહનેા નહી પણ માહરેા છે!" એમ કહી પહેલા શખ્સના હાથમાથી દાબડેા છિનવી લેતા કાઇ બીજાજ સખ્સ બેાલતેા સભળાયેા

પહેલા શખ્સે પાછળ ફરી જોયું તો કોઇ તેની છાતીપર પીસ્તોલ તાંકી ઉભેલો એક આદમી નજરે પડયો, જે છેડાવલા વાંધ જેવો વિકરાળ દિસતો હતો.

"તું કોણ શયતાન છે, અને કયાંથી પુરી નિકળ્યો?" જેના હાથમાંથી દાબડો છિનવી લેવામાં આવ્યો હતો તે બોલ્યો.

"હું કોણ છું તે મારા કહેવા વગરજ તે જાણતું હતું અલ્તમશ ઉર્ફે વલીદાદ."

પેલો શખ્સ ચોંકયો. એકાએક તેને કંઇ વિચાર સૂઝયો હોય તેમ તેણે જમાલણીના હાથમાંથી મોમબત્તી લઇને દાદર પરથી ફેંકી દીધી, અને અંધારૂં વ્યાપી રહેતાંજ બોલ્યો—

"ઓહો! ઓળખ્યો તને અસગરઅલ્લી! આજે આપણો હિસાબ છેવટનો ચુકતે કરીશું."

મોમબત્તી ફેંકી દીધેલી હોવાથી બધાં ત્યાં અંધારાં કીલ્લામાં હતાં, અને જ્યારે અલ્તમશ ઉર્ફે વલીદાદમાં ઉપલા શબ્દો બોલતો હતો ત્યારે એકાએક વિજળી જેવા એક ચમકારા સાથ એક ધડાકો થયો, અને જમાલણીએ એક ચીસ પાડી.

થોડીક પળ સંપુર્ણ ચુપકીદી ફેલાઇ.

આખરે વલીદાદ અંધારામાં કાંઇ તપાસતો જણાયો—જાણે કાંઇ શોધતો હોય તેમ અંધારામાં ગોતતાં ખાતો હતો. પણ તે કાંઇ શોધી કઢાડે તે પહેલાં તો કોઇએ તેને ગર્દનમાંથી પકડયો, અને બોચપર ચઢી બેસી કહયું:—

'શયતાનના સાથી! કંગાલ કુત્તા! આખરે તું મારા હાથમાં સપડાયો છે!"

એમ દેખાયછ તો ખરૂં; કોઇ દિવસે આપણો મુકાબેલો થશે એમ હું ધારતોજ હતો," ગુંગળાયલે સાદે કહયું.

'શુકે પાક અલ્લાહ! આખરે તું મારા હાથમાં એક નાચીઝ ઉંદર મિસાલ સપડાયો અસગરે કહયું "હવે તારા છુટકારા માટેનો એકજ રસ્તો છે; અને તારી નાપાક ઝિન્દેગી બચાવવા માંગતો હોય તો મારી શર્ત ફૈરન કુબુલ કરી તે મુજબ અમલ કર."

"હું બધું કરી પરવારી ગયો છું અને અમીર બનવાની ઉમીદમાં આજની ઘડી લગી ફકીરનો ફકીરજ છું; ખુદ ફરતું આસ્માન મારીપર રડેલું લાગેછ. ઝાહેર કર તારી શર્ત!"

"ઓ મલઉન, ખબીસ, શયતાન! બોલ મારી દિકરી કયાં છે?" અસગરે દુઃખ અને ગુસ્સાથી પુછયું.

"એવે ઠેકાણે કે તું કદી જાણી શકવાનો નથી."

"બોલ ઓ મુંઝી! હજી તે મઆસુમ-નિર્દોષ બાળકી જીવતી છે કે?"

"હા; તેની હયાત બાકી હશે ત્યાં લગત જીવશે."

"જો તારી પાપી ઝિન્દેગી લંબાવવા માંગતો હોય તો બોલ દોઝખી પલીદ! તેં તે બેગુનાહ બાળકીનું શું કીધું છ?"

"તે એક પિદરના કાનને લાયકની વાત નથી." કઠોર વલીદાદે કહયું.

" દોઝખી દેવ ! હંમેશ મરતમા તું મારા હાથથી છટકવા પામ્યો છે, તેથી દિલેર બની ગુસ્તાખી કરે છે ? પણ હવે તારા દહાડા ગણાઇ ચુકેલા જાણજે."

" હું સારી રવેશે જાણું છું કે મારાં મઓતની ઝાલિમ ઘડી નઝદિક આવી પહોંચી છે. અવ્વલ થી મરવાનું ને આખર થી મરવાનું, તો પછી શાનું ડરવાનું ?"

" પ્રમાણિક પકરાર કરી તારો જાન બચાવવાનું તારાજ હાથમાં છે."

" કદી-કદી; રોઝે હશ્ર તુલીક એ વાત બનેજ નહીં, સાંભળ ઓ મગરૂર અસગરઅલી ! મારો જાન બચવાથી રહેજખી તુંને સુખ મળે તે કરતાં તું સદા દુઃખમાં સબડે એમ જાણી મરવું હઝાર વાર બહેતર સમજું છું. હા ! મરીને પણ તારીપર કીનો લઇશ !"

"એમજ છે, તો જાણ ઓ હૈયાં પુટા બદમાશ, તારાં મઓતનું પાપ તારેજ સર રહેશે." જુલુન અને ગુસ્સાથી અસગરઅલી બોલ્યો; પણ બીજી પળે તેના માથાંપર એક સબજડ ફટકો પડતાં તેણે પોતાના હરીફનો કબજો છોડી દીધો-તે ધુમરી ખાઇ બોંયપર પડ્યો.

"નહાસ, અલ્તમશ નહાસ ! તારેથી નહસાય તેમ નહાસ ! તારા તેમજ મારા કદા વૈરીનું મેં કામ તમામ કીધું છે." એક અઓરતનો આવાઝ સંભળાયો.

અલ્તમશ ઉર્ફે વલીદાદખાં ઉઠી ઉભો તે સાથેજ દાદર તળે લાલ રોશની દેખાવા લાગી અને જમાલબીએ એક ચિચ્યારી પાડી.

જ્યારે જમાલબીના હાથમાંથી મોમબતી લઇ અલ્તમશે તે દાદરપરથી ફેંકી દીધી હતી ત્યારે તે બુઝાંયા વગર પુરાણા ખખ દાદરપર પડી હતી, જેથી તે સળગી ઉઠ્યો હતો-એટલુંજ નહીં પણ તે બળીને ભસ્મ થઇ ગયો હતો અને હવે પેલાંઓના પગ તળેના પુરાના બારવટ્યા બળવા માંડ્યા હતા. અને જે વકત જતો હતો તેમાં તે મનઝિલો નિચેના ધગધગતા અંગારમાં તુટી પડવાનો દર પળે સંભવ હતો.

હા-તેરીકી ! દાદર આગળનો ભાગ તો એક ધડાકા સાથ તુટી પડ્યો; મનઝિલાનો મોટો ભાગ ઝમીનદોઝ થઇ ચુકયો-બાકી રહેલા ભાગ તૂટી પડે તેવા સાંકડા વિસ્તારમાં જમાલબી અને અલ્તમશ ઉર્ફે વલીદાદખાં ચિંતાતુર ઉભેલાં હતાં, અને તે બરસાતમાં હવાનું પૂર જોર હોવાથી પેલું કંગાલ મકાન તેના સપાટામાં દરપળે વધારે અને વધારે આવતુંજ ગયું.

જમાલબીએ કોઇ ભારે ચીઝ અસગરઅલીના માથામાં ભારી બેભાન કીધો ત્યાં લગી તે લડતી ઝગડતી ત્રણની ત્રગડીને આગનું ભાનજ ન રહેલું.

આ પણ એક જબરાજોગ વાત છે. કેટલાક લોકો કોઇ ચોકકસ જાતનો જોખમ ખેડવામાં જરાપણ ડગમગતા નથી મગર તેજ બહાદુર દિલ દિલેરો કોઇ ચોકકસ તરેહની આફતમાં આવેલા બની જાય છે. અને તેવોજ હમણાંથી મામલો હતો.

જમાલબીએ ચીખ મારી ચેતાવ્યું નહીં ત્યાં લગી પોતે કેવા ભયમાં હતો તે વલીદાદ જાણતો ન હતો; પણ જ્યારે જીવનો જોખમ જોયો ત્યારે તે હિંચકારો બની ગયો; બેભાન પડેલા અસગરઅલીનું કામ તમામ કરવાને બદલે જીવ બચાવવાની નહાસભાગમાં પડ્યો.

તે એટલો ગભરાટમાં પડ્યો હતો કે જે દાંભડો મેળવવા તેણે આટલી બધી ઝહેમત ઉઠાવેલી—અને જે અસગરઅલીની પાસેજ પડેલો તે જોતો હતો, તે લેવાનીયે તેણે દરકાર કરી નહીં.

તે દાદર તરફ ધસ્યો. પણ ત્યાં બળતાં, બળનાં અને બળતાં સિવાય બીજું શું હોય?

એક બરાડ મારી તે બારી આગળ દોડ્યો. તે સમયે અસગર પાસે પડેલો દાભડો લેવાની તાણતોડમાં પડેલી જમાલબી જણાઇ. આ દેખાવે તેની વૃત્તીજ બદલી નાંખી. બારી વાટે કૂદીને છટકવાનો વિચાર તેણે માંડી વાળ્યો.

પેલો દાંભડો જમાલબી પોતાના કબજામાં લેઇ પણ ચૂકી હતી.

વલીદાદે હાથ લાંબો કરી કહ્યું "આપી દે મને!"

"હરગેઝ નહીં એ તો મારો માલ છે." જમાલબી બોલી.

અલ્તમશ ઉર્ફે વલીદાદે તેણીના હાથમાંથી દાભડો ઝુટવી લેવાની કોશીશ કરી.

તે અઓરત બાથોબાથ લડી.

પોતાની રીત મૂજબ પેલા બદમાશે હલકી ભાષા વાપરવા માંડી.

"બેવકુફ રાંડ! મારા હાથમાં આપ એ નજીસ દાભડો." તે બોલ્યો.

"બનશે નહીં; બનશે નહી, એ મારો છે!" છાતી સાથે દાભડો દાબતી તે અઓરતે જવાબ દીધો.

જુનુની ઝપાઝપી ચાલી; આગ આગળ વધતીજ ગઇ; ભારવટયા પડી જવા લાગ્યા; પડતી જતી ઝમીનમાંથી બળતાંના ભભુકા માળપર આવવા માંડ્યા; સમય ગંભીર અને બધો ભયભિત હતો. એકાદ પળમાં તમામ અમલો કરવા ભુ-ઉ-સ થઇ પડવાની અણીપર હતો.

અલ્તમશ ઉર્ફે વલીદાદે પોતાની કમરમાંથી લાંબી છુરી ખેંચી કઢાડી, અને તે પોતાનાં વિશ્વાસુ હથીયાર પર પુરા ભરૂસો રાખી બોલ્યોઃ—

"અય બેવકુફ! વકત ઝાયા કરવાનો—વેળા ગાળવાનો—આ સમય નથી. પેલો દાભડો આપે છે કે નહીં?"

હવે બળતાંનાં શોલા એક તેઓની આગળ આવવા લાગ્યા. પવન તો કહે જે મારૂં કામ. જીવ સટોસટની ઘડી આવી પુગેલી હતી. ગભરાટ અને મકાનના જુદા જુદા ભાગો એકેક પછી પડવાના પડધાની વચ્ચે ધાંધુ પાડી. એક છેડાયલી ડાકણ જેવી ગુસ્સામાં આવી જમાલબી બોલીઃ—

"નહીં, નહીં! એ મારો છે! મારો છે!"

"માહરો ને તાહરો કરી મરે છે? લે આ!" એમ કહેતાંજ વલીદાદે તે અઓરતની છાતીમાં છુરી ભોંકી દીધી.

બીજી પળે બધા આવાઝને ઢાંકી દેનારો પિસ્તોલના બારનો એક આવાઝ થવા સાથ અલ્તમશ ઉર્ફે વલીદાદ એક સર્દ આહ મારી ભોંયપર ચત્તોપાટ પડ્યો—પોતાના

ભોગની બાજુમાંજ વગર જીવનું મુંડું બની પડયો! પેલી અસીરે હિર્સ અઓરત અને ગીયાસુદ્દીનનો બાકુતી ખુની બન્ને પોતાનો હિસાબ આપવા પેલી જેહાંન ચોકી ગયાં હતાં. અરૂંજ છે કે 'ચોરને ચોટલે ધુળ!' બદીનો અનજામ કદી નેક આવેજ નહીં.

જે વકતે વલીદાદે પેલી અસીરે હિર્સ લોભી જમાલખીને બેનૂન કરવા છુરી ઉગામી હતી તેજ પળે અસગરઅલી હોંશમાં આવ્યો હતો. એક ઝટકે તેણે ત્રણ કામ કરી નાંખ્યાં—પોતે ફાંસીના ફાંસમાંથી વલીદાદને છિનવી લઇ ગોવા ધન્સાફની અદાલતની મિહનત બચાવી, એક અઓરતનાં ખુનનો કીનો અને પોતાના એક દુશમનનો હિસાબ ચુકતે કીધો.

હવે એક પળ પણ ત્યાં ગુમાવવી ફેઇદ હતી.

પેલો દાબડો કમરે બાંધી એક બારીવાટે અસગરઅલી કુદી પડી સલામત નકકર જમીનપર આવી ઉભો.

બીજીજ પળે પેલાં મકાનની મોંકાણ પુરી થઇ. એક કડાકા સાથે માળ તુટી પડયો તે સાથે તેપર પડેલી પાપીઓની લાશો પણ આતશના શોલામાં હોમાઇ. મુસલમાન છતાં કાફિરો મિસાલ તે ગુમરાહોનાં મુર્દા બળવા લાગ્યાં, જે કમકમાટ ભર્યો દેખાવ જોવાને અસગર થોભ્યો નહીં. કદાચ ક્રિમેટોરીયમનાં હીમાયતીઓ તેવા દેખાવથી સંતોષ પામતે તો કોણ જાણે! એ મુજબ અષ્ટમશ ઉર્ફે વલીદાદખાં અને જમાલખી પોતાની બદ કરણી પ્રમાણે ઠેકાણે લાગી ગયા;

જો કે પવન જોશથી ફુંકાતો હતો પણ વરસાદ બંધ પડયો હતો—સીહા વાદળાં વીખરાઇ ગયાં હતાં અને ચાંદરણું પડતું હતું.

પોતા સામે બળતી ચેહપર એક આખેરી નીગાહ નાખી અસગર બોલ્યોઃ—"શુક હજારો હજાર તે કરીમના કે, તેની રહેમથી દુશ્મનને ઝેર કરી કતેહ સાથ સલામત બચી ગયો, અને ખજાનામાં આ દાબડો મેળવ્યો તે તો બુદ્દુંજ!"

(૦)

પ્રકરણ આઠમું.

કિસ્સાનો આવતો અંત.

બીજે દહાડે બપોર પછી એક એકાંત ઓરડામાં બેસી ત્રણ જણ કાંઇ મસ્લેહત કરવામાં મશગુલ દેખાતા હતા—એ ત્રણ નસીબખાં, અસગરઅલી અને દાવર મીરઝા નામના જાણીતા ખુરીઆ પોલીસના અમલદારોની બનેલી હતી.

પોતે ઉઠાવેલા જુદા જુદા કામોની તહસીલ એક બીજાને કહી બંધ મશવેરો કરવા તેઓએ સભા ભરી હતી.

આગલી રાત્રે મહા મુસીબતે મેળવેલો પતરાંનો દાબડો બગલમાં મારી જેવો તે ઓરડામાં દાખલ થયો કે નસીબખાંએ પુછ્યું:—

"કેમ, કેવી ખબર?"

પોતાની બગલમાંનો દાબડો પોતાના હમશરીકો સામે મુકતાં તેણે જવાબ દીધો કે "જે છે તે આ!".

"એમાં શું છે?" દાવરમીરઝાએ પુછ્યું.

"વલ્લાહ આલેમ! તે તો ખુદા જાણે! ખોલીને તમેજ જોઇ લ્યો. હું તો થાકેલો આવી બાર વાગા લગી આશાઓશ લેતો પડ્યો હતો." એમ કહી આગલી રાતનો પોતાનો અનુભવ અને તેણે કરેલાં પરાક્રમોનું સવિસ્તર બયાન કીધું.

કેટલીક કુચીઓ અજમાવી જોયા બાદ બડી મુશ્કેલીએ તે દાબડો ખોલવાને નસીબખાં નસીબવાન નીવડ્યો. તે ખુલતાંજ ત્રણે જણ અત્યધમીથી દંગ થવા સાથ ખુશાલીથી પોતાના જામામાં માયા સમાયા નહીં ગયા!

આપણે જાણીએ છીએ તેમ અસગરઅલીએ તે દાબડો ખોલી જોવાની દરકારજ નહી કીધેલી હોવાથી નસીબખાંનને અકેક પછી નોરો અને બીજું કામતી કાગળો તેમાંથી ખેંચી કઢાડતાં જોઇ સર્વથી વધારે તે ખુશ થયો કે તે નજીવો દેખાતો દાબડો ફેંકી દઇ આતશમાં બળવા ન દેતાં સંભાળીને લાવ્યો હતો.

"બીરાદરો! આપણું નસીબનો સેતારો બુલંદીપર છે! આપણો દીવસ હવે ફરી જશે!" નસીબખાં ખરાં મને બોલ્યો, અને બીજા બન્ને "આમીન" પોકારી ઉઠ્યા, અને સાથેજ સવાલ કીધો કે:—

"તે કેવી રીતે જનાબ?"

"આ જોતા નથી, પેલીજ ગુમ થયલી યા ચોરાયલી નોટોનો ચોરો!" નસીબે હર્ષથી કહ્યું.

બારીકાઇથી તપાસતાં જણાયું કે ગયુરજંગ મહુમે કહેલી પુરેપુરી રકમ અમાનત સલામત હતી.

એક બીજાને મુબારકબાદી આપી રહ્યા બાદ નસીબખાં બોલ્યો:—

"આ પતરાંનો દાબડો ખોલતી વકતે એક ચોકકસ દસ્તાવેજ મેળવવાની મને ઉમીદ હતી, જે દીલગીર છું કે એમાં મળે નહીં."

"અને તે કીધો દસ્તાવેજ?" દાવરમીરઝાએ પુછ્યું.

"આ તમામ દોલતના ડુંગર કરતાં થી વધારે કિમતી તે કાગજ છે." ગંભીર આવાજે નસીબે જવાબ દીધો.

"અરે પણ એવું તે શું બન્યું છે? જરા ખુલાસાથી બોલશો?" દાવરમિરઝાએ પુછ્યું.

"વસિયતનામું મેળવવાની ઉમીદમાં હું હતો." નસીબે કહ્યું.

"કોણનું વસિયત ?" અસગરે સવાલ કર્યો.

"બુઢ્ઢોગ બીચારા નવ્વાબ ગયુરજંગનું."

"અરે ! પણ આપણને નોટોની ચોરી પકડવાનુંજ સોંપેલું એટલે આપણી ફર્જ તો અદા થઇ ચુકી–માથે લીધેલું કામ સરંજામે ઉતર્યું–પાર પડ્યું." દાવરમિરઝા બોલ્યો.

"પણ એ કામ અધુરૂંજ કહેવાય; કારણ કે જો વસિયતનામું નહીંજ મળશે તો આ દગોલતનો ઢગ, માલમિલકત અને જાગીરો આ શહેરના એક બદમાશમાં બદમાશ અને ખુદા-નાસ શયતાનના હાથમાં જશે."

"અને તે કોણ?" દાવરમિરઝાએ પુછ્યું.

"વળી કોણ ? મરનાર નવ્વાબનો લુચ્ચો ભત્રીજો ગીયાસુદ્દીન !'.

"પણ જો વસિયત હાથ લાગે તો ?"

"તો અળખત્તા હકદાર વારેસની તે મતા થશે."

"ત્યારે એ કામ પાર ઉતારવા આપણે શું કરવું જોઇએ ?"

"આપણે જરૂએ એ કામ પાછળ મંડવું જોઇએ. એ ભેદ ખુલ્યો કર્યા વગર આપણે છત મેળવી છે એમ કહી શકીએજ નહી. સર્વ સરંજામે પહોંચાડીનેજ આપણી 'ફતેહ' પુકારવી જોઇએ." નસીબે સમજાવ્યું.

"પણ ત્યારે ખરૂં હકદાર છે કોણ" અસગરઅલીએ પુછ્યું.

"મરનારની એક પુરી દિકરી નજમુન્નીસા."

"પણ તેં તો કે દહાડાની મરી બી ગઇ" દાવરમિરઝા બોલ્યો.

"એમ પોરવાનો સબબ." નસીબખાંએ પુછ્યું.

"સબબ ! મબ્બાકુલ સબબ. મોરી જુસ્તેજુ અને લાંબી તલાશપરથી કહું છું કે તે બીચારી તો હાલે દહાડની કબ્રવાસ થઇ છે."

"તમે ગલતીમાં ગોતાં આવ્યા છો, દાવરમિરઝાં."

"આપ શા પરથી ફરમાવો છો કે હું ગલતી કરૂં છું ?"

"કારણ કે મેં તે છોકરીને મોરી આ બે નજરોથી જોઇ છે."

"કયાં અને કયારે ?"

મરનાર ગયુરજંગની લાશ તેનાં મકાનમાં પડેલી હતી તે રાત્રે તેણે જોયલી સુફેદ સાયાવાળી સ્ત્રીનો અહેવાલ કહી સંભળાવ્યો.

"એમજ હોય, તો વસિયતનામાં સાથે તે છોકરીને બી શોધી કહાડવાની જરૂરત છે." અસગરઅલીએ મત આપ્યું.

"એ ભેદનો પરદો ખુલતાંજ ગીયાસુદ્દીનની બદમાશી ખુલશે અને આ મુકદમા પર હેલ્લો પરદો પડશે."

હવે આગળ શું અને કેવાં પગલાં ભરવાં તે વિષે તરેહવાર અટકળો અને સુચનાઓ પછી તેઓ નક્કી કરાર કરી ઉઠવા હતા કે કોઇ પણ ભોગે **નજમુન્નીસા** તેમજ ગયુરજંગનાં અસલ વસિયતનામાંનો પતો મેળવી શોધી કઢાડવાં.

અસગરઅલીને સોંપેલું કામ તેણે ખતમ કીધું હતું અને પોતાનાં ખાનગી કામપર તનમનથી મંડવા માંગતો હતો, તે છતાં **નસીબખાંનો** બોલ નીચો નહીં પાડવા ઉપલાં કામમાં મદદ કરવા કબુલ થયો.

દાવર મિરઝાએ અસગરની બેટીની બાળ કઢાડી હતી, તદીને પેલેપાર બદમાસોના રહેઠાણ આગળ એક ઘરનાં આંગણાંમાં રમતી તેણે તે બાળકીને જોઇ હતી; પણ એ ભેદ તુર્ત ઊઘાડો નહીં પાડવાનું તેણે મુનાસેબ વિચાર્યું. એમ એ ભેદ છુપો રાખવામાં તેની નેમ જુદીજ હતી.

નસીબખાં પણ આ વાતથી વાકેફ હતો અને તેઓ બન્ને સારી રેવેશે જાણતા હતા કે છોકરી કાંઇ સંકટમાં ન હતી અને જ્યારે ગમે ત્યારે તેણીને લઇ આવવાનુ સહેલ હતું, એટલે એક દિવસે તેણીના બાપને તેણી સાથ મેળવી આપી તેને છક્કક કરી નાખવા સાથ ખુશ કરવા માંગતા હતા.

આ બાહોશ અમલદારો હજી વાતેજ વળગેલા હતા, જ્યારે એક નાની ગોળ મેઝપર પેલો પતરાંનો દાબડો ખુલ્લો પડેલો હતો.

જે ઓરડામાં તેઓ બેઠા હતા તે ચારો તરફથી ખુલ્લો હતો. તે તેમનો મશવેરો કરવાનો ખાસ ખુલ્લો કમરો હતો કે આસપાસ કોઇ છુપાઇને તેમની છુપી વાતો સાંભળવાની હિમ્મત કોશીશ કરે નહીં.

તે ખાતાંના એક વિશ્વાસુ આદમીએ પોસ્ટમાં આવેલો એક પત્ર દુરથી બારીપર લાવી મુકયો અને સલામ કરી ચાલવા માંડયું.

તે ટોળકીના **નસીબખાંએ** તે લીધું. અને સરનામુ જોઇ કહ્યું. "એ દાવર મિરઝા તમારે નામનું છે."

"મુઝાયકો નહીં જનાબ, આપ ખોલો," તેણે કહ્યું.

નસીબખાંએ તે વાંચીને ખુલાસો કીધો કે: "જે અઓરતને મેં નદીમાં કુંખી મુએલી ધારેલી તેને બચાવી લેવાની કમણાજ જે વાત દાવર મિરઝાએ કહી સંભળાવી છે, તે જાણ્યા પછી એ પત્રમાં લખેલી અખ્તરુન્નીસા કોણ હોવી જોઇએ તે વિષે મને મુદલ મુંચવણ લાગતી નથી."

"જરા વધારે ખુલાસાથી બોલો જનાબ." અસગરે સુચવ્યું.

"અલવાલના આપણા આડત્યા **અલતાફ હુસેન** જણાવે છે કે તેમનાં ઘરના નોકરોએ કોઇ શકમંદ જવાન શખ્સને ત્યાં ભટકતો જોયો હતો—અને તેમને શક છે કે પેલી છોકરીનીજ તલાશમાં તે હોય એમ માલુમ પડે છે, અને તેથી તમારી મદદ માંગે છે; વાસ્તે દાવર મિરઝા સાહેબ, તમે એકદમ ત્યાં પહોંચી વળી ઘટતું કરો." **નસીબખાંએ** તાકીદ કીધી.

"મને પહેલેથીજ જે રાત્રે તેણીને કુમતી સિવાની તેણીની પરીક્ષાન હાલતપર દયા લાવી મારા મિત્ર અલતાફ હુસેનનાં ઘરમાં રાખી આવ્યો તે ઘડીથી કાંઇ એવુંજ લાગતું હતું કે ગયુરજીગ મહુમના બેટી મામેલા સાથે તેણીને કાંઇ નિસ્બત તો ન હોય? અને તેથી હવે હું વધારે કાળજીથી જુરતેજુ કરવા માંગુ છું."

"એમજ છે, તો આજેજ એ કામ હાથ ધરો." નસીબે કહયું.

× × × ×

રાતના સાડાનવનો ટુમાર હશે. નવ વાગેની છેલ્લી ગેાકલમાંથી ઉતરેલી એક સારા ઘરમની જુવાન અેારત ચલવાલનું સ્ટેશન છેાડી એકાંત બંગલાેા તરફ જતી જણાઇ.

એ અેારત સ્ટેશનની બાહેર પડવા પહેલાં જેનીએ નજરે પડી હશે તેણે તેનાની ખાસુકદાર ઝારાવર રેાશનીમાં જોયું હશે કે, તે એક બેઠા બાંધાની પણ મઝેાજુન કદની કામતની ઘઉંના રંગની કાળી ચળકતી આંખેા અને મેાતી જેવા સુફેદ દાંતેાવાળી અેા હતી.

એક બીજો મુસાફિર પણ તેજ સ્ટેશનપર ઉતરેલેા દેખાયેા. જો કે દેખાવે ઉમર રસીદા હતેા લેકીન જુવાન કરતાં વધારે તેજ આંખવાળેા અને તટાર હતેા.

ત્રેન ઉપડી ગઇ ત્યાં લગી પેલી અેારત સ્ટેશનની બાહેરજ ઉભી રહી, પછી ઉપર વાંચ્યું તેમ એકાંત આવેલા બંગલાેાવાળા સત્તા તરફ ઝડપથી પગલાં ભરવા લાગી.

પેલેા બીજો શખ્સ પણ પ્લાટફેાર્મ પર લતાર મારા કરતેા અને આવતા જતાને ખુબ ધ્યાનથી જોતેા હતેા.

એ અરસામાં પેલી અેારત આડાતીડા રસ્તા વટાવતી એક ટેકડીની તળેટીમાં આવેલા તે એકાંત બંગલા તરફ ગઇ, કે જે વસ્તીથી લગભગ અરધેા કેાસ દુર હશે.

તે સડસડાટ પેલા બંગલાના બાગની દિવાર સુધી ચાલી ગઇ અને જ્યાંથી બંગલાના ઓટલાપર બળતી રેાશનીમાં ત્યાંની હિલચાલ જોઇ શકે એવી જગ્યાએ છુપાઇ ઉભી.

બેરાં માટીડા ભળી કેટલાંક જણ ઓટલાપર બેઠેલાં તેણીએ દીઠાં. સઘળાંઓપર ઝાઝું ધ્યાન ન આપતાં એક નવજવાન આસરે સત્તર અિઆળા જોવલી એક ખુબસુરત નાઝનીનપર નજર ચેાંટાડી તે ઉભી.

"એજ તે!" પેલી અેારત બડબડી. "સારૂં થયું કે મેં સર્વે હકીકત તહેકીક કરીને મેળવીછ; આ બંગલાનેા માલિક અલતાફહુસેન નામનેા વકીલ મુએાછ; અને તેનીજ સાથે પેલી વાત કરતી ઉભીછ."

થેાડીજ વારમાં તેણીએ પેલા મર્દને ઘરમાં જતાં જોયેા, તેમજ બીજાઓ પણ વિખરાવા લાગ્યા. જે જવાન બાનુપર તેણીએ ચેાકકસ નિગાહ રાખી હતી તેણી કાંઇ વિચારતી હેાય તેમ થેાડીક પલ ઉભી અને પછી બગીચામાં ઉતરી ચાંદરણામાં ઉડતા ખુશ્બુમાં પુવારા આગળ જઇ એક બાજઠપર ગેાઠવાઇ.

તે બાનુની ઉપલી હિલચાલ જોઇને પેલી સંતાઇ ઉભેલી અેારત શયતાની સંતેાષથી હસી અને બેધડક બાગના ફાટકમાં થઇ એક સાપની સફાઇથી વગર આવાઝ કરવે પેલી અબળાની પીઠ પાછળ આવી ઉભી ત્યારે તે બાનુ મનસાથે એકલી એકલી બેાલતી સંભળાઇ:—

"આ ઘરમાં હું ક્યાં લગી પડી રહું? ધણીપણીઆણી તથા આખુ કુટુંબ અશરાફ છે; મારીપર મહેરબાની અને શિફકતની નજરથી જુવે છે; પણ એમની ભલાઇનો ખોટી રીતે લાભ લઉં તો તેમાં પાકખુદાથી રાજી નહીં, વાસ્તે હવે મારે મારી કુતબસરીની કાંઇ ફિકર કરવીજ જોઇએ. આબરૂ સજાગતથી મારો નિર્વાહ કરવાનો કોઇ ઉપાય શોધી કઢાડવોજ જોઇએ."

તેજ પળે એક અણજાણી અઓરત તેની સામે આવી ઉભી; તેને એકાએક જોતાજ તે ગભરાઇને બાજઠપરથી ઉઠી અને ચુમ પાડવાની અણીપર હતી. તેજ પળે પેલી બિગાની અઓરત બોલી પડીઃ—

"ગભરાટ કરવાની કે ચીખ મારવાની જરૂરત નથી—હું તમારી ખયરખાહ છું."

"પણ તમે કોણ છો બાઇ?" અખ્તરૂન્નીસાએ પુછ્યું.

"તમારી શોધમાં આખું હિન્દુસ્તાન છાની માર્યા બાદ આજે મારી મુરાદ આવેલી જાઉં છું."

"પણ તમે હમણાં ક્યાંથી આવ્યાં?"

"ઔરંગાબાદથી."

"મને તમે કોણ છો, અને શા સારૂ મને શોધતાં આવ્યાં છો?"

"તમને કાંઇ કહેવા માંગું છું—લાંબો ખુલાસો કરવા ચાહું છું."

"કઇ બાબતમાં?"

"તમારી પયદાયશ, તમારાં ખાનદાન અને તમારાં ભવિષ્ય વિષે."

"શું તમે મારા ધર્મ પીત્તા—મને પાળી લેનાર વાલિદનાં કોઇ અઝીઝોમાંથી છો—કે માત્ર કોઇ દોસ્ત?"

"તમારા હકીકી પિદર—ખરા બાપની હું એક ખયરખાહ હતી."

તુર્તજ તે જવાન બાનુનું દૈયું ભરાઇ આવ્યું. તે ફરગરીને બોલીઃ—

"ઓ મહેરબાન બાનુ! બોલો બોલો, મારા પિદર વિષે જે થી જાણતાં હોવ તે બોલો. હું મારા ખરા બાપને જાણું."

"જરા બગીચાની બાહેર આવવાની તસ્દી ફરમાવશો? નહીં તો અહીં તો અહીં કોઇ ચુપાયને આપણી બાનગી ગુફતેગુ સાંભળી લેશે."

અખ્તરૂન્નીસાએ આસપાસ જોવા માંડયું; તે બાનાકાની કરવા લાગી.

"આસો, આસો" પેલી અઓરત બોલી. તે અર્ધ ગભરાયલી છોકરીને બાજુમાંથી પકડી બાગની બાહેર લઇ ચાલી, અને કોઇ પણ બંગલા કે રહેઠાણથી દુર મોટાં આમલીનાં ઝાડોની ઝુંડ તળે તેણીને લાવીને ઉભી રાખી.

રસ્તે ચાલતાં સ્વભાવિક રીતે અખ્તરૂન્નીશાને તરહેવાર ધારતીભર્યા વિચારો આવ્યા; તે છતાં તેણી હિમ્મત પકડી મન સાથ સબ્યારો લેતી કે કોઇ તેને નોહકનું નુકસાન તો નહીંજ પહોંચાડશે. તેણીએ વિચાર્યું કે બુરી ધારણાવાળું માણસ એમ હિમ્મતથી કોઇનાં

મકાનમાં ઘુસવાની ને વળી ત્યાંથી મને આટલે દૂર સલામત લાવવાની શા સારૂ જુર્રત કરી જહેમત ઉઠાવે ?

પેલા ઝાડોના ઝુંડની વચ્ચોવચ જ્યાં અંધારૂ ઘોર હતું ત્યાં પેલી અજોરત પોતાની સાથે અખ્તરને લઇ આવી ઉભી

તે જગ્યા કાળી રાતે કાળાં કામ કરવા લાયકનીજ સિયાહ હતી. તે એક નાહની ડુંગરીની તળેટીમા આવેલી એકાંત જગા હતી ત્યાંથી કાદવ કીચડ ભરેલું એક છાલકું પાણીનું નાળું વહેતું હતુ. એક તે નાળા પાસે જઇ પેલી સ્ત્રી બોલી —

"બાનુ ! હું ચેતાવું છું કે કાંઇપણ અસાધારણ જુવો કે સાભળો, તો રહેજથી ગડબડ કરવાની કે ચીસ પાડવાની કોશીશ કરો તો તમારા જીવને જોખમે કરજો !"

અખ્તરે જોઇ લીધુ કે તેણી ભયમા આવી પડી હતી.

પેલી બૈરીની બોલવાની ઢબ છબ અને હિલચાલની રીતભાત તદનજ ફેરવાઇ ગયલી જણાઇ.

આમ છતાં તે ઝાઝી ગભરાઇ નહીં મારણ કે તેણી ચડતી પડતી અને સુખ દુખનો અનુભવ મેળવી ચુકી હતી. કાંઇ પણ ખુલ્લો ગભરાટ બતાવ્યા વગર તેણીએ શાંતપણે કહ્યું—

"ત્યારે તમે મારા દુશ્મન છો ?"

"હું તમારા ઘણાજ નઝદિકનાં સગપણમાં છુ—ખરૂં કહું તો પિત્રાઇ છુ"

"પણ તમે કોણ ? તમે કોણ—તમારૂ નામ શુ ?' તેણીનાં મનમા કાંઇ શક પડતા અખ્તરૂન્નીસાએ પુછ્યુ.

"ઓળખો ત્યારે મને હું ગયુરજ ગના સગાભાઇનો દિકરો—તમારો ચચાઝાદ પિત્રાઇ ગીયાસુદીન છુ।'

"પાક પરવરદી પનાહ !" એમ બોલી અખ્તરે નાહસનાની તજવીઝ કીધી, પણ સ્ત્રી વેષમાં આવેલા ગીયાસુદીને તેણીને બાજુમાંથી મઝબૂત પકડી કહ્યુ—

"ખબરદાર। મારી ચેતવણી તુચ્છકારવામાં ભૂલ કરશો. છટકવાની કે ધૂમ પાડવાની રહેજથી કોશીશ કીધી કે તેજ પળે મારી તેજ કટારી તારૂં કામ તમામ કરશે !"

"દગાથી મને અહીં લાવવાની મતલબ ?'

"એકજ સબબ. તારી જિન્દેગીનો છૂપો ભેદ તુને કહેવા માંગુ છું—તારાં હરએ નસબથી તારાં અજોસાઇ અને ખાન્દાનથી તુને વાકેફ કરવા ચાહું છું. આજ લગી તું એવાજ ધોકા-રામા છે કે મારા મહુમ મોકાની તું એક પાળી ઘીયેલી છોકરી છે, પણ નહી, તેમ નથી, તુ તેની એક પૂરી અને હકદાર વારેસ બેગી છે."

"ત્યારે મારૂં વજુદ છુપાવવામા મારા વાલિદની શી મતલબ ?'

"તારાં બાદરને તેવણ ધિક્કારતા હતા; બસ એજ સબબ."

"અને મારાં માંને ધિક્કારવાનું કારણ ?"

"વહમ, સિર્ફ વહમ! વહમની દવા ન લુકમાન પાસે હતી ન હઝરત ઇસામસિહુના હાથમાં! તેવણને એવોજ શક હતો કે મારાં કાકી ઝોહુરા બેગમ બેવફા બન્યાં હતાં!"

"અને શું એમજ હતું?"

"પાક ખુદા શાહેદ છે–બિલ્કુલ નહીં, તેવણ કરતાં વધારે પાક અસ્મત અઓરત ૩એ જેહાં પર ગણત્રીનીજ હશે; અને તો પણ જો કે તુને પોતાનાં બન્યાં તરીકે પાળી હતી, છતાં તેવણ એવું જ માનતાં હતા કે કાયદાની નજરે તું તેમની નહીં પણ કોઈ બીજાની અઓલાદ હતી."

"પણ એમની ગલતી મોઢેથી બી એવણે જોઇ હતી કે?"

"હા."

"શુકે અલ્લાહ!"

"પણ તે ગલતી જલ્દીથી તેવણે જાણી હતે, તો ખુદાના શુક્રાના કરવામાં તું વાજબી ગણતે."

"પણ મારાં માંનુ શું થયું? તેવણ કયાં છે?"

"અફસોસ! તે બીચારાંને પોતાની બાજુનાં એક મકાનમાં કયદ રાખ્યાં હતાં તેમાંજ દુઃખમાં સબડી મરી ગયાં; ત્યારેબી મારા કાકાએ તેવણની સુરત જોવા કે આખેરી સેજદો કરવાનું મુનાસેબ નહીં ધાર્યું. ગરીબ બીચારાં મારાં કાંકી!"

"ત્યારે શું આપણે ખરેખર એક બીજાંનાં પિત્રાઇ થઇએ?

"બરાબર."

"ત્યારે હવે જ્યારે આપણી સગાઇ સાબિત થઇ છે, તો તમે મને ધિક્કારવાનું છોડી દીધું હશે."

"મેં કદીબી તુને ધિક્કારીજ નથી."

"ત્યારે મારા એક સવાલનો જવાબ આપો, ગીયાસુદીન સાહેબ." અખ્તર બોલી. "તમે આવા ઝનાની અવતારમાં અહીં કાં આવ્યા?"

"કારણ એજ કે મારાં મહુમ કાકાજી–તારા વાલિદે મહુમ નવ્વાબ ગયુરજંગ તુને મુવેલી માનતા હતા–અને હું પણ પેલી યાદગાર અંધેરી રાતે નદીમાં તુને ડુબી ગયલીજ ધારતો હતો. એવા બીઆલથી મહુમ પોતાની જાગીરાત અને તમામ દઓલતનો મને એકલાને વારેસ ઠરાવી તે મૂજબનું વસિયત કીધું; પણ મારા નસીબોથી તારી હયાતીની ખુશાલી ભરી ખબર મળતાંજ તારી શોધમાં નિકળી પડયો, અને શુકે અલ્લાહ! મારી મહામુસીબતો બદલો આજે મને મળ્યો."

"વારૂ, હવે કરવા શું માંગોછ?" અખ્તરૂન્નીસાએ પુછયું.

"તું હયાત હોવા છતાં મારા મુરબ્બી કાકાજીની તમામ દઓલત પચાવી પાડવાનું પાપ કરવા દિલ ચાહતું નથી–એવી બેઇમાની કદાચ આ જહાનમાં ચાલી જાય, પણ હશ્રમાં ૩ સિયાહ થાય–કિઆમતમાં કાળું મોહડું બને. તું એક હકદાર વારેસ છે, અને તારો ભાગ આપવા તૈયાર છું."

"અને મારો ભાગ કયારે આપવા માગો છો?"

"નજમુન્નીસા!" તેણીની નજીક આગળ આવીને તે બોલ્યો. "તું મારી સાથ નિકાહના પવિત્ર ગાંઠથી જોડાય તેજ પળે."

"લાહઓલ! ગીયાસુદીન, તમારી સાથ શાદી કરવા કરતાં મારા જાનની બરબાદી કરવા હું જલ્દી તૈયાર થઇશ!"

"ત્યારે તો તારા કિસ્મતમાં મઓતજ છે!" બેરહમ ગીયાસ બોલ્યો, અને હાથમાં નાગી કટાર લઇ તે નિરાધાર નવજવાન બાળાના આંગ પર ધરયો.

"સબ્ર અય બદકાર!" એક મર્દના આવાઝ સંભળાયો, અને તેજ પળે માથામાં એક મુકકી પડવાથી પાસેના નાળામાં ગીયાસ ગબડી પડયો.

ગમે એવી બહાદુર છતાં, એકાએક તેણીપર થયલા હુમલા અને ત્વરિત અને ચમત્કારિક બચાવથી તેણીનાં નાજુક દિલપર એવી મઝબુત અસર થઇ કે તે બેહોશ બની નરમ ઘાસની કુદરતી સેજપર સુઈ ગઇ.

પેલા વેપારી બગલા ભગત ગીયાસને કાંઇ ઇજા થઇ ન હતી; તે તુર્તજ પાછો ઉઠી ઊભો, અને મોં ભાવતાં હલકા વિશેશણો વાપરતો પોતાને માત કરનાર માણુસપર ધસ્યો.

પોતાની કટાર હજી તેના હાથમાં મઝબુત પકડેલી હતી, તેણે તે ઊગામી અને બેહોશ બાળાને હોશમાં લાવવાની કોશીશ કરતા ગુડણીએ બેઠેલા બહાદુરની પીઠમા ભોકી દેવાની અણીપર હતો, તેજ પળે તેની પહોચી એક મઝબુત દસ્તની લોખંડી પકડમાં જકડાઇ ગઇ, અને એક ખુંખાર ખેચતાણ શુરૂ થઇ.

પેલો દુખનો મરડો જવાન બની ગયો, તેમજ વેપારી ગીયાસ હવે એક મર્દને મર્દ મીસાલ કમર કસી ઊભો.

પણ ટુંકમાંજ ઝગડાનો અત આવ્યો

પેલો બદકાર ખુની એક બાહોશ સરઆઝમુદા બહાદુરના હાથે આજેઝ બન્યો, અને અઓરત તરીકેની ઠગાઇ કરવા જે હાથોપર ચુડીયાં પહેરયા હતા તે પહોચી પર હવે લોઢાંની હથકડીઓ પડી.

એ અરસામાં પેલી નાઝનીન પુરતા હોશમા આવી હતી.

મારામારી દરમ્યાન પેલા બચાવ કરનાર બહાદુરે પહેરેલી ખોટી દહાડી નિકળી જઇ એક જવાંમર્દ ઝાહેર થયો હતો, અને અઝતુન્નીસાએ તેને પૂછયું:

"આપ કોણ સાહેબ છો?"

"ડરો નહીં બાનુ; હું દાવર મિરઝા છું."

"ઓ સાહેબ! પેલો મારૂં ખુન કરતે."

"તેની રીતભાત પરથી મને પણ એમજ લાગ્યુ."

"તમો મહેરબાને આ સુધાં મારી ઝિન્દેગી બે વાર બચાવી છે."

"પાક અલ્લાહુનો શુક્રગુંઝાર છું, કે જ્યારે બબ્બે વાર તમે ભયમાં આવી પડયાં ત્યારે હું તમારી મદદે વખ્તસર આવી પહોંચવાને નસીબવાન નિવડયો."

દાવર મિરઝાએ એક સિસોટી ફોડી, જેનો તુર્ત જ તેજ મુજબ જવાબ મળ્યો, અને તેની મતલબ શી હશે, તેની બીજાઓને સમજ પડે તે પહેલાં તો પાસેની ઝાડીમાંથી બે મર્દો બાવી સામે ઉભા. તેમને તેણે કહયું:-

"આ રહયો તમારો કેદી; પકડો એને ને તમારે સ્વાધીન લ્યો."

"કયાં છે સાહેબ?!" એક જણે અજાયબીમાં પુછયું.

"કેમ? એટલું બી તમારી આંખે સુઝતું નથી? એમજ બુઢીઆ પોલીસની નોકરીમાં આગળ વધવાની ઉમીદ રાખો છો કે? ઝરા બરાબર નજર બોલીને જુવોની!" અઝોરતનો વેષધારણ કરેલા ગીયાસુદ્દીન તર્ફ આંગળી કરી કહયું.

"પણ સાહેબ અહીં તો કોઇ મર્દ જણાતો નથી!" બીજાએ વધારે અજબ થતાં પુછયું.

"ચાલો ત્યારે આ અઝોરતનો કબજો લ્યો, ને હું બીજો હુકમ આપું ત્યાંસુધી એનીપર સંભાળભરી નિગાહ રાખજો."

"જો હુકમ સરકાર!" પેલા બન્ને લશ્કરી ઢબે સલામ કરી બોલ્યા, અને પછી તેમાંના એક ગીયાસુદ્દીનનાં બખાંપર હાથ મુકી કીધું. :-"ચાલો બેગમસાહેબા, વગર ભાડેના મહેલની સયર કરવા! કોઇ જબરો ઉઠાવગીર મુવોછ!"

કાંઇપણ ત્રણુપાય કર્યા વગર ગીયાસુદ્દીન પેલા સિપાહીઓ સાથે ચુપચુપ ચાલતો થયો.

તે લુચ્ચો પોતાને હાથે પોતાનીજ પાંથરેલી જાળમાં ફસ્યો હતો.

અગર મર્દાના લિબાસમાં હતે તો શરણ થવા પહેલાં તરહેવાર બચાવ પેશ કરતે. પણ અઝોરતનો વેષજ તેની બદમાશીની સાબિતી હતી એટલે જુઠી બકબક કરવામાં સારજ શો હતો!

પોતાનું ખુન કરવા આવેલા શખ્સના જવા બાદ અખ્તરુન્નીશાએ પુછયું?-

"જનાબ; આપ જાણો છો કે એ માણુસ કોણ છે?"

"બેશક;" દાવર મિરઝાએ જવાબ દીધો. "અને આપ બાનુને પણ હું બખુબી પયછાનું છું!"

"ખરેખર?"

"તો શું બોટું! હું દિલગીર છું કે તમે મને છેતર્યોછ!"

"નહીં સાહેબ, આપની કાંઇ ભુલ હશે."

"તમારૂં નામ નજમુન્નીસા નથી એમ હજી પણ કહેવા માંગો છો?"

'બેઅદબી બેગાયક જનાબ, બેકીન થોડીજ પળ પહેલા ગીયાસે મને કહયું' ત્યા લગી મારા એ ખરાં નામથી ના વાકેફજ હતી."

"અને એ શબ્દો બોલ્યો ત્યા લગી તમે એમજ સમજતા હતાં કે મરનાર નવ્વાબ ગયુરજંગે તમને મિફ્ત પાલી લીધા હતા?"

"એમજ, એમજ, અને હજી પણ હું એવા એક બદચલન માણસના બોલપર કેમ ઇતબાર લાવી શકુ?"

"જો ગીયાસુદ્દીન એમ બોલ્યો હોય કે તમારૂ નામ નજમુન્નીસા છે, તો તે ખરૂંજ બોલ્યો છે."

અખ્તરૂન્નીસા—બંક હવે આપણે જાણીએ છીએ તેમ નજમુન્નીસાએ ગીયાસુદ્દીન સાથે થયલી તમામ વાત કહી સંભળાવી

તમામ કેફીયત સાભળી લઇ, દાવરબીરઝાએ કહયુ—

"જ્યા સુધી હું જાણું છુ ત્યાં લગી તો તમે સાચુજ બોલ્યા છો, પણ તમારે લગની તમામ વાત તેણે કહી નથી"

"અને તે કઇ વાત?"

"તે એક તમારી મરનાર વાલિદનાં તમેજ એક પુરા હકદાર વારેસ છો, ને જાલસાઝીથી બોટું વસિયતનામુ બનાવી તે પોતે વારેસ થઇ બેઠો છે"

બીજી કેટલીક અગત્યની વાતચિત કરતા તે બન્નેએ અબ્દુલ્લાહુસેનના બગના તર્ફ ચાલવા માંડયુ

પ્રકરણ નવમુ.

નેકીના નતીજો.

બીજે દીને પાછી ત્રણે અમલદારોની છુપી સભા મળી, બે જણ ખુશ ખુશ જણાતા હતા. તેઓના ચ્હેરાપરથી જાહેર હતું કે કાંઇ જાણવાજોગ બેદનો પરદો તેઓ સામે ખુલ્યો હશે

નસીબખાં સર્વથી ગીબાના ખુશમિઝાજમા હતો

હુક્કાનો એક દમ ખેંચ્યા બાદ તેઓ વાતે વળગ્યા.

નસીબખાં બોલ્યો 'મિત્રહો! કાંઇ નવુ જાણ્યું?'

અસગરઅલ્લી પહેલો બોલનાર હતો, તેણે કહયુ—

"સાહેબો! હુ ધારૂં છું કે આ મુકદમામા મારૂં કામ બાકી રહયુ નથી વાસ્તે મારે ઇસ્તબરદાર થવુ જોઇએ—એ પરથી હાથ ઉઠાવવો જોઇએ, અને મારૂં તમામ ધ્યાન મારી ગુમ થયલી છોકરીને શોધી કઢાવવામા રોકાવુ જોઇએ,'

"સિર્ફ એજ કારણ માટે તમોએ એ કામથી હાથ ઉઠાવી હમોથી જુદા થવાની જુરરત નથી." દાવરમિરઝા બોલી પડયો.

તેનાં બોલવાની ઢબપરથી તે ચતુર ચેતી ગયો કે, તેનો ભલેા, ખુશમીઝાજ અને બહાદુર સાથી કાંઇ ખુશખબરી આપનાર હતેા, તે પરથી તેણે પુછ્યું:—

"મારે માટે કાંઇ મુઝદ્દેા-ખુશખબર છે?"

"હા, એક નાનું સરખું દાસ્તાને દિલખુશ; પણ તે જાહેર કરવા પહેલાં જનાબ નસીબખાં સાહેબને શું કહેવાનું છે તે સાંભળી લેવું વધારે મુનાસેબ છે; કારણ કે મારા કરતાં દસગણી ખુશખબર આપવાના હોય એમ એમની પેશાનીપરના પ્રકાશથી જણાય છે."

"દુરસ્ત કહ્યું દોસ્ત દાવર; તમારું કહેવું લગભગ બરાબર છે. બિરાદરો તમને યાદ છે કે જ્યારે આપણે પેલેા જુનેા નકામેા દેખાતેા પતરાંનેા દાબડેા બોલ્યેા ત્યારે તેમાંથી નોટનેા ઢગ નિકલી પડયેા હતેા?"

તેના સાથીઓએ 'હા'નેા જવાબ આપતાં **નસીબખાંએ** આગળ ચલાવ્યું કે "નવ્વાબ ગયુરજંગ મહુમનાં વસિયતનામાંનેા પણ મેં પતેા મેળવ્યેા છે."

"શું કહેા છે!" ખુશાલી અને અજાયબી સાથ તેના બન્ને સાથીઓ એકકી વખતે બોલી ઉઠયા.

"તે વસિયત મારા કબજામાં છે, લેકીન બિરાદરેા! તે મેળવવા મને જુનું કબ્રસ્તાન ખોદી જોવાની ફરજ પડી હતી"

"કબ્રસ્તાનમાં વસિયતનામું!"

"હા; પકકી જમાલબીએ એક જુની કબ્રના ખાંચામાં તે સંતાડેલું હતું; તેની ભાળી તૂટી ખબર મળતાં હું ત્યાં જઇ પુગેા અને આખી રાતની મિહનત પછી તેનેા નતીજો મળ્યેા—મારી આશા ફલી."

બીજા કેટલાક ખુલાસા પછી **અસગરઅલીએ** પુછ્યું, કે "જનાબ, પેલી સુફેદ સાયાવાળી સ્ત્રીનેા ખુલાસેા કરવા આપે ફરમાવ્યું હતું તે કેાણ હતી? કારણ કે અત્યાર લગી જે કાંઇ જાહેર થયું છે તે પરથી તે મહુમ નવ્વાબની દિકરી-જેમ આપ સમજતા હતા તેમ-સાબિત થઇ નથી?"

"દિકરી કે માં કેાઇની સુરત મેં નઝરે કેાઇ દિવસે જોયલી નહીં, પણ મરનારે પેાતાની બેટીનેા જે સરાપેા કહી સંભળાવેલેા, હુબહુ તેવીજ સિફ જરા સીનરસીદા-ઝરા ઉમરે પૂગેલી તે સિવાય, બાકેાબાકી તેવીજ; તેણીને જોવાથી, પહેલાં હું આસમાનપરથી ઉતરી આવેલેા એક પાક રૂહજ સમજેલેા, પણ પાછળથી મારી ખાતરી થઇ કે તેની આપણાંજ જેવું હાડ માસ ધરાવતું આકી પુતળું હતું. મેં મારી રીત મુજબ જુસ્તેજુ ચાલુ રાખી અને પરિણામમાં જે કૂતેહ મને મળી તે ઘણીજ વિચિત્ર-એક કહાની કિસ્સાની કિતાબની દિલ ઉશકેરનારાં રસીલાં દાસ્તાનથી ભરેલા સફાઓને લાયક-ઘણીજ વિચિત્ર હતી. બિરાદરેા, તમે કાંઇ અટકળી શકેા છેા?" **નસીબખાંએ** પુછ્યું.

બન્નેએ કશો જવાબ નહી વાળવાથી તેણે આગળ વધાર્યું –"સાંભળો ત્યારે, તે અજીબ અઓરત કોઇજ નહીં પણ ગયુરજીગ મહુંમની વિધવા ઝોહરાખાતુન હતી–ના, હજી છે તમારી અને મારી મોઆફેક ખાતી પીતી, ફરતી હરતી, જીવતી જાગતી પણ એક" જોગનની પવિત્ર જિન્દગી ગુઝારતી પાક અસ્મત પરહેઝગાર અઓરત જીવતી છે.

"તેણીને મરણ પામેલી સર્વે કોઇ જાણતું હતું તો ગયુરજીગ મરણ પામ્યો તેજ દિને તેનાંજ મકાનમાં અને તેથી ગયલી પણ હિમ્મતભરી રીતે કેમ કુદી નિકળી હશે એવો સવાલ સ્વભાવિક રીતે તમારા મનમા ઉઠયો હશે.

"સત્તર વરસની વાતપર એ પાકદામનને પેટે એક પુત્રી પથ્થા પડી તે દિનથી ગોયા તેણીની પડતીની પહેલ થઇ નબ્બાબને તેણીની નફાદારી વિષે શક પડયો, પણ જેમ આજ કાલ પારસીઓ વાતવાતમા કુદકો મારી "મેટ્રીમોનીયલ કોર્ટ"મા દોડી જઇ પોતાના પૈસા ટકાની ખુવારી ગાય ઇજ્જત હુરમતની પણ ધુળધાણી કરે છે તેમ ન કરતા તે જોહાદીલ નબ્બાબે હુરઅંદેશી વાપરી ઝોહુરખેગમને પોતાનીજ હવેલીની બાજુની બીજી એક પડત હવેલીમા અલાહેદી રાખી તેણીના ખર્ચ ખુટણ માટે દર માસે ચોકકસ રકમ આપવા સિવાય તે તેણી સાથે કશોજ વ્યવ્હાર રાખતો નહીં. તેણીને પેટે અવતરેલી છોકરીને નજમુન્નીસાનું નામ આપી પોતાની પાળી લીધેલી દિકરી તરીકે ઉધારવા માંડી

'ઉપર મુજબ એકાદ બે વરસ મોઆમલેા ચાલ્યા પછી ઝોહુરાખાતુનના મગજમાં કોણ જાણે શુ આવ્યુ તે પોતાની એક નમકહલાલ દાસી–કે જે આજે પણ તેણીના જમણા હાથ જેવી છે–તેને વિશ્વાસમા લઇ એક હિમ્મતભરી યુકતી રચી એક ખોટો જનાઝો બનાવી કબ્રસ્તાનમાં લઇ જઇ ઝોહુરાખાતુનના મુર્દા તરીકે દાટવામાં આવ્યુ. કોધાયમાન વહુમી નબ્બાબે તેણીનો છેલ્લો સેજદો પણ કરવાની સાફ ના પાડી હતી એટલે તે યુકિત કામિલ તૌરપર પાર ઉતરી અલબત્તા, મરનારની નિયતે ઝિયારત, ચહેલુમ વગેરા આપણી પાક દીનની શરીઅત મુજબ ઝરા ધર્મ અને રસમ પ્રમાણે પોતાના નામ અને શાન પ્રમાણે કરવામા નબ્બાબે કાઇ પણ કચાસ રાખી નહીં–ચુનાન્ચે આજ લગી દર સાલ ધણા મોટા ખર્ચથી તેણીનો ઉર્સ પણ કરવામા આવે છે

"ઝોહુરાખાતુનના માની લીધેલા મરણ પછી આસરે છ મહીના રહી બનારસથી કોઇ હિન્દુ રાખવી નામે કાશીબાઇ હયરાબાદ આવી, અને પોતાની ચેલી મોઆરફને નબ્બાબ ગયુરજીગની હવેલીની બાજુમાં પડત પડેલુ પેતુજ મકાન ભાડે રાખવાની ઇચ્છા બતાવી પણ એવી એક ધર્મી ઓરતને તે મકાન મુફત વાપરવા આપવાનો નબ્બાબે પોતાના મુન્તીઝિમને હુકમ આપ્યો

'આ કાશીવાસી કાશીબાઇ કોઇજ નહી પણ ઝોહુરાખાતુન હતા એમ તમે ચેતી ગયા હશોજ વરસો લગી તેણી કોણ હતી તે કોઇએ જાણ્યુ પણ નહી ને જાણવાની દરકાર પણ કોઇ નહી.

'ગયુરજીગની હવેલી અને ઉપની પડત હવેલી વચ્ચે ભાગે બે ગજનો તફાવત હશે. આગળ જમાનામા જ્યારે એ મકાનો મરનાર નબ્બાબના કોઇ પૂર્વજોએ બંધ ન હશે ત્યારે

તેઓએ પોતાની સગવડ યા કોઈ બીજા સબબે છે કે ત્રીજા માળનાં ધાબાં પર એક નાના પુલ જેવા માર્ગથી બંને મકાનોનું જોડાણ કરી લીધું હતું તેનું ત્યાં વસતાં સેંકડો માણસનું કદી પણ ધ્યાન ખેંચાયું નહી, સેકીન ઝોહરાખાતુન તેથી પુરેપુરી વાકેફ હતી.

"હવે વધારે કહેવાનું બાકી નથી: ગયુરજંગનાં મરણની રાતે ઉપલેજ માર્ગે મુકેદ્દમ સાથમાં આવી તેણીએ દેખાવ કીધો હતો."

ઉપલું રસીલું બયાન ખતમ થતાં અસગરઅલી બોલ્યો. "દાવરમિરઝા સાહેબ! આપની ઝુબાને મુબારક બોલીને વધુ ખુશખબર સંભળાવસો?"

"બેશક; ખુદ આપને અન્નયબીના બલકે ખુશીના દર્યામાં ગર્ક કરી નાંખનારી ખુશ ખબરી સંભળાવીશ; એક પળ સબ્ર કરો." એમ બોલી તે કમરાની બાહેર ગયો ને બે ત્રણ મીનીટમાં તો એક નાહની બાળકીને ગોદમાં લઈને હસ્તો હસ્તો પાછો દાખલ થયો.

પેલાએ કહ્યું હતું તેમ બરેબર અન્નયબી અને ખુશાલીમાં અસગરઅલી ઉઠી ઉભો, અને દાવરમિરઝા તરફ દોડી જઈ પેલી છોકરીને વહાલથી પોતાની ગોદમાં લઈ હર્ષઘેલો બની ગયો. તે તેની ગુમ થયલી બાળકી ૭ મહીના પછી પાછી મળી હતી.

"અબ્બા જાન!" બોલી પેલી નાહની બાળકી બાપને ટોટે વળગી પડી.

બીજું ત્રીજું કામ પડતું મેલી અસગરઅલી એક ગાડી મંગાવી પોતાના ગુમ થયલાં ગોહરને લઈ પોતાને ઘેર લઈ ચાલી ગયો, અને બાકીના બે અમલદારો પોતાના મકેવરામાં પાછા મશગુલ થયા.

"મરનારની વસિયતનામું તમારા કબજામાંજ છેની જનાબ!" દાવરે પુછ્યું.

"હાજ તો." નસીબખાંએ કહ્યું.

"ત્યારે હકદાર વારેસ કોણ છે?"

"પેલી ગુમ થયલી છોકરી નજમુન્નીસા."

"ત્યારે તેજ બીચારાં ધરાની ખરી દિકરી કે?"

"હા; તેજ ખરી દિકરી. બલકે તેણીને શોધી કઢાડવાની જ્યારે અતિપય કાળજી મહેમે બતાવી હતી ત્યારેજ મને લાગેલું કે તે તેની દિકરી હોવીજ જોઇએ."

"એમ માનવાનું કારણ?"

"કારણ ખુલ્લું હતું. ગુમ થયલી મોટી દવોલતની મરનારને જેટલી દરકાર હતી તેથી ચાર ગણી ઇન્તેજારી એ છોકરીને પાછી જોવાની હતી એમ તેમના બોલવા પરથી કોઇપણ કહેતે."

"અગર તે છોકરી મળી જાય તો તેની વિરાસત સાબિત કરવામાં કાંઇ દિકકત પડશે કે?"

'દિકકત કે મુસીબત કે મિહનત જેવું કાંઇજ નહીં."

"ઠીક ત્યારે, ઇન્શાઅલ્લાહ ! ત્રણ કલાકની અંદર હું તેણીને લાવીને હાજર કરીશ." ઝવરભિરઝાએ ખાતરી આપી

આ સાંભળતા જાણે ભારવટયાને પકડવા માંગતો હોય એટલો ઉંચો કુદીને ખુશાલીથી બોલી ઉઠયો–

"સત્તર આના ને નવ પૈ ! તે મળી તો આપણને ગોવા દુન્યાની દઓલત મળી ! આપણું નામ અમર થશે !"

"આપણા દોસ્ત અલ્તાફ હુસેન વકીલને ત્યા તે છોકરી સંતાઇને છે !"

"ઘણુજ અજબ ! પણ ભલા આદમી આટલા દિવસ એ બાબત બોમેશી કા એખ્તયાર કાંધી ? વકતસર ઝાહેર કરતે તો અત્યાર અગાઉ તેને આપણાં કબજામાં લીધી હતે !' નસીબખાં બોલ્યો.

"પણ જનાબ ગઇ રાત લગી હું નહી જાણતો હતો કે તે મરનાર નવ્વાબની દિકરી નજમુન્નીસા છે ! તેણીને કુમતી બચાવી અલ્તાફ હુસેનને ત્યાં મેં રાખી ત્યારથી તેણીએ ધારણ કરેલા નામ એખ્તરૂન્નીસાને નામેજ જાણતો હતો હું શું જાણું કે એણે પેલા બદમાશ ગીયાસુદ્દીનના દામનથી છટકવા આપઘાતની કોશીશ કરેલી, અને આખીરશ પોતાની ઓળખ છુપાવવા નામ પણ ફેરવી નાખેલુ ! આટલી સરખી દુકતીએ ખરેખર મને બનાવીજ કહાડયો !" એમ બોલી આગલી રાતનો તમામ અહેવાલ ઝવરભિરઝાએ કહી સંભળાવ્યો. તે બધું ધ્યાનથી સાભળી લઇ નસીબખાંએ કહયું.–

"ચાલો ત્યારે, પાક ખુદાની મહેરથી આપણું કામ સરળમે પહોંચ્યું ! ચોરાયલી નોટો મળી, ધરાનુ વસિયાતનામું હાથ લાગ્યુ અો છેલ્લુ પણ સૌથી વધારે અગત્યનું તો હકદાર વારેસનો પતો લાગ્યો."

\+ × × +

એક હકતા પછી મરનાર ગયુરજીનું અસલ વસિયતનામુ અદાલતમા દાખલ કરી નજમુન્નીસાને એકની હકદાર વારેસ અને મુખ્તયાર આલિક ઠરાવવા બાબતની અરજી દાખલ કરવામા આવી.

ગાડા ભરી ગવાહીઓ પેશ કરી તે વસિયતનામું મરનારનું છેલ્લું અને ખરું પુરવાર કરવામા આવ્યુ

વધુ લંબાણ કરી વાચકનો વકત વ્યર્થ ન ગાળતા હવે ટુકમા બે બોલ કહી આ કિસ્સો ખતમ કરીશું.

તેટલાં ફ્રેાઈનાં આવતાં પગલાંનો અવાજ સમજાયો, મીસીસ નોરમનનો ચેહરો એક ઓશકથી લાલ થઈ આવતી સ્કુલ ગર્લની માફક બધો ઉશકેરણીથી રાતો મારી ગયો; પછી તે તરતજ ફીકકો મારી આવ્યો; તે ઉશકેરણીથી બધી ક્રુજી. બારણું ઉઘડયું, અને એક ગ્રહસ્થ અંદર આવ્યો—પેલા ફોટોગ્રાફમાંનો મરદ, જેને જોતાં વાર નાનાંએ પારખી કાઢયો. તે થોડાક બેદરકાર શબ્દો પોતાની ધણીઆણી આગળ બબડયો, અને જ્યારે નાનાં સાથે તેને ઇનટ્રોડયુસ કરાવવામાં આવ્યો ત્યારે ફકટ હુરથીજ તે ઠંડુ નમ્યો, તેની ધણીઆણી તેને ઘણી તીક્ષણતાથી ટીકતી અને તપાસતી હતી; નાનાં સાથની પીછાણ વેળા તે અન્તયખીથી ચોંકયો અને તેની આંખોમાં વંખાણનો પ્રકાશ ઝબકયો. તે બધું તે ધણીઆણીએ જોયું; પરતુ કેહવાને મુશકેલ હતું કે તે ખુશી કે ગુસ્સે થઇ, તેટલાં એ કંઇ ગાપણાનો અંત આવ્યો, ડીનર બેલ થયો અને ત્રણેઓ જણા સાથે ડીનર રૂમમાં ગયાં.

નાનાં તે ઘરનાં ધણી તરફ લગાર ઉત્કંઠાથી જોવા લાગી. તે વગર શકે ઘણો દેખાવડો હતો, પણ તેનાં ચેહરાએ તે નાનકીનને ખુશ કીધી નહિ. તે આંખો ઘણી યુકિતણાઝ હતી અને તેમાં સમાયેલું હસવું રંગેરંગ લુચ્ચાઈ અને ડોંગાઇનીજ ગવાહી પુરતું હતું.

"જમ્યા પછી તમે શું કરવા ધારોછ?" મીસીસ નોરમને પોતાના આવીને ધીમા અવાજે સવાલ કર્યો.

તે મોહરદારે બેદરકારીથી બોલવાની જો કે કોશેશ કીધી, છતાં તેણીની પ્લેટમાં પડેલી ડાબેા સાથે તે ઘણી નરવસલી રમત કર્યા કરતી હતી.

"આજની રાતે તો મને ત્રણ ચાર ઘણાં અગત્યના એનગેજમેન્ટસ છે."

"તેમાંનાં એકની અંદર પણ બારે તો સડાવવાનું નહિજ હશે?"

"હું નથી ધારતો. હું આવતી કાલે રાતે ફ્રાજલ પડી શકશ."

"એમ? ત્યારે તો આપણે "ધી સ્પીન્કસ" જોવા જઇશું." તે મોહરદારે કાંઇક ઉતસાહથી કહયું. "ઇટેલીયન કંપની આપણી તરફ જમાનામાં એક વખત આવેછ

તો નાટકમાં અને નહિ તો કોઇનાં બોલમાં કે ઓપેરામાં જઇયેછ. રાતે બાધાં પછી અમે બાળાં ઘેરમાં રહેતાં નથી. મારા હસબન્ડને સોસાયટી પસંદ છે, અને મને આવા મોટાં ઘરમાં એકલું રહેવા ગમતું નથી. તમને સંઠવારથી સાંજ સુધી બસ મારી સાથે અને સાથેજ રહેવું પઠશે. આવી જીંદગી તમને પસંદ આવશે, મીસ પારખ?"

"બીજી કોઇનાં જેટલીજ."

અને એ પ્રમાણે તે પેહલ્લા દીવસ કામકાજની વાતચીત થઇ, કે જે દરમીયાન નાળાં પારખ પોતાની નવી શેઠાણીથી જોઇયે તેટલી સંતોષ તો નજ પામી એમ અત્રે ઉમેરવું જરૂરનું છે. પછી, એ વાતો કીધા પછી જ્યારે તેઓ છુટતાં હતાં ત્યારે મીસીસ નોરમને એક ટેબલ ઉપર સોભાઇતી ફ્રેમમાં જડેલી એક મરદની સણી ઉંચકી અને નાળાંની સામે લાવીને ધરી.

"આને માટે તમે શું ધારોછ?" તેણીએ ઘણી શીઘ્રતાથી તે પ્રશ્ન કર્યો, જાણે તે એવો સવાલ ઓચીંતો કરવા માંગતી હોય તેમ.

નાળાંએ તે ચહેરા તરફ જોયું. તે ખરેખર અસાધારણ દેખાવડો હતો—ઉતાવળ્યો, આકળો, ગુસ્સા અને જુસ્સાઓથી ભરેલો, પરંતુ કોઇપણ રીતનાં વિશ્વાસને પાત્ર નહિ એવો.

"તમે ધારોછ કે આ એક એવા માણસનો ચહેરો છે, કે જેનામાં વિશ્વાસ સંપુર્ણ મેળી શકાય?" મીસીસ નોરમને સવાલ કર્યો.

નાળાંએ પહેલ્લાં તે બાઇ તરફ અને પછી પેલા ફોટોગ્રાફ ભણી જોયું. તે એક ઘણો વિચિત્ર સવાલ હતો; અને વળી, એવા એક અંતનો શબ્દ માટે એકદમ કાંઇપણ મત ઉચ્ચારવાનું ડાહપણભર્યું હતું નહિ. ડાહપણ અને દુર અંદેશીએ તેણીને કહયું કે આવા સવાલનો જવાબ અખાંડાજ કરી જવો—અને તેણીએ તેમ કર્યું.

"હું નથી માનતી કે કોઇપણ જણ ફકત ફોટોગ્રાફ ઉપરથી કેરેકટર જડજ કરી શકશે," તે ચાતુરીએ સંભાળથી કહયું. "આ ચેહરો ઘણો હેન્ડસમ છે, પણ ખુબસુરતીથી જાસ્તી હું કાંઇ પણ જોઇ શકતી નથી."

મીસીસ નોરમન જોઇયે તેટલી ખુશી થઇ નહિ. દીસ્તી રીતે તે નાળાં પાસે એમ બોલાવા ચાહતી હતી કે એ ચેહરો વિશ્વાસલાયક નહિ હતો. પછી નાળાંને તેણીના ઓરડાઓ દેખાડવામાં આવ્યા, અને બાકીનો દીવસ તેણે તે ઓરડાઓમાં પોતાને બરની સઘળી ગોઠવણો કરવામાં પસાર કીધો, કે જ્યારે આ તોણીની નવી બાઇ સાથના ઇનટરવ્યુની અસર તેં તેના મગજ ઉપર કલાકો સુધી એમની એમ જારી રહી. છેક છ વાગે તેણી ઉપર કેહવડાવવામાં આવ્યું કે જો તે ઘણી ઠાકી ગઇ ન હોય તો તેણીએ ભોણું ખાવા નીચે આવવું.

આપવા તો ના પાડી, પણ પોતાના ઠેઇ ચોકકસ દાગીના વાસ્તે ત્યાંના એક જાણીતા ઝવેરીને ત્યાં ફેરો મારી આવવા કહયું.

તે પ્રમાણે તે કોમળાંગી ગઇ. ત્યાં તેણીની ભારે અજાયેબી વચ્ચે તેણે મી૦ નોરમનને જોયો અને તેની સામે એક બાજુએ કાઉનટર ઉપર ઘણા મોંઘામાંના દાગીનાઓ પડયા હતા, એક ઉપર તેણીનું બાસ વધારે ધ્યાન ખેંચાયું—તે એક ડાયમંડ નેકલેસ હતો, કે જેમાં એક ડાયમંડનો કાસ જોડી દેવામાં આવેલો હતો.

"આના જેવા સેટની જોડી મળવી મુશકેલ છે," તે જુવેલર કેહતો સમજાયો, "એ એક નવાબી શાહજાદાએ પોતાની પરણેતર સારૂ ચોરડર કર્યો હતો; પણ તે બીચારી મરી ગઇ, અને તેથી એ અમારે ત્યાં નાંખી જતો રહયો."

"સૌથી સરસ, પણ સૌથી મોંઘાણી ખરાજ તો," મી૦ નોરમને મજાક કરતી રવેશે કહયું.

"તે તો કહયા વગરજ ચાલશે, સાહેબ," તે ઝવેરીએ જવાબ કર્યો.

"એની શું કીંમત છે?" મી૦ નોરમને સવાલ કર્યો. "સૌથી ઓછામાં ઓછું કેટલ્લે?" તે ઝવેરી કાંઇ બબડયો, તેઓ વચ્ચે ભાવતાલની નજીવી જેવી રીકજીક ચાલી, અને પછી મી૦ નોરમન પુકારી ઉઠયો; "હું એ ખરીદી લે ઉંછ, હું હુમણાજ ચેક પણ ભરી આપું છ."

તેણે નાજાને જોઇ નહિ, કે જે બીચારી તો મી૦ નોરમન પોતાની ધણીઆણીને આવી બેમુલ ભેટ કરવાનો હતો તે ખ્યાલે સુખ પામતી અને ખુશી થતી પોતાનુ કામ ચુપચુપ બજાવતી હતી. તેણીના સાદા કુમળાં જીગરમાં ઘણી ખુશનુદી ફેલાઇ. તે ધારતી ને માનતી હતી તેટલો બધો કરડો તે ભરથાર હતો નહિ. તેણીએ વળી મી૦ નોરમનને એમબી બોલતાં સમજાયો કે આ દાગીનાં આજને આજજ મોકલી આપવા; તે કોઇ જાતની ધીલ માંગતો હતો નહિ, અને તે ચાતુરી મીસીસ નોરમનની ખુશાણીમાં પોતેબી ભાગ લેવા પાંમે એના નેક ઇરાદાથી પોતાનું કામ ઝટપટ આટોપી નાંખી વહેલ્લી વહેલ્લી ઘરે ગઇ.

તે દીવસે તે બાવીંદ પોતાનાં ઘરમાં જોઇયે તે કરતાં વધારે બેબલાંસથી વર્તયો. તે બધી હસી હસીને વાતો કરતો ને કરાવતો હતો; પણ તેની મોહરદારનો ચહેરો તો ગમખ્વાર અને ગંભીર હતો. દેખાતું હતું કે પેલો ડાયમંડ નેકલેસ હજી સુધી આવવા પામ્યો ન હતો.

પ્રકરણ ૩૫.

થોડા દીવસો પછી બે ત્રણ મીત્રો તે ઘરમાં રાતે ડીનર ઉપર આવ્યાં, ત એક નાની પણ મજાહની ડીનર પાર્ટી હતી. તે દીવસે મી૦ નોરમન ઘણાં ખુશ

મીજાજમાં હતો; તેની મોહરદાર પણ ખુશાલ અને વિનોદી રેહવાનું પોતાનાંથી બનતું કરતી. તે એક, નાનાં હૈદ્રાબાદમાં આવી વસી રહી તે અરસામાં ગુજરેલી, પેહેલ્લી સૌથી ખુશાલ સાંહજ હતી. તે વિઝીટર કોઇ અમેરીકન હતાં—એક કરનલ નેપીયર હડસન અને તેની ઘણીઆણી.

તે દીવસ બાસ્યાદગાર તો એમ રહી જવા પાંમ્યો કે તે વખતે થયેલી વાતચીત લગરીક ઘણી અસર ઉપજવે તેવી પુરવાર થઇ હતી. વાતનું વળ ઇંગલાન્ડ અને ફ્રાંન્સમાં થતા જુદી જુદી જાતનાં ગુનાહો ઉપર ચાલતું હતું. કરનલ હડસન કેહતો હતો કે ફ્રાન્સનાં લોકો તેઓનાં ગુનાહમાં ઇંગલીશ લોક કરતાં વધારે ધખારાભર્યા અને ઝનુની હતાં.

"એક અક્કલહીણ, લેવાન્યત ભર્યું ખુન ખસુસ કરીને ઈંગ્લીશ હોવું જોઇયે," તે બોલ્યો, "બાળી ગુંગળાવીને મોહત ઉપજવવાનું કે જીવતા જીવત નદીમાં હોમાવી દેવાનું મોહત ક્રૂન્ય છે," તેણે તકરાર કીધી.

બીજા બે શખશોએ કઇ રીત સૌથી મોટું સુધરેલાંપણું દેખાડતી હતી તે ઉપર તકરાર ચલાવી.

"એ આપરે પણ શું કમકમાટ લાગે તેવી બાબતનાં ટાહેલાં ઉપર ઉતરી પડયાં?" મીસીસ હડસને સુગાઇને જણાવ્યું. "હવે ખુનોનીજ જ્યારે વાત નિકળીછ ત્યારે તો મને લાગેછ કે આપરે વાંચેલાં પેલાં વીયેનામાં થયેલાં ખુનની વાત તો સૌને યાદ હોશે. તમો લોક નથી ધારતાં કે તે એક સૌથી ભયંકર કર્મ હતું?"

"તે શું—મને તો કેહો?" મીસીસ નોરમને બારી ધનતેજરીથી વચ્ચે હોમાઇ સવાલ કીધો—તે ઘણી જીજ્ઞાસુ દીસતી હતી. "મારા તો વાંચવામાં કાંઇ આ'યુ નથી."

"ઓ, હું તો ધારતી'તી કે તમે લોકો બધાંએ તે વાંચ્યું હોશે," તે કોઇ મીસીસ હડસને ભખરાયેલા અવાજે કહયું. "એ એક ઘણી ઝેરી એસીડ મોઢાં ઉપર નાંખી કાનો લેવાયલો કેસ છે, કે જે એક ઘણાં ભયંકર સંજોગો વચ્ચે થયેલો છે. એક છોકરીએ તે એસીડ પોતાનાં 'ફીઆંસે' નાં મોંહ ઉપર નાંખી હતી!"

"અને તેમ કરવાનો સબબ?" મી૦ નોરમને સવાલ કર્યો.

"ઓહ, અદેખાઇ, અલબટ! તે છોકરીનાં સમજવામાં આવ્યું હતું કે તેનો લવર એક મુખ્ય ઠીએટરની એકત્રેસ ઉપર ઘણું ધ્યાન આપતો હતો, અને તે વિષે તે છોકરી ચાલુ સંતાપ કરતી હોવી જોઇયે, એટલે સુધી કે તે છેક દીવાના પણાંની હાલતે આવી ઉભી. કોઇબી રીતે, પેલો ગુનાહ તેઓ ઠીએતરમાંથી બાહાર આવતાં હતાં ત્યારે કરવામાં આવેલો હતો. ખરેખરો ચેથોજ તો એમાં છે કે તે બાપડો લવર તદન નિર્દોષ હતો."

નાળાએ જોયું, બલકે તેણીને લાગ્યું કે તેણીએ જોયું, કે આ વાત સમજતાં એક ઘણી તીક્ષ્ણ ઉલટમંદ લાઇટ મીસીસ નોરમનની આંખોમાં ઝબકી રહી.

"પ્યાર અને અદેખાઇ દરેક ત્રેજેડીઝનું મુળ છે," તેણીએ કહેયું.

"તેઓ ઘણાં મોટાં નોનસનનું પણ કારણ છે." તેણીનાં ભરથારે વચ્ચે ઝડપથી હોંકાર્યુ; પણ તેના શબ્દો તે બેહરા કાનો ઉપર જઇ અથડયા.

"ખુશી થવા જેવું તો એ છે કે ચેલો માટીદો બાપડો જીવવા પાંમ્યો નહિ," મીસીસ હડસને આગળ ચલાવ્યું, "આવું એક ભયાનક કદરૂપાપણું સહેવવા કરતાં મોહતને હું લાખો વખત પસંદગી આપું છ. તે ઝેરી એસીડ તેણીએ બધી તેનાં ચહેરા ઉપર ઢોળી હતી."

આ સમજી ત્યાંનું દરેક જણ ક્રમકમ્યુ, સીવાય મીસીસ નોરમન; અને બાસ્યતનાં એક અભ્યાસી વાસ્તે તો તેણીનો ચેહરો એક ઉખ્યાણું મીસાલ હતો.

તે પછીનાં બીજા દીવસે જ્યારે તેઓ બે જણાં એખલાં ફરવાં નીકળ્યાં ત્યારે મીસીસ નોરમન કાંઇ ઘણાં ઉંડા ખ્યાલો કરતી હતી તેમાંથી ઝબકીને તેની સોબતણને જોવા લાગી.

"મીસીસ હડસને કહેલી વાત હું હજી સુધી ભુલી જઇ શકી નથી," તે બોલી, "તમે ધારોછ, મીસ પારખ, પેલી છોકરીનો એમાં કસુર હતો?"

"હું તો એને એક સહેતાન કરતાંથી બહતર માંનુંછ," નાળાએ ખરાં જીગરનાં કચવાતથી કહેયું.

"પણ એવાં એક સેહતાન્યતભર્યા જીવતર ઉપર ગબડી પડવા અગાઉ એ બિચારીએ ઘણું જલેમ વેઠેલું હોવું જોઇયે. હું ધારૂંછ કે તે પોતાનાં મરદને જીવનાં જીવથી ચાહતી અને જે કીધું તે ફકટ અદેખાઇની આગ સહન નહિ કરી શકાવાથીજ."

"એ કાંઇ પ્યાર નહિ કહેવાય," સુધ્ધિ નાળાએ જવાબ કર્યો. "હું વિચારી નથી શકતી કે હોકો આવા દુષ્ટ જુસ્સાને પવિત્ર પ્યારનું નામ કેમ આપી શકતાં હોશે. હું તો એવી ચીજનો વિચાર પણ નહિ કરૂં. તમારૂં તો મગજ જાણે એ વાતની યાદથી ભરાઇને ભખરાઇ ગયેલું લાગેછ."

એ પછીથી તે બીજી વાતો કરવા લાગી, એ ફીલીસ નોરમન; પણ તો બી તે દીવસનાં અનેક વખતે તેણી પેલો ભયાનક ત્રેજડીની યાદ કરતી ને કરાવતી રહી. તે વાત સારો વખત તેણીનાં મગજ ઉપરની ઉપર રેહલી લાગતી હતી.

વળી થોડા દીવસ પછી તેઓએ ન્યુસપેપરમાં કોઇ એક મોટાં આંચરેની છોકરીનાં નાહસભાગનાં લગ વિષે વાંચ્યું.

"એ પ્યાર કેટલો લાંબો વેહેર ટકી ટકીને ટકવાનો છે?" તુચ્છકારથી નાકનાં દીકરાં પોહળાં કરી મીસીસ નોરમને નાળાને સવાલ પુછયો.

"મદાને વાસ્તે હું આશા કરૂંછ!" તે નાની રમણીએ મોટા ઉતસાહથી જવાબ કર્યો.

"તું આશા રાખેછ; પણ તુ માંનતી નથી," તે અશાંત અબળાએ ઉત્તર કર્યો. "હું તો ધારૂંછ," પછી તેણે ઘણી ઉંડી વિચારવંત હાલતે ચાલું કર્યું, "કે જેવી રીતે હું માહરા ભરથારને ચાહુંછ તેવી રીતે તો કોઈબી સ્ત્રી કદી ચાહવાની નથી. હું એને પુંજતી હતી, અને તેનાં બદલામાં હું માનતી'તી કે એ બી મને ચાહેછ. નહિ એમ મોંહ ફેરવી ના નાંખ, નાળા; કોઈ વખત એવો આવેછ કે જ્યારે માહરાં જીગરમાં જ્વાળા સળગી રહેછ અને જો હું માહરાં વિચારોને શબ્દોનો આકાર નહિ આપું તો હું મરી જાઉં! માહરા સાદા ચહેરા છતાં હું એક રોમેનટીક છોકરી હતી. હું મને કોઇ ચાહે ને તેની સાથે લગન કરવા માંગતી હતી અને મને બીહક હતી કે કોઈ માહરા પૈસા ઉપર મને શોધતું આવશે. હું તુંને ખરેખર કહુંછ, નાળા," તેણીએ વધાર્યું, "કે માહરો હસબન્ડ સારા ખાનદાનવાળો હોવા છતાં ઘણો કરકાબાલુસ હતો ને વરસ દીવસે ભાગ્યે હજારથી બે હજારની તેની આવક હતી, જે બી વખતસર તો આવી શકતી પણ નથી. તે માહરી સાથે પ્યાર કરતો આવ્યો; તેને માહરી પાસે મબલખ દોલત હતી એવું કાંઇ માલમ હતું નહિ; પણ એ કેહતો'તો કે મને તે ખરાં જીગરથી ચાહતો ને માહરે ખાતર કાંઈ બી વેહીવટ કરવા તૈયાર હતો. અને હું—મુર્খી, નાદાન!—મેં જે કહેલું બધું માંન્યું. હું ખુશી થઈ કે આખરે કોઇ મને—અને નહિ કે માહરા પૈસાને—ચાહતું આ'યું.

પછી જ્યારે અમે પરણ્યા ત્યારે એને જણ્યું કે હું તો એક મોટી વારસ હતી. તે વખતની એની અત્યંત મોટી અજ્ઞયબીથી હું ગમત ને સુખ પાંમી. માહરે કેહવું જોઇયે કે માહરી દોલત અસાધારણ મોટી હતી. માહરા બાવાની દોલત પાર વગરની હતી, જે બધી એણે માહરા નામ ઉપર કરી આપી હતી, મેં લગન પછી, એક ખાસ ડીડ કરી બધુ માહરા ભરથારનાં નામ ઉપર કરી આપ્યું."

નાળા પારખને એ વાત સમજી તરત પેલો હીરાના નેકલેસ હૈયે ચઢી આવ્યો; આહ, તેણીનાં પૈસા વડે તે જો કોઇ બીજી વારતે ખરીદવામાં આવ્યો હોય તો તે કેવું ખાટકી હતું!

"હું થોડાં અઠવાડીયાં ઘણી સુખી હની." મીસીસ નોરમને જારી રાખ્યું. "ફક્ત થોડાં અઠવાડીયાં; અને પછી મેં જણ્યું કે માહરો હસબન્ડ મને પરણ્યો હતો, તે ફક્ત માહરા પૈસાને ખાતર—તેને તો બધી વખતે ખબર હતી કે માહરી પાસે બેશુમાર દોલત છે, તેણ મને પોતાનાં એ વિષેનાં અજ્ઞાણપણાં વાસ્તે સાવ ઠગી હતી. હું કહી શકતી નથી કે એ બીનાં જણી મેં કેવું ખમ્યું છ—એ ત્રણ વરસની વાત છે; પણ તે વખતની એકેક પળે માહરાં જીગર ઉપર જાણે તપાવેલાં લોખંડનાં સળ્યાથી હોય તેમ દામ પાડેલો છે. ત્યાર પછી, જ્યારે મને લાગ્યું કે

હું માહરી જીંદગી વધારે વાર તામોશ કરી શંકવાની નથી ત્યારે હું એની આગળ ગઈ, મેં એને કહ્યું કે એ મને શા વાસ્તે પરણ્યો હતો તેની મને ખબર હતી; મેં તેને અપીલ કીધી; મેં તેને કહયું, કે હું જાણુછ કે હું ઘણાં સાદા દેખાવની છેઉ, પણ માહરૂં જીગર તો તેને વાસ્તે ઉંડા પ્યારથી ભરપુર હતું. મેં તેને મને ચાહવાની કોશેશ કરવા કહયું. એની જગાએ કોઈ બીજો હતે તો તેનું જીગર દયાથી પીગળી આવતે--પણ એ તો માહરાં મોંહ ઉપર હસ્યો! પણ પછી વળી તરત બોલી ઉઠયો કે તે માહરી મરજી પ્રમાણે કરવાની કોશેશ કરશે. અમે થોડો વખત સુખી રહયાં—એટલીસ્ટ, તે વખતે હું તો સુખી થઈ, ઘણાં થોડા મહિનાં તે માહરા ઉપર ઘણું ધ્યાન આપતો થયો હતો, મને પ્યારથી તેડતો ને બોલાવતો ને માહરી સાથે ઘણું હેત કરતો. એ વખતે તો હું એટલાં સુધી માનવામાં ઠગાઈ કે આખરે એ મને ચાહતો થયો હતો. આહ! તે દુકો, મીઠડો, નાનો સ્વપનો!"

તે જરા વાર દમ ખાવા થોભી, અને તેણીની આંખોમાં અત્યાર સુધી ચળકયા કરતી એક નરમ લાઇટે કરડાઇ, સખ્તાઇ અને ઘાટકીપણાંની જગા લીધી.

"મને કહે, તું એ કમબખ્તને શું કરે કે જે તાહરી અને જે ભરથારને તું તાહરી જીંદગીથી પણ જ્યાદા ચાહતી હોય તેની વચ્ચે આવે? એક કે જે અદ્ભુત સુંદરતા ને ચળકતા સુવાળા વાળ ને દીલ ચોરી લે તેવા હસ્તા હોઠો સાથે આવે તેને? મને કેહો મીસ પારખ, તમે તેને શું કરો?"

નાનું તમામ દબાયેલી જણાઇ.

"હું જાણતી નથી કે દુન્યામા એવી ચીજ પણ થઇ શકતી હોશે," તે મધુરી માંડમાંડ સમજી શકાય તેવા અવાજે બોલી, "માહરે મનથી તો એ નવી દુન્યાં જેવું છે,"

"એ માહરે વાસ્તે બી નવી દુન્યાંજ હતી," મીસીસ નોરમને કડવાસથી જારી રાખ્યું. "જ્યારે હું સુખી થતી જતી હતી ત્યારે મેં સમજ્યું કે એક કોઇ કારમખી માહરા ભરથાર અને માહરી વચ્ચે આવી હતી. મેં સમજ્યું કે એ તેણીની ખુબસુરતી ઉપર દીવાનો થઈ ગયો હતો; એ માહરા તરફ હરેક વખતે મોટા તીરસકારથી હસ્યા કરતો હતો. તું જરા પણ અજાણ થાયછ એવું સમજીને કે એ જાણતાં હું ઘેલી થઇ ગઇ-તદ્દન પુરેપુરી ઘેલી? પણ ફકટ થોડાં અઠવાડીયાં માટે; અને જ્યારે માહરી સુધ પાછી ઉઘડી ત્યારે તો માહરાં બચ્ચાંને દાદી પણ દેવામાં આવ્યું હતું! એ બધાં માહરાં અગાધ દુઃખના વખતે તો માહરો ભરથાર—માહરો પોતાનો આવીદ-માહરા સાદા ચેહરા વાસ્તે હસ્તો ને માહરી ઠઠ્ઠા મશકેરી કરતો હતો—એક બીજી બારકી ફેલકસુર આગળ. તું જાણેછ હું આય માહરા ચેહરાને છુપાવીને કેવાં લોહીનાં આંસુઓએ રડું છ તે? હું મને પોતાને ધીકકારૂંછ. જ્યારે હું વિચારૂંછ કે તેને માહરી બોહુમાં ખેંચી લેવાની માહરી પાર વગરની કોશેશો છતાં હું તેમાં સાવ નિશફળ નિવડીછ

ત્યારે એ પોતાનો મોટો વખત તેણી સાથે ગુજારેછ; એ માહરા પૈસાથી એને ભરપુર કરેછ, લોકો તો કેહછ કે એ બધાનાં બદલામાં એ તો એની તરફ જુઠી ને બેવફા છે. હવે ત્યારે મને કેહ કે તું એને શું કરે?"

અને તે વખતે કોઇ એવી નાચારીના દેખાવ તે બારજાના મુખ ઉપર વ્યાપી રહેલો હતો કે નાન્સના દીલમાં ઘણું લાગી આવ્યું.

"કોઈ ચીજ નહિ," તે રમણીએ જવાબ કર્યો, "એવી કોઈ ચીજ નથી કે જે તમે કરી શકો, કે જેથી તમે તમને પોતાને નીચાં પાડી નહિ શકો. એ એક ઘણી વિચિત્ર ચીજ છે કે દુન્યા એક પરણેતરની કદી તરફેણદારી ખેંચતી નથી."

"જ્યાંસુધી કે તે એક બ્યુટી હોય! મેં તને માહરી કાહાંણી કહેલી છે; પણ એ અગાઉ કોઇબી આગળ મેં માહરા હોઠો વાટેથી વરાળ બાહાર કાઢી નથી. હું જાણું છું કે એ માહરો ભેદ તુ જાળવશે; અને મેં એ તને કહ્યું છ કેમજે હવે હું તમામ જીવ ઉપર આવી ગયેલી છેઉ'—બીલકુલ જીવ ઉપર આવી ગઈછ ને મને માહરા પોતાને વાસ્તે બીહક લાગ્યા કરેછ!"

—:o:—

પ્રકરણ ૩૬.

—:o:—

મીસીસ નોરમનને ત્યાં અવારનવાર પહરોણાંઓ આવ્યાં કરતાં હતાં; તેઓની પહરોણાગાત કરવામાં તે બાઇ કાંઈ ઝાઝી મન્નહ લેતી નહિ—બલ્કે દરકારબી કરતી નહિ, કેમજે તેનો ભરથાર, જો કે હંમેશ તો નહિ, પણ અવારનવાર એવે વખતે ગેરહાજર રહેતો, અને તેથી તે બારજા કોઈબી વાતમાં કશો ઉમંગ લેતી નહિ.

વખત વહેતો જતો હતો, અને તેનાં વેહવા સાથે ગામમાં વાત એવી ઉડી રહી કે હૈદ્રાબાદમાં આવેલી પેલી ઈટેલીયન ઓપેરા કુંપની તો ઘણા દીવસની ઉપડી ગઇ હતી, છતાં તેઓની માનીતી એકત્રેસ એક કોઈ હેડા કરીને હતી તેણીએ તે કુંપની સાથેનો પોતાનો સંબંધ છોડી દીધો હતો ને તે અહીંજ ઘણા મોટા દમામથી રહી પડી હતી. વળી એવુંબી બોલાતું હતુ કે એ એકત્રેસનાં રેહવા વસવાનો ગંજાવર ખરચ મીઃ નોરમન પોતાના એખલે હાથે કરતો હતો!

આજના એક ચોકકસ દીવસે 'નવાબ મનઝીલ'માં થોડા ઘણાં પહરોણાંઓ ઉતરી પડયાં હતાં. નાન્સએ જોયું કે મીસીસ નોરમન એક કોઇ બુઢ્ઢી ને લગાર એબીયલ દેખાવની બાઇ સાથે વાતમાં લગભગ આખ્ખો વખત પુરકળ ચકચુર રહી હતી, કે જે બાઇનો કરચલી વળી ગયેલો ચેહરો સંતોષથી ખીલી નિકળેલો જણાતો હતો. નાન્સ તુરત પાછી ગઇ કે આ નિંદાખોરે બુધ્ધી મીસીસ નોરમન આગળ તેનાં ભરથારને લગતીજ વાત કરતી હોવી જોઇયે, કેમજે તેની ઘણીઆહીના ચેહરા બધા ફેરફાર થઇ ગયા હતા ને તેણીની આંખોમાં ખુનજ વરસી રહેલું જણાતું હતું. નાન્સને કાંઈ કામ સર તેઓ જ્યાં બેઠાં બેઠાં વાત કરતાં

કતાં ત્યાંથી પસાર થઇ જવું પડયું અને તેમ કરતાં તેણીએ સાબુત પેલી બુધ્ધાના આ શબ્દો સમજી લીધા "એ મોંઘા ડાયમંડ નેકલેસ—"

નાજા અજાયબ થઇ કે પેલી હીરાના નેકલેસની વાત બાહાર આવી ચુકી હતી કે કેમ? તેણીને મીસીસ નોરમન વાસ્તે અચ્ચીત ઘણું લાગ્યું. તે જોઇ શકી કે તેણીની શેઠાણી બહુ મુશીબતે પોતાની ઉપર કાબુ રાખી શકી; તેણીના હોઠો કોઇ ઘણી ભયાનક રીતે વળ ખાતા હતા, જ્યારે તેણીના હાથો ડયાજનક રવેશે ધ્રુજતા હતા. નાજા ઘણી દેહસ્ત ખાઇ ગઇ.

તે કોમળાંગી પુષ્કળ બીહુધી; અને પછી જ્યારે તેણી તેની શેઠાણી સાથે એખલી થવા પાંમી ત્યારે એવી એક તક મળવા વાસ્તે તે ઘણી રાજી થયેલી નજરે આવી. તે તુરત મીસીસ નોરમન કને ગઇ—

"હું જોઇ શકું છું, મીસીસ નોરમન, કે વળી પાછી કોઇ નવી જંજાળીને લીધે તમારો જીવ ઉંજીદા થવા પાંમ્યોછ," તે ફરીપેફર પુરણીએ પ્યાર ભરેલા અવાજે કહયું. "તમે જે બી કંઇ સમજ્યું હોય તેનું અધું પણ નાં માનતા. પેલી કોઇ બુદ્ધી બાઇ બડી નીંદાખોર જણાયેછ; અને મને તો ખાત્રીથી લાગેછ કે એ જેબી કાંઇ બોલી ગઇછ તે 'અધું અધું બોટકું હોશે."

મીસીસ નોરમને દુઃખી કંટાળાથી નાજાને નરમ અછત મારી દુર કીધી.

"તું હમણાં માહરી આગળ કાંઇબી બોલતી ના, નાજા," તે બોહરદાર બોલી; "મને એખલી મરવા પડવા દે, નહિ તો હું જરૂર મગજથી બેમગજ થઇ જવશ."

તે બાપડી જઇને પોતાનાં બોરડામાં ગોંધાઇ; અને જ્યારે "અધાંએક કલાક પછી નાજા તેની આગળ ગઇ ત્યારે તેણે એવાં તો અગાધ વેદનાનાં મોટા ડચકાંઓ સમજ્યાં કે તે સુંદર કોમળાંગીની દયાળુ આંખોમાંથી દીલસોઝીનાં આંસુઓ બાઇ આવ્યાં. તે મધુરીને પોતે પેલા એક અભાગ્યા કલાકે 'તાપતી હાઉસ'નાં બગીચામાં એખલી બટુલી, નિરાધાર નિરાશ્રીત પડેલી કેવાં દુઃખનાં ડચકાંઓ બાઇ બાઇ રડતી હતી તેની યાદ થઇ ને તે કોમળ હૈયું આ બીજી અબળાની આફત જોઇ લાગણી અને દુઃખથી દાઝી આવ્યું.

મામલો બગડતો અને બીચકતોજ ચાલ્યો. પેલી એકત્રેસ હેડા અને તેણી ઉપર સરબબર મસતક બોહી બેઠેલા હેનરી નોરમનની વાતો તો હવે છડેચોક થવા લાગી. ઘરમાં બતપત રોજ થતી અને બાહાર બધાં આઇતાં પરવાડતાં લોકો જે ગમે તે બોલી મીસીસ નોરમનનું લોહી ઘણું ઉકળાવતાં હતાં. અલબટ, તે અફવામાં વજુદ હતું તો ઘણું; કીંતુ બધી વાતો ચટાકા ને ભડાકા સાથે તે કમનશીબ પરણેતરને કાને આવતી ત્યારે તેણીની સ્થીતી કેવી ડયાજનક અને અફસોસકારક થઇ પડતી તે બોલવા કરતાં વિચારી લેવાનું વધારે સેહલ્લું હતું.

સાચ્ચી વાત હતી કે ફીલીસ નોરમનનો તેનાં કરોડા ભરથાર ઉપર ઘણો જીવ હતો; જો તે હજી પણ સુધરી જાય તો તેને સંભાલી લેવા

તે ભારની હદની બાહાર આતુર હતી—પરંતુ તે બેઉનાં મોટાં કમનશીબે તે સારા રાહ ઉપર આવવાને બદલે બેઇજ્જતી અને અનિતિપણાનાં કંગાળ માર્ગ ઉપર ઉપર વધારે અને વધારે લોભાતો ને લપસતો ગયો.

ફીલીસ નોરમન પણ જાણે કોઈ જાદુની અસર હેથળ હોય તેમ લાગ્યું. આ બધો બનાવ બનતો હતો તે વખતે હેદ્રાબાદમાં ત્રણ ચાર બડેખાં કુટુંબોમાં અવારનવાર કાંઇને કાંઇ બાંહણે પાર્ટીઓ થઇ. હવે એ સઘળી પાર્ટીઓમાં એ મીસીસ નોરમન જાણતી હતી કે તેણીની શોખ બરચીત કરીને આવવાની હતો છતાં તે તે સઘળી પાર્ટીઓમાં ગઇ વળી, તે દરેક વખતે સઘળાંઓમાં ભેળાવાને બદલે તે એક ખુણે બેટોળે મુંગાં ઢોર માફક બેસી રહી. બસ ટીકીટીકીને પેલી હેડાને જોયા કરતી, જાણે કોઇ કીસમની તરસ છીમાવવા તે પેલી ખુબસુરતી ગળી જતી હોય તેમ.

હવે એ વખતે એક ચોક્કસ જાતનાં પીછાં એક કોઇ જાણીતી દુકાને વેચાવા મુકવામાં આવ્યાં હતાં. વળી એમ બોલાતું હતું કે એવાં પીછાં હીંદુસ્તાનમાં ઘણાંજ જવલેજ આવતાં હતાં ને તેની ફકટ એકજ જોડી હાથમાં આવેલી હોવાથી આંખનાં ડોળા આસમાને લાગી જાય તેટલી મોટી તેની કીંમત બોલાતી હતી. છાપાદારે પણ તે જોડીની ખુબ વખાણ કીધી હતી, જે ફીલીસનાં વાંચવામાં આવ્યું, અને પછી તેણીએ તે જોવા વાસ્તે બીજી સહવારે નાળ સાથે તે દુકાન ઉપર જવાનું નક્કી કર્યું.

"મેં મારી આખ્ખી જીંદગી એક બરેબરી સુંદર પીછાની જોડ વાપરવા વાસ્તે હોંશમાં ને હોંશમાં અટકાવી નાંખેલી છે," તે બોલી. "જો કે કાંતે તો દાંતમાં આંગળા પકડાવે તેવી છે; પણ આજે કેટલો વખત થયો મેં મારે વાસ્તે કોઇ ચીજ બરીદી નથી ને મને કાંઇ ભારી પડવાનું નથી."

અને એજ વખતે 'લીબ સીમ' નામના એક નાનાં પણ અત્યંત સુંદર બંગલામાં કાંઇ બીજેજ સીન ચાલી રહયો હતો. તે ઘેર પેલી એકટ્રેસ હેડાનું હતું. ને ત્યાં ચોડાંક પહરેણાંઓ એકઠાં થયેલાં હતાં. કેહવાની, બલબટ, જરૂર નથી કે ત્યાં હેનરી નોરમન તો હતોજ. બીજાં પહરેણાંઓનાં ગયા પછી તે તો હજી ત્યાંનો ત્યાંજ ઘમકયા કરતો હતો.

"હું કાલે તાહરે તાંહ લંચ ઉપર આંઉ?" તે અમસ્થો સીપલો થયો, "મેં સમજ્યુંછ કે તાહરે તાંહ બે ત્રણ જણ આવવાનાં છે."

"તમુને એક પાસપોર્ટ લાવવી પડશે," તે ગધેરાને પોતાનાં અર્ધાં બંધ કીધેલાં પાપણો હેથળ ચુંચી આંખે જોતી અને હસીને તે ફલકસુર બોલી.

"અને વારૂં તેં શું?"

"પેલાં પીછાંની જોડી; કે જેને વાસ્તે સારૂં ગામ હલમલી રહયુંછ; યાદ રાખજો; એ જરૂર લેતા આવજો; તોજ તમુને અમારા ઘેરમાં દાખલ કરવામાં આવશે."

એક હજાર ભઠ્ઠી દઈ પકાવેલી ઉમદા

મૃગશૃંગ ભસ્મ

શક્તિ આપનારો સરવોપરિ સિધ્ધ ઉપાય.

ક્ષય જેવા મહા ભયંકર જીવલેણ વ્યાધિને દુર કરવામાં પણ પોતાનુ બોહોદ્દુ પરાક્રમ દેખાડે છે. ત્યારે સાધારણ દરદોને મારી હઠાવે તેમાં નવાઈજ શું? અનેક દરદોનો નાશ કરે છે અને અખુટ કૈવત આપે છે. તથા શરીરને તેજસ્વી અને મજબુત કરે છે.

કિંમતઃ—તોલા ૧ એકના રૂપિયા ૫૦ પચ્ચાસ.

વિશેષ વિગતં માટે પ્રાઇસલિસ્ટ મંગાવો.

વૈદ્યશાસ્ત્રી **મણિશંકર ગોવિંદજી.**

અન્ય કાલબા દેવીરોડ મુંબઇ.

આતંકનિગ્રહ ઔષધાલય—જામનગર (કાઠીયાવાડ.)

સખતમાં સખત માથાનો દુખાવો માત્ર એકજ મીનીટમાં દુર થઈ જાય છે માત્ર પેટની ઉપર ચોળવાથી પણ પેટમાંનો દુઃખાવો મટી જાય છે. પવન છુટવા માંડે છે. અને બાદી-બદહુજમી દુર થાય છે. દાંત અને દાઢનું કળતર એકજ મીનીટમાં શાંત પડી જાય છે. વીંછીના ડંખ ઉપર તો તેનો ચમત્કાર એલોપથીકજ છે. ઉંચામા ઉંચી જાતના કોઈ પણ પેનકીલર કરતાં અમૃતબિન્દુ ઘણી ઉંચી જાતની દવા છે. વિલાયતી દવાની દરેક દુકાન ઉપર તે વેચાય છે. હાલમાં તેની કિંમત ૧ સીસી રૂ. ૧॥= ત્રણ સીસીના રૂ, ૪॥= ત્યા ૬ સીસીના રૂ. ૭= છે. પોસ્ટેજ હમારે માથે છે

બધા દવાવાળા વેચે છેઃ—કેટલોગ મફત મળે છેઃ

પત્રોઃ—"અમૃતબિંદુ" ઓફીસ મુકામ પોષ્ટ—નડીઆદ (ગુજરાત.)

બાટલીવાલાની ૪૦ વરસની પ્રખ્યાત દવાઓ

બાટલીવાલાનું એક્યુમીક્ષ્ચર—એક્યુની ગોળીઓ.
બાટલીવાલાનું—(ટૉનીક સીરપ): બાલામૃત.
બાટલીવાલાનું (ક્યોર ઑલ) બામ.
બાટલીવાલાની ક્યુનાઇન ટીકડીઓ.
બાટલીવાલાનું ડાએરીયા (કોલેરોલ) મીક્ષ્ચર.
બાટલીવાલાની ટૉનીક પીલ્સ.
બાટલીવાલાનું—દરાજનો મલમ.
બાટલીવાલાનું—દાંતનું મંજન.
વેપારીઓને ફીફાયત ભાવ. પ્રાઇસ લીસ્ટ માટે લખો.

ડો. એચ. એલ. બાટલીવાળા સન્સ એન્ડ કું૦ લીમીટેડ.

શાપુરજી એચ. એલ. બાટલીવાલા, મેનેજીંગ ડાયરેકટર.
પી. ઓ. વરલી, મુંબઇ નં૦ ૧૮.

તારનું એડરેસ—"*Cawashapur*" *Bombay.*

ગ્રાંટરોડ વેરથી તમારે માર્કીટ વેર ધક્કેલા ખાતા જવાની કંઈજ જરૂર નથી.

જામ, જેલી, બીસ્કીટ, સારડીન, કોકો, ચૉકલેટ, ઇ. વલાતી ખોરાકી; સેન્ટ, લવન્ડર, કોલોનવૉટર, સાબુ, તેલ; હેરઓઇલો, જાતજાતના મેકરોના; જેપાનીઝ અને ચાઇનીઝ કટલરી; તથા ભેટ સોગાટને લાયકની નવમા ચીજો; પેટન્ટ મેડસીનો; અને પરફમયુરી. માર્કીટ ભાવે અમો વેચ્ચે છીએ.

ભેસાન્યાની કું.

સ્લેટર રોડ, ગ્રાંટરોડ, મુંબઈ.

પીરોજશાહ અને ખરશેદજીની કું૦

તમારે ત્યાંથી નવસારીની કસ્તી, નારાં, ઘી, ખાંડ, મેવો, દરેલો મસાલો, ચાહે, કોફી, સુખડ, સેણાન, અગર, બચ્ચાંના રમકડાં, નવાં વરસનાં ત્યા બથ દે કાર્ડો, ભેટ આપવા લાયક ચીજો; ત્યા દરેક જાતનો વિલાયતી માલ, પેટન્ટ દવાઓ, વિગેરે ફીફાયત ભાવે મલશે.

૬૦—તાપ્યા બીલ્ડીંગ, રેલ્વે હોટલની સામે ચર્ની રોડ જંકશન, મુંબઇ.

"નવરંગ પ્રેસ"માંથી બહાર પડેલી

નવી રસીલી વારતાઓ.

"કાળો નાગ."

'ગુલફામ'ની નવી પારસી સંસારી વારતા.

કુટુંબમાં વંચાવવા જોગ આ રસીલી વાર્તામાં એક ભેદભરેલ વળાંક ભી૦ ગુલફામની લોકપ્રિય કલમે એટલું સુંદર ઢબે ગુંથી લીધું છે કે શરૂ કરતાં પુરી કરવા વીના ચેન પડતું નથી. એક દગાબાજ ટોળીને હાથે નાહક હાડમાર થયેલો એક જુવાન, કાવાદાવાનો ભોગ થઈ અનેક હાડમારી વેઠી છેલ્લાં પોતાને હેરાન કરનારાઓને જેર કરી સુખી થાય છે તેમજ 'અંતે ધર્મોજય'ના કુદરતી કાનુન મુજબ જે હક ઇન્સાફ તેને મળે છે તે જોશદાર ભાષામાં. આ વાર્તામાં ઘણી દીલકશ ઢબે રજુ થયું છે. કીંમત રૂ. ૨॥.

"દિલજંગ દલેર"

ભી૦ બમનજી કાબ્રાજીની ઈરાની સંસારની વારતા.

☞ કુલ કલેવર બાઉન્ડ, ગ્લેઝ કાગજનું ઇન્ડસમ વોલ્યુમ.

ઇરાની સંસારની એક કળાબાજ લુટારાની રસીક કહાણી, જેમાં બદી અને નેકીનાં ચીત્રો, લેખકની હંમેશની રસીલી જબાનમાં દોર્યાં છે, જે બંનેનાં સેવટો અસરકારક રીતે બતાવી આપી દુન્યાદારીનો જમાનાથી ચાલુ રહેલો ખરો રવૈયો પુરવાર કરવામાં લેખકની કલમે કમાલ કીધી છે. કીંમત રૂ. ૨॥.

"બાપના શ્રાપ."

ભી૦ દેશાઇની એક રસીલી વારતા.

વાર્તાના મેદાનમાં જે નવા લેખકો બાહેર પડયા છે તેમાંના એક કૃતેહમંદ લેખકની આ વાર્તામાં ઘણો રસીલો પ્લોટ ઝમકદાર જબાનમાં ગુંથી વાર્તાના શોકીનો માટે રજુ કીધો છે. આ એક દીલપસંદ વાર્તા છે, અને પ્લોટમાં, રસીકતામાં તેમજ બાંધાની ઝમકમાં ઘણી રસીલી છે. કીંમત રૂ. ૨॥.

"કરણીનો ફેજ."

ભી૦ દેશાઇની પારસી સંસારી વારતા.

ઉપલાજ લેખકની આ એક પારસી સંસારની કૃતેહમંદ વાર્તા છે, જેમાં આજના સુધરેલા પારસી સંસારનું એક રસીલું વળું, "કર ને જો" ની કહેતી બોલે-બોલ પુરવાર કરતા ઘણા જોશદાર સંજોગો સાથે રચ્યું છે. કીંમત રૂ, ૧॥.

"એક લોહીના !"

ભી૦ દારાં કાપડીઆની એક રસીલી નોવેલ.

એક ઉધરતા જવાન લેખકની નવા ઉમંગમાં લખાયેલી આ કૃતેહમંદ વાર્તા અનેક રસીલા બનાવોથી ભરપુર છે, અને વાર્તાના શોખીનો માટે વાર્તા રસીલું વાંચન પુરૂં પાડશે. કીંમત રૂ. ૧॥.

મળવાનું ઠેકાણું.

(૧) નવરંગ પ્રેસ, બજાર ગેટ, કોટ, મુંબઇ.

(૨) જેહાંગીર બી. કરાણીના છોકરાઓ, ૨૨૦-૨૨૨, પારસી બજાર, કોટ, મુંબઇ.

પરાક્રમની પરાકાષ્ટા

લગભગ ૪૦ વર્ષો થયાં

આખી દુનિયામાં પુષ્કળ કૂતેહ મેળવનારી...લાખો સર્ટીફીકેટોવાળી—તંદુરસ્તી, તાકાત અને લાંબી જીંદગી આપનારી તદન વનસ્પતિની

આંતકનિગ્રહ ગોળીઓ

નબળાં શરીરને બળવાન બનાવે છે, પાચનશક્તિને સુધારી દસ્તની અટકાયતને દુર કરે છે અને લોહી તથા ધાતુના વિકારોનો નાશ કરી શરીરને તેજસ્વી કરે છે. ખરેખરી જશનામી છે અને તેથી જ લાખો દરદીઓના આશીર્વાદ પામી છે.

કીંમત:—૩૨ ગોળીની ડબ્બી એકનો રૂપિયો એક વધારે વિગત જાણવા માટે પ્રાઇસ લીસ્ટ મંગાવી વાંચો અને વાકેફ થાઓ.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.

મુંબઇ—બ્રાંચ,
કાલબાદેવી રોડ.

આંતકનિગ્રહ ઔષધાલય.
જામનગર—કાઠિયાવાડ.

જસમાઇનનો આયોડાઇઝડ

સારસા પરેલા.

લોહી સુધારી નિરોગી અને જીંદગીની મઝા ભોગવવાને શક્તિવાન બનાવવા માટે આ જસમાઇનનો સારસા પરેલા જરૂર વાપરજો પ્રમેહ, ચાંદી, વિસ્ફોટીક, અને બીજા ગરમીનાં દરદોમાં પેહેલા નંબરની દવા છે. સંધીવા ઉપર તેનો ગુણ અજબ જેવો છે. ખસ, લુખસ, દરાજ, બરજવાં ગડગુમડ, કંઠમાળ, કોઢ, અને એવાં અનેક દરદો ઉપર આ જસમાઇનનો સારસા પરેલા ખાસ કરીને વાપરવા લાયક દવા છે. દમ, બાંસી, અને છાતીનાં દરદોમાં ઘણોજ ફાયદાકારક છે. કીંમત રૂ. ૧॥ વી. પી. થી રૂ. ૧॥=૦ ત્રણ શીશીનાં રૂ. ૫)= અને ૬ શીશીના રૂ. ૯)= વી. પી. સહીત.

દરેક દવાના વેપારી પણ તે વેચે છે.

લખો:—અમૃતબિંદુ ઓફીસ—નડીઆદ.

હવે હરખાઓ સાહેબો!!!

તમારા શરીરમાં સોયો ભોંકાવી 'ઇન્જેકશન' મુકાવી શા માટે નાણાંની બરબાદી કરી રહ્યા છો?

નિરાશ થયેલાઓ માટે એકજ આશાવંત ઇલાજ

શોણિત શોધક.

આ રામબાણ દવાથી—Blood Purifier. (૧) રકતપીત્ત. (૨) ચાઠાં. (૩) ઉપદંશ અને એવા બીજા અનેક ચાંમડીના તથા લોહીવિકારના ભયંકર દરદો ફકત સાત દિવસમાં નાબુદ થાય છે.

આ દવાની અમે જાતે તારીફ નહિ કરતાં નીચેના સરટીફીકેટ તરફજ આપ સાહેબોની નજર ખેંચીએ છીએઃ—

"બેકવીસ વર્ષથી મને લોહીવિકારનું દરદ હતું. હાથપગમાં ચાઠાં હતાં અને રસી નીકળતી હતી. અનેક ડોકટરોની દવા કરી પણ દરદ મટયું નહિ. આખરે "શોણિત શોધક" નો મે ઉપયોગ કરવા માંડયો છે. અને બેજ દિવસમાં બાકી દરદ નાબુદ થઈ ગયું અને અત્યારે હું તદન આરામ ભોગવી રહ્યો છું."

(સહી) એમ. પી. મહેતા.

સાત દિવસ ચાલે એટલી ૧ બાટલીની કીંમત રૂ. ૨૦.

તા૦ ક૦—બહારગામવાળાઓએ અડધી કીંમત બેડવાનમ મોકલી આપવી. ટપાલ ખર્ચ ફ્રી.

મળવાનું ઠેકાણું:—

ટેલીગ્રાફીક અડરેસઃ— "શોધક" મુંબઈ.

ધી 'શોણિત શોધક' ઓફીસ.
૨૯૨, કાલબાદેવી રોડ, મુંબઈ.

મુંબઈમાં આજે ઘેર ઘેર-અને ઓફીસે ઓફીસ-

આ નામ ઘરગતું થઈ પડયું છે.

ધી ડાયમંડ જુબીલી વોશીંગ કું૦.

હમમ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ.

જરીનાં, અને કસબના કપડાં ધોવામાં આજે વરસો થયાં અમારો અનુભવ છે, હિંદુસ્તાનમાં આ એકજ ખાતું છે જે લુગડાં ધોવામાં, સપ્રાઇમાં, અને નવા જેવા બનાવવામાં એકે અવાજે વખણાય છે.

ટ્રાય કરવા ભલામણ છે.

એક સટ અથવા જરીના ઝભલો, સાડી ડુપટો કે પાઘડી ધોવડાવી ખાત્રી કરશો.

આ "નવરંગ મંસિલ બજારગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ ખાતે આવેલા "નવરંગ પ્રીન્ટીંગ પ્રેસ" માં તેના માલેક અને વ્યવસ્થાપક અરદેશર ખરશેદજી દેશાઇએ

નવરંગ

પુસ્તક ૮ મું. જુન ૧૯૨૩. અંક ૧૦ મો.

ડચુક એન્ડ સન્સ.

સોડાવાટર બનાવનારાઓ.

માલેક.

જમશેદજી ભીખાજી પંથકી.

નં. ૩૧–૩૩, બ્રીટીશ હૉટલ લેન,

એપોલો સ્ટ્રીટ,

ફોર્ટ મુંબઈ.

નકકલ માટે સાવચેત રહો !

ડેંગરેનું બાલામૃત

મધુર હોવાથી
છોકરાંઓ ખુશીથી પીએ છે.
અને આ પીવાથી
છોકરાંઓની તાકાદ વધી
તેઓ રૂષ્ટપુષ્ટ થાય છે.
શીશાની કી. ૧૪ આના. ટ. ખ. ૬ આના.

કે. ટી. ડેંગરેની કં૦,
ગીરગામ–મુંબઇ.

નકકલ માટે સાવચેત રહો !

બાનુઓને બરનું.

લશીશ, ઇનસરસન, રીબન્સ, ત્રીમીગ્સ, ભરત કામના ઉંચાં નમુનાઓ,
સાડીની કોરે કોગ્રેસ કેનવાસ, ઇત્યાદી અમારી દુકાને એક ફેરો
મારી જોઈ જશોજી. બધુ એ–વન છે.

આદમજી નુરભાઇની કું.

૩૪૬, ઉનવાલા બિલ્ડીંગ, ગ્રાંટ રોડ, મુંબઇ.

ભરત કામ માટે રેજીસ્ટર્ડ
નં. ૧૦૩૯
રેશમ સર્વોતમ છે.
ગ્રેડ માક જરૂર જોલો.

રેશમોનો રાજા

ગુલેનુર

MILE HIGH SILK

વડોદરા રાજ્યના માજી ચીફ મેડીકલ ઓફીસર ખાનબહાદુર ડૉક્ટર શમસુદીન જે. સુલેમાની આલીશાન શોધ પ્રમાણે

બનાવેલી દેશી દવાઓ.

એક અદ્વિતીય અને મહાન શોધ

કેચાટરાકટાઈન.

એટલે વાંઢ કાપ કર્યા વગર અને આંખમાં દવા નાખ્યા વગર

કાચો મોતિયો મટાડનાર દવા.

કાનની આજુ બાજુ અને ગરદન ઉપર ફરોજ થોડા ટીપાં ચોળવાથી અંદર દીવસમાં થોડો ફાયદો જણાય છે. અને લગભગ ત્રણ માસમાં આંખમાંનો મોતિયો મટી જાય છે. આ દવાથી આંખમાંની ખીલ કપાઇ જાય છે. વધુ હકિકત નીચેના ઠેકાણેથી મળીને અથવા લખીને મેળવો.

બે ઔંસની શીશીની કીં રૂ. ૨)

(રજીસ્ટર્ડ) મુંદમેલ (રજીસ્ટર્ડ)

આ દવા (૧) ઘામાંથી વહેતું લોહી તરત બંધ કરે છે. (૨) ઘાને પાકવા નથી દેતી અને ઝટ રૂઝવે છે. (૩) દાઝેલાને આરામ આપે છે. (૪) દાદર અને ગડગુમડાંને બેસાડી દે છે. (૫) ખુંજલી, ખસ વગેરેને મટાડે છે. (૬) ખીલને જડમાંથી ઉખાડી દે છે. (૭) મોચ અને ઠેકરેનો દરદને દુર કરે છે. (૮) સોજાને ઉતારી પાડે છે. (૯) સંધીવાને નાબુદ કરે છે. (૧૦) દાંત, દાઢ તથા કાનના દરદને ઝડપથી સારાં કરે છે. (૧૧) ચામડીના ચેપી રોગે ચાહાં ચાંદીમાંથી દરદીને મુકત કરે છે. (૧૨) ઘોડાની પીઠ બળદની ખાંધ અને કુતરાના ઘા ચમત્કારીક રીતે સારાં કરે છે.

બે આંઉસની શીશીની કીંમત રૂ. ૩।।=

મોટા કારખાનાઓ તથા હસ્પીતાલો માટે પચીસ ઔંસની બાટલી રૂ. ૭.

સઘળા દવા વેચનારાઓને ત્યાંથી મળશે.

ઠેકાણું:—મુંદમેલ ડેપો.

ન. ૩૧૬, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, કાઉર્ડ માર્કેટ નજીક રંગારી મોહલ્લા,

મુંબઈ નં. ૩.

બહારગામના ઓર્ડરો સંભાળપુર્વક પેક કરી વેલ્યુપેબલથી મોકલવામાં આવે છે.

ડા૦ વામન ગોપાળનું

આયોડાઈઝ્ડ

સાર્સા પરિલા.

સાર્સાપરિલા આજ સાઠ વર્ષથી પ્રખ્યાત અને લાખો દરદીઓએ એનો ઉપયોગ કરી પોતાની નીરાશા દુર કરી છે.

લોહી એ મનુષ્ય જીવન છે. તે બગડયું હોય તો અનેક રોગ ઉત્પન થાય છે માટે તે સુધારવા દરેક માણસને કાળજી લેવી જોઈએ, તેને માટે આ સાર્સાપરિલા વીના બીજી એક પણ દવા લેવાની જરૂર નથી. વળી આ દવા પીવાથી ઉપદંસ એટલે ગરમી અને તેના વડે થતા રોગો—તેમજ લકવા, સંધીવા, ચામડીપર કાળા ડાધા પડવા, આંગતું સુજી આવવુ, શરીરમાં બળતરા થવી, શરીરની ઉપર દેવી સરખા ફોલ્લા થઇ આવવા વીગેરે વીકારો ઉપર આ દવા અકસીર થઇ પડી છે.

શીશી ૧ ના રૂ. ૧॥ ચાર શીશી પીવાથી સારો ગુણ આવે છે પો. જુદું. ચાર શીશી એકદમ મંગાવનારને ખર્ચ સહીત રૂ. ૪-૧૩-૦ પડશે.

અમદાવાદ એજંટ—ગોકળદાસ મોતીચંદ પારેખ
મળશે અમદાવાદ ઘાંચીની પોળ.

સુરત એજંટ—મી૦ મજુદાસ પાનાચંદ સરકાર
૬૦—ખુરાનપુર બાગળ

ડા. ગૌતમરાવ કેશવ એંડ સન ઠાકુરદ્વાર-મુંબઈ.

નવરંગ.

વાંચવાલાયક વાર્તાઓ ને વિષયોથી ભરપુર માસિક.

માલેક અને અધિપતિ—અરદેશર ખરશેદજી દેશાઇ.

ઑફિસ—૨૩૭, બજારગેટ સ્ત્રીટ, કોટ, મુંબઇ.

વાર્ષિક લવાજમ હિન્દુસ્તાનમાં ૩. ૪. છુટક નકલ ૮ આના.
,, ,, પ્રદેશમાં ૩. ૫.

૮ માં સાલના ગ્રાહકોને મી૦ કાબરાજીની 'દલેજંગ દલેર'ની વારતાનું પુસ્તક ભેટ.

પુસ્તક ૮ મું. જુન, ૧૯૨૩. અંક ૧૦ મો.

અનુક્રમણિકા.

મોતનો ડાખ! (ચાલુ વાર્તા.)	અધીપતી.
દુનિયાની તંવારીખમાં ભાટ લોકોએ ભજવેલો અગત્યનો ભાગ.	J. M. Hormusji.
ઓ મન! ભાષા તજરે! (કવિતા)	દાદી એ. તારાપોરવાલા.
જરા ધ્યાનથી વાંચશોજી.	અધીપતી.
પારસી કીર્તિનો વિજયડંકો. (કવિતા)	જે. એમ. હોરમસજી.
સેહેરાનો જવાબ (દુંકી વાર્તા)	NIOBE.
ભારતમાતા અને તેના કવિઓ. (કવિતા)	અરદેશર ફરામજી ખબરદાર.
પ્રત્યક્ષીય કેળવણી.	એક અભ્યાસી.
સુબોધિક ઉદ્‌ગારો. (કવિતા)	આદીલ.
સરંજત!	સમન.

તાકીદે જોઇએ છે.

'નવરંગ' માસિકના માસ સપટેમ્બર, ૧૯૨૨ ના અંકો જેટલા આવશે તેટલા રાખીશું. આના આઠ રોકડા આપીશું. માસ સપટેમ્બરના અંકો મોટી સંખ્યામાં વધારે છપાવેલા હોવા છતાં નવા ગ્રાહકોના મોટા ધસારાને તે પુગી શકેલા ન હોવાથી આ માંગણી કરવામાં આવે છે, માટે જે મેહેરબાન ગ્રાહકો ફાઇલો ન રાખતા હોય તેવાઓએ આ માસિકની ઓફીસમાં તુરત મોકલી આપવા મેહેરબાની કરવી.

દર મહીને કેટલું ખરચશો ?



કેટલું બચાવશો ?

સેંત્રલ બેંક તરફનો ઉપલો નકસો ઘરસંસારમાં તમોને ઉપયોગી થઈ પડશે.

———:o:———

તે પ્રમાણે તમારા ખરચો નીભાવી ખરાબ વખત માટે, દુઃખસુખના દીવસો માટે નાણું સંધરવાની ટેવ પાડો અને તે નાણું

સેંત્રલ બેંક ઓફ ઈન્ડીયા

ના સેવીંગ બેંક ખાતામાં મુકો, કે જ્યાં તમારૂં નાણું સચવાય અને તમોને બીજી સેવીંગ બેંકો કરતાં વધુ વ્યાજ તથા લાભ મળે.

વધુ માટે લખો યા મળો

(સોરાબ ન. ચોંચખાનાવાલા,)
મેનેજીંગ ડીરેક્ટર.

નવરંગ.

પુસ્તક ૮ મું. જુન, ૧૯૨૩. અંક ૧૦ મો.

મોતનો ડાઘ!

પ્રકરણ ૧૧.

—:o:—

કોલીન રેડકલીફ લૉર્ડ સોમરટનની રાહ જોતો ફોયર રૂમમાં લગભગ એક કલાક ઉપર બેઠો; પણ તે બધો વખત કેમ ને કયા વહયો ગયો તે તેણે પોતાના ઘડિયાળમાં જોયું નહી ત્યાં તુલીક જાણ્યું નહીં, કેમકે તે મધુરી એલઝીના ખુશ ખ્યાલમાં તમામ તલ્લીન હતો.

લૉર્ડ સોમરટન આવ્યો. તેણે ઘુરકીને ગુસ્સાભેર કોલીન તરફ એક તીરછી નજર નાખી અને પછી ચુપ ઉભો.

"હું આવ્યો છું, મારા લોર્ડ," તેને જોતાં પોતાને ઉપજેલા તિરસ્કારને દબાવી દઇ કોલીને કહ્યું, "તમને સંતોષવા, ખરૂં કહું તો તમને ઉપજેલા પેલા કહેવાતા ગુસ્સાને સંતોષવા."

"મારા વ્હાલા જવાન," લોર્ડ સોમરટન ગંભીરાઇથી બોલ્યો, "જો આપણે ફ્રાંસ કે સ્પેનમાં અત્યારે હતે તો અમ્ચીતજ રીવોલ્વર યા તલવારબાઝીના બે દાવ અજમાવી જોતે; પણ હું દીલગીર છું કે આપણે ઇંગ્લાંડમાં છીએ અને કાયદો આપણને તેવું કંઇ કરવાની છુટ આપતો નથી. વળી તારી પ્રીતિમાં તેમ કરી સહજ પણ જાતનો ઉમેરો થવા દેવાનો મારો ઇરાદો નથી. તારા જેવો એક કમીનો મારા જેવા એક આલા દરજ્જાના ઉમરાવ સાથ દ્વંદ્વ યુદ્ધમાં ઉતરે એ અલબતાં તારા માનમાં ભલે કે બુડ્ડે નામે વધારોજ કરે. વળી હું કોઇ પણ પ્રકારની હાની તુને કરવા બન્તેજાર નથી. હું તને જતો કરવા રાજી છું, આ બાબત ઉપર છેવટનો પડદો ઉતારવા બન્તેજાર છું, જો તું મારી વગર શરતની માફી માંગે તો. મેં આ બાબત ઉપર ગંભીરાઇથી ગૌર કર્યો છે અને મને કોઇ પણ જાતની સારી માઠી જાહેરાત જોઇતી નથી."

કોલીન રેડકલીફનું તે અપમાનકારક ભાષણ સાંભળી લોહીજ ઉકળ્યું. તે તેને મારવા તેના અંગ ઉપર ધસી જતો બડી મુશ્કેલીથીજ પોતાને રોકી શકયો.

"લોર્ડ સોમરટન," તે ઘણા ગુસ્સા ને તિરસ્કારથી બબાલ્યો, "હું જો તમને એક કમીના દીચકારા બદલ મર્દ ધારતો હતે તો આએજ ઘડીએ તમારાં હાડકાં પાસરાંની સારી પેઠે અસર લેતે. આપણા વચ્ચેના કડવાસનો અંત ન લાવવા દેવાના કારણભૂત તમેજ છેવ. હું ફકત એટલુંજ કહું છું કે તમો એક અનહદ ધીકારી કાઢવા જોગ ધુટારા, દીચકારા ને કાબર ધુટા કંગાળ મનુષ્ય છો. તમને મીસ રટર્ન ઉપર કશો હક નથી. આ ઘરમાં રહેવાનો તમને કોઇ અધીકાર નથી. તમે અત્રે એક બીન બોલાવેલા ને અપ્રિય મહેમાન છેવ; અને જ્યાં સુધી તમે બ્લેર ઉડ પાર્ક છોડી જશો નહીં ત્યાં સુધી સર જોનની બેટીની રક્ષા કરવા હું અત્રેજ રહેનાર છું."

તે જબરદસ્ત શબ્દ પ્રહારનું શ્રવન કરતાં લોર્ડ સોમરટનના ચહેરા ઉપરનું કૃત્રીમ હાસ્ય ઉડી ગયું. તે ઘણો ક્રોધાયમાન થયો. પણ પોતાનો ગુસ્સો દાબી દઇ બોલ્યો.

"હું તમારી સાથ પંચાત કરવા ચાહતો નથી, પણ તમને એક લવેળાની ચેતવણી આપવા માગું છું કે મને દુશમન બનાવવામાં તમારી મોટી ભુલ છે. અત્રે રહેવાના બાહરા સંબંધ કે મીસ રટર્ન ઉપરના બાહરા હક બાબેની કશી પણ તકરારમાં તમો જેવા એક બીગાના સાથ ઉતરવનું હું નામુનાસેબ માનું છું. હું અત્રેથી જતોજ રહીશ. તમો બાહરી સાથ તનપાય કરવા તત્પર હશો પણ હું તેમાં તમને ફાવવા દેનાર નથી. પણ એટલું ખુબ આતરીથી ગોબી રાખજો કે અત્રે હું પાછો આવશજ ને તે બી પુરવાર ને એતકરાર હકો સાથે."

તે તિરસ્કાર ને મરકેરીનું કોલીનને નમ્યો અને ઝટ તે ઓરડો છોડી ગયો.

સાંઝના ચારને સુમારે કોલીન રેડફલીફ ઘરમાંથી બાહર પડયો ને પાર્કમાં ઉતર્યો.

એલઝી સાથ એ સમયે મળવાનું તેમણે નકકી કર્યું હતું તે વાંચનારાં સાહેબોને, આગળ વાંચી લીધેલું, બેશક, યાદ હશેજ.

તે બાહર આવ્યો. બાહર લોર્ડ સોમરટનની મોટરકાર તૈયાર ઉભી હતી. તેનો શોફર તેના માલીકની રાહ જોતો ઇન્તેજારીથી ઉભો હતો. કોલીન એક બાજુના ઓઠામાં ઉભો. એક બે પળ પછી લોર્ડ સોમરટન અને લેડી હેલીના બંગલામાંથી બાહર નિકળ્યાં. લેડી હેલોના લોર્ડ સોમરટન એમ એકાએક જતો હોવાની દીલગીરીના એવે સમયેના અનુકુલ થોડાક ઘટટા શબ્દો તેને કહી સંભલાવતી હતી. તે પોતાની મોટરમાં સવાર થયો અને તે કાર, તેને લઇને ત્યાંથી ઝપાટાબંધ નીકળી ગઇ.

"એને પ્રોમીસ પાળ્યું ખરૂં; એ ધીકકારાયલો ખુરો અંતે પટયો ખરો," કોલીન મન સાથ બડબડયો અને પછી એલઝી સાથ નકકી કરેલે સ્થળે જવા નિકળ્યો.

તે મધુરી એક નહાના બેન્ચ ઉપર કંઇ ખુશ ખ્યાલોમા ચકચુર વિચારવંત બેઠી હતી. તેણીની ટોપી તેણીના પગ આગળ પડી હતી, અને ભરાવદાર સોનેરી વાળોના સુંદર ઝુલફાંઓ હવામાં મન ચાહે તેમ ઉડી તેણીના ગોરા કપાલ સાથ રમી રહયાં હતાં. તેણીને હાથોમાં સુંદર ગુલાબોનો એક મોહક બંચ હતો. એ મનોહર અદામા એક સુંદર પીકચર જોવીજ તે મનોહારીણી દીસતી હતી.

કૉલીન તે સુંદર દેખાવ જોઈ મોહમુગ્ધ બની રહ્યો. તેણીના પ્યારમાં તે જોઈ તે જરતીજ દિવાનો બન્યો.

"એલઝી, તું કેટલી સુંદર દીસે છે! આજેજ અહામાં હું તાહરૂં ચિત્ર દોરવા ફેમું પ્રચ્છું છું, ડાલીંગ."

તે તેણીની બાજુમાં ગોઠવાયો.

"બ્હાલી, તું મને સ્ટેશન સુધી મુકવા ચાલે છે?" તેણે પુછ્યું.

"તું હમણાં તો નથી જતોની?" તેણીએ ધ્રુજતે અવાજે પુછ્યું, "હજી તો હું તને દેવલમાં લઈ જવાની છું ને ત્યાંના મોટાં ઓરગન ઉપર તુને ગાઈ સંભળાવવાની છું. મને મ્યુઝીકનો બહુંજ શોખ છે અને જ્યારે ગમે ત્યારે દેવલમાં જઈ ત્યાંનું ઓરગન 'પ્લે' કરવાની મને પાદરી મી૦ વેલન્સની છુટ છે."

"તું બ્હાલીને ગાતી સમજીને તો હું સીધ્ધો બ્હેશતમાંજ પુગી જવશ, એલઝી ડીયર," તે બોલ્યો, "પણ, તેથી, લોકમાં ચકચાર થશે. તેઓ જાણવા માંગશે કે હું કોણ છું."

"તેની મને મુલ્લ દરકાર નથી. હું મારા ખુબસુરત આશક માટે મગરૂર છું."

એલઝીએ જોયું કે તે તેની તે ખાતરી છતાં તે જરા અચકાયો, પણ તે બનાવ તે ઝટ તે વેળા તો ભૂલીજ ગઈ.

"ડીયરી, હું તાહરે માટે એક ખુશ ખબર લાવ્યો છું—" તે તે મધુરી સાથ ઉડીને ચાલતાં ચાલતાં બોલ્યો, "લોર્ડ સૉમરટન સાથનો મારો વાંધો પડી ગયો છે. તે બ્લેરઉડ છોડી ગયો છે."

"બ્લેરઉડ છોડી ગયો? ઓ, હું એ સમજી ઘણી ખુશી છું," એલઝી મનમાં મનથી રાજી થઈ બોલી, "અને હું ધરાવું છું કે એ પોતાની બેબલગામણી શીકલ અત્રે ફરીથી નજર દેખાડે."

થોડીક પળો તેઓ ચુપકીદીમાં ચાલ્યાં. એલઝી પોતાના સાથીની લગોલગ ચાલવામાં કંઈ અજબ ઉતસાહ ને મસ્તી માનતી હતી, અને તે ચિત્રકાર સૂર્યના અસ્ત પામતા પ્રકાશથી ત્યાંના ઝાડોના પડતા રમણીય પડછાયાઓ એકાગ્રચિત્તે જોતો ચાલતો જણાતો હતો.

"એલઝી," તેણેજ અંતે તે ખામોશી તોડી, "આપણે બંને આપણી ભૂતકાળની તમામ જીંદગી ને તેને લાગતાવલગતા દરેક બનાવો સાવ ભૂલી જઈ શકયે તો કેવું સુંદર? કદાચ આપણે ભવિષ્યના સોનેરી સુખના સ્વર્ગીય સ્વપ્નાઓ જોતાંજ જીવતાં થઈએ. આ સુંદર બાગને આપણું ઘર, આ સ્વચ્છ આકાશને છત્ર, અને પવનના આ મધુર સુસવાટાને આપણું મ્યુઝીક માની એકમેકના પ્રૌઢ પ્યારમાં હંમેશની સુધીના દિવાના બની જઈએ. ભૂતકાળ અને તેની સાથ જોડાયલા અનેક સારા માઠા સંબંધો શું ભૂલાઈ જવાશે?"

"કૉલીન, એ તું કેવી અજબ જેવી વાતો કરી રહ્યો છે? મારી પાછલી જીંદગીના કેટલાક એવા સમયો છે કે જે હું જીંદગી ભરભૂલવા ચાહતીજ નથી," એલઝી તેની વાતની વિચિત્રતાથી આશ્ચર્ય પામી બોલી, "શું તમારાં આગલાં વર્ષો ઘણાં દુઃખના વિટપાં છે?"

"હા," તેણે ટુંકમાં જવાબ કર્યો, "ઘણુંજ દુઃખના ને પુષ્કળ કડવાં!"

"મારા ગરીબ ડાર્લિંગ! પણ હવે હું તારી સાથ છું; આપણે એકમેકના સુખમાં હવે કદી દુઃખી થઇશું નહીં. ઓહ કેલીન, હું તો સામી ચેમ બીહું છું કે આ મોટાં સુખને લાયક હું ન હોવાથી અને તારા જેવા એક જીનીઅસની ભારજા થવા વાસ્તે યોગ્ય ન હોવાથી, હવે હું-હવે હું——"

"ચુપ, ચપી જા, મને એમ બોલી જાસ્તી ના જળાવ." તેણે તેણીને અધીરાઇથી બોલતી બંધ કરી દીધી.

"લે, ચાલ, કેલીન, આ રસ્તેથી જઇએ-એ બહુજ સુંદર છે ને વગી અહીંથી જતાં ઝેમાના ઝુંપડાં આગળથી બી જવાશે. એ ઝેમાને મળવા હું ઇચ્છું છું."

"ઝેમા? તે કોણ?" કેલીને અત્યંતથી પુછ્યું.

"મેં તેણી વીશે શું તને કંઇજ કહ્યું નથી? ઝેમા મારી બુઢ્ઢી નર્સ છે. તે હિન્દવાણી છે, અને કોઇ સાથ બેળાવા કે વસવા ના પાડે છે. તે આ ગમ એક એકાંત કંગાળ જેવાં ઝુંપડાંમાં રહે છે. તું તે દિવસે મને મળ્યો ત્યારે એ ઝુંપડાંની નજદીકનીજ તે જગ્યા હતી. તું ઝુપડું ને બુઢ્ઢ તેણીને જોઇને સુગઇ ને કમકમી ઉઠશે. આવ, હવે તે કંઇ ઘણું દુર નથી."

પ્રકરણ ૧૨.

"હું આએ રસ્તો કદિ ચુલીશ નહીં." કેલીન રેડકલીફે કહ્યું, "અહીં હું લોર્ડ સોમરટનને પ્રથમ મળવા પામ્યો હતો. નશીબજ મને આ જગ્યાએ દોરવી લાવ્યું હતું, કેમકે સીધો માર્ગ હું ભુલ્યો હતો, મારા બુઢ્ઢા! શું આ અંધારા ગારમાં તારી નર્સ રહે છે."

એલઝીએ ઝેમાનાં ઝુંપડાંનું બારણું ઠોકયું. અંદરથી કોઇ ઝડપથી પૈસા સંતાડતું હોય તેવા બણબણાટનો સાદ આવ્યો.

"ઝેમા, એ તો હું છેઉં, એલઝી. શું મારે માટે તું બારણું નહીં બોલશે?" એલઝીએ કહ્યું.

"એક મીનીટ, ડીયરી, એક મીનીટમાં બોલું છું." ઝેમાએ અંદરથી બોખરા સાદે જવાબ કર્યો, પણ તેણીને એક બહલ પાંચ મીનીટ બારણું બોલતાં થઇ.

તે અંધારા ઝુંપડાંમાં રોશણીનો ઉજાસ એકાએક દાખલ થવાથી ઝેમાની આંખો મીચાઇ ગઇ; અને એલઝી સાથ કોઇ પરાયા મર્દને જોઇ તે નાખુશ થયલી દીસી.

"આ કોણ છે?" તેણીએ શકમંદ રવેશે જાણવા ઇચ્છીયું, "આહ, મારાં ગરીબ મેઢાં, મુશીબત તારા માર્ગમાં પથરાઇ ચુકી છે. આ માણસને એકદમ હાંકી કાઢ, મોકલી દે. તારે આંગણે તારા સર્વથી મોટા શત્રુને તેં કાંય તેડયો?"

"ચુપ થઇ જા, ઝેબા," ઓલઝીએ ગુસ્સાથી રાતી બનતાં કરડાઇથી હુકમ કર્યો. ઝેબાનું તે બોલવું સાંભળી કોલીન રેડકલીફ મોત જેવો ફીકકો પડી ગયો હતો. "તું એમ જે ગમે તે ચીજની અગાઉ કરી શકે છે તો કાં નહીં તાહરાં ઝુંપડાં આગળ ભમ્યા કરતા ધસમની ઓળખ આપી શકતી. મને તો મોટે બહુજ ચીંતા છે. તાહરી પર કંઇ મુશીબત, કોઇપણ પળે આવી પડવાનો ડર છે."

તે હિન્દવાણી લુચ્ચાઇનું હસી.

"મને મિત્રો સિવાય કોઇજ મળવા આવતું નથી," તે બોલી, "તેઓ—શત્રુઓ આવેજ શા માટે? તેઓ ઝેબાને શું કરી શકે એમ છે? આપ, મહરથનું ભવિષ્ય હું એક રૂપાના સીકકા બદલ જોવા ખુશી છું."

ઓલઝી કંઇ બોલવા જતી હતી તેટલાં કોલીન વચ્ચે પડયો. તેણે રૂપાં બદલ સોના મોહોર કાઢી તે ધરડી હિન્દવાણી સમક્ષ ધરી.

"કદાચ એથી એ ડોસી માદરી બોર્ડમાં મનાઇ જશે?" તે ઓલઝીના કાનમાં પટપટયો.

"સોનું, સોનું," ઝેબાએ તે સોના મોહોર પોતાના હાથમાં લઇ ખુશહાલીથી કહયું, "સોનું સુંદર ને ચળકતું છે, અને સોનાથી ગમે તેવા પલીદ ભેદો છાના રહી શકે છે સિવાય કે સચ્ચાઇ આયંદા તેને બહાર લાવે."

તેણીએ કોલીનનો હાથ પોતાના હાથમાં લીધો, અને તે બારીકાઇથી માર્ક કરવા પડી.

"ઝેબા, તું ને આટલાં અંધારામાં જણાય છે કે?" ઓલઝીએ અજાયબ સ્વરે સવાલ કર્યો, "દાહાડે દાહાડે અહીં બહુજ અંધારૂં થાય છે.

"હું તમારૂં નામ કહી શકતી નથી," ઝેબા બોલી, "તેમજ તમે કયાંથી આવ્યા છો તે પણ હું જણી શકતી નથી, પણ તમે મારી પ્યારી શેઠાણીના હડહડતા શત્રુ છો. તેણીના બાપના પણ કટટા શત્રુ છેવ. તેથી હું તમને શ્રાપ આપું છું—કડવા શ્રાપ," તેણી છેલ્લા શબ્દો ચીસ પાડી બોલી ઉઠી. ઓલઝીએ તેણીને ગાંગરી કાઢી.

"ઝેબા," તેણી બબડાટી, "આ ઉપરથી હું જોઇ શકું છું કે ભવિષ્ય વાણીઓને બાહાણે તું જુઠાણું ફેલાવે છે. મારી ગરીબ ધરડી ઝેબા! તું તારા અસલના જ બંગલા મારેલા રૂમમાં આવી રહે. આ બધા ભવિષ બાખવાના ધખારાઓને તીલાંજલી આપ!"

"નહી, નહીં," તે ધરડી હિન્દવાણી પ્રત્યુતરમાં બોલી.

"ઝેબા, હું તને હેમતાવવા માંગતી નથી, પણ તારી સલામતીની મને ફીકર થયા કરે છે; અને હું તને આ કદરબીહામણી જગ્યા છોડી દેવા સમજાવવા માટે ખાસ આવી છું."

"નહીં," ઝેબા જવાબમાં બોલી, "હું તેને કદી છોડનાર નથી. સર જોને મને અત્રે રાખી હતી. અહીં મારા ભેદભરમો દટાયલા છે." તેણી છેલ્લા શબ્દો બોલી ચોગમ જોવા પડી.

"હા, હા," પછી તે એક દિવાન્યત જેવું હસવું હસી બોલી, "પૈસાથી તે ખરીદી શકાય એમ નથી. મારા ને તારા ભેદભરમો, ન્યેરઉડના ભેદભરમો. મેં તેને મૂર્ખ બનાવ્યો છે. આબાદ મૂર્ખ."

"મુર્ખ કોને બનાવ્યો?" કાલીને જીજ્ઞાસાથી ઉશકેરાઈને પૂછ્યું.

"પેલા ઘણું સોનું ધરાવતા ધણીને. તેની પાસે આવા સેંકડો સીકકાઓ છે. હા-હા-હા!"

"એ બાપડીની સુદ્ધી ગુમ થતી જતી દીસે છે," કાલીને એલઝીના કાનપર પડી કહ્યું.

"આ એકાંતમાં ને આવા અંધકારમાં એને સબડવા દેવી એ બી એક ગુન્હાજ છે. જો સત્તાવાળાઓના કે એનામાં કોઇ પણ પ્રકારનો લાભ ધરાવનારના કાન ઉપર આ વાત આવવા પામશે તો તમારી ઉપર ઘાટકીપણું ગુજારવાનો ને અમાનુષ્ય વર્તન ચલાવવાનો આરોપ મુકવામાં આવશે."

"શું ખરેખર એમ બની શકે?" તેણી ધારતીખાઇ બોલી, "ઓ, તો તો અમુને કંઇ નરશ લાગશે. ઓ, ત્યારે હું શું કરું?"

"આ આજુબાજુના બોડાંક ઝાડો, જો એ હયાંજ રહેવાની જીદ કરતી હોય તો, કપાવી નાંખો, અને આ ગટર જેવી ગંધાતી જગ્યાઓને સમરાવીને સુધરાવો. મને લાગે છે કે એ ડોસીએ બોડાક પૈસા અહિં એકઠા કરી સાંત્યા છે-તેયા—"

"તું જુઠો છે." તે ધરડી કાલીનનું બોલવું સમજી તુરત બોલી ઉઠી, "મારી પાસે કંઇજ પૈસા નથી. કંઇજ નથી, કંઇજ નથી. તું મારી વ્હાલી શેઠાણીનો મુદ્દઇ છે. તારી ઉપર શાપ વરસજો."

"ચાલો, આપણે જઇએ," કાલીને લગાર કચવાઇને ધ્રુજતે અવાજે કહ્યું.

"એક મીનીટ થોભો!" એલઝી બોલી, "મારા પપા બરી સ્થિતિ જાણતા લાગતા નથી. હું, તેથી, તમારી સલ્લાહ સ્વિકારું છું. હું હાલમાં બ્લેરગ્રેડની શેઠાણી છું," અને તેણી ઝેબા તરફ ફરી મક્કમ અને ઠરાવતા ખખડાવનારા અવાજે બોલી, "ઝેબા, હવે હું આ એક દિવસ પણ વધુ ચાલવા દેવશ નહીં. તું ને આ ઝુંપડાંમાંથી હું હાંકી કાઢશ નહીં; પણ તે આટલું ગલીચ ને અંધારૂં હું રહેવા દેનાર નથી. આજુબાજુના બોડાંક ઝાડો હું કાલે કપાવી નાખશ અને અંદરથી તેમજ બહારથી ઝુંપડાંને સાફ કરાવશ."

તે સાંભલી તે જૈફ હિન્દવાણી આયા પોતાની નાની શેઠાણીને વળગી પડી.

"મારાં ઝુંપડાંને જરા બી અલવલ આવવા ના દેતી. તે જેમ છે તેમજ હું રાખવા માગું છું." તે ડોસી કરગરીને બોલી.

"તારાંજ ભલાં માટે, ઝેબા, એમ હું કરાવનાર છું," એલઝીએ નર્મ પણ મક્કમ સાદે કહ્યું.

તેઓ તે ઝુંપડાંમાથી તે પછી તુરત બહાર પડ્યાં. જતાં જતાં તેઓએ પ્રકટ સમજ્યું કે તે ધરડી આયા કાલીનને શેપ ભરતી હતી.

"મેં વાજબીજ કીધું છેની, કાલીન?" એલઝીએ બહાર પડી પૂછ્યું, "ઝેબાને કંઇ કશું દુઃખ થવા પામે તે જોવા હું આટલી ખુશી નથી. પણ એ એના લાભનુંજ થશે."

"બરચીતજ," કાલીને તેણીના બોલવાને ટેકો આપ્યો અને તે પછી તેઓ ચુપચુપ ચાલ્યાં. પાર્ક વટાવી તેઓ રસ્તે પડ્યાં, અને તરેહવાર ગપાસપાં ચલાવતાં તે ગામના નાના

દેવળ સમીપ આવી પોહોંચ્યાં. મી૦ વેલન્સને ઘરેથી કુંચી લઇ તેઓ દેવલમાં ગયાં. એલઝીએ ત્યાંનાં સુંદર ઓરગનને ખોલી વગાડયું, અને સાથે પોતાના સુસ્વરથી ગાયું. કોલીન રેડકલીફ એલઝીના કેળવાયલા અને સુરીલા કંઠથી ગવાયલાં તે ગીતથી ગોવા ખુશીથી છાકટ બની ગયો. તેણે આવું અનુપમ મ્યુઝીક અદ્યાપી પર્યંત સમજ્યું ન હતું. એલઝી અરેજ નાદર વગાડનારી અને નામીચું ગાનારી અબળા હતી.

"બ્યુટીફુલ, મેં આવું ગ્રાન્ડ મ્યુઝીક કદી સાંભલ્યું નથી, બ્હાલી," તે ગીત પુરું થતાં કોલીન ખરાં દિલની વખાણથી પુકારી ઉઠયો. "જો તું ના હાડી હોય તો કાંઇ બીજું નામીચું ગાઇ સંભલાવશે ?"

"બચ્ચીતજ," તે મધુરી મહીલા જવાબમાં ઉતાવલેર બોલી, "હું જોઇને ખુશી છું કે તમને મોંહરૂં નરમગરમ ગાતું બન્દનું ગમ્યું. મને મ્યુઝીકનો અનહદ શોખ છે. અને ખુશ-હાલીમાં કે દિલગીરીમાં કોઇ પણ વખતે હું તેમાંજ શાંતી ને સંતોષ બંને મેળવી શકું છું."

કોલીને તેણીના સુંદર માથા ઉપરના સોનેરી વાળો ઉપર હેતથી હાથ મુકી તે પસવાર્યું; અને તેણીની મોહબંતથી પ્રકાશતી મોહક ચશમોમાં ઉંડાણથી જોયું.

"મને એક મેસેડી ઘણીજ પસંદ છે," તે બોલ્યો, "જો તે તું વગાડે અને ગાય તો તાહરી સાથ હું બી ગાવા લાગું."

"મેં તો તને ગાતાં સમજ્યો નથી," એલઝી ખુશી થઇ બોલી.

"અને માહરા ગાવા ઉપર તાહરે ટીકકા નહીં કરવા હં !" તે હસ્યો.

તેણે, તે મ્યુઝીક બુકમાંથી એક ચોકકસ પીસ પસંદ કર્યો. તે વેળા તેઓ એકમેકની એટલાં અડોઅડ થયું કરી ઉભાં હતાં અને પોતપોતામાંજ એટલાં મશગુલ હતાં કે બાદરી મી૦ વેલન્સ ત્યાં દરવાજા ઉપર આવ્યો, અને તેમને તે હાલતમાં જોઇ ઘણો આશ્ચર્ય પામ્યો ને લગાર ગુંચવાયલો તેમજ ગભરાયલો હોવો તે ઉપર પણ તેઓની નિગાહ પુગી નહીં.

"આ માહરો ફેવરીત પીસ છે," કોલીને તે બુકમાંથી પોતાનો માનીતો પીસ કાઢી કહ્યું.

એલઝીએ તે પીસ વગાડયો, અને તે બંનેએ સાથે મળી ને ગાયો. મી૦ વેલન્સ તે દેખાવ જોતો ને તે સુંદર પીસના મીઠા સરોદો તે બંનેના ગલાંમાંથી નીકળતાં એક ચીતે સમજતો દરવાજા ઉપર પત્થર થઇ ઉભો.

તે પીસ પુરો થયો અને મી૦ વેલન્સે જોયું કે તે બન્ને જોકબીજાની ઘણાંજ નજદીક પડી ગુસગુસ કરી રહયાં હતાં, પ્યારના મીઠા શબ્દોની આપલે પણ તેઓ વચ્ચે થતી તેણે અજાયબી ને ગભરાટ સાથ સાંભળી અને ત્યારેજ તેની આંખો ખુલી કે આ તો પુરાણા પ્યારાંઓ હતાં. તે સમજી શકયો નહીં કે એ કેમ બન્યું હતું. તે એલઝીને બચપણથી પીછાણતો હતો, સચ્ચાઇ ને નીર્દોષતાની પ્રતીમાંજ તેને માનતો હતો, તેણીની ભલાઇ કાજે, તેણીની સચ્ચાઇ માટે, તેણીની નીશકલંક વર્તણુંક વાસ્તે તેને મોટું માન ને વીશ્વાસ હતો અને હવે !

તે ફીકરથી ધ્રુજી ઉઠયો. આ કોલીન રેડકલીફ તેણીનાજ કબુલવા મુજબ એક કોઇ તમામ તરાહેત ઇસમ હતો. સર જોન અત્રે નહતો અને એલઝીનો પાસબાન હાલ તે હતો. તે

ચુપચુપ ત્યાંથી પાછો ગયો. ક્રમેક્રમે તેઓ પાછાં ફરવાની તૈયારી કરતાં હતાં. તે દેવલમાંથી બહાર નીકળ્યો અને એક કબરને અઢેલી વીમાસનમાં ઉભો. તે સમજી શકયો નહીં કે કાંય, પણ તેને લાગ્યાજ કર્યું કે ગરીબ એલઝીને માંથે કોઇ પણ પ્રકારની બલા ઘુમી રહી હતી.

તેઓ–એલઝી અને કોલીન-હસ્તાં ને ખુશ વાતો કરતાં તે દેવળ છોડી બહાર આવ્યાં ને તેને બહાર ઉભેલો જોઇ તેની બાજુ આવ્યાં. મી૦ વેલન્સ ગુંચવાયલો હતો. તેણે એલઝીને એટલું સારૂં વગાડવા માટે મુબારકબાદી આપવાની કોશીશ કરી, તેઓ સાથેજ થોડુંક ચાલ્યા, પછી તે પાછી વાત તો કંઇ કરવીજ જોઇએ એટલે તે બોલ્યો.

"આજે રાતે તમો જવોછ કે, મી૦ રેડકલીફ ?"

"હું જવા તો માંગતો હતો. પણ હું બીહું છું કે લંડન જતી છેવટની ત્રેન હવે મને મળવી મુશકેલ છે." કોલીને જવાબ કર્યો. ને પાદરીનો ગુંચવાડો તેણે માર્ક કર્યો હતો.

"મીસ રટર્ન," મી૦ વેલન્સે તે પછી એલઝીને સંબોધી કહયું, "કાલે બપોરે મને એક અર્ધો કલાક મળી શકશો ? મારે તમારી સાથ કામની કંઇ વાતો કરવી છે."

"ઓ, ખુશી સાથ," એલઝી બોલી, "બાંચેક વાગતે આવજો. હું, લેડી હેલીના ને તમે સાથેજ ચાહ લઇશું. અમે ઘણાં ખુશી થઇશું."

"હું આવશ, પણ વાત તો મારે તમારી એકલાની સાથજ કરવી છે." તે પાદરીએ ગંભીરાઇથી કહયું.

કોલીન ચેતી ગયો કે તે પાદરી તે વાત તેને વીશેજ કરવા માંગતો હતો.

મી૦ વેલન્સનું ઘર આવ્યું અને તે તેઓની રજા લઇ છુટો પડયો.

તેઓને ચાલી જતાં જોતો તે ધર્મગુરૂ પોતાના બંગલાના પોર્ટીકોમાં થોભ્યો.

"ઘણું મજાનું જોડું છે." તે બડબડયો, "પણ મારે એ ચિત્રકાર માટે જરતી જાણવું જોઇએ. સર જોન એ બાબત કંઇ જાણે છે કે તે વીશે પણ મારે ખબર કઢાવવી જોઇએ. એ બેઉ વચ્ચે કયારે દોસ્તી પડી ને કટલે વખતે તે આય પ્યારમાં ફેરવાઈ ગઇ તે વીશે એલઝીના પપા કંઇ જાણે છે કે નહીં તેને માટે મારે બાલ કાઢવી જોઇએ. સર જોને જાણ્યા છતાં એ બાબત મને કહેવાના અખાડા તો કર્યા હોય નહીં? નહીં, તેમ બનેજ નહીં, મને તો લાગે છે કે મીસ રટર્ને આ વાત તેમનાથી છુપાવી છે. એ એટલો નજીવો ગુનાહ કરે તે પણ હું માનતો તો નથી, પણ મારી નજરે જોયલું તો મારે કબુલવુંજ જોઇએ. હું કાલે એ વીશે બધું જાણવાનો યત્ન કરશ. તે પછી શું કરવું તે નકકી કરશ. મને હવે લાગવા માંડે છે કે મને મળેલો ચાર્જ લગાર જોખમભર્યો છે; ખુદા મને તેમાં સુધ્ધો રહેવાની મદદ કરો."

પ્રકરણ ૧૩

એલ્સ્ટી રટન એક કોઇ તરાહેત જવાન સાથ ત્રણ ત્રણ કલાક સુધી બાહર ભટકી, તેની સાથ દેવલ સુધી ગઇ અને છેક ઝઝાળું થવા પછી ઘરે આવી એ જોઇ ને જાણી લેડી હેલીના મનમાં જેટલી અજબ થઇ તેટલીજ ખીજવાઇ.

"સર જોન મને ઓવારી વારીને આવી એક નાદાનના હાથમાં ધરખટલાનો રવર્ત્ત કાંયુ સોંપી ગયા તે ઘણું ખોટું થયું છે." તે મન સાથ બડબડી, એવણ પાછા ફર્યા પછી એ પોતાની ભુલ ને મૂર્ખાઇ જોશે. હમણા તો હું કશું કરી શકું એમ નથી. તો બી પાદરી મી૦ વેલન્સની સલાહ તો બાહરે લેવી જોઇઝે."

તેજ વખતે ખુદરતના અજબ જોવા સંજોગે પાદરી મી૦ વેલન્સ પણ લેડી હેલીનાને કોઇ બાબત ઉપર મળવા ને વાત કરવાનો મનશે મનસુબો કરી રહ્યો હતો.

મી૦ રેડક્લીફ ત્યાર પછી ઠંડાઇથી જાહેર કર્યું કે તે તે રાતે લંડન જઇ શકે એમ ન હતું. છેલ્લી ટ્રેન પકડવા જેટલો વખત હવે કાઝલ ન હતો. અને ડીનર પછી તે લાયબ્રેરી રૂમમાં એકલોજ કંઇ લખવામાં ગુંથાયો.

"એ બધા સર્યામ ઢોંગ છે." લેડી હેલીના તેનો તે નિશ્ચય જાણી ફફડી, "ટ્રેન તો સહેલાઇથી મળી હોતે. એ કોંઇ એને માટે સારૂ સુચવતું નથી. પણ હું જાણું છું કે એ ચિત્રકારો, કવિઓ અને લેખકો બધા એવાજ હોય છે. તેઓ સોસાયટીના કાનુનોનો ખુલ્લો અનાદર ને ભંગ કરે છે; તેઓના મનમાં કંઇ એવી ખોટી રાઇ હોય છે કે તેઓ 'જીનીયસો' હોવાથી તેઓને તેમ કરવાનો ગોયા ખુદાને ધરનો સીધ્ધો પરવાનો મળેલો છે."

એલ્સ્ટીએ લેડી હેલીનાનો તે ફફડાત સમજ્યો, પણ સાવ આંખ આડા કાનં કરી ગઇ. તે એક નવી નીકલેલી નોવેલ વાંચતી બેસીજ રહી. કોલીન પોતાનું લખવાનું પુરૂં કરી તેઓ આગળ આવ્યો અને સારો વખત એલ્સ્ટી સાથ ગુસગુસ કર્યો કરી. લેડી હેલીનાનું તો તે જોઇ જોઇને ખુબ કોહી ગયું. સર જોન જેવા આલા દરજ્જાના માણસની એક પુરી બેટી સાથે તે ચિત્રકાર કે જેની પુરી ઓળખ પણ હજી ત્યાં કોઇ જાણતું નહતું, 'ફ્લર્ટ' કરવાની પાક બેહયાઇ વાપરતો હતો, અને તે બી વળી લેડી હેલીનાની નજરો નજર.

તે તે વધુ વાર જોઇ કે સાંખી શકી નહી. તે પોતાના રૂમમાં દોડી અને તુરતજ નીચલુ પત્ર લોર્ડ સોમરટન ઉપર તેણીએ તાબરતોબ લખી નાંખ્યું.

"ડીયર લોર્ડ સોમરટન,

મને તમારી સલાહની ઘણી જરૂર છે. મેં તમને મીસ રટર્નને લગતી ખબરો આપવાનું વચન આપ્યું છે અને મને જણાવતાં ખેદ થાય છે કે મી૦ રેડક્લીફ હજી લંડન ગયો નથી, અને મીસ રટર્ન સાથ ધંધુજ શરમભરેલી છુટ લઇ રહ્યો છે. હું તમને આ લખતો નહી, પણ તમે મને કહ્યું હતું કે મીસ

સ્ટર્ન ભવિષ્યમાં તમારી ધણીઆણી થનાર છે, તેથીજ લખું છું. હાલમાં માહરી હાલત ઘણીજ કટંગી તેમજ બેદંગી છે, અને હું તમારા હુકમ માટે બેઠી છું.

તમારી વિશ્વાસુ;
હેલીના ફ્રીમેન."

તેણીએ તે કાગળ લેાર્ડ સેામરટનના લંડનના ઘરને શીરનામે પેાસ્ટ કર્યું. તેણીને તે કરતાં કંઇ છુપેા સંતેાષ ને ખુશાલી બરપા થઇ કેમકે લેાર્ડ સેામરટને મીસ સ્ટર્ન સાથ તેનાં વિવાહ થતાં એક વાર્ષીક સાળીપાણુથી તેણીને નવાજવાનું પ્રેામીસ કર્યું હતું.

તેણીએ તે કાગળ એક આસ બેપ્યા મારફતે પેાહેાંચતું કરાવ્યું. હજી તેા તે કામથી પરવારી નહીં તેટલાં મી૦ વેલન્સની આમદ નેાકરે આવી જાહેર કરી.

"એવણ અત્યારે કેમ આવ્યા હશે?" તેણી મનથી વિસમ્ય પામી બેાલી, "શું તેહ બી એલઝીની બેમલાદ્દમ વર્તણુક માટે કંઇ સમજ્યું હશે," એ તેણીના વિચારેા હતા અને તેમાં તે ખુશી માનતીજ દીસતી હતી.

મી૦ વેલન્સ ગંભીરાઇથી અંદર આવ્યેા. તેણે જે દેખાવ દેવલમાં જોયેા હતેા, તે પછી, તે નીરાંત કરી શકયેાજ ન હતેા, અને તેથીજ લેડી હેલીનાને મળવા આખસુસ આટલે બેાડેથી પણ આવ્યેા હતેા. તેણે એલઝી ને કૅાલીનનેા વાત કરવાનેા આવાજ સમજ્યેા. તેણે લેડી હેલીનાને બીજા કેાઇ રૂમમાં આવવાની અર્જ કરી.

"હું તમારીજ સાથ એકાંતમાં વાત કરવા માંગું છું, લેડી હેલીના," તે ધર્મગુરૂ બેાલ્યેા, "મેં મીસ સ્ટર્નને આવતી કાલે મળવાનું નકકી કર્યું છે પણ તે અગાઉ, હું જોઉં છું કે, તમારી સાથ મુલાકાત કરવી ને થેાડીક ખબર મેળવની માહરે માટે જરૂરી છે."

લેડી હેલીના તે ધર્મગુરૂને લાયબ્રેરીમાં દેારવી ગઇ કે જ્યાં કેાઇ તેમને નડ કરતું આવે એમ નહેાતું.

"આ મી૦ રેડકલીફ કેાણ છે, લેડી હેલીના?" મી૦ વેલન્સે બેઠક લીધા પછી પુછ્યું.

"મને તે માટે કાંઇજ ખબર નથી. એ તેા આર્ટીસ્ટ છે કરી કહે છે. એ ઘણેા ખુબ સુરત ને દેખાવડેા છે. પણ મને, મી૦ વેલન્સ, કેાણ જાણે શાથી એ મને ગમતેા નથી. તેની રીતભાત કશીજ રીતે સેાસાયટીને બરતી નથી. કદાચને તે કેાઇ એક આબરૂદાર માં બાપતેા ઉડાવગીર બી હેાય."

"મી૦ કૅાલીન રેડકલીફ, આર્ટીસ્ટ, રેાયલ એકેડમીનેા મેમ્બર અને કુશળ ચિતારેા છે," તે પાદરી મન સાથ બેાલ્યેા, "સારી સેાસાયટીમાં ફરનારેા છે ને વળી એક ગ્રહસ્થ છે. કેાઇ માણુસ માટે કશા પણ પુરાવાઓ વગર હું શકીલેા બનવા ચાહતેા નથી, પણ આજે દુનીયામાં પાખંડીઓ ને બદમાશેા એટલા બધા તેા ડગલે ને પગલે ભરેલા છે કે સાવધાન રહેવાની બાસ જરૂર છે."

તે પાદરી વિચાર કરતેા પેાતાની બેઠક ઉપરથી ઉડી ઉભેા થયેા. તે રૂમમાં બે ત્રણ લટાર મારી પછી લેડી હેલીના આગળ આવી બેાલ્યેા, "હું ધારૂં છું કે, મીસ સ્ટર્ન, તેને લંડનમાં મળ્યા હેાવાં જોઇએ?" તેણે કહ્યું.

"ઓ નહી ! બ્લેરઉડમાંજ ગયા વિકમાં તેને તેણીએ પહેલેાં જોયેા. તે સર જોનના એક પેલા લુચ્ચા ભાણેજ નોએલ કેમ્બેલનેા સંદેશેા લઇને આવ્યેા હતેા. સર જોને એને મળવા સાફ ના પાડી. સર જોન સફરે જતા હતા એમ જાણી તે પુનઃ અત્રે આવ્યેા છે અને અત્રેજ હસી રહેયેા છે ને મીસ સ્ટર્ન સાથ ઘણી ધીકકારભરી રવેસે 'ફલર્ટ' કરે છે."

"એ અનવાજોગ નથી," તે પાદરી બોલ્યેા, "મીસ સ્ટર્નની નીતિ ને પ્રમાણીકતા તેમજ નિર્દોષતામાં મને મોટેા ધતબાર છે, પણ ભાઇરે, હવે શું વિચારવું ? લેડી હેલીના, તમે જાણેા છેા કે તેઓ એક બીજાને માટે શું છે? તેઓ એક બીજાના પ્યારમાં છે. શું તમે તે જોઇ શકયાં નથી ?"

લેડી હેલીનાએ તે સાંભળી તમામ દયાઇજ જવાનેા સોંગ કર્યો, ને મનસે કસદ કર્યો કે બીજીજ સહવારે લોર્ડ સોમરટન ઉપર એક બીજું કાગળ લખી નાખવું.

"મને આ બધાંનેા કપકેા આવંદા ભમવેા પડશે. એ બેશક ઘણું ઘાટકી છે," તેણી બોલી, "સર જોને મને ધરખટલાના સ્વતંત્ર કારોબારમાંથી તેવણ ગયા તે દાહાડાની મુકત કરી છે, છતાં મને સૌ કોઇ પુછશેજ. મી૦ વેલન્સ, આપણે હવે શેા માર્ગ અખત્યાર કરીશું ? મીસ સ્ટર્ન જો ચાહશે તેા આપણને ઘણી રીતે નબોદ્યું લગાડશે. હું ધારૂં છું કે તેણીના વિવાહ લોર્ડ સોમરટન જોડે નકી થયા છે, અને તે જોતાં તેણીની આ વર્તણુંક સર્યાંમ શરમભરેલી છે. એ મોઢાં ઉપરથી ગાય જેવી નિર્દોષ દીસતી રૂપસુંદરીઓ જોવીજ ઠગારી હમેશાં હોય છે."

"સબર," તે પાદરીએ કરડાઇથી કહ્યું, "હું મીસ સ્ટર્ન વિરૂધ એક બોલ પણ સમજવા માગતેા નથી. તેણી પેાતાની સર્વ હકીકત પેાતેજ મને કહેશે. ને લોર્ડ સોમરટન માટે એટલુંજ કહીશ કે તેણે મને કટલીક અણુગમતી મુલાકાતેાથી કંટાળેા આપ્યેા છે. તેના કહેવાની સચ્ચાઇમાં મને સહજ પણ ભરેાસેા નથી. એ લોર્ડ સોમરટન મને ગમતેાજ નથી."

"ત્યારે તેા લોર્ડ સોમરટન ઉપરનું નવું પત્ર બહુજ લાંબું થશે," લેડી હેલીના, તે પાદરીનું બોલવું સાંભળી મનથી બડબડી.

"હું કાલ બપેાર અગાઉ મીસ સ્ટર્નને મળવા કે વાત કરવા માંગતેા નથી, લેડી હેલીના. તે વારસામાં તમે સાવચેત રહેજો. હું એમ નથી કહી શકતેા કે મને મી૦ રેડકલીફ ઉપર સંશય છે; પણ વળી તેમ હું તેને સીધ્ધું કશું કહી પણ શકું એમ નથી. બાકરે તેની સાથ સીધ્ધી વાત કરવી કે નહી તેનેા તમામ આધાર મીસ સ્ટર્ન સાથની બાકરી વાતચીત ઉપરજ રહેશે."

તે બાદ થેાડેા વખત રહી ને પાદરી ગયેા. તે તે ઘરમાં આવ્યેા ને ગયેા તે એલઝી કે કેાલીને જણ્યું નહી, અને લેડી હેલીનાએ પણ તે વિશે તેમને કહેવાની જરૂર પીછાણી નહી.

લેડી હેલીના તે પાદરીની મુલાકાતથી સંતેાષ પામી નહીં. તે પાદરી મન બોલીને તેણી સાથ વાત નહી કરી ગયેા હતેા, તેમ વળી લોર્ડ સોમરટન માટે તેને કશેા સારેા વીચાર ન હતેા એ જોઇ તે સહજ ઝંખવાણી પડી. વળી તેણે એટલું પણ નહીં કહ્યું કે તે મીસ સ્ટર્ન સાથ એ વિશે વાત કરે ત્યારે તેણીએ હાજર રહેવું એ

જરા તેણીને જરતી વસમું ઉપજાવનારૂં લાગ્યું. વળી એ જોઇને તો તે જરતીજ નારાજ થઇ કે કોલીન કે જેને તેણી ધીક્કારતી થઈ હતી તેને માટે તો તે ઉલટોજ ને સારો વિચાર ધરાવતો લાગતો હતો.

"સર જોનના વિશ્વાસનાં આ પાદરી હતો." લેડી હેલીનાએ વિચાર્યું, "અને મને લાગે છે કે એની કબાટમાં સર જોનના ભેદનો પુરાવો મેળેલો હશે. હું તે શું છે તે શોધી કાઢવાની કોશીશ કરશ ને પછી હું જોઉ છું કે કોણ મને હંફાવી કે પોતાની મરજી મુજબ ચલાવવાની હીમત કે સરકશી કરે છે. લોર્ડ સોમરટન જાણશેજ કે હું તેને ખરેખર કામની છઉં અને તેની તરફના વરસાનને લાયકની છું, અને તે હું મેળવીશજ."

(સાંધણ છે.)

ફેશનેબલ બાનુઓ કાજે ફાંકડું પ્રદરશન.

ફાઇન આર્ટ નીડલવર્ક ડીપાર્ટમેન્ટ

અલબેલી મુંબઇ નગરીની તમામ કોમની ફેશનેબલ બાનુઓ અને ભારતની અનેક રાણીઓમાં બેહદ પંકાયલું બાતું.

ઝીક કસબ, રેશમ, સીકવન્સ, જલી તથા આરીના કામમાં બીનહરીફ ને અમારાં બાતાંમાંથી ભરાયલી સાડીઓ, અને બ્લાઉઝોનું ઉમદા કામ, તે મનખુશ કરનારી ઓરીજીનલ ડીઝાઇનો એક બાસ સ્પેશીયાલીટી છે. બીજાઓ અમારી ડીઝાઇનોની નકલ કરવાની ફોકટની કોશેશ કરે છે એજ હમારા ઉત્તમ કામની સાબેતી છે. અમારા ભાવો અમારી નાદર કારીગીરી તરફ જોતાં કીફાયત છે. અમારા બાતાંમાં થયલું ભરત કામ નીચલાં ઠેકાણા સીવાય બીજા કોઇની દુકાને મલશે નહીં.

દુનિયાની તવારીખમાં ભાટ લોકોએ ભજવેલો અગત્યનો ભાગ.

—:o:—

લખનાર—Mr. J. M. Hormusji

—:x:—

(૨)

"Fervency, freedom, frequency of thought,
Harmony, strength, words exquisitely sought;
Fancy, that from the bow that spans the sky,
Brings colours dipp' din heaven, that never die;
A soul exalted above earth; a mind
Skill'd in the characters that form mankind."

—*Cowper.*

દુનિયાની દશોદિશા તરફ દ્રષ્ટિ કરતાં પરમેશ્વરની ગહન અને અગમ્ય લીલામાં આપણને સર્વત્ર અદ્‌ભૂતતા અને વિચિત્રતા માલૂમ પડે છે, તે જગત્કર્ત્તાની ન્યાયવૃત્તિ પ્રત્યે આપણ એક ક્ષણ પણ સંદેહ કે શંકા ધરાવી શકાએ નહી, છતાં પણ તેની કૃતિ કોઇ કોઇવાર એટલી આશ્ચર્યજનક અને દુર્બુદ્ધ દ્રષ્ટિપાત થાય છે કે આપણને જો વિસ્મયતાનો નહી તો હૃદયભેદક અફસોસનો એક મનોદ્‌ગાર કાઢયા વિના—એક નિશ્વાસ નાખ્યા વિના ચાલતું જ નથી। બેશક, જ્યારે સમૃદ્ધિવાનોને આપણ શારીરિક કે મનોગત વૈકલ્યથી પીડાતા જોઇશું તો આપણ આપણાં મનને એટલુંજ કહીને આશ્વાસન આપીશું કે એ તો, પ્રારબ્ધનું વૈષમ્ય છે; જ્યારે આ માયાવી સંસૃતિગર્તામાં આપણ કોઇ પૃથગ્જનને ઉચ્ચ પદ્વિ પ્રાપ્ત કરતો અને માનનીય પુરૂષો પ્રત્યે ધિક્કાર અને ધિક્કારતા પ્રદર્શિત કરતો જોઇશું ત્યારે આપણ એટલાજ વિચારથી ધૈર્ય ધારીશું કે એ જૂઠો ગર્વ અને મિથ્યા સત્ત્વ માત્ર ક્ષણભંગુર છે; જ્યારે આપણ વિશીષ્ટ સજ્જનોને અને મહાબુદ્ધિશાળી વિદ્વજ્જનોને ક્ષણધ્વસિન ભોગતૃષ્ણા તરફ અને મૃગતૃષ્ણિકારૂપ વૈભવવિલાસ તરફ લલચાતા જોઇશું ત્યારે એટલુંજ કહી મનને શાન્ત બનાવીશું કે વિનાશ કાળે વિપરીત બુદ્ધિ તે એનું નામ; જ્યારે આપણ પરાર્થઘટક અને ન્યાય પ્રવૃત્ત મનુષ્યોને સૃષ્ટિમાં સર્વથા હયરાન અને પરેશાન થતા નિરખ્યે છીએ ત્યારે આપણ એટલોજ મનોભય સધ્યારો લઇ શકયે છીએ કે દૈવની ગતિ પ્રબળ છે। જુઓ કે મુક્તાફળ જેવી અતિ અમૂલ્ય વસ્તુ સમુદ્રજળની તળેટીએ માનવદ્રષ્ટિથી ગુપ્ત રહેતી હોય છે, છતાં પણ જ્યારે શ્રમ લઇ તેને બહાર કાઢવામાં આવે છે ત્યારેજ તેની ખરી કિંમત અંકાય છે! તેજ પ્રમાણે આપડા ભાટચારણો—જેઓ બાહુબળ, મનોબળ અને દ્રવ્યબળથી ઇતિહાસના સફાઓને ઉજ્જવળ, કીર્ત્તિનીય અને વિભ્રાજમાન કરી પોતાનો ઐહિકજીવનનું સાર્થક કરે છે, જેઓ આપણી રગેરગમાં પોતાવટપણાની, કુળભોટપની, અને સ્વદેશભક્તિની વિદ્યુત રેડી આપણા અને આપણા પૂર્વજોનાં જીવનને જ્યોતિમય અને પ્રકાશિત બનાવવામાં અચિંત્ય અને અનુપમ

ફાસ્તો આપે છે, તેઓની આજે કહેવાતી ગુણ ગ્રાહક લોકો તરફથી કેવી કદર થાય છે ? અફસોસ ! આ ઉપરથી આપણને કહ્યા વિના ચાલતું નથી કે જે જે મનુષ્યોને ઐતિહાસિક વૃત્તાંતોનો અને વીરચરિત્રોનો અભ્યાસ કરવાનો અનુરાગ હોય છે તેઓનો પવિત્ર અને પ્રથમ ધર્મ છે કે તેઓએ ઇતિહાસકારો—જેઓમાં ભાટ લોકો અત્યલ્પ દરજ્જે ભોગવે છે—તેઓની ઘટિત કદર ખૂજવી યોગ્ય છે, કારણકે તેઓનાં પરિશ્રમ વિનાં ઇતિહાસની ઉત્પત્તિ પણ હોઇ શકતી નથી, પરંતુ આપણુ ઠેરઠેર નિરખ્યે છીએ કે પામર માનવીઓ તો શું પણ શ્રી લક્ષ્મી જેઓપર પ્રસન્ન છે એવા રાજા રજવાડાઓ જેઓ ધનના ઢગલા ઉપર બેસી અમન ચમન કરે છે તેઓ તરફથી પણ ભાટોની યથાયોગ્ય કૂજ થતી આપણા જોવામાં આવતી નથી એ કેટલું અફસોસકારક ! રાજનીતિજ્ઞ કવિ જસૂરામ જામનગરના જામ સાહેબ પાસે જઇ ચઢયા અને એક કાવ્ય સંભળાવ્યું. જામ સાહેબે ગુસ્સાથી કહ્યું: "તારા જેવા માગનારા તો બહુ આવે છે !" આવી રીતે પોતાનો યોગ્ય સત્કાર ન થવાથી જસૂરામ ત્યાંથી ખિન્નવદને વિદાય થયા, પરંતુ જતી વારે પોતાનો ભાટ તરીકેનો ટેક રાખવા માટે એક પ્રતિજ્ઞારૂપ દુહો જામ સાહેબને કહેતા ગયા કે:

જસૂ ન જાચે જામસું, અડો ભાટન કો ટેક;
તેરે માગન બૉત હૈ, મેરે ભૂપ અનેક !

પરંતુ એવી રીતના કૃપણ બધાજ ધરાધિપો નથી હોતા એ પરમ આનંદની વાત છે. કેટલાક નૃપતિઓ ભાટની ભટાઇના એવા શોખીન હોય છે કે પ્રત્યેક કાવ્ય માટે લક્ષ રૂપૈયા પણ પુરસ્કાર આપવા આંચકી ખાતા નથી ! કચ્છ ભૂજના રાવ લાખા પુનાણીને માટે એવી કથા છે કે તે કોઇપણ ભાટને એક લાખથી ઓછા રૂપૈયા આપતો ન હતો, અને તેથીજ તેને "લાખો"ની સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. તેના પ્રધાને એકવાર રાજાની આંખ ખોલવા માટે એક કવિને રા. ૧૦૦૦૦ આપવાની આજ્ઞા થતાં તે સઘળા રૂપૈયાનો સમૂહ કરાવ્યો કે તે જોતાં રાવજીશુંદ્ધિ ઠેકાણે આવશે. પણ લાખાએ ઢગલો જોઇ કહ્યું: "માત્ર આટલાજ રૂપૈયા કવિને મળશે ?" અને તેને એક લાખ રૂપૈયા વધારીનેજ આપ્યા ! એજ પ્રમાણે ધારા નગરીના જગદેવ પરમારે કંઠાણી ભાટણને પોતાનું મસ્તક કાવ્યનાં મૂલ્યરૂપે દાન દીધું હતું !! આ રાજાઓ વિષે કવિ કહે છે;

દાતારી સબકે હુતે, નિશદિન રહિ હૈ લગ્ગ;
દો દાતા આગે ભયે, કર પાછે ખગ્ગ અગ્ગ !

એકવાર હેરાતના નરપતિના મુખ્ય બારોટ અન્વરીએ ગોરના ભૂપની કાવ્યમાં હાંસી કરી હતી, જેથી ગોરના શાહે હેરાતના શાહની ઉપર રૂકો મોકલ્યો કે શાયર અન્વરીની કાવ્ય કૃતિથી હું બેહમુખ બની ગયો છું, માટે એને મારી તરફ રવાના કરો કે હું એને નવાજીને નિહાલ કરૂં !—જો કે તેનો ખરો ઉદ્દેશ તો અન્વરી ઉપર વૈર લેવાનો હતો. હેરાતનો શાહ આ પત્રનો મૂળ હેતુ પોતાની બુદ્ધિ ચાતુર્યથી પામી ગયો, માટે અન્વરીને એ બાબતથી મુક્ત બનાવવા માટે તેની ઉપર આમિક ભાષામાં લખ્યું:

ફલઅ મગૂર નકૂમ તૂગલૂ એખૂતામી, ફકૌલીઉમ્મૂસ્મક વલ ફૈસે સૂમી;
પ્રા ઉદ્દનિયા નકલ્લ બે મિનો અકા હાં, હઝારે હઝાર મિનો અંતૂશા કૂતૂમી !

ભાવાર્થ કેઃ મારાં બાલ હાસ્યથી ઠગાતો બા કારણે જ્યારે મારા વાર્તાલાપથી જનસમાજમાં હાસ્ય ઉત્પન્ન થાય છે ત્યારે મારી કાર્યી ચક્ષુઓમાંથી અશ્રુધારા વહેવડાવે છે! આ જગત જેઓના સમાગમમાં આવે છે તેઓને શિખ દે છે કેઃ મારા દુષ્કાથી અને મૃત્યુતુલ્ય પ્રહારોથી ડરતા રહો! આ પત્ર વાંચી અન્વરીએ અનેક નિમિત્તોને વચ્ચે લાવી જવાનું માંડી વાળ્યું, જેથી ગોરના શાહે ફરી એકવાર અન્વરીને રવાના કરવા માટે હેરાતના શાહ પર પત્ર લખ્યો અને ૧૦૦૦ બકરા ભેટ આપવાની માગણી કરી! આ લાંચથી લલચાઈ હેરાતના રાજાએ અન્વરીને ઝબરદસ્તીથી પરહેજ કરવાનો હુકમ દીધો, જેથી અન્વરીએ તેને વિનંતિ રૂપે કહ્યું; અય શાહ! ગોરનો બાદશાહ જેને ૧૦૦૦ બકરાંના મૂલ્યથી ખરીદવા માંગે છે તેને તું મફત શા માટે રાખતો નથી? મને એકલો રહેવા દે કે જેથી હું તારો ઉપાસક બની રહું અને તારાં સુભાગ્ય ચર્ણોમાં કાવ્યોરૂપી મોતીઓની પ્રશંસાનો નેસાર કરું! આથી પ્રફુલ્લિત થઈ શાહે તેને રક્ષણ આપ્યું!

હમ હિંદવાનકી ગાય, હમહિં સુવ્વર તુરકાને,
ચઢે તેજીપે બાસ, રાવ કુચ્છ રીસ ન આને;
હમ જાવૈ પરદેશ, માંગ કે હસ્તિ લાવૈ,
હમ પે ચમર ફરાત, હમહિ શિર છત્ર ધરાવૈ.
હમ ચોરી દારી પરહરૈ, હમ શિરસે રૂઠે રહૈ;
કબિ ગંગ કહૈ અકબર સુનો, કવિયન ભાવૈ ત્યોં કહૈ!

કવિરત્ન શેકસપીઅરને આંગ્લ પ્રજા તરફથી "ઍવન (Avon) ના ભાટ"ની ઉપમાથી ઓળખવામાં આવે છે; ઍરશાયરના રહિશ રૉબર્ટ બર્ન્સને "ઍરશાયરનો ભાટ" કહેવામાં આવે છે; કાઉપર "ઑલ્નીના ભાટ"ની સંજ્ઞાથી વિખ્યાતિ પામ્યો છે, લૉર્ડ બાયરન બ્રોકૅશીઓને તેનાં ગદ્ય લખાણોની ઉત્તમતાં માટે "ગદ્યના ચારણ"નો ઍલ્કાબ આપે છે; વિલ્યમ વર્ડઝવર્થ "રીડલ માઉન્ટના બારોટ"નાં નામથી જણાવેલો છે, જ્યારે ઍલેકઝાંડર પોપ "ત્રીકનહૅમનો ભાટ" કહેવાય છે—જો કે આ સઘળા કંઈ ખરેખરા વીરરસ કાવ્યો રચનારાં ભાટ નહીંજ હતા! ઉત્તમોત્તમ ભાટોની ગણના કરીએ તો ગ્રીસમાં "ઈલ્યડ" અને "ઑડીસી"નો લેખક હોમર, ઇટૅલીમાં વર્જીલ, ફ્રાંસમાં "માર્સાયે"નો ઉત્પાદક રૂગે ડ લીલ, ઇંગ્લંડમાં "પેરેડાઇઝ લૉસ્ટ" નો રચનાર મિલ્ટન, પોર્ચ્યુગલમાં "Luciad"નો કર્ત્તા કૅમોઇન્સ, ભારતભૂમીમાં "પૃથ્વીરાજ રાસો"નો લેખક ચન્દ બર્દાઇ તેમજ શિવાજી મહારાજનો રાજબારોટ ભૂષણ, ઇરાનમાં "શાહનામા" જેવાં અત્યોત્તમ પુસ્તકનો વિશ્વવિખ્યાત કર્ત્તા ફિર્દૂસી, અને સ્કૉટલંડમાં વીરચરિત્રોનો લખનાર સર વૉલ્ટર સ્કૉટ! એ ઉપરાંત બીજા અનેક વીરકાવ્યોની ગણત્રી કરી શકાય, જેવાં કે જર્મની અને સ્કૅન્ડીનેવ્યાનું "Nibelungen-Leid" હિંદમાં "રામાયણ" અને "મહાભારત," ઈટાલીમાં વર્જીલનો "Æneid," ટાસોનું "Jerusalem Delivered," અને ઍરીઑસ્ટોનું "Orlando Forioiso" સ્કૉટલંડનું "Minstrelsy of the Scottish Border" ઇરાનમાં "સિકંદર નામું," "ફરશારપ નામું" ઇત્યાદિ, સ્કૉટલંડના હાઇલૅન્ડર લોકો જ્યારે સમરાંગણમાં જાય છે ત્યારે સદાસર્વદા બહુજ પુરાણા જમાનાથી પોતાની સાથે દંભપણું રસિક વાજીંત્ર રાખતા આવ્યા છે. એ માટે કૅમ્પબૅલ નામક એક જૂનો લેખક કહી ગયો છેઃ

"They delight much in musicke; but chiefly in harps and clairschoes of their own fashion. They tayke greate pleasure to decke their harps with silver & precious stones; the poore ones that cannot attaone hereunty, decks them with christall. They sing verses contayning prayses of valiant men." આ હાર્પ અને બૅગપાઇપાદિ રણવાદ્યો, એવું જણાય છે કે, યુરોપ તેમજ અમેરિકાની નિષ્ઠુર પ્રજાઓમાં બહુજ પૂરાતન કાળથી પ્રચાર પામેલાં છે. ઉત્તર અમેરિકાનાં રહિશોમાં એવો રવૈયો હતો કે કોઇને વાંસળીની ભેટ કરવી તે સલાહ અને શાંતિનું ચિન્હ ગણાતું, જ્યારે તે ભેટનો અસ્વીકાર કરનાર શત્રુને કરતો। હાઇલૅન્ડરોની પાઇપ માટે કહેવામાં આવે છે:-

"In nothing they're accounted sharp,
Except in bagpipe or in harp!"

વૅલ્શ ભાટો 'હાર્પ'ને ઠેકાણે "ક્રૂ" (Crwth) નામનું વાજીત્ર વગાડતા જેની ચાર દોરીઓ ઉપર "ઓ" ફેરવવામાં આવતો। જ્યારે બીજી બે દોરીઓનો અંગોઠા વડે ટંકાર કરવામાં આવતો. સ્કૉટ્લન્ડ બારોટો પણ "Goussel" નામનાં એકતંત્રિય વાદ્યનો ઉપયોગ કરતા હતા, જે ગૃહે ગૃહે દૃષ્ટિગોચર થતું હતુ. એને માટે પીટર પૅન્ટોવિચ નામક સ્કૉટ્લન્ડ ભાટ ઉક્રમાઇથી કહે છે:

Dye se goussle u kutyi ne tohuyu
Tu su nertoa i kutya i lyoudi!

ભાવાર્થ કે: જે ઘરમાં "ગૂસલ"નો સાદ સભળાતો નથી તે ઘર તેમજ તેમનાં રહિશોને મૂવેલાંજ સમજવાં!!

ભાટચારણો પોતાના સ્વમાન માટે કેટલા ગર્વિષ્ટ હોય છે તેનું એક ઉદાહરણ આપવું પ્રસંગોપાત ગણાશે. શિવાજીના બારોટ ભૂષણના સ્વાભાવિક નિર્ભયપણાં વિષે આપણે આગળ ઉલ્લેખ કરેલોજ છે. એને માટે એવી કથા છે કે પ્રથમ એ બેકાબેકાર હતો અને પોતાનો ભાઇ ચિંતામણિ કમાઇ લાવતો તેની પ્રસાદિથી એ પોતે ઉદરંભરિ જીવન ગાળતો હતો. એક દિન ભોજન સમયે એણે પોતાની ભાભી પાસે જવણ માગ્યું ત્યારે તેણીએ મ્હેણું માર્યું કે: કમાઇ લાવો અને ખાવો! આથી તેને એટલી રીસ ચઢી કે ભોજન છોડી ઘરબહાર પ્રયાણ કર્યું પરંતુ ભાભીને કહેતો ગયોઃ "અચ્છા! અજ નમક કમાકર લાવેંગે, તભી ભોજન કરેંગે, !" વસ્તુતઃ આ પ્રતિજ્ઞાનું વિસ્મરણ ન કરતાં, એવું કહેવાય છે કે, શિવાજી મહારાજનો જ્યારે તે પ્રતિભાવાન કવિન્દ્ર થયો અને દ્રવ્યનો ઠીક સંચાર કર્યો ત્યારે એક લાખ રૂપૈયાનું મીઠું ખરીદી તેણે પોતાની ભાભી પર મોકલ્યું હતુ। શિવાજીની યુદ્ધ પ્રવિણતા માટે એણે લખ્યું છે કે:

છૂટત કમાન ઔર તીર ગોલી બાનન કે,
મુસકિલ હોત મૂરચાન હૂ કી ઓટ મૈં!
તાહિ સમૈ શિવરાજ હુંકુમ કે હલ્લા કિયો,
દાવા બાંધિ પર હલ્લા વીર ભટ જોત મૈં!

ભૂપન ભનત તેરી કિમ્મતિ કહાં લૌ કહૌં,
હિમ્મતિ વડાં લગિ હૈં નાકિ ભટ ચોટ મૈં।
તાવ દૈ દૈ મુછન કંગૂરન પૈ પાંવ દૈ દૈ,
અરિ મુખ ધાંવ દૈ દૈ કૂદે પરૈ કોટ મૈં।

એજ પ્રમાણે હિન્દુ ધર્મનો પુનરોદ્ધાર કરવા અને મ્લેચ્છોનો સંહાર કરવા વિષેની ઘણી સુંદર કવિતો આ સ્વદેશપ્રેમી ભાટે લખી છે જે સઘળી સ્થળસંકોચને અભાવે અહીં આપી શકાતી નથી. જ્યારે ભાટચારણોની કિંમત કરવામાં આવતી નથી ત્યારે તેઓનાં હૃદયમાં કેવી ગ્લાનિ ઉદ્ભવે છે અને તેનાં પરિણામોમાં તેઓ કેવાં કટાક્ષ કે ટકે છે તેનો એક દાખલો અત્રે આપીએ. "હદાયક-ઉલ-સહર" નો લેખક રશિદ વટવાટ ત્રાન્સોક્ષિઆનાના ધરાધિપની દરબારમાં હતો, પરંતુ શાહનો એક પ્રધાન તેનાં ઉત્તમ કાવ્યોની બૂજ નહી કરતો હતો જેથી એકવાર કવિએ તેને ટાણો માર્યોઃ

તૂ વઝીરી ઓ મદહગૂયએ તૂ મન,
દસ્તે મન બી અતા રવા બીની;
તૂ વઝારત બ મન ગુઝારો મરા,
મદહતી ગૂયી તા અતા બીની।

અર્થાત્ તું પ્રધાન છે જ્યારે હું તારો સ્તુતિકાર છું, છતાં પણ મારા હસ્તો પારિતોષિક વિનાનો રાખવાનું તુ યોગ્ય ધારે છે। તું પ્રાધાન્યત મારી ઉપર છોડ અને મારી પ્રશંસા કર અને જો કે હું તને કેવો નવાજું છું। બરોબર એવુંજ વૃત્તાંત આપણને પાકઆદ ફિર્દુસીનું હૃદયભેદક જીવનચરિત્ર પુરું પાડે છે. જ્યારે મુમ તબેહના સુલ્તાન મહમૂદે હસન મયમન્દીની ધૂર્તતાથી અંધ બની જઇ શાયરાન શાયર ફિર્દુસી સાથે ઠગાઇ રમવા માંડી ત્યારે તે શાયર જીગર તોડી નાખે તેવી બયતો લખી ગયો કેઃ

ઝે બંદ અરસ ચશ્મે બઢી દાસ્તન,
બુવદ ખાક દર દીદેહ અમ્બાસ્તન;
સરે નાસઝાયાં મર અફ્તાસ્તન,
ઓઝીશાં ઉમીદે બદી દાસ્તાન,
સરે રેસ્તઝે બીશ ગુમ કર્દનસ્ત,
બ જીબ અંદરં માર પરવર્દનસ્ત!
ઝે નાપાકઝાદેહ ચે દારીદ ઉમીદ,
કે ઝંગી નગર્દદ બશીસ્તન સપીદ!
ચુ દાના બુવદ શાહરા પીશ્કાર,
ઝે નાદાને બંદદીન બરઆરદ દમાર!
બદાનેશ નબૂદ શાહરા દસ્તગાહ,
વગર નેદ મરા બર નેશાન્દી બગાહ!
અગર શાહ રા શાહ બૂદી પેદર,
બસર બર નેહાદી મરા તાજે ઝર

આ મૂર્ખાધિરાજની આવી વિપરીત વાણી સાંભળી અકબરને ક્રોધ તો ઉપજ્યો, પણ શાણો હોવાથી શાંતિ ધારણ કરી તેને બેસવા જણાવી ગંગને પૂછ્યું; આને કતલ કરવો કે ગળીએ ચઢાવવો ? આથી ગંગે હાથ જોડી, પ્રણિપત કરી કરગરીને કહ્યું; નહીં ખુદાવિંદ ! કવિયો કોઇ સજા કરનેવાલા અગતક કોઇ, પયદા નહીં હુવા હય, ઔર મયેં અંદાઝ કરતા હું કિ આગે ભી નહીં હોગા ! બસ ભાટકી કીસને કહા કિ હય, પર—

સુન રે શાહ અકબર દિલ્હીયન રો, યેહી હેત પ્રીત કીયા ભાટન કી;
એક ચંચલ અંક બસે હું બંસ મે, દેખ ગર્ભમે લડકે પડુન કી;
પરનાર પાસ ન રહે પરવશમે, દે ખૂશબો જાત કલ્પન કી;
કબિ ગંગ કહે યહી ભાટ જનો, અસલ સ્વરૂપ જાત મંજન કી !

આ યુક્તિયુક્ત વાક્ચાતુરીથી પ્રપુલ્લિત થઇ શાહે ભાટને ક્ષમા કરી સિરપાવ આપી માનસહિત વિદાન કર્યો ! દેશપરદેશના ભાટના કાવ્યો જો અત્રે આપવા બેસીએ તો તેનો છેડોજ ન આવે, છતાં પણ કેટલાંક ઉત્તમ કાવ્યો આ લેખના છેલ્લા હકતામાં આપવામાં આવશે, તેટલાં આ સ્થાને કેટલાંક સર્વોત્કૃષ્ટ કાવ્યો અને તેના કર્તાઓનાં માત્ર નામ આપી દુઃખદ સંતોષ પકડવો પડે છે; ઑસ્ત્રીઅનોનું રાષ્ટ્રગીત "Gott erhalte Franz den Kaiser" છે જેનો રચનાર બૅરન ઝેડલીઝ હતો; હંગેરીઅનોના બે પ્રજાગીતો છે; એક વૉરોસમાર્ટીનું "Szozat" અને બીજું કૉલ્સી (Kolcsey) નું "Magyar Hymnusz"; ડેનીશગીત "Kong Christian" ની રચના કવિ જૉહાન અર્ન્સ્ટ હાર્ટમને કરી હતી; નૉર્વેજીયન રાજગીત "Sonner of Norge" બ્જોમ નામક ભાટ રચે અને "Ja vi elsker dette Lendet બ્જૉર્નસને (Bjornson) જોડયું હતું; સ્વીડીશ રાષ્ટ્રગીત " King Karl, tho young hero" બર્જેઆસ ટેગ્નરે બનાવ્યું હતું; હેનરીક ટૉલન્સ નામક ડચ ભાટે ડચ પ્રજાકિય ગાયન "Wien Neerlandsch Bloed" રચ્યું હતું; "La Brabanconne' ની બનાવટ બૅલ્જી અન જેનીવસે ૧૮૩૦ માં કાઢી હતી; પોર્ચુગીઝ પ્રજાગીત "Hymno Constitucional"નો લેખક બ્રાઝીલનો એમ્પરર ડૉમ પેડ્રો પહેલો હતો ! આ પ્રમાણે જોતાં જણાય છે કે દરેક દેશના કવિઓ દેશપ્રીતિનાં કાવ્યો લખવામાં પ્રતિસ્પર્ધા કરે છે, અને તે બરેબર પ્રશંસનિય છે, તો એ ઉત્તમ સદ્ગુણથી આપણો હિંદી ભાટ કેમ નિરાળો રહે ?

કિસીકા ઔરત કિસીકા દૌલત કિસીકા મૌજે કિસીકા મહફિલ,
કિસીકા ખઝઝત કિસીકા લિઝઝત કિસીકા પત્થર કિસીકા રૈહિલ !
કોઇ ન દેખા ખુદા કા બન્દા જો ખૂત ન પૂજે કોઇ ન કોઇ,
હો પીર મશિદ મુનિ મહાત્મા મુલક રહી હૈ મઝાદ તહદિલ !
ધરમ ધરમમેં ધરા હૈ જો કુચ્છ વો યાર મિલતા ન આંખો આગે,
ફંસે હૈ ઝુલ્ફોમેં જો ફિસલકર રિહાઇ મિલતી ન ઉનકો ભાગે !
ઉડે યે દુનિયા ઉડે યે દૌલત ઉડે યે શોહરત હોહો કે મિટ્ટી,
મેરે તો દિલમે મેરે વતનકી મિલી હૈ મિટ્ટી કહાં વો ભાગે ?
તુ હી હૈ નેચર તુહી હૈ ઝેવર તુઝી સે ખઝઝત તુઝી સે દૌલત,
તુહી તો રિસ્તા તુહી ફિરિસ્તા તુહી , મુહબ્બત જિસમેં ન મોહલત !

તેરા શિકારી તેરા ભિખારી—ફિરૂં મૈં બન બન ફિર મૈં ઘર ઘર,
ગલૂં તો તુઝમેં જલૂં તો તુઝમેં ફલૂં તો તુઝમેં તેરે ઉદાલત!
હરેક રગરગ હરેક નસનસમેં બિજલી વસ્તે વતનકી છોડો,
હંસો હંસાઓ હિન્દૂ મુસલ્મા લો ટેકો ઘુટને લો હાથ જોડો!
ન જૈસા દુનિયા મેં દેખા ભાલા, દિયા ખુદાના હૈ યાર આલા;
કદમ કદમ પર અગર હો ફૂરબાં તો ફિર કલેજે કા કયોં સિકોડો?

બાદશાહ અકબરના પ્રધાન ખાનખાનાન માટે એવું કહેવાય છે કે દર દશેરાને દિવસે તે કવિઓને દશ લાખ રૂપૈયા ઇનામ તરીકે આપતો! એક વિદ્વાન પણ ગરીબ ભાટ એક દશેરાને દિવસે તે દરબારમાં ઇનામ માટે ગયો, કિંતુ મોડે પહોંચવાથી ઇનામ વહેંચાઇ રહેલું જાણી નિરાશ થઇ તે વઝીરની હવેલી સામે બેઠો. ત્યાંથી તેણે જોયું કે ખાનખાનાન ૬૦ બેગમો અને બીજી બે ત્રણ હજાર સ્ત્રીઓ સાથે નાગરંગ અને ગાનતાનમાં મશગૂલ હતો આથી તે ભાટ હિંમત કરી અંદર ધુસ્યો અને એક કવિત લલકાર્યું જેથી પ્રધાન અને પટરાણી સિવાય સઘળાંઓએ ત્યાંથી પલાયનમ્ કર્યું. કાવ્યનું શ્રવણ કરતાંજ નવાબે આજ્ઞા દીધી કેઃ આ નાલાયકને તોપને ગોળે ઉરાડી દો! તેજ ક્ષણે ભાટે બીજું કાવ્ય ગાયું; અને પુનઃ વઝીરે તેને તોપને ગોળે ઉરાડી દેવાનો પોતાના દાસ વર્ગને હુકમ કર્યો. તે કવિએ તો આની કશી પણ પરવા ન કરતાં કાવ્યો લલકારવાનું ચાલુજ રાખ્યું અને ખાનખાનાન પણ તે કાવ્યોમાં તલ્લીન થતો ગયો અને ઉપરોકત આદેશ આપતો ગયો! છેવટે થાકીને તે કવિરાજે નવાબને કહ્યું કેઃ

ખાનાનખાન નવાબ રે, ભાડે આગ ખરંત;
તૃણવાળા નર ઉગરે, જળવાળા જરંત!

આ દ્વિઅર્થી કાવ્યનો ગૂઢ મર્મ સમજતાં ખાનખાનાને ખુશી થઇ ભાટને દશ લાખ રૂપ્યા આપ્યા! ભાટની ભટાઇ શું ન કરી શકે? એ સવાલે લાજવાબ છે! એકવાર જયપૂરના રાજા માનસિંહે લંકા પર ચઢાઇ કરવાનો નિશ્ચય કર્યો, જે વાત તેના સૈનિકોને રૂચીકર થઇ નહી અને એ વિચાર તે પડતો મૂકે એમ સૌ ઇચ્છવા લાગ્યા. જ્યારે કોઇની તેને તેમ કહેવાની છાતી ચાલી નહી ત્યારે એક ભાટે તેને વિનંતિ કરી કહ્યું: હે રાજા માનસિંહ! લંકા પર ચઢાઇ કરવાનો સંકલ્પ નહી કરશો, કારણ રામચંદ્રે તે તો વિભિષણને બ્રાહ્મણ જાણી દાનમાં આપી છે જે પુનઃ લઇ લેવાથી અનિષ્ટ પરિણામ આવશે! આ કહેણની અસર તુરત થઇ! કવિએ માનસિંહને બોધ દીધો હતો કેઃ

માન મહીપતિ માન!, લંક નૌન કીજો નહિં;
રઘુપતિ દીનો દાન, વિપ્ર બિભિસન જનકે!

(અપૂર્ણ.)

ઓ મન! માયા તજરે!

(પદ–બરહંસી.)

ઓ મન! માયા તજરે!
તજ તજ શુભ ગુણ સજરે!

જકડાયું તું મોહ–જાળમાં, મજમજ ભજ હર ભજરે! ઓ મન૦
ચાર ઘડીની ચલતી ફાજે, સુખ હરદમ ન સમજરે! ઓ મન૦
ઘટ ચાલી રહી ઘટમાં તારી, રટ રટ રટ રણ રજરે! ઓ મન૦
ખાલી છે તું જ ઉધાર પાસુ, ત્યાં શું લેશે મજરે? ઓ મન૦
અકળ ગયો અવતાર બધો તું જ, લાજ ધરી કૈં લજરે! ઓ મન૦
તન–મંદીરના તાજ મહેલમાં, હેતે કર તું હજરે! ઓ મન૦
અંત સમે તો ખોખું ખાલી, પાવક વિણ શું પજરે? ઓ મન૦
દોરંગી દુનિયાં છે દાદી, અવગુણ એક અબજરે! ઓ મન૦
લરાઈ ચાલ્યો ભવ આખો તું જ, નાથ ન દીઠો નજરે! ઓ મન૦

મરહુમ દા. એ. તારાપોરવાલા.

મુંબઇની જાણીતી જેરી પેરીશીયન જેરી કુંા.

વગર ભેલનું ચોખ્ખું દુધ, માખણ, સ્વચ્છ શ્રેષ્ટ ક્રીમ; મેળવવાનું તમામ ભરૂશાપાત્ર એકલું મથક છે. એકવાર ત્રાયલ લેશોજી?

ટેમરીંડ લેન, ફોર્ટ મુંબઇ.

જરા ધ્યાનથી વાંચશોજી.

આ માસ જુનનો આ અંક લગાર અસુરો બહાર પડે છે; પણ એ પછીનો માસ જુલાઇનો અંક છાપવાનું કામ એની લગોલગજ પાછળ ચાલુ કરેલું હોવાથી આવતાં અઠવાડીયાંમાં બહાર પડશે. જે પછીનો માસ ઑગસ્ટનો અંક નવરંગના આઠમા સાલનો છેવટનો થશે.

માસ સપ્ટેમ્બરથી નવરંગ નવા સાલની શુભ શુરૂઆત કરશે, જે માંગલિક પ્રસંગ ઉજવવા અને વળી પારસી ભાઇઓનો નૌરોઝનો પનોતો તહેવાર પણ સાથોસાથ ઉજવવા ટાંકે કરહેમેશના માફક મુજબનો દળદાર અંક કાઢવામાં આવશે. દળદાર એટલે બે માસનો સામટો નહીં પણ માસ સપ્ટેમ્બરનોજ એકલો, પણ નૌરોઝ ને નવરંગના નવા વરસની ખુશહાલીમાં બેવડું ઉમદા વાંચન પૂરો પાડનો દળદાર અંક હમેશ મુજબ પ્રવરતાવવામાં આવશે. નવરંગની દર સાલની એ એક કેવળ વાજબી મગરૂરી છે; કેમકે એટલાં બધાં જહાજબંધ વાચનનો ને વળી ગુજરાતના લગભગ તમામ આગેવાન કલમકશોની કલમથી વિવિધ ફીસમે પીરસાયલો કોઇ પણ ભાઇબંધનો અંક તેની હરીફાઇમાં સરેઆમ ઉતરી શકે એવો નીકળતો આજ પર્યંત જણાયોજ નથી. એકનાએક રડાકુટાના કદરણીકાગણાં દિસતાં ચિત્રો આર્ટના દિલ લલચાવનારાં નામે રજુ કરી અમો અમારાં વાંચનારા સજ્જનોને ભડકાંવવા ને નિરાશ કરવા માંગતા નથી. અમો એ જાતની ખાલી, ખોટી ને અરેખર તો ઠગારી રીસ્યારીમાં માનતા નથી. તેમ વળી નવાં વરસને બાહ્યે જાહેર બબરોનો ખીમડો એકઠો કરી નવરંગ દળદાર કાઢવાની અમોને અભિલાષા નથી. કેવળ સંગીન વાંચન, પેટ પુરતું વાંચન ને તે બા વળી અનેકાનેક પારસી, હન્દુ ને મુસ્લીમ સુપ્રસિદ્ધ લેખકોને હાથે લખાયલું રજુ કરી અમો અમારા બરાં ને સંગીન વાંચનના કદરદાન અને પીછાન કરી જાણનારા બોહોલા વાંચક વર્ગને રીઝવવાનો ઇરાદો રાખ્યે છીએ. ભુત કાળના નવરંગના નૌરોજી નંબરો તેની જીવતી સાહદતો પુરી પાડે છે, ને આ વેળાનો અંક પણ તે સર્વ કરતાં કંઇક વીશેષ ચઢયાનો કરવાની દીલાવર ઉમીદમાં અમો મહાલ્યે છીએ.

નવી મોટી વારતા.

વળી એ અંકથી એક નવી મોટી નોરાવર અંગ્રેજ સંસારની વારતા ચાલુ કરવામાં આવનાર છે. અમારી હાલની બેઉ સીરીયલો તો ચાલુજ છે ને રહેશે. "મોતનો કાંધ" તો હજી ગોથા ખાવા શુરજ થાય છે. તેના દીલચશ્પ અસલ્ય સફાઓમાં તો વાંચકોને હજી પછી સપર કરવાની છે. એ વારતા હવે એવા તબકકા ઉપર આવતી જશે કે દર અંકની કંઇ અસુસ આતુરતાથી વાંચકોને રાહ જોવી પડશે એટલી એ દિલપઝોર ને મનોવેધક છે.

'સંસારનો ફાંસો' તેના આખરી તબકકામાં છે. એ વારતા પણ ઉમંગ ને હોંશથીજ વંચાય છે એ તેના જવાંન લેખક ભાઇ દારાં કાપડ્યા માટે બેશક ખુશી ને મગરૂરી લેવા જોગુ છે. એ વારતા હજી પાંચ છ માસ લંબાવાની વકકી છે અને તેના છેલ્લા હપ્તાઓ અતિ ઉમંગભર્યા ને રસીલા છે એ કહેવાની શું કોઇ જરૂરત છે?

'નવરંગ'ની નવી વારતા 'નવરંગ'ની નામના ને કીર્તિમાં મોટો ભાગ ભજવનારી અમારી કલમથી લખાયલી મોટી વારતા 'બાપના બોગ'ને મુકાબલેની એક બહુજ જોરાવર પ્લોટની અને અમારી બાસ પસંદગી પામેલી મોટી વારતા છે. એ વારતા આંગ્રેજ સંસારની છે અને તે બેથી વધુ વર્ષ તક ચાલે એટલી મોટી પણ રસ ને કસમાં તેટલીજ જોરાવર ને દિલચસ્પ છે. તેના લેખક ભાઇ 'બુલબુલ' એક ઘણા જાણીતા ને કસાયલા વાર્તાનવેશ છે. તેમની અનેક નવલકથાઓ ગુજરાતી વાંચનારી આલમના મોટા આદરને પ્રાપ્ત પૂરવાર થયલી છે એટલે તેની કૃતેહ માટે અમને તો અવલથીજ કશો શક નથી.

બરજોર નામુ.

પારસીઓની પૂરાતણ તવારીખ "શાહનામા"ના વિશ્વ વિખ્યાત કાવ્યમંથથી અમર રહી છે. એ શાહનામુ અનેક લેખકોએ ફારસીમાંથી ગુજરાતીમાં ઉતારી વાંચનારી આલમ સમક્ષ ધર્યું છે. કવિ આદીલ તેનો બોલે બોલ તરજુમો બયતબાજીમાં કરી તેના વોલ્યુમો બાહર પાડતા રહયા છે અને એજ મશહુર પારસી કવિ-બરેબર તો 'નવરંગ'ના મનાઇ ચુકેલા રાજ કવિની ચુનંદી કલમથી પારસી તવારીખની બીજી મોટી સાહદત પૂરતું પુરાણું બરજોર નામુ તમામ બયતબાજીમાં અમોએ રચાવા માંડયું છે અને તે નવરંગના નવા સાલના અંકથી દર મહીને કટકે કટકે રજુ થનાર છે. બરજોર નામુ વિર શૃંગાર અને કરણા રસમાં એટલું તો રસીલું છે કે તે હાથમાં લીધા પછી પુરૂં કર્યા વગર બાડવાનોજ વિચાર થતો નથી એમ અમારૂં તેમજ એ વાંચી જોનારાં લગભગ દરેકનું બેતકરાર માનવું છે. વરસોની વાત ઉપર તે મુંબઇ સમાચાર છાપાખાનામાંથી કેટલાંક વોલ્યુમોમા ગદ્યમાં બાહર પડયું હતું કે જેની બધી તો શું પણ થોડીક ભુલી ચુકી એકાદ દોકલ પ્રત પણ મળવી હાલમાં મુશ્કેલ છે તે બડી જહેમતથી ને કેટલાક ભોગે અમે હાથ કરી છે અને કવિ આદીલને તે બયતબાજીમાં ફેરવવા સપુર્દ કરી છે. કવિશ્રી એ કામ ઉપર પુર ઉમંગથી વળગી ગયા છે અને નવરંગના વાંચક વર્ગના દિલ બહેલાવવા તેમની એ રંગીલી ને દિલપઝીર બયતબાજી માસ સપ્લેમેન્ટરથી ઘણા સારા જોવા જડ્યામાં રજુ થનાર છે. એ બરજોર નામુ અમારા હમદીન વાંચકો માટે તો અનુપમ મોજનુંજ સાધન પૂરવાર થશે; પણ અમારા હિન્દુ અને મુસ્લીમ વાંચનારા મહેરબાનો માટે પણ તે એક દિલ બહેલાવનારંજ સાધન થઇ પડશે એવી અમને ખાતરી છે કેમકે તેમાં જહાંપહેલવાન રૂસ્તમના જગમશહુર બેટા સોરાબના દિલેર પુત્ર બરજોરની જીંદગીનો પરીપુર્ણ અહેવાલ રજુ થાય છે. અનેક લડાઇઓ, રાજદ્વારી કાવાદાવાઓ, કુટુંબી કલેશો ને અસલના જમાનાની પહેલવાની હુન્નરમંદીનો મનઆકર્શક ચિતાર તેમાં બહુજ સુંદર ઢબમાં રજુ થાય છે, અને કવિ આદીલની ધરડી કલમ કાંઇ અવનવોજ રંગ જમાવશે એ નિર્વાવાદ છે.

નવી ભેટ.

પણ કદાચને એ સર્વ કરતાં તો અમારી નવી વાર્ષિક ભેટ વધુ ધ્યાન ખેંચનારી ને દિલખુશ કરનારી પૂરવાર થશે. ગયે સાલ ભાઇ બહમનજી નવરોજજી કાબરાજીની લોકમાતીની કલમથી લખાયલી ધરાની સંસારની મનોહર વારતા 'દેલજંગ દલેર' અમોએ ભેટમાં આપી હતી. મગરૂરીની એક વાસ્તવિક ઉર્દ સાથ કહી શકીશું કે એવી એક મનમાનતી ને દીલ

બહેલાવતી મોટી ભેટ ગુજરાતી વાંચનારી આલમને કદી કોઇ માસિકે આપી હોય એમ જણાયલું નથી. તે એક એવી ભેટ હતી કે જે તેનાં આપનાર ને લેનાર બંનેના દીલખુશ કરનારી અને બંને માટે પ્રશંસાના ઉદગાર કઢાવનારી હતી.

પ્રશંસાના ઉદગાર એ શબ્દ ઉપર અમો ખાસ ભાર મેલ્યે છીએ કેમકે તે દરેક મેહેરબાન ગ્રાહકે વખાણી છે અને વળી તેની કદર પણ તેટલીજ પુરતી ને બળવાન થઇ છે. ભેટની બુક બહાર પડતાંની સાથજ ગોયા એક ટીટજ તેની પર પડી હતી; એટલે સુધી કે નવરંગનો નેરોજી નંબર મોટી સંખ્યામાં જરતી છપાવેલો હોવા છતાં જલદીજ ખપી ગયો હતો. અને તે મોંઢ માંગી કીમતે જેમ તેમ અમને નવા ગ્રાહકોના દરારાને પૂરા પાડવા પાછાં મેળવવા પડયા હતા. કીંતુ તેમ છતાંબી ઘણાકોને નાઉમેદ થવું પડયું હતું. આ વેળા આમ ન થવા પામે તે વાસ્તે આ 'જરા ધ્યાનથી વાંચશોજી' ની રાબેતાની લખાવત અમે વહેલા કર્યે છીએ. વાંચક મહેરબાનોનું ધ્યાન તે ઉપર સવેળાએ ખેંચવા રજા ચાહીએ છીએ અને અમને ઉમીદ છે કે આ અદના લખાવત ઉપર ધટતુ લક્ષ આપી નવા ગ્રાહકો પોતાના મુબારક નામો તાબડતોબ રેજીસ્ટર કરાવી લેવા મેહેરબાની ફરમાવશે. આ વેળાની ભેટ પણ બાઇ બહમનજી કાબરાજીનીજ કસાયલી કલમનું પરીણામ છે. એ વારતા 'સંસાર' વરસોની વાત ઉપર–લગભગ અમારા જનમની બી અગાઉ–લખાઇ વંચાઇ અને વખણાઇ હતી, અને તેની ચોપડીની ફાટીતુટી નકલ પણ આજે મોંઢ માગ્યે દામે મળતી નથી એનો પ્રતપક્ષ અનુભવ અમને છાપવા જોઇતી એક નકલ મેળવવાને ભારી શ્રમ ઉઠાવવો પડયો છે તે ઉપરથી થયો છે. બાઇ બહમનજી કાબરાજી પોતાની નોવેલોના ખપત વીશે જે ચાલુ પરપારો કરે છે તે કેટલાકોને ખુંચે છે, કેટલાકો તેને સરાહગાત ને ફેંકાફેંક માને છે પણ 'સંસાર'ની જુની નકલ મેળવતાં અમને જે અડચણ વેઠવી પડી છે ને મુશકેલી નડી છે તે પરથી અમો ખરેખર રીતે જોઇ શકયા છીએ કે તેમના એ ચાલુ કથનમાં સહજ બી અતિશ્યોકતી કે સહરાગાત નથીજ. 'સંસાર' પારસી સંસારીની એક વારતા છે અને તે વાંચવાનું શુરૂ કરતાંજ એક સામટી પુરી કરી લેવાનું મન તાબડતોબ થાય છે એવી તે દિલચસ્પ છે. એ વારતાનું પુસ્તક 'દેલજંગ દસેરે'ને મુકામજલેનુંજ થશે, અને તે નવરંગના નવા તેમજ જુના ગ્રાહકોને એક ઘણીજ આવકારદાયક ભેટ થઇ પડશે એમ જાહેર કરતાં અમને ખુશી ઉપજે છે.

વળી એ સર્વ ઉપરાંત ટુંકી વાર્તાઓ, કવિતાઓ, નિબંધો રમુજો વગેરે તો દર માસે રમુજજ થશે, એટલે સામટી રીતે નવરંગ નવમાં સાલ દરમ્યાન પોતાની આગલી પ્રતિષ્ટામાં ઘણો સંગીન વધારો કરી વાંચક વર્ગના વધતાં વહાલ ને આદરને પ્રાપ્ત થશે એ નીસંદેહ છે.

એક અરજ છેવટમાં અમો વાંચક મેહેરબાનોને મહેલ્લાં જોગો આવતા સાલ દરમ્યાન ગ્રાહક તરીકે રહેવા રાજી ન હોય તેવાઓને કરવાની રજા લઇએ છીએ. મેહેરબાની કરી તે મતલબની લખાવતનો એક પોસ્ટકાર્ડ અમને વેળાસર લખી મોકલવાની નમ્ર એલ્તેમાસ અમો ભાર મેલીને તેવાઓને કર્યે છીએ. એમાં કશું શરમાવા જેવું કે ઓશકોવાનું નથીજ. જે મેહેરબાનો પ્રમમથી અમને જણાવી દેતા નથી અને પછી ભેટની બુક વી૰ પી૰ થી મળતાં તે છોડવી લેતા નથી તેઓ અમને નાહકમાં દખલ નુકશાન કરે છે. અમારાં ગરીબ ખીસાંમાંથી તેઓ સરકારને ખોટી કમાણી કરાવે છે ને વળી ભેટની ચોપડી તમામ ફાટીતુટી હાલતમાં ટપાલ ખાતું અમારે ત્યાં નાંખી જાય છે જે વળી એક વધારાનુંજ નાહક નુકશાન અમને પુગે છે. શું એ વાજબી છે? શું એનો અટકાવ થવાની જરૂર નથી? બેશક છે. અને તે એક નજીવા પોસ્ટકાર્ડથી અટકી શકે એમ છે એટલે તેમ કરવાની અમે તેવા મેહેરબાનોને ખાસ મનજીતાથી ભલામણ કર્યે છીએ.

બાટલીવાલાની ૪૦ વરસની પ્રખ્યાત દવાઓ

બાટલીવાલાનું ઑપ્યુમીક્ષચર—અફ્યુની ગોળીઓ.
બાટલીવાલાનું-(ટૉનીક સીરપ) બાલામૃત.
બાટલીવાલાનું (કયોર ઑલ) બામ.
બાટલીવાલાની કયુનાઇન ટીકડીઓ.
બાટલીવાલાનું ડાઅેરીયા (કૉલેરોલ) મીક્ષચર.
બાટલીવાલાની ટોનીક પીલ્સ.
બાટલીવાલાનું-દરાજનો મલમ.
બાટલીવાલાનું-દાંતનું મંજન.
વેપારીઓને કીફાયત ભાવ. પ્રાઇસ લીસ્ટ માટે લખો.

ડો. એચ. એલ. બાટલીવાળા સન્સ એન્ડ કું૦ લીમીટેડ.

શાપુરજી એચ. એલ. બાટલીવાલા, મેનેજીંગ ડાયરેકટર.
પી. ઓ. વરલી, મુંબઇ નં૦ ૧૮.

તારનું એડરસ-"*Cawashapur*" *Bombay.*

ગ્રાંટરોડ વેરથી તમારે મારકીટ વેર ધકેલા જાતા જવાની કંઈજ જરૂર નથી.

જામ, જેલી, બીષ્કુટ, સારડીન, કોકો, ચૉકલેટ, ઇ. વેલાતી ખોરાકી; સેન્ટ, લવન્ડર, કોલોનવૉટર, સાબુ, તેલ, હેરઓઇલો, જાતજાતના મેકરોના; જેપાનીઝ અને ચાઇનીઝ કટલરી; તથા ભેટ સોગાટને લાયકની હમા ચીજો; પેટન્ટ મેડસીનો, અને પરફમયુરી. મારકીટ ભાવે અમો વેચ્ચે છીએ.

ભેસાન્યાની કું.

સ્લેટર રોડ, ગ્રાંટરોડ, મુંબઈ.

પીરોજશાહ અને ખરશેદજીની કું૦

હમારે ત્યાંથી નવસારીની દસ્તી, નારાં, ઘી, ખાંડ, મેવો, દરેલો મસાલો, ચાહે, કોફી, સુખડ, લોબાન, અગર, બચ્ચાંના રમકડાં, નવાં વરસનાં ત્યા બથ દે કાર્ડો, ભેટ આપવા લાયક ચીજો; ત્યા દરેક જાતનો વિલાયતી માલ, પેટન્ટ દવાઓ, વિગેરે કીફાયત ભાવે મલશે.

ઠે૦—તાપ્યા બીલડીંગ, રેલ્વે હોટલની સાંબે ચર્ની રોડ જંકશન, મુંબઇ.

પારસી કીર્તિનો વિજયડંકો.

(લાવણી.)

તાગડધિન્ન બધે ગગડે, તમ કીર્તિતણા ડંકા;
પારસીઓ! કીર્તિતણા ડંકા:
શિત હિમગિર ઉત્તરે સુણે, ઠેઠ દક્ષિણે લંકા!
કહો રે! એમાં થી શંકા? —(ધ્રુવ.)

કીર્તિતણા એ પડઘાઓથી ધરા દ્રવે અત્યંત:
પારસીઓ! ધરા દ્રવે અત્યંત:
આભે પ્રતિઘોષ અથડાતાં વિદ્યુત ચમકે દિગંત;
અહો રે! કરપોક બને જીવનંત! ૧.

સાત સમુદ્ર નભતક ઉછળે, ગગને છાયે અંધાર;
પારસીઓ! ગગને છાયે અંધાર:
સ્વર્ગ, મૃત્યુ ને પાતાળે પણ પથરાય ત્રાસ અપાર;
ખરે રે! વિજય ગણાય જગદ્વાર! ૨.

કણકણ ધડકાં જેમ જણાતી, ક્ષણ ક્ષણ થાતી ક્ષીણ:
પારસીઓ! ક્ષણ ક્ષણ થાતી ક્ષીણ:
ધનધન એવી નાની કોમે કરવું બજાવ્યું કામ સંગીન
કરે રે! ઉત્કૃષ્ટ તે દિન દિન! ૩.

દાદાભાઇતણું નામ સુણતાં ધ્રુજણી વ્યાપે રોમરોમ,
પારસીઓ! ધ્રુજણી વ્યાપે રોમરોમ:
હિન્દતણો ઉધ્ધારક ઝળકે જયમ રવિ, જયમ સોમ!
ખરે રે! ગવિષ્ટ બને હમકોમ. ૪.

દેશનું દારિદ્રય દૂર કરવા, તન મન ધનનો ભોગ,
પારસીઓ! તન મન ધનનો ભોગ
આપનાર નીકળ્યો એજ વીરલો–કેવો અજબ સંજોગ!
અરે રે! મટાડયો દેશનો રોગ! ૫.

તાતા નામના બણુકારા તો સમજાય ઠેરે ઠેર,
પારસીઓ! સમજાય ઠેરે ઠેર:
ભારતનો ઉદ્યોગ વિકસવવા ખર્ચી ઉભા કંઇ ક્રોડ;
આહ રે! મળે ન જેમની જોડ! ૬.

ધન્ય હો ખુરશેદ દેશાઇને! ધન્ય ધન્ય લક્ષ્મવાર,
પારસીઓ! ધન્ય ધન્ય લક્ષ્મવાર!
કોમમાંથી કુલ્હેમો કાપી બન્યો રક્ષક સરદાર:
વાહ રે! કીધો ખરે ધર્મોધ્ધાર! ૭.

મહાન ગુરૂ મહેરજી રાણા નામ કદિ કહેા ભૂલાય?
પારસીઓ! કદિ કહેા ભૂલાય?
ધર્મ તણી ધજા ફરકાવી અકબર દરબાર માંહ્યઃ
નહીં રે! એવાં કામ કોઇથી થાય! ૮.

સભાવતી "સર જમશેદજી" નામ ખૂણે ખૂણે પ્રખ્યાત,
પારસીઓ! ખૂણે ખૂણે પ્રખ્યાતઃ
જાપાનથી જર્મેકા સુધી જેનો સુજશ સાક્ષાત!
અહીં રે! જોઇ ન કોઇ નાત જાત! ૯.

દેશદાઝ ને કર્તવ્ય પર જે હતો જ્ઞાન અફશાન,
પારસીઓ! હતો જ્ઞાનઅફશાનઃ
સાત ખંડમાં ડંકા બજાવી વધાર્યું કોમનું માન;
હા રે! શેહથેા ખરેા બળવાન! ૧૦.

ચપળ એવેા ચપળાસમ ચળકે ચાંગાશા બહાદુર.
પારસીઓ! ચાંગાશા બહાદુરઃ
અબળ પ્રજાને સબળ બનાવી થયેા નરેશ રણધીરઃ
ના રે! નમ્યું કોની જેનું શિર! ૧૧.

હાક જેનીથી હચમચતા રહે દશ દિશના દિગ્પાળ,
પારસીઓ! દશ દિશના દિગ્પાળ!
પહાડ ફાડે ને સાગર સોખે—બીજો ફરતમે ઝાલઃ
ખરેા રે! બન્યેા કોમનેા રખવાળ! ૧૨.

એવા એવા અદ્ભુત અગ્રેસર ઉદ્ભવ્યા અગણિત,
પારસીઓ! ઉદ્ભવ્યા અગણિતઃ
ધર્મરક્ષક, પ્રજાપાળક ને હાતમહિલ, પંડિતઃ
નરેા રે! થયા જે નામાંકિત! ૧૩.

નવ નવ ગજ છાતી રહે ફુલી એવાં જેમનાં કામ,
પારસીઓ! એવાં જેમનાં કામઃ
નૌતમ નવસારીથી નિપજ્યા બધા નરેા નેકનામ,
ખરા રે! મગરૂર કરે સહરશ્યામ! ૧૪.

તાગડધિન્ન બધે ગગડે, તમ કીર્તિ તણા ડંકાઃ
પારસીઓ! કીર્તિ તણા ડંકાઃ
પાડ પરવરનેા માની કહેા નિત સૌ રાય ને રંક આઃ
'સરા રે નવ*, સ્થળ સ્થળ જપંકા!' ૧૫

જે. એમ. હોરમસજી.

* "નવસરા" એ નવસારીનું પુરાણું નામ છે.

"એ હેરાનો જવાબ."

એક ટુંકી વાર્તા.

લખનાર:-Niobe.

—:o—

પ્યાર અને પૈસા.

મલબાર હીલ ઉપર આવેલાં એક અતી સુંદર મકાનનાં સુશોભીત બગીચામાં આ વાર્તાની શુરૂઆત થાય છે. 'ધી વીલોઝ' ને નામે ઓલખાતા મી૰ અને મીસીસ બામજીના તે મોટા અને રોણકદાર બંગલામાં ઈલેકટ્રીક લાઇટનો ઝગઝગાટ, ને સોહોવામની સુંદરીઓનાં ખુશ્તુમા હસવાના અવાજ ત્યાંની અનુપમ સુંદરતામાં વધારો કરતાં જણાય છે, પણ એ બધાંથી દુર ત્યાંના બગીચાના એમાંતમાં, પુલોથી પમરી રહેલાં એક મોટાં મેંદી (મર્ત્તલ)નાં ઝાડની નાચે એક જવાન છોકરો, અને છોકરી વિચારવંત અને ગમખ્વાર ઉભેલાં જણાય છે.

તેઓ બેઉ અતીશે જવાન અને સુંદર છે, એ ડૉકટર કેકી લાલા-અને સેહેરાં બામજી, અને તે ખુશ્તુમા સાંહુજની મન હરી લીયે એવી ત્વાઇલાઇટમાં તેઓ બેઉ ઉભેલાં એક ઘણું દીલજીત પીકચર રજુ કરી શકે તેઓની બાજુમાં મોટા ક્રિસેનથી-મમસ, અને રંગબેરંગી નીસટેશ્યમનાં કયારાઓ સોભી રહેલા હતા. હારેહાર ઉભેલી ગુલછડીઓ, ને સફેદ, સુંદર મેગનોલ્યાનો સુવાસ ત્યાં પથરાયલો હતો, જ્યારે પ્રીકકા પોળા પણ અતીશે સુંદર પુલોથી ભરાઈ ગયલા લેબરનમનાં ઉચા ઝાડોની નીચે, એક મોટું સફેદ હોથોર્ન, ચકચકીત આઇવરીના ડામની પેઠે ઝળકતું ને રાત્રીની તે શાંત અને દીલપઝીર ખુબસુરતીમાં વધારો કરતું જણાતું.

"ત્યારે બાપણે છુટાં પડવુંજ જોઇયે-એમ સેહેરાં?" તે જવાન બોલતો સમજાયો, જ્યારે મોટાં દુખ અને નિરાસીથી તેનો સાહદ ઘાડો અને ધમધોર સમજાતો હતો, "મને ખરેખરૂં કહેવા માટે માફ કરજે, ડીયર, પણ ત્યારે એમજ કેની કે મારા જેવા એક ગરીબ ડૉકટરને તુ કબુલ કરી શકતી નથી? આહ! ગરીબી! ગરીબી! ગમે એવા સાચ્ચા પ્યારની વચ્ચે બી તું આવી શકે છે!"

દુખથી ભરપુર એક તીણી ચીચ્યારી તે છોકરીએ પાડી, અને આજુબાજુથી પોતાના બંને હાથો લંબાવ્યા.

"ઓ, કેકી, તું આવી રીતે ના બોલ. મને એવી ઘાટકી રીતે જજ નાં કર. ને કદીબી એમ ધારતો નાં, કે આપણાં પ્યારનાં કરતાં બી પૈસાને હું સર્વોપરી ગણું છું. ઓ, કેકી, જો તું મને સમજી શકતો હોય–અરે! જો તું જાણી શકે કે મારાં દીલમાં હમણાં શું થાયછ, તો મારી ખાતરી છે, ડીયર, કે તું કદીબી એવું હાર્શલી—હમણાં જેમ બોલ્યો તેમ–બોલી શકતે નહિ. અરે, ઘણી વખત તો પૈસા ને આય સુખ સગવડને હું ધીક્કારૂંછ. અરે! હું કેવું ચાહવુંછ, કે પૈસા, અને ગરીબી જેવું કંઇબી ડીસટીંકસન આય દુન્યામાં હોતેજ નહિ. તોજ તું મને બરોબર સમજી શકતે! હું જે બીહવુંછ, ડીયર, તે એટલાજ માટે કે એ ગરીબી વેઠવાની મારામાં પુરતી હીંમત નથી. બરૂં કેહું તો હું એક હીયકારી છું. મને ઘણી વેળા એમ લાગે છે કે ગરીબીની મુશીબત આય પ્યારનાં સ્વપનાઓને ફેરવી નાખી આપણી જીંદગીને એક ત્રેજેડીમાં બદલી નાખશે. ને તેથીજ–ડીયર, હું તુંને હમેણાં–આય હાલતમાં—પરણવાની હીંમત કરી શકતી નથી."

તે ધીમેથા ગમખ્વાર હસ્યો. "માઇ પુઅર ચાઇલ્ડ!" દીલગીરીથી મમતાથી તે એટલુંજ બોલી શક્યો.

"અરે, કેકી, મારી સાથ ગુસ્સે થતો નાં!" તે છોકરીએ પાછું સમજાવ્યું. "પણ આપરી બીઠાંનો દાખલો જો-જો, કે તે કેવી બદલાઇ ગેઇછ! હજુબુતો ફકત એ ત્રેવીસ વરસની છે–ને એની એ નાદની, છોકરવન ઉમરમાં, એનાં બે બેબીઝ, ને ઘેરની જંજાળ સિવાય આય દુન્યામાં બીજું કાંઇ ઈનટરેસ્ટ લેવા જેવું હોયજ નહિ તેમ—"

"પણ તે છતાં તે લોક સુખી છે, હાલીંગ, ઘણાજ સુખી. એ બધી જંજાલો છતાંબી બીહું ને બીનું બરેબરાં સુખી છે. તું કદી બી એમ ધારી શકેછ વારૂં કે આય દુન્યાના સર્વેથી બેમુળા બંધાણાને બાતરબી–એક ઘડીબી બીહું, પોતાના વર કે બચ્ચાંઓથી છુટી પડવા રાજી થાય?"

તે છોકરીએ નિરાસાથી બોંહ કરમાવ્યું.

"તે બધું તો બરૂં," તેણીએ ધીમેથી, દીલગીરીથી કહયું, "છતાં હું મને પોતાને બીઠાંની જગ્યાએ મુકી શકતી નથી, એ કહેવા તો પ્યાર, અને સુખ બાહેરના દેખાવે ગમે એવું ઝળકતુ જણાય, પણ હું નહિ ધારતી કે બાતેબુમાં તેટલું જ સંગીન કે સુંદર હોય. સહવારના ઉઠે ત્યારથી તે રાતના સુવે ત્યાં વેરની એકસરખી મેહનત ને જંજાલ, બીહું કદાચ કરી શકતી હોય, પણ ઓ, કેકી, કેકી, મને નહિ લાગતું કે તે મારાથી થઇ શકે! આય બધી સુંદર ચીજો જેણે હું ચાહવુંછ તે છોડીને હંમેશાંની પૈસાની તંગી ને દલદેશરી બમવાની જાણે મારામાં શકિતજ નથી, ને ઓહ, ડીયર, ડીયર, હું તુને ચાહવુંછ, તું સમજેછ કેની, હાલીંગ, કે તેથીજ હું તુને પરણી શકતી નથી, તુને પરણીને દુખી કરવા કરતાં–ગમે એ ભોગે હમણાજ છુટું પડવામાં આપણ બેઉનો ફાયદો સમાયલો છે! તું જતો રહે, કેકી,

ઠેઠેથી જતો રહે! હું હવે વધુ વાર એ અમી શકતી નથી, મને માફ કરજે, ડીયર, પણ-પણ--"

"ત્યારે સદાને માટે આપણે છુટા પડયે-એમજ એજ તારો વિચાર છે, સેહેરાં?" તેણે મોટાં દુખથી સવાલ કર્યો.

"હા, એમજ-એજ!" તેણી દયકા ખાતી બોલી. "ફકત મારામાં મારા કિશમત સામે લડવાની શકિત છે, તેટલાજ બ, કારણ મને લાગે છે કે જો આપણે પાછા મળ્યે તો-મારા-મારા-પ્યાર સાથે ટકી રહેવાનુ ઘણુજ-અરે, ઘણુંજ મુશ્કેલ થઇ પડે, ને વધતું દુખ અને દીલગીરી આપણી સામે આવી ઉભું રહે-તે પેહેલાં ડીયર, હવે તું બ!"

એકાદ મીનીટ ત્યાં અજબ જેવી શાંત ચુપકીદી પથરાઇ રહી ધીમી, નરમ પવનની લેહેરી ને ચકચકતા તારાઓનો પ્રકાશ, તુરતનીજ શરૂ થતી તે રાત્રીની સીરીન શાંતતામાં ઓરણી વધારો કરતા જણાતાં હતાં, ત્યાના ઝાખાં અજવાળામાં લગભગ કાળાં દેખાતાં મેંદીના પાદડાઓ તે છોકરીના દુખથી સફેદ બની ગયલા ચેહેરા સાથ અજબ જેવી ગંભીર ને ચિતાકર્ષક અસર ઉપજાવતાં જણાતાં, જ્યારે તેણીનાં ગળાં અને કાનોમાં પેહેરેલા હીરાઓ, ને સોભાયમાણ સાડી અને બ્લાઉસ પરનાં ઝગઝગતાં સીકવીનસ—ને ગરીબ ઉધરતો ડોકટર—અને તે પૈસાવાલાં કુટુંબની ખુણસુરત લાડકી (એક સ્પોઇલ્ડ ડાલીંગ) વચ્ચેનો મોટો ને કદી જોડી નહિ શકાય એવો તફાવત ઘણો ખુલ્લો ને દીલ ભેદી નાખનારી કિશમે બતાવતાં જણાતાં હતાં.

તે મોટી નિરાસી અને દુઃખ સહન કરવાની ઘણી હીંમતથી કોશેષ કરતો તે જુવાન ડોકટર એકાદ મીનીટ થોભ્યો તેણે લગ્યું કે એક પરીની નાજુકીથી પેહેરાયલો તે ઝગકતો સુદર પોશાક, ને મેંદીના ઘેરા ચળકતા પાંદડાઓથી શણગારાયલો તે સુફેદ ખુણસુરત ચેહેરા પોતાની જીંદગીની છેલ્લામાં છેલ્લી ઘડી સુધી કદી-કદીબી તે ભુલી શકશે નહી

"તારો જ્યારે એવીજ મરજી છે તો હુ જાઉંછ, ડીયર." તેણે એક છેલ્લી વાર તે મીઠા, ખુણસુરત ચેહેરા ને નાજુક ઉચા આકાર જોતાં કહયું. "સેહેરાં, હું જાઉંછ, પણ મારૂ દીલ, મારૂં જીગર, મારૂં સઘળું સર્વસ્વ તારા પગ પાસ મેલીનેજ જાઉંછ. આવતી કાલે સવાર પડી તુ કદી મને હયાં જોશે નહિ અને તારી ખુબસુરત, મધુર જીંદગી વચ્ચે આવી. મેં કાઇંબી દુખ તુંને ઉપજાવ્યું હોય તો મને માફ કરજે મને માફ કરજે, ડીયર, ને કોઇ કોઇ વખતે—મારા પ્યારના 'ભાગીને ભુકો થયલા આ સુંદર સ્વપનાઓ માટે-દયાથીજ વીચાર કરજે!"

ખરૂં સુખ કયાં છે?

તે ગયો. અને સેહેરાંની જીંદગીનો સઘળો સુખી ચલકાત, અને પ્રેમનો પ્રકાશ લેતો ગયો. અને તે ધ્રુજતી, કાપતી, તુટેલાં જીગરે, તેની પાછ

રાહ જોતી, તારાઓના ચકચકતા પ્રકાશમાં એકલી અટુલી ઉભી. જ્યારે તે ખરેખરો ગયો ત્યારેજ તેણીએ જાણ્યું કે તેના ગયાથી તેણીએ શું ગુમાવ્યું હતું. અરેરે! ત્યારેજ તેણીને ખ્યાલ થયો કે ગળાં અને કાનમાં ચકચકતા હીરાઓ, અને જ્યોરજેટ અને નીનોનના સુંદર પોશાકો ધરાવવા કરતાં એક ગરીબ પણ સાચ્ચા માણસનો ખરો પ્યાર ધરાવવો એ હજારો ઘણો વધુ અમુલ્ય છે.

તેણીએ કાંઇ બોલવાની ચીસ પાડી તેને જતો અટકાવવાની એક વ્યર્થ કોશેશ કીધી, તેના સુકાં તપ થયલાં ગળામાંથી એક શબ્દ પણ બાહેર પડયો નહિ, અને તુટેલાં જીગરે જવાન ડૉ૦ લાલા સદાને માટે તેણને છોડી ગયો.

કેટલેક વખતે જ્યારે તે દીવાના બનાવતા ખ્યાલોમાંથી તે બીદાર થઇ કે તુરતજ તે અંદર દોડી.

"બ્હાલા મમા," તેણીએ પોતાની માતાને પહરોણાઓ વચ્ચેથી સોધી કહાડતાં ને લગાર એકાંતમાં લઇ જતાં કહયું.

"હું જરા આપરી મીઠાંને ત્યાં જઈ આવું છ જો મને લેટ થાય તો મારી વાર જોતાં નામને કાંઇ ઘણું અગત્યનું કામ છે. આપરાં ગેસ્ટસ જાય ને તમે લોક જમી લેજો, કદાચ મને ત્યાંથી આવતાં વારખી થાય"

અને હવે ત્યાંથી તે ઘણી ઝડપથી મોતર-ગેરાજ તરફ દોડી, "એડવર્ડ," તેણીએ કહયું. "મને જલદીથી મોતર જોઇયેછ. મને ઘણું ઉતાવલે બાહેર જવું છે."

જ્યારે તે કાર બાહેર આવી કે તુરતજ ધ્રુજતા હોઠે મીઠાનું ઠેકાણું કહેતાં તે નીસોસા જેવી અંદર અધેલાઇ પડી, અલબત મીઠું તેઓની દુરની સગી ઉપરાંત જીવે જનની સહી હોવાથી, સેહેરાંની આ કવખતની વીઝીટમાં, તેની ફેશનેબલ મમાએ કાંઇપણ ઝાઝું અજબ થવા જેવું જોયું નહિ.

પોતાની બેઉ બાજુએ હારેકટાર ઉભેલી બબે, ત્રણ ત્રણ માળની બીલડીંગો તરફ જોતી સેહેરાં ઘણી દુખી અને વિચારવંત દીસ્તી હતી, ઠેકાઇક બીલડીંગોમાંથી ખુશનુમા હસ્વાના અવાજ સભલતા-તો બીજી કોઇમાંથી ફીકકા કંટાળેલા ચેહેરાઓ અને સામલાં અવતાર બેઅવતાર બચ્ચાંઓને બારીએ ઉભેલાં તે જોઇ શકતી. એક માલની બાલકણી ઉપર તેણીએ એક જવાન છોકરીને ઘરમાં પેહેરવાની સુતરાઉ સાડી સાથ ઉભેલી જોઇ. સાદી છતાં-તે કેવી સંતોસી, અને ખુશાલ દીસ્તી હતી.

"અરે! શું કોઇ દીવસ હું બી એમજ મારા કેકીની વાર જોતી એકાદ એજ બીલડીંગમાં ઉભી રહેવશ?" તે મન સાથ અજબ થતાં બોલી. "હું અજબ થાઉંછ કે એ લોકો પાજની સાડી પેહેરતાં હોશે કે મઝલીનની? મને લાગેછ કે લોંગ કરતાં શૉર્ટ સ્લીવ્સ કામકાજમાં વધુ બીકમીંગ થઇ પડે!"

એવા એવા વિચારો કરતી તે અંતે મીઠુવાલી બીલડીંગ આગલ આવી પુગી. તે લગાર મધ્યમ વર્ગના લોકોથી એક ચીકાર ભરાયલી મોટી ચેહેલી હતી.

તે સુંદર મોટી કારને ત્યાં થોભેલી જોતાં સંધ્યામંધ ડોકાંઓ આતુરતાથી બારીઓથી તીંગાતાં તે જોઈ શકી

તે ત્રીજા માલ ઉપર આવી પુગતાં તેણીએ જોસથી ત્યાંનો બૅલ રીંગ કીધો. જવાબમાં બારણું ખોલતો એક ઉંચો ખુબસુરત જવાન ત્યાં આવી ઉભો.

"હલ્લો, સેહેરાં!" તે જવાન જે અલબત મીઠાંનો વર મીનુ હતો, તે તેણીને જોતાં સાથ ઘણી ખુશાલીથી પોકારી ઉઠ્યો, "અત્યારે તું કાંઈ હુયાં? મીઠુ! મીઠુ! અહિં આવ, ડીયર, ને જો! કોઇ ફેરી પ્રીનસેસ આપરે ત્યાં આજે, ઉતરી આવેલી છે!"

જવાબમાં સુંદર પણ ફીક્કી, લગાર ઢાકેલી, કંટાળેલી મીઠુ, પોતાની પોવાઇને રંગ ઉડી ગયલી સાડીના ફ્રોડસ સીધા કરતી, ને કપાલ ને ગળાં ઉપર વીખરાઈ પડેલા સુંદર વાળોને ઉંચા ને ડીસંટ બનાવવાની કોશેશ કરતી ત્યાં આવી ઉભી. સેહેરાંને જોતાંજ ખુશાલીની એક ચીસ સમેટ ઘણાં ઘણાં હેતથી તે તેને વળગી પડી.

"ડીયર, ડીયર, સેહેરાં!" તે ઘણાં વહાલથી તેને કીસ કરતા બોલી. "હું કેટલી ખુશી છેઉં તુંને જોઈને આહ! વોટ આ પીકચર યુ આર—"

"મીઠુ" મીનુએ હસ્તાં હસ્તાં કહયુ "શેહેરાંને કૉમપ્લીમેનટસ તો હું બી આપી ચુકો. હવે તમે બેઉ જણાં બેસીને ખુબ તરીસે વાતચીત કરી લેઓ—કે તેટલાં હુબી મારૂ લખવાનું પુરૂ કરીને આવો!"

તે બેઉ સહીઓ હસ્તી હસ્તી તે નાહનકડા સોઇંગરૂમનાં એક દીવાન ઉપર બેઠી. જ્યારે મીનુ પોતાના રૂમમાં ગયો

"સેહેરાં આય લવલી જ્યોરજેટ તેં કેમ લીધુ, તારાં પેનડન્ટના હીરા કેવા શાઇન થાય છે, આજનો તારો ડ્રેસ ઘણોજ—ઘણોજ પરફેકટ છે. તારા ચેહેરા ને ફીગર સાથે આય મોવ કલર કેટલો લવલી—" થોડી ઘણી વાતચીત પછી મીઠુએ સવાલ પર સવાલ કરવા માંડયા.

જવાબમાં સેહેરાં સહેજ હસી. મીઠુની તેના પોશાક બાબેની બધીશાઈ ને વખાણ જોતાં તે ઘણી અજબ થઈ.

"તું કાંઇ સીક હતી વારૂં, મીઠું?" તેણીએ તે ફીક્કા ચેહેરા, ને જ્હાંના કચડાયલા બાંધા તરફ દયાથી જોતા કહયું. "તું આજે કાંઇ ઘણી થાકેલી ને ફીક્કી લાગેછ."

"હું સીક નથી, સેહેરાં," મીઠુએ કહયું. "પણ હું ઘણી થાકી ગયલી છેઉં. ને આય ગરમીથી મારો જીવ ઘણો બેકરાર થાય છે." ને એમ કહેતાં પાછું બેધ્યાનપણે તેણીએ પોતાની સહીના કેસનાં સિફોન, અને સેટીન સાથે રમત કરવા માંડયું.

"સેહેરાં," એવામાં તેણીએ એકાએક કહયું. "હું કાંઈ તુને કહેવા માંગું છું. કોઈ વખત મને લાગે છે કે હું ઘણીજ ખરાબ ને અસંતોસી છેઉં. એ બાબે તું મને કાંઇ સલાહ આપી શકશે ?"

તેની સહીએ તેને ઘણાં વ્હાલથી ઢેયાં સરસી ચાંપી. "તુને જેણી કાંઈ કહેવું હોય તે કહે, ડીયર કારણ હું પોતેબી કંઇ તાહરી સલાહજ લેવા આવેલી હેઉં."

"સેહેરાં," બીકુએ ધીમેથી કહયું, "હું તુને કાંઇ કહેવા માંગું છું. કોઇ વખત મને લાગેછ કે આય એક સરબી જીંદગીથી હું મેઉ થઇ જવશ. મારા બીનુ તરફના મારા મોટા પ્યાર છતાં, અરે, સેહેરૂં કોઈ વખત તો હું એમ ધારૂંછ કે મ્યુઝીક, પીકચરસ, બુકસ, એ ચીજો દુન્યામાં છેજ નહિ. આમ હમારી લાઈફમાં કાંઇબી બ્યુટી કે ઇનટરેસ્ત જાણે મલેજ નહિ. જો મારી પડોસનો વાતબી કરશે તો બસ—છોકરાં, સીકનેસ, મોંઘવારી ચાકરોની ફરયાદ-એ સિવાય બીજું કાંઈજ નહીં, જ્યારે કોઇ સુંદર ડ્રેસ થયલી હસ્તા ચેહેરાની છોકરી હું જોઉં છું-જેમ મેં આજે તુને જોઈ-ત્યારે મારૂં બધું દીલ તેની તરફ ખેંચાઈ જાય છે. મારાં બેબીઝ મને ઘણાંજ વ્હાલાં છે, તોબી કોઈ વખતે તે લોકનું કામ કરતાંબી હું થાકી-થાકીને કંટાળાઈ જાઉં છું. તુને નહિ લાગતું ડીયર, કે હું ઘણી અસંતોસી છેઉં. ફકત કોઈ-કોઇ વખતેજ મને એમ લાગે છે પણ જ્યારે હું શાંત થાઉં છું ત્યારે તો મારાં બચ્ચાં, ને મારો વર મને સૌથી વ્હાલાં લાગે છે-એટલાં બધાં-કે આખી દુન્યાનું મ્યુઝીક કે મજાહને વરેબી એક પાંચ મીનીટ બી એ લોકથી છુટી પડવા હું રાજી થાઉ નહિ. હવે તું મને એમાં કાંઇ સલાહ આપી શકશે વારૂ, સેહેરાં, કે જેથી હું મારા આય ખરાં સુખ છતાં નાહક બલાપો કરી દુખી થાઉં નહિ ?"

"શું હું જે પુછું છ તેનો જવાબ મને મળશેજ નહિ ?" જરાવાર રહી સહેરાંને નિરૂતર જોઈ તે બોલી.

તેની સહીનો ચેહેરો એ બોલો સાંભળતાં હતો તે કરતાંબી વધુ સફેદ બની ગયો, જે મુશ્કેલીને બાતર બિહને તેણીએ પોતાના પ્યારને જતો મુકયો હતો-તેવીજ એક મુશ્કેલી આ તેની સહીની બી હતી. તે કે જે મદદ માંગવા આવી હતી-તેનીજ સાંબી સલાહ તે પુછતી હતી. હવે તે શું કહે ? શું સલાહ આપે ?

તેણીનું હરૂદય ધ્રુજી આવ્યું, અરે, ઓ, ખુદા ! ત્યારે શું પોતાના પ્યારથી જુદી પડવામાં તે વાજબી હતી ? ગમે એવા સાચા પ્યારનું સેવટ શું એક બીબી અને છુપી ત્રેજેડીમાંજ આવતું હશે ?

"બીકુ, ચાઈલ્ડ, તું અમથીજ નાહીંમત થઈ ગઈ છે," પોતાના જીવને જેમ તેમ ઠંડી, તેણીએ ધીમેથી, પ્યારથી સમજાવ્યું. "તું મને કહેશે વારૂં, કે છેલ્લી બાહાર તું કયારે ગઈ હતી ?"

"ઓહ, હવે મને યાદબી નથી." બીકુએ કહયું. "બચ્ચાંઓને મુકીને હું બાઝી બાહેર જઇ શકતી નથી, તેમાં રાતનાં તો મુદ્દલજ નહિ. ને બીનુ તો જે આવે

તો રાતનાજ આવી શકે। ગેઈ થંડીમાં હુમે એક વખત ઍકસેલસીયોરમાં 'ધી ટેમપેસ્ટ' જોવા ગયાં હતાં. ત્યાર પછી ક્રેઠેબી નહિ, તે બી બિચારાં પોસેનાં સીરીનબાઈ એક રાત છોકરાંઓ આગળ રહયાં ત્યારેજ."

"પણ મીઠાં—શું થોડો વખત ગુલ હયાં આવીને બેબીઝને સંભાલી નહિ શકે? એનો તો બચ્ચાંઓ પર ઘણોજ પ્યાર છે."

મીઠાંનો ચેહેરો એ સાંભળતાં ઘણોજ નરમાસભર્યો ને પ્રેમવંતો બનેલો દીસ્યો.

"મારી ગુલ તો આવે—પણ હુજ એને બોલાવતી નથી. કારણ હમણાંજ થોડા વખતની એ અદલાયલી છે. ને એનાં એ સુખી દીવસોનાં મારાં બચ્ચાંને મારાં ઘેરની જંજલથી હું હરકત કરવા માંગતી નથી. કારણ હમણાંજ તે વખત છે. જ્યારે જીંદગીનું સોનેરી બેહેસ્ત એ મેલવી શકે-પછી તો જજલ અને આપદા લખાયલાંજ છે."

સેહેરાંએ ઘણાં વ્હાલથી તે નાજુક સફેદ હાથ પોતાના હાથમાં લીધો.

"મીઠુ ડાર્લીંગ," તેણીએ કહયું, "મને લાગેછ કે તારૂં કાંઈબી દુખ હોય તો તે ફકત લગાર એકસરખી ને એકાત જીંદગીનુજ છે તારી લાઈફમાં ને થોડો વધુ ઈનતરેસ્ત ને વેરાયટી ઉમેરાય તો તું એક સૌથી સુખી છોકરી થઈ શકે! મારૂં એક કહેલું તું કરશે? વ્હેલી ડેસ થા, ડીયર, ને તારા મોતુને લઈ મારી કાર નીચે ખોટી છે તેમાંજ એક લાંબી ને પ્લેઝન્ટ ડ્રાઈવ લઈ આવ ને પછી ગમે તો મમાંને મલતી આવજે, કારણ હમારે ત્યાં આજે થોડાંક ઘણાં મ્યુઝીકલ પહરાણાઓ આવેલાં છે. ને મારી ખાતરી છે કે સીટલાંનું મ્યુઝીક તારા બેકરાર જીવને ઘણીક રાહત આપશે. વેકી ના, ડીયર, તું આવે ત્યાં સુધી હું બચ્ચાંઓ આગલ રહેવશ."

"અરે, મેહેરાં ડીયર, હું તારો કેમ ઉપકાર માનું. પણ મને હજુણ તો તારી સાથે ઘણી ઘણી વાતો કરવાની છે!"

"મીઠુ, હું પ્રોમીસ આપુંછ કે હવે ઘણી વ્હેલીજ હું પાછી તુને મલવા આવશ. ને હવે તું વ્હેલી સીધાર. તેના બદલામાં ફકત એક કલાક તારા ઘેરમાં તારા બચ્ચાંઓ સાથે હુ એકલી રહેવા માંગું છું. મારા મનમાં કાંઇ મુશ્કેલી-કાંઇ ચોકસ વાતનો ગુચવાડો છે, તે જો હું એકલી હોવશ તોજ મટી શકશે. એ એક ફેર એકસચેન્જ કહેવાયની વારૂં?" તેણીએ છેલ્લાં હસીને સવાલ કર્યો.

મીઠુ થોડીક પળ વિચારમાં ઉભી રહી. પછી વાંકી વલો સેહેરાંના માથાં ઉપરનો સોનેરી રકાફ શેહેજ ખીસાડી, તેણીનાં ગોરાં કપાલ ઉપર ઘણુંજ હેતથી તેણીએ એક કીસ લીધી.

"વ્હાલી સેહેરાં," તે ઘણાંજ પ્યારથી બોલી, "હું તારો કેમ ઉપકાર માનું!" ને [illegible] થવા [illegible]

આસરે પાકલાક પછી હુરતાં ને ખુશાલ બે છોકરાંઓ પેઠે સેહેરાંનો ઘણો ઘણો ઉપકાર માનતાં—મીનુ ને મીકુ—તે નીચે ખોટી થતી કારમાં ઉપડી ગયાં. ને સેહેરાં બામજી પોતાના વિચારો સાથે પાછી એકલી પડી.

હવે તે એકલી હતી. તદ્દન એકલી ને તેણીને લાગ્યું કે હવેજ તે પ્યાર અને પૈસા વચ્ચે ચાલતી લડાઈને કોઇપણ રીતે જીતી શકશે. અને તેણીનો પ્યાર કે સુખ સગવડ-એ બેમે કાંઇપણ નિરણય ઉપર આવી શકશે.

તે હવે ઉઠીને ઝડપથી, પણ અલગે પગલે, તે પાસેનો રૂમ, કે જ્યાં તે બેઉ બચ્ચાં પોઢેલાં હતાં ત્યાં ગેઇ. તે ઓરડામાં એક ઝાંખો દીવો બળતો હતો. તેના ઉજાશમાં તે વાંકી વલાને તે સુતેલા ફરેસ્તાઓને ઘણાં ધ્યાનથી જોવા લાગી. તે બાબો, ઘણો નહાનો પણ સુંદર ને મજબુત, મગરૂર બેંચાણુકારક ચેહેરાનો, એક પરફેકટ એરીસ્ટોક્રટ-જ્યારે બેબી સીલ્લા, ઘણીજ નાજુક ને સફેદ એક કુલ મિશાલ પોઢેલી તેણીના જોવામાં આવી. હા, એ નાઢકલાંઓનેજ તેણીએ ઘણી બારીકીથી જોવા જોઇયે. જે વ્હાલાં બેબીઝજ તેણીને ખરે રસ્તે ડારવશે.

તે ઓરડામાં લગાર ખીચોખીચ ગોઠવાયલું ફર્નીચર તેણીને કહેતું સંભળાયું.

"મારી તરફ જો-બારીકીથી—સંભાળથી આય અંધારામાંજ હું સોભું છું. સુર્યનું અજવાલું મારી દરેક ખામીઓ ખુલ્લી બતાવશે. ઉડી ગયલું પોલીસ-ભાંગેલ પૈયા-ફાટેલા કવરસ—ને ધુળથી ભરાયલો સામન—જે વાપરવા તું કદીબી કબુલ થાય નહિ. તે છતા દીવસ પછીનાં દીવસો, ને રાત પછીની રાતો એકસરખી તું મને વાપરે છે. પોતાની મરજી ઉપરાંત—ગમે એવા અનગમા છતાં—તે નવું લઇ કે મને છોડી શકતી નથી,"

કોઇ જાદુથી જકડાઇ ગઇ હોય તેમ તે ભેદી અવાજને સાંભળતી, ટીકતી સેહેરાં હાલ્યા ચાલ્યા વિનાં એક પુટળાં પેરે બેઠી.

તેણીને લાગ્યું કે તે રૂમમાં કોઇ વિચિત્ર અવાજ સંભળાતો હતો. તે અવાજ વધુ ઘાડો ને મોટો થતો ગયો. મોટા ગભરાટથી તે ચમકી ઉઠી. ઓ, દયાળુ બોદા! તે અવાજ તો તેં સુતેલાં બચ્ચાંઓ તરફથી આવતો હતો, જાણે કોઇને દમ ગુંટાતો—ગુંગળાતો હોય તેમ. તે તે તરફ ધસી ગઇ. બુદ્ધાનો ઉપકાર કે સીલ્લાતો તદ્દન સાંત અને સુંદર ઉંઘાતી દીસ્તી હતી. પણ બાબો—તેનો નહાનો દીકરો તદ્દન લાલ ને હાથ, પગો તદ્દન બેંચાઈ ગયલા નજરે પડતા હતા.

"મને મદદ કર, કિરતાર! આય વ્હાલાં બચ્ચાંને બચાવવામાં મદદ કર!" ભારે ગભરાતથી તે રડી પડી. ને હાંફલી ફાંફલી ત્યાંનું બારણું બોલી પાસેનાં ગાળામાં મદદ માટે દોડી ગઇ.

ત્યાં જઇ પુગતાં કદાચ એકાદ, બે મીનીટ તેણીને લાગી હોય! પણ તે વખત એક જમાનાં કરતાંબી લાંબો ને કઠણ ગરીબડી સેહેરાંને લાગ્યો. સારાં ભાગ્યે તે કોઇ પડોસીઓનું બારણું ખુલ્લુંજ હતું. એટલે ત્યાં જતાં—અને સઘલું કહેતાં તેણીને કાંઇ ઝાઝો મુશ્કેલી પડી નહિ.

"તું બિહ ના, માંય, હું તારી સાથે આવું છું." એમ જાડાં, સામલાં-પણ માયાળુ દેખાવના બૈરાં એક લગાર મેલી જેવી સાડી ઝડપથી દીલ પર ઓરવી લેતાં ને માથાબાનુ ખેંચતાં ખેંચતાં બોલ્યાં, "માય, તું બ્હેલી કે જેને બેઉ ચુહલા સલગાવી દે. ગરમ પાણીની આપુણે જરૂર પડશે!"

"હું તે બધુ કરશ! પણ તમે ચાલો બ્હેલાં-અરે ઘણાજ બ્હેલાં!" હલ્લુણથી તેટલીજ ગભરાયલી સેહેરાં દચકાં ખાતી બોલી.

તે હવે સાંધણી તરફ ગઈ, ને ફાંફાંગોટાં મારી અંતે એક મૅચ-બૉકસ સોધી કહાડી શકી, પેલા બાઈના કહેવા મુજબ બેઉ સ્તોવ ઉપર પાણીની તપેલીઓ મુકી તે પાછી બાબાને જોવા દોડી, પાછલથી તેણીએ યાદ કર્યું કે તે બૈરાં કેટલાં સાદાં ને લગભગ હલ્કા જેવાં દેખાવના હતાં, ને કોઈ બીજે વખત હતે તો સેહેરાં તેવણ પાસે જવા કે વાત કરવાથી અચકાતે! જ્યારે હમણા તો તેણીએ તે જાડા સામલા આકારને આ ધર્તી પરનો એક મદદગાર ફિરેસ્તોજ ધાર્યો.

"એ લોકનો ડાકટર કોણ છે?" સેહેરાંએ સવાલ કર્યો, "હું ફોન કરું કે—"

"મરે, હયાં ટૅલીફોનજ કયાં છે જે તું કરશે, માય," તે બૈરાંએ હસીને ભુલ ભાંજી, "પણ ડાકટરની કાંઇ જરૂર મને તો લાગતી નથી, આપણાં ઘરગટ્ટુ ઉપાયથીજ ફાયદો થઇ જશે. પણ જે તું બિહતીજ હોય તો મારા રામાને હાંક માર. એ નજીકથી કોઇકી ડાકટરને તેડી લાવશે."

ડાકટરને બોલાવવા માટે કહી આવી સેહેરાં પાછી તે બાઈ જેમ કહે તેમ મદદ કરવા લાગી, અરે! તે બૈરાં સાદાં ને બીનકેલવાયલાં છતાં તે વેળાએ કેટલાં કામ આવ્યાં, બચ્ચાંની માવજત વાસ્તેની એકબા બાબતમાં બીનમાહીતગાર તો જાણે તેવણ હતાંજ નહિ.

"મનેબી કાંઇ કામ કરવાનું સોપો," સેહેરાંએ કહયું.

"હવે બાબો જરા કવાએત લાગેછ-હું એને મારા હાથમાં લઈ શકું?" તે માયાળુ હેતવંતા ચેહેરા તરફ ઉંડી દીલસોજી ને સમજદારીથી ચમકતી એક અનુભવી માતાની પ્રેમવંતી આંખો તરફ જોતાં તેણીએ અર્જ ગુજારી.

"તુંને ગમતું હોય તો લે દીકરા. પણ પેહેલાં તારી બોંધોહાત સાડી ને બદયાન બદલી નાંખ, માય, નહિ તો બધું બાબુ મરી જશે."

"ઓ, કાંઇ નહિ. કાંઇ નહિ. થોડો વાર તો બી મને એને હાથમાં લેવા દેજો," તેણીએ કાલાવાલા કર્યા.

ત્યાર પછીનો તે કલાક સેહેરાં કદી પણ ભુલી શકી નહિ. તે ન્હાંના બેકીમતી બાબાને હૈયાં સરસો ચાંપી તે બેઠી ને જે માયાની હેતવંતી લાગણી તેણીનાં દીલમાં ઉતપન્ન થઇ, તે આખી દુન્યા ભરનો બબ્બહો, કે ગમે એવું બેમુલું બચેબાત બેજવતાં બી તે કદી ધરાવી શકતે નહિ. તે મીઠા નહાના હોઠોમાંથી નીકળતો અકેકો નિશ્વાસ કે તે નાહનકડાં દીલની બેકાદી હીલચાલ ગભરાતથી તેણીને

દીવાની બનાવતી, એક શેહેજ જેટલી બી તે બચ્ચાંની બેચેની જોતાં તેણીનું પ્રેમવંતુ જીગર ચીરાઇ ફડાઇ જતું.

"આય બ્હાલાં બેબીઝ-બંત્યાર સુધી જે હું સીખી નથી તે મને સીખાડશે-તે મુશ્કેલ સવાલનો જવાબ બી એ મધુરાંબોથીજ હું મેળવી "શકશ!" તે ધુજતા હોઠોએ પટપટી.

ડોક્ટર આવી ગયો હતો. અને ભલાં શીરીનબાઈ અને શેહેરાંની ચાંપતી ભાવજતથી તે બચ્ચું હવે તદ્દન સાજુ અને સલામત હતું, એમ બરાં દીલની ખાતરી આપી ગયો હતો.

તે બચ્ચું હવે તદ્દન શાંત ઉંઘમાં પડયું હતું. અને તે ભલી પડોશણની સલાહથી મેહરાંએ તે ન્હાના, બ્હાલા જીવને ઘણીજ સંભાળ અને માયાથી તેનાં ન્હાના પારણામાં પોહોંઢાડયો. અને તે ન્હાના, પ્યારા, ઉંઘાળા આકારથી છુટી થતાં પણ તેની જીંદગી, સઘળું સર્વસ્વ લુંટાઇ ગયું હોય, એટલું ખાલી ને ભયાણક તે બાપડીને લાગ્યું.

"અરે, બળા બાણેરે!" તેણીનાં ચેહેરા ઉપર પ્રગટેલી ભારે નીરાસી ને દુખની લાગણીઓ જોતાં તે સાદાં ભલાં બૈરાં બોલ્યાં. "હું હયાં બેસુછ: તેટલાં તું જરા અરેટઈ ઉઠ, બાય. નહી તો કાંઈ સીક બીક પરી જશે. મરે, તે મારૂં નહિજ માન્યું'ની, જો હવે, આય કેવા સુન્નાં જેવાં કપરાં બધાં રોરઈ, રોરઈને બરાબ થઇ ગયાં."

પણ તે રૂપવંતી સુંદર છોકરી તો પોતાનાં સુન્ના જેવાં કપરાં કરતાં, કોઈ જુદાજ ને ઘણું વધારે સુંદર ખ્યાલોમાં મશગુલ થયલી જણાતી હતી.

મીઠુ—અને મીનું આવ્યાં અને સ્કુલમાંથી ઇનામ મેળવી આવેલાં છોકરાંઓની ખુશાલ અને ગડબડી અદાએ પોતે શું શું ભજાહ કરી આવ્યા; ને મોટરને થયલાં પંકચરથી કેઈ રીતની વધતી હેરી થવા પામી તે કહેવા માંડયું.

એક સ્વપનો જોતી અદાએ સેહેરાંએ સીરીનબાઈને બાબાને શું શું થયું હતું. હાથ પગ કેમ બેંચાઇ ગયા, ડોકટરનું આવવું, ને સેહેરાંની હદબાહેરની કાળજી અને મેહેનત માટે બોલતાં સાંભળ્યાં. તોપણ તે ત્યાંજ બેસી રહી. તે બે ન્હાના ઉંઘતા આકારો તરફ જોતી-પોતાનાં હરૂદય માંહે ચાલતી પ્યાર અને પૈસા વચ્ચેની લડાઇને કેવી કૃતેહમંદીથી જીતી શકી હતી તે માટે દયાલુ કિરતારની અંતકરણથી પ્રાથના કરતી.

મીઠુને તે પાલણાં તરફ વાંકી વળી, એક ફિરેસ્તાની ગંભીરાઇ ને પવિત્રતાથી કીસ કરતી તેને જોઈ. તે ન્હાના બેમુળા આકારને પોતાની છાતીસે ચાંપતાં, સ્વર્ગનુ સૂખ ને માહભારત માયા, તે માતાની પ્રેમવંતી આંખોમાં પ્રકાશતી તે જોઇ શકી. આય તેણીનું બેહેસ્ત હતું. એક માતાના પ્યારનું બેહેસ્ત! કે જેવું એક સુખી સ્વર્ગ મેલવવા-તે સોસાયટી બરકસ્તાય પોતે શું નહી આપે?

"ઓહ, યુ પુઅર ડીયર—તું કેટલી ગભરાઈ ગઇ છે!" મીઠુ તેણીને વ્હાલથી વળગી પડતા બોલી, "તું બીધી કે ડીયર? તોબી તો સીરીનબાઇ કહે છે, કે ધણો માઇલ્ડ એંતેક હતો—પણ તું બીહધી હોય તેમાં શું નવાઇ! મારી ગરીબ, ગરીબ સેહેરાં! પણ આજે રાતનાં તું હવે હયાજ રહી જા, ડીયર, હું મમાં પર એક ચીઠ્ઠી લખી મોકલું છું."

"ઓહ, નહિ, નહિ, મીઠુ ડીયર, મને ઘેરેજ જવા દે." તેણીએ કરગરીને માંગી લીધું. "મારા ઘરે જવાથીજ કોઇબી રીતે હું શાંત થઇ શકશ, હું કાલે તુંને મલવા આવશ, વ્હાલી, ને તું કદીબી જાણશે નહિ કે આય વ્હાલ્લાં વ્હાલા બેબીએ મને આજે શું સીખાડ્યું છે."

"ઓહ! તારો ડ્રેસ!' હવે તેના કપડાં પર નજર પડતાં મીઠું પોકારી ઉઠી, "ઓહ, સેહેરાં ડીયર—તારી લવલી સાડી!"

"આય સાડી ને બ્લાઉસ કરતાં, કાંઇ એટલું તો કીમતી ને મધુર મે મેળવ્યું છે કે, ઓની મને કાંઈજ દરકાર નથી." પોતાની સહીને વ્હાલથી કીસ કરતાં તે જવાન છોકરી બોલી, "ગુડ—નાઇટ, ડીયર વન, આપણે કાલે મલશું."

× × +

તે રૂપાલી સ્યામણી સહવારના પ્રકાશિત સુરજના તેજસ્વિ કિરણો ઉંઘતી છોકરીના ચેહરા ઉપર પડયા, કે તે પોતાની નિંદ્રામાંથી બીદાર થઇ, ઝબકી ઉઠી. થોડીક પળ, ગઇ રાતના શું બની ગયું હતું, તે વિચાર કરતી તે ઉભી અને પછી સઘળી વાતનું ભાણ આવતાં એક ચીસ સમેટ તે દોડી ને પાસેના ઓરડામાં મુકેલા ટેલીફોન આગલ આવી લાગતાં ઠોકથી હાંફતી ફસડાઇ પડી. "ઓ, કેકી, કેકા! રબે તે જતો રહયો હોય. અરે, ઓ, દયાલુ ખોદા! રબે તે મોડી થઇ હોય!"

"કેકી; કેકી, તું છે કે ડીયર?" એક બુલબુલના જેવા મીઠા ને ખુશાલ અવાજેથતે પોકારી ઉઠી, "હું તુંને મલવા માગુછ, ડીયર, મારો જવાબ આપવા-મારા સેવટનો જવાબ! કાલનેજ ટાઇમે તું શાહજના મને મલશેની ડીયર?" ને ખુશાલીથી આજેજ બનેલી સેહેરાં પાછી એક વાર બાજુની બુરશીમા પટકાઇ પડી.

× + ×

તેજ મીઠી મધુર હવામાં, સાંહજની લવલી ટવાઇલાઇટમાં તે બેઉ લવર્સ મળ્યાં. તે જવાન ડૉકટર-અને સેહેરાં બામજી! પીલાં સેળરનમ અને સફેદ ચક-ચકીત હોથોર્નની રાતની બુબસુરતીમાં.

"આખરે તું મને મલી, મારી ડાલીંગ, મારી સ્વીટ!" તે વ્હાલી છોકરીને હૈયાસરસી ચાંપી, તે મધુરા ચેહેરા પર કીસીઓ લેતાં તે હેનવંતો લવર બોલ્યો. "હવે તુ મારી પોતાની છે. મારી બ્યુટીબુલ સ્વીટ—હાર્ટ! ને આખી દુન્યાનો

બજાનો કે એક સાચું તાજ વટીક આપણું પ્યારની વચ્ચે—કહી કહી બી આવી શકશે નહી!"

"પ્રચીત ઓ ડીયરેસ્ટ! મોત સીવાય હવે કોઇબી ચીજ નહી!" તેવીજ ઉંડી ફીદાગીરી ને ગંભીરતાથી તેને બોઝી પડતાં—તે મધુરી સ્વીટ હાર્ટ સેહેરા બાબ જીએ પોતાનો ખરો અને છેવટનો જવાબ આપ્યો.

તેણી—"મી૦ મકેારી, ખરેખર પેલા આર્ટ એકઝીબીશનમાંના તમારાજ ફકત ચીત્રો હતા કે જે મેં જોયાંતાં!"

મી૦ મકેારી—અરે, નહીરેજી, તમો તો મારી ખુશામદ ક—

તેણી—"અરે નહીરે શું? તમો જાણોજ કે બીજા બધાં પીકચરો આગળ તો સોકાતું બધું ટોળું એકઠું થયું હતું.

× × ×

"તમો કેમ કહી શકોજ કે તમારો ધણી પારટીમાંથી જ્યારે ઘેર આવ્યો ત્યારે છાકટો બનેલો હતો."

"તે પાધડીને બદલે ફેનોગ્રાફનું ભુગલું માથા પર પહેડી આવ્યો હતો."

સમત.

સંગીન વાંચનના શોખીનો માટે નાદર તક.

—:o:—

નવરંગના પહેલાં સાલની કંપ્લીટ ફાઇલ, સુંદર બાઇન્ડીંગ કરેલી. કીંમત રૂ. ૨૫.
નવરંગના બીજા સાલની કંપ્લીટ ફાઇલ, સુંદર બાઇન્ડીંગ કરેલી. કીંમત રૂ. ૧૫.
નવરંગના ત્રીજા, ચોથા, પાંચમા છઠ્ઠાં અને સાતમાં સાલની કંપ્લીટ ફાઇલો સુંદર બાઇન્ડીંગ કરેલી દરેકના ... ... રૂ. ૭.

ગણત્રીનીજ ફાઇલો હોવાથી એલતેમાસ કરવામાં આવે છે કે તાકીદે મંગાવી લેશો.

પોસ્ટેજ જુદું પડશે. સરકયુલેટીંગ સીસ્ટમ ઉપર વાંચવા આપવામાં આવશે નહીં. લખો:—

મેનેજર,
નવરંગ,
બજારગેટ, કોટ, મુંબઇ, નં૦૧.

ભારતમાતા અને તેના કવિઓ.

(લાવણી.)

કોણ કટાક્ષવચન કવિને અહિં આજ કહે છે એવાં ?
ભારતના કવિ મુઆ નથી, હા ! આંખ ઝરે છે નેવાં;
ભડકા ભડભડે હો !—(ધ્રુવ)

તનતમ્બૂરતણા તારો તો રહે સદા ઝણઝણાતા,
પણ અંગુલિએ બાંધ્યા પાટા, હાથ રહ્યા પછડાતાઃ
ભડકા ભડભડે હો ! ૧

હોત ન વાણી કંઠ રુંધાતી, સુખતર હોત ઘડી. તો;
ગગનપાર ફેડી જ ગજવતા ગાત માતના ગીતો !
ભડકા ભડભડે હો ! ૨

જુવાળ જેવી દિનદિન ભરભર આવે ભરતી ઉરમા,
પર્વત જેવા તરંગ ઉછળી ત્યાં જ શમે અંકુરમાં
ભડકા ભડભડે હો ! ૩

હા ! અમ ભારતમાત ! હજી શું ડરે જુગોજુગ પડવું ?
તુજ તે હીનદશા સ્મરતા શું ગુમપણે રહ્યું રડવું ?
ભડકા ભડભડે હો ? ૪

તુજને ન્હાતા ફિતુર ગણાવું, તુજને ન્હાતા પાપી ?
કાપી જીભ ગળે ખુંચવવી દુર્ગત જતી ન માપી.
ભડકા ભડભડે હો ? ૫

હાય, હતું ભારતના કવિનું જીવન એવું ખારું ?
માતૃગાન સાટે મૃત્યુ જ કે જીવનભર અંધારું ?
ભડકા ભડભડે હો ! ૬

ભડકે બોળ્યા શબ્દ ઝબોળતા ખુંચતા કંઠે કારી,
રસ ના વીર વહાવી શકે એ રસના જળો અમારી !
ભડકા ભડભડે ! ૭

ગ્રીટનબન્ધુ બધાને, તો, આ તેડે રણ નિજ સંગે,
ભારત કાજે વીર નવલ રસ રેડે અંગે અંગેઃ
ભડકા ભડભડે હો! ૮

એ રસમાં ગ્રીટનની સાથે ભેળાવું-રેલાવું:
ભારતજશ જગમાં ફેલાવી પરમવિજયપદ ગાવું:
ભડકા ભડભડે હો! ૯

ભારતમાત! હવે લે ઉર આ વીરરસે ઉભરાતું,
અમ રસનાના નવચમકારા જગત ભરી રેલાતું!
ભડકા ભડભડે હો! ૧૦

તૂટો કવિ-ઉર ધૂનભર્યા કે આ તમ્બુર જ કુટો!
તું હિં-તું હિં-તું હિં-તું હિં ભારતમાતા, એ જ એક સુર ઉઠો!
ભડકા ભડભડે હો! ૧૧

અરદેશર ફરામજી ખબરદાર.

નાજં--"મહેરાં, મેં સાંભલ્યું છ કે પેલી શીરીન પોતાના ધણીથી છુટી પડી છ."
મહેરાં--"હા"
નાજં—"ગરીબ બીચારી! જરા ત્યારે મને બધુ બરાબર કહેની. તેણીએ શું કીધું!"
મહેરાં—"કંઇજ નહી. તેણીનો ધણી બીચારો ગુજરી ગયો."

× * × *

"તમારા ધણીને બધું વાંચવાનું કયે વખતે મલે છે?"
"ધણું ખરૂ જ્યારે મને તેને કાંઇ અગત્યની ચીજ કહેવાની હોયછ ત્યારે."

* * *

પેસી-"પેલા તારા ૫૦૦) રૂપીઆ રેસમાં ખોઇવા માટે તું ને ધણું લાગેછ કે!"
હોમી-"નહીં. પણ મારી હાયની ધરતીને ધણુંજ લાગેછ. તે પૈસા તો તેણીના હતા."

+ × × ×

"હમે બેરાંઓ માટીડાઓ કરતાં વધારે દુઃખ સહન કર્યે છ!"
"એ વળી તમને કોણે કહયું—ડાકટરે કે?"
"નહી—મોચીઓ!"

પ્રજકીય કેળવણી.

લખનાર–'એક અભ્યાસી.'

(૩)

આ દેશની સંસ્કૃતિ પશ્ચિમની સંસ્કૃતિથી શ્રેષ્ઠ છે એવું ભાન થતાંજ આપણામાંના કેટલાકો ભગજનું સમતોલપણું ગુમાવી બેઠા અને આ દુનિયામાં જે કંઇ સુંદર તત્વો છે તે બધા આપણા બાપદાદાઓજ શોધેલા છે એવી વિચિત્ર વાતો કરવા લાગ્યા આપણા પાશ્ચાત્ય ટીકાકારોને જવાબ આપવાની ધુનમા ને ધુનમાં આપણે પશ્ચિમના રીત રિવાજોની ધુળ કાઢી નાખવા માંડી. પરિણામે શાબ્દોની મારામારી વધી અને સર વીલીઅમ આર્ચરે હિંદુસ્થાનને "સાવ જંગલી" કહેવાની શેખી કરી.*

સ્વભાવિક રીતે આપણે અંગ્રેજ ટીકાકારો તરફ શકની નજરે જોઇએ છીએ. તેઓનો હેતુ ઘણે ભાગે આપણાં મનમાં એવા ભાવ ઉત્પન્ન કરવાનો હોય છે કે આપણે તેમની સાથે સમાન હક અને સ્વતંત્રતા ભોગવવાને લાયક નથી નામવાનોને આવા ઉપદેશની ઝેરી અસરથી બચાવી લેવાની એકેએક શિક્ષક, માબાપ અને દેશ ભક્તની આઇન ફરજ છે એક દેશ પર સત્તા જમાવતી અથવા જમાવવા ભાગતી પરદેશી પ્રજા દેશીઓને એજ સલાહ આપે છે કે જેથી દેશીઓ પોતેજ પોતાને પરદેશીઓથી હલકા માને! જર્મનીએ રશીઆ પર લાંબા વખતથી એજ અસર કરવા માંડી હતી પ્રોફેસર રૉસ Russia in Upheavel મા લખે છે કેઃ

"અમે (અમેરિકનો) જોઇ શકીએ છીએ કે તેઓ (રશીઅનો)ના કેટલાક ગુણો, સહકારી અને પ્રજાસત્તાક સામાજિક વ્યવસ્થા માટે અમારા કરતા વધુ સારા છે. પણ એ બાજે રશીઆના જર્મન અને અમેરિકન પ્રેક્ષકોના મતમાં આસમાન જમીનનો ફેર છે કોરલેન્ડના જમીનદારોથી માંડીને પોલગાનદીના કીનારા પરના લ્યુથેરીઅન પાદરીઓ સુધીના સઘળા કેળવાયલા જર્મનોએ એવોજ મત પોકાર્યો છે કે રશીઅનો સુધારાના બહુ હલકા તબકકા પર છે, તેઓના મનનું વલણ અરાજક (anarchic) છે, તેમને તાબે રાખવા માટે લોખંડી સત્તાની જરૂર છે અને પશ્ચિમ યુરોપના વતનીઓ જેવી દૃઢતા, સદ્‌ગુણ અને આત્મ નિર્ણય (self-determination) ની શક્તિ મેળવતા તેમને ઘણોજ વખત જોઇશે. સામાન્ય રીતે "જેથી ત્રણ સદી' સુધી તેમણે ગુલામગીરીમા રહેવાની જરૂર જણાવવામા આવે છે આથી ઉલટું–અમેરિકન મત એવો છે કે તેઓ પછાત હોવાનાં કારણ એકાંતવાસ, આપખુદી, ગુલામગીરી, અજ્ઞાનતા અને કામી પધ્ધતિ છે અમેરિકનો કહે છે કે રશીઆને ઉન્નત થતાં બહુ બહુ તો ૫૦-૬૦ વર્ષ થશે!

* See India & the future.

ફ્રેંચ અને અમેરિકન સમાજ શાસ્ત્રીઓ (sociologists) કહે છે કે રશીઆને શાંત પ્રજાસત્તાક રાજ્યની ખીલવણી કરવાની તક આપવામાં આવે અને સ્વતંત્ર સંસ્થાઓ, નિશાળો અને લાયબ્રેરીઓ મોટી સંખ્યામાં ખોલવામાં આવે તો તેમની બીજી પેઢી દુનિયાના ઉંચામાં ઉંચા સુધારાની ટોચે પહોંચી જાય. ત્યારે જરમની એ સ્થિતિ આવતાં સદીઓ જશે એમ શા માટે કહે છે?

રશીઆ જરમનીનું બેતર છે. જર્મની રશીઆના આમ વર્ગના ઉદ્ધારની વિરુદ્ધ છે કેમકે તે રશીઆમાં જર્મન વેપારીઓ, કારીગરો, મેનેજરો અને એન્જીઅરો માટે વિશાળ ક્ષેત્ર રાખવા માગે છે. જર્મન સામાન અને જર્મન મૂડી પણ તે રશીઆમાં રોકવા માગે છે! રશીઆ હમેશાં પછાત રહે તેમાં જર્મનીનો મોટો લાભ સમાયલો છે. દુકમાં જર્મન પત્રકારો અને પ્રોફેસરો "kultur" ને નામે જે વાતો કરે છે તે એક જાતની ખાસ ઝેરી ગેસ છે."

જે પ્રજાને તેના પોતાના નેતાઓ અને પરદેશીઓ વખત કવખતે હલકી ગણતા હોય તે કદિ સ્વમાન અને આત્મ વિશ્વાસ ખીલવી શકતી નથી. જે પ્રજામાં આ બે ગુણો ન હોય તેનો જરૂર નાશ થાય છે. આથી આપણી સંસ્થાઓ અથવા આપણા રીતરિવાજોને ગમે તે રીતે પરદેશીઓ વખોડી કાઢે તેથી થતી ખૂરી અસરથી આપણે આપણી તરૂણ પ્રજાને મુક્ત રાખવી જોઇએ. આપણા ટીકાકારો આપણને ઘણાજ પછાત પડેલા કહે છે. વખત કવખતે તેઓ હિંદમાંની જુદી જુદી જાતો, ધર્મો અને ભાષાઓની વાતો કરીને કહે છે કે આપણે સ્વતંત્રતા માટે એટલા બધા નાલાયક છીએ કે કદાચ કોઇ સારે દહાડે આપણે સ્વરાજ્ય મેળવવાના હોઇએ તો પણ આપણે તે દિશાએ ધીમે–બહુજ ધીમે આગળ વધવું જોઇએ. આ કુચ એટલી બધી ધીમી હોવી જોઇએ કે હિંદને સ્વરાજ મેળવતાં કદાચ સદીઓ વહી જાય! આજ સાહેબોએ હિંદને ૧૫૦ વર્ષથી મફત અને ફરજીઆત પ્રાથમિક કેળવણી આપવાની ના પાડી છે–આજ સાહેબો આપણાં બાળકોને હુન્નર ઉદ્યોગની તાલીમ આપતા નથી. તેઓજ પ્રજાના સંસારી રિવાજોમાં માથું ન મારવાની રાજનીતિને બહાને કોમી ભેદો જાળવી રાખે છે ને તેથીજ આપણે માથે હજુ આપબુદ્ધ રાજસત્તા લટકી રહી છે. પરદેશી ટીકાકારોની વાત માની લઇ આપણા નૌજવાનો પોતાને હલકા ન માની બેસે તે માટે તેમને આપણા પ્રતાપી ભુત કાળથી વાકેફ કરવાની આપણી ખાસ ફરજ છે. પણ ભુત કાળની પ્રશંસામાં પણ એક ભય રહેલો છે. ભુતકાળની વાતો કરનારાં ભુતકાળ તરફજ જોવાને ટેવાઇ જાય છે ને તેથી આર્યોના જમાના પછી દુનિયાએ કરેલી પ્રગતિ તેઓ ભૂલી જાય છે.

આ જમાનાના સિદ્ધાંતો ને હિંદના જુના શાસ્ત્રો અને ઋષીમુનીઓના લેખો મંજુર કરે તોજ માનવા, એમ જો હિંદ નક્કી કરશે તો તે ફના થઇ જશે. આધુનિક સુધારાને ટેકો આપનારી વાત જુના શાસ્ત્રોમાંથી શોધવી સારી વાત છે પણ જુનાં શાસ્ત્રો મંજુર કરે તોજ નવી વાત સ્વીકારવી એ વલણ તદન પાછળ હઠાવનારૂં છે. આપણા મન ખુલ્લાં ન હોય ત્યાં સુધી કોઇ જાતની પ્રગતી થઇ શકે તેમ નથી. જગતની શરૂઆતમાં બધી જાતના સત્યો આપણા ઋષી મુનીઓને ખુદાએ બતાવી દીધા હતા અને હવે કંઇ નવું શોધવા જેવું રહ્યુંજ નથી. એવા મુર્ખાઇભર્યા વહેમો આપણે તજીજ દેવા પડશે. ધર્મ, સમાજ, રાજતંત્ર, અર્થશાસ્ત્ર,

કલા અને સાયંસમા આપણા પૂર્વજો છેક છેલ્લી ટોચે પુગી ગયા હતા એમ માની લેવાની મુર્ખાઇ કરનાર કદિ પણ આગળ વધી શકનાર નથી. આપણે હાલમાં નવીજ દુનિયામાં વસીએ છીએ. આપણા બાપદાદાની દુનિયા કરતાં આ દુનિયા નંદન જુદીજ જાતની છે. કેટલીક બાબતમાં આપણે ઘણા આગળ વધ્યા છીએ–કેટલીક બાબતમાં આપણા પૂર્વજો ઘણા આગળ વધ્યા હતા. આપણા ભુતકાળ કરતા પણ વધારે પ્રતાપી ભવિષ્યકાળ લાવવા માટે, વર્તમાન કાળમાં મગજનું સમતોલપણું જાળવી આપણે જેવાં પગલાં લઇશું તેનાં પર આપણા ભવિષ્યનો આધાર રહેશે. હાલના સંજોગોમાં આપણા-દુશ્મનો આપણને મનાવી શકે તેમ નથી કે આપણી જાતિ કોઇ જાતિ કરતાં ઉતરતી છે. પણ આપણે સઉથી શ્રેષ્ઠ હતા એવા ગુમાનમા ભરી ન જઇએ તેનો પણ સાથે ખાસ ખ્યાલ રાખવાનો છે. ડોકટર એની બેઝંટ કહે છે તેમ, એવા ભયથી મુકત રહેવા માટે આપણી પ્રજાકીય કેળવણીનું વાતાવરણ "મગરૂર અને પ્રતાપી દેશાભિમાન"થી ભરપૂર હોવું જોઇએ અને એ વાતાવરણને હિંદી સાહિત્ય, હિંદી ઇતિહાસ વિગેરેના અભ્યાસથી મધુર, નવીન અને વ્યાપક રાખવું જોઇએ. એ હેતુ કોઇપણ જાતના નુકસાનકારક તત્વો ઉપજાવ્યા વિના શી રીતે બર લાવવો તે આપણે હવે પછી જોઇશું.

(અપૂર્ણ.)

નવરંગ પ્રેસનું નવું પબ્લીકેશન.

બહાર પડી ચુકું છે.

તોખમની તકોબરી!

'નવરંગ' ની ફતેહમંદ સેકન્ડ સીરીઅલ 'સંસારનો ફાંસો!' ના ઉધરતા લેખક દ્વારા કાપડયાની કલમથી લખાયલી એક અતિ ફાંકડી પારસી સંસારની વારતા. આ વારતા 'સંસારનો ફાંસો' ને ભુલાવે એવી છે એટલુંજ એની સીફારસમાં કહેવું બસ છે.

ઉચા ગ્લેજડ કાગળો ઉપર સફાઇદાર છપાઇ અને કપડાંના પાકાં પુઠાંમાં સુંદર બાઇન્ડીંગ કરેલા ૨૫૦ સફાનું મનહર વોલ્યુમ. કીમત ૩. બે. પોસ્ટેજ જુદું.

નવરંગ પ્રેસ, ખજારગેટ સ્ટ્રીટ, કોટ,

મુંબઇ.

સુબોધિક ઉદ્ગારો.

નવરંગ માટે ખાસ રચનાર—કવિ આદીલ.

ભાર્મિક ભુજંગી છંદ.

સાજ સતનો સજે—ભાવે ભુધર ભજે—તાલ તુન્દી તજે—નર ને નારો.
ગાળશુ ગેદીઓ—ક્રોધના કેદીઓ—છત્રના છેદીઓ—ધૈર્ય ધારો.

પાપે પાપિષ્ઠ તમ—ગર્વે ગર્વિષ્ઠ તમ—મોહ મુકો મિષ્ટ તમ—પાપી પ્રાંણી.
મારૂ મારૂ મૂકો—ચર્ચા ચર્વિત ચુકો—સંશયે ના સૂકો—ઉર આંણી.

ક્રોધ અને કામથી—જરીના જામથી—નઠોરના નામથી—ભાઇ ભાગો.
મોહ મદમાં મરી—ફંદ ફિતુરે ફરી—કર્મ કુ કાં કરી—મોત માગો ?

દિનનિશ દેવની—સ્તુતી સત સેવની—ભદ્રના લેવની—કળ કળાશે.
ભક્તિનું ભર ભરત—મળશે મુક્તિ મહત—તરશે તુજ તર તરત—પંથ પાશે.

કંટકો કોઇને—પાંસળે પોઇને—જાણીને જોઇને—કાંય કોપે.
અવનિમાં આદીલે—દંશ દેજ્યો દીલે—ઝેરખાહો ખીલે—અક્ષ ઓપે.

ખુદાને ખબર.

રચનાર-હયરત.

"ફિરદોસ"માં અધુરી રહી ગયલી પારસી સંસારી વાર્તા.

"નવી મમ્મા."

મી૰ પીન્જમનો દીબાચો—પંદર પીકચરો. કીંમત રૂ. ચાર.

મળવાનું ઠેકાણું:—૪૬, એપોલો સ્ટ્રીટ, મોરારભાઇ બીલ્ડીંગ, ફોર્ટ, મુંબઇ.

એક હજાર ભઠ્ઠી દઈ પકાવેલી ઉમદા

અભ્રક ભસ્મ

શક્તિ આપનારો સર્વોપરિ સિદ્ધ ઉપાય.

ક્ષય જેવા મહા ભયંકર જીવલેણ વ્યાધિને દુર કરવામાં પણ પોતાનુ ઓહોદ્દું પરાક્રમ દેખાડે છે. ત્યારે સાધારણ દરદોને મારી હઠાવે તેમાં નવાઈજ શું? અનેક દરદોનો નાશ કરે છે અને અખુટ કૈવત આપે છે તથા શરીરને તેજસ્વી અને મજબુત કરે છે.

કિંમત—તોલા ૧ એકના રૂપિયા ૫૦ પચ્ચાસ.

વિશેષ વિગત માટે પ્રાઇસલિસ્ટ મંગાવો.

વૈદ્યશાસ્ત્રી **મણિશંકર ગોવિંદજી.**

અન્ય કાલમા દવીરાડ મુબ્ધ. | આતંકનિગ્રહ ઔષધાલય—જામનગર (કાઠીયાવાડ.)

ચાકતોડું

અમૃતબિંદુ

રજીસ્ટર્ડ નં. ૮૪૧-૨૦

સખતમાં સખત માથાનો દુખાવો માત્ર એકજ મીનીટમા દુર થઈ જાય છે. માત્ર ચેટની ઉપર ચોળવાથી પણ પેટમાનો દુખાવો મટી જાય છે. પવન છુટવા માડે છે. અને બાદી-બદહજમી દુર થાય છે દાત અને દાઢનું કળતર એકજ મીનીટમા શાંત પડી જાય છે. વીંછીના ડંખ ઉપર નો તેનો ચમત્કાર એલોકીકજ છે. ઉંચામા ઉચી જાતના કોઈ પણ પેનકીલર કરતા **અમૃતબિન્દુ** ઘણી ઉંચી જાતની દવા છે વિલાયતી દવાની દરેક દુકાન ઉપર તે વેચાય છે હાલમાં તેની કિમત ૧ સીસી ૩ ૧॥= ત્રણ સીસીનાં ૩, ૪॥= ત્યા ૬ સીસીના ૩. ૯= છે. પોસ્ટેજ હમારે માથે છે

બધા દવાવાળા વેચે છેઃ—કેટલોગ મફત મળે છે.

ખપો—"અમૃતબિંદુ" ઓફીસ મુકામ પોષ્ટ-નડીઆદ (ગુજરાત)

WHY LOOK
"OLD?"
Persian
Hair Dye
RESTORES
"GREY HAIR"
To be had from the Army and Navy, Kemps, Phillips Thomson and Taylor, Leach and Weborny, Treacher. and also from all known Chemist & Druggists. SOLE AGENTS.
HORMUSJI DOSABHOY & Co.
BOMBAY No. 4 TEL. NO 611

સૂરજાત !

—:o:—

લખનાર—'સમન.'

—:o:—

રવેનોત જે ઓફજ બેંકમાં આજ ૧૦ વરસ થયા બીલ ફલેકતરની નોકરી બજાવતો હતો તે એક નમુનેદાર નોકર હતો. તેનું તે કામ મનપસંદ હતુ. અને કદી બી તેને ઠપકો આપવામાં આવ્યો હતો નહી. કદી બી તેની બામી કે ભુલ શોધી કઢવામા આવી હતી નહી.

તે એકમાર્ગી હતો દોસ્તોમા કે ઓલબ્બીતા પીછાણુતાઓમાં તે કદી બેબાતે. નહી, અને એ રીતે તે સુખી જણાતો.

જે જગ્યામાં તે રહેતો હતો તે જગ્યાના બોકો તેને એક ભલા શબશ તરીકે બારતા હતા. તે જે બી કાઇ શીખામણ તે બોકને આપતો તે તેઓ કબુલ કરતા હતા.

બીલના પૈસા બેગા કરીયા પછી એક સાજે તે ઘરે પાછો ફર્યો નહી. જેઓ તેને પીછાણુતા હતા તેઓને તેના અપ્રમાણીકપણાનો ખ્યાલ વટીક થયો નહી. બનવા જોગ છે કે કોઇ બી ગુનાહ બનવા પામ્યો હતો. પોલીસે દીવસ દરમ્યાન તેને લગતી બાતમી મેલવી હતી. તેને વખત સર પોતાના બીસો હાજર કીધા હતા, અને તેને પોતાની છેલ્લી રકમ આસરે સાત વાગે મોનત્રુજ ગેત આગળથી એકઠી કીધી હતી, કે જે વખતે તેના કબ્જામા ૨૦ લાખ કરતા વધુ ફાંક હતા. બસ એટલીજ બાતમી પોલીસે મેળવી હતી. તેઓએ કીલ્લા નજદીકની એકાંત જગ્યાની તપાસ કીધી, પણ સઘળું ફોકટ ત્યાર પછી પોલીસે દરેક બંદરે અને દીશાએ તેલીગ્રાફ મોકલ્યા બગર બેંકના ડીરેકટરોને, તેમજ પોલીસને એવો શક ગયો કે તેને કોઇ અટકાવવામાં આવ્યો છે, અથવા તો લુંટીને નદી કે દર્યામા ફેંકી દેવામાં આવ્યો છે.

પેરીસમા ફકત એકજ શબ્દો પેપરોમાં પ્રગટ થયલી આય બબર વાચીને પોતાના બમાં ઉચકર્યા; તે શબશ કોઇજ નહી પણ પેલો રવેનોત હતો.

જે વખતે પોલીસ તેની પુઠે ન હતી તે વખતે ને સેન નદીને કાંઠે આવી પહોચ્યો. ત્યાં આવી લાગતા તેને એક પુલના બહેરામ હોઠળ તેને એક રાત આગળજ ત્યાં છુપાવી રાખેલા એક મવાલીના જેવા કપડાં બદલ્યા, પોતાના ગજવામા પેલી ૨૭ લાખ ફાંકની રકમ ઠેસવી અને પોતાના દીલમાના કાઢી નાંખેલા કપડાનું બદન બનાવીને અને તેની સાથે એક પથરો બાંધીને તેને નદીમા હોમાવી દીધુ. પછી તે ત્યાંથી બેધડક પેરીસ પાછો ફર્યો હતો. તેને ત્યાંના એક હોટલમાં રાત ગુજારી, અને બજારથી ઉઘાડો. બીજાક કલાકમાં તે એક પુરેપુરે

જ્યારે દીવસ ઉગ્યો ત્યારે તેને પેલા ૨૦૫ લાખ ફ્રાંક એક એનવેલપમાં મુકયા, પાંચ સીલથી તેને સીલ માર્યું; અને પછી એક લેાયર આગળ ગયેા.

"સાહેબ." તે બેાલ્યેા, "તમારી આગળ આવવાનું મારૂં આજ કારણ છે. આજ એનવેલપની અંદર થેાડીક જમીનગીરીઓ છે;—કાગળે છે કે જે હું સહી સલામત તમારા કબજામાં છેાડી જવા માંગું છું. હું લાંબી મુસાફરીએ જાઉં છું, અને પાછેા કયારે ફરીશ તે હું જાણતેા નથી. હું આજ પેકેટ તમારા કબજામા રાખી જવા માંગું છું. હું ધારૂં છું કે તેમ કરવા માટે તમને કાંઇ વાંધેા તેા નથી ?"

"નહી, સાહેબ, જરા પણ નહી. હું તમને એ બદલ એક રસીદ આપીશ."

તેણે કબુલ કીધું, પછી વિચારના વમળમાં તિરેાહાયેા. એક રસીદ ? પણ તે રસીદ તે કયાં મુકશે ? કેાઇને તે સેાંપશે ? જો તે રસીદ તે પેાતાની પાસે રાખી મુકશે તેા પછી તે અગત્યીત પેાતાની અનામત મુકેલી રકમ ગુમાવી બેસશે. આજ ગુંચવાડાની બાબત તેને આગળથી નહી પડેલી હેાવાથી તે જરાવાર થેાભ્યેા પછી તે સહેલાઇથી બેાલ્યેા.

"હું આજ અવનીમાં એકલેા છું, મારા કાઇ પણ સગાં સનેહીઓ કે દેાસ્તેા નથી. હું જે મુસાફરી કરવાની ધારણા રાખું છું તે મુસાફરી ધારતી વગરની નથી. મારી મુસાફરીમાં મને તમારી આજ રસીદ બેાજ દેવાનેા સંભવ જણાય છે. તમેા હું કહું છું તેમ નહી કરેા ? તમેા આજ મારૂં પેકેટ તમારા દસ્તાવેજો વચ્ચે સલામત નહીં મુકેા ? જ્યારે હું પાછેા ફરીશ ત્યારે મારે ફકત તમુનેજ અથવા તમારી જગ્યાએ હવે પછી આવનારને મારૂં નામ કહેવું પડશે ?"

"પણ હું જો તેમ કરૂં—"

"રસીદ પર એવું લખી જણાવેા કે ફકત આયજ રીતે દાવેા કરી શકાશે."

"કબુલ કીધું ! તમારૂં નામ શું ?"

તેને ઝડપથી જવાબ આપ્યેા.

"હુવેરજર, હેનરી હુવેરજર."

જ્યારે તે તેની ઓરીસેથી બહાર પડી તે રસ્તે પડયેા ત્યારે તેને છુટકારાનેા એક નીશ્વાસ ફેંકયેા, તેના પ્રેાગ્રામનેા પહેલેા ભાગ પુરેા થયેા હતેા. હવે પેાલીસને જોઇએ તેા તેને પકડીને બેડી પેાકી શકશે; તેઓ તેની ચેારીનેા મુદ્દેા કયાંથી મેળવી શકનાર છે.

તેને હવે શું પાટીયા ગેાઠવવા તેનેા વિચાર તે શાંતથી કરવા લાગ્યેા, પેાતાની સજાની મુદત પુરી થયા પછી તે પેાતાની અનામત મુકેલી રકમનેા દાવેા કરશે, કેાઇ પણ તેની તે રકમને માટે પેાતાના હકને માટે તકરાર કરવાને શકતીવાન થશે નહીં. તેને ચાર આયવા પાંચ વરસ જેલની હવા ખાવની પડશે, પણ પછીથી તે એક મીલેતોન્દર શખશ તરીકે ગણાશે. ઘરે ઘરે અને ઓરીસે ઓરીસે ફેરા આપને બીલના નાણા ઉઘરાવવાના કરતાં આજ જેલની હવા ખાવાનું વધારે પસંદકારક હતું. ત્યાર પછી તે દેશમાં જઇને રહેશે, ત્યાં તે દરેકની નજરમાં હુવેરજર સાહેબ! તરીકે ગણાશે. તે આરામ અને સુખમાં રહીને મજાનેા રાતેા માતેા બનશે.

ઓની જગાએ જો કોઇ બીજો યુવાન હોત તો કદાચ બી પાગલ કહીને, તેને આવ્યું કહેવાનું અને ચોરી કબુલ કરાવું મોકુ, પણ આ તો ગુમ થવો? મગર તેની તપાસ કરવને તેની પાસેથી જોને પોતા જાણ કામનું શું કીધું હતું તે જાણી લેવાનું ઘણું મુશ્કેલ હતું તે તો પોતાના મનમાં જોતે

"હું કદી બી જાયનો નથી હું ગે આજ પર ચડ્યા ગયો અને મને લુંટવામા આવ્યો હતો."

પણ તેનો અવો બુલાસો જરૂરના ધ્યાનમા ઉતર્યો નહી અને તેને પાંચ વરસની સખત કેદની સજા કરવામા આવી તેને જરા પણ વિચાર કર્યા વગર તેને તે સજા સાભળી. તે ઉપર વરસની વયનો હતો. ૪૭ વરસની વયે તે છુટો થશે, અને માજોતોજર થશે. તેને તે કેદ ખાનાની સજાને એક જરૂરી ભોગ તરીકે ગ ણી લીધુ.

જે કેદખાનામા તે પોતાની સજા ભોગવતો હતો ત્યા પણ તે એક નમુનેદાર કેદખા તરીકે ગણાતો હતો, જેમ રીતે તે એક નમુનો ર નોકર તરીકે ગણાતો હતો તેમ રીતે. તે કોઇ વાંધા વગર દીવસો પસાર થતા તપાસ્યા કરતો.

આખરે તેની સજાનો છુટકારાનો દીવસ આવી લાગ્યો કેદ ના સતાવાવાઓએ જે બી કાંઇ હતુ તે તેને પાછુ સ્વાધીન કીધુ તો તે કેદખાનુ કાયમ વિચારથી છોડી ગયો, અને તે વિચાર પોતા લોયર આગળ જવાનો હતો. તેને ત્યાથી સીધો લોયરના ઘર તરફનો રસ્તો લીધો.

તે તે લોયરને ત્યા આવી પહોચશે તો તની ઓફીસમા દાખલ કરવામા આવશે પણ તે લોયર તેને ઓળખશે કે? તે આરસીમાં જોતો તેમાં બેશક તે ઉમરમા બેહદ વધ્યો હતો, અને બેશક તેના ચહેરામા પણ બેહદ ફેરફાર થયો હતે નહી ખમ્યીનજર નહી પોતો લોયર તેને મુદ્દલ પીછાણશે નહી હા! હા! એમ હોવાથી ગમત ઘણી પડશે

"હુ શું કરી શકુ, માહેબ?"

"હુ મારા પૈસા જે તમારી પાસ પાંચ વરસની વાત પર રાખી ગયો હતો તેને માટે આવ્યો છુ"

"કયા પૈસા? કોણના નામે?"

"મી०—નામના"

રેવેનોત જરા વા બોલ્યો, પછી એકદમ ઉભો થઇ ગડબડવા લાગ્યો

"કેટલુ અજબ જેવુ મે જે નામ તમુને આપ્યુ હતુ તે હું યાદ કરી શકતો નથી."

તેને પોતનુ માથુ ધરી નાખ્યુ—પણ કોકટ તે એક બાજુ પર બેસી ગયો, અને ગભરાટ અકળાટમા પડયો

"બાપો! બાપો! શાંત થાઓ! મીસ્તર—મીસ્તર—તે કયા નામથી શરૂ થતુ હતુ?"

ને એક કલાક સુધી વિચારના વમળમાં વિટલાયો, પણ તેને પેલા લોયરને જે નામ આપ્યું હતું તેની તો તેની યાદ થઇ નહી. તેને તે નામ યાદ કરવાને માટે ઘણાંએ ફાંફાં માર્યાં, પણ ફોકત તે નામ તેની આંખ્યો સામે અને તેની આસપાસ આવી ઉભું હતું. તેને અક્ષરોને તેની આંખ્યો સામે કુદતા અને અલોપ થતાં જોયાં. દરેક સેંકડે તેને એવું લાગતું હતું કે તેને તે નામ યાદ કીધું હતું, તે તેની આંખ્યો સામે હતું, તેના હોઠો પર રમી રહયું હતું. નહી! પહેલા તો તેને આમ કરવાથી ઘણોજ કંટાળો લાગ્યો. તેના દીલમાનું દોડતું લોહી થંભ થઇ ગયું. તેના મસલો સંકોચાઇ ગયાં. તેના હાથો વળ ખાવા લાગ્યા. તેને પોતાના સુકકા હોઠો કરડયા, અને તે ઓય રડી પડતો હોય એમ જણાતો હતો. તેને જમીન પર પોતાનો પગ થોકયો, ઉઘયો, અને મોટે સાદે બોલ્યો.

"જીવને ફીકર ચીંતામાં રાખવાની શું જરૂર છે? એમ કરવાથી તો બુરું થાય છે. તો હું તે વિશે તો વિચાર કરવાનું થોડો વખત મોકુફ કરશ તો પછી પોતાની મેરે મને તે યાદ આવશે."

તેને ઘણુએ કીધું પણ કેમે કરીને તેનું મન મોકળુ થયું નહી. તેને રાહદારીઓના ચહેરા પર નજર ફેંકી, દુકાનની બારી આગળ ડોકયું કીધું, મહોલ્લામાં થતો શોરબકોર સાંભલ્યો, જ્યારે તે મહોલ્લામાં થતો શોરબકોર સાંભલતો હતો ત્યારે ફકત એકજ નામ તેને ભખી ખાતું હતું.

"મીસ્તર—મીસ્તર?"

રાત પડી. મહોલ્લાઓ ઉજડ બન્યા. તે થાકેલો પરાકેલો તે એક હોટલમાં ગયો, એક ઓરડો માંગ્યો, અને લાંબા ટાટીયા કરીને બીછાણામાં પડયો. કલાકો સુધી તેને પાતાનું બેજુ બધું વચડી ખવડી નાખ્યું. સહવાર પડતાં તે નીંદ્રાને વશ થયો. જ્યારે તે ઉઘયો ત્યારે સુર્ય પુર બહારમા પ્રકાશતો હતો. તે ફરાગાતથી પોતાનું મગજ થંડુ રાખીને પાઠો લાગ્યો થયો. પણ એક ચમકારામાં વળી પાછું તેને કાંઇ વાહરું થઇ આવ્યુ "મીસ્તર? મીસ્તર?"

તે ત્યાર પછી ઉઠયો, બહાર ગયો, અને કલાકો સુધી તે ચાલીને પેલા લોયરની ઓફીસ આગળ આવી લાગ્યો અને ત્યા બહાર ડમકયા કીધો. બીજી વખતે રાત પડી. તેને પોતાનુ માથું પોતાના હાથોમાં પકડયુ. અને ડચકાંપર ડચકાં ખાવા લાગ્યો.

"હું દીવાનો થઇ જવશ."

એક ભયકાર વિચારે હવે તેના મગજમાં ઘર કીધું. તેની પાસે ૨૦ લાખ ફ્રાંકની નોટો હતી. ૨૦ લાખ ફ્રાંક જે તેને અપ્રમાણીકપણાથી મેલવ્યા હતા, અલબત, તે ૨૦ લાખ ફ્રાંક તેના હતા, મગર ને તેના કબજાથી દુર હતા. તેને ખાતર તે પાંચ વરસ સુધી જેલની હવા ખોરી આવ્યો હતો, અને હવે તે તેને હાથ લગાડી શકતો ન હતો. તે નોટો તેની વાર જોતી પડી હતી, મગર ફકત એકજ શબ્દ—કે જે તે યાદ કરી શકતો નહતો—તે પેલી નોટો અને તેની વચ્ચે નડતર નાંખતો હતો તેને પોતાની મુઠીઓ વાળી અને ધમાધમ પોતાના માથામાં લગાવી, એમ કરતાં ને લગભગ બેભાન જેવો થઇ ગયો. તેને એક છાકટા માણસ માફક

બતીના ચાંમવા માયે ચોકર બાંધી, અને લગભગ પોતાની રુધબુધ ખોઈ દીધી. તેને હવે ખાત્રી થઇ કે તે તે શબ્દ કદીએ યાદ કરી શકશે નહીં. તે ગાડાની માફક મોટે મોટે ખીખાં કરીને હસવા લાગ્યો, અને રસ્તેના લોકો જ્યારે તે તેઓ આગળથી પસાર થયો ત્યારે તેઓ તેની તરફ આંગળી બતાવતા હોય એમ જણાયા. તે ચાલતો હતો તે હવે દોડવા લાગ્યો, અને દોડવા જતાં તેને એક રાહદારીને નીચે તોડી પાડયો. તે ઘોડાગાડી કે મોટારની ફીકર કે બાસ્તી રાખ્યા વગર બાહોમ દોડવા લાગ્યો, તેને દોડતા દોડતા એવું ધ્યાનમાં આવ્યું કે તે કોઇ મોટાર તળે આવી જાય તો બહેતર થાય, કે જેથી કરીને તેની જીંદગીનો નીકાલ થઇ જાય.

"મીસ્તર ? મીસ્તર ?"

તેના પગો આગળ ખીન નદી વહેતી હતી, અને તેજસ્વી સીતારાઓનો પડછાયો તેમા પડતો હતો. તે પાછો ડચકા ખાવા લાગ્યો.

"મીસ્તર—? ઓહ. પેનું નામ ! પેલુ નામ !

તે તે નદીના કીનારેના પગડીયા ઉતરીને નીચે આવ્યો, અને પોતાના પગ અને મોઢાને ઠંડા કરવા માટે તેને તે નદીમા જીપવાવ્યુ, તે હાંફતો હતો, પાણી તેને ખેંચી જવા લાગ્યા. તેની ગરમ આખ્યો—તેના કાનો—તેનું આખું બદન, તે તે પાણીમા અછાડપછાડ કરવા લાગ્યો. તે ઘડીકમાં ઉપર આવતો તો ઘડીકમાં પાછો નીચે જતો તે એકાએક એક મજબુત કોશેશ સાથે પાણીની ઉપર આવીને મોટેથી બરાડ મારવા લાગ્યો.

"અને હવે તે યાદ આવ્યું છ !—મદદ ! હુવેરજર ! હુવે—"

બસ બસ. ઉપરી ખુમ સાથે તે કમનસીબ શખશ ધીમે ધીમે પાણીમાં બેસવા લાગ્યો, અને થોડી મીનીટ પછી તેની ટળગીઓ જઇ બેઠો.

———:o———

બાદરજી ધાસલેટ એક જાહેર હોલની અંદર ભાશણ આપતા હતા તેવર્ણને સાંભળનારા ઘણાજ થોડાક જણ હોવાથી તેવણે અરધા કલાકમા ભાશણ ખતમ કરી નાખવાનો ઠરાવ કીધો. ખતમ કરવા આગળજ તેવણ બોલ્યા

"બાનુઓ અને બ્રધરયો ! મને બાસ્તી લાગેછ કે હું તમારો વખત લેઉંછ, અને તેથી—"

ઉપરની ગેલેરીપરથી એક અવાજ આવ્યો.

"કંઇ નહી, કંઇ નહી, તમારૂ ભાશણ આગળ ચલાવો હજુર બહાર વરસાદ ધણો પડેછ."

* * *

"જો તમો એક પુરશને એક ચીજ કહેશો તો તે એક કાને સાંભળીને બીજે કાને કાઢી નાખશે."

"અને જો તમો એક સ્ત્રીને એક ચીજ કહેશો તો તે બને કાને સાભળીને પોતાના મોઢા વાટે બહાર કાઢશે"

સમન.

"નવરંગ પ્રેસ"માંથી પ્રગટ થએલી

નવી રસીલી વારતાઓ.

"કાળો નાગ."

'ગુલફામ'ની નવી પારસી સંસારી વારતા.

કુટુંબમાં વંચાવવા જોગ આ રસીલી વાર્તામાં એક પેચદાર વળી મી૦ ગુલફામની લોકપ્રિય કલમે એટલુ સુંદર ઢબે ગુંઠી લીધું છે કે શરૂ કરતાં પુરી કરવા વીના ચેન પડતું નથી એક દગાબાજ ટોળીને હાથ નાહક હાડમાર થયેલો એક જુવાન, કાવાદાવાનો ભોગ થઇ અનેક હાડમારી વેઠી છેવટ્લાં પોતાને હેરાન કરનારાઓને, જેર કરી સુખી થાય છે તેમજ 'અંતે ધર્મોજય'ના કુદરતી કાનુન મુજબ જે હક ઇન્સાફ તેને મળે છે તે જોશદાર ભાષામાં આ વાર્તામાં ઘણી દીલકશ ઢબે રજુ થયુ છે. કીંમત રૂ. ૨॥

"દેલજંગ દલેર"

મી૦ બમનજી કાબ્રાજીની ઇરાની સંસારની વારતા.

કુલ કલેાથ બાઉન્ડ, ગ્લેઝ કાગજનું હેન્ડસમ વેાલ્યુમ.

ઇરાની સંસારની એક કળાબાજ લુટારાની રસીક કહાણી, જેમા બદી અને નેકી ચીત્રો, લેખકની હંમેશની રસીલી જબાનમાં દોર્યાં છે, જે બંનેનાં સેવટો એક રીતે બતાવી આપી દુન્યાદારીનો જમાનાથી ચાલુ રહેલો ખરો સ્વૈયો પુરવાર કરવામાં લેખકની કલમે કમાલ કીધી છે. કીંમત રૂ. ૨॥

"બાપના બાપ."

મી૦ દેશાઇની એક રસીલી વારતા

વાર્તાના મેદાનમા જે નવા લેખકો બાહેર પડયા છે તેમાંના એક કૃતેહમંદ લેખકની આ વાર્તામા ઘણો રસીલેા પ્લેાટ ઝમકદાર જબાનમાં ગુંઠી વાર્તાના શોકીનો માટે રજુ કીધેા છે આ એક દીલપસંદ વાર્તા છે, અને પ્લેાટમા, રસીકતામાં તેમજ ભાષાની ઝમકમા ઘણી રસીલી છે. કીંમત રૂ. ૨॥.

"કરણીનેા ફેજ."

મી૦ દેશાઇની પારસી સંસારી વારતા.

ઉપલાજ લેખકની આ એક પારસી સંસારની કૃતેહમંદ વાર્તા છે, જેમાં આ જના સુધરેલા પારસી સંસારનું એક રસીલુ વળી. "કર ને જો" ની કહેતી બોલેબાલ પુરવાર કરતા ઘણા જોશદાર સંજોગો સાથે રચ્યું છે. કીંમત રૂ, ૧॥

"એક લેાહીના !"

મી૦ દારા કાપડીઆની એક રસીલી નોવેલ.

એક ઉધરતા જવાન લેખકની નવા ઉમંગમા લખાયલી આ કૃતેહમદ વાર્તા અનેક રસીલા બનાવેાથી ભરપુર છે, અને વાર્તાના શોખીનેા માટે વાર્તા રસીલા વાંચન પુર પાડશે કીંમત રૂ ૧॥.

મળવાનું ઠેકાણું.

(૧) નવરંગ પ્રેસ, બજાર ગેટ, ફોર્ટ, મુબઇ

(૨) જેહાંગીર બી કરાણીના છોકરાઓ; ૨૨૦-૨૨૨, પારસી બજાર, ફોર્ટ, મુંબઇ.

હવે હરખાઓ સાહેબો!!!

તમારાં શરીરમાં મોંયા ભોંકાવી 'ઈન્જેક્શન' મુકાવી શા માટે નાણાની બરબાદી કરી રહ્યા છો?

નિરાશ થયેલાઓ માટે એકજ આશાવંત ઈલાજ

શોણિત શોધક.

આ ગમખાણ દવાથી—Blood Purifier. (૧) રક્તપીત્ત. (૨) ચાઠાં (૩) ઉપદંશ અને એવા બીજા અનેક ચામડીના તથા લોહીવિકારના ભયંકર દર્દો ફક્ત **સાત** દિવસમાં નાબુદ્દ થાય છે

આ દવાની અમે જાતે તારીફ નહિ કરતાં નીચેના સરટીફીકેટ તરફજ આપ સાહેબોની નજર ખેંચીએ છીએ —

"એકવીસ વર્ષથી મને લોહીવિકારનું દર્દ હતું હાથપગમાં ચાઠાં હતાં અને ગ્મી નીકળતી હતી. મેં અનેક ડોકટરોની દવા કરી પણ દર્દ મટયું નહિ. આખરે "શોણિત શોધક" નો મેં ઉપયોગ કરવા માંડયો છે અને ચૌદ દિવસમાં મારૂ દરદ નાબુદ થઈ ગયું અને અત્યારે હું તદન આરામ ભોગવી રહયો છું".

(સહી) **એમ. પી. મહેતા.**

સાત દિવસ ચાલે એટલી ૧ બાટલીની કીંમત રૂ. ૨૦.

તા૦ ક૦—બહારગામવાળાઓએ અડધી કીંમત એડવન્સ મોકલી આપવી, ટપાલ ખર્ચ ફ્રી.

મળવાનું ઠેકાણું:—

ટેલીગ્રાફીક અડરેસ:— "શોધક" મુંબઈ.

ધી 'શોણિત શોધક' ઓફીસ.
૨૯૨, કાલકાદેવી રોડ, મુંબઇ.

મુંબઈમાં આજે ઘેર ઘેર અને ઓફીસે ઓફીસ

આ નામ ઘરગતું થઈ પડયું છે.

ધી ડાયમંડ જુબીલી વોશીંગ કું૦.

હમમ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ.

જરીના, અને કસબના કપડાં ધોવામાં આજે વરસો થયાં અમારો અનુભવ છે, હિંદુસ્તાનમાં આ એકજ ખાતું છે જે લુગડાં ધોવામાં, સફાઇમાં, અને નવા જેવા બનાવવામાં એકે અવાજે વખણાય છે.

ટ્રાય કરવા ભલામણ છે.

એક સટ અથવાં જરીના ઝભલો, સાડી-દુપટો કે પાઘડી ધોવડાવી ખાત્રી કરશો.

આ "નવરંગ માસિક બજારગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ મધે આવેલા "નવરંગ પ્રીન્ટીંગ પ્રેસ" ના તેના માલેક અને અધીપતી અરદેશર ખરશેદજી દેશાઇએ

નવરંગ

પુસ્તક ૮ મું. જુલાઈ, ૧૯૨૩. અંક ૧૧ મો.

ડ્યુક એન્ડ સન્સ.

સોડાવાટર બનાવનારાઓ.

માલેક:

જમશેદજી ભીખાજી પંથકી.

નં. ૩૧–૩૩, બ્રીટીશ હૉટલ લેન,

એપોલો સ્ટ્રીટ,

ફોર્ટ મુંબઈ.

નકલ માટે સાવચેત રહો!

ડેંગરેનું બાલામૃત

મધુર હોવાથી
છોકરાંઓ ખુશીથી પીએ છે.
અને આ પીવાથી
છોકરાંઓની તાકાત વધી
તેઓ રૂષ્ટપુષ્ટ થાય છે.
શીશીની કીં ૧૪ આના ટ. ખ ૬ આના.

કે. ટી. ડેંગરેની કં૦,
ગીરગામ–મુંબઇ.

નકલ માટે સાવચેત રહો!

બાનુઓને બરનું.

લશીશ, ઇનસરસન, રીબન્સ, ત્રીમીગ્સ, ભરત કામના ઉંચા નમુનાઓ, સાડીની કોરો કોગ્રેસ કેનવાસ, ઇત્યાદી અમારી દુકાને એક ફેરો મારી જોઈ જશોજી. બધુ એ–વન છે.

આદમજી નુરભાઇની કું.

૩૪૬, ઉનવાલા બિલ્ડીંગ, ગ્રાંટ રોડ, મુંબઇ.

ભરત કામ મા રેજીસ્ટર્ડ નં. ૧૦૩૯

રેશમોનો રાજા

રેશમ સર્વોત્તમ છે.
રેડ માક જરૂર જોલે.

ગુલેનુર

વડોદરા રાજ્યના ભાજી ચીફ મેડીકલ ઓફીસર ખાનબહાદુર ડૉ. કાદર શમસુદ્દીન જે. સુલેમાની ની હેઠળની ચમત્કારીક શોધ પ્રમાણે

બનાવેલી દેશી દવાઓ.

એક અદ્વિતીય અને મહાન શોધ

કેચારાકટાઈન

એટલે વાઢ કાપ કર્યા વગર અને આંખમાં દવા નાખ્યા વગર

કાચો મોતિયો મટાડનાર દવા

કાનોની આજુ બાજુ અને ગરદન ઉપર દરરોજ થોડાં ટીપાં ચોળવાથી પંદર દીવસમાં થોડો ફાયદો જણાય છે. અને લગભગ ત્રણ માસમાં આંખમાંનો મોતિયો મટી જાય છે. આ દવાથી આંખમાંની ખીલ કપાઇ જાય છે. વધુ હકિકત નીચેના ઠેકાણેથી મળીને અથવા લખીને મેળવો.

એ ઔંસની શીશીની કીં ૩. ૨)

(રજીસ્ટર્ડ) # મુંદ્રમેલ (રજીસ્ટર્ડ)

આ દવા (૧) ધામાંથી વહેતું લોહી તરત બંધ કરે છે. (૨) ધાને પાકવા નથી દેતી અને ઝટ રૂઝવે છે. (૩) દાઝેલાને આરામ આપે છે. (૪) દાદર અને ગડગુમડાંને બેસાડી દે છે. (૫) ખુજલી, ખસ વગેરેને મટાડે છે. (૬) ખીલને જડમાંથી ઉખાડી દે છે. (૭) મોચ અને ઠોકરના દરદને દુર કરે છે. (૮) સોજાને ઉતારી પાડે છે. (૯) સંધીવાને નાબુદ કરે છે. (૧૦) દાંત, દાઢ તથા કાનના દરદને ઝડપથી સારાં કરે છે. (૧૧) ચામડીના ચેપી રોગે ચાલતાં ચાંદીમાંથી દરદીને મુકત કરે છે. (૧૨) ઘોડાની પીઠ બળદની ખાંધ અને કુતરાના ઘા ચમત્કારીક રીતે સારાં કરે છે.

બે આંઉસની શીશીની કીંમત ૩. ૦૧૫.

મીલો કારખાનાઓ તથા હસ્પીતાલો માટે પચીસ ઔંસની બાટલી ૩. ૭.

સઘળા દવા વેચનારાઓને ત્યાંથી મળશે.

ઠેકાણું:—**મુંદ્રમેલ ડેપો.**

ન. ૩૨૬, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, કાકડ માર્કેટ નજીક રંગારી મોહલ્લા,

મુંબઈ નં. ૩.

બહારગામના ઓર્ડરો સંભાળપુર્વક પેક કરી વેલ્યુપેબલથી મોકલવામાં આવે છે.

ડા૦ વામન ગોપાળનું

આયોડાઈઝ્ડ

સાર્સા પરિલા.

સાર્સાપરિલા આજ સાઠ વર્ષથી પ્રખ્યાત અને લાખો દરદીઓએ એનો ઉપયોગ કરી પોતાની નીરાશા દુર કરી છે.

પોતાની એ મનુષ્ય જીવન છે. તે બગડયું હોય તો અનેક રોગ ઉત્પન થાય છે માટે તે સુધારવા દરેક માણસને કાળજી લેવી જોઈએ, તેને માટે આ સાર્સાપરિલા વીના બીજી એક પણ દવા લેવાની જરૂર નથી. વળી આ દવા પીવાથી ઉપદંસ એગ્રે ગરમી અને તેના વડે થતા રોગો—જેમજ લકવા, સાંધીવા, ચામડીપર ઝાળા ડાઘા પડવા, આગનું સુજી આવવુ, શરીરમા બળતરા થવી, શરીરની ઉપર દેવી મરણા ફોલ્લા થઇ આવવા વીગેરે વીકારો ઉપર આ દવા અકસીર થ યુકી છે. શીશી ૧ નો રૂ. ૧।=) ચાર શીશી પીવાથી સારો ગુણ આવે છે પો. જુદું. ચાર શીશી એકદમ મંગાવનારને ખચ સહીત રૂ. ૪-૧૩-૦ પડશે.

સુરત એજંટ—મેં૦ મકુભાઇ પાનાચંદ સરધ્યે ૧૦ ભાગળ

અમદાવાદ એજંટ—ગોકળદાસ મોતીચંદ પાસેથી મળશે અમદાવાદ ધાંચીની પોળ.

ડો. ગૌતમરાવ કેશવ એંડ સન ઠાકુરદ્વાર-મુંબઈ.

નવરંગ.

વાંચવાલાયક વાર્તાઓ ને વિષયોથી ભરપુર માસિક.

માલેક અને અધિપતિ—અરદેશર ખરશેદજી દેશાઇ.

ઑફિસ—૨૩૭, ખન્દરગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

વાર્ષિક લવાજમ હિન્દુસ્તાનમાં ૩. ૪. છુટક નકલ ૮ આના.
" " પ્રદેશમાં ૩. ૫.
૮ માં સાલના ગ્રાહકોને મી૦ કાબરાજીની 'દલજંગ દલેર'ની વારતાનું પુસ્તક ભેટ.

પુસ્તક ૮ મું. જુલાઈ, ૧૯૨૩. અંક ૧૧ મો.

અનુક્રમણિકા.

મોતનો ડાબો! (ચાલુ વાર્તા.)	અધીપતી.
પ્રયત્ન: (કવિતા)	અરદેશર ફરામજી ખબરદાર.
પ્રજાકીય કેળવણી.	એક અભ્યાસી.
ચોકકસ જરૂરી.	અધીપતી.
સખાવતે સખી રીયા સ્વર્ગે સમાય છે. (કવિતા)	આદીલ.
સરજોટની સાંકલ. (ટુંકી વાર્તા.)	સોરાબ બી. તાતા.
અસલ એ રાહ સુફિનો. (કવિતા)	"રસહીન."
કુરમતગારા—એગમ. (એક પ્રતિહાસીક ટુંકી વાર્તા.)	દોરાબ બી. કટેલી.
કસ્તુરી.	K. C. Mehta.
એકલ જીવન. (કવિતા)	"જેહુંદાર."
દુનિયાની તવારીખમાં બાર મોટા બનાવોએ ભજવેલો અગત્યનો ભાગ.	J. M. Hormusji.

દર મહીને કેટલું ખરચશો ?



કેટલું બચાવશો ?

સેંત્રલ બેંક તરફનો ઉપલો નકસો ઘરસંસારમાં તમોને ઉપયોગી થઈ પડશે.

તે પ્રમાણે તમારા ખરચો નીભાવી ખરાબ વખત માટે, દુઃખસુખના દીવસો માટે નાણું સંધરવાની ટેવ પાડો અને તે નાણું

સેંત્રલ બેંક ઓફ ઈન્ડીયા

ના સેવીંગ બેંક ખાતામાં મુકો, કે જ્યાં તમારું નાણું સચવાય અને તમોને બીજી સેવીંગ બેંકો કરતાં વધુ વ્યાજ તથા લાભ મળે.

વધુ માટે લખો યા મળો.

(સોરાબ ન. પોંચખાનાવાલા,)
મેનેજીંગ ડીરેક્ટર.

નવરંગ.

પુસ્તક ૮ મું. જુલાઇ, ૧૯૨૩. અંક ૧૨ મો.

મોતનો ડાઘ!

પ્રકરણ ૧૪.

—:o:—

કાલીન રેડકલીફ બિછાને ગયો ત્યારે તેના ખ્યાલો બધા આનંદી અને સ્વર્ગીય ખુશહાલીમાંજ લલ્લીન હતા. તે સાંઝ તેણે પોતાની આખી જીંદગીમાં સર્વથી સરસ ને ખુશનુમાં ગુજરી હતી; અને તે અનવા આનંદ ઉપર ખુશહાલીનું બસ્તી સમર્પણ કરવા તેણે બિછાના ઉપર બગતા પડી રહેવાનો ઠરાવ કર્યો હતો, અને ભવિષ્ય માટે તેવાજ સુખના ને આનંદના ખ્યાલો ઘડવાનો તેનો મનસુબો હતો.

પરંતુ તેમ કરવા બદલ તે તુરતજ નિદ્રાધીન થઇ ગયો; બારીઓ ઉપરનો પડદો ચઢાવતાં પણ તે સાવ ભુલી ગયો, અને તે સઘળો વખત તે બારીથી બાહેરની ઠંડી હવા અંદર યાતોકલ તેના શરીર ઉપરજ ધસી આવતી રહી. તે રાત પણ તેટલીજ ખુશનુમાં હતી. ચંદ્રમા પોતાનો શાંત શીતલ પ્રકાશ કાંઇ પણ બાંમી વગર ત્યાંની સુંદર સૃષ્ટિ ઉપર પાથરી રહયો હતો.

તે જ્યારે જાગ્યો ત્યારે ચાંદરણું બીલકુલ નહોતું, અને તેના ચેહેરા ઉપર ઉઘાડી બારી વાટેથી અંદર ધસી આવતી હવા ઘણી તિક્ષણ હદ સુધીની સર્દ હતી. તેણે પોતાની ફોર ભરડી, અને તે વખતે સજાગૃત થતાં તેણે બાહર આકાશમા રાતો પ્રકાશ છવાઇ રહેલો જોયો. એક કુદકા સમેત તે બિછાનામાંથી બાહર આવ્યો. તેને લાગ્યું કે કોઇ નજદીકમાંજ આગ લાગી હતી. તેણે કાનો ઉભા કરી સમજ્યું. નજદીકમાં લાકડાં બળવાના કડકડાતનો આવાજ તેણે હવે પ્રત્યક્ષ સમજ્યો. નજર ફેરવતાં હવા પણ તેણે ધુમાડાથીજ ભરેલી જણાઇ અને તેમાં ઝાડોના લીલા પાંદડાંઓ કે તરકારીઓ બળવાનો નાપસંદ સોડમ આવ્યો.

તે બીજીજ મીનીટે પોતાના રૂમમાંથી બાહર નીકળ્યો. તે મહેલમાં તો તમામ શાંતી પસરી રહેલી હતી. દીસ્તુજ હતું કે આગની વાત કોઇ જાણવા પામ્યું નહોતું.

તે પાછો પોતાના ઓરડામાં ગયો અને ત્યાં તેની ફેસીંગ ટેબલ ઉપરની બળતી મીનબત્તી ઉઠાવી તે બાહર આવ્યો અને નીચે મહેલ બાહર ગયો.

હવા બધી ધુમાડાથી ભરેલી હતી, અને લાકડાં બળવાનો સોડમ પુષ્કળ ફેલાઇ રહ્યો હતો. તે બળતાંની રખ્યો જરા જર વારે ભભુકા મારી ગગન તરફ ઉછળી રહેલી જોઇ તે તરફ તે દોડ્યો. તેને લાગ્યું કે આગનું જોર કમતી થતું જતું હતું.

આજુબાજુ અંધકાર ફેલાઇ રહ્યો હતો, અને શાંતી પણ તેટલીજ ત્યાં છવાયલી જોવાતી હતી. ચંદ્રમા અસ્ત થવાની અણી ઉપર હતો, એટલે અંધકાર કાંઇક વિશેષ ને વિશેષ પોતાનું સામ્રાજ્ય ફેલાવતો જતો હતો.

તે આગ લાગી હતી તે જગ્યા નજદીક હવે આવી પોહોંચ્યો. હવા ત્યાં ધુમાડાથી તમામ ભરેલી હતી. તેની આંખો તે ધુમાડાના બાયસથી દુઃખી આવી, તેનું ગળું તણાઇ ગયું. હવે બળતાંનો અસહ્ય તાપ તેને આગળ વધતો અટકાવતો હતો. તેણે જોયું કે થોડાક કલાક અગાઉનું જેમાનું તમામ શાંત, અંધારૂ, ગલીચ ઝુપડું તમામ બળીને ખાખરાખ થઇ ગયું હતુ. એક લાકડું પણ ત્યાં સલામત બચવા પામ્યું ન હતું. ચોપાસના ઝાડો પણ ઘણી હદે અગ્ની દૈત્યના ક્રુર સપાટામાં સપડાઇ નાશુદ થઇ ગયાં હતાં, અને તે જગ્યા ખોલ્લી થઇ ગઇ હતી.

શું કરવું તેનો વિચાર કરતો બે ક્ષણ કોલીન ત્યાંજ થોભ્યો. પેલી હિન્દવાણી જેમાનું શું થયું હશે ? શું તેના ઝુપડાંને સમારવામાં આવનાર હતું તેથી છેડાઈ, અધી ઘેલી જેવી થઇ જઇ તેણીએ પોતેજ તે ઝુપડું સળગાવી દીધું હશે ને પોતે ચાલી ગઇ હશે ?

તે ઘર તરફ જવા પાછો વળ્યો.

થોડાંક કદમ ચાલ્યા બાદ એકાએક પછવાડેથી હવાનો ધસારો આવતો હોય તેમ તેને લાગ્યું અને પછી તુરતજ તેના માથા ઉપર એક સખ્ત ફટકો આવી પડ્યો. તેણે પાછળ ફરી એકદમ ધસારો કર્યો; એક માણુસ તેના હાથમાં આવ્યો. તે માણુસે કંઇ કપટી કરડા સોગંદ ખધા અને કોલીન ઉપર ફટકાઓનો વરસાદ વરસી રહ્યો. તે બાપડો તે સખ્ત મારની જબરી અસર હેઠળ હોંશ ફરામોશ થઇ જમીન ઉપર તુટી પડ્યો.

કોલીન રેડકલીફ જ્યારે સુધ્ધીમાં આવ્યો ત્યારે પોતાના બિછાનામાં હતો. સુર્યનારાયણ પોતાના પુરા પ્રોતમાં પ્રકાશી રહ્યા હતા, અને તે જોતાં કોલીનને લાગ્યું કે તે કંઇ ખરાબ સ્વપનો જોઇ જાગ્યો હતો કે કેમ, કેમકે તે-તે રાતના બનાવો પુરા યાદ કરી કે કલ્પી શકયો નહી. તેણે પોતાનાં દુઃખતાં મસ્તક ઉપર હાથ મુકયો અને તેણે જાણ્યું કે તે પાટાઓથી બાંધેલું હતું. ત્યારે તે કાંઇ સ્વપનો ન હતો, અને સારે નસીબે તે વધતી ઇજા પામ્યો ન હતો. તે, તે માટે, પોતાની ખાતરી થતાં પાક ખુદાનો ઘણો શુકરગુજાર થયો.

તેણે ઘડીયાલ તરફ નજર કરી. અગ્યાર વાગેલા જોઇ તે કાંઇક નીરાશ થયેલો લાગ્યો. તેજ વખતે તે ઓરડાનું બારણું ખુલ્યું, અને અંદર ડૉ૦ ડેનવર એક નોકર સાથે આવ્યો.

"આ વખતે તમને હોંશમાં આવેલા જોવાની હું આશાજ રાખતો હતો," તે ડોકટરે કહ્યું. "મી૦ રેડકલીફ, મારૂં નામ ડૉ૦ ડેનવર છે અને હું સર જોન સ્ટર્નનો ફેમીલી ડોકટર છું."

"હં !" કોલીને હુંકારો પુર્યો, "મને કંઇજ નથી. શુદ્ધ. ખુદા જરા માથું દુઃખે છે તેજ."

"તોપણ હું તમને આજે નીચે ઉતરવાની રજા તો આપી શકવાનોજ નથી," તે તબીબે કહ્યું. "કદાપી તમને સમજીને અજંપથી ઉપજશે પણ તમારા માથા ઉપર એક દુજન ઠેકાણે નહાના મોટા જખમો પડેલા છે, ને તે જખમોજ કેસ કરવા હું હાલમાં આવ્યો છું. તે પછી તમે સહજ નાસ્તો લેજો. તમે એટલો વખત ઉંઘ્યા તેનું કારણ એજ કે તમને કેફની દવા ખાસ આપવામાં આવી હતી. તમે મજાહની ઉંઘ કાઢી."

કોલીન જરા ધુંધવાયલો જેવો તે ડોકટરના હુકમને તાબે થયો. તેના જખમો કેસ થવા પછી તેને બાજુના રૂમમા જવાની રજા મળી.

"ડો૦ ડેનવર," તેણે તે બાજુના રૂમમાં જઇ તે તબીબને પ્રશ્ન કર્યો, "તમે જાણો તેની આગમચ મને એક બે સવાલોના જવાબો આપતા જાવો. હું કયાં પડેલો મળી આવ્યો હતો અને મને કોણે શોધી કાઢયો હતો ?"

"પાર્કમાંથી. ગેમ કીપર સ્ટેટને. તમને અકસમાત નડયા પછી તુરતજ." તે તબીબે તેના સવાલોના ટુંકા પણ સચોટ જવાબો આપ્યા.

"અકસમાત !" તે પુકારી ઉઠયો, "મને કશો અકસમાત નડયોજ નથી. બાહરી ઉપર તો અંધારામા ઓછામાં ઓછા બે મનુષ્યોએ હુમલો કર્યો હતો. અને બેબાનું શું થયુ ?"

"તે આગમાં બળી મુઇ," તે તબીબે કહયું, "તે વીશે કશોજ શક નથી. હું અચરત છું કે એમ અગાઉજ કેમ બનવા નહીં પામ્યું !"

"ગરીબ બીચારી !" કોલીન બડબડયો અને વધાર્યું, "હું બેબેક બાંગલે બનગ્યો અને આકાશ રતાશવાળુ જોયું. હું ચુપચુપ નીચે ઉતરી ગયો અને આગવાળી જગાએ જઇ જોયું તો એ બેબાનું ઝુંપડું બધું બળીને ભસ્મીભુત થઇ ચુકેલું હતું. કાંઇજ બચ્યું નહોતું. મેં બંગલે પાછો ફરી માણસોને જગાડવાનો નિશ્ચય કર્યો, પણ તેટલામાં પાછલથી બાહરી ઉપર એકાએક હુમલો થયો. બાહરા માથા ઉપર સખ્ત માર પડયો ને હું મુર્છા ચુમાવી ભોંય ઉપર તુટી પડયો !"

"તમારી વાત ઉપરથી કંઇક નવુંજ અજવાળું ફેંકાતું જણાય છે," તે તબીબ બોલ્યો, "મેં તો અટકલ કરી હતી કે એકદમ ઝાડના તુટી પડવાની અડફતમાં તમે આવી ગયા હતા. તમો ઉપર હુમલો થયો હશે એવો તો મને સહજ પણ ખ્યાલ ન થયો હતો. જો ઝુંપડાને જોઇ જોઇને આગ લગાડવામાં આવી હોય તો કંઇક વિશેશ ભેદ એમાં છે. કાંય કે ફેકટરીમાં ગઇ રાતે ચોરી થઇ છે. ત્યાં ઘુસીને કેટલાક અગત્યના ને કીમતી ખતો ને કાગળપાંઓ કોઇ ચોરી ગયું છે."

"પણ તમો કહો છો કે તમો ઉપર આવો સખ્ત હુમલો થયો ? ત્યારે તો એ તદ્દન બનવાજોગ છે કે બેબાના ઝુંપડાને આગ લગાડનાર, ફેકટરી ફાડી ચોરી કરનાર અને તમો ઉપર હુમલો કરનાર બદમાશો એકજ છે. મી૦ વેલન્સ કે જેવણ સર જોન સ્ટર્નના ખાસ વિશ્વાસમાં હતા, તેવણે એ માટે એક ચોકકસ અનુમાન કર્યું છે કે જે હાલ તે જાહેર કરતાં ખંચાય છે. એ બાબત પોલીસના હાથમાં છે અને તમારી વાત ઉપરથી તેઓને ઘણું જાણવાનું મળશે."

કે રખે તે વહેમાય જાય અને આપણનો પ્યાર પકડી પાડે. લાગણીઓને કાબુમાં રાખવી એ એક ઘણું કઠન કામ છે. અને વળી એ બેઉ-ડૉ૦ ડેનવર ને મી૦ વેલન્સ-મને ઘણુંજ બીહીધરાવનારં ને ચોકાવનારં કહેતા રહેલા છે."

"તેઓ એવું તે શું કહે છે, ડાર્લીંગ," તેણે, ભવાં જમાવી, પુછ્યું.

"કંઈજ ચોકકસ નહીં. પણ તેઓ ને નાપસંદ ઇશારાઓ કરે છે તે સત્ય કરતાં કાંટીલ છે. તેમાં પાદરી મી૦ વેલન્સની વર્તણુક તો હું તદનજ સમજી શકતી નથી. ઘડીકમાં તે મારી દયા ખાય છે તો ઘડીકમાં મને ધીકકારતો હોય એમ દીસે છે."

"એ છેજ એવો દુકડખોર," કાલીને બીજવાઇને કહ્યું, "એલઝી, મારા મીઠા પ્યાર, એ બધી તારી નવી મુશીબતોનો જવાબદાર હુંજ છું. હું શું કરું પણ થોડોક સમય સુધી હું તને રક્ષા આપી શકું એમ નથી. ઓહ, એ વિચારથી પણ મને કંપ ને કંપ થઇ આવે છે."

"એ બધુ ઠીક થઇ જશે, કાલીન," તેણીએ દીલાસાથી ધીમેથી કહ્યું, "હું તેઓની એક ઠગરસ બાર થી દરકાર કરતી નથી. હવે તું મારી નજદીક છે એટલે એ લોકોના ગમે તેવાં બોલવાની મને તુંબા નથી. તું મારાથી દુર નથી હોતો ત્યારે કંઇ મને અજબ હીમત ને શુર છુટે છે."

તેણે તેણીને પોતાની આગળથી સહજ દુર કરી.

"પણ હું તો આજે સહવારે જાઉં છું, એલઝી. હું હમણાજ જાઉં છું. એક કલાક થી વધુ હું થોભી શકતો નથી. તું એમ મારી તરફ વિચિત્ર ત્રાસમે શું જોઇ રહીછ, વ્હાલી છોકરી, મારૂં આયુ તદન સલામત છે. એ ડાકટરો તો એમજ તસનુ ગજ ને રાઇનો પાહાડ કરી મેલે છે. મારી ઉપર તું ઝેબાના આ ભયંકર મોત અને આગની વિગતો લખાણથી લખી મોકલજે. તું તે માટે જરા થી મન સાથ કચવાતી કે પસતાતી ના, વ્હાલી. ડૉ૦ ડેનવર ખાતરીથી કહે છે કે એ કોઈ બદમાશોનું કામ છે. તેં તો એ હિન્દવાણીને પુરતી ચેતવણીઓ આપી હતી. ડૉ૦ ડેનવરને તું કહેજે કે મેં લંડન આજેજ જવાની જીદ કરી હતી. હું હવે વધારે વખત રોકાઉં એમ નથી. ગુડ-બાય, એલઝી, લેડી હેલીનાને મળવાની મારી ઇચ્છા નથી. મને લાગે છે કે તે મારી દુશ્મન છે."

થોડીક પળો તે મધુરી છોકરી તેને વલગી રહી.

"તને હું કયારે પાછો જોવશ, કાલીન," તે ગદગદી, "તારાથી છુટું પડતાંજ મને ધાસ્તી ધાસ્તી લાગે છે. આપણ વચ્ચે કેટલા બધા શત્રુઓ છે. વળી રાતે મેં એક સ્વપ્નો જોયો કે જાણે તું મારો નથી અને તે જોઇ ને જોઇ હું બધી કંપી ગઇ."

"મુર્ખ છોકરી," તેણે નેનું માથું પ્યારથી પસવારી કહ્યું, "મારાથી તુને કોણ છુટું પાડનાર છે ? લોર્ડ સોમરટન તો કદિજ નહી. તું મારામાં વિશ્વાશ મુક, ડીયર, પછી ગમે તે થાય. મને કહે, વ્હાલી, કે મારી વિરૂધ ખુશ બોલવામાં આવે તે તું સાચું માની લેશે નહીં. મને એટલું કહે તો મને મારા વૈરીઓની સામે ઝુંઝવામાં, તેથી, અજબ હીમત આવશે."

"કાલીન, તે પુછવાની બી શું જરૂર છે !" તેણીએ પોતાની મોહક ચક્ષુઓ ઉઠાવી તેનામાં જોયું અને તેણે અથાગ પ્યારનો દૈવી પ્રકાશ ત્યાં સ્પષ્ટ જોયો.

"અને મીસ સ્ટ ન ?" કેલીને, જરા ખંચાઇને, પુછ્યું.

"બુદરતીજ, તેવજ ઘણા હેબતાઇ ગયાં છે. ઝેબાનું મરણજ ઘણું ભયંકર છે. માનું છું કે તેણીનું પહેલાં ખુન કરવામાં આવ્યું હશે અને પછી તે ઘાટની કર્તવ્ય ચુપકાંતે સળગાવી દેવામાં આવ્યું હશે. પહેલો ખ્યાલ તો માત્ર ચોરીનોજ હશે. પૈસાની માત્રજ નહી પણ સ્ટર્ન વાળાઓને લગતાં કેટલાંક બાનગી અને અગત્યના ઓ. કે જેનો ઉપયોગ સ્ટર્ન વાળાઓના શત્રુઓજ માત્ર કરી શકે એમ હશે. એ ગમે તે હોય, આ ધરબટલાને લગતી દરેક વિગતોથી જાણકાર હોવા જોઇએ. કા- રાત્રે અત્રેથી બે માણસ દુર કંઇ ખાસ ચોકીને બાહણે ધકેલી મારવામાં આવ્યા તો ઝેબાનું ચુપકું એમ તમામ બાબરાબ થઇ જવા પામતે નહી. બધો યારી ને સમજદારીથી રચાયલો દીસે છે".

"હું તો એમ માનતો હતો કે કે," ... નાટ, બોલ્યા હતો ... ધણાજ ...

"બાહરે એટલું બધું સખ્તાઇથી કહેવું જોઇતું નહતું. તે કંઇ એકદમ એટલો બરાબ નથી, અને વળી હું તેને સુધારવાની પણ કોશેશો કરી રહ્યો છું."

તેણે નોએલ કેમ્બેલ માટે વધુ કંઇ કહેવાના દેખાઇતા અખાડા કર્યા અને થોડીક પળો પછી એક મીઠી બગલગીરી સાથ તે તુરતનાંજ પ્યારમાં પડેલાં પ્યારાંઓ છુટાં પડયાં.

"તું મને રોજ લખશેની ?" તેણે જતાં જતાં ફરી યાદ આપી, "હું ટપાલની માટે રોજ આતુરતાથી થોભશ, બોટી થવશ કે જેમ અત્યાર તુલીકમાં મેં કોઇ દિન કર્યું નથી."

તે પછી તે પ્યારો જવાન પોતાની તે મનોહર માશુકને પ્યારનું એક અતિ હેતવંતું આલીંગન કરી ગયો.

તે વ્હાલા જવાનને જતો જોઇ તેં મધુરી ત્યાંજ આંખમાં આંસુઓ સાથ થોભી, પછી અંદર પાછી ફરી. તેણી માટે નવી મુશીબતો ડોળા ઘુરકતી થઇ હતી. નાસ્તાની ટેબલ ઉપર લેડી હેલીનાએ એવી મતલબનો ઇશારો કર્યો કે ઝેબાનું ખુન કરનાર માણસ કોલીન રેડક્લીફ હતો. એ-વાત ઉપર સહજ પણ વિવાદ કરવા એલઝીએ ના પાડી. પણ નાસ્તા પછી તરતજ તેણીએ નીચલુ પત્ર કોલીન ઉપર લખી નાખ્યું.

માહરા વ્હાલા,

મેં તાહરે માટે એક ખબર મેળવી છે, જે જાણી તું કદાચ હસશે, પણ તે માહરે મનશે તો બહુજ બરાબ છે. મને અસેમસે ઇશારો કરી એવું સમજાવવાની કોશીશ કરવામાં આવે છે કે માહરા કઝીન નોએલ કેમ્બેલની સમજાવટથી હમારા કુટુંબને લગતાં કેટલાંક અતિ અગત્યના કાગળાંઓ મેળવવા-બાસ કરીને માહરા પપા ડીયરને ઘણું હીતું લાગે એવા કેટલાક લેણીત મુદ્દાઓ હાય કરવા તેં રેકટરીમાંથી ચોકકસ પત્રોની ચોરી કરી છે. વળી, તે તાહરા કસદમાં હાવવા તેં ઝેબાનું ખુન કર્યું છે. એ શું અતિ ભયંકર નથી ? તું આજે જલદીથી ને છુપાછુપજેવો ચાલી ગયો તે ઉપરથી તેઓએ એવો મદાર બાંધ્યો છે કે તેં ચોરેલા દસ્તાવેજોનો જલદીથી ને સંભાલથી લટકો કટકો કરી નાખવા તેં આમ કર્યું છે. હવે, તને જેમ સલ્લાહ મળે તેમ કરવાનું હું તાહરી ઉપર છોડું છું. મને

કે રખે તે વહેમાઇ જાય અને આપણનો પ્યાર પકડી પાડે. લાગણીઓને કાબુમાં રાખવી એ એક ઘણું કઠન કામ છે. અને વળી એ બેઉ-ડૉ૦ ડેનવર ને મી૦ વેલન્સ-મને ઘણુંજ બીહીપરાવનારં ને ચોંકાવનારં કહેતા રહેલા છે."

"તેઓ એવું તે શું કહે છે, ડાર્લીંગ," તેણે, ભવાં જમાવી, પુછ્યું.

"કંઇજ ચોકકસ નહીં. પણ તેઓ જે નાપસંદ ઇશારાઓ કરે છે તે સત્ય કરતાં કાંઈક છે. તેમાં પાદરી મી૦ વેલન્સની વર્તણુક તો હું તદનજ સમજી શકતી નથી. ઘડીકમાં તે મારી દયા ખાય છે તો ઘડીકમાં મને ધીક્કારતો હોય એમ દીસે છે."

"એ છેજ એવો ટુકડખોર," કોલીને બીજવાઇને કહ્યું, "એલઝી, મારા મીઠા પ્યાર, એ બધી તારી નવી મુશીબતોનો જવાબદાર હુંજ છું. હું શું કરું પણ થોડોક સમય સુધી હું તને રક્ષા આપી શકું એમ નથી. ઓહ, એ વિચારથી પણ મને કંઇ ને કંઇ પેરટ કરવા જવા તૈયાર થઈ.

તે એકલીજ, તેમ કરવા, બંગલામાંથી બાહર પડી. ધીમેથી [illegible] તેણીએ વાતની વિચાર્યું નહીં. અને તેમાં તે ખોટી તો નજ હતી.

અર્ધે રસ્તે જતાં તેણીને પાર્કને લગતું એક માણસ મળ્યું. તે પોતાની શેઠાણીને જોઇ અદબથી સલામ કરી ચાલી ગયો. એલઝીને તુરત લાગ્યું કે શેઠી હેલીનાએ તેને કંઇ સંદેશો આપી રેકટરીમાં મોકલેલો હોવો જોઇએ.

"હું હવે એને ધીક્કારતી થઇ છું," તે કડવાસથી પટપટી, "એક વેળા હું એને અબળાઓમાની એક શ્રેષ્ટ અબળા માનતી હતી. પણ મને એનાથી બીહીવાનું શું છે ? હું કંઇ થોડી હવે નાનું બચ્ચું છેઉં. હું એને ઠંડાવશ ત્યારેજ રહેવશ."

તેણી વિચારમસ્ત ધીમે ધીમે ચાલી જતી હતી તેટલાં તેણી મી૦ વેલન્સના ગંભીર આવાજથી ચમકી.

"ગુડ મોરનીંગ, મીસ રટર્ન," પાછળથી એકાએક ફુટી નીકળી તે પાદરીએ તેણીને આમ ચમકાવી, "હું તમનેજ મળવા આવતો હતો. તમે કેટે દુર જતા છો કે ?"

"નહીં, હું પોસ્ટ ઓફીસ ઉપર જાઉં છું," એલઝીએ લગાર ઠંડાઇથીજ કહ્યું.

"ત્યારે હું તમારી સાથજ આવશ." તે બોલ્યો. તે કંઇ વાંધો ઉઠાવી શકી નહીં, પણ તેણીએ જોયું કે તેણીના હાથમાંનું એનવેલપ તેણે જોયું હતું, અને તે ઉપર શંકાભરી દ્રષ્ટિથી તે જોઇ રહ્યો હતો.

તેઓ પોસ્ટ ઓફીસ નજદીક આવી પુગતાં તે પાદરી એકાએક ચાલતો ઉભો રહી ગયો, અને એલઝી તરફ ફરી પુછ્યું.

"મીસ રટર્ન, આપે તમારા હાથમાનું પત્ર કોલીન રેડકલીફને શરનામેનું છે ?"

"હા, મી૦ વેલન્સ, તે મી૦ કોલીન-રેડકલીફ માટે છે." તેણીએ, એ સમજી, ગુસ્સાથી જવાબ કર્યો.

"ત્યારે, એ પેસ્ટ કરવાની હું તમને મંજુરી આપતો નથી," તે પાદરીએ કરડાઇથી ને હુકમની અદાએ કહ્યું.

(સાંધણ ૬.)

પ્રયત્ન.

(રાગ કાફી)

હાથ જોડી ના બેસો, રે ભાઇ, હાથ જોડી ના બેસો !—
કરવું હરિને હાથ બરૂં, પણ સાથ શું શ્રમ નહિ લેશો ?
હાથ જોડીને બેસી જ રહેતાં, આશો જગતની ઠેશોઃ
રે ભાઇ, હાથ જોડી ના બેસો ! ૧

મેઘ વરસશે મુશળધારે, તે શું જોઇ જ રહેશો ?
તન રગડી જો ન બેતર ખેડો, તો પછી પાક દે એ શો ?
રે ભાઇ, હાથ જોડી ના બેસો ! ૨

ફરશે ને હરશે તે ચરશે, બાંધ્યો ભુખે મરે શો;
હરિ હરિ કરતાં આ હીનદશા ઠરી, એમાં શો અદ્દેશો ?
રે ભાઇ, હાથ જોડી ના બેસો ! ૩

સુતેલા પણ સિંહતણે મુખ આવી શિકાર પડે શો ?
કાળ ભરી તે ઠાર કરે તો જ ઠારી શકે ભૂખકલેશોઃ
રે ભાઇ, હાથ જોડી ના બેસો ! ૪

આ નથી, તે નથી, એમ કદી પણ કાયર થઇ નવ કહેશો !
સાધનથી પણ સાધ્ય છે મ્હોટું: પાધરે યત્ન પ્રવેશો !
રે ભાઇ, હાથ જોડી ના બેસો ! ૫

યત્ને ચઢી બડી રેલ હઠવશો, નહિ તો પડી સડી બ્હેશો !
વીર ! ઊઠો, પ્રભુ-સાહ થશે, આ સાધવો દિવ્ય સંદેશો !
રે ભાઇ, હાથ જોડી ના બેસો ! ૬

અરદેશર ફરામજી ખબરદાર

પ્રજાકીય કેળવણી.

લખનાર:-એક અભ્યાસી.

(૪)

આપણે આગાઉ જોઇ ગયા કે આપણા હેતુ બે છે. આપણે નવી પ્રજાકીય ચળવળના જન્મ પહેલાં નિરાશા અને ગુલામગીરીનું જે વાતાવરણ પેદા થયું હતું તેનો નાશ કરવાનો છે. અને એ નિરાશા તથા ગુલામીનાં મૂળ કાપી નાખવાના છે. એ હેતુ માટે આપણે આપણા ભુતકાળના ઇતિહાસનું શોધન કરી એવું પૂરવાર કરવું પડશે કે આપણા ભુતકાળમાં એવું કંઇજ નથી કે જે આપણી સ્વતંત્રતાની આડે આવી શકે. તત્વજ્ઞાન, યુદ્ધકળા, વિજ્ઞાન, તર્ક-શાસ્ત્ર વિગેરેમાં આપણે ઘણા આગળ વધ્યા હતા. આ સિધ્ધ કરવા માટે આપણી સંસ્કૃતિ આ જમાનાના સુધારાથી દરેક રીતે ચઢીયાતી હતી એમ કહેવાની કંઇ જરૂર નથી. આપણા બાપદાદાઓ દેવીજ્ઞાન અને ખુદાઇ નૂરના ઇજારદાર હતા એવો દાવો કરવાનીય જરૂર નથી. આપણી ઉચ્ચતા સાબીત કરવા માટે એકજ વાત પૂરતી છે અને તે એ કે ૧૮ મી સદીની આગાઉ આપણે તે વખતની કોઇ પણ પ્રજા કરતાં આચાર વિચારમાં ઉતરતા નહોતા. આપણે જે સુધારાની બીલવણી કરી હતી તે ઉમદા, પ્રતાપી અને મહાન હતા. ધર્મ, રીતરસુરી, કાયદા અને સમાજ શાસ્ત્ર, કલા અને વિજ્ઞાનમાં આપણે જુની દુનિયાની કોઈ પણ પ્રજા સાથે ટક્કર ઝીલવાને સમર્થ હતા. આપણાં ભુતકાળના કામો આજની દુનિયાના કેટલાક કામો સાથે સરખાવતાં પણ ઉતરે એવા નથી. આપણા ભુતકાળથી આપણને શરમાવાનું કંઇજ કારણ નથી. ઉલટું તે કાળ આપણી ગૌરવરીનો હતો. એનો અર્થ એ નથી કે આપણા બાપદાદા બધાજ સત્યપર પોતાની છેલ્લી મહોર મારી ગયા હતા.

માનવજાતિ આગળ વધતી જાય છે. મનુષ્યનું જ્ઞાન વધ્યું જાય છે. કુદરત પરની માણસની સત્તા વધી જાય છે. જગતની સંસ્કૃતિની ઇમારતનો મજબુત પાયો નાખવા અને તેનો પહેલો માળ બાંધવા માટે દુનિયા હિન્દુસ્થાનની કરજદાર છે. માનસિક અથવા શારિરિક ક્ષાયકાતમાં આપણી પ્રજા કોઇથી ઉતરતી નથી. અનુકુળ સંજોગો અને તક મળતાં દુનીયાની કોઇપણ પ્રજા સાથે હરિફાઇ કરવાની આપણામાં તાકાત છે. સહકારથી માનવજાતીની પ્રગતીમાં આપણે ઘણો ફાળો આપી શકીએ. આપણાથી બીનજાહેલગાર પરદેશીઓ અને આપણા દેશી ભાઇ બહેનોનાં મનપર ઉપલી બીના ઠસાવવાની એક પણ તક ગુમાવવી આપણને પાલવવાની નથી.

કોઇપણ સંજોગમાં આપણી જાતને ઉતરતી માનવાની જરૂર નથી તેમ જાતિભેદ અથવા રંગભેદને લીધે પરદેશીઓ આપણને વગોવી કાઢે તે પણ આપણે સાંખી લેવાનું નથી.

આપણે સ્વમાન અને આત્મ વિશ્વાસથી ઉંચે મસ્તકે ફરવું જોઇએ. અને એવુંજ પવિત્ર સ્વમાન દરેક બાળક તથા બાળકીના દીલમાં પેદા કરવું જોઇએ. જે માણસ પોતાને હલકો માને છે તે જરૂર હલકો બને છે. "ઇમ્પીરીઅલ પ્રેસ" ના લેખકો એ રમત ચાલુ રમી રહ્યા છે. આવા ટીકાકારોની હિંદના રિવાજો, ધર્મો અને ધાર્મિક સંસ્થાઓ માટે માફી માગવાની જરાય જરૂર નથી. હિંદ જે છે તે છે. ખુલ્લા દીલની પ્રમાણિક ટીકા આપણે વધાવી લઇશું ને તેમાંથી ઘટતો ફાયદો પણ મેળવીશું; પણ સામાન્ય રીતે રંગભેદ અને જાતિય અભિમાનથી થતી ટીકા આપણે ધિક્કારથી હસી કાઢીશું. આ બાબે આપણે વિવેકને નામે ખોટી નમ્રતા બતાવવા નથી માગતા.

પણ તે સાથેજ આપણે આપણી જાતને ન છેતરીએ તેની સંભાળ લેવાની છે આપણી સંસ્થાઓ બેનમૂન માની લઇ તેમાં આધુનિક સુધારા ન કરવાની મૂર્ખાઇ કરવી પરવડે તેમ નથી. આપણી નબળાઇઓ, આપણી સામાજીક બદીઓ અને આપણા કેટલાક રીવાજોમાં રહેલી ક્રૂરતા અને જંગલીપણું વીગેરેનો નાશ કરવોજ પડશે. એ બદીઓનો છેવટનો નાશ કરવા માટે મૂળ કારણો શોધવાની જરૂર છે. પ્રગતીની કુચમાં આપણા માર્ગમાં જે કંઇ આવે તેમાંથી ઘણાનો આપણે નાશ કરવો પડશે. જૂનું તેટલું સોનુંજ છે એમ માનવાની જરૂર નથી. આપણા બાપદાદાઓના કેટલાક વિચારો ખોટા જણાયા છે—આપણે તેમાં ફેરફાર કરીશું. તેમની કેટલીક રૂઢીઓ ખામી ભરી હતી—આપણે તેમાં સુધારા કરીશું. તેમની કેટલીક સંસ્થાઓ તેમના જમાનાને બરની હતી. આપણે આપણા જમાનાને બરની નવી સંસ્થાઓ ખોલીશું. આપણે આપણા બાપદાદાની છાયા-નકલ-રૂપ થવા માગતા નથી પણ તેમનાથી વધુ સારા થવા ચાહીએ છીએ.

આ હેતુથી આપણા સંસાર અને આપણા વિચારોની આપણે આંકણી કરવાની છે. આ કામમાં હિમ્મત અને મરદાઇની જરૂર છે-સંપ, સહકાર અને ખંતની જરૂર છે. સહુથી વધુ આત્મવિશ્વાસ અને આત્મમાનની જરૂર છે. આપણે સઘળી મદદ વધાવી લઇશું પણ સઘળો આધાર તો આપણી જાતપરજ રાખીશું. આ ભાવના (Spirit) થી પ્રજાકીય કેળવણીનો વિચાર કરવાનો છે. કંઇ પણ માની ના લો, દરેક ચીજનું પ્રથક્કરણ (analyse) કરો, દરેક યોજનાની ખુલ્લી કસોટી થવા દો, દરેક સિધ્ધાંતની બારીક ચર્ચા કરો. આપણી યોજના માટે બીજા દેશના ટીકાકારો શું ધારે છે તે જાણી લો. આ બધું થયા પછી આપણે સાચે મળીને મસલત કરી ભવિષ્યની યોજના નક્કી કરવી પડશે. આપણે અંગ્રેજ, જર્મન અથવા જાપાનીઝ થવા ચાહતા નથી. આપણે હિંદીવાન થવા ચાહીએ છીએ. ૧૬ મી સદીના નહિ પણ ૨૦ મી સદીના આધુનિક, પ્રગતિમાન, અપ-ટુ-ડેટ હિંદીવાન થવા ચાહીએ છીએ. ભૂતકાળથી પણ વધુ પ્રતાપી ભારતવર્ષનાં સ્વતંત્ર શહેરીઓ થવાની આપણી ઉમેદ છે.

પ્રજાકીય કેળવણી એટલે શું? સ્થાનિક, પ્રાંતિક, પાંથીક અને ધાર્મિક કેળવણીથી પ્રજાકીય કેળવણીને જુદી પાડવી છે? કેળવણી પ્રજાકીય શી રીતે બની શકે? શીખવવાની ભાષા, કેળવણી આપનાર સંસ્થા, કેળવણીપર અંકુશ મુકનાર સત્તા અથવા પુસ્તકો શું વણીને પ્રજાકીય બનાવે છે?

સત્ય સ્થાનિક નથી, રાષ્ટ્રીય (National) નથી. તેમ તે આંતર રાષ્ટ્રીય (international) પણ નથી. સત્ય સત્યજ છે. પશ્ચિમના સાયંટીસ્ટો અને ફીલોસોફરો હિંદી હોતા તેથી તેમનાં સાયંસ અને ફીલસુફીને આપણે બોયકોટ કરીશું? શેકસપીઅર, બેકન, ગેાએથ, શીલર, ઇમરસન, વ્હીટમેન વિગેરે યુરોપીઅન હતા તેથી તેમની સાથે આપણે ઘટ્ટા કરીશું? વૈદક, સરજરી, કેમીસ્ટ્રીજી, હાઇજીન, એન્જીનીઅરીંગ, (civil; mechanical, electrical, agricultural, and mining) બોટની, જીઓલોજી, ઝુલોજી વિગેરે વિષે આપણા પ્રાચીન સાહિત્યમાં જે લખાણ મળી આવે છે તે કરતાં એ વિષયોમાં પશ્ચિમ ઘણું આગળ વધ્યું છે માટે આપણે એ બધા શાસ્ત્રોને અરબી સમુદ્રમાં ફેંકી દઇશું? વળી દરીઆઇ, વેપારી, હુંડીયામણ, વીમા વીગેરેના આધુનિક શાસ્ત્રોનું શું? શું આપણે જુની પદ્ધતિ પાછી લાવવા માગીએ છીએ ને નવા જમાનાના સુધારા ફેંકી દેવા ચાહીએ છીએ? વળી હાલના રાજદ્વારી, શહેરી અને સામાજિક શાસ્ત્રોનું શું? આપણી "પ્રજાકીય" રાજદ્વારી પદ્ધતિ કઇ છે? પહેલી અને છેલ્લીવાર અમે કહેવા દો કે આ જમાનામાં પ્રાચીન કાળની કેટલીક પદ્ધતિઓ ચાલે તેમ છેજ નહિ. દાખલા તરિકે હાલના ગણિત, બીજ ગણિત (algebra) ત્રીગ્નોમેટ્રી, ભૂમિતિ વિગેરેને બદલે સંસ્કૃત "લીલાવતી" અને બીજાં પુસ્તકો ચલાવી શકાય ખરાં? જૂના જમાનામાં આપણું અર્થશાસ્ત્ર બહુ સારૂં ગણાયું હશે. સરખામણી કરવા માટે તેનો અભ્યાસ કરવામાં કંઇ ખોટું નથી. તેમાં હજુ કંઇ કિમતી તત્વો રહ્યા હોય તો તે આજના અર્થ શાસ્ત્રમાં ઉમેરી દેવાની જરૂર છે. પણ જે અર્થશાસ્ત્ર આજે દુનિયાની આર્થીક સ્થિતિપર સત્તા ધરાવે છે તેને બદલે પ્રાચીન "અર્થશાસ્ત્ર" રજુ કરવું તે ચોકખી મૂર્ખાઇ છે.

હમણાં હમણાં આયુર્વેદ અને યુનાની હકીમોનો ઉદ્ધાર કરવાની ઘણી વાતો થાય છે. આ ચળવળ તરફ આ લખનારની થોડીક દીલસોજી છે; પણ જો કોઇ સખસ હાલની મેડીકલ કોલેજોને તાળાં મારી જુનાં વખતોની દુકાનો ખોલવા માગતું હોય તો હું એટલુંજ કહીશ કે ખુદા એવા માણસથી અમને બચાવો! મીડ વીફરી અને બાળ ઉછેર વિશેના અજ્ઞાનને લીધે આપણે લાખો કીમતી જીંદગી-ખાસ કરીને બાળકો અને સ્ત્રીઓની-દર વર્ષે ગુમાવીએ છીએ. "મીડવીફરી"ના જ્ઞાનને ચોતરફ ફેલાવવાની જરૂર છે. "શુદ્ધ દેશી" થવા માટે અભણ "દાયા" ઓને હાથે હજારો સ્ત્રીઓના ભોગ આપવામાં દેશાભિમાન નથી પણ પાપ છે

હવે ધર્મ શાસ્ત્રની વાત કરીએ. જુના કાયદા અને સામાજીક નિયમો જાણવાની જરૂર હું પીછાનું છું છતાં તેમાંના કેટલાક વિચારો ક્રૂર અને જંગલી છે તે વિષે હવે કશો શક રહેતો નથી. આપણાં બાળકોને "મનુ," "નારદ" અને "અપસ્તંબ"ની જુની આવૃતિઓ ભણાવીને તેમના મગજ પર બોજો નાખવાની જરૂર નથી. અલબત, એ શાસ્ત્રો ઉંચા અભ્યાસ ક્રમમાં સમાવવા જોઇએ પણ તે પહેલાં આ જમાનાને બરના તેમાં સુધારા વધારા કરવા જોઇએ. આટલું કરવા છતાં આજની સરકારે ઘડેલા કાયદાઓ અને બીજા દેશના કાયદાઓનો અભ્યાસ આપણે ન કરીએ તે ચાલવાનું નથી. આધુનિક કાયદાઓ, શહેરી ધર્મ (civics) બીજા દેશોના રાજ્યતંત્રો, અર્થશાસ્ત્રો અને રાજદ્વારી વિચારોનો અભ્યાસ આપણી પ્રગતિ માટે ખાસ જરૂરી છે. આ બધા વિષયોના અભ્યાસની શરૂઆત પ્રાથમિક શાળાઓથીજ થવી

જોઇએ. દરેક કન્યા અને કુમારને તેનું ભાન હોવું જ જોઇએ. એ વિષયનો બહોળો પ્રચાર થશે તોજ આપણામાં રાજદ્વારી જાગૃતિ અને ચેતન આવશે. તેથી આપણી રાજદ્વારી અભિલાષાને પોષણ મળશે, જોખમો સામે ચેતવણી મળશે, અને આપણી આર્થીક સ્થિતિમાં સુધારો કરવામાં મદદ મળશે. વળી હાલની લડાયક તૈયારી અને લડાયક ઓજારો વાપરવાની કલાનું શું ? ફ્રેંચ્ટર તોપ ને મશીનગનોને બદલે આપણે જુની તીરકામઠા ને તલવાર તથા ભાલાની લડાઇ શરૂ કરવા માગીએ છીએ ? "સ્વદેશી" થવાના ધખારામાં જો કોઇ એવો ખ્યાલ અમલમાં મેલશે તો તે હિંદને ફના કરી નાખશે.

આ બધું કહેવાનો લેખકનો હેતુ એ છે કે હાલમાં કેટલાક ભલા માણસો હિંદમાં રહેવાને નામે ત્યાગ, સાદાઇ, એકાંત જીંદગી અને આત્મભોગની વાતો કરી રહ્યા છે. તે સામે હું મારા વાચકોને ચેતાવવા માગું છું. * આ ભલા માણસો જુનો જમાનો પાછો લાવવા માગે છે. તેઓ એવાજ મૂર્ખાઇભર્યા વિચારોના પુસ્તકો વેચે છે. ત્યાગ અને આત્મભોગની લાગણી ઉશ્કેરનારી કવિતાઓ લખે છે. આ લોકો મુર્ખા છે કે દેશદ્રોહી તે હું જાણતો નથી. એવા લોકોના સાહિત્યથી બચવાની ગંભીર ચેતવણી આપવાની હું મારી પવિત્ર ફરજ સમજું છું. પહેલી ને છેલ્લીવાર આપણે જાણી લેવું જોઇએ કે આજે દુનિયાનો કોઇપણ દેશ તેની ગમે તેટલી મરજી હોય તોપણ એકલો રહી શકે તેમ છેજ નહિં. આપણે એકલા રહેવા માગીએ તોપણ દુનિયાના બીજા દેશો આપણને એકલા રહેવા દેવાના નથી. ૨૦૦૦ ચોરસમાઇલના વિસ્તારમાં દુનિયાની ૧/૬ વસ્તી ધરાવતો આપણો દેશ કદિ એકલો રહી શકે નહિ અને તેને કોઇ એકલો રહેવા પણ ન દે. જો તેનાં કુદરતી સાધનોનો દેશીઓ ઉપયોગ નહિ કરશે તો બીજાઓ કરશે. રાજદ્વારી અને આર્થીક ક્ષેત્રમાંજ નહિં પણ આચાર વિચારમાં પણ આ દેશ બીજા દેશોની સપાટીએ પહોંચવોજ જોઇએ. વરાળ અને વીજળીએ વખત અને અંતરની દીવાલો તોડી નાંખી છે. હવા, સંજોગો, જાતિ, ભાષા, સમાજ, રિવાજ, ઇતિહાસની પરંપરા વિગેરેને લીધે ચોકસ ભેદો રહેશે છતાં આજથી બસો વર્ષ પહેલાં સઘળી પ્રજા એકબીજાથી જેટલી જુદી હતી તેટલી જુદી આજે રહી નથી. જગત એક કુટુંબ થવાની વલણ લઇ રહ્યું છે. જે માણસ એ ચળવળમાં ભાગ નાખશે તે તેના દેશ અને માનવજાતિનો દોહી ગણાશે. આ ચળવળથી બજાગૃત, બુદ્ધિવાન, શક્તિવાન અને સાધન સંપન્ન પ્રજાએ કંઇજ બીવાનું નથી. બળવા, પછાત, બાયલા અને નવી સ્થિતિ ન ઓળખનારા લોકો કાંતો નાશ પામશે અથવા બીજાઓના ગુલામ બનશે.

(અપૂર્ણ.)

* આ ટીકા ડૉક્ટર રવીન્દ્રનાથ ટાગોરનાં કાવ્યો અને લેખોને લાગુ પડતી નથી.

થોડું'ક જરૂરી.

આવતા માસ ઑગષ્ટનો અંક, અમો આંગળા અંકમા લખી ચુકયા છીએ તેમ, નવરંગના ચાલુ સાલનો બારમો અને છેવટનો અંક થશે અને તે પછીના માસ સપટેમ્બરમાં આ અદના માસિક પોતાના એક વધુ નવા સાલની ખુશખબ્તી-ભરી વૃદ્ધિમાં જાપલાવશે.

'નવરંગ'નો નોરોઝી અંક રાબેતા મુજબનો દળલ મોટો નિકળશે. તે માટે ગુજરાતી સાહિત્યમાં સુવિખ્યાત અનેક પારસી, હિન્દુ, મુસ્લીમ લેખકોને આમંત્રણો કરવામાં આવ્યાં છે, અને તેઓ માહેલા અનેક મેહેરબાનોએ તો અમારી માગ-ણીનો તુરતા તુરત સ્વિકાર કરી કેટલીક અનમોલ્ય અને કીમતી પ્રસાદીઓ મોકલી વટીક આપી છે. એ મોટો નોરોઝી અંક અમારા સંગીન વાંચણના શોખીન અને કદરદાન વાંચક વર્ગને તમામ મનપસંદજ પુરવાર થશે.

નવી મોટી વારતા અમોએ ગયા અંકમા વિદીત કર્યું છે તેમ અજેજ સંસારની એક અતિ દિલપઝીર અને મનોવેધક મોટી વારતા છે. એ અમારી ખાસ પસંદ-ગીની લખાવેલી છે અને વળી તે એવા લાયક લેખકના હાથમાં સોંપવામાં આવી છે કે તે તમામ કતેહમંદ ઉતરશેજ એમ ખાતરીથી માનવાને અમને જરા પણ સંદેહ નથી.

અમારી નવી ભેટ "સંસાર" છપાવા માંડી છે અને તે હંમેશના માફક મુજબ માસ ઑગષ્ટની આખેરીમાં તૈયાર થઇ જશે એટલે તુરતજ અમારા મેહેરબાન ગ્રાહકો ઉપર વી૦ પી૦ પીથી રવાના કરી નવા સાલનું લવાજમ હર વર્ષના રાબેતા મુજબ વસુલ કરી લેવામાં આવશે. એ ભેટ એક અતિ ઘણી આલકારદાયક અને કીમતી નિવડશે. ભાઇ બહમનજી કાબરાજીની એ અતિ પુરાણી ને વળી તેટલીજ દિલપઝીર વારતા એક વાર વાંચવા લીધા બાદ હાથમાંથી મુકવા ગમે નહી એટલી રસીલી અને જોરદાર છે. બરૂં લખ્યે તો ભાઇ બહમનજી કાબરાજીની વારતાઓ માટે કાંઇ લખવાની ગોયા જરૂરતજ નથી. એ યુનેર્ગ બિશદરતુ નામજ એમની વાર્તાઓની સીફારસમાં દેવું પુરતું છે.

"બરજોર નામું" પણ એજ નવા સાલના નવા અંકથી કવિ આદીલની બેદ્ધ ને વર્ષોની કસાઇ કસાઇને માહયારદી થયલી કલમથી આપવામાં આવશે. એ 'બરજોર નામું' અસલમાં ૧૮ મોટા વૉલ્યુમોમાં 'મુંબઇ સમાચાર' છાપાખાનામાંથી નિકળેલું છે કે જેની કાટી તુટી પ્રતો પણ આજે મળવી તદનજ દુલર્ભ છે. અમે આગળ કહ્યું છે તેમ તે ઘણી જહેમતે ને મોટા ખર્ચે અમોએ હાથ કરી છે ને તે 'નવરંગ'ના

નોરોઝ ટાંકણે બાહર પડશે.

જાણીતા લેખક 'રફીક'ની નવી નોવેલ.

ડીટેકટીવ કલાઈડ.

ચીત્રો સાથે.

કીંમત રૂ. ૨॥. પોસ્ટેજ જુદું.

લખો:-એદલ હોરમસજી દેશાઈ,

બજારગેટ, કોટ,

મુંબઈ.

સંગીન વાંચનના શોખીનો માટે નાદર તક.

—.o:—

નવરંગના પહેલાં સાલની કંપ્લીટ ફાઈલ, સુંદર બાઈન્ડીંગ કરેલી કીંમત રૂ. ૨૫.

નવરંગના બીજાં સાલની કંપ્લીટ ફાઈલ, સુંદર બાઈન્ડીંગ કરેલી. કીંમત રૂ. ૧૫.

નવરંગના ત્રીજા, ચોથા, પાંચમા છઠ્ઠાં અને સાતમાં સાલની કંપ્લીટ ફાઈલો સુંદર બાઈન્ડીંગ કરેલી દરેકના ... ... રૂ. ૭

ગણત્રીનીજ ફાઈલો હોવાથી ઓલ્તેમાસ કરવામાં આવે છે કે તાકીદે મંગાવી લેશો.

પોસ્ટેજ જુદું પડશે. સરકયુલેટીંગ સીસ્ટમ ઉપર વાંચવા આપવામા આવશે નહીં

લખો —

મેનેજર,

નવરંગ,

બજારગેટ, કોટ, મુંબઈ, નં૧.

સરજતની સાંકલ.

લખનાર—સોરાબ બી. તાતા.

મેરવાન દીવેચા પોતાની ઑફીસમાં ટેબલ આગળ ખુરસી ઉપર બેઠો હતો, જે વેળા તેની પીઠ પાછળની બારીમાંથી આફતાબનો તેજસ્વી પ્રકાશ તેના હાથમાં ધરેલી એક નાની સખી ઉપર આબાદ ઝગઝગી રહ્યો હતો, કે જેની રોશની વચ્ચે તે સખીબાનો મનોહર મુખડો બની શકે તો તેના ઉલટમંદ જોનારને વધુ દીલકશ લાગતો હતો. તે પરીસુરત ચેહેરા ઉપર એકાગ્ર-ચિત્તે જોતો હતો, જે વેળા કોઈ કોઇ ઘડીએ દુઃખભર્યો નિશ્વાસ તેના દલગીર મુખડામાંથી બહાર પડતો અને તે અભાગ્યો જરદાર જુવાન સહવારનાં તે એખલાં એકાંતમાં ગમીની ગીરફતારીમાં ગોથા ગર્ક જતો હતો.

નાની સખીબાનો તે ચેહેરો ખુશીમાં હરતી તેજી જણી આંખો સાથનો, મલકાએલા ગોલ બરાવદાર અને આકર્ષી ઘાટઘટમનો હતો, અને તેના પરીસુરત મુખડાની નાની સખીને ઇંડાં રોકા આકારની શુશોભીત ચાંદીની ફ્રેમમાં મઢી લીધેલો હતો.

સખીબાની તે મનોહર છોકરીને તે જુવાને ચાહી હતી—પોતો ધીકકારી હતી—જેમાંથી શું તે, તે જુવાન તે પળે ખાત્રીપૂર્વક ન હતો, સબબ કે તેણીનો મીઠડો મુખડો જેમાંની કોઇ બી લાગણી રહીત તે બોલો જુવાન બારિકાયી નીહાલવાને શકતીવાન હતોઃ મગર કોઇ બીજા મર્દ સાથે સ્યાદીના ગાંઠથી એક થવા કાજે, તેને બેવફાઇ અને બેવકુફાઇથી સદાનો તજી જવાની સીહા હીંશુપરસ્તીના માહાભારટ અપરાધની વાજબી શીક્ષા પોતાનાં ભૂંડાં કરતબ્યથી સહણ કરે એવા પકકા ઠેડાવ સાથ તે નાઉમેદ અને મોહોબ્બતમાં સરબસર હારેલો અને નાસીપાસ થએલો જુવાન તે બેવફાઇની નાપસંદ મૂર્તિથી સદાનો જુદો પડયો હતો. દસ વર્ષના લાંબા ગાલા પછી તે ઠેડાવ અને તે બનાવ સમુલગો ભૂલી જવાની લાગણી માટે તેને તાજુબી બરપા થઇ. પોતાની બાનગી ઉંરકના એક નાનાં બાંનામાં તે નાની સખી ચોંટાએલી અને પડેલી તમામ બદીજ જવાઇ હતી, કે જે બાનું ઘણા લાંબા અરસા તુલીક મુદલજ તેણે ઉઘાડયું ન હતું.

મોહોબ્બતની જંગમાં સીકસ્ત પામેલા અભાગ્યા જુવાનની દસ વર્ષ ઉપરની જફાકારક કાંહાણી અત્રે યાદ આવતાં તે અભાગ્યાએ દુઃખના લાંબા નિશ્વાસો તે પળે બાહાર કાઢયા, મગર બૂલી જઈ બાદ કરવાના ખુદ પાક ખુદાઇ નિયમ મુજબ અમલ કરવાનો તેણે નિશ્ચય કીધો.

હાલી હાલાંચાનજીનું શું થયું હતું તે માટે મેરવાન દીવેચા બેહદ તાજુબ થયો. જે આફટકારક બરગસ્તે દીવસે તે બેનશા છોકરીએ તે જુવાનને છેલ્લી સલામ કીધી હતી, અને

તે વેળા ગગલતા સાહાદે એવું કહીને કે તેની સાચી મોહોબતને સદાની તરછોડી કાઢી કોઇ બીજા સખ્સ સાથ રચાદીના ને છુટે કે તુટે એવા પવીત્ર ગાંઠથી એક થવાનો મનજુત નિશ્ચય તેણી કરી ચુકી હતી. તો સખ્સનું નામ–કવાબમાં હાડકાં બીસાલ ખુંચનાર–સુખમાં નડતલ સમાન થનાર તે–કમબખ્ત સખ્સનું નામ મેરવાન ભૂલી ગયો હતો, પણ તે જરદાર સખ્સ હતો; જ્યારે મેરવાન બીચારો તેની મુકાબલે તે વખતે એક બીલકુલ મુફલીસ સખ્સ હતો–ગોવા એક દુંગર આગલ તણખલાં જેવો હતો. એકાદ માહામાગર આગલ ટીપું બીસાલ હતો. તેજ મોલેતુજાર સખ્સ સાથ દાલી પરણી હતી એમજ તેણે ધાર્યું. દસ વર્ષ tunીક તેણીની કાંઇણી ધનનસલ બણી ન હતી. કદાચ તે બીચારી ગરી બી ગઇ હોએ.

મેરવાન કડવાસથી સેહેજ બીકકું ડરયો. ગરીબીની સીઢા ગટેરમાંથી તે હવે તવંગરીની પાયરીએ ચઢયો હતો. દસ વર્ષની વાત ઉપરનો મુફલીસ છોકરો હવે જરદાર મોલેતુજર થયો હતો. પોતાના બીઝનેઝમાંની પાક પરવરની મેહેરની જબરૂ નાણું એકકું કાબુ કરતું. મગર વધુ માતબર થવા સાથે પોતાનો અસલનો બવાસ ભુલી જઇ તે તમામ બલો, દીલસોઝ અને પરોપકારી બન્યો હતો અને દસ વર્ષની વાત ઉપરની બેવફા દાલીની નામોશીભરી વર્તણુકથી તેનાં જીગરમાં બરપા થએલા ધીકકાર તીરસ્કાર નાબુદ થઇ તે જીગર બાવા જેવું નરમ અને પોચું થયું હતું. હવે, દાલીના મનોહર મુખડા ઉપર પોતાની તેજસ્વી આંખો ઠેરવતો હતો, ત્યારે એવા કડવાસભર્યા વિચાર માટે તે પસતાયો. તેણે દોલત જમાવ કીધી હતી, મગર જે ચીજ બેહેતર રીતે જીતવાને બેમુલ હતી તે શું તેણે સદાની ગુમાવી ન હતી? ગમીના શોકાતુર ચેહેરાથી તે બયંકાર વિચારોની ગીરફતારી વચે ગર્ક થયો હતો જોવામાં તેના એક કલાર્કે આવીને તેના વિચારમાં બલલ કીધી.

"સાહેબ, મી૦ બમન મોદી જાણવા માગેછ કે તમે હમણાં જેવનને બળી શકશો કે?" તેણે ધીમેથી કહયું.

"બમન મોદી?" સેહેજ ચોંકી મેહલ્લીએ કલાર્ક ઉપર નજર ફેંકી. "ઓ, હા, બેશક મી૦ મોદીને અંદર આવવા કહો."

પોતાની સખવાની ઉંરક ઉપરના થોડાં કાગળ્યાં લેવા તે ફર્યો ત્યારે તેણે વગર ધ્યાને જડકથી તે સખી તેબલ ઉપર મુકી. એક ધંધાદારી સખ્સ તરીકે મેરવાનને બમન મોદી માટે કેટલું કે માન હતું જો કે તેના નવા બરમાંની હીરાની બાંણુનાં બીઝનેજ માટે મેરવાન મનથી જરાબી શંતોષ પામ્યો ન હતો. માત્ર બીઝનેઝનીજ સગાઇ વચે છેલ્લાં બે વર્ષ થયાં બમન મોદીને તે ઓળખવા લાગો. ઘણીજ જોખ્મભર્યા અને નાશકારક સત્તામાં બમન જીપે લાવી ઘણું દેહોરું ડોહોવતો હતો, તેથી, કટલે દરજજે તેણે મેરવાનનો બતબાર બોહયો હતો સંબબ કે બરમાની હીરાની બાણુ માટે બમન મેરવાન પાસે લગભગ બે લાંબ રૂપ્યાની લોન માંગતો હતો, જેથી તે વારંવાર તેને સમજાવવા આવતો હતો.

તે પરણેલો હતો કે નહીં તે વકીકથી મેરવાન જાણતો ન હતો. છેલ્લાં બે વર્ષ થયાં નાણા સંબંધી બમન બેહદ ખુવાર થયો હતો એમ મેરવાન વાકેફ થયો હતો, અને આવાં ગરીબ થએલા મોતેબરાને નાણાં ધીરવા તે રાજી ન હતો

બારણું ઉઘડયું અને ઇંગ્રેજી પોષાકમાં સજ્જ થએલો લગભગ ચાલીસ દીવાલી જોઇ કેસો એક સખ્ત લગાર ચેહેરા ઉપર છવાઇ રહેલી ગમી અને નાસીપાસી સાથ અંદર આવ્યો, તેણે તેમલ નજદીક ખુરસી ખેંચી, અને બરાબર મેરવાનની સામે ધાડી મીત્રાચારીની ગણતી સાથે બેઠો.

"વૅલ," બમનેજ તુર્ત શરૂ કીધું, "પેલા સ્ટેટમેંટ પર તેં નજર કીધી કે? તે પુરતી મુલ્કી છે નહીં વારૂ? બરમાની એ હીરાની ખાણ મોટી દોલત છે, દોસ્ત, એ જ્યારે તારાબર કામ કરસે ત્યારે તો બધી રેલાછેલ થવાની. એ સીનડીકેટ મારી પાસે બે લાખ માગેછ, ને એક મહીનાની મુદત કીધીછ, તેથીજ હું અંહીં આવ્યોછ. પેલી બેંકના શેરો વારનર કરતાં મારા લખો રૂપ્યા ધુસી ગીયા, તેથીજ મને તારી પાસથી લોન માંગવી પડેછ; બીજી વધુ ઠેકાણ નહીં, કાંપજે વખત બહુ થોડોજ છે."

"હું સમજ્યો," જવાં ચકાવી વિચારવંત બને મેરવાને જવાબ વાળ્યો. "બરમાની ખાણની સીનડીકેટ પર મને મુદલ ઇતબાર નથી: બરમાના એ સીનડીકેટ કાઢનારા અંગ્રેજો બોલાને ફેરીને ખાઇ જનારા બવાલીઓ નીકલસે; જેથી મારી સકમાયના બે લાખ રૂપ્યા આવી તે હરામ ગુમાવવા કાંજલ પાડી શકતો નથી."

"એ ધરખમ ઇનવેસ્ટમેંટ પર મારી જીંદગી ગોવા ગીરવી મુકશ એટલો હું ચોકકસ કરું, મેહરલ્લી," બમને ખાત્રી આપી, "મારી સ્થીતી સુધારવાનો કદાચ એ છેલ્લોજ ચાન્સ છે. એક ફ્રેન્ડ તરીકેજ તારી આગલ હું આવ્યોછ, અને એક ફ્રેન્ડ તરીકેજ મને મદદ કરવા તુંને વીનંતી કરેંછ. બોદાને ખાતર તુ ના પાડતો ના દોસ્ત. મારે એકદમ પૈસા જોઇએજ જોઇએ. નહીં તો કે પછી—" અને તે બોટયા અત્રે હસ્યો. "મારી સાથ બોલું થવું જોઇએ, જો આ ચાન્સ મારા હાથમાંથી છટકવા દેવસ તો હું બીલકુલ મુફલીસ ને પામાબાલ થવગ. ચાલ બોલ હવે બે લાખ ધીરેછ કે નહીં?"

મેરવાને શંકમંદ અદાથી પોતાનાં ખભાં હીલવ્યાં.

"બે લાખ રૂપ્યાનો જોખમ બેડવા અને હરામ ગુમાવવાજ તું મને કકટ જણાવેછ," મેરવાને જવાબ કર્યો. "મને આવી બાજી પર—"

"પણ જોખમ વગર નફો છેજ નહી, મેહરલ્લી," બમને જરદાર મેરવાનને શીશામાં ઉતારવા તકરાર કીધી, "નર્યોંગ વેનચર, નર્યોંગ ગેન. બાણ બરાબર બોદાસે, જો બેમુલ હીરાંઓ નીકલશે તો બે બાખના બે કરોડ મલશે; વલી તેમાં તારો ભાગબી રાખવામાં આવશે. વલી તે કપ્રાંત——" તે બોલનો હતો તે વેળા તેમલ ઉપર ઉંધી પડેબી શુશોભીત ફ્રેમમાં જડેલી મનોહર વાલી સાયની સબી પોતાના હાથે ઉંચકમેલ કરી ફેરવીને જોતાં તે ઓચીંતી ચોંકી બાંગળ બોલતાં અટકી ગયો, અને ચીંતાતુર રથીતીએ ને ફાટેલે ડોલે તે ઉપર બારિક નજર કરી કરડા અને કઠોર અવાજે પુછયું:

"આબ્રે તેં કયાંથી મેલવી, મેહરલ્લી?"

"શું? સબી?" લાલ થતા ચેહેરાથી મેરવાને જવાબ બાપ્યો. "ઓ, બે તો હું બેવાર બેક છોકરીને પીંજાણુતોતો તેનો ફોટોગ્રાફ છે."

"એ ફોટો મારી મોહોરદારનો છે," બમન પુકારી ઉઠ્યો.

તેણે પોતાનું માથું ઉંચે કીધું, અને બને સખ્સોની આંખો બાજોશ ચુપકીમાં એકાદ પળ એકેક સાથે મલી.

"આ સખી જે છોકરી માથ હું પણ્યો તેની છે." બગ્ઢ જેની ઠંડી લાગણી દર્શાવતા બમને જવાબ કર્યો. "એ સખી તારા કબજામાં કેમ આવી તેનો મને ખુલાસો કરસે ?"

"હા," શાંત અદાથી મેરવાન બોલ્યો, "એ તે છોકરીની સખા છે કે જેની સાથ હું પણવાનો હતા અને—પણ્યો નહીં."

"ત્યારે તે તારોજ ફોટો હતો કે જે—" પોતાની આગલ તેબલ તરફ મુરકતો બમન લગાર ગુસ્સામા બબડ્યો.

"મારો ફોટો ? વૉટ ડુ યુ મીન ?!" બલ્લો મેરવાન તાજુબીથી પુકારી ઉઠ્યો.

એક નિશ્વાસ ફેંકી બમને ઉપર નજર કીધી, અને કઠોર અદાથી બોલ્યો, "ત્યારે તું એ દાદાચાનજીની ડાબી સાથ એંનગેજ થયો'તો ? મને જ્યારે એ દુકતી પણવા કબુલ થઇ ત્યારે, તે કોઇ બીજા સાથ તે આગમજ એંનગેજ થઇ ચુકી'તી એમ મને એને કહયું નહીં. મેં જાણ્યુ નહીં."

"તુને પણવા એને મને ફર ફેંકયો, બમન," શાંત પણ ગગ્ધતા સાહાદે મેરવાને ખુલાસો કીધો. "એમ જણાયછ કે દોલતને ખાતર છોકરીઓ કાંઇપણ ચીજ કરી શકેછ. જ્યા પૈસાનો ઝનકાટ જોયો, ત્યાજ લોભી છોકરીઓ પોતાનું સ્વમાન ભુલીને બેંચાઇ ટણાઇ તુટેછ. તે વખતે હું મુફલેસ હતો, જ્યારે તું જરદાર હતો. અને મારા જેવા ગરીબને ઠોકરે મારી એ બેદીલ છોકરી તારા જેવા માલેતુજારનો પલ્લો પકડયો. તેની આવી બેહુદી બેવફાઇને માટે તેને દુઃખી કરવાને મેં ગોયા કસમ લીધા. મારી તેવા કસમ બચીટજ પાલવાની મકસદ હતીજ, પણ મારા પોતાના મનના વિચારો બીજે કેઠે સદાના દોડાવવાથી આજની સવાર તુલીક હું બધુ ભુલીજ ગયો હતો."

"કોણની સાથ પણવા તુને એ ડાલીએ હાથ તાલી આપી સદાનો ફર ફેંકયો તે તુને એને નહીં કહયું'તું ?' બમને પુછ્યુ

"નહીં, મે તે પુછ્યુ નહીં, અને પુછવાની કશી કનવાર વટીક કીધી નહીં." મેરવાન બોલ્યો

બમન કઠોર અદાથી હસ્યો. "બહુ વિચીત્ર જનતની—આ અમલાઓ !" તેણે તાજુબીથી પુકાર્યું. "એ છોકરીએ કાંય એમ કીધુ તે હવે તુને હું જણાવશ, મેહેલ્લી. વીસ હજાર મેં એ છોકરીને વેચાની લીધી તુ ચોંક ના, મેહેલ્લી, અને આવી રીતે મારી સામે ડોલા કાઢી જો ના, બરાબર છેવટ તુલીક સમજ. વેચાતી લીધી એ હસવા જેવું લાગેછ નહીં ? પણ દાબીને પોતાને કાંઇ પૈસા જોઇતા'તા નહોંજ. પોતાના બુરા અધર્મી રહસ્યાતલ ભાઇને ફોજદારી અપરાધમાથી બચાવી લેવા તે માંગતી'તી."

"ઓ ખોદા!" મેરવાન બેહદ આશ્ચર્યથી પુકારી ઉઠ્યો. "દાલીના બાપ માટે તો હું કાંઇ બી જાણતોનો નહીં, અને તેં બીમ હજાર રૂપ્યા–જે તારા જેવા બાલેતુજારને મનસે તો નજીવી રૂપરડી કેહેવાય–તે આપવા તેં કબુલ્યું?"

"મારી સાથે એ પરણે એવી કબુલાટે," કાંઇ બી લાગણી વિના બમને વધુ ખુલાસો કીધો. "કોઇ બી કીંમતે કાંઇ બી ચીજ મને જોઇતી'તી તે મેં હમેંશાંજ મેલવી'તી–અને હું એજ દીલજીટ છોકરીને માંગતો'તો. મેં તેને રાચી, મોહોબ્બતથી ચાહી. દાલી મને મુદ્દલજ ચાહાતી'તી નહીં. એને મને એમ ખુલ્લું જણાવ્યું. તે માત્ર એક સાદુંજ હતું. પણ મારા હેમાકાટ વચે મેં જોખમ કબુલ્યો. એકું દીવસ દાલી મારી દરકાર કરી મને ચાહાશે એવું માની મેં જબરો ધરાંપરો જારી રાખ્યાં. તે કેસમાં કોઇ બીજો શખ્સ હતો એમ મેં મુદ્દલજ જાણ્યું'તું નહી તેથીજ બધો તફાવટ, આંતરો અને ફાંચડ પડયાં. મેં તેવી જરા બી અટકલ વટીક કીધી નહીં, પણ એક દીવસે મેં દાલીને કોઇ સબીને ચુમી લેતાં એકાંત જોઇ. તે સબી કોઇ મર્દની હતી. ત્યારેજ બધો ભેદ ખુલ્લો થયો. મને જોઇને પોતે પકડાઇ આવતાં ચેહેરાથી તદન લાલચોળ થએલી મેં દીઠી. મને એકાંત જનુન છુટી આવ્યું, અને તેવા આંધલા ગુસ્સા અને તીરસકારમાં હું તેને મારીણી નાખી શકયો હોતે. પણ મેં તેમ કીધું નહીં. તે સખ્સની સબી મને આપી દેવા મેં દાલીને કહ્યું, પણ તેમ કરવા એને સાફ ના પાડી; મને બતાવવા વટીક ના પાડી. અને જ્યારે મેં તેની પાસેથી જુટાવવાની કોશેશ કીધી, ત્યારે હોજ્જતોજીમાં દાલીએ તે ફોટોના જીતજીતામાં કટકા ચુકતા કરી નાખ્યા. હું હવે બધું સમજ્યો. તે ફોટોબાઇ તારોજ હતો, મેહરી."

મેરવાન ખુરસી પાછલ અઢેલી પડયો, અને મુશ્કેલીએ દમ લેવા લાગો.

"અલબત તે વેળા મેં જાણ્યું નહી," તે સંગદીલ સખ્સે સખ્ત અને દયાહીણ અવાજે ચાલુ રાખ્યું. "જો મેં તે વખતે જાણ્યું હોતે–તે સબીનો સખ્સ કોણ હતો તેનાથી જો વાકેફ થયો હોતે, તો હું નકકી માનુંછ કે મેં તેને તાબરતોજ હાર કીધોજ હોતે."

"પણ તે સખ્સે તુને કાંઇ ઇજા કીધેલી નહીં, કે નહીં દુઃખ દીધેલું," મેરવાન ઝડપથી વચે ગંભીર અદાથી બોલ્યો. "હવે ત્યારે તું મને શું હાર કરવા માંગે છે?"

બમત બોટાં દીલનું હસ્યો.

"ઓ, ડીયર, નો!" તે પુકારી ઉઠ્યો, "તે વખત, સંજોગ અને સ્વભાવ હવે વહી ગયો. બધો કેહેર વેર હું ભૂલી ગીયો. મેં લાંબા વખતનો એવડા દાલી સાથે છેડો છોડવી નાખ્યો છે."

"છેડો છોડ્યો? વૉટ ડુ યુ મીન, બમત?" ફાટેલે દોળે ફકરમંદ થયે મેહેરવાને પુછ્યું.

"હું જે કેહુંછ તે હમેંશ બોલ પાળુંછ, એવા એકજ સખ્તનો ચીવટ આદમી છેઉં. પેલી સબી પછી ચાલું બાંજગડ થવા લાગી,' બમને વધુ ખુલાસો કીધો. "કદાચ દાલીએ એમજ વિચાર્યું કે હું એને હેરાન કરી બુરી રીતે વર્તતો'તો, પણ અલબત હું તેમ વર્તયો નહીં. એમાં બધો એનોજ વાંક હતો, કાંયકે મારી માયા મોહબતની લાગણીનો બેહદ બુરો સરોપાવ આપ્યો. અને મારા પ્યારનો બદલો ધીકકાર અને રીટકારમાંજ વાલ્યો. બગર મનથીજ માત્ર પોતાના દગલબાજ બાપને બચાવવાની આપ્રત ફરજને ખાતરજ તે પરણી હતી એમજ

મને પાછું એને જણાવ્યું, અને છેવટે મને ધીક્કારથી વર્ણી મને એજ સદાની તરછોડી અને તજી ગેઇ. કાંઇ બી ચેટવણી વીના એક ચીડી મુઠીને ચાલી ગેઇ, જેમાં એવું લખ્યું કે મારી સાથ તે વધું લાંબો વખત જીવી શકતી નથી, અને તેને પાછી નહીં લાવવા માટે શોહોબી કાઢવાની કોશેશ નહીં કરવા ઓનરરબ્બાડીથી માંગી લીધું હતું. અને તારીજ માફક મેબી ખુદાને બાર કસમ નોધાવ્યા. મારી આગલ પાછી ફરવા તેને અર્જ નહીં કરવા કે તેને શોહોબી કાઢવાની કોશેશ કદીબી ન કરવાના હડહડતા કસમ લીધા. મારે મનસે તે દીવસથી તે મરીજ ગએલી છે, તે વખતથી તે આજની ઘડી તુબીક મેં એ દાલી પર મારી ચસ્મ ઠેવીજ નથી. હું જે બધું જાણું છ તે એજ કે તે કદાચ મરી ગેઇ હોસે."

"બાતો બૂખભરો સેવતી હોય!" ઉંડી દીલસોઝ લાગણીથી મેહરવાન પુકારી ઉઠયો. "ઓ, ખુદા! તું આવી રીતે કેમ વતી શકેછ! શું તુને જીગર નથી!"

"ચેલા ઇજ્જતના ફારેા બાકુક તે જીગર પથ્થર થયું છ," તીરસકારથી બમને જવાબ કર્યો. "તું એમ કરણારસીક ના થઇ જા, મેહેરલી, દાલીએ પોતાનોજ માર્ગ પસંદ કીયો, મેં તેની બાસ બીનંતીથી કરવા દીધું. એ બધુ મને પણ્યા પછી ત્રણ વર્ષે બન્યું, અને પેસ્તો કોટે.—તારો ફોટો—ફાડી નાખ્યા પછી ત્રણ મહીને થયું. અદેખાઇ અને વેરનો તખકકો હું વે વીતાવી ગયોછ તે તારે માટે તો નશીબવતું છે, મેહરલી."

"સાત વર્ષ આગમજ!" મેરવાન બરાં દીલની જોસભર બાવાથી પુકારી ઉઠયો. "આ બધો વખત તેનું શું થયુ તેનો કાંઇ આપડયા તુંને નથી? કદાચ દાલી પોતાના બાયબાપને ત્યાં ગેઇ હોસે."

"લાબો વખત થયો બેઉ તેઓ ગુજરી ગીયાં," ગંભીરાઇથી બમને જવાબ કર્યો. "એક માંસી હતી જે પર દાલી કાગજ લખતી'તી—બાલીબઇ માસી જે બદનેરા રેહેતી'તી. હું જાણું છ ત્યાં લગીન દાલીની એજ એક બાતલગની બેબથી સગી હૈયાત છે. હજીબી તું એની પર બાયા મોહોબત ધરાવેછ?" મશ્કરીની ધબે કઠોર હસીને બમને પુછ્યું. "તે બેદીલ ને બેવફા ઓરત!"

"તું બાયા મોહોબત તેની પર નથી ધરાવતો તે મારે માટે પુરતું છે, બમન," મેહેરથી કડવાસથી નેણ ફેરવી ગુસ્સાથી ઠપકાની ધબે બોલ્યે, "તે ઓરત સાચી ને વફાદાર છે. ગમે તે પણ તે ખુદ ખુદાના બેર તુબીકની નારી મોહોબદાર છે. દુઃખ અને આફતમાંથી તેને બચાવી લેવાની તારી માનભરી આપ્રત ફર્જ છે."

"પોતાની મરજી મુજબ બસડાબને તજી જવાનું પસંદ કરે તે પર મારી આપ્રત ફર્જ નથી, મેહેરલી," બમને વચે પુકાર કીધો. "અને મને બોલવાની રજા આપસે કે બીજાની સલાહ શીબામણ વગર મારાં પોતાના માનની સંભાળ લેવા હું પુરતો શકતીવાન છેઉં. મે તુંને આ બધુ કાંય કેહી દીધું હોશે તે મને સમજ પડતી નથી. જો તું વચે નહીં હોતે તો દાલી મારી દરકાર કરતે અને મને બરાં દીલની ખુશીથી ચાહાતે. મારે મનથી એ જીવતીબી મુવેલી છે."

"એ તારી મોહોબદાર છે," ઠપકાની ધબે મેહેરવાને પાછી તકરાર કીધી, "માત્ર આંજે સહવારેજ સંજોગ હોળ આ સબી હાથમાં બાવતાં બાદ થઇ તે બાગમજ એ દાલી સાથની

આગલી માયાને લગતી વાત હું સદંતર ભૂલીજ ગએલો એમાથી એક જણે દાસીને શોહોધી કાઢવી તો જોઇએ. તું નહીં શોહોધશે તો હું પતો મેલવશ"

"અને પછી?" ઉંચે દમે બમને પુછયુ.

મેહેલ્લી ખુરસી ઉપરથી ઉઠયો, અને ઉશકેરાએલી અદાથી તે ઓરડામાં પોતાના ગજવામા હાથ મેલી ફર્યો, જે પછી એકદમ બમનની ખુરસી આગળ ઠોમી પોતાની આંખોમાં તીક્ષણ કાકલુદીની રોશનીથી તેને જોતા બોલ્યે. "લુક હયર, બમન, તુ કહેછ કે તારી-તારી મોહોરદારને તારી આગલ પાછી ફરવા નહીં કેહેવા કે તેનો શોહોધી નહીં કાઢવાના કસમ પાલ્યાછ. પણ ધાર કે હું તેને શોહોધી કાઢી તારી આગળ પાછી લઇ આવું તો—તો પછી શુ?"

'તું ભૂલી ગએલો દીસેછ કે તે છોકરીના જુના ચાહતા સખ્સની તે છોકરીના ધણીને ધણી વીચીત્ર દરખાસ્ત છે," કપકાની ધપે બમન બોલ્યો "તારી મતલબના ગેર લાભ માટે હું શક ધરાઉછ."

"હું તેમાં કાંઇપણ લાભ મેલવી શકવાનો નથી," કડવાસથી મેહેલ્લી બોલ્યો "સીવાય કે એક વફાદાર અને બીન એખલપેરી ઓરત માટેના મારા બોટા ચુકાદા માટે તોજેશ કરવાની લાગણી ધરાવવાનો શતોષ મળે એ મારો કાહાણી ફીરસો દસ વર્ષનો ભરી ગીયો. જો દાસી આવવા માગે તો તું તેને પાછી નહીં રાખી શકશે?"

"નહીં! એક ઘડી બી નહીં," ટેબલ ઉપર હાથ અફાળી મજબુત ઠેડાવ સાથ બમન બોલ્યો. "મે કસમ પાળ્યાછ કે નહીં રાખવાનો, તે નહીંજ પાછી રાખસ પણ, નકામી જીકકર કાંય કરેછ. તે હેમક ને જીદ્દી દુકતી પાછી આવવાની નહીંની"

"જો તે કબુલ થઇ તો તું ખુશી થઇ શકશે નહીં? તું એનો હેત ભાવથી આદર સતકાર કરશે કે નહીં?" મેહરવાને વધુ દલીલ કીધી.

"તુ ફુસ્યાર એડવોકેટ થાય ખરો," મશ્કરીથી તે બીજો શખ્સ બોલ્યો "પણ તું નાહક વખતની બરબાદી કરેછ આટલાં વર્ષો પછી દાસી કયાં છે તે બેમાના આપણે એક બી નથી જાણતા આપણે બેઉ ભુલી જઇએ પણ નહીં એ નાલાએક દુકતીને મુકી જવા કે માર કરી શકવાનો નથીજ ચાલ હવે બીજનેસની વાત કર"

"નહીં," જનુનથી મેહેરવાન પુકારી ઉઠયો "જો તુ હજી તેની દરકાર કરતો હોએ, તો તું દાસીને કોય પાછી રાખે તે સર્વથી મોટુ કારણ છે"

"એક ઓરત જે મને ધીકકારે? મારો જવાબ તુને મળી ચુકયો એમ તુંને કહુછ," બમને ગુસ્સાથી જવાબ વાળ્યો "જા-તુંને ગમે તો શોહોધી કાઢ-તારે ગમે તેમ કર-પણ તે બેવફાનું નામ મારી આગળ કદી બી કહેતો ન. તું સામજેછ કે મેહેરવાન?"

"જો હું દાસીને શોહોધી કાઢી શકશ, તો સીધી તેને તારી આગળજ પાછી લાવશ" શાંત અદાથી મેહેરવાને દરખાસ્ત કીધી. "બમ, જરા માયાળુ થા! લુક હીયર, હું તારી સાથે સાટુ કરવા માગુછ-કે જેમ દાસી માથે તેના ભાઇની બાબતમા અગાઉ તે માટુ કીધેલુ તેમ. તું જાણેછ કે તુ મકલેસને પાયામાન થઇ ગીયોછ આ બરબાની બાબુની સીનડીકેટમાં

બે લાખ નહીં મળશે તો તુંને કોન્ટ્રેક્ટનો ભંગ કરવા જેલમાં જવું પડશેઃ તેથીજ હું સાટું કરવા માંગું છું. ધાર કે દાબીને શોહેબથી કદી તેને પાછી કરવા સમજાવું, તો તારી બોહોર-દારને પાછી રાખવાનું તું કબુલ થાએ તો હું બે લાખ રૂપ્યા આપવા પ્રૉમીસ કરું છું નહીં તો નહીંજ. યાદ રાખજે, કે આ સાટાં પર તારી આબરૂ અને જરદાર સ્થીતી લટકેલી છે"

બમન ઓચીંત ખુરસી ઉપરથી ઉઠયો અને ગગળતા સાદાદનો પુકાર કરતો પાછો ફસડાઇ પડયો. તેનો ચેહેરો મોત જેવો ફીકકો પડયો; તેની આંખો મિચાઇ ગેઇ, અને તેનું માથું બાજુમાં ઢળી પડયુ.

"પાણી-ઓ જલ્દી પીવાડ-મને પાણી——" તે હાંફતાં લડખડતી જબાંને બોલ્યો.

ખુણામાં પાણીના કુલ્લા આગળ મેહરવાન દોડી ગયો, અને ગ્લાસમાં પાણી લાવી કટલુંક પીવાડયું, અને બાજુમાંથી કોલનવોટર કાઢી તેના મોઢાં ઉપર ભરી સુંઘાડયું.

કેટલીક મીનીટ પછી તે બેભાન શબ્સ હુશ્યાર થયો, અને મુસ્કેલીથી જોરથી દમ લેતાં બોલ્યેઃ "હાર્ટ! હાર્ટમા મને બેગજ આકરાં આવેછ. ધૅકસ, હવે હું બૉલ રાઇટ છેઉં. બાવા બૅટેક કેટલ્લો થોડો વખત થયો ચાલુ થાયછ. મારો તખીમ કરનાર ચીંતાની વાનો નહીં રવાની બબામણ કરેછ. તુ શુ માનું કરેછ? મારી દાલીને પાછી રાખું તો તું મને બે લાખ રૂપ્યા આપવા કબુલ થયછ? વૅલ—હું કબુલ થાઉંછ. કાંઇ બી બોજો મને મારી આબરૂ બચાવવા પૈસા તો જોઇએ તારે ગમે તે કર. પણ યાદ રાખજે કે મારી ધણપાણી-જો તે હજી હૈયાત હોએ ને તેને શોહોબથી કાઢવા તું કનેહ પામે, જે બીવકુલ શકભર્યું છે, તો પોતાને પાછી લેવા મને પેહેલા પુછી શકે. મેં કસમ લીધાછ કે મારે જોતે કદી બી પુછવું નહીં. તેની શરતે હું કબુલ છેઉ"

* * *

બીજે દીને ભલો મેહેરવાન પુણ્યવંતું કામ કરવા બહનેરા જવા તરબીનસ ઉપરથી ઉપડયો. પાહલી રાત્રે ત્રેન બહનેરા આવી અને સડવાર તુરીક વેગીન રૂમમા વખત કાઢી તે પારસીની વસ્તીમાં ગયો અને આલીમહ માસી અને તેની ભાણેજ દાલી દાદામાનજી માટે જુસ્તેજુ કીધી; આખરે કાંઇક મુશીબતે આલીમહ માસીનો પત્તો મલ્યો.

"હું ધણેજ વીચીત્ર સંદેસો લહ આવ્યોછ, બાહ," મેહેરવાને નમ્રતાથી શરૂ કીધું. "મને મદદ કરવા હું તમુને કાકલુદી કરું છ. હું તમારી ભણેજ-દાલી મેહીનો જુનો મીત્ર છેઉં. દાલીને ધણીજ અગટ જોગી વાતના ખુલાસા કરવાના છે. દાલી કયાં હાલ વસેછ તે તમે મેહેરબાની કરી કહી શકશોજી?"

"મારી ભાણેજ દાલી હાલ મારી સાથે રેહેતી નથી, બાવા," આલીમાસીએ ઠંડા વર્તણુથી જવાબ આપ્યો.

"હાલ એટલે?" શંતોષથી તેણીના શબ્દો પકડતાં મેહેરવાને પુછયું. "તારે ઘોડુંકની બાત પરતો દાલી તમારી સાથેજ વસતીતી?"

"હા બાવા," લગાર દુઃખદાએક સિથતિથી આલીમાસીએ જવાબ કર્યો. "તમે કદાચ જાણોછ કે દાલીએ થોડા વર્ષ પર ધણાં કમનસીબ લગન કીધાં. એક પારકા સાથે તેવી બાબત પર ચુનોચરા કરવાનું હું જરાયેજ પસદ કરું. એ—"

"બીહો ના, બાઇ, મને તેની બધી ખબર છે," મેહેરવાને ઝાપથી વચમાં જ વાળ આપ્યો.

"મને સત માનજો કે મારાં છગરમાં એ અભાગણી છોકરીના સાચા લાખોજ સમાએલા છે. એના ભરથાર અને એની વચે પાછી સમજુતી કરવાની કોશેશ કરવાની મારી ઇચ્છા છે, કે જે બરથારે ગેબગુજરી ખુલી જવા ખુથી બતાવીછ, આલીબઇ માસી. દાલીને શોહેાધી કાઢવામાં મને સહાય થવા તમુને કાકલુદી કરૂંછ."

તે ભલા સખ્સની મીનતજરી આતુરતા અને દીલસોઝ લાગણીથી આલીમાસીનું સંગદીલ ખરેા ખુલાસેા કરવા પીગલ્યું, અને આખરે મેહેરવાન દાલીની ભાલ મેલવવા કૃતેહ થાયેા.

"દાલી મારી આગલજ સીધી ચાલી આવી," આલીમાસીએ ખુલાસેા કીધેા. "મારી હાલટ ગરીબ હતી એમ એને જણ્યું તેથી છોકરીઓને ભરવા સીવવાનું શીખવવા ને મધરાત સુધી આંખ તોડી સીવવા સાંધવા બહુ જોહેમટ ખેંચી ગુજરાણ કરવા પડી. જે પછી અહીંની સ્કુલમાં માસતર તરીકે ઘણાં ટુંક પગારે રેહી પણ થેાડેા વખત થયેા આકેાલાની સ્કુલમાં મેાટે પગારે ચાકરી રેહીછ, ને કેાઇ કેાઇ છુટીના દીવસે મને મલવા આવેછ, અને મારી પર બી થેાડાક પૈસા મેાકલી આપેછ."

મેહેરવાને ધીરજનેા લાંબેા દમ ખેંચ્યેા; આલીમાસી પાસથી સરનામું લઇ તે પાછેા સ્ટેશન ઉપર ગયેા, જ્યાં જમીને કલાક પછી આવની ત્રેનમાં તે આકેાલા ગયેા. તે બીલકુલ અધીરેા બની ગયેા હતેા; કયારે તે ભલેા સખ્સ બંને ધણી-ધણીઆણીને પાછાં એક કરવાનું પુણ્યવંતું કામ પાર ઉતારે તેની જબરી અધીરાઇ તેને લાગી.

એતેફાક સ્કુલથી પાછી ફરતી મનેાહર દાલી મેહેરવાનને રસ્તામાંજ મલી. ટાંગેા ઉભેા રાખી તેમાંથી કુદી પડી તે આશ્ચર્યથી ધીમેથી પુકારી ઉઠ્યેા "દાલી! દાલી!"

ફકરમંદ ધપે દાલી તેનેા ચેહેરેા ટીકતી ઉભી, જોયા તે અધીરેા જુવાન પાછેા પુકારી ઉઠ્યેા. "દાલી! મને શું નહીં ઓલખતી?"

"મેહેલ્લી!" તેણી મુસ્કેલીથી દમ લેતી પુકારી ઉઠી. "મેહેલ્લી-તમેજ ખરેખર-નહીં હેાઇ શકેા?"

અને ઓચીંટ ગેબગુજરીની ભયંકાર કાંહાંણી યાદ આવતાં તે કમનસીબ છોકરીને તમ્મર આવવાં લાગા, અને ટાંગેા પકડી લીધેા, મગર તેજ ઘડીએ મેહેરવાને સભમસુચકતાથી તેણીને પાઠેથી પેાતાના હાથેાએ ટેકવી રાખી. તેણીની તેજ આંખેા આંસુથી ડુબી ગેઇ, અને દુઃખનેા નીસાસેા તેણીના ફીકકા મુખમાંથી બાહાર પડ્યેા.

"તમે અહીં કાંય, મેહેલ્લી?" ધીમેથી દાલીએ પુછ્યું "શાને માટે અહીં આવ્યા? તમે-તમે તેા મને વીસરી ગીયાછ."

"અહીં હું આવ્યેાછ," ધીમેથી તે ભલા જુવાને જવાબ કર્યેા. "કારણ કે તું કયાં હતી અને શું કરતી'તી તે મેં આજે જણ્યું. તુને મુબારક તારા ભરથાર આગલ લઇ જવા અત્રે આવ્યેાછ."

એકાદ પળની ખામોશી પછી દુઃખનો લાંબો નિઃશ્વાસ ફેંકી દાલી બોલી; "તમે મારી બાબતમાં એટલી લાગણી ભરી કાલજી કરોછ તે ઘણું સારું છે. પણ મને ફકર છે કે તમારી ત્રબલ બરબાદ જવાની. સાહેબજી."

"નહીં, દાલી, મને બરાબર સાંભલી લે." તેણીને અટકાવીને તે માયાથી બોલ્યો. "તારી સાથે ગંભીર ગુફતેગુ કરવા માંગું છું. આપણે કયાં જઇએ?"

દાલી નજદીકનાં પોતાનાં કોટેજમાં મેહેરવાનને લઇ ગેઇ, જ્યાં બુઢી બાયા પાસે ચા તૈયર કરાવી કપડાં બદલી તે તે દીલસોજ જુવાન આગલ પાછી આવી.

"હું ઘણી બદલાઇ ગેઇછિ, મેહેલ્લી?" ફીકકું હસી તેણીએ પુછયું.

'નહીં, દસ વર્ષ ઉપર તું જેવી હતી તેવી મને દીસેછ, દાલી. જે હું હવડાં જાણું છે તે અગાઉ તે વેળા હું જાણતો'તો નહીંજ, કે તુ મને છોડીને શાને માટે બમન મોદી સાથ પરણી ગેઇ. ભલી છોકરી, મેં તુંને તે વેળા ઘણો ગેરઇન્સાફ કીધો. હવેજ તારા ધણી પાસથી બધો ભેદ મેં જાણ્યો. બેશક, મોહોબ્બત કે ફર્જ વચે હું સુડી વચે સોપારી માફક સપડાઇ ગએલી."

"ખુદાને ખબર છે કે તેવી ફર્જને ખાતર તમારી સાચી મોહબ્બત છોડતાં મને કેવું માહાભારટ દુઃખ સોસવું પડયું છે. હું પરણી પણ બીલકુલ વગર મને, વગર પ્યારે, અને વગર લાગણીએ, કાંયકે જે કાંઇ મારા જીગરમાં હતું તે-તે તો-તમુનેજ આગમજતું સદકે કીધેલું."

"તારે હવે તારા ધણી આગલ પાછું જવુંજ પડસે, દાલી. હું બધી સમજુટી કરાવશ," મેહેરવાને તેણીને પટાવી, "એ બી તુંને પાછી તેડેછ."

"એરને એડવોકેટ તરીકે તમુને મોકલ્યા, મેહેલ્લી?"

"એ પોતે આવી શકયો નહી."

"અને તેવન આગલ જવા તમે મને પુછોછ!"

"હા-તેથી મને ઘણી ખુશાલી બરપા થશે. માર માન, વાહાલી છોકરી, અને બધી ખટપટ ભૂલી જા, ને મારી સાથે આવ-કોઇને ખાતર નહીં તો મારે ખાતર. ભલે કે જુઠો પણ બાવી'દ."

"ત્યારે-તમારેજ ખાતરજ હું પાછી જવશ, મેહેલ્લી."

હર્ષથી પ્રફુલ્લીટ થતાં જીગરે મેહેરવાને બાયાથી તેનો હાથ પોતાના હાથમાં લઇ દાબ્યો.

એકદમ તેજ દીવસે ત્યાંથી ઘટતો બંદોબસ્ત કર્યા સીવાય આવવાનું ન બને એમ કહીને દાલીએ ચાર દીવસ પછી તૈયારી કરવા કહયું, જે મેહેલીએ કબુલ કીધું. જેટલા દીવસ તે ભલો જુવાન ધર્મસાલામાં રહયો.

જે દીને તેઓ ઉપડનાર હતાં તે સહવારે મેહેરવાને બમન મોદી ઉપર અરજંટ તેલીગ્રામ કીધો, કે તે દાલીને પાછી લાવતો હતો. બીજે દીને સાંજે આવી પુગશે.

તેઓ મુંબાઇ સાંજે ઉતર્યા. વાંદરા હીલ રોડ પર એક બંગલામાં બમન રહેતો હતો, જેથી મેહેરવાને ભાડેની ટૅક્સી કરી અને લગભગ આઠ વાગે બંગલે આવી પોહોંચ્યા.

તેઓ અંદર ગયાં, અને શેઠ ગભરાતા હતા, એમ નોકરને મોંઢે સાંભલી તેઓ આતુર સ્થિતિએ ઉપર ગયાં.

બમન બિછાનાં ઉપર તાસવીસ કરતો પડેલો હતો, જેની આગલ તેની બેહેન કુમી ઉભી હતી. મેહેરવાન દાલીનો હાથ પકડી આગલ જઇ બોલ્યો;

"બમન, તારા કેહેવા મુજબ હું દાલીને લાવ્યોછ. હવે તુંને સબ્બારો રેહેસે."

તે અભાગણી મોહોરદાર આંખમાં આંસુ સાથ તેની આગળ ગેઇ અને તેના નાતવાન હાથ પોતાના હાથમાં લીધા.

"બધું મોહું-બધું નકામું," લઢડતી જબાને હાંફ ચઢતાં બમન ભાગુંતુટું બોલ્યો. "મારે અજલ આવીચ—હાર્ટનું આકરૂં—ઓ—મેહેલ્લી—મેં સ-તો કીધો—રૂનો—પચાસ હજાર ડીક્રી—મારૂં કરજ ભરજે. મારી અજં—મારી બેહેન કુમીની સંભાલ લેજે. દાલી—માફ કરજે મને—મને—મેહેલ્લી—અહીં આવ—" તેણે ધ્રુજતા હાથે મેહેરવાનનો હાથ ઝાલ્યો, જે સાથે દાલીનોણી હાથ પકડયો અને મુસ્કેલીથી દમ લેતાં બોલ્યો:

"તમો બેઉ સુખી—ઓ—મને—આંકરાં—ઓ—મેહેલ્લી—મારૂં કરજ—કુમીને દાલી માફ અને તે પછી કેટલીક મીનીટની ભારી અછાડપછાડ પછી એકવારનો લખોપતિ બમન મોટી શેર સત્તાની મોહોકાણુમાં રાખપતિ બની સદાનો માર્ગે લાગો.

બમનનાં મરણ પછી માંગનારાઓ તેના બંગલા ઉપર ધાડ લાવ્યા પણ કબુલાટ મુંજબ એક વારનો મુહલીસ પણ હાલના તવંગર મેહેરવાન દીવેચાગે બમનનું કરજ ભરી તે બંગલો છોડવી મરનારનાં બેહેન કુમીનાં નામ ઉપર કરી આપ્યો.

એક મહીના પછી જ્યારે તે દાલીને મલવા ગયો ત્યારે તેણીએ પોતાની આલીમાસીની આગળ પાછી જવાની ખાહેશ દર્શાવી પણ તે ભલો જુવાન હેટથી પુકારી ઉઠ્યો. "દાલી! હવે વધુ વખત હું ઢીલ કરવાનો નહીં. આખરે હવે હું બોલી શકશ. એક વેળા માત્ર આઠન કરજને ખાતર તું મારાથી છુંટી થઇ, પણ હવે તુંને છુટી કરવા કે રાખવા માંગતો નથી. આટલાં વર્ષો તુલીક મેં તારી કેવી ટગર કીધેલી, કેવું હેટ અને વાહાલ સાચવી રાખેલાં. વાહાલી દાલી! હવે તો તારે મારી સાથે શ્યાદીના ગાંઠથી એક થવું જ પડશે."

અને જવાબમાં તે મીઠડી ઓરત તે હેતવંતા ભલા જુવાનની ગોદમાં વાહાલથી ઢળાઇ.

ભલા માતબર મેહેરવાને અદ્નેશથી મધુરી દાલીની આલીમાસીને સદાનાં બોલાવી પોતાના બંગલામાં રાખ્યા, અને બમનની છમસી પછી બને વાહાલાંઓ ન તુટે કે છુટે એવા ચીવટ ગાંઠથી પરણીને એક થયા. હાલ તેઓ આલીમાસીની રાહાબરી હેડલ રીજરોડ ઉપરના એક સુશોભીત બંગલામાં અકેકનાં સુખ અને વાહાલમાં અમન ચમનના વખભવમાં કાલ નિર્ગમન કરે છે!

"અસલ એ રાહ સૂફિનો !"

(ગઝલો)

અનહલ્લક તાનમાં ઉછળે; હૃદય સિંધુ તણાં મોજાં !
સદા મસ્તાન થઇ ઉકળે; અસલ એ રાહ સૂફિનો !

હું ! તું ! ના ભેદ ભૂલીને:-
સકળ સંકેતને ત્યાગી ! (૨)
સનમ ના ચર્ણમાં ઝેલવું ! અસલ એ રાહ સુફિનો !

વિસારી આફતો સૌ કો !
સિકારીને સફર સારી ! (૨)
રગરેના ભુત—ને ભાવિ; અસલ એ રાહ સુફિનો !

ભલે આલમ ખુશી હો કે !
ખફા તેની નહીં પરવા ! (૨)
કરે દિલદારની પૂજા—અસલ એ રાહ સુફિનો !

જીવન ના ભાર ભુસીને !
સફર નાં સાર ચુસીને:- (૨)
સદા અંગાર પુછી લે ! અસલ એ રાહ સુફિનો !

ન મોહે માટીના ખેલો !
ખરે ! હા ! તે સુફિ ચેલો ! (૨)
ન કોઇ કહી શકે મેલો ! અસલ એ રાહ સુફિનો !

સદા જે પ્રાણ સોંપીને:—
સનમ સરકારને રસહીન ! (૨)
તુંહિ ! તુંહિ ! તાનમાં ઝુલે ! "અસલ એ રાહ સુફિનો !"

"રસહીન."

"હરમતબારા—બેગમ."

—:o:—

એક ઇતિહાસીક દુઃખી વારતા.

—:*:—

લખનારઃ—દેવરાજ બી કટલી.

પ્રકરણ ૧ લું.

—:o:—

આ વાતનો ઈ. સ. ૧૬૬૨ ના જુલાઈ માસની પહેલી તારીખે આરંભ થાય છે. રાતના અગીયાર વાગ્યા હતા. દિલ્હીના બજારોની રોનક ફીકી પડી જતી હતી. આવા સમયમાં એક બહાદુર તરૂણ નગરના એક બજારમાં ઘણીજ બેપરવાઈથી ધીમે ધીમે આગળ અને આગળ ચાલ્યો જતો હતો, એટલામાં બીજા બે મનુષ્યો કે જેઓ હથીયારબંધ હતા, અને જેમનામાના એકના હાથમાં ફાનુસ હતું, તેઓ પાછલથી આવીને તે તરૂણના શરીરને લાગીને પસાર થઈ ગયા. પરંતુ જેવી તેમની નજર એ બહાદુર જવાનપર પડી, તેવાજ તેવો તરજ અજાયબ થઈ ગયા અને એ યુવકને આડી આંખે જોતા જોતા આગલ વધવા લાગ્યા. તેમની આવી ચેષ્ટાને જોઈને તે હીમત બહાદુર યુવકે ગંભીર સ્વરથી પુછ્યું કેઃ—

"દોસ્તો, તમે મારામાં એવી તે શી અજાયબી જોઈ કે આમ વિસ્મયતામાં પડી ગયા? તમારી આંખો મારામાં કોઈ પ્રકારની નવિનતાને નીહાલી શકે છે કે શું?"

તે તરૂણનો એ સવાલ સાંભલીને તે બન્ને પુરૂષો ઉભા રહી ગયા. તેમાના એકે તેને ઉત્તરમાં જણાવ્યું કેઃ—"જીહા, જનાબે મન, અમારી નજરમાં તો આપ કોઇ અજાયબ ઇનસાન દેખાઓ છો. અમારી આંખો તમારામાં ઘણીજ નવિનતાને નીહાલી શકે છે, શું આપ મુળ દેહલીનાજ નિવાસી છો?"

"જી નહી, આલીજનાબ, હું દિલ્હીનો નહિ, પણ મુળ આગરાનો નિવાસી છું, અને આજે સંધ્યા સમયેજ અહી દેહલીમાં આવ્યો છું." તે તરૂણે કહયું.

તેનો આ જવાબ સાંભલીને તે બે મનુષ્યો તે યુવકની વધારે નિકટમાં આવી લાગ્યા અને એકવાર ચારે તરફ નજર ફેરવીને બીજા મનુષ્યે મંદ સ્વરથી કહયું કેઃ—"તમે આ દિલ્હીમાં નવા સવા આવેલા અને અહીંના ભેદોથી બીનવાકેફ

હોવાથી આટલી મોડી રાતે દિલ્હીના આ માર્ગમાં એકલા એકાદ હથીયાર વગર ફરી રહ્યાં છો. તમારી આ હીમતને જોઈનેજ હમને અત્યંત ભયી થઈ હતી."

"પરંતુ દેલ્હી જેવા રાજનગરમાં આટલી રાતે હથીયાર વીના અને એકલા ફરવામાં એટલો બધો ભય શાનો છે, એ મારા સમજવામાં આવી શકતું નથી." તે તરૂણે અત્યંત્યણીથી કહ્યું.

પહેલા માણસે કહયું કેઃ-"આજે કેટલાક માસથી આ બજારના કોઈ પણ એક ભાગમાંથી એક અથવા બે મુડદાં રોજ સવારમાં પડેલાં મલી આવે છે. તે મુડદાંની છાતીમાં છરાનો એક મોટો ઘા પડેલો હોય છે અને તેથી એમ અનુમાન કરવામાં આવ્યું છે કે એ સર્વેને મારવાવાલો કોઇ એકજ હત્યાકારી હોવો જોઈએ."

"એવા ઘોર અત્યાચારી પાતકીનો કાંઇ પણ પત્તો નથી મલી શકતો?" તે યુવકે વચ્ચે પુછયુ.

"બાદશાહના શીપાહીઓ અને સરદારોએ તે પાપીને શોધી કાઢવાના અનેક પ્રયતન કર્યા, પણ તેનો કાંઇ પણ પત્તો મલી શકતો નથી અને મલવાની આશા પણ નથી. વળી વિશેષ નવાઇ જેવું તો એ છે કે, આજ સુધીમાં જેટલાં મુડદાં આવ્યાં છે, તે બધા સુંદર તરૂણોનાંજ હતાં," તે માણસે કહયું.

તેની આ વારતા સાંભલીને તે તરૂણે હસીને મીઠાસથીજ કહયું કે "તે એ બધાંનો કોઇ જાની દુશ્મન હશે અને પ્રસંગ સાંધીને તેણે તે સર્વેને મારી નાખ્યા હશે."

તે બન્ને પુરૂષો એ અવિચારી તરૂણના આવા હાસ્યને જોઇને બહુંજ આશ્ચર્ય માં પડી ગયા. તે તરૂણને તાકી તાકીને જોયા પછી એક પુરૂષ બોલ્યો કેઃ "પણ જેટલા તરૂણો માર્યા ગયા છે, તેમાંના માત્ર બે ત્રણજ આ નગરના નિવાસી હતા અને બાકીના બધાતો પરદેશીજ હતા. એટલા માટે અમારો આપને એજ ઉપદેશ છે કેઃ જનાબે આલી, આપ હવે અહીંથી આપના ઉતારાનાં મકાને તશરીફ લઇ જાઓ; નહીં તો, મારે અફસોસની સાથે કહેવું પડે છે કે, આવતી કાલે સહવારમાં આપની લાશ પણ આ સડકપરજ કયાંક પડેલી મલી આવશે."

"આહ! દેલ્હી જેવા રંગીલા શહેરમાં આવ્યા છતાં પણ જો આજે હું મારી બગલને ગરમ ન કરી શકું, તો પછી મારા જેવો બેવકુફ દુન્યામાં મલવો મુશકેલ છે." તરૂણે બીલકુલ બેપરવાઇથી જવાબ આપ્યો.

આંટલું બોલીને તે તરૂણે પોતાના બુલંદ સ્વરથી પ્રેમરસની એક ગઝલ લલકારવાનો આરંભ કરી દીધો.

તે ગઝલ ગાતો ગાતો બે પુરૂષોને પાછલ છોડીને આગલ વધવા લાગ્યો. તે બન્ને મનુષ્યો કેટલીકવાર સુધી એ પરદેશી તરૂણને જોતા ઉભા રહયા અને તેના ચાલી જવા પછી ઉતાવળથી પોતાને માર્ગે ચાલી ગયા.

તે તરૂણ પોતાના ગાનના તાનમાં ગીલ્તાન થઇ ધીમી ચાલથી આગળ ચાલ્યો જતો હતો; રાત ભીની હતી અને સર્વે શાંતી પ્રસરી હતી. એટલામાં અચાનક કોઇએ પાછલથી આવીને તે તરૂણના ખોંપર પોતાનો હાથ દાબી દીધો, તેનું ગાયન અટકી પડયું અને તેને બીજલીના વેગથી પાછળ ફરીને જોયું તો એક સુંદર બાલા ઉભેલી તેના જોવામાં આવી.

પ્રકરણ ૨ જું.

—:o:—

તે સુંદરી તરફ આગળ વધીને તરૂણે ગંભીર સ્વરથી પુછયું કેઃ "તમો કોણ છો અને મારી પાસેથી શા કામની આશા રાખો છો?"

તરૂણનો આ પ્રશ્ન સાંભલતાંની સાથેજ તે સુંદરીના મુખમંડળનું દર્શન થયું, અને તેને પોતાના કોમળ સ્વરથી કહ્યું કેઃ—"આપ તો કોઇ બરેબર રંગીલા-રસીલા નૌજોવાન દેખાઓ છો."

તે સ્ત્રીનો આ સવાલ સાંભલીને તે તરૂણ ચમકયો, પણ તરતજ ચપલતાને ધારણ કરીને કહેવા લાગ્યો કેઃ—

"અંધકારમાં તમારી મુખમુદ્રા જો કે કાંઇક સુંદર દેખાય છે, પરંતુ તમારો નીર્ણળ સ્વર બરાબર કહી દે છે કે, અવસ્થા ચાલીસ વર્ષ કરતાં વધારેજ હોવી જોઇએ. હા—શું કહું કે, મારૂં જોતાણ દીલ માશુકને મળવા માટે કેટલું બધું તડફડયા કરે છે; પણ મારા જેવા બદકિસ્મતની એવી કિસ્મત કયાંથી કે કોઇ પરીની બગલમાં મને આશરો મલી શકે? એવો મોકા તો કોઇ બખ્તાવરનેજ મલી શકે છે?"

તે સ્ત્રીએ તરૂણના આવા મનોભાવને જાણીને પ્રથમ ચારે તરફ નજર કરી અને ત્યાર પછી તેને કહયું કેઃ—"પણ કોશીશ કરવાથી બધું બની શકે એમ છે. તમે એક ખુબસુરત નૌજવાન છો; એટલે જો તમારી ઇચ્છા હોય, તો તમારા આ ગોરીગોરી સુરતપર એક તો શું પણ અનેક પરીઓ પોતાની જાન ફીદા કરવાને તૈયાર થઇ જાય એમ છે. ઇચ્છા હોય, તો આ દુન્યામાંજ તમને જન્નતની મજા મલી શકે તેમ છે."

"બડીબી, આ બધી મજાનીજ વાતો છે? પરી તો દુર રહી, પણ મને તો કોઇ ચુડેલ પણ આજ સુધીમાં મલી નથી. દુરથી તો અનેક પરીપયકરોની સુરતો જોઇ, કલેજાને મસોસીને બેસી રહયો, કેટલીક ઘડીઓ સુધી થંડા શ્વાસ ભરતો રહયો; પણ તમો કહો છો તેવો મોકો આજ લગત હાલતમાં તો મને કદાપી મલ્યો નથી."

"મેલવી શકશો, જરૂર મેલવી શકશો." તે તરૂણીએ જવાબ આપ્યો.

"પણ તે કેવી રીતે ?"

"ચુપચુપ મારી પાછળ ચાલ્યા આવો."

આ જવાબ સાંભલીને તરૂણે અંદાજ કર્યો. તેના એ ઉંબારામાં કાંઇક વિચીત્રતા સમાયલી હતી, તેથી, તે સ્ત્રી જરાક ચમકી અને કેટલાક પગલાં પાછલ હટી ગઇ, અને તેના મુખનું અવલોકન કરવા લાગી. પરંતુ તેમાં શંકા જેવું કાંઇ પણ ચીન્હ તેના જોવામાં ન આવ્યું. પછી તેણે તરૂણને કહયું કેઃ-"જો આ જીંદગીમાંજ જન્નતના અયશ ભોગવવા હોય, તો કાંઇ પણ બોલ્યા ચાલ્યા વીના ચુપચુપ મારી પાછળ પાછળ આવો."

"ગુલામ ફરમાનનો તાબેદાર છે," તરૂણે એમ કહીને તેની પાછળ ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં તેના મનમા અનેક પ્રકારના તર્ક થયા કરતાં હતાં.

:o:

પ્રકરણ ૩ જું.

દિલ્હીના શાહી મહેલની પાછલનાં ભાગમાં એક મોટું વૃક્ષ હતું. તે વૃક્ષ એટલું બધું નિર્જન હતું કે જાણે તે કોઇ મહા અરણ્યનીજ એક શાખા હોયની, એવો તેમાં પ્રવેશ કરનારને ભમ થતો હતો. તે વૃક્ષનો એક ભાગ શાહી મહેલની પાછલની દીવાલ સુધી ચાલ્યો ગયો હતો શાહી મહેલની પાસેના ભાગમાં એક વીશાળ પુરાણી મસ્જિદ હતી. ત્યાં તે તરૂણ અને સ્ત્રી આવીને ઉભાં રહયાં. મસ્જિદમાં પુષ્કળ અંધકાર હતો. તે સ્ત્રીએ કયાંકથી એક દીપક ખોલી કાઢયો અને તેને સલગાવીને અંધકારના સ્થાનમાં દીવાનો પ્રકાશ કરી દીધો. અજ્ઞાત તરૂણે દીપકના પ્રકાશમાં તે મસ્જિદની હાલતનું સારી રીતે અવલોકન કરી લીધું.

તે સ્ત્રીએ મસ્જિદની એક ખુણામાં જઇને જમીન પર પગનું ઠણાણ કર્યું અને તરતજ ફર્શમાનો એક પત્થર નીચેની બાજુએ લટકી પડયો. ત્યાં એક ચોર દરવાજો જોવામાં આવ્યો. તે સ્ત્રી દીપકને હાથમાં લઇને તે ચોર દરવાજે જોવામાં ઉતરી ગઇ અને તરૂણને ઉદ્દેશીને કહેવા લાગી કેઃ-"તમે પણ મારી પાછલ ચાલ્યા આવો." તરૂણ કાંઇક અચકાયો અને ધીમાં સ્વરથી બોલ્યો કેઃ—"આ જહન્નમાં જવાના માર્ગે આપણે જન્નતમાંજ જઇ પહોંચીશું, એની તમારી પાસે કાંઇ સાબેતી છે ખરી કે ?"

"એની સાબેતી તમને તમારી હીંમત આપી શકે એમ છે. હીમત ધરીને અને મારી વાતપર એતબાર કરીને મારી પાછળ પાછળ ચાલ્યા આવો. જો એમ કરશો, તો હું તમને સાબેતી આપીશ. અને જો એમ વર્તવાની ઇચ્છા ન હોય, તો જાઓ, અહીંથીજ પાછા વળી જાઓ. પણ ખેટલું જરૂર યાદ રાખજો કે, તમે જન્નતના દરવાજા સુધી આવીને પાછા ફરો છો," તે સ્ત્રીએ લાલચ બતાવીને કહયું.

તે સ્ત્રીના આવા વચનો સાંભળીને તે તરૂણ કેટલીકવાર સુધી કાંઈક વીચારમાં મશગુલ થયો; અને ત્યાર પછી તેને જોરથી ઊંકારો કરયો, અને તે સ્ત્રીને કહયું કે, "ચાલો, હું તમારી પાછળ આવવાને તૈયાર છું" તે સ્ત્રી નીચે ઉતરવા લાગી અને તરૂણ પણ તેની પાછળજ હતો. તે ચોર દરવાજાની નીચે ઉતરવા માટેના પગથીયાં હતાં જ્યારે તે તરૂણ કેટલાંક પગથીયાં ઉતરી આવ્યો, ત્યારે તે સ્ત્રીએ ચોર દરવાજાને અંદરથી બંધ કરી દેવાનું તેને કહયું તરૂણે એક વાર ઉપરના ભાગમાં નજર કીધી. કેટલાક અંતર સુધી લંબાઇને પગથીયાં એક લાંબા સુરંગમાં પુરાં થઇ ગયાં, સ્ત્રી અને તરૂણ એ સુરંગમાંજ આગલ વધ્યાં જતાં હતાં. સુરંગની બનાવટ પાકી અને મજબુત હતી. કેટલાંક અંદર ગયા પછી સુરંગ ચડાણના રૂપમાં બદલાઇ અને ત્યાર પછી પાછાં પગથીયાં દેખાયાં કે જે ઉપરના એક દરવાજા પર જઇને પુરાં થતાં હતાં.

પગથીયાંપર ચઢીને તે સ્ત્રીએ દરવાજાને ખખડાવ્યો, તે ઉઘડી ગયો અને તેમાં તે સ્ત્રી અને તરૂણ બન્ને દાખલ થયા.

તરૂણે પોતાને એક નાહની સાદી કોટડીમાં ઉભેલો જોયો. એ કોટડીની દીવાલોના ઉપરના ભાગમાં મોટા મોટા ઝરખા હતા અને તેમાં થઇને મધ્ય રાત્રીનો શીતલવાયું અંદર આવ્યા કરતો હતો, એ કોટડીમાં એક ભયાનક હબસી ઉભેલો હતો. જે દરવાજામાંથી તે તરૂણ કોટડીમાં દાખલ થયો હતો, તે દરવાજાની બરાબર સહામેજ એક બીજો દરવાજો હતો. કોટડીના મધ્યભાગને ઓળંગી તે બીજા દરવાજા સુધી પહોંચીને તે સ્ત્રીએ તે દરવાજો ઉઘાડી નાખ્યો. દરવાજાના આંતરીક ભાગમાં બારીક અનલસનો એક પડદો પડેલો હતો અને તેને લઇને પ્રકાશના કીરણો કોટડીમાં આવી પડતાં હતાં. એ પડદાના એક ભાગમાં પોતાના મસ્તકને અંદર સરકાવીને તે સ્ત્રીએ કહયું કે:-"નૌજવાન હાજર છે." ત્યાર પછી તરૂણ તરફ ફરીને તે બોલી કે: "તમારી હીંમતે તમને જન્નતમાં પહોંચાડી દીધા છે. બે કદમ આગળ વધ્યા એટલે તમે પોતાને બાગે બહેશ્તમાં ઉભેલા જોઇ શકશો? ખુબસુરત જવાન, આ ઓરડામાં જાઓ."

આટલું કહીને તે સ્ત્રી ત્યાંથી અદ્રશ્ય થઇ ગઇ. તરૂણ આગળ વધ્યો અને ઓરડામાં દાખલ થયો. ખરેખર એ વેળાએ તે બહેસ્તમાંજ ઉભેલો હતો એમ તેને લાગ્યું. ત્યાંની પ્રભાને જોઇને તેના નેત્રો અંજાઇ ગયાં.

પ્રકરણ ૪ થું.

હા-! તે નવયુવક અત્યારે નંદનવનના મધ્ય ભાગમાંજ ઉભો હતો. તેણે એક એવા ઓરડામાં પોતાને ઉભેલો જોયો કે જેની દીવાલોપર મીનાકારી કરવામાં

આવી હતી: અને તેમાં બેશુમાર બહુ મુલ્ય જવાહીરાત પણ જડેલાં હતાં. છતમાં રેશમી દોરીઓનાં આધારે લટકાવેલા નાના પ્રકારના બીલ્લુરી ઝાડ અને ફાનુસમાં કપુરદીવા બળી રહ્યા હતા, અને તેમનો શીતલ પ્રકાશ દિવાનખાનામાં પ્રસરી રહ્યો હતો. દિવાલોમાં મોટા મોટા તખ્તા લગાડેલા હતા, અને ચાર-મધ્ય ભાગમાં ચાર મોટી મોટી અલમારીઓ ગોઠવી રાખી હતી. એ દિવાનખાનામાં એક સ્થળે પલંગ હતો અને તેના પર મખમલના ગદેલા તથા ઝાલરમાં મોતી પરોવેલી ચાદર જોવામાં આવતી હતી. ટુંકમાં એટલુજ કહેવું કે તે દીવાનખાનું એક બહેશ્તનોજ દેખાવ રજુ કરતું હતું.

તે દીવાનખાનામાં એક હુરનઆરા નાજનીન એક જડાઉ કુરસીપર બેઠી બેઠી તે નવયુવકના સુંદર મુખને નીહાળી રહી હતી. તે તરૂણે પણ બીજું વસ્તુઓના અવલોકનમાંથી પોતાની નજર બસાડીને તે મહન મોહીનીને નીહાળવાનો આરંભ કર્યો. બન્નેની ચાર આંખો થઇ. કામિનીના નેત્રોમાં મસ્તીની ચમક હતી. અને તરૂણના લોચનોમાં તે પદાર્થનો ચમકાટ હતો કે જેને લોકો, "બેદ"ના નામથી ઓલખે છે.

લલનાએ ઉઠીને એક બાંકી અદાથી તે તરૂણનો હાથ પકડી લીધો. અને કહયું-કેઃ—"આજે માહરા મોટા ભાગ્ય કે આપ જેવા સુંદર તરૂણ નર સાથે માહરો પરિચય થયો, પાતળીઆ પલંગે પધારો; આજની રાત આપણે અયશ આરામમાં વીતાડીએ," એમ કહી તે ચપલા તરૂણને સાથે લઇને પલંગપર બેઠી. પાસેજ મેજપર શરાબના શીશા અને જામ પડેલા હતા. તેમજ નાસ્તાની કેટલીક વસ્તુઓ પણ હાજર હતી. તરૂણીએ શરાબનો એક જામ ભરી તરૂણને આપ્યો. એ પછી શરમ તુટતાં શરાબનો દોર વધવા લાગ્યો અને શરાબ, પીનારાઓના શરીરમાં, પોતાનો રંગ પણ ચમકાવવા લાગી. પણ જોનો નિર્ણય થવો કઠીન હતો કે, શરાબે-પોતાનો—રંગ એકના શરીરમાં ચમકાવ્યો કે બન્નેના? કારણ કે, સુંદરીના હાથે મળતી મદીરા તે તરૂણ ઘણાજ થોડા પ્રમાણમાં પીતો હતો કવા—બીલકુલ પીતો ન હતો. એ જાણી શકાતું ન હતું. એ પછીનુ વર્ણન કરીને અમે હમારી લેખીનીને ભ્રષ્ટ કરવા નથી ઇચ્છતા? કલ્પનાથીજ એ પ્રકારને જાણી લેવાની વાંચકોને નમ્ર પ્રાર્થના કરવામાં આવે છે.

મધ્યકાલ થઇ ચુકયો હતો. તે તરૂણ નયનો મીંચીને સુતો હતો. તે તરૂણી યોગ્ય પ્રસંગ જાણીને તેના પડખામાંથી ઉઠી અને તકીયા નીચેથી એક લાંબો તીખી ધારવાલો છરો કાઢીને તેને તેણે પોતાની મુંઠડીમાં પકડયો; તેને ચપલતાથી છરાને હવામાં ઉંચો ઉપાડયો, અને તે તરૂણની છાતીમાં ભોકવાની તૈયારી કરી. એકજ પળમાં તે છરો તે તરૂણની છાતીમાં પેસી ગયો હોત પણ તેજ પળે તેને આંખો ઉઘાડી નાખી અને તે રાક્ષશીને બળથી પલંગની નીચે પછાડી નાખી.

તેનીના હાથમાંથી છરો છુટી ગયો અને ભયંકર ચીત્કાર કરીને તે પતંગની નીચે પટકાઈ પડી. અને અત્યી રીતે જેર થયેલી જોઈ સિંહ સમાન છલંગ મારીને તરૂણે તે છરાને તરત ઉપાડી લીધો; અને ધીક્કારથી તે તરૂણીને કહયું કેઃ—"ઓ બેહયા, આજે તારો બધો ભેદ ખુલ્લો થઈ ગયો છે. આટલા બધા પુરૂષોના ખુન કરનારી કાતીલા તુજ છે. હું આ ભેદને જાણવા માટેજ ખાસ અહીં આવ્યો હતો. એજ કારણથી મેં શરાબ પીધી ન હોતી અને હું નીદ્રાને આધીન પણ ન હતો થયો. હવે તું મારા હાથમાંથી છટકીને કયાં જવાની છે?"

તે પાપીનીએ આનો જવાબ ન આપતાં એક ભયાનક ચીત્કાર કર્યો અને તેની સાથેજ પાસેના ચાર ચોર દરવાજા ખુલી ગયા, અને તેમાંથી ચાર રાઠોડી જવાન હબસીઓ હાથમાં નાગી તરવારો લઇને બહાર આવ્યા. તે તરૂણે તેમને જોતાંજ જોરથી બંબારો કર્યો, પછી પોતાના વસ્ત્રોની નીચેથી એક લાંબી તરવારને બહાર કાઢી. તે તરૂણે પોતાના બનાવટી ચહેરાને અને માથાપરના બનાવટી વાળને ઉતારીને દુર ફેંકી દીધા, અને ગર્જના કરીને કહયું કે "હરામજાદાઓ, આંખો ઉઘાડીને જુઓ કે હું કોણ છું? કેમ કાંઇ ઓળખાણ પડે છે કે વધારે ઓલખાણ આપું?"

તે હબશીઓ તરત ઓળખી ગયા કે તે તરૂણ બીજો કોઇ નહી પણ બાદશાહ ઔરંગજેબ પોતે હતો. વીશ હથીયારબંધ જવાનો જેઓ છુપાછુપા શાહની પાછળ આવ્યા હતાઃ તેઓ દરવાજો તોડીને અંદર આવ્યા અને તેઓએ તે ચારે હબશીઓને ગીરફતાર કરી લીધા. એ કામ પુરૂં થયા પછી બાદશાહ તે તરૂણીને કહેવા લાગ્યોઃ—

"મલકા હરમતઆરા, મહેલના ચોર દરવાજામાંથી આ ઓરડામાં આવીને તું પોતાની મદન જવાળા શાંત કરતી હતી. અને જેમની સાથે આખી રાત ઐયશ આરામમાં વીતાડતી હતી તેમનેજ સવારમાં નીર્દયતાથી મારી નાખતી હતી. અને પછી તે જવાનોની લાશોને આ હબશીઓ મારફતે બાગ્ગર અથવા વીરાન જગ્યામાં ફેંકાવતી હતી. પણ દીલ્હીની બેહયા ઔરત, આજે તારો અને તારા નીચ સાથીઓનો ખતમો થાય છે," એમ બોલીને શેહનશાહે પોતાના સીપાહીને કાંઇક ઇશારત કીધી. ઇશારતને જોતાંજ તેઓમાના એક સીપાહીએ ચ્યાનમાંથી તરવાર ખેંચીને મલકા હરમતઆરા તરફ વધ્યો. બાદશાહે તેજ પલે પોતાનું મુખ બીજી બાજુ ફેરવ્યું. એક ઔરતનો ચીત્કાર અને તેની સાથે તરવારના ઝટકાનો અવાજ તેનાં સાભલવામાં આવ્યો. શાહે મુખ ફેરવીને જોયું તો ત્યાંની જમીનપર મલકાના શરીરના બે કટકા પડયા હતા. પેલા હબશીઓને પણ મલકાની સેવા માટે જહન્નમમાં રવાના કરી દેવામાં આવ્યા. ત્યાર પછી બાદશાહે તે બદબખ્તલત મલકા અને તેના બદમાશ સાથીઓના નામોને આ દુન્યામાંથી હમેશને માટે નાબુદ કરી નાંખ્યાં.

—:o:—

પરાક્રમની પરાકાષ્ટા.

લગભગ ૪૦ વર્ષો થયાં

આખી દુનિયામાં પુણ્ય ફતેહ મેળવનારી...લાખો સર્ટીફીકેટોવાળી—તંદુરસ્તી, તાકાત અને લાંબી જીંદગી આપનારી તદન વનસ્પતિની.

આંતકનિગ્રહ ગોળીઓ

નબળાં શરીરને બળવાન બનાવે છે, પાચનશક્તિને સુધારી દરતની અટકાયતને દુર કરે છે અને લોહી તથા ધાતુના વિકારોનો નાશ કરી શરીરને તેજસ્વી કરે છે. ખરેખરી જશનામી છે અને તેથી જ લાખો દરદીઓના આશીર્વાદ પામી છે.

કીંમત:—૩૨ ગોળીની ડબ્બી એકનો રૂપિયો એક વધારે વિગત જાણવા માટે પ્રાઇસ લીસ્ટ મંગાવી વાંચો અને વાકેફ થાઓ.

વૈદ્યશાસ્ત્રો મણિશંકર ગોવિંદજી.

મુંબઇ—બ્રાંચ,
કાલબાદેવી રોડ.

આંતકનિગ્રહ ઔષધાલય.
જામનગર—કાઠિયાવાડ.

જસંમાઈનનો આયોડાઈઝ્ડ

સારસાપરેલા.

લોહી સુધારી નિરોગી અને જીંદગીની મઝા ભોગવવાને શક્તિવાન બનાવવા માટે આ જસમાઇનનો સારસા પરેલા જરૂર વાપરજો પ્રમેહ, ચાંદી, વિસ્ફોટીક, અને બીજાં ગરમીનાં દરદોમાં પેહેલા નંબરની દવા છે. સંધીવા ઉપર તેનો ગુણ અજબ જેવો છે. બસ, ભુખસ, દરાજ, બરજવાં ગડગુમડ, કંઠમાળ, કોઢ, અને એવાં અનેક દરદો ઉપર આ જસમાઇનનો સારસા પરેલા ખાસ કરીને વાપરવા લાયક દવા છે. દમ, બાંસી, અને છાતીનાં દરદોમાં ઘણોજ ફાયદાકારક છે. કીંમત રૂ. ૧॥ વી. પી: થી રૂ. ૧॥=૦ ત્રણ શીશીના રૂ. ૫)= અને ૬ શીશીના રૂ. ૯)= વી. પી. સહીત.

દરેક દવાના વેપારી પણ તે વેચે છે.

લખો:—અમૃતબિંદુ ઓફીસ—નડીઆદ.

કસ્તુરી.

લખનાર—મી૦ K. C. Mehta.

પાઠકોમાંથી કદાચ એવો કોઇ નહી હોય જે કસ્તુરીનું નામ ન જાણતો હોય. હા; સંભવ છે એવા ઘણા બધા હોય જે કસ્તુરીના વિષયની બધી વાતો સંપુર્ણ રીતે ન જાણતા હોય એટલા માટે આ લેખ ન જાણતાઓની જાણવાના માટેજ લખવામાં આવે છે.—

કસ્તુરી જેને પરશીયનમાં મુસ્ક કહે છે, એક ઘણીજ સુગંધીદાર વસ્તુ હોય છે. આ એક પ્રકારના હરણોની નાભીમાંથી પ્રાપ્ત થાય છે. જે સાધારણ હરણોથી ભિન્ન હોય છે. આ હરણ યાને મૃગ પર્વતની ઉંચી ટોચો પર રહે છે, જ્યાં પશુ અને પક્ષીઓનું પહોંચવું દુર્લભ થાય છે. એઓનું શરીર એટલું સુક્ષ્મ હોય છે કે એઓ વીજળીની માફક ઝડપથી દોડી શકે છે, પરન્તુ જ્યારે બીજા પશુઓને પોતાની રક્ષા માટે શીંગડા રૂપી શસ્ત્ર હોય છે ત્યારે આ બિચારાં બીલકુલ શીંગડા રહિત હોય છે. એટલા માટે પરમાત્માએ એઓની રક્ષા માટે એમને કોઇને કોઇ યુક્તી સુઝાડીજ દીધી છે અને એવા સાધનો પેદા કર્યા છે કે જેથી એઓ સ્હેલાઇથી પોતાના શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરી શકે. આ મૃગોને ઇશ્વરે શીંગડા ન આપ્યાં તો તેમની જગ્યાએ કસ્તુરી જેવી સુગંધીદાર તથા મસ્ત કરી નાંખનાર વસ્તુની પરીપુર્ણ નાભી આપી.

આ મૃગ પોતાના શત્રુને જોતાંજ નાસવા માંડે છે અને પ્રાણ જવાના ડરથી કસ્તુરીના ધુક્કા છોડવા લાગે છે, જેથી તેનો શત્રુ મુછીત થઇને પૃથ્વી પર પડી જાય છે, અથવા કોઇ કોઇ વખતે તેની તેજ સુગંધીથી તેનું મગજ ફાટી જાય છે જેથી તે તરતજ યમલોકમાં સિધારી જાય છે. ત્યાંના પહાડી લોકનું કહેવું છે કે આ મૃગ કસ્તુરીના સાધનથી પોતાનો ખોરાક પ્રાપ્ત કરી લે છે. સાપને (જેના માંસનો તેને વિશેષ આહાર છે) પોતાની ચતુરાઇથી બેહોશ કરતાંજ તરત સાફ કરી જાય છે.

કસ્તુરીના ભેદ.

કસ્તુરી ત્રણ પ્રકારની મળે છે. સૌથી ઉત્તમ તે છે જે નાભીમા કઠોરજ મેલી હોય અને તેની ઓળખાણ એ છે કે જો સુતરને લસણમાં મસળીને જરા કસ્તુરી પર ઘસીશે તો લસણની ગંધ સુતર ઉપરથી ઉડી જશે. બીજા પ્રકારની કસ્તુરી તે છે જે દાણાદાર હોય છે અને જે હિંદુસ્તાનમાં દરેક સ્થળે મળી શકે છે. ત્રીજી જાતની તેજની માફક જાડી હોય છે, અને આવાનો કામમાં આવે છે તે ઔષધીના કામમાં. પ્રથમ પ્રકારની કસ્તુરી બહુજ ઓછા પ્રમાણમાં મળે છે.

મૃગોને પકડવાની રીત.

જ્યારે શીકારીને પાકી બાતમી મળે છે કે મૃગ અમુક જગ્યાએથી પસાર થાય છે, ત્યારે તેઓ તરતજ તે જગ્યાએ જઇ પહોંચે છે અને તેઓના પ્રયાસથી ત્રણ ચાર મનુષ્યો (જેઓને આ કામ માટેજ લાવવામાં આવે છે) ઘણાજ મધુર અને મીઠા સ્વરથી વાંસળી વગાડવા માંડે છે, જેને સાંભળતાંજ એઓ ઉન્મત જેવાં થઈ જાય છે અને પ્રાણુ ભય છોડીને તે તરફજ નાચતાં કુદતાં ચાલી જાય છે. એટલા નજદીક આવી જાય છે કે જ્યાંથી કઠણ હૈયાના શીકારીઓને બંદુકથી મારવું રહેલું પડે છે. કોઇ કોઇ શીકારી છોકરાઓના જેવા મધુર સ્વરથી મૃગોને પોતાની જાલમાં મુગ્ધ અને મુર્છીત કરીને સહેલાઇથી ફસાવી લે છે. જો કે મૃગો ઘણા પ્રકારથી પકડાય છે, પરંતુ સર્વથી ઉત્તમ બંદુકથી શિકાર કરવાનુ છે કારણ કે આનાથી તે જનવર વાત વાતમાં મરી જાય છે અને કસ્તુરી બગડવા યા ફેલાવા નથી પામતી. જો થોડીકવાર પીડીત રહે તો કસ્તુરી જે એક પ્રકારનું રૂધીર છે તે તેના આખા શરીરમાં ફેલાઇ જાય છે. એટલા માટે શીકારી જાલમાં ફસાવતાંજ તેની નાભી ને એક પાતલી રેશમી દોરીથી જકડીને ગાંઠવાલી દે છે કે જેથી નસોના માર્ગો બંધ થઇ જાય છે, અને જેથી કસ્તુરી ત્યાંની ત્યાં રહે છે, ને શરીરમાં ફેલાઇ શકતી નથી. ઘણી વખતે ગાંઠ લગાડવામાં વાર થવાથી કસ્તુરી પછી નાભીમાં નથી રહેતી પરંતુ હરણની એક એક નસમાંથી કસ્તુરીની સુગંધ આવે છે જેથી, તેનું માંસ ઘણુંજ કડવું થઇ જાય છે.

ભગવાને હરણને કેવું અદ્ભુત જનાવર બનાવ્યું છે, અને તેને કેવી કીંમતી વસ્તુ અર્પણ કરી છે. આ જનવર એટલું બુદ્ધીમાન અને ચાલાક હોય છે કે વાઘ અને વરૂ જેવાં હિંસકપશુઓના હાથમાં નથી આવતું, અને તે એટલું યુક્ત વિચારતું હોય છે કે પોતાના મુત્રને એટલા માટે ચાટી જાય છે કે શત્રુઓને જરા પણ પત્તો ન લાગે.

પરંતુ આટલી ચાલાકી કરવા છતાં પણ મનુસ્યના જબરદસ્ત ફાંસામાં ફસાઇજ જાય છે અને જેથી લાખો યત્નો કરવાં છતાં પણ પોતાનો છુટકારો નથી કરી શકતું.

———:o:———

બહાર પડી ચુકી છે

મી૦ દાનાં કાપડીયાની એક ફાંકડી નવી નૉવેલ

એક લોહીના!

કીંમત રૂા. દોઢ પોસ્ટેજ જુદું.

"નવરંગ" પ્રીન્ટીંગ પ્રેસ, બજાર ગેટ, ફોર્ટ, મુંબઇ નં૦ ૧.

અલ્પ જીવન.

(ઝુલણા છંદ.)

જાગો રે જાગો સૌ. સુસ્તીને ત્યાગોને લાગો નિશદિન ઉદ્યમ ભલામા,
જીવન છે અલ્પ બહુ, ત્યજો સંકલ્પ બહુ, તત્પ રાખી રહો હર કશામાં;
પરપોટો પાણીનો, એ ખેલ જીંદગાનીનો, નહીં વિશ્વાસ ફાનીનો રાખો કદિએ,
પલકમાં ટક નોઈ પટકશે યમનો દુત, છુટ ન આપશે એક પણ ઘડી એ! ૧

હા, અરે જો જરા, આ છે મહેમાનસરા, ત્રણ કે ચાર દિન અરા અહિ છે નિવાસ,
આંખોને ફાડી તું લાખોની જીંદગી જો, રાખોમા ભળી પામ્યાજ છે વિનાશ,
કહો રે જમશેદ કયાં? સિકંદરનો બેદ કયા? રાવણ માટે બેદ કયાં કરવો આજે?
નહીં ઇરાન કે હિંદુસ્તાન શ્રેષ્ઠ રહ્યું, થયું પુરવાર તકલીદી તખ્ત ને તાજે! ૨

વાગતાં જ્યાં દુદુભિ, ત્યાં રહ્યુ આજ શું બી? મળે ખંડેરનુંબી નહીં ઠેકાણું,
હાકમો જેઓના ધાકમાં પૃથ્વી રહે, બાકમાં ભળી શોધ્યું મો'તનું બ્હાણું!
રાજ ને તાજ સૌ તારાજ થઈ ગયા, રહી ગયા માત્ર નેક નામના પુણ્યો,
ચેત ઓ અચેત નર! માયાવી હેત હર, ભલાઇનીજ ભેટ કર કે રહે તુંજ ખુશબો, ૩

કાળ છે ક્રૂર બહુ, દેખાય તે દુર બહુ, પૂર બહુ વેગથી તેગ એ ચે,
નહી જુવે રંક તે, મારે નિશંક એ, તંગ કરે રાયને પણ લઇને પેચે!
કોઈ નથી રે અમર, જોઇ સાચે કબર, બોલીને બોલાબર રહ્યા શેઇ,
એવું છે મો'ત રે, મારે સચોટ તે બોટ કે બામી વિન નાખે બેઈ! ૪

જીંદગી માત્ર છે બંદગીનેજ સારૂ, કુંદગી ને ફરેબ શરમીંદગી આપે,
બંદગીજ એક છે, રાખે છે ટેક જે, નેક એ હથ્યાર જે કષ્ટો કાપે!
નામ ઇશ્વરતણું દામ છે જીંદગીનું, કામ રૂડા કરી સ્વર્ગ સિધારો,
કાળની ફાળ યાર મટે તત્કાળ રે, ખુશાલ જ્યાર થાય તે પ્રભુ પ્યારો! ૫

ક્ષણભંગુર દેહ છે, મટ્ટીનોજ બેહ છે, દુન્યવી સ્નેહ છે માત્ર સ્વપ્નું,
પ્રિત બેની ના કરો, હિત હૈડે ધરો, વિપરીત પરિણામ છે શા બપતું?
બો ગુણી સજ્જનો, ડાહ્યા સા કોઇ બનો, ગણો અંતરાત્માને બેમુલો,
કહે "નેહાંદાર" કે કામનો બેજ યાર છે, સમજે નહીં સાર જે પડયો ભુલો! ૬

"નેહાંદાર."

૫૦૦૦ વર્ષ પહેલાં લખાએલો

જ્યોતીષનો મહાન ગ્રંથ !!!

હિંદુસ્તાનના મહાન ઋષીઓમાં ભૃગુ ઋષીનું નામ જગ પ્રશહુર છે.

પંડીત કાશીવાળા ને મળો.

આ મહાન ઋષાનું લખેલું તાજુબીભરેલું પુસ્તક "ભૃગુ સંહિતા" અમારી પાસે મોજુદ છે.

પ્રાચીન જ્યોતીષ શાસ્ત્રની સત્યતા જુઓ.

કચ્છના નામદાર રાઓ જી. સી. આઇ. ઈ. ફીરાજશા મ્હેતા, ગોખલે, મ૦ ગાંધીજી, લો૦ તિલક, માવજી ગોવિંદજી શેઠ અને બીજા નામાંકિત આસામીઓની જન્મ કુંડલીઓ તેમના જીવનની સાચી વિગતો સહિત આ ગ્રંથમાંથી નીકળી છે.

આ ગ્રંથમાંથી તમો ને નીચે જણાવેલી તાજુબી ભરેલી વિગતો મળશે.

મુંબઇના જાણીતા આ ગેવાનો, શ્રીમંતો આ ખાતાનો લાભ લઇ ચુકયા છે

એટલુંજ નહિં પણ મુંબઇમાં મહાન ગણાતા જ્યોતીષના પંડીતોનો પણ આ તાજુબીભરેલો ગ્રંથ જોવાને દરોડો પડે છે.

બહારગામના ઘરાકોએ કુંડળી સાથે રૂ. ૧૦ અગાઉથી મોકલવા. મજકુર ગ્રંથના આધારે સમગ્ર જીવનનું વૃતાંત રૂ. ૧૦ ની વી. પી. થી મોકલવામાં આવશે. એટલે એકંદર ફી રૂ. ૨૦ થશે.

તમો સાથે લાવેલા કુંડલીની નકલ તેમાં તઇયાર જોશો–

કુંડલીના આધારે તમારી જીંદગીની જન્મથી મૃત્યુ સુધીની તેમજ મૃત્યુનો ટાઇમ વગેરે તાજુબી ભરેલી વિગતો તમે જોશો.

પંડીત કાશીવાળા

ભૃગુ જ્યોતીષ કાર્યાલય.

૨૯૨–૯૪ બીજે માળે–કાલબાદેવી રોડ, દાદી શેઠ અગ્યારી ગલીને નાકે મુંબઇ ૨.

દુનિયાની તવારીખમાં ભાટ લોકોએ ભજવેલો અગત્યનો ભાગ.

લખનાર—Mr. J. M. Hormusji

—:x:—

(૩)

"Cease to consult, the time for action calls;
War, horrid war, approaches to your walls."

—*Pope.*

જગતના ઇતિહાસમાં વારે વારે એવું બનતું આવ્યું છે કે પ્રત્યેક દેશો અને પ્રજાઓ વર્ષો સુધી આનંદોત્સવ અને વૈભવવિલાસમાં નિમગ્ન રહ્યાં છે, તેઓનાં સાહસ કર્મો અને અજય્ય પરાક્રમો વર્ષો સુધી શૂન્યવત્ થઇ ગયાં છે, તેઓ બાહ્ય રિદ્ધિસિદ્ધિ અને માયાવી સુખોપભોગની અપારદર્શક ઇંદ્રજાળમાં સપડાઇ જતા તેઓ પોતાને વાસ્તવિકપણે ન હોવા છતાં પણ—કહો કે ક્ષીણતા અને જીર્ણતાનો નાશકારક સડો આંતરિકપણે તેઓનાં સર્વાંશે-સર્વાંગે ફેલાઇ જવા છતાં પણ—પોતાને અજીત અને અનશ્વર તેમજ અજરામર સમજતાં આવ્યાં છે: દુર્દૈવવશાત્ કોઇ અનિષ્ટ સંભાવનાના અણચિંતવ્યા ક્રમલા વિષે તેઓ તિરસ્કારયુક્ત હદ પર્યંત નિસ્પૃહ અને બિનપરવાહ રહ્યાં છે; ક્ષણભંગુર મોજમજાહોને—તેમા વિશેષે કરીને માંસ, મત્સ્ય, મદ્ય, મૈથુન, અને મોહમુદ્રાના મહાપાતકી દુરુપયોગમાં અહોરાત્ર મશગૂલ અને મસ્ત રહેવાને અવિનાશી અને પાપરહિત માનતાં આવ્યાં છે; ઉચ્ચપદારોહના, સદ્‌ભાવશીલતા, ઇંદ્રિયનિગ્રહ, અતિથિવત્સલતા, બાહુબળિષ્ટતા આદિ પ્રશંસનીય ગુણલક્ષણોનું સ્થાન અધ્યવસાય, આચારભ્રષ્ટતા, માનાપકર્ષજ, મનોમય વ્યગ્રતા, દુર્વિનિતતા, ક્રાયરપણું, આદિ દુષ્ટ દૂષણોને આપતા આવ્યાં છે;—પ્રજાઓ જેઓએ એકવાર પોતાના ભાલાના પ્રતાપથી શત્રુની સફ ચીરી પોતાનો માર્ગ રણસંગ્રામમાં ખુલ્લો કર્યો—ના, એટલુંજ નહી પણ પોતાના દિગ્વિજયના પ્રભાવે પોતાની કીર્ત્તિ ચાવચ્ચંદ્રદિવાકરૌ જગદ્વિખ્યાત બનાવી પોતાનાં નામ અને કામનો ડંકો ત્રણે ભુવનોમાં બજાવ્યો—તેઓ પણ દેશ, કાળ અને પરિસ્થિતિને આધિન થઇ ધર્મચ્યુતિ અને અપકર્ષને વશ થઇ છે;—પ્રજાઓ જેઓએ રિપુઓનાં શરીરને રણભૂમિમાં પોતાના તેજતી નોક ઉપર નૃત્ય કરાવી દોસ્ત કે દુશ્મન સૌ કોઇનું અભિનંદન મેળવ્યું હતુ તેઓ પણ વખ્ત જતાં એવા અધમમતિવાળા અને દુરાચરણી થઇ ગઇ છે કે તેના મર્દાનેમર્દ શૂરનરો રંગભૂમિ ઉપર સર્વથા નિર્લજ્જપણે સ્ત્રાવણ્યમયી લલનાઓ સાથે તાંડવનૃત્ય કરવામાં અને પ્રેક્ષકો અને શ્રોતાજનોના ગર્હણીય ધન્યવાદો મેળવવામાંજ પોતાનાં ઐહિક જીવનનું સાર્થક સમજ્યા છે;—એવી રીતે ઇતિહાસના અભ્યાસ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે દરેક પ્રજાઓ ઉન્નતિ પછી દુષ્ટ અવનતિને પામી છે, અને એવા બારીક પ્રસંગે બહારનો શત્રુ ચઢાઇ લાવે છે ત્યારેજ તેઓને

પોતાની દયાજનક સ્થિતિનું ભાન થાય છે, અને એવા સંજોગોમાં જે પ્રજાઓ વીર અને સ્વદેશપ્રેમી બાટો ધરાવતી નથી તેની અસહ્ગતિની નિરસંશય પરાકાષ્ટા થાય છે. રોમન પ્રજાઓ એજ પ્રમાણે જ્યારે ક્ષણધ્વંસિન્ આનંદોલ્લાસમાં ઉન્મત્ત થઇ ગઇ હતી ત્યારે હુન સરદાર ઍટીલાએ તેઓ પર એકાએક ધસારો કરી તેમને છિન્નભિન્ન કરી નાખી હતી! એજ પ્રમાણે છેલ્લા સાસાની શાહનશાહ યઝદગર્દના રાજ્યઅમલ દરમ્યાન ઇરાનીઓ પણ ભોજશોખ અને અયશોઆરામમાં ડૂબી ગયા હતા, જ્યારે આરબોએ રહેલાઇથી તેઓનો નાશ કર્યો! ૧૮૭૦ માં ફ્રાંસના વતનીઓ પણ એજ દુષ્ટ રોગનો ભોગ થઇ પડવાથી જર્મનોએ તેઓને લડાઇનો જોગ આપી એકદમ શોકમાં ગીરફતાર કીધા હતા! ભારતવર્ષમાંથી હિંદુઓના સામ્રાજ્યનો મુસલમાનોએ ઉચ્છેદ કર્યો તેના ભિતરમાં પણ જોશો તો આનંદાચ્છવ. કુસંપ અને શૂરા ભાટોની ગેરહાજરીજ માલૂમ પડશે! જો કે તે સમયે હિંદુઓનો પૃથ્વીરાજ જેવો મહાબળવાન રાજાધિરાજ હતો જેણે શાહબુદ્દીન ઘોરીનો સાતવાર પરાજય કર્યો હતો, પરંતુ છેવટે તે પણ ભોજમર્જાદ અને ભોગભાવામાં લુબ્ધ થઇ ગયો હતો. રાત અને દિવસ તે પોતાની નવવધુ સંયોગીતાના સંસર્ગમાં વ્યતીત કરતો અને સમળું રાજ્યકાર્ય મંત્રીઓ પર છોડયું હતું. ઘોરીની આઠમી વારની ચઢાઇના સમાચાર મળતાં પૃથ્વીરાજના દેશભક્ત ભારોટ ચંદ એક વિશ્વાસુ પોપટ મારફતે પૃથ્વીરાજ ઉપર સંયોગીતાના મોહનમુહ્રાં સંદેશો મોકલ્યો કેઃ

તુ ગોરી પર રત્તિયં
મરુ ત્તા ઘર ગોરી તક્કિયં।

વીર ભારોટના માર્મિક શબ્દપ્રહારથી પૃથ્વીરાજનાં રોમરોમમાં શૂરાતન વ્યાપી રહ્યું અને તત્ક્ષણ અગણિત ફોજ એકઠી કરી તે ઘોરી સામે ચાલ્યો. બન્ને વચ્ચે પાણીપત ખાતે દારૂણ યુદ્ધ થયું જેમાં ચંદના વીર પુત્ર જુલ્હને પૃથ્વીરાજને ઘોડાપર સ્વાર થયેલો જોતાંજ પોતાનો સુલતાન બતાવી તેને એક બાણથી પૂરો કરવા કહ્યું. હિંદુ રાજા અર્જુન જેવો બાણાવલી હતો, પરંતુ આ સમયે દૈવગતિનું પ્રાબલ્ય એકવાર ફરીને સિદ્ધ થયું: પૃથ્વીરાજે કમાનની દોરી ખેંચતાં તેના ટુકડા થઇ ગયા અને બાણ તેના હાથમાંજ રહી ગયું, જે જોઇ ચંદપુત્રે નિશ્વાસ નાખી પૃથ્વીરાજને કહ્યું:

દિન પલટયો પલટી ઘડી, પલટી હથ્થ કમ્માન;
પિથલ! જોહી પારખુ, દિન પલટયો ચૌહાણ!

આ પછીજ હિંદુ પૃથ્વીશ પકડાયો ગયો, કહે છે કે આ યુદ્ધ દરમ્યાન ચંદ ભાસેના ગામમાં દેવીને નૈવેદ્ય ચઢાવવા ગયો હતો, પણ તે મંદિરમાં પ્રવેશતા તેનાં દ્વાર બંધ થઇ ગયાં અને ચંદને દેવીએ પૃથ્વીરાજ રાસો લખવાની આજ્ઞા દીધી જે ગ્રંથ તેણે બે મહિને સમ્પૂર્ણ કર્યો. એને માટે એક લોકવાયકા છે કેઃ પૃથ્વીરાજના પિતા સોમેશ્વરને પ્રથમ સંતાન ન હતું જોથી એક બ્રાહ્મણે સલાહ આપી કે તમારા પ્રપિતામહ મરણ પછી અધોગતિ પામ્યા છે તેમનો ઉદ્ધાર કરો તો સંતાન થાય! આ પ્રપિતામહ વરાહયેનિને પામ્યો હતો જેનો નાશ કરી રાજાએ તેજ સાંજતોએ તેનું માંસ ખાધું જોથી સર્વને પુત્ર થયા. ચંદના પિતાના બ્રાહ્મણમાં

પરાક્રમની છાપ્પા આપ્યાથી તેને પેટે ચંદ જેવો વીર અને કવિ પુત્ર ઉત્પન્ન થયો! એની સ્તુતિ કરતાં એક પાછળો ચારણ કહી ગયો છે:

પૃથિરાજ બારોટ ચંદ, સુખદુઃખ હુવો સામિલ;
બાથી બાડતાંમી એક રંગી જસો બાર હૈ!
વિલોગ ન સહ્યો જિને, મોત કિયો ચક્ષુ આગે;
દુશ્મન મરાયો રાજ હાથ રંગ હલ્લર હૈ!
ગયો જોધની બિદેશ વિગ્રહકો સમો આયો,
રાજકે બારોટ સો તો ભૂમિ પર બાર હૈ!
કહત હૈ કવિ જોમન સુણો રાણા રાજસિંહ:
ધનીકો નિમક ખાયો, ધરબૈઠ ધિક્કાર હૈ!

આ પ્રમાણે જ્યારે પ્રજાઓ યોગમાયારૂપી નિદ્રાવશ્યા કે સુષુપ્તિમાં ડૂબી રહી હોય છે ત્યારે ચન્દ જેવા ભૈષ્ય વાત ચારણોજ પોતાની અપ્રતિમ કાવ્યકૃતિદ્વારા દેશનાં ખૂણેખૂણામાં સ્વાધ્યક ઉત્સાહ અને જુસ્સાનો પ્રલયાગ્નિ પ્રજ્વલિત કરી રિપુઓનું તાડન કરી સ્વભૂમિનું તારણ કરવાને શક્તિમાન થઇ શકે છે. જે જે પ્રજાઓ આવા મોહતજ્વરના કટાકટીના પ્રસંગો ઉપર શુરા બાટો ધરાવવાને સજ્જ થઇ શકી નથી તે તે પ્રજાઓ ઇતિહાસનાં વિભાજમાન પૃષ્ઠો ઉપરથી પોતાનુંજ નિકન્દન કરવાને કારણભૂત થઇ છે એમ કહીએ તેમાં લેશ પણ અતિશયોક્તિ નથી. જ્યારે સાત વર્ષની વાત પર કહેવાતા ઉત્કૃષ્ટ યુરોપખંડના સકળ પ્રદેશોમાં ઑસ્ત્રિયાના ગાદી કુંવરનાં ખૂનને કારણે દારુણ પાદવાસ્થળીનો પ્રચંડ દાવાગ્નિ, શાંતિની સુંદર શય્યાપર સુતેલી સમગ્ર સૃષ્ટિને પાછલાં વર્ષોમાં ભસ્મિભૂત કરવા માટે, એક અણધારેલાં ભડકાં સમેત સળગી ઉઠ્યો, ત્યારે જે જે દેશો અને જે જે પ્રજાઓ સ્વદેશાભિમાની અને નૈસર્ગિક બાટો ધરાવવાને ભાગ્યવંત હતાં તેઓએ રંગભૂમિનાં રંગીન અને વિચિત્રવિચિત્ર વસ્ત્રોનો સત્વર પરિત્યાગ કરી રણભૂમિનાં સંગીન અને નિર્ભેદ્ય શસ્ત્રોથી પોતાનાં શરીર આચ્છાદિત કર્યાં! એ પ્રજાઓમાં સૌથી પ્રથમ અને સૌથી નિડર પ્રજા બેલ્જીઅમની હતી. આ નહાનાં પણ અતિ બહાદુર રાજ્ય ઉપર નિષ્ઠુર જર્મનોએ હજારોની સંખ્યામાં ઔચિંતો ધસારો કર્યો, સિતેર મૈલ દૂરથી લીજ અને નામુરાદિ દુર્જય ગણાતા કિલ્લાઓનો જોતજોતામાં ભયંકર હોવિત્ઝરોનાં રાક્ષસી પ્રહારોથી ચૂરેચૂરો કરી નાખ્યો, અને એવાં બીજાં અનેક અદ્ભુત યાંત્રિક પરાક્રમોથી દુનિયાના લોકોને માનદોષ્મમાં ગરકાવ કરી મૂકયાં, ત્યારે એની વસ્તુસ્થિતિમાં બેલ્જીઅમના બાગણી ઉપર ગણ્યાગાંઠ્યા નરવીરો ઉરચોક અને એમાં શી નવાઇ! પરંતુ જ્યારે દશેદિશાથી દુર્દૈવ અને દારિદ્રયના દુઃખદ દૈત્યો ડોળા ઘુરાટા કરતા ત્યારે વિલ્હેલ્મ સ્ટર્જન નામક એક આત્મભોગ આપનાર ભાટ તેઓમાંથી નીકળી આવ્યો જેણે તેઓને પુનઃ જીવસંચારણ કરી અને નવીન ઉત્સાહ આપી ઉન્નેજીત કીધા કેઃ—

"Dash forward, sons of Gaul!
Scatter the German lines,
Break thro' the Austrian phalanx:
Your fame in battle shines!

Woe to the German Legion!
Woe to the crown of pride!
Woe to the Austrian phalanx!
Your shame where shall you hide!
Humanity's high, sacred cause,
Upheld shall ever stand!
And Truth & Justice reign supreme,
Thro' every clime and land!

જેવી રીતે ઘાસના એક ભારામાં માત્ર એગ્નિની એકજ ચિંગારી પડતાં સઘળું ઘાસ ભડભડ બળી ઉઠે છે અને આસપાસની વસ્તુઓ પણ ધીમે ધીમે બળવા લાગે છે તેજ પ્રમાણે પૂર્વોકત કવિરત્નનાં શૂરાં વાકયાતુર્યથી બૅલ્જીઅમના સઘળા પ્રજાજનો સ્વદેશપ્રીતિનાં જોર જોશ અને જોમથી ધમધમી રહ્યા, તે એટલે સુધી કે સંખ્યાતિત શત્રુઓ તેમજ રૂધિરની વૃષ્ટિ કરતી તેમની અગણિત તોપો સામે તેઓએ ૧૭ દિવસ સુધી એવો અકથનીય અને જોરાવર ટકાવ રાખ્યો કે આવો બળિષ્ટ રિપુ પણ પોતાનું ધ્યેય સાધી શકયો નહિ, જેથી સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાંથી દેવ, દાનવો તેમજ મનુષ્યોએ બૅલ્જીઅનોની બહાદુરી માટે આફરીન! આફરીન! ના ઉદ્‌ગારો કાઢયા. તત્સંબંધે એક કચ્છી બારોટ કહી ગયો છે તે સર્વથા દરોબસ્ત છે કેઃ કીર્ત્તિના કામ બધાંથીજ થતાં નથીઃ ચામડાંમાં ચીરા પડે છે ત્યારેજ રાતો રકતસ્રાવ વહેવા માંડે છે—

જિનીં તિનીંતું નથીં એ, કિરત સંધા કમ્મ;
રાલું રત તદેં નિકરેં, જદેં ચિરાજેં ચમ્મ।

શહેનશાહો અને પૃથ્વીપતિઓ સૃષ્ટિના સાતે ખંડો સર કરી જગતમાં જે નામના મુકી જાય છે, પોતાની જાતિની કીર્ત્તિ જેવી રીતે ઉજ્જવળ કરી જાય છે, તેમજ તલવારીઓનાં સકાઓ ઉપર જે પ્રમાણે વખણાઇ જાય છે, એ સઘળાંનું મૂળ જો જોઇશું તો ભાટચારણો સિવાય અન્ય કોઇ નથી. અકબરે અને ચંદ્રગુપ્તે સમગ્ર ભારત-દેશમા પોતાના સુયશની ધજાપતાકા રોપી તેમાં, ઇરાનના ઝર્કસિસ તેમજ ડરાયસે દુનિયાની ધરીખરી પ્રજાઓને વર્ષો સુધી હચમચાવી તેમાં, સિકંદરે અપ્રાપ્ય અને અવચનીય જગદ્વિજય કીધો તેમાંઃ એ સઘળાં વૃત્તાંતોનાં બીજનું બારીક નિરીક્ષણ કરતાં બાટોતું ગુપ્ત અસ્તિત્વ પ્રકટ થાય છે! વિગ્રહ પ્રસંગે એઓ પોતાના પ્રભુઓની આગળ દિવ્યપ્રભુમિના દેવદુતો મુવાફેક નિરંતર તનથી, મનથી, ધનથી અને અંત કરણથી તેમની સેવાર્થે ખડા અને ખડા ઉભા રહે છે! એ વિષેનો ફારસી ઇતિહાસમાંથી એક દૃષ્ટાંત લઇએ. સુલ્તાન મહમુદ સબકતગીનના રાજ્ય અમલમાં તુર્કસ્તાનના "કબા" શહેરનો બેઘૂબીન તોગાનશાહ નામનો રાજા હતો જે મહમુદને ખંડણી આપતો હતો. તેનાં મરણ પછી તેના છોકરાઓએ ખંડણી આપવી બંધ કીધી અને સુલ્તાનને કહેવાડયું કેઃ

મા પંજ બેરાદર અઝ કબાયીમ, દરિયા દેલો આફતાબ રાયીમ!
મા મુલ્કે અમી હમે ગીરફતીમ, અકનૂ બતદકકારે શુમાયીમ!
ગર ચશ્મે બકામે મા નગર્દદ, ચશ્મર ઝહમશ કરે કોશાયીમ!

ભાવાર્થ કેઃ કબા શહેરના અમો પાંચ ભાઇઓ દરીઆવનાં જેવા જીગરવાળા તેમજ સૂર્યના જેવું જ્યોતિમય બુદ્ધિચાતુર્ય ધરાવનાર છીએ! દુનિયાનાં ઘણા ખરા રાજ્યો અમે જીત્યાં છે અને હવે તમારું જીતવાનો પ્રયત્ન કરીએ છીએ! અમારી ઇચ્છાનુસાર જો ગગનનું ભ્રમણ નહી થશે તો તેનાં પૈડાંઓનો નિયમ અમે ઉલટાવી નાખશું!! આ મૂર્ખ અને અવિનિત છોકરાઓને ઘટિત શિક્ષા કરવા સુલતાને એક મોટું લશ્કર તૈયાર કરાવ્યું. અને રાજબારોટ ઉન્સરીને આ પત્રનો કંઇ પ્રત્યુત્તર આપવા જણાવતાં તેણે શત્રુઓને હિણું લગાડે એવી સતરી લખી આપી કેઃ—

નિમરોડ બચ્ચહદે પૂરે આઝર, મીગોઇત ખુદાએ મલક માયીમ।
જબ્બાર બનીમ પરશેહ ઉરા, ખૂણ દાદ સઝા ઓ મા ગવાયીમ।

અર્થાત્ આઝરના પુત્રના ચૈયામમાં નિમરોડે ગર્વાભિમાનથી કહ્યું; "હું મલકનો ખુદા છું!" પરવરદેગારે માત્ર એક નહાનાં મચ્છરથી તેને સજા કીધી, અને અમો તેના શાહેદ છીએ! આ યુક્તિયુક્ત કાવ્ય વાંચતા તેમજ સુલતાનના લશ્કર વિશે શ્રવણ કરતાં પાંચેય ભાઇઓનો મદ ઉતરી ગયો અને પોતાના ભાટ પાસે વિનંતિપૂર્વક લખી મોકલ્યું કેઃ—

મા પંજ બેરાદાર અઝ કબાયીમ, દર કહતો નેઆઝ મૂસતેલાયીમ।
શાહા! તૂ અઝીઝે મિસ્રે જૂદી, ઓ અખ્વાને ગૂનાહગાર માયીમ!
મારા કે બઝાગતીરત મેઝલ્લત, શર્મન્દેએ હઝરતે શુમા યીમ!
બર હાલતે ઝારે મા બે બખ્શાય, અઝ કૂઝએ કરમ કે બીનવાયીમ!

માને કબાના અમો પાંચ બધુઓ છીએ અને દરિદ્રતા અને તંગદસ્તીમાં સબડયે છીએ ઓ શાહ! તું ઔદાર્યના ઇછ્છતનો ગોવા જોસેફ છે, જ્યારે અમો તેના પતિત ભાઇઓ છીએ*! અમારી પાસે આપણ જેવું કંઇજ નથી અને તારી રહમમાં અમે લબ્બસ્પદ ઉભા છીએ! કૃપા કર અમો પર, અને તારી ઉદાર વૃત્તિથી અમારી દુઃખદ સ્થિતિ પર નેગાહ કર, કારણ અમે બિલ્કુલ અકિંચન છીએ! આ વાંચતાં શાહે તેઓનો વાંક માફ કરી લશ્કર ખેંચી લીધું, જે કંઇજ નહીં પણ તેના બારોટ ઉન્સરીની કાવ્યકૃતિનો પ્રતાપ હતો! ઇ. સ. ના ૧૨ મા સૈકામાં જ્યારે સેરેસેન લોકોએ ખ્રીસ્તીઓના ધર્મસ્થળ જેરૂસેલમનો કબજો લીધો ત્યારે તેઓ અને ખ્રીસ્તી લડવૈયાઓ વચ્ચ વર્ષો પર્યન્ત લડાઇ ચાલી જેમાં અનેક ચારણોની પણ હસ્તી જણાઇ છે. એ ભાટોએ ઘણા રણગીતો જોડયાં હતાં જે એશિઆ તેમજ યુરોપમા ઘેર ઘેર ગવાતાં અને વખણાતા! એવાં ગીતોમાંનું એક "Malbrouk" નામનું છે જે ફ્રેન્ચના સમયમાં વિખ્યાતિ પામ્યું હતું. મોં. ડશાટોબ્રીયાના જણાવવા પ્રમાણે એ ગીતની

* યુસુફ (Joseph) એ જેકબનો પુત્ર હતો. એનો એક સગો ભાઇ બેન્જામિન નામે હતો અને દશ સાવકાભાંઇઓ હતા. તેનો પિતા તેને બીજા ભાઇઓ કરતાં વધુ ચાહતો હોવાથી તેઓ એના અદેખા બન્યા અને એક જોઇ એને એક ખાડીમાં ફેંકી દીધો, જ્યાંથી એક કારવાનના મુખીએ તેનો છુટકો કર્યો. અનેક વિપત્તિઓ સહન કરતાં છેવટે એ ઇજીપ્તનો બાદશાહ થયો. છેવટે એના ભાંઇઓએ પણ એની સારી સ્થિતિ જોઇ એની માફી માગી અને એણે ઉદાર દિલે તેઓને ક્ષમા આપી. યુસુફ અને ઝુલયખાનો કિસ્સો તો ઘણાઓને માલુમ હશે.

તેની અયોગ્ય વર્તણુક જોઇ તેના બારોટ શ્રી કવિ તેને માર્મિક વચનો કહ્યાં કે: "પ્રજાને પીડવામા શૂરાતન સમાયુ તથી: રાજા સાથે લડાઇ કરો!" આથી બંન્ને લશ્કરો વચ્ચે તુમુલ યુદ્ધ થયું અને અનેક ગામડા ભસ્મ થતાં બચી ગયાં! અબદુલ્લા ખાન ઉઝબેગે એકવાર મહાન યોદ્ધા રૂસ્તમની કબરની મુલાકાત લીધી. તેણે પોતે સ્વહસ્ત કરેલા મુસદ્દા માટે ગર્વ પ્રદર્શિત કરી તે કબરને સંબોધી કહ્યું:

સર અજ ખાક બરદારો ધરાં બેખી!
બ કામે દલીરાને તૂરાં બેખી!

"તારે માથું ઉઠાવ ખાકમાંથી અને ધરાન તરફ દ્રષ્ટિ કર! જો કે હાલ તે તૂરાની નરવીરોના સ્વાધીનમાં છે!" આ અભિમાનયુકત વેણોનું શ્રવણ કરતાં ઉઝબેગની સાથે આવેલો તેનો વડો વઝીર–કે જે પણ એક વીર અને શુરવીરો શાયર હતો—તેણે શાહને કહ્યું: "હું જાણું છું કે રૂસ્તમ જો જીવતો હોત તો આનો શુ પ્રત્યુત્તર દેત!" "તે શું કહેત?" એમ શાહે પૂછતા તે શૂરા કવિએ સમયાનુસાર બયત ગાઇ કે.—

ચૂ બીશહ તહી માનદ અજ નરેહ શીર,
શગાવા બ બીશહ દર આયદ દલીર!

"જ્યારે જંગલમાથી સિંહો જતા રહે છે ત્યારે તેઓનું સ્થાન લોકડીઓ બેદહસ્ત લે છે!" આ ચાતુરીયુકત વાકપ્રહારથી અબ્દુલ્લા ખાનના અંતઃકરણપર કેવી અસર થઇ હશે તેની કલ્પના કરવી દુર્ઘટ નથી! સ્કૉટીશ બારોટોના જણાવવા મુજબ મૅકડોનલ્ડનું પ્રાબલ્ય તે દેશમાં વીરતા તેમજ પુરાતનપણા માટે પ્રખ્યાતિ પામ્યું હતું. ઇ. સ. ૧૪૩૧ માં ડૉનલ્ડ બૅલૉક નામક ઉકત કુટુંબના એક બહાદુર વંશજે ઇગ્લેનાં એક પ્રગણાં નામે લૉકિબરપર સ્વારી કરી, શત્રુઓએ પણ અર્લ ઑફ કેથનેસની સરદારી નીચે ડૉનલ્ડ કરતાં બેધુ જોરાવર સૈન્ય મેળું કરી તેને ઇન્વરલૉકી ખાતે લડાઇ આપી, પરંતુ એમાં ઇગ્લેનોનો તદ્દન પરાભવ થયો. એ યુદ્ધ માટે એક સ્કૉચ ભાટે ગેલીક ભાષામાં જયગીત ગાયું છે કે:—

"Piobaireachd Dhonuil Dhuidh, Piobaireachd Dhonuil!
Piobaireachd Dhonuil Dhuidh, Piobaireachd Dhonuil!
Piobaireachd Dhonuil Dhuidh, Piobaireachd Dhonuil!
Piob agus bratach air faiche Inverlochi!"

કવિવર બિહારીલાલ જયપુરના મહારાજ જયસિંહની દરબારનું ભૂષણ હતો, એની સતસાઇ અદ્યાપિપર્યંત વખણાય છે. એની સતસાઇમાં એકંદર ૭૧૯ દોહરા છે: પ્રત્યેક દોહરો આ કવિની ઉચ્ચ કવિત્વ ચમત્કૃતિના આદર્શરૂપ છે, જેની કિમત એક અશ્રફી તેને મળતી હતી! એક વાર જયસિંહ પોતાની નાની રાણીના પ્રેમમાં ઓટલો અતુરકત થઇ ગયો હતો. કે રાજ્યકાર્યો પણ વિસારી મેલ્યા હતા જેથી દરબારીઓનાં મન વ્યાકુળ થઇ ગયાં! આથી બિહારીલાલે નીચલો દોહરો લખી રાજા પાસે મોકલ્યો:—

નહિં પરાગ નહિં મધુર મધુ, નહિં વિકાસ યહી કાલ;
અલી કલી હી મે બિંધ્યો, આગે કવન હવાલ!

એની ચમત્કારી અસર થઇ અને ત્યારપછી બિહારીનું સન્માન દરબારમાં પ્રતિદિન વધતુંજ રહ્યું! કૃષ્ણગઢનો નરપતિ સાવંતસિંહ લકબે નાગરીદાસ જાતનો રાઠોડ ક્ષત્રિય હતો અને અનન્ય બારોટ પણ હતો. પાછળવયથીજ એનાં શૂરાતનનાં ચિન્હો પ્રત્યક્ષ જણાવા લાગ્યાં હતાં: દશ વર્ષની અવસ્થામાં એણે એક મદોન્મત્ત હાથીને જેર કર્યો હતો અને તેર વર્ષનું વય થતાં બૂંદીના રાવ જેતસિંહનો સમરાંગણમાં વધ કર્યો હતો: બીસની ઉમરે પૂગતાં એણે એકલે હાથે એક મસ્ત સિંહને માર્યો હતો! સંવત્ ૧૮૧૪ માં કુટુંબી કલેશને કારણે એણે રાજપાટ છોડી વૃંદાવનમાં નિવાસ કર્યો અને ૧૮૨૧ માં ત્યાંજ સ્વર્ગસ્થ થયો. એ વલ્લભ સંપ્રદાયનો હતો: વીર તેમજ ભક્તિપૂર્ણ કાવ્યોની એણે મુખ્યત્વે રચના કરી હતી. બારોટ બુદ્ધિસેન પન્નાનરેશની દરબારનો પ્રતિભાશાળી કવીન્દ્ર હતો અને રાજની એની ઉપર સારી કૃપા હતી. એકવાર એણે સુભાન નામક એક વેશ્યા સાથે સંબંધ કર્યાથી એને દરબારમાંથી ૭ માસ દૂર કરવામાં આવ્યો જે દરમ્યાન તે વેશ્યાના વિરહમાં એણે "વિરહવારીશ" નામક ઉત્તમ ગ્રંથ રચ્યો. ૭ માસ પૂર્ણ થતાં તે પુનઃ પન્નાદરબારમાં ગયો અને પૂર્વોક્ત પુસ્તક રાજને સંભળાવ્યું જેથી પ્રસન્ન થઇ કંઇ વર માગવાનું કહેતાં બારોટે કહ્યું: "સુભાન અલ્લાહ!" જેથી તે સુભાન વેશ્યા એને સમર્પિત કરવામાં આવી! કવિ બનવારી મુગલ શાહ શાહજેહાનની રાજસભાનો ચારણ હતો. એકવાર બરદરબારમાં અમીર સલ્લાતખાને રજપૂત રાજા અમરસિંહને "ગમાર" કહી તેની અવજ્ઞા કરવાથી તે રજપૂતે તરવાર કાઢી તે મ્લેચ્છને તત્કાલ ત્યાંનો ત્યાંજ ઠાર માર્યો! આથી બનવારીનું હિંદુ લોહી ઉકળી આવ્યું અને તેણે ગાયું કેઃ

ધન્ય અમર છિતિ છત્રપતિ, અમર નિહારો માનઃ
શાહજહાંકી ગોદમેં, હત્યો સલાબત ખાન!
ઉત ગંકાર મુખતે કઢી, ધત નિકસી જમધારઃ
"વાર" કહન પાયો નહિ, કીન્હો જમઘર પાર!

સઘળા પ્રસંગોમાં સામાન્ય એવો રીવાજ હતો કે વિગ્રહ દરમ્યાન કોઇ પણ પક્ષના ભાટને મારવો નહિ! રિપુઓનું આખું દળ વિજયાધિન થાય છતાં પણ શરાતનની એક સંજ્ઞા તરીકે બારોટોને કિંચિત પણ હાનિ પહોંચાડવા દેવામાં આવતી નહી એ કંઇજ નહી પણ સડયક યુગોમાં સર્વત્ર ભાટચારણો કેટલું માન ધરાવતા હતા તે દર્શાવે છે! ઇ. સ. ૧૭૯૭ માં એડીનબરો શહેર પર શત્રુઓનો હલ્લો આવવાની અફવા સાંભળી એક દેશપ્રેમી ભાટે એક સર્વોત્તમ રણગીત જોડી મહોલ્લાઓમાં ગાયું જેના પ્રતાપથી ૩૦૦૦ લડાયક સ્વયંસેવકો શહેરના રક્ષણાર્થે ઉભા થયા. આ લોક પાછળથી "Right Troop of the Royal Midlothian Light Cavelry" કહેવાયા, ઉકત રણગીતનો ઉદ્દેશ નીચલી લીટીઓથી જણાશેઃ

"To horse! To horse! the sables gleam,
the bugle call;

Our word is *Law and Liberty* !—
March, forward one and all !"

સીખ ગુરુ ગોવિંદસિંહ માટે કહેવાય છે કે તે જેટલો ધર્મનિષ્ઠ હતો તેટલોજ વીર અને લડાયક હતો. એના સમયમાં સીખ પ્રજા ઉપર મોગલ સત્તાધિકારીઓનો અસહ્ય ત્રાસ હતો અને ઘણા સીખ ગુરુઓને મોગલોએ શુળીએ ચઢાવ્યા હતા, પરંતુ પંદર વર્ષનો યુવાન ગોવિંદ જ્યારથી તેઓનાં ગુરુપદે આવ્યો ત્યારથી એણે પોતાના લડાયક કાવ્યોદ્વારા સીખોને પોતાનું તેજ પાઈ પાઇને એવી રણવીર પ્રજા બનાવી કે એ વૈકુંઠવાસી થયો તે પહેલાં સીખ પ્રજાની હાક ઉત્તર હિંદમાં હામેહામ વાગતી થઈ એટલુંજ નહીં પણ તેઓએ પોતાના બાહુબળના પ્રભાવે અને ગુરુની પ્રસાદીથી મોગલ સામ્રાજ્યના પાયાને જડમુળથી એવા ધ્રુજારી મૂકયા કે તે પુનઃ જીવપ્રદાન કરી શકયું નહીં। એ કાળજીજ સીખો પોતાનાં આંતરિક વ્યક્તિતત્વને પીછાણતા થયા, અને ક્રમે ક્રમે તેઓ સંખ્યામાં તેમજ ઝનુનમાં એટલા વધતા ગયા કે ૧૮ મી સદીની અધવચ્ચે બ્રિટીશો સાથે તેઓને અથડામણ થઈ: અનેક લડાઇઓ થઈ જેમાં સીખોએ પોતાનું પાણી એવું બતાવી આપ્યું કે વિદેશી પ્રજાઓને પણ ધન્યવાદ આપ્યા વિના ચાલ્યું નહીં ! છેવટે સુલેહ થવા પછી ૧૮૫૭ ના મહા ભયંકર બળવા વખતે સીખ પ્રજાએ અડગ નિમકહલાલી બતાવી બળવાને શમાવી દેવામાં આગેવાન ભાગ લીધો, તેમજ છેલ્લા યુરોપી મહાવિગ્રહમાં પણ હિંદભૂમિ તરફથી ભાગ લઈ તેઓએ પોતાના મારા વચ્ચે એવાં બહાદૂરીનાં કાર્યો કર્યાં કે જેથી પાશ્ચિમાત્ય પ્રજાઓ વિસ્મય પામી રહી. એવી પ્રજાનો વીર ઉત્પાદક ગુરુ ગોવિંદસિંહ હતો. એનાં મરણ માટે એવી કથા છે કે એક અર્ધરાત્રે જ્યારે તે નિદ્રાવશ થયો હતો ત્યારે બતાઉલ્લાહ તેમજ ગૂલખાં નામક બે પઠાણ ભાઇઓએ એની ઉપર હુમલો કરી તરવાર વતી એને જખ્મ કર્યો, કારણ કે એઓના બાપને એણે દ્વંદ્વયુદ્ધમાં યમલોક પહોંચાડી દીધો હતો ! તરવારનો અચાનક પ્રહાર થતાં ગોવિંદ જાગી ઉઠયો અને જો કે એને ઘા કારી લાગ્યો હતો છતાં પોતાની શમશેરથી ગૂલખાંને એણે એક એવો ઝબૂન ફટકો માર્યો કે ખાંના બે ટુકડા થઈ ગયા, અને પોતે પણ જખ્મ થયેલો હોવાથી થોડાવારમાં રામશરણ થઈ ગયો ! ધન્ય હોજો એવા વીર નરોને ! એ સંસ્કૃત તેમજ ફારસીનો પ્રખર વિદ્વાન હતો અને અનેક કાવ્યમય ગ્રંથો રચ્યા હતા. "ઐતરેય બ્રાહ્મણ"માં ભરતરાજાનાં યશોગાન ગાતાં સંસ્કૃત ખારોટ કહે છેઃ

हिरण्येन परिवृतान् कृष्णाञ्छुङ्गिदतो मृगान् ।
मण्डारे भरतोऽददाच्छंत यद्वानि सप्तय ॥
भरतस्यैष दौष्यन्ते रणिसाचो गुणोचितः ।
यस्मिन्त्सहस्रं ब्राह्मणा बहूशो गाविभोजिरे ॥
अष्टासप्ततिं भरतो दौष्यन्तिर्यमुनामनु ।
गङ्गायां वृत्रघ्नेऽवघ्नात् पञ्च पञ्चाशतं हयान् ॥
त्रयस्त्रिंशच्छतं राजा अश्वान् वध्राम मेध्यान् ।
दौष्यन्तिर त्यगाद्राज्ञो मायां मायवत्तरः ॥
महाकर्म भरतस्य न पूर्वे नापरे जनाः ।
दिवं मर्त्य इव हस्ताभ्यां नौदाप्तः पञ्च मानवाः ॥

અર્વાત મધ્યાર નામક પ્રદેશમાં ભરતે સુવર્ણ મયી આભુષણોથી સજ્જિત સો હાથીઓનું દાન દીધું. સાવીરીસુખાતે દુષ્મન્તના પુત્ર ભરતે અગ્નિચયન કર્યું, અને ત્યાં આવેલા એક હજાર બ્રાહ્મણને પ્રત્યાદીઠ એક એક ગાયની બક્ષેશ કીધી, તેણે યમુના તીરે ૬૮ અને ગંગાકિનારે વૃત્રઘ્ન નામક સ્થાનપર પપ અશ્વમેધ યજ્ઞ કર્યા. એ પ્રમાણે ૧૩૩ યજ્ઞ કરવાથી દુષ્મન્તના પુત્ર ભરતે ઋતુરાજની માયાને જીતી લીધી. ભરતનાં આ મહત્કર્મની બરાબરી તેની પહેલાંના કે પાછળના કોઇ પણ રાજા કરી શકયા નહી. જે પ્રમાણે આદમી સ્વર્ગને હાથથી સ્પર્શ કરી શકતો નથી તેમ ગન્ધર્વ, પિતર, દેવ, અસુર, અને નિષાદ એ પાંચમાંથી કોઇપણ ભરતનાં કર્મોને પહોંચી શકયુ નથી ! આ પ્રમાણે જોતાં જણાય છે કે માટની હસ્તી દરેક પ્રજામાં અને પ્રત્યેક દેશમાં બહુ અનાદિ કાળથી દૃષ્યમાન થાય છે. હિંદના સંસ્કૃત વીરરસ કાવ્યોમાં સૌથી પુરાણાં વાલ્મિકિનું "રામાયણ" અને વ્યાસનું "મહાભારત" ગણી શકાય, જ્યારે હિંદીમાં "પૃથ્વીરાજ રાસો" જૂનું કહી શકાય. ઇંગ્લંડમાં ઇસુ ખ્રીસ્તનાં પાંચમાં સૈકાથી ભાટોની હસ્તી જણાય છે, અને જૂનામાં જૂનો તેઓનાં કાવ્યોનો એક હસ્તલેખ નામે "Psaltor of Cashol" છે જે ફ્રાંસના મૅકુલીનન નામે ફ્રેંચ શહેરના એક બીશપે ૯ મી સદીમાં લખેલો ધારવામાં આવે છે ! જર્મનોનું સૌથી પ્રાચીન રણગીત "Bardlit" ને નામે જણાયલું છે. ફ્રેંચ રેવોલ્યુશનવેળા ફ્રાંસમાં બે પ્રજાકીય ગાયનો શહરત પામ્યાં હતાં: માર્સાયે અને શાં દુ ડેપાર. બીજું ગીતનો લેખક મો. જે. શેન્યે હતો જેણે ફ્રાંસના તોફાની ટોળાંએ જ્યારે ૧૧ મી જુન ૧૭૯૪ ને દિને બાસ્ટાઇલનો કિલ્લો લીધો ત્યારે એક મેજબાની વેળાએ પહેલવહેલું ગાયું હતું અને એ પણ પ્રજાગીત ગણાયું. એની એક કડી નીચે પ્રમાણે છે:

"*La republique nous appelle,*
Sachons vaincre ou sachons perir;
Un Francais doit vivre pour elle,
Pour elle un Francais doit mourir !"

"રીપબ્લીક આપણને બોલાવે છે: બસ જીતવું કે મરવું ! ફ્રાંસને ગારેજ ફ્રેંચમેન જીવે છે, માટે તેણીનો આદેશ થતાં તેણે મરવું જ જોઇએ !" આ પછી ફ્રાંસમાં "Carmagnole." "Cairo" આદિ બીજાં એવાંજ ગીતો રચવામાં આવ્યાં હતાં. સાત વર્ષ સુધી સેલ્જુક તોકોએ જેરૂસેલમનો કબજો લીધો અને સાતેવાર યુરોપના રાજપતિઓને ધર્મયુધ્ધ કરવા ઉશ્કેરનાર ટુબેડોર ભાટો હતા. સૌથી છેલ્લો ટ્રુબેડોર ભાટ ગેસ્કનીનો જાક જૅસ્મીન થઇ ગયો છે. શાયર અસ્જદી મર્વ શહેરનો હતો અને ગઝનીના સુલ્તાન યમીનુદ્દૌલ્લાહ મહમ્મદે સબકતગીનનો રાજબારોટ હતો. જ્યારે શાહે સોમનાથપર સ્વારી કરી લૂટ ચલાવી હિંદુઓને તદ્દન શોકિતહિન કરી નાખ્યા ત્યારે અસ્જદીએ તેના માનમાં એક "કસીદો" લખ્યો હતો જેમાંથી કહે:—

"ચૂં શાહે ગોરેઝમીન સફરે મુમનાત કર્દ,

પાને–જ્યારે તિક્ષ્ણ નજરના બાદશાહે સોમનાથની સફર કીધી ત્યારે પોતાનાં કાર્યોને ચમત્કારોના એક વાવટા જેવાં કર્યાં ! એ પ્રમાણે ધરાધિપોને વખાણવાનું તેમજ વખોડવાનું કર્તવ્ય ભાટોનું છે: પ્રજાઓને વિકારી સુષુપ્તિમાંથી જાગૃત કરવાનું કામ ભાટોનું છે: ઇતિહાસની જાળવણી કરવાનું અને વીર કૃત્યોને સનાતન બનાવવાનું કાર્ય ભાટોનું છે. એક હિંદી ભાટ પોતાનાં ચારિત્રનો સાક્ષાત્કાર કરાવતાં જણાવે છે કેઃ

કહૈ સિપાઇ હમ ઉન રજપૂતન કે,
દાન જંગ જૂરે જો ન ફિરે સાન મૂરકે!
નીતિ હૂ કે દેનહારે, મહી મંડિપાલન કો,
નેહી હૈં ઉનીકે જો હૈં સ્નેહી સાચે ઉરકે!
ગુની કે ગુલામ હમ બેરી બેવકૂફન કે,
જાલમ જમાદ હૈં અદનિયા સસૂરકે!
ચોજનકે ચોર રસ ભોજનકે પાદશાહ,
ઠાકુર કહત હમ ચાકર ચતૂરકે!

(અપૂર્ણ.)

ફેશનેબલ બાનુઓ કાજે ફાંકડું પ્રદરશન.

ફાઇન આર્ટ નીડલવર્ક ડીપાર્ટમેન્ટ

અલબેલી મુંબઇ નગરીની તમામ ફેશનેબલ બાનુઓ અને ભારતની અનેક રાણીઓમાં બેહદ પંકાયલું બાતું.

ઝીક કસબ, રેશમ, સીકવન્સ, જાલી તથા બારીના કામમાં બીનહરીફ છે. અમારાં બાતાંમાંથી ભરાયલી સાડીઓ, અને બ્લાઉઝોનું ઉમદા કામ, તેની મનખુશ કરનારી ઓરીજીનલ ડીઝાઇનો એક બાસ સ્પેશીયાલીટી છે. બીજાઓ અમારી ડીઝાઇનોની નકલ કરવાની ફોકટની કોશેશ કરે છે એજ હુમારા ઉત્તમ કામની સાબેતી છે. અમારા ભાવો અમારી નાદર કારીગીરી તરફ જોતાં કીફાયત છે. અમારા બાતાંમાં થયલું ભરત કામ નીચલાં ઠેકાણા સીવાય બીજા કોઇની દુકાને મલશે નહીં.

સ્વદેશી બાત્તી ઉપર બહુજ ઉમદા ભરતકામ કરી આપવામાં આવે છે. જોવાથી ખાત્રી થશે. નમુનાઓ તયાર છે.

ધનબાઈ ફરદુનજી બનાજી,

ના૦ ૫; આલનામોંટ રોડ, ખંભાલા હીલ, મુંબઇ.

WHY LOOK
"OLD?"
Persian
Hair Dye
RESTORES
"GREY HAIR"
To be had from the Army and Navy
Kemps Phillips Thomson and Tay-
lor Leach and Woborny Teacher
and also from all known Chemist
& Druggists SOLE AGENTS
HORMUSJI DOSABHOY & Co
BOMBAY NO 4 TEL NO 511

મુંબઈમાં આજે ઘેર ઘેર અને ઓફીસે ઓફીસ

ગાજે નામ ઘરગતું થઈ—પડયું છે.

ધી ડાયમંડ જુબીલી વોશીંગ કું૦.

હમમ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ.

જરીના, અને કસબના કપડાં ધોવામાં આજે વરસો થયાં અમારો અનુભવ છે, હિંદુસ્તાનમાં આ એકજ ખાતું છે જે લુગડાં ધોવામાં, સફાઇમાં, અને નવા જેવા બનાવવામાં એકે અવાજે વખણાય છે.

ટ્રાય કરવા ભલામણ છે.

એક સટ અથવા જરીના ઝબલો, સાડી દુપટો કે પાઘડી ધોવડાવી ખાત્રી કરશો.

આ "નવરંગ માસિક બજારગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ મધે આવેલા "નવરંગ પ્રીન્ટીંગ પ્રેસ" માં તેના માલેક અને અધીપતી અરદેશર બરજોરજી દેશાઇએ છાપ્યું છે અને ત્યાંથીજ પ્રગટ કર્યું છે.

નવરંગ

પુસ્તક ૮ મ ઑગષ્ટ, ૧૯૦૩ અંક ૧૮ મો.

ડ્યુક એન્ડ સન્સ.

સોડાવાટર બનાવનારાઓ.

માલેક.

જમશેદજી ભીખાજી પંથકી.

નં. ૩૧–૩૩, બ્રીટીશ હૉટલ લેન,

એપોલો સ્ટીટ,

ફોર્ટ મુંબઇ

નકકલ માટે સાવચેત રહો !

ડેંગરેનું

બાલામૃત

મધુર હોવાથી
છોકરાંઓ ખુશીથી પીએ છે.
અને આ પીવાથી
છોકરાંઓની તાકાદ વધી
તેઓ રૂષ્ટપુષ્ટ થાય છે.

શીશીની કીં. ૧૪ આના. ટ. ખ. ૬ આના.

કે. ટી. ડેંગરેની કં૦,
ગીરગામ–મુંબઇ.

નકકલ માટે સાવચેત રહો !

બાનુઓની માનીતી દુકાન, બાનુઓના મનના સુખનું સાધન.
ભરતકામ અને ગુંથણકામ છે.

યાદમજી નુરભાઈ કું૦.

નાં૦ ૩૪૬ ઉનવાલા બીલ્ડીંગ,
ગ્રાંટરોડ, મુંબઇ નં૦ ૭.

વડોદરા રાજ્યના માજી ચીફ મેડીકલ ઓફીસર ખાનબહાદુર ડૉ. કાદર શમશુદ્દીન જે. સુલેમાની આલેખની ચમત્કારીક શોધ પ્રમાણે

બનાવેલી દેશી દવાઓ.

એક અદ્વિતીય અને નહાન શોધ

કેન્સરકટાઈન

એટલે વાઢ કાપ કર્યા વગર અને આખમા દવા નાખ્યા વગર

કાચો મોતિયો મટાડનાર દવા

કાનોના આજુ બાજુ અને ગરદન ઉપર દરરોજ થેડા ટીપા ચોળવાથી પદર દીવસમા ચાડો ફાયદો જણાય છે અને લગભગ નણ માસમા આખમાનો મેતિયો મટી જાય છે આ દવાથી આખમાની બીલ કપાઇ જાય છે વધુ હકિકત નીચે ।। ઠેકાણેથી મળીને અથવ લખીને મેળવો

બે ઔંસની શીશીની કી રૂ. ૨)

(રજીસ્ટર્ડ) # મુંદ્રમેલ (રજીસ્ટર્ડ)

આ દવા (૧) ધામાથી વહેતુ લોહી તરત બધ કરે છે (૨) ધાને પાકવા નથી દેતી અને ઝટ રૂઝવે છે. (૩) દાઝેલાને આરામ આપે છે (૪) દાદર અને ગડગુમડાને બેસાડી દે છે (૫) ખુજલી, ખસ વગેરને મટાડે છે (૬) બીનને જડમાથી ઉખાડી દે છે (૭) મોચ અને ઠેકરના દરદને દુર કરે છે (૮) મોજાને ઉતારી પાડે છે (૯) ચંપીવાને નાબુદ કરે છે (૧૦) દાત, દાઢ તથા મનના દરદને ઝડપથી સારા કરે છે (૧૧) ચામડીના ચેપી રોગે ચાદા ચાદીમાથી દરદીને મુક્ત કરે છે (૧૨) ઘોડાની બળદની આંધ અને કુતરાનાં ઘા ચમત્કારીક રીતે સારા કરે છે.

બે આંઉસની શીશીની કીમત રૂ. ૩।।=

મોટા કારખાનાઓ તથા હસ્પીતાલો માટે પચીસ ઔસની બાટલી રૂ ૭

સઘળા દવા વેચનારાઓને ત્યાંથી મળશે.

ઠેકાણું:—મુંદ્રમેલ ડેપો.

ન. ૩૧૬, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, કાઝર્ડ માર્કેટ નજીક રંગારી મોહલ્લા,

મુંબઈ નં. ૩.

બહારગામના ઓડરો સંભાળપુર્વક પેક કરી વેલ્યુપેમનથી મોકલવામા આવે છે

ડા૦ વામન ગોપાળનું

આયોડાઈઝ્ડ

સાર્સા પરિલા.

સાર્સાપરિલા આજ સાઠ વર્ષથી પ્રખ્યાત અને લાખો દરદી-ઓએ એનો ઉપયોગ કરી પોતાની નીરાશા દુર કરી છે.

સોહી એ મનુષ્ય જીવન છે. તે બગડયું હોય-તો અનેક રોગ ઉત્પન થાય છે માટે તે સુધા-રવા દરેક માણુસને કાળજી લેવી જોઇએ, તેને માટે આ સાર્સાપરિલા વીના બીજી એક પણ દવા લેવાની જરૂર નથી. વળી આ દવા પીવાથી ઉપદંસ એટલે ગરમી અને તેના વડે થતા રોગો—તેમજ લકવા, સંધીવા, ચામડીપર ઝળા ડાધા પડવા, આંગનું સુજી આવવુ, શરીરમાં બળતરા થવી, શરીરની ઉપર દેવી સરખા ફોલ્લા થઇ આવવા વીગેરે વીકારો ઉપર આ દવા અકસીર ય સુકી છે.

શીશી ૧ નો રૂ. ૧॥ ચાર શીશી

પીવાથી સારો ગુણ આવે છે પો. જુદું. ચાર શીશી એકદમ મંગાવનારને ખર્ચ સહીત રૂ. ૪-૧૩-૦ પડશે.

સુરત ઝોન્ટ—મી૦ મકુભાઇ પાનાચંદ સરાય ૨૦—મુરાનપુર ભાગળ.

અમદાવાદ ઝોન્ટ—ગોકળદાસ મોતીચંદ પારેખી મળશે અમદાવાદ ઘાંચીની પોળ.

ડો. ગૌતમરાવ કેશવ એંડ સન ઠાકુરદ્વાર-મુંબઇ.

નવરંગ.

વાંચવાલાયક વાર્તાઓ ને વિષયોથી ભરપુર માસિક.

માલેક અને અધિપતિ—અરદેશર ખરશેદજી દેશાઇ.

ઑફિસ—૨૩૭, ખજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

વાર્ષિક લવાજમ હિન્દુસ્તાનમાં ૩. ૪. છુટક નકલ ૮ આના.

" " પ્રદેશમાં ૩. ૫.

૯ માં સાલના ગ્રાહકોને મી૦ કાબરાજીની 'સંસાર'ની વારતાનું પુસ્તક ભેટ.

પુસ્તક ૮ મું. ઑગસ્ટ, ૧૯૨૩. અંક ૧૨ મો.

અનુક્રમણિકા.

જરા વાંચશોજી.	અધીપતી.
તુફાન પંખીની શાંતી. (ટુંકી વાર્તા)	સોરાબ બી. તાતા.
સનમને ભાવથી વરીએ! (કવિતા)	"રસહીન."
પ્રજાકીય કેળવણી.	એક અભ્યાસી.
ખગવતી ખાસીનો ખઝાનો ખમરદાર છે. (કવિતા)	આદીલ.
જમીયા અને જલીમા (ટુંકી વાર્તા.)	દોરાબ બી. કટલી
ચર્પટ પંજરિકા સ્તોત્ર. કવિતા)	કવિ ભાઇશંકર વિ. પંડિત.
દુનિયાની તવારીખમા બાર સોકોએ બજવેલો અગત્યનો ભાગ.	J. M Hormusji
સંસારનો ફાસો. (ચાલુ વાર્તા)	દારાં કાપડયા.

તૈયાર છે

મી૦ દારાં કાપડીયાની એક ફાંકડી નવી નૉવેલ

એક લોહીના!

કીંમત રૂા. દોઢ પોસ્ટેજ જુદું.

"નવરંગ" પ્રીન્ટીંગ પ્રેસ, બજારગેટ, કોટ, મુંબઇ નં૦ ૧.

દર મહીને કેટલું ખરચશો ?



કેટલું બચાવશો ?

સેંત્રલ બેંક તરફનો ઉપલો નકસો ઘરસંસારમાં
તમોને ઉપયોગી થઈ પડશે.

———:o:———

તે પ્રમાણે તમારા ખરચો નીભાવી ખરાબ વખત માટે, દુઃખસુખના
દીવસો માટે નાણું સંધરવાની ટેવ પાડો અને તે નાણું

સેંત્રલ બેંક ઓફ ઈન્ડીયા

ના સેવીંગ બેંક ખાતામાં મુકો, કે જ્યાં તમારૂં
નાણું સચવાય અને તમોને બીજી સેવીંગ બેંકો
કરતાં વધુ વ્યાજ તથા લાભ મળે.

વધુ માટે લખો યા મળો.

(સોરાબ ન. પોંચખાનાવાલા,)
મેનેજીંગ ડીરેક્ટર.

નવરંગ.

પુસ્તક ૮ મું. ઑગસ્ટ, ૧૯૨૩. અંક ૧૨ મો.

જરા વાંચશોજી.

'નવરંગ' નો માસ ઑગષ્ટનો આ બારમો અંક 'નવરંગ'ના ચાલુ સાલનો છેવટનો અંક છે. આવતા માસમા, અમો આગળ જણાવી ચુકયા છીએ તેમ, 'નવરંગ' એક વધુ નવા વર્ષની શુભ શુરૂઆત કરશે, અને 'નવરંગ'ના એ નવા સ્વરૂપમાં નવમા સાલને ઉજવવા, તેમજ એજ હીંગામે પડતા અમારા હમદીન પારસી ભાઇઓના પતોના નવા સાલની ખુશ-બખ્તીમાં પણ સાથોસાથ ભાગ લેવાના ઇરાદાથી આવતા માસ સપ્ટેમ્બરનુ 'નવરંગ' લગભગ બેવડુ મોટું નીકળશે એમ જણાવતાં અમને આનંદ થાય છે. એ અમારા સાદા માદા પણ સંગીન ને ખરાં રસીલા મનોવેધક વાચનની ઉમદા મોજ પેટ પુરતી પુરી પાડનારા નોરોજી નંબર માટે ગુર્જર આલમમા સુવિખ્યાત એવા દરજનબંધ લેખકોએ પોતાની ઉમદા કૃતિઓ પુરી પાડી છે. પારસી, હિન્દુ અને મુસ્લિમ લેખકો અને તે પણ ખરેખરા લેખકો, યુનિવરસીટીના ડીગ્રીધારીઓ કે સરકારના ખેતાબોથી વિભુષીત એવા કામચલાઉ અને લક્ષ દેડેલા કે યશ બેડેલા લેખકો નહીં પણ આમ વર્ગના પોતાની કૃતિઓથી પ્રિય થઇ પડેલાં લેખક બહેનો અને ભાઇઓની કલમોથી લખાયલી વિવિધ પ્રસાદીઓ તેમા સમાવવામાં આવનાર છે, અને એ અંક અમારા મુલ્ય વાચકોને બરેખરી કીમતી મોજમજાનુ એક ઉમદા સાધન થઇ પડશે એ નિર્વિવાદ છે.

એ અંકથી અમારા પારસી વાંચકો માટે જે એક અતિ ધ્યાન ખેચનારૂ 'ફીચર' ચાલુ થનાર છે તે 'બરજોરનામુ' છે. પારસીઓની પુરાણી તવારીખ જગતની બીજી કોઇ પણ અદ્યતન પ્રજાઓ કરતાં જીયાદા કીર્તિવાળી અને હાથની કોઇ પણ પ્રજાને મગરૂર બનાવે તેમજ તેમને ઉમદા સબકો પુરા પાડે તેવી છે. એ 'બરજોરનામુ' વિર રસ, કરૂણા રસ, હાસ્ય રસ અને શૃંગાર રસનો એક સામટો બનેલો એક બરેખર વાંચવા વિચારવા ને તે ઉપર ગંભીરાઇપી મનન કરવા જોગ જમેલો છે અને તે ઓટલો તો જુરસાવાળો અને ઓટલો તો દિલ ઉશકેરનારા બનાવોથી ભરેલો છે કે તે વાચતાંજ ગોવા આપણા તનમા નવુજ લોહી, નવોજ જુરસો, નવીજ તેજી સપ્રરી રહે છે. કવિ આદીલે તેને અવતમાત્રીમા ફેરવતા તેનો અસલ રંગ અને જુરસો કાયમ રાખી પોતાની ઉમદા કવિત્વ શકિતથી કઇ એવો તો અવનવો રસ જમાવ્યો છે કે તેના હફતાઓ પછીના હફતાઓ એક સરખા બનકે ચાલુ વર્ષાજ જતા ઉત્થાહથી 'નવરંગ'ના તમામ વાંચક વર્ગમાં વધારો થવાને અમને કીંચીત સંદેહ નથી.

વળી નવી મોટી વારતા જે અમારી ખાસ પસંદગીની અમે લખાવી છે તેના જાણીતા લેખક ભાઇ 'ખુલખુલ' પણ તેટલાજ શુરૂ ઉપર ચઢયા છે અને એ મોટી દીલપઝીર વારતાના હપ્તાઓ પછીના હપ્તાઓ, વધતાં ઉમંગથી વંચાવાની અમારી તો ખાતરી છતાં પોતા તરફથી પણ અમને ખાતરીઓ પર ખાતરીઓ ને તે પર બી વળી ખાતરીઓ આપી અમને ઘણી ગમત આપે છે. એ વારતા અસલમાં છેજ એટલી રસીલી, જોરાવર અને દિલજહેલાવનારી કે તેની ફતેહ માટે અમને તો એકે શક નથી. "પાદરીની પુત્રી" એ નવી મોટી જંગી વારતાનું નામ છે અને તેમાં એક પાદરીની એક પૂત્રી પોતાની આત્મકથા કહી સંભળાવે છે. આ આત્મકથા દુનિયામાં ચાલતા પ્રપંચો, કાવાદાવાઓ, હરેક તરેહના છળકપટો અને નેકીના નેક અને બદીના મહાગંભીર પરિણામો ઘણી અસરકારક અને નસીહત ભરી એવી શૈલીમાં રજુ કરે છે. તેનો પહેલોજ હપ્તો વાંચકોને મોહમુગ્ધ કરી મુકે એટલો દિલકશ છે અને તે વિશે જાસ્તી અત્યારે કાંઇજ ન બોલતાં તે વાંચવાનીજ સીધ્ધી ભલામણ અમારા વાંચક વર્ગને કર્યે છીએ.

અમારી ફાંકડી નવી ભેટ છપાય છે. જાણીતા વાર્તાનવેશ બાઇ બહમનજી નવરોજજી કાબરાજીની લોકપસંદ કલમથી લખાયલી આ પારસી સંસારની મનહર વારતા 'સંસાર' અમારી છેલ્લી ભેટનેજ મુકાબલેતું એક દિલચસ્પ વૉલ્યુમ થવા જશે. 'નવરંગ'ના આવી નાદર ભેટો અમારા ખંધાદારી બાઇઓને દંગ કરી મેલનારીજ અત્યાર અગાઉની પૂરવાર થઇ છે અને અમારા કદરદાન ગ્રાહકોના તે દિલખુશ કરી મેલનારી અને તેઓની એકામતી પસંદગી પાત્ર નિવડી છે. અમો બાર મેલીને જાહેર કરવાની રજા લઇએ છીએ કે એ રૂડાં વાણા અમારાં ખરાં અને સંગીન વાંચણના પૂરેપૂરા દિલસોઝ અને કદરદાન ગ્રાહકોનાજ પ્રતાપે છે.

'સંસાર'—એ નવી ભેટની ચોપડી આ. માસની આખેરીમાં તૈયાર થઈ જશે અને તે તુરતજ 'નવરંગ'ના નવા તેમજ જુના ગ્રાહક મેહેરબાનો ઉપર વી. પી. પોસ્ટથી મોકલી આપી 'નવરંગ'ના નવા નવમા સાલનું લવાજમ સરેસ્તા મુજબ આંગ ઉપર વસુલ કરી લેવામાં આવશે. જે મેહેરબાન ગ્રાહકોને વી. પી. સામે કોઇપણ જાતનો વાંધો હોય તેઓએ મોટી મેહેરબાની કરી એ મુદત આગમચ મનીઓરડરથી કાંતો હાથોહાથ અમારી ઑફીસમાં આવી લવાજમો ભરી જવાં. તે અમને વિશેષ ગમશે. કેમકે, તેમ થવાથી, અમારી વી. પી. કરવાની વધારાની જંજાલ ને ખટપટ ટળશે. કૃપા કરી કોઇ પણ મેહેરબાનોએ વી. પી. રીફયુઝ કરવાની ધૃષ્ટતા બતાવવી નહીં. જો કોઇપણ પ્રકારનો વાંધો હોય તો તુરતજ અમો કને વી. પી. થોડા દિવસ થોભાવી, ખુલાસો મંગાવવો અથવા તો આ આખેરી આગમચ વી. પી. કયારે કરવું તે લખી જણાવવું.

કોઇપણ સબબસર નવા સાલ દરમ્યાન ગ્રાહક તરીકે નહીં રહેવા ઇચ્છનારાઓએ મેહેરબાની કરી આ વાંચતાં તુરતજ એક પોસ્ટ કાર્ડથી અમને તે મતલબની ખબર આપવી, આથી અમને નાહકના વી. પી. ના ખર્ચમાં જવું ન પડશે, અને વળી કશો પણ કકળાટ ઉત્પન્ન થવાનો સંભવ ન રહેશે.

ઉમીદ છે કે આ અમારી વારંવારની અરજ ઉપર, આ વેળા, દરેક તેવાઓ તરફથી લક્ષ દેવામાં આવશે.

—:o:—

તુફાન પછીની શાંતી.

લખનારઃ-સોરાબ બી. તાતા.

"તે બધું દીવાની જેત જેવું સાચું છે, એલીસ," નાસીપાસી અને નાઉમેદીનું દુઃખ ખાતો તે કમનશીબ જુવાન સાઇરીલ ગ્રેમીર બોલ્યો. "મારી કને એક પૅની નથી કે જેને હું પોતાની કહી શકું; ઓ! ગોયા બાવાની બાક પણ ફાજલ પાડી શકાતી નથી. મારા ગરીબ બીચારા વાહાલા પીતાના ગમખ્વાર મોતથી બબંકાર આફટના તોફાન સાથના વરસાદથી પાયામાલી આવી. ગ્રેમીર કાસલ હવે વધુવાર મારો રહયો નથી. હું જાનુંછ કે પેલા સંગદીલ કારતને અત્યાર આગમજનો તેનો કબજો લઇ લીધોય. પણ-પણ-જે તું-તું-મને મારી આવી સીઢા જડકાકારીની લાચારી વચેથી દીલાવર જનફેસાનીથી વાહાતીજ હોય—"

"બામોરશ! હું તમુનેજ વાહું છ, સાઇરીલ." તે નાઉમેદ જુવાનને અધુરે અટકાવી તેના નાસીપાસીથી ઉકલતાં દૈભાગને શાંત કરવા સધ્યારાના હેટવંતા શબ્દોથી તે મીઠી બંધુરી-એલીસ મેડોસ-વચે બોલી પડી. "વાહાલા, તમારી જરદાર માલેતુજાર સ્થિતિ વેળા મેં તમુને વાહી દેવ પાક પરવરના બાર તુમીક બોસતવારીથી બડી રેહેવાનો પવિત્ર કોલ આપ્યો, જે હાલના તમારી મુફલીસ બતંગ હાલટમાં હું કદી બી તોડવાની નહીંજ, ગમે તેવી તમારી લાચારી કે દુઃખ બાવટમાં હું તમારી પડખેજ સદા ઉભેલી છેઉ"

"બાફીન, ડારલીંગ," મધ્યારાનો લાબો દમ ખેંચી તે દુખી જુવાન બાભારનો હર્ષ ભર્યો ઉભરો કાઢી બોલ્યો, પોતાના શકને વશ કરવા તેણે તે દીલબટ રૂપસુંદરીનો કોમલ ગોરો હાથ પોતાના હાથમાં પકડયો અને પ્રીતના અસહય જુસ્સાથી તે ચુમ્યો, "ત્યારે તો હું કશીબી કર્યાદ કરતો નથીજ," તેણે જવાબ વાલ્યો, "માત્ર—માત્ર—"

"માત્ર શું, વાહાલા?" અધીરતાથી તે તારૂણીએ પુછયું.

"પેસો કારતન તુને માંગેછ," તેણે ઉડી ગમખ્વારીથી જવાબ કર્યો. "એ જરદાર પોર્યો તું ને હાથ કરશે ત્યા તુમીક નર્યાટ ઠોમવાનો નથીજ; તેની મારી બાત્રી છે. વલી એ લક્ષા પતિ છે, અને ગ્રેમોર કાસલ બેનોજ થયોછ, અને જ્યારે હું બડીથી જવશ ત્યારે તો બેજ કાસલમાં બે રાજ કરતો રાજ થશે અને—"

"તમે જાવોછ? કાંય? કાંહાં જબોછ?" તેણીના બવાજમાં ગોયા દુઃખનો રવર ભેલાએલો હતો.

"મારે જવુંજ જોઇએ, એલીસ વાહાલી. બા બોહોલી બવનિ સાથ લકર જલી કાંઇ બી રવેશે મારે નશીબ મેલવવું છ," સાઇરીલે ભવાં ચડાવી ઉત્તર વાળ્યો.

તેઓ વચ્ચે સ્મશાન જેવી શાંત ચુપકી કેટલીક વખત વ્યાપી રહી.

તે એક ચાહાવાજોગજ ચાતુરી હતી—આ દીલકશ એલીસ મેડોસ. તેણી જેનાથન મેડોસ નામના જરદાર સુરઝીગરની એકપુરી દીકરી હતી. ફીકકા ગુલાબી રંગસારો, ભરાવદાર દીલજીટ મુખડો અને જોબનમાં ખીલી નીકલેલું આકર્પીટ બદન સાથના તે તનોમન સુંદરી જોનારને બે ઘડી રાહાટ પમાડે એવી પરીસુરત હતી.

લાંબાં ઉનાળાના દીવસની આખેરીએ જમીનની સપાટી ઉપર ભયંકાર આકારો મુજબ્બ વળ લેતા ધૂમસના ગોટેગોટા મીસાલ તે મનોહર છોકરીનો સ્વરૂપમાન ચેહેરો હડાસી અને નામોશીનાં ધુમસથી ઘેરાઇ ગયો. તેનો વાહલો તેણીને છોડી જનો હતો. તો શી તે બીજું તે કરી બી શું શકે? આહા! તે બદભાગ્યાનો પીતા રાલ્ફ ગ્રેમોર જે કરજના માહાસાગરમાં માથોમાથ દુબી ખસ્તે ખુહારી અને મુફલેસીની સીહા લાચારીમાં આ જેહાંન સદાનો છોડી ન ગયો હોતે! તેણીની આંખો તે ફકત કુપ ખેતર આસપાસ દુર દીસતા ગ્રેમોર કાસલના ઉંચા દમામદાર મીનારા ઉપર તાબરતોબ ખેંચાઇ. આવા મેહલની રાજ કરતી રાણી અને સાહેબી કરતી શેહાણી થવાય! ઓ! એજ માહાભારટ લોભ તેણીને ધુબ્બવતો હતો.

મગર અફસોસ તેણીના તેવા લોભની નારસીપાસીભરી આખેરી આવી હતી, કાંયકે તે મેહેલ જેવો રોનકદાર કાસલ ભરનાર રાલ્ફ ગ્રેમોરના સર્વથી મોટા માંગનારને હસ્તક ગયો હતો. પોતાની ત્રણુંડે પેઢીઓના લખલૂટ ખર્ચથી થએલા ભારે કરજનો બોજ પોતાના દીકરાને માથે ન પડે એમ વિચારી રાલ્ફને તે બેકીમતી એસટેટ લાઇલાજ વેચી નાખવાની ફર્જ પડી, જે કાસલ તેની આસપાસની કેટલા એકરો સાથની જમીન સાથે જરદાર કારતને પોતાનાં કરજનાં પેટામાં લેઇ લીધી હતી.

જ્યારે રાલ્ફ હૈયાત હતો, અને તે વખતથીજ કારતન તે ગ્રેમોર કાસલનો ધણી થયો હતો, તેણે જબરાજબરીથી રાલ્ફની તદન ના મરજી સાથ તેની સાથ મીત્રાચારીનું સાહું જોડયું હતું, અને ત્યાં થાલું આવતાંજ ગ્રીન હોલોસ આગળ કારતને પોતાની અદેખી ચશ્મો પરીસુરત એલીસ મેડોશ ઉપર ઠેડવી હતી, અને કોઇ બી ચીજે કરતાં વિશેષ તે તનોમન સુંદરીને જીટવાને અને તેણીને પોતાનીજ કરવાનો અરમાન પોતાનાં જીગરમાં જલતી રાખ્યો હતો.

અભાગ્યો સાધરીલ પેલા જરદાર કારતન ઉપર બેવડો અદેખાઇના ધંગારથી જલવા લાગો. એકતો પોતાના બાપદાદાની અસલા મેહેલ જેવી મીલકટ કારતનના હાથમાં જઇ તે ધણી થયો; અને સાધરીલ બીલકુલ નિર્ધન થઇ પડયો હતો, અને તેની ચાહેલા દીલજીટ એલીસ ઉપર બા તે જનોનિસાર પ્યારની જોસભર દીલગીરીથી કારતન બી ચાહાતો હોવાથી તેનાં મનમાં અને જીગરમાં કારતન માટે કાંઇ બી ભલી લાગણી બરપા થઇ હતી નહીં, મગર તેણે, તે ખુબસુરત અબળાને લીધે, માલેતુજ્બર કારતનને હડહડતો શત્રુ માની લીધો.

સાધરીલે તે લાંબી ચુપકીદી પેહેલી તોડી.

"હા, મારે આ ગ્રીન હોલોઝ ગામડાંમાંથી જવુંજ પડશે," તે કાંઇ કરાજીથી બોલ્યો. "જેમ જલ્દી થાય તેમ બેહેતર. તારો પીતા મારી સાથ તુને જોવા કે બોલાવા વધુવાર ઇચ્છતો

કે દરકાર કરતો નથીજ. હું તેને બદનામ કરતો નથી. પણ જ્યારે મારી બતગ સ્થિતિ ચઢની થશે, મારી લાચારીનો આફતાબ પુર તેજમાં પાછો તેનાં મધ્યાનમા ટપશે, ત્યારે હું મારી સાચી મોહબતની દાવાદારી વાદાવતનાં બેસ સાથે તારી રૂબરૂ રજુ કરીશ અને, મારા સર્વથી વહાલી ડારલીંગ, હું પાક કીરતારને હાજર નાજર જાણી કસમ લેઉંછ કે તારો વિચાર કરતો હુ કદીબી બચે પડશ નહીં. કદીબી નહીં ! એક દફાકબી નહીં !"

તે ઠોબ્યો અને તેણીના રૂખસારો ઉપર ચુમીઓ લીધી, જે રૂખસારો માહાતાબની ઠંડી રોશ ની જેવા ઠંડા, ફીકકા અને સુવાળા હતા.

"આવ, ડીયર, એકવાર છેલ્લી તે કાસલ પર આપણે નજર ફેંકીયે," ખુશાલ બોબવાનો પ્રયત્ન કરતાં સાઇરીલ બોલ્યો, "કદાચ, એક દીવસ, નશીબ દેવી જો પોતાનું ચક્કર ફેરવી નાખશે તો, બધું છતાબી તે પાછો આપણોજ થશે,'

તેઓએ બેતરનો માર્ગ પુરો કરી તે બોટા મહેલ તરફ પોહોચ્યાં. સીતીલ રોરનાં ખુનખાર જંગલેળા તે કાસલના તે વેલાના બબલબ દોલત ધરાવતા તેના માલેક-બાને હાલના મુફલીસ સાઇરીલના એકાદ વડવા-ગોદફ્રાઇ ઓમોરે ઓલીવર ક્રોમવેલ સામે મજબુત ટક્કર ઝીની તે ટકાવી રાખ્યો, મગર આપંદ્રા ધણીજ જનુની જગ પેછી તેના બાપેક પાસથી તે પચાવ્યો હતો. તે ખુનખાર લડાઇની નીસાનીઓ, તે જગ્યાની બોડીપણી બાનાબરાની ઉપરથી પકટ જોવામાં આવતી હતી.

બંને વાહાલાંઓ તે કાસલ જોતાં ઉભા હતા, જેની પાછળથી માહાતાબ ગોબા બીગાડને જોતો ઉપર ચઢતો હતો, તેજ વેળા તેઓની પાછળથી પગલાનો, અવાજ સંભલાયો, અને દાબડાબાના બુટ મીસાલ એકાએક કારતન ત્યા ઉભો તે પળે બેમાંના એકનેબી તેણે જોવબ્યાં ન હોવાથી સંગદીલ ધાડા અવાજથી તકોસરીથી તે બોલ્યો. "તમુને બબર છે કે પરવાનગી વેગર અંદર ઘુસી બાબ્યાંછ ?' મગર કોણને આવા તુમાખી ટીકકાઓથી તે બોલતો હતો તે તે પછી જાણવા પામ્યાથી તેતી આખો મનોહર બેલીસને જોતા સમેટ પવીત લાગણીથી ઝકઝકી રેહી અને તેણે ઉમેર્યું. "મે તમુને મારા બાગમા બાવવા ઇજન કીધુ હતું એમ મને બબર નથીજ."

અબાબ્યા બ્રેમોરનું જુવાન લોહી આવા અપમાનથી ઉકલી આબ્યું, મગર લોહીનો ગોટ તેણે ગળી માત્ર વીકાલ નજર તે નાલાબેક હરીફ દુશમન તરફ ફેકી અને તુચ્છાર બતાવતો તે પાછો ફર્યો.

"જવા દે એને, ડારલીંગ બેલીસ, આવ આપણે બે ઘડી અંદર જઇ ટાહેલાં કરીએ," કારતન બોલ્યો અને તેણીનો હાથ પકડવા જતો હતો, મગર બીહબેની હરણી બિમાબ દોડીને તે હોલબટ છોડીએ તે વાહલા જુવાનનો હાથ પકડી પાછળ જોયા વિના તેણી ઝડપથી આગળ વધી.

"ઠીક છે, હાલતો મરઘાટ કર; પણ સેવકજ પોતા વખતમાં તુને જીરમે અને ફર જીટસે," એમ બોલી પશેમાન થયેલો કારતન પોતાનાં મનને સધ્યારો આપી કાસલમાં બરલી ગયો.

—:o:—

પ્રકરણ ૨ જું.

તે કાસલની બારણાર નીકળ્યા પછી નાસીપાસ અશાથી સાઇરીલ બોલ્યો, "તે પાપી પલીદ સાથે તુને આ ગ્રીનહોલોઝ ગામડામાં છોડી જવાની ધાસ્તી રાખવામાં મેં બોટું કીધું, હવે નહીં ધારતો કે એ મુજી શયતાન મારી કનેથી તારૂં જીગર ચોરી શકે."

"વાહલા સાઇરીલ, તમે તે તમારે હસતક રાખી શકશો ત્યાં તુલીક તે વગી તમારૂંજ છે," ધીમા મધુરા સ્વરે તેણીએ ઉત્તર વાલ્યો.

"ત્યારે તે હમેશનું મારૂંજ છે, ડારલીંગ," તે બરાંપણાંનાં જોસથી બોલ્યો. "અને, એલીસ, કાલે હું અહીંથી જવશ. વાહલી, આપણે રાબેટા મુજબ કાલે આ એલ્મના ઝાડ ટળે આ બેતરમાં મલશું. કાંઇ બી બનશે તોબી આ જગ્યા હું હમેશ વાહાલી યાદગીરી સાથ પવિત્ર ધારશ. ત્રીજે દીને સહવારે તો હું લંડન પુગશ, તારા પીતાને કેહેજે કે જ્યાં તુલીક જરના જોશથી માન સાથ તારો હાવો કરૂ ત્યાં તુલીક એવન મને હરગેજ અહીં જોશે નહીં,"

અને બંને વાહાલાંઓ અકેકની ગોદમાં હમાઇ છુટાં પડ્યાં.

બીજી સાંજે બેતરની તે પવિત્ર જગા ઉપર પોતાની વાહાલી એલીસને મલવા ઉભીહમરે જીગરે સાઇરીલ અધીરાઇથી બોટી થતો ઉભો. તે મધુરી ત્યાં આવી ન હોવાથી તેણે બેહદ ચટપટ થઇ અને એક ઘડી તે અધીરાને માહાભારટ જમાના જેવી લાગી. આકાશ ઉપર સીહા વાદલાંઓ ચઢી આવ્યાં, અને થોડીજ વારમાં સખ્ત વાવીજોડું થઇ આવ્યું, અને ગોયા કુતરાં બીલાડાં વરસે એવી કાસમે ધોધમાર વરસાદ વરસવા લાગો. તે એલ્મના ઝાડના ઓઠા તળે તેણે આસરો લીધો, જે ઝાડ એવાતો હજારો ધરતી ધુજાવનારાં તોફાનો વચે બી ઓસ્તવાર ખડું રહયું હતું.

તે ઝાડની ડાલીઓ અને પાંદડાંઓ વચેથી ધોધમાર રેળાઓ નીચે પડ્યા. અભાગ્યો સાઇરીલની ધારણા સર્વથી નજદીકનાં સ્ટેશન ઉપર, જે પાંચ માઇલ ઉપર આવ્યું હતું ત્યાં, ચાલી જવાની હતી, કાંય કે તે ગામડું એક બી સ્ટેશન ધરાવતું ન હતું. હજી તો પુષકળ વખત હતો, અને કેટે બરાબર આસરો જોવા પડયો. અને એકાએક કાસલને લગતી જગા ઉપર એક દેવલનો તેણે વિચાર થયો કોઇ બી રવેશે તેનાં બારકાંઓ તળે આવા ધોધમાર વરસાદથી બચવાનો મજનો ચાન્સ મળશે.

તે ફર્યો અને તે ભીંજાં બેતરમાંથી બારપાર દોડયો, અને એક વાર ફરીથી જે જગીન તેણે ગુમાવી હતી તે ઉપર હક વગર ઘુસી આવવાની તેને ફર્જ પડી. તે બાનગી દેવલ તરફ પુગો, અને તેની બારે તાજુબી વચે તેણે બારણું ચાવી માર્યા વિનાનું દીઠું, જો કે તે બારણું બંધ હતું, મગર તેની કળમાંજ મોટી ચાવી લટકતી હતી,

ગ્રેમોર કાસલના પેહેલા માલેકોએ તે નાનું દેવલ બાનગી પોતાનાજ વેપરાસ અર્થે બંધાવ્યું હતું, જે તે કાસલ જોટલુંજ જુનું પુરાણું હતું, અને જોને કાયની બે બારીઓ બંને દીવાલની અકેક દીશાએ હતી. તેમાં ગ્રેમોરના મરણ પામેલા ત્રણ માલેકોની બોરો હતી, તેઓમાંની એકતો પેહેલા માલેક ગોદફાઇ ગ્રેમોરની હતી; જે બણીજ બાહાદુરીથી ફ્રેંમવેલના

લશકર સામે ટકયો હતો, મગર એક દીવસ તેનાં બીછાંણાંના ઓરડામાં છ હથ્યારબંધ ચોલ-જરોએ આવી તે બીચારાને રેહેસી નાખ્યો હતો.

તે દેવલની અંદર તો બીલકુલ સીદ્ધા અંધકાર હતો. વારંવાર વીજલીના ચમકારા વચે તે બારીના કાચો ઝમકતા હતા. સંભવીત રીતે કોઈબી અંદર હોશે એમ માની તે દેવલની બાહારની પથ્થરની જમીન ઉપર સાઇરીલ ઘણાં ભારી પગલે કેટલા વાર આગળ ચાલી ગયો, જેનો પડધા ચોમેર પડયો. કોઇબી અદર હોવાનો તેને મજબુટ સંદેહ પેઠો. તે બારણું ઉઘાડી ઉભો અને મોટેથી પુકારી ઉઠયોઃ "અંદર કોણ છે ?"

મગર તેનોજ પડધા પાછો આખાં દેવલમા પડયો તેજ વેળા ખુદરતી તેનું તદ્દન કાંઇ વિચિત્ર ધાસ્તીથી ધુજવા લાગું. કોઇ અંદીઠ શકિત તેને તે દેવલમાથી એકદમ નાહારી જવા તેને કાયલુની કરતી હોએ એમ લાગુ, મગર તેણે મજબુટ કાબુ મેલવ્યો અને બારણાં બંને ખુલ્લાં રાખી તેને અંદર કદમ લંબાવ્યા તેજ ઘણીએ ભયકાર વીજલીના ચમકારા થયા જેનો ગોયા આખો અપંગ કરે એવો જોરાવર પ્રકાશ તે દેવલમાં ચોમેર પડયો. જેના તેજસ્વી ઝલકાટ વચે એકાદ સંગેરમરમરની ધોર નજદીક એક આદમીનો ગભરાટથી ઢગલો પુંજો થઇ પડેલો આકાર જોઇ તેનું લોહી ગેય બરફ જેવું ઠંડું દહેસટને લીધે થયું

તેણે પાછી મજબુત હીંમત એકઠી કીધી તે પછી ગજવામાંથી કાંદીનો બોકસ કાઢી તેમાંથી કાંદી સલગાવી, તે અતરાફ બારકીથી તેની મદદથી જોયુ તો તે ધોરના પથ્થર ઉપર એક મરણ પામેલા સખ્સને જોયુ દીઠો.

પવનના સુસાવાતથી તે કાંદી બુજવાઇ જેથ. આવા ભયંકાર એકાટમાં વધુવાર રેહેવાની તેની હીંમત ન ચાલવાથી શાંત અદાથી બારણાં ભણી જવાની, તે બંધ કરવાંની અને ત્યાંથી પાછો વિદાય થવાની તેણે પોને પોતાને ગોયા ફર્જ પાડી. બીજી રોશની દાટવામાં આવેલા ચોમોરની ઉપર તેનાજ આકારના કોટરેલા કાસાનાં કોટરેલા આકાર ઉપર ઝુકી રેહી, કે જે માટરી કાઢેલો તે ધોર ઉપર જડેલો આકાર ઉપર મોદું કરી પડયો હતો. અને જેના હાથમાં તરવાર પકડેલી હતી. અને તે ધોરની બાજુના પથ્થર ઉપર એક ભયકાર ફટકાથી ફાટી ગએલી ખોપરીથી નીકળી ગએલા પ્રાણ સાથતુ ચોમોરના નવા માલેકનું શરીર પડેલું હતું !

—:o:—

પ્રકરણ ૩ જું.

એક હીણાંનશીબનાં આદમીનો બરબરને દીવસ અને ચોઘડયું આવે છે, ત્યારે ગોયા જમીનનો ચોપડો વટીક ઓચીંટ નીકળી તેના કપાલ ઉપર લાગે છે, તેવીજ દયાજનક સ્થિતિ કમનશીબ સાઇરીલ ચોમોરની થઇ હતી. તેણે પોતાના વડવાઓની માલમીલકીટ ખોઈ, તે સઘાનો મુફલીસ કંગાળ બન્યો, અને હજીટક જાણે કે કાંઇ બાંકી રહ્યું હોય એમ ચોમોર કાસલના નવા માલેક કારતનનું ખુન કરવાના જરાયુન અપરાધ માટે તેને પકડવેજ કીધો.

ખુનના કેસે ચોમેર મજબુત હોહોકાર મચી રહયો હતો. લોકો બદમાસ સાઇરીલનેજ ગોળે ગોા ટકા ખાની માની બેઠાં. મરનાર કારતન તેનો દુશમન હતો એમજ તેઓ જાણતાં

હોવાથી. તેમજ ભલી અને મોહોબતવંતી એલીસના પ્યાર વચ્ચે બી તેઓ હરીફ મુદ્દાઓ થવાથી ગુસ્સા અને ઇર્ષામાં ખૂન કાંપેલું હોવાનોજ ગ્રીન હોલોસમાં ચોમેર હોહોકાર મચી રહ્યો.

બંધવાએ પોતાને બીલકુલ નિર્દોષ જાહેર કીધો. મગર આસપાસના સંજોગો વચેની જુબાની તેની વીરૂધ નિશંશય મજબુત પડી. પોલીસે તે દેવલની બાહાર તેમજ માહેલા ભાગમાં બારિક જુસતેજુ કીધી, અને પરિણામનાં બે સખ્સોનાં જુદાં જુદાં પગળાંના છાપ તે ઉપર પડી રહેલા માલમ પડ્યા–તે મરનાર કારતનના અને બંધવા સાઇરીલના હતા. વરસાદથી જમીન ભીંજાએલી અને પોચી થએલી હોવાથી પગલાં બરાબર પડી રહ્યાં હતાં. કોઇ બી ત્રીજે સખ્સ તે બાનગી પડત પડેલાં દેવલમાં દાખલ થયો ન હતો એમ પુરવાર થયું હતું. બંધવાએ એકરાર કીધો હતો જે તે દેવલ તરફ તે રાત્રે ગયો હતો; જે સખ્ત મારથી મોત નિપજ્યું હતું, જે માટે તેણે કબુલ્યું હતું કે તેની પાસે તે વેળા જાડી લાકડી હતી, અને તેનાથી માથાની ખોપરી ફાટવાનો દરેક સંભવ હતો એમ તેની વીરૂધ પુરવાર કરવામાં આવ્યું. તે દેવલમાં ગયો હતો, અને તેની પાસ લાકડી હતી એ બે બરખમ મુદ્દાઓ ઉપ્રાંત તેઓ અકેકના દુશમનો હોવાની પુરવારી મલેલી હોવાથી જુરીએ એકમતે દોષીત ઠેરાવવાથી જડજે બંધવા સાઇરીલને જન્મદેશનીકાલની સખ્ત શીક્ષા કીધી.

દુઃખી એલીસનાં દુઃખની કશી સીમા ન હતી; પોતાના વાહાલાની આવી દુર્દશા થવાથી તેણીએ હૃદય તુટી જાએ એવી કાસમે રડીને કલપાંત કીધાં, મગર આફટને શરણ થવા સીવાય કંશો બી છુટક ન હતો. ગ્રીન હોલોસનાં ઘણાં લોકો તે છોકરી માટે અફસોસીનો દમ ભરવા લાગ્યા, કાંય કે માહેલા ભેદે ચાલુ થવાથી તેના ગાલોના ગુલાબો ગોવા સુકાઇ ગયા હતા, અને અગાઉના જેવા દીલજીટ તે મુદલજ લાગતી ન હતી તેણીના હાયની ઘણી બી બરખમ અને સારી ઑફરો આવી, મગર તેણીએ કોઇ બી સ્વીકારી નહીં.

"એ નાદાને અને ઉજબખ પોરી શું અટકલ કરતી હોશે?" ઘણાકો બબડયાં. "શું ખૂની ગ્રેમોર તેની આગળ પાછો આવશે એવી આશા રાખેછ? તે તો જીવતો બી મુવેલો અને દટાએલા સરખોજ છે. તેને માટે હજી બી તેણી પોતાનું જીગર બાંગી શકે એ ઘણુંજ દયાજનક છે!"

દયાજનક કે નહીં, મગર તે ભોલી બાળાનું હૃદય ગોવા તુટી જતું બાત્રી પૂર્વક દીસ્યું. ઉનાલાના ગુલાબો બીલી નીકલ્યા, પણ તેણીના રૂબસારો વધુ ફીકકા થતાજ ચાલ્યા; જે પછી તેની પાંકડીઓ બી પીલી થઇ તુટી ગેઇ; સ્યાલો બી શરૂ થયો, જેથી બરફે રસ્તો ગોવા લોખંડ જેવો મજબુત હરી ગયો, પણ તેનો વાહાલો તો પાછો આવ્યો નહીંજ—કયાંથી આવે? તે ખૂનીને જન્મો જન્મની ટેપ મારેલી હોવાથી તે તો બીચારો જેલખાનામાં સબડી ત્યાંજ સડનો માર્યો ભાગી જવાનો. તેણી ફોકડ આશા વિરૂધ આશા ઉછેરી મુકી ફોકટ પોતાનો ભવ બાલતી હતી.

અને રયાલની અધરચે ઘણોજ જાડો ધુમસ પડતો હતો તે તકનો લાભ લઇ આગમન જથી ગણત્રી કર્યા મુજબ બંધવા સાઇરીલ ગ્રેમોરે જીવ ઉપર આવીને જેલખાનાની બીત કુદવી ભયંકાર દવ અને ધુમસના ધુમાડાઓ વચે જીપલાવ્યું, જે વેળા વૉરડરની ગોળીઓ તેના કાન આગળથી સણસણાટ કરતી પસાર થઇ હતી. ગોવા ખુદરત તેની નાહાસભાગમાં

સહાય થઇ હોય એવી કીસમે જેલખાનાં આસપાસ જેલરો, વૉરડરો અને સીપાહઓથી ઘાડા ધુમસને લીધે કશું બી ન દીસવાથી કાઇ બી તલ્લાસ થઇ શકાઇ નહીં, કે ના તો તેઓ તે કમાનમાંથી છુટેલા તીર મિસાલ નાઠેલા કેદીને પાછો ધરી શકયા.

પ્રકરણ ૪ થું.

જે સાંજે ધુમસનો લાભ લેઇ બંધવો સાઇરીલ કેદખાનાની કંગાલ જુસરીમાંથી સદાનો પોબારા ભાપી ગયો, તેની બીજી સાંજે દીલકશ એલીસ બાહાર વીઝીટે સધાવી. જ્યારે ખુનીનો બોગ થઇ પડેલો મરનાર કારટન ગ્રેમોર કાસલનો માલેક થયો ત્યારે મરનારે પોતાની માતાને કાસલમાં સાથે વસવા પોતા સાથ લાવ્યો હતો. હવે જ્યારે તેનો એક પુરો દીકરો મરણ પામ્યો હતો, ત્યારે તેવા એકાદ-સ્મશાન જેવા કાસલમાં રહેવાની દહેસત અને દુઃખ બરપા થવાથી, તે અભાગણી જઇફ માતાએ ગ્રીન હોલોઝ ગામડાને છેડે એક એકાંત કોટેજ લઇને પોતાનો મુકામ કીધો; જ્યાં તેણી પોતાના દીકરાના ગમ અને અફસોસમાં ઝોખણી રેહી; તે જઇફ માતાના દર્દમંદ જીગરમાં બલી અને સાચી એલીસે એક દીલસોઝ અને હુંફાળી જગ્યા શોધેલી, અને વળી મીમીમ કારટન-મરનાર કારટનની દુઃખી માતા-કેટલાંક જુજ આદમીઓમાંની એક હતી, જેઓ એવુંજ મજબુતીયા માનતાં હતાં કે સાઇરીલ ગ્રેમોર એક બાલક મિસાલજ નિર્દોષ હતો.

અને તે સાંજે મનોહર એલીસ મીસીસ કારટનનાં કોટેજમાં ગઇ, અને તેણીને જોઇને તે જઇફ અબળા બેહદ ખુશી થઇ ખરી, છતા બી રખાલની આવી ઠંડી કર રાત્રે આવવા માટે તેણીને ખમકાવી.

"પવનના સુસવાટા બારી સાથ અઢળી કેવા ભયંકાર અવાજો કરતા સંભલાઓછ," તે જઇફ ઓરત બોલી. "આવી બીહામણી રાત્રે તારા પગો તું હુંફમાં રાખે કયાથી? સરદ પવનથી અને બરફથી પગો બીંજાએલા હોશે," એમ બોલી સધડી આગળ તેણીએ ખુરશી મુકી. ભલી એલીસ તેણીનું હેશાંન માની સગડી આગળ બેઠી, કાયકે તેણીનું તનબદન ગોથા બરફ જેવું ઠંડુ થયુ હતું તે સધડીની નજદીકજ એક મોટી ટેબલ હતી તેની ઉપર એક મોટી અસલી સીસની વીંટી હતી તે ઉપર તેણીનું લક્ષ ખેંચાયું, અને માત્ર તાજુબી વચ્ચે તે જોવા તેણીએ પોતાના હાથમા લીધી.

મીસીસ કારટને તેમ કરતાં તેણીને દીઠી, જે ઉપરથી તેણીએ ટીકકા કીધા. "એલીસ તે વિચિત્ર જુની વીંટી નથી? મને તો કશો ખ્યાલબી નથી થતો કે તે ઉપરનો કાયો મોટો પથરો સાનો છે? પેલી ભયંકાર રાત્રે મારા લાહાલા દીકરા આરથરને મુવેલો કાસલમાં લાવ્યા ત્યારેજ મારી પેહેલી નજર તે ઉપર પડી હતી. મારે દીકરો આવી વિચિત્ર વીંટી ધરાવતો હતો એવો તો મને વિચાર બી કશો ન હતો" અને તે વેળા પોતાના મરનાર દીકરાની દુઃખી ગમખ્વાર યાદ થતાં તે દુઃખી માતાએ દુઃખનો લાંબો નિશ્વાસ ફેંકયો.

"મરનાર તે પેહડતાંતા?" એલીમે ભાષાથી પુછયું.

"એહુસ્તીના દબા હાથની વચલી આંગલીએ તે હતી," તે જાદુઈ માતાએ ખુલાસો કીધો. "મેંજ તે આંગલીમાંથી કાઢી'તી," જે પછી તેણીએ તે ગમખ્વાર બાબત તાબરનોબ અદલી. "બરફે તારાં ખુરા બધાં બીજાઓને અપંકાબેર અને લોંડા થયાંછ; તે અંદાં આતસં આગળ સુકાય નેટલો વખત પેહેલાંનાં હું નીચેના ઓરડામાંથી સ્લીપર લાવી આપું."

તે માતા વિદાય થઇ અને ઘણી ગમખ્વાર થાદથી તે વીંટી બારિકાથી તપાસતી બેસીસ એકલી પડી. આવી કાચા મોટા પથ્થર સાથના વિચિત્ર વીંટી ભરનાર આરથર કારતનને હસતક હતી, જે માટે તેણે પોતાની માંતાને વટીક જણાવ્યું ન હતું એ ઘણું તાજુબીભર્યું હતું. કાલો પથ્થર તે વીંટીની વચમાં જડેલો હતો તે, બેસીસના એમ તેમ ફેરવીને જોવા સાથ આંચકા સમેટ, ઉપરની બાજુ ઉછલ્યો, જેથી તેની અને વીટીનો વચ્ચે આંચો પડયો. તે પછી બેસીસને માલમ પડયું કે નહીં માલમ પડે એવું અંદાઠ જાણું મીલગર સુનાની ઉપરના પાડેલા ચિતારમાં મઢી લીધું હતું, જે ઉપર તે પથ્થરને બેસાડેલો હતો. તદનજર અજાણતાં તેણીનાં કોમલ આગલાં તે અંદાઠ ચાંપ ઉપર પડતાં તે કાલો પથ્થર ઢાંકણાં માફક ઉપર ઉંચકાઇ આવ્યો હતો.

પણ એટલુંજ ન હતું. તે પથ્થર ઉંચકાવાથી થએલા આંચામાં એક નાનું નરમ કાગજનું ધડી વાલેલું બેસીસે દીઠું. જે તે આચામાં બરાબર બંધ બેસે એવી કાલમે તે કાગજની ઘણી તરકીબથી ધડીઓ વાલી હતી. વધતી અજાએનાથી તેણીએ બાહાર એંચ્યું. બેશક તે ઘણુંજ જુનું પુરાંણ હતું એમ તે ઉપર ચરમ ફેરવતાં તેણીએ અનુભવ્યું. તે ઉપર કાંઇ લખાંણ હતું–ઘણુંજ બારિક પણ બીલકુલ ખુલ્લાં હરફે લખાએલું કાંઇ લખાંણ હતું.

બેસીસનું મન ધચુપચુ થયું. તેણીએ લગાર આનાકાની કીધી. તે કોઇની માલેકીની પરાઇ વાટી હતી, તેમાંથી નીકળેલાં બેદી કાગજમાંનાં લખાંણ ઉપર તેણી નજર ફેંકી શકે? તે વીંટીના બરમાંના મીસ્તાસ કારતન જરાથી વાકેફ નહીં હોવી જોઇએ એમ બીલકુલ સંકવીટ હતું. તેણી શું પેહેલાં તે જાદુઈ ઓરતને કહી શકે, યાતો—

બગર તેની ન સેહેવાય શકાય એવી તાજુબ અધીરાઇ તેણીને ગાલેબ આવી; તેણીનો આકલો જીવ એકાદ પલ પણ વધુ ટોળ્યો નહીં; અને છુપાસુ છુગરે ને કાગજની ધડી ઉંધાડી સરખું કીધું. અને ઘણી સફાઇ અને સંભાલથી વાંચવાનું શરૂ કીધું.

તેણીએ શરૂ કીધું તે વેળા તેણીના આંગલાંઓ વચે તે બારિક પાટલું કાગજ ધ્રુજી રહયું, અને લાલચોલ લોહી તેના ફીકકા ફખસારો ઉપર ધસી આવતું અટકયું. સર્વેથી બેરાવર ઉરકેરણીએ તેણીને ગભરાની મેલી. દાદર ઉપર બીસીસ કારતનનાં પગલાંનાં અવાજે તેણીનો ગભરાટ અકલ્પાટ તુટી ગયો. તેણીએ ઝડપથી તે વીંટી ઉંચકી અને કાલો પથ્થર જેમ અસલ બેસાડેલો હતો તેમ પાછો સેરવી દીધો. તે કાગજની કાપલી તેણીએ તે આંચામાં પાછી મુકી નહીં.

જ્યારે તે ભલી જાદુઈ અજાણ ઓરડામાં દાખલ થઇ ત્યારે પોતાની પહરેણીમાં વિચિત્ર ફેરફાર થએલો તેણીને માલમ પડયો. પોતાનાં ખુટ બદલવાની વાત તેણીએ મુદલજ સાંભલી નહીં. તેણી માત્ર થોડીજ મીનીટ આવી હતી, અને પાછી જતી હતી એમ જાહેર કીધું. તે

છોકરીની ફેરવાઈ ગએલી વળણ અને વર્તણુથી મીમીંગ કારતન બારે વિસ્મય પામી, અને ઘણીખી બોહોંસ કરવા છતાંખી તે અધીરી વીરમાં પડેલી છોકરી બાહાર જવા ધસડાઈ ટણાઈ ગેઈ, જે વેળા તેણીને બાહાર જતાં તપાસતા તે જબરૂ બાઈ બેહદ શંકાશીલ થઈ.

ગ્રીન હોલોઝ ગામડાં તરફ જવાનો રસ્તો એક બાઈલ દુર હતો. એલીસ, તે છતાંખી, કોટેજ તેણીની નજરે બીલકુલ દુર થેયો કે પોતાને ઘરે જવાને બદલે તેણીએ ગ્રેમોર કાસલનો રસ્તો લીધો. અધીરાઈથી ગોવા તેનું હ્રદયબંધ ઉછાલા મારતું જીગર તેણીનાં ગલાંમાં આવી ખુટ્યું.

તે પૂરાંણાં ઓલ્મના ઝાડ આગળ આવતાં તે કમનશીબ બાળાની નાજુક આંખો મોતી સમાન આંસુઓથી ઝલકી રેહી અને ગમખ્વાર યાદની લાગણીથી તેણીનું જીગર ઉછાલા મારવા લાગ્યું, કાંય કે તે ઝાડ હેઠળજ બને જણાંઓ વારંવાર મોહોબ્બતનો મધુરો મીઠાસ ચાખવા નિરંતર મલતાં બેટતાં, કે જે ઝાડને બાહાર એલીસથી વિદાય થતાં બંધવા બનેલા અને ખુની હડેલા જેલની શીક્ષા ભોગવતા અભાગ્યાં સાઈરીલે ઘણુંજ પવિત્ર ગણતુ હતું પાંડા વિનાનુ તે રાક્ષસી ઝાડ પવનના સુસવાટા વચે આમતેમ ડોળા ખાતું હતું

તે પળે એક સખ્સનો આકાર તે ઝાડ ટળે ઉભેયેા મનોહર એલીસે દીઠો. તેણે પેહેરેલો લાંબો મોટો ઓવરકોટ, જે તેને બરાબર આવતો ન હતો, તેમાં લપેટાઈ તે ઉભેયેા હતો, જેને જોઈ તે દીલબ્રજત બાળનાં જીગરમાં અનેક લાગણી આગલી દીલખુશ યાદ સાથ બરપા થઈ. તે સખ્સ ઝાડના થડ આગળથી તેણીની આગળ આવ્યેા. તેજ ઘડીએ બાહાતાબ વાદળાંઓ વચેથી ઓચીંત બાહાર આવી પોતાની રૂપેરી ચાદર ચોમેર ઓઢાડી કે તેના ઠંડા પ્રકાશ વચે તેણીએ તેનો ચેહેરો દીઠો-ઓ! શું તેણીની આંખો દગો કરતી હતી! પણ નહીં, તે તો તેનો મોહોબ્બતવંતો સાઈરીલ હતો!

તેણી ઠોકી, જે વેળા તાજુબી અને દહેસટની ધીમી ચીચ્યારી તેણીના ફીકકા ધ્રુજતા હોઠો વચેથી બાહાર પડી.

તે સખ્સ ધસી આવ્યેા, જાણે કે વિચિત્ર સ્વપ્નાના ન વર્ણવી શકાય એવા ભીહાસમા તેણીએ જાણે કે પોતાનું નામ બોલાતું સાંભળ્યુઃ

"એલીસ! વાહાલી એલીસ!"

તે શું સ્વપ્નો હતો! તેના હાથેા તેણીની આસપાસ વિંટલાયા; અને તેના ગરમ હોઠો તેણીના ઠંડા ગોરા ગાલો ઉપર મજબુત દબાઈ રહયા.

ના, તે કાંઇ સ્વપ્નો કે ખ્યારો ન હતો, મગર તેનો પોતાનો વાહાલો સાઈરીલ ગ્રેમોર હતો!

ધ્યાન ના કરી શકાય એવી ખુશાલી વચે તેણી તે વાહાલાને મજબુત વળગી, અને તેણીની આંખોમાથી ગોવા હર્ષનાં બેમુલ મોતીઓ ખરવા લાગાં.

———.o:———

પ્રકરણ ૫ મું.

"ખુબસુરતનો લાભ લેઈ હું જીવપર આવી જેલમાંથી નાઠો, વાહાલી." સાઈરીલે ખુલાસો કીધો. "આવી બચંકાર કોશીશમાં મને કશું બોહોતાતું નહોંજ હતું, કાંયકે વૉરડરની ગોલીથી

વીંધાઇ જતે, તો હું આવી કંગાલ્યતમાંથી સદાનો છુટી જતે. મગર, પાક પરવરના લાખોલાખ શુક્રાના, કે તેના અંદીઠ હાથોથી મને બચાવી તું વાહાલીની ગરમ ગોદમાં દબાવા મને અહીં તુલીક ધસડી લાવ્યો! મારી ડારલીંગ, મારી પરીસુરત પરી, આ પળ ગોવા બેહુસ્તમાંથી ખુંચી લેવાઇછ! રાત અને આખો દીવસ લગભગ પચાસ માઈલ ચાલતાં મારા પગમા છાગડા પડયાછ, અને હું અર્ધ મુંવો થયો. મગર તું વાહાલીથી મને નવેસરથી જીવ આવ્યો. મને ખુદરતીજ ભખા થઇ કે તું ડીયર મને અહીં મલશેજ."

એલીસ તેનું નામ બબડી તેની ગોદમાં વધુ દબાઇ ચંપાઇ, જે પછી ફાંસ યાદ આવતાં ચોંકી તેણી બોલીઃ "વાહાલા, મારે તમુને ફાંસ કેહેવું છે. એવું ફાંસ છે જેમાં બહુ અર્થ સમાએલો છે. મેં આજેજ રાત્રે તે સોહોથી કાઢયું. હું હવડાં–"

"ડારલીંગ, બધું તો, પછી, પણ મારે અહીં રેહેવું જોઇએ નહીં, પોહોરેગીરા મારી પુકેજ ભમતા હોવાથી મને પાછો પકડશે," તેણે વચે જવાબ વાલ્યો. "આપણે કયાં સલામત વાત કરીશું!"

"ગ્રેમોરના દેવલમાં." એલીસે સુચના કીધી. "આપણે મલ્યાં ત્યારે હું ત્યાંજ જવા કરતી'તી. ઝડપથી ત્યાં આવો, વાહાલા."

"પેલું કાસલની બાજુનું ખાનગી દેવલ! એલીસ, એવી રીતે તું ત્યાં ફાંસ જવા નીકલી!" તાજુબીથી ચકચકાટ આંખોથી તેણે પુછયું. "મગર તે તો ચાવીથી બધે કીધું હોશે એમ ખાત્રી છે."

"નહીં–ઓ નહીં–તમે ચાલો–હું બધું ત્યાં કેહેવશ," તેણી તે વાહલાનો હાથ પકડી ઝડપથી આગળ ચલાવવા પડી. "ખૂનવાલી રાતનીજ તે દેવલનાં બારણાંની ચાવી ગુમ થઇછ, અને બારણાંને બાલી અદગરાજ રાખ્યાછ."

તેઓ ગોવા કબાનમાંથી છુટેલા તીર મિસાલ તે અંધારી રાત્રે ચાલ્યાં—ગોવા ઉઠયાં! દેવલ તરફ આવ્યાં, અને તેનાં બારણાં અવાજ વિના અધીરી એલીસે ઉઘાડયાં, અને બને તે સીહા અંધકાર દેવલમાં દાખલ થયાં.

"અદગરા મારો, વાહાલા," તેણીએ કહ્યું. "આપણને કોઇનો કંટાલો નહીં જોઇયે. તમારી પાસે મેચીસ છે! નહીં તો કે હું—"

"ડીયર, જેલખાનામાંથી છુટયા પછી એકાદ એકાંત રસ્તામાં કોઇ સપ્સ પાસે આ ઓવરકોટ જબરાજબરી અને ધાકધમકીથી કઢાવ્યો, ફાંસ કે નહીં તો કેદીના પોષાકમાં હું તાબરતોબ ઓળખાઇ આવતે. ગજવામાં મેચીસ છે. દીવાલ ઉપર અસલી સીંગડાનું ફાનુસ છે—તે આય શું–અહીં છે."

"અહીં તે સળગાવી મુકો," એલીસે હુકમ કીધો, અને તેણીએ સંગેમરમરની ઘોર ઉપરના સુવાડેલા ફાંસાના આકાર તરફ આંગળી તેણીએ કીધી, કે જે ઘોર આગળજ કારતન મુવેલો મળી આવ્યો હતો.

ગ્રેમોર તાબે થયો, જે વેળા તે વધુ અને વધુ તાજુબ થયો. તે છોકરીનું મગજ ખસી ગયું હતું કે કેમ જેની તેણે સમજ પડી નહીં. મગર તે પછી અધીરી એલીસે પેલી વાતોના

બર્બંકાર ભેદની વીંટી વાત તે વાદલા જુવાનને કેવી સંભળાવી, કારટન આવી ગયો હતો, તે વેળા તેની આંગળી ઉપર તેજ ભેદી વીંટી હતી. તેણીએ તેની અંદરની કાગજની ઝણી કાપલી તેના હાથમાં મુકી, જે વાંકો વળી ફાનુસની રોશનીથી તે વાંચવા પડયો.

તેમાં શું ભરમ લખ્યો હોશે?

—:o:—

પ્રકરણ ૬ ઠું.

કારેલા ડોલા સાથ બારે તાજુબી સાથ સાઇડરીસે ફરી અને ફરીથી તે કાપલી વાંચી, જે નીચે મુજબ હતીઃ—

"દેવલમાં રોદરીક ગ્રેમોરની ઘોરને ખોદું ઢાંકણું છે, જેની અંદર મારી અગણ્ય દોલત—સુન્નું અને જવેરાટ દાબીને સાંદયાંછ, જે પેલા જનુની મુજ પલીદ જલ્લાદ ઓલીવર ક્રોમવેલના તરસ્યા સોલી હાથમાંથી બચાવવા અંદર એ મુજબ મુકું છ. કાંસાનાં આકારને માથેની ક્રોસાઇની પાછળ એક ચાંપ છે. આ બધું મારા વારેસોનું છે—રાલ્ફ ગ્રેમોર."

ને બધો આટલોજ ભેદ હતો. સાઇડરીસે મુંચવાડાથી ઓલીસ તરફ જોયું.

"તે તાજુબીકરી શોરોધ છે," કડવાસમર્યું હસવાં સાથે તે બોલ્યો. "અલબત, જો દોલત હજી તુલીડાની અંદોજ હોય—અને તે અસંભવીત છે—તો હું ધારું છ કે મારા વડવાઓના સીધા ઉતરેલા વારેસ તરીકે કાયદા મુજબ મારોજ તે પર મજબુત હક છે. મગર હવે મને પોતાને જરદાર માલેતુજર થએલો બપનો શુ? ખુનીનો સીદા કલંક કપાલે ચોટેલો—"

"એમ ના બોલો, વાદાલા, જેમ ગગનમાં પ્રકાશનો માદાતાબ જોટલો સ્વચ્છ અને નિર્મળ છે, તેમ તમોબી તમામ નિર્દોષ છઓ," તેણી જુસ્સાથી વચે બોલી. "સાઇડરીન, એ વીંટી કારટનની આંગલી પર હતી. મરનારે તે કયાંથી મેલવી?"

"હું ધારું છ કે કાસલનાં કોઇ બીનાં કબાટમાંથી એને મલી ગઇ હોશે," તેણે અટકલ કીધી. "અને તું ધારેછ કે તેનો ભરમ કારને જણ્યોતો?"

"તેવી હું આશા રાખું છ, સબબ કે, જો તે ભરમ તેણે જણ્યો હોય, તો તેનાં બોતનો ભરમ ખુલ્લો કરી શકાય," તેણીએ જવાબ કર્યો. "મારો બોલવાનો અર્થ એમ માયછ કે વીંટી-માની આ કાપલી મુજબ તે રાને કારટન દેવલમાં દોલત મેલવવા આવ્યો હોશે; તેણે બોરની ઉપરનું ફાલકું ઉંધાડયુ, મગર, પોતાની હકબાદાર ઉથારણીમાં તે પાડેલું સરી ગયું હોબ્બે, તે ઢાંકણું પડી જઇને તેનાં માંથાની બોપરી ફાટી જઇ તેને મારી નાખ્યો હોય."

જ્યારે ઓલીસ બોલી, ત્યારે ગ્રેમોરનો ચેહેરો ચાદર જેવો ધોકો પડયો, અને અગાનાં નજદીકમાં મારણો ઝલકતાં હોવાથી તેની આંખો ઝલકી રહી.

"તું ફાનુસ ઉંચું ધર," તેણે કહ્યું. "આપણે જલદીથી ——"

તેજ ઘડી મારણાં ઉપર પતી જોરથી ઠોકાઠોકથી ને વાકય બોલાતાં અધુરો રહયો.

ઍલીસ મોંત જેવી ફીકકી પડી; તેણીનાં આંગણાઓ વચ્ચે તે ફાનુસ ધ્રુજ્યું. "ઓ! એ કોણ છે?" ઉંચે દમે તેણી બોલી, જેના જવાબની કશી અગત્ત ન હતી.

"અફસોસ! મેં ધાર્યું એમ તેઓએ મને શોહ્રાથી ફાડ્યો," લાચારીથી તે બોલ્યો. "તોપણ આપણે થોડીક મીનીટ તો સલામત છૈયે. હીંમત, વાહાલી, હીંમત ધર! મારે માટે તે બાહાદુર લડાઇ લડાઇછ, અને જો—"

"બારણું સીતાપણી ઉંઘાડ!" એક કરડો અવાજ સંભલાયો, અને ગોથા ગગડાટ થાય એમ બારણાં ઉપર ઠોકાઓ ચાલુ રહ્યા,

"મજબુટ ફાનુસ પકડ, ઍલીસ," એકદમ શાંત થઇ તેણે કહ્યું.

તે છોકરીએ પાક પરવરનું નામ પોતાની ધ્રુજતી જબાંન ઉપર લેઇને ફાનુસ ઉંચે ધર્યું, જેથી તેની રોશની ઘોર ઉપરના બખતર સાથના ફાંસાંના કોટરેલા આકાર ઉપર આબાદ પડી. સાઇરીલે તે આકારના માંથા ઉપરની કોલાહ પાને હેલમેટની પાછળની ચાંપ દાબી, મગર કાંઇપણ બન્યું નહીં.

"એકદમ શરણુ થા!" વલી પાછો બાહાર ગગડાટ થયો. "આ બારણાં ભાંગવાથી તુને કાંઇપણ ફાયદો મલવાનો નથી, માટે સીતામ બારણું ઉઘાડી ચુપચુપ તાબે થા!"

"ચાંપ જેવું મને તો કાંઇ લાગતું નથી," ધીમેથી ગ્રેમોર આતુરતાથી બોલ્યો. "આહા! તેં કટકટ થતો અવાજ સાંભલ્યો?"

"હા, હા! કદાચ તમે આ બંધન છુટું કરી શકો તો ઉપરનું ફાલકું ઉંચકી શકાય," બાહાર બારણાંની બબંકાર ભાંજફોડથી દહેસટથી ફરફર ધ્રુજતી તેણીએ સુચના કીધી.

સાઇરીલે પોતાનું સબળું જોર વાપરયું, મગર કેદખાનાની જીંદગી અને અહાંગ હાકથી તેને નાતવાન બનાવી મુકયો હતો. તે હીંમત હારી ગયો, અને તેના ચેહેરા ઉપરથી પરસેવાનો ગોથા વરસાદ નીચે ચાલ્યો.

"એકવાર ફરીથી કોશેશ કરો," તેણીએ કાકલુદી કીધી.

દયાળુ દાદગારનું નામ તેણે જબાંન ઉપર લઇ પાછી કોશેશ કીધી, અને ઘોરનું ભારી વજનદાર ફાલકું ઉપર ખેંચવાને માટે પોતાનું બધું જોર અજમાવ્યું. અને ખુશાલીની ધ્રુજારીથી તેને એવડી હીંમત અને કોવત આવતાં તે પથ્થર ખસતો લાગ્યો. ધીમે ધીમે તે ઉંચે અને ઉંચે ચઢયો.

"બરી—ઓ—જલ્દી નજદીક લાવ," સાઇરીલ પુકારી ઉઠયો.

ઍલીસ તાબે થઇ. તેણીની આંખો અંદરજ ચીટકી કે પથ્થરના ખસવાથી તે જગા માલમ પડી આવી. તેણીએ તેમાં ત્રણચાર પીટલની પટીઓ જડેલી પેટીઓ અને એક દાબડો દીઠો. તે દાબડો સબળાં જોરથી જબરીથી ઉંઘાડયો અને ફાનુસની રોશની વચ્ચે તેમાંનાં બેમુલ્ય ઝવેરો રાટા ગગનનાં તારા માફક ઝલકવાં લાંગ્યાં. મગર તેની ઉપર કાંઇ ગ્રેમોરની નજર ન હતી. પોતાના હાથ ઉપર ટેકવેલા પથ્થરનો ભારી વજન વધુવાર ટેકી ન શકવાથી તેના મસકલ ફરફર અવાજ કરવા પડયા, અને તે વજનદાર ઢાંકણાંને જે હાથોએ ટેકવ્યું હતું તે ઢાકણાં

ઉપર લાલ દાગની નીશાની હતી જેની ઉપર માણુસજાતના ચેાડાક બાસેા વલગેલા તેણે ધડકતી છાંટીએ દીઠા.

"પાછળ હઠી રેહે, ઍલીસ," ગુંગલાતા હમે તે બેાલ્યેા.

"અને તે શબ્દેા સાથે તેનાં દુઃખતાં આંગશાંઓમાંથી તે પથ્થર પડયેા અને તેની અસલી જગ્યા ઉપર આવાજ સાથ અફડાઇ ગયેા.

તેજ ઘડીએ દેવલનું બારણું તેનાં મીલંગરાંમાંથી ભાંગી નાખવામાં આવ્યું અને બે હથ્યારબંધ સખ્સેા અંદર બટી સાથ ધસી આવ્યા.

ઍલીસે તનજદનથી ધુજતી ધાસ્તીની ચીચ્યારીઓ પાડી અને પેાતાના વહાલાને મજબુત દબાવ્યા. તે બીહધેલી અબળાને જોઇ બંને વાય મીસાલ ઉડાઓલા વીકાળ અમલદારેા પાછળ હઠી હથ્યાર નમાવી ઉભા, અને ચુપચુપ શરણ થવા લલચ્યું.

"બધું ઠીક છે, કારલીંગ," તેણે હીંમત આપી. "બેાતના બાલ્લામાં તેં મને જીંદગી આપીછ. કારતનને મેં કે કાઇએ મારી નાખ્યેા નથી, પણ હાંકણું ઉંધાડી બંને હાથ ઉપર ટેકી અંદર દેાલત જોતાં કે કાલનાં તે હાંકણુનેા મારે હાથમાં જલી ન શકવાથી તેનાં માથાં ઉપર પડયું તેથી તે ત્યાંજ તત્કાલ માર્યો ગયેા. હરામની દેાલત પચાવવાના બુરા સેાબીઓનેા આવેાજ હાલ થાય ! ફકર ના કર, મારે શરણ થવું પડશે, અને મારી તપાસ પાછી ચાલશે તેમાં આપુને ફતેહ મળશે."

તેને તાબરતેબ પહરેજ કાઘેા.

\+ × + +

કારતનનાં ખૂનની તપાસ નવેસરથી ચલાવવામાં આવી, પાકેા હકદાહાર હોહેામાર મચ્યેા. દેવલની તે બેારનાં હાંકણુ ઉપરના સેાનીના હાથ અને તે ઉપર વલગેલા બાલથી બધેા બેદ ખૂલ્લેા થયેા, અને પેલી બીંટીના બરમ ઉપરથી તે સેાની મરનાર સખ્સના બેાંતનેા ખુલાસેા થયેા; પારકી દેાલત મેલવનાં પથ્થરનું હકણું તેનાં માથાં ઉપર પડવે બેાપરી ફાટી જવાથી તે મરણ પામ્યેા હતેા એવેાજ અભિપ્રાય ઍ:મતે ધારાશાસ્ત્રીઓએ, જુરી તેમજ જડજે આપ્યેા, અને બાબાબરથી ગ્રેમેારને મરી બક્ષી.

આખા ગ્રીન હેાલેાઝ ગામડામાં ખુશાલી વ્યાપી રહી. પેાતાના બાપદાદાએ દુશમનને હાથ બળલખ દેાલત જતી અટકાવી તે બાપદા મુજબ બધી ગ્રેમેારને મલી, અને તે કાસલની નવે સરથી મરામટ કરી બહુ બખતમાં સંગાર્યો, અને તેજ ગ્રેમેાર કાસલનેા પાછેા રાજા થયેા. બબંકર તુફાન પછીની ખુશાલીભરી શાંતિ ગ્રેમેર વ્યાપી રહી.

અને બીજા ૭ માસ પછી પનેાતી, મેહેાબ્બતવંતી દીલછટ ઍલીસ વાહાલા સાથરીલ ગ્રેમેાર સાથ સ્યાદીના ન તુટે કે છુટે એવા, બુદ્ધ પાક પરવરને ઘેર તુસીક, ચીચટ ગાંઠથી એક થઇ, અને ગ્રેમેાર કાસલમાં પેાતાના વાહાલા ભરથારની દીલસેાઝ પ્યારભરી પનાહ અને રાહાબરી હેઠળ રાજ કરતી રાણી અને સાહેબી કરતી શેાભણી થઇ રહી.

"સનમને ભાવથી વરીએ!"

(ગઝલ)

બિછાવો કાં અરે! પડદા! બિરાદર મોહના કરીએ!
મિચાંવો કાં અરે! નયનો? રમી લ્યો પ્રેમ સરવરીએ-(બિછાવો) ૧

લગન શું આંધળી લાગી?
શરમ ને હાય કાં ત્યાગી? (૨)

જુવો તો હા જરા જાગી; સનમથી શું હવે ડરીએ?-(બિછાવો) ૨

બતાવે ઈશ્કના ખેલો!
પતાવે વિખનો વેલો! (૨)

છકેલી! મસ્તિ માં લહેલી! સનમથી કુસ્તિ હા કરીએ-(બિછાવો) ૩

સમન શાન્તિ! હરે ભ્રાન્તિ!
સફર માં ના દમે! કાને! (૨)

બતાવે દિવ્ય કાન્તિ તે; હવે તો બાથડી ભરીએ-(બિછાવો) ૪

અરે! આ ખેલ માટીના!
ગમે કાં ખેલવા પ્યારા? (૨)

હવે તૂ! બાપુ! રે! ના! ના! અસત સૌ ખેલ પરહરીએ-(બિછાવો) ૫

પરેશાનિ હરે ચોતે!
અરે! કાં અન્યને ગોતે? (૨)

રહી ખેલી અજબ જ્યો-તે! શુ મોહિ માટીથી મરીએ-(બિછાવો) ૬

વિસારી ગમગિની બાપુ!
સુધારી લે સફર ત્હારી! (૨)

રમત શું રસહીણી બાપુ? "સનમને ભાવથી વરીએ"-(બિછાવો) ૭

"રસહીન."

પ્રજાકીય કેળવણી.

લખનારઃ–એક અભ્યાસી.'

(૫)

માણસજાતનો સ્વભાવ સઘળે સરખોજ હોય છે. જે મતભેદો જણાય છે તે ઘણે ભાગે સમાજ, ભાષા અને ઋતુને આભારી છે. જાતિભેદને કેટલીકવાર જે રંગ ચઢાવવામાં આવે છે તેવો રંગ ખરેખર હસ્તી ધરાવે છે કે કેમ તે બહુજ શંકાસ્પદ છે. ભાષા અને ઋતુને લીધે કેટલાક ભેદો રહેશે પણ સામાજીક, રાજદ્વારી અને આર્થિક ભેદો દુર થઇ જશે અથવા મોટે ભાગે ઓછા થશે. અમેરિકાના યુનાઇટેડ સ્ટેટસમાં પગ મૂકતાંજ આખી દુનિયાની જૂદી જૂદી જાતિઓ કેવી રીતે એક થતી જાય છે તેનો જોનારને ખ્યાલ આવે છે, છેલ્લા યુધ્ધે રાષ્ટ્રીય ભેદો (National differences)ની તીક્ષ્ણતા બતાવી દીધી છે અને તે સાથેજ માનવજાતિની એકતા (oneness of humanity) ની પણ સ્થાપના થઇ છે. કદાચ ભવિષ્યમાં સઘળી સંસ્કૃતિઓ એક પણ થઇ જાય ! આખું જગત કુંભારના ચાક પર ચઢેલું જણાય છે. જેને એ વાતનો શક હોય તેણે જગતની મુસાફરી કરી જણી લેવુ જોઇએ કે ન્યુયોર્ક, પૅરીસ, લંડન, બરલીન અને ટોકીઓમાં જુદી જુદી જાતિના માણસોને ઓળખતા કેટલી મુશ્કેલી પડે છે. ન્યુયોર્ક, શીકાગો, વોશીંગટન (ડી. સી.) અને સાન્ફ્રાસીસ્કો તો નાની દુનિયા જેવાજ છે. ત્યાં સઘળી જાતિ, પ્રજા અને સંસ્કૃતિના પ્રતિનિધિઓ નજરે પડશે. સઘળી જાતિના ગોરા લોકો ત્યા એકજ ઢબે વસે છે, એકજ ભાષા બોલે છે અને એક સરખાજ દેખાય છે. ન્યુયોર્કના મહોલ્લામાથી પસાર થતાં દરેક ત્રીજો માણસ અંગ્રેજ ભાષા બોલે છે પણ તે પરથી તેને અંગ્રેજ માની લેવો નથી. નાક, માથું, વાળનો રંગ વિગેરે પરથી જાતિ ઓળખવાની કેટલાકો વાત કરે છે પણ એ ચિન્હો ઘણીવાર ભુલ કરાવે છે. ન્યુયોર્કના ઇસ્ટ–એન્ડ એવન્યુઝમાં તમે દાખલ થશો તો ત્યાં તમે આરમીનીઅન, પરશીઅન, સીરીઅન, આરબ, રશીઅન, ટર્ક, રેડ ઇંડીઅન, બ્લેકવર્ણી હિંદુ, યહુદપશીઅન, જર્મન, ઇટાલીઅન, પોલ, સ્વીસ, સ્વીડ, નોરવેજીઅન, ચીન, હંગેરીઅન. બલ્ગેરીઅન, ગ્રેઇન, સ્પેનીઆર્ડ અને પોર્ટુગીઝ તથા નીગ્રોનો સંભુમેળો જોશો અને એક બીજાની જાતિ ઓળખાવી તમને મુશ્કેલ જણાશે. ચીના અથવા જાપાનીને તમે વારંવાર પીછાની શકશો, પણ તેમા પણ ભુલ થવાનો સંભવ છે. જાપાન અને અમેરિકામાં યુરોપીઅન પોષાકમાં સજ્જ થયલા જાપાનીઝ અને ચાઇનીઝો યુરોપીઅન જેવાજ લાગે છે. જાપાન કેટલી ઝડપથી યુરોપી થતું જાય છે તેનો આપણને ખ્યાલ નથી. કોઈ તેથી દિલગીર થાય, કોઇ જાપાનને યુરોપીય રીતભાત ધારણ કરવા માટે ઠપકો આપે એ બનવાજોગ છે. પણ ખરી વાત એ છે કે એ કુદરતનો બેલ છે. જાપાન કુદરત આગળ લાચાર થઇ ગયું છે. આ પ્રયોગ લગભગ આખી દુનિયામાં ચાલી રહયો છે.

સમાન જગત વિચિત્ર અને ભયંકર લાગશે એ વાત સાચી છે. જગત તેની વિચિત્રતા અને ભિન્નતાને લીધેજ બહુ સુંદર લાગે છે. પણ આપણને ગમે યા ન ગમે તો પણ એ વિચિત્રતા ઘણે ભાગે-ઉપર ઉપરથી તો જરૂરજ અદૃશ્ય થઈ જશે. નહિ. કદાચ તેમ નહિ થાય, મારી ભૂલ પણ થતી હોય. દુનિયામાં વિચિત્રતા ચાલુ રહેશે પણ એક એ સદીમાં તેમાં ઘણોજ ઘટાડો થઈ જશે તે વિશે કંઈ શંકા નથી. એક પ્રજાએ બીજી પ્રજાથી પોતે કઈ બાબતમાં જુદી પડે છે તેને બદલે બન્નેમાં સમાનતા કયાં છે તે જાણવાની જરૂર છે અને એ સામ્ય બીલવવાની જરૂર છે. એંગ્લો સેક્ષન સુધારા, ટયુટનોનો "Kultur" અને લૅટીન સંસ્કૃતિ એક બીજા સાથે જલદીથી એકત્ર થઈ જવાની અણીપર છે. તેમનાં તત્વો એકજ રહેશે. પ્રોફેસરો અને સાવાંઓ એક બીજા સાથે ભલે લડ્યા કરે પણ એ સુધારાઓના સામાન્ય જીંદગીમાંના સિદ્ધાંતો એક સરખાં થઇ જશે.

એશિયાની સ્થિતિ પણ એવીજ છે. એવો સમય નજીક આવતો જાય છે કે જ્યારે આરબો, પરશીઓ, હિંદુઓ, ચીનાઓ અને જાપાનીઝો એક બીજાના મતભેદોને બદલે સમાનતાની વાતોમાં વધુ રસ લેતા થશે. યુરોપ અને યુરોપીઅન વિચારોથી એશિયા એકત્ર થશે એમ લાગે છે. આ કલ્પના વિચિત્ર લાગશે-કેટલાકોને અપમાન ભરી પણ જણાશે છતાં .. મને સાચી લાગે છે. યુરોપના ભયથી એશીઆ એક થશે અને પછી એશીઆના સામા ...થી યૂરોપ તેના તરફ દોસ્તીનો હાથ લંબાવશે. યુરોપ અને એશિઆ એક થતાં દુનિયા એક થાય છે કારણકે અમેરિકા યુરોપનું બાળક છે અને આફ્રીકા એશીઆનું બાળક છે. એશીઆ અને યુરોપ બન્ને પોત પોતાની રીતે આખી દુનિયાને એક કુટુંબ બનાવવાના આ પ્રયોગમાં ફાળો આપશે. છેલ્લા વિશ્વવ્યાપક યુદ્ધમાંથી (કદાચ બીજાં યુધ્ધો પણ થાય) જગતની ઐકયતા જન્મી છે અથવા જન્મશે.

હિંદમાં યૂરોપીયન ભાષાઓ, યુરોપીઅન સાહિત્ય અને યુરોપીઅન વિજ્ઞાનના અભ્યાસ તરફ બેદરકારી બતાવવામાં આવે તે પહેલા નંબરની મુર્ખાઈ છે. ખરી વાત તો એ છે કે યુરોપના જ્ઞાનનો આપણે જોઇએ તેટલો લાભ લીધોજ નથી. આજ સુધી સંજોગો આપણી વિરૂધ્ધ છે. દરેક હિંદી ઓછામાં ઓછી એક યુરોપીઅન ભાષા જાણે, યુરોપીયન શસ્ત્રો વાપરી શકે, અને યુરોપીઅન યંત્રવિદ્યાની માહીતગાર થાય એવી સ્થિતિ લાવવા માટે આપણે આપણાં તન મન ધન ખરચી નાખવા જોઇએ. આપણા દેશે દુનિયાને-યુરોપને ભુત-કાળમાં બહુ પાઠ ભણાવ્યા છે. ભારત વર્ષના ઋષી મુનીઓનું જગત્ કરજદાર છે. આજે યુરોપ પાસેથી જ્ઞાન મેળવવામાં આપણે કંઇજ શરમાવાનું નથી; કારણકે યુરોપના વિજ્ઞાનથી માહિતગાર થઇ, તેમાં પૂર્વના તત્વજ્ઞાનનું મિશ્રણ કરી આપણે અખિલ વિશ્વને હિન્દુસ્થાનનો પવિત્ર સંદેશો સણાવીને જગતને ખુદાઈ નુર ઝળહળીત કરવા માગીએ છીએ.

બ્રિટન જ્યારે જર્મની સાથે લડાઇમાં ઉતર્યું હતું, જ્યારે આખી સલ્તનત ભયમાં આવી પડી હતી ત્યારે ઇંગ્લંડના કેળવણી ખાતાના પ્રધાન રાઇટ ઓનરેબલ મી૦ ફીશર લડાઇનો ખ્યાલ છોડી દઇને પાર્લામેંટ અને પ્રજાને કેળવણીના પ્રચાર તથા શિક્ષણના સુધારા પર લક્ષ આપવાની ફરજ પાડી રહ્યા હતા. મી૦ ફીશર કહે છે:—

"The capital of a country does not consist in cash or paper, but in the brains and bodies of the people who inhabit it....."

"દેશની મુડી રોકડાં નાણાં કે નોટોના થોકડામાં સમાતી નથી. દેશની ખરી થાપણ તો તેમાં વસતી પ્રજાનાં મેજ અને શરીરમાં રહેલી છે..."

૧૯૧૭ માં-મધ્યકર યુદ્ધની અધવચમાં મી૦ ફીશરે પાર્લામેંટ અને પાર્લામેંટની બહાર કેળવણી વિષે અનેક ઉપયોગી ભાષણો આપ્યાં હતાં. તેમાના એક ભાષણમાં તેમણે કહયું હતું:-

"કેળવણી અગત્યની છે તે તો સ્પષ્ટજ છે. દરેક માબાપ જાણે છે કે તેના બાળકનું ભવિષ્ય તેને મળતી કેળવણીપર લટકેલું છે. તે જીંદગીના વેપારમાં બાહોશ થશે કે નીર્માલ્ય, સમાજનો એક ઉપયોગી સભાસદ બનશે કે નીરૂપયોગી વહેંતીયો, તેનો આધાર કેળવણી પરજ છે, તે શાણો થશે કે અસ્થીર, સુધરેલો થશે કે અભણ, જંગલી થશે કે સંસ્કૃત, ગ્રહેરી બનશે કે અરાજક? આ બધા સવાલોનો અરધો જવાબ તેના લોહીપર આધાર રાખે છે. પણ કુળ અને લોહીમાંથી મળતા ગુણોમાં કેળવણીથી સારા અથવા માઠા ફેરફારો મોટે ભાગે કરી શકાય છે..."

શ્રીમંત વર્ગ આમ વર્ગને અભણ રાખવાનો હંમેશાં પ્રયત્ન કરે છે. તેઓ તેમ ન કરે તો આમ વર્ગને લુંટીને પોતે શ્રીમંત થઇ ન શકે. આજ કારણને લીધે તેઓ કેળવણી સર્વ વ્યાપક કરવાની વિરૂદ્ધ થાય છે. તેઓ કહે છે કે "અમીર ઉમરાવ માટે શિક્ષણની જરૂર છે-આમ વર્ગ માટે નહિ." આમ વર્ગનું કામ તેમને માટે મજુરી કરવાનું છે. તેઓ કબુલ કરે છે કે કેળવણી કોઇ જગ્યાએ હોવી જોઇએ પણ તે સઘળે ઠેકાણે હોવી જોઇએ એ સિધ્ધાંતનો તેઓ ઇનકાર કરે છે. મી૦ ફીશર પુરવાર કરવા માગે છે કે કેળવણી સર્વત્ર-સઘળે ઠેકાણે હોવી જોઇએ. કોઇપણ રાજ્ય સંગીન કેળવણીની પધ્ધતિ સિવાય આબાદ થઇ શકતું નથી.

કેળવણી એવી જાતની હોવી જોઇએ કે જેથી માણસના સારામાં સારા તત્વો બહાર આવે અને તે સમાજને ઉપયોગી થઇ પડે. કેળવણી ફકત "ગુજરાન કરવાની કળા" નથી પણ જીવવાની કળામાં પારંગત થઇ સમાજની સેવા માટે મનુષ્યને તૈયાર કરનારી જડીબુટ્ટી છે. કેળવણી મારફતેજ સરકાર પોતાના શહેરીઓની શકિતઓનો સારામાં સારો લાભ લઇ શકે છે. પ્લેટો કહે છે તેમ "આત્માને પ્રકાશ તરફ દોરી જનાર" કેળવણી છે. નેપોલીયનના બોલોમાં બોલીએ તો કેળવણીનો હેતુ "બુધ્ધિમાનો માટે વિશાળ કારકિર્દિ" ખુલ્લી કરવાનો છે. ગમે તેમ હોય પણ પ્રજાને જવાબદાર રાજ્યસતા માટે કેળવણીની ઘણીજ જરૂર છે કારણ કે શિક્ષણ વિના પ્રજાકીય સરકાર નીભવી બનવાનેગજ નથી.

આ દેશમાંજ કેળવણી બાબતમાં ખામીભરી છે એવું કંઇ નથી. સ્વતંત્ર બ્રિટનની શિક્ષણ સંસ્થાઓ પણ ખામી વિનાની નથી. મી. ફીશર તે વિષે ટીકા કરતાં કહે છે કે:-

"મેં લોકોને બહોળે સાંભળ્યું છે કે હાલની કેળવણીમાંનાં ઘણા તત્વો નકામાં હોય છે. જો કોઇ નિશાળમાં ડોકીયું કરી જોઇશું તો આપણને જણાશે કે ત્યાં ખોટા વિષયો, ખોટી રીતે નાલાયક શિક્ષકો તરફથી શીખવવામાં આવે છે,...પણ તે માટે જવાબદાર કોણ છે? તે માટે પ્રજા ગુનેહગાર છે... બાળકોના શિક્ષણપર ભવિષ્યનો આધાર છે. અને તે માટે દરેક સ્ત્રી અને પુરૂષે શિક્ષણ સંસ્થા જેમ બને તેમ નમુનેદાર અને ખામી વિનાની બનાવવાની પોતપોતાના વિભાગમાં માગણી કરવી જોઇએ. એક યુવાન આશા રાખી શકે તેટલા બધાય લાભો કેળવણીથી થઇ શકે એમ જ્યાં સુધી બ્રીટનની પ્રજા માનતી ન થાય ત્યાં સુધી આપણી "નેશનલ સ્કુલો"ની દશામાં સુધારો કરવાની આશા વ્યર્થ છે. જેમ તેમ બાળકને ઘાત ચોપડી ભણાવી "ભણેલો" માની લેવાની જરૂર નથી." (અપુર્ણ)

ભગવતી ભાસીનો ભજનો ભમરદાર છે.

નવરંગ માટે ભાસ રચનાર–કવિ આદીલ.

(મનહર કવેત.)

પ્રશસ્ત પૃથ્વીમાં પૂછે પ્રશ્ન પૂરેપૂરો,
પદ્મો મ્હાય પદ્મલાલિત્ય કોણથી પધાર છે?

દાના કેરી દાનાઈના દાના દક્ષતાથી દેખો,
દુન્યાની દોલત દાસી દાનાઓને દ્વાર છે.

કકુડાઓ કૂકડાઓકાંની કૂદાકૂદ કરે,
કવિ કરે કાવ્યો બો કર્મનો કરાર છે.

ચતુરો, ચપળો, ચટ ચાલાકો, ચબોલા ચબો,
ચોરો, ને ચુગલખોરો, જેના ચરવાદાર છે.

તમો ગુણ તાત્કાળ ટાળે કવિ તડભડ,
ત્રિતાળની તરંગિણી તરવાને તૈયાર છે.

કવિઓમાં કોણ કવિ? કહોની કારૂણ્ય કરી,
કથની કઠણ કથી કારી કટીઆર છે.

ખરખર હસી કરે આદીલ ખુલાસો ખરો,
ભગવતી ભાસીનો ભજનો 'ભમરદાર' છે.

———:o:———

"જમીલા અને જલીમા."

એક ઇતિહાસીક ટુંકી વારતા.

લખનારઃ-દોરાબ બી. કરલી.

પ્રકરણ ૧ લું.

અહમદનગરથી કેટલાક અંતરે એક સુંદર કબરસ્તાન આવેલું છે. એ કબરસ્તાનમાં સુંદર લાલ રંગના પત્થરોની બાંધેલી એક ઇમારત છે. દુરથી એ કબરસ્તાનપર નજર કરતાં એકજ ઇમારત છે, એવોજ ભાસ થાય છે; પરંતુ પાસે જઇને જોતાં એ બે ઇમારતો છે એવો જોનારનો નિશ્ચય થઇ જાય છે. એ બે ઇમારતોનો ઇતિહાસ બહુંજ રહસ્ય હોવાથી અહીં વાર્તાના રૂપમાં આપવામાં આવે છે.

દક્ષીણમાં મરેહાઓના ભાગ્યને બહુજ વધી ગયેલું જોઇને તેમના શાસન માટે ઔરંગઝેબ બાદશાહે પોતે દેલ્હીથી નીકલીને દક્ષીણમાં આવી અહમદનગર વસાવીને ત્યાંજ વસવાટ કર્યો હતો, અને અંતે તેનો અંત પણ ત્યાંજ થયો હતો, એથી ઔરંગઝેબની કબર ત્યાં લોકોના જોવામાં આવી શકે છે.

તે સમયે ઔરંગઝેબને તેના પુત્ર બહાદુરશાહ વચ્ચે અસરપસર અનબનાવ થયેલો હતો. બહાદુરશાહ પોતાના પિતાના પક્ષને ત્યાગીને પોતાના લશ્કર સાથે મરેહાઓ સાથે જઇ મલ્યો હતો. બાદશાહની તેહનાતમાંના મુગલ સરદારો અને રાજપુત રાજાઓમાંથી કોઇની પણ તેની સાથે જવાની હીંમત થઇ નહતી. બહાદુરશાહના પક્ષમાં જઇ મળવાની ઘણી કોની ઇચ્છા હતી; પણ બાદશાહના ડરથી તેમનાથી તેમ કરી શકાતું ન હતું. માત્ર એકજ મુગલ યુવક તેની જોડે ગયો હતો અને પછીથી તે સર્વે સુખદુઃખના પ્રસંગે તેનો સદાનો સાથી બની રહયો હતો. એ મુગલ યુવકનું ખરૂ નામ જો કે જલાલુદીન હતું; પરંતુ તેનું મુખમંડળ અત્યંત મનોહર હોવાથી તેને સર્વે જના દિલખુશના નામથીજ ઓળખતા હતા. તે બહાદુરશાહની મોટી બેગમની દાસીનો પુત્ર હતો, પરતુ તેનામા બહાદુરશાહનો અતિશય પ્રેમ હોવાથી અને તેના મુખની આકૃતિ પણ તેના જેવીજ હોવાથી લોકો તેને બહાદુરશાહનો પુત્ર સમજતા હતા અને મોટા મોટા સરદારો પણ તેનું સારૂં માન જાળવતા હતા. બહાદુરશાહ સાથે જવાની કોઇની પણ છાટી ચાલી નહીં; પણ એ પંદર વરસની વયનો તરૂણ હીંમત રાખીને તેની સાથે જવાને તૈયાર થઇ ગયો.

જે દીવસે રાતે અંધકારની મદદથી બહાદુરશાહ લપાઇ છુપાઇને બાદશાહની છાવનીમાંથી નાસી ગયો હતો તે રાત્રે બનેલા એક બાસ બનાવનો અહી વિવેચન કરવુંજ જોઇએ. દિલખુશ

પ્રથમથીજ બહાદુરશાહની પરવાનગી મેળવી રાખી હતી હતી, અને એવો ઠરાવ થઇ ચુકયો હતો કે, તેણે અંધકારમાં અન્ને છાવણીના પાછલા દરવાજા બહાર બહાદુરશાહને જઇ મલવું. ત્યાંજ તેમના માટે ચપલ ઘોડાઓ તૈયાર રાખવાની ગોઠવણ પણ કરવામાં આવી હતી. જે દરવાજામાં થઇને બહાર નીકલવાનું હતું, તે દરવાજા પરના પહેરેગીરને લાંચ આપીને બહાદુરશાહે પોતાને વશ કરી લીધો હતો, અને ચોરી છુપીથી દરવાજામાંથી નીકલીને બધાને કતેહમંદીથી પસાર કરવાનું કામ તેણે દિલખુશને સોંપ્યું હતું. દિલખુશે શાહજાદાની આજ્ઞા પ્રમાણે એ કામ ચોખ્ખુ તો કરી રાખ્યું હતું ખરૂં, પણ આજ્ઞા વિના એક વાતનો તેણે વધારો પણ કર્યો હતો, અને તે એ કે, પ્રથમ તો છાંવણીમાથી માત્ર બે પુરૂષોના પલાયનનીજ ગોઠવણ થઇ હતી, પરંતુ દિલખુશે પહેરેગીર સાથે ત્રણ માણસોને જવા દેવાનો કરાર કરી રાખ્યો હતો. બહાદુરશાહ એ ત્રીજા વ્યકિત વીશે કાંઇ પણ જાણતો ન હોતો. જે વેળાએ બહાદુરશાહ અને પહેરેગીરની એ વીષે વાતચીત થઇ હતી, તે વેળાએ દિલખુશ અને બહાદુરશાહ એ બેના જવા માટેનોજ નિશ્ચય કરાયો હતો, એટલે ત્રીજા મનુષ્યનું નામ નીકલતાંજ પહેરેગીરે દિલખુશને પુછ્યું કે:—"એ ત્રીજો માણસ કોણ છે વારૂં? એ મનુષ્ય માટે સુલતાન સાહેબે મને કાંઇ પણ હુકમ ફરમાવ્યો નથી."

દિલખુશે જરાક હસીને જવાબ આપ્યો કે:—"પ્રથમ એ માણસના આવવાનો વિચાર ન હતો, પરંતુ હવે તેને સાથે લેવાનો સુલતાન સાહેબનો નકકી વીચાર થયેલો છે અને તેથી એ કામ માટે તને પચીસ મોહોર વધારે આપવાનું પણ તેમને મને કહેલુ છે."

"પણ એ ત્રીજો મનુષ્ય કોણ?" દિલખુશના વચનમાં વિશ્વાસ ન બેસવાથી પહેરેગીરે પાછો સવાલ કર્યો,

"એ માણસ લશ્કરના સરદારોમાનો નથી, પણ એક સુંદરી છે. અને તે સુલતાન સાહેબની ધણીજ માનીતી છે." દિલખુશે કહયું.

"ત્યારે તમો ત્રણ જણ સાથેજ જવાના છો કે?" પહેરેગીરે પુછ્યું.

"નહિ; કારણકે એમ કરતાં કદાચ કોઇ જોઇ લે એવો સંભવ હોવાથી પહેલાં હું જઇશ, મારા જવા પછી અડધા કલાકે સુલતાન સાહેબ આવશે અને ત્યાર પછી છેલ્લી તે સુંદરી નીકલશે." દિલખુશે સમજાવીને કહયુ.

"જુઓ; હું મારી પોતાની ગરદનપર તલવાર રાખીને આપનું આ કામ બજાવવાને તૈયાર થયો છુ, એટલે જો સુલતાન સાહેબ બાદશાહ થાય, તો મને સરદારી આપવીજ જોઇએ, એમ તેમને કહી રાખજો" પહેરેગીરે પ્રાર્થના કરી.

દિલખુશ તે સાધારણ પહેરેગીરની આવી લાલચ જોઇને મનમાંને મનમાં જરાક હસ્યો અને પછી કહેવા લાગ્યો કે:—"એ માટે વારંવાર કહેવાની કશી પણ જરૂર નથી. તમો સરદાર તો થવાનાજ. વારૂ, ત્યારે બંદોબસ્ત બધો બરાબર કરી રાખ્યો છે ને?"

"હા, બધી વ્યવસ્થા કરી રાખી છે, પણ આપ સર્વે કેટલા વાગે જશો?" પહેરેગીરે પુછ્યું.

"બાર વાગ્યા પછી ? પણ સાવધ રહેજો, આ બેદ કોઇના જાણવામાં ન આવવો જોઇએ." દિલખુશે તાકીદ કરી.

"એ કહેવાની કાંઇ પણ અગત નથી; કારણ કે મારા જીવની હજી મને પરવા છે," પહેરેગીર બોલ્યો.

"વારૂ ત્યારે હું જાઉ છું." દિલખુશે કહ્યું.

દિલખુશ ત્યાંથી ચાલીને બાદશાહના તંબુમાં આવ્યો અને ત્યાં તેને પોતે પહેરેગીર સાથે કરેલા બંદોબસ્તની બીના બહાદુરશાહને કહી સંભલાવી, માત્ર તે ત્રીજા મનુષ્યનુ નામ તેને કહયું નહી. બાદશાહે નિયમીત સમયે છાવણીના પાછલા દરવાજાપર હાજર રહેવા માટેની દિલખુશને તાકીદ કરી અને તે પોતે બીજી વ્યવસ્થા કરવા લાગ્યો.

પ્રકરણ ૨ જું.

અમાસની અંધારી રાત્રીનો સમય હતો. આકાશ વાદળથી ઘેરાયલું હતું. વચવચમાં વીજલી ઝબકનારા થતા હતા. એવા પ્રસંગે મરાઠા બહાદુરો છાવણીપર એકાયક હલ્લો કરે એવો સંભવ હોવાથી બાદશાહે છાવણીમાં શખત ચોકી પહેરો રખાવ્યો હતો. હથીયારથી સજ્જ થઇને મુસલમાન સીપાહી છાવણીના બધા રસ્તાઓમાં ફરતા દેખાતા હતા. સર્વે ઠેકાણે બધો બરાબર બંદોબસ્ત જોવામાં આવતો હતો.

છાવણીના ઘડીઆલમાં રાતના બાર વાગવાના ટકોરા સંભલાયા, અને છાવણીના પાછળના દરવાજાપરનો પહેરેગીર દરવાજાને અઢેલીને ઝોકા ખાતો હતો; એટલામાં ઘડીઆલનો અવાજ કાને આવતાં તે એકાએક ઝબકીને જાગી ઉઠયો એક બે ને ત્રણ એવી રીતે તેને બાર ટકોરા મણ્યા એ પળેજ માંયાથી પગ સુધી એકજ કપડામા ઢંકાયલો કોઇ મનુષ્ય છાવણીમાંથી બહાર નીકળ્યો, એમ એના જોવામા આવ્યું. "એ દિલખુશજ હોવો જોઇએ" એમ ધારીને તે કાંઇપણ બોલ્યો નહી.

એ પછી કેટલોક વખત વીતી ગયો અને વલી પણ તેવાજ પ્રકારનો બીજો એક પુરૂષ દરવાજા તરફ આવતો તેને દેખાયો. "એ બહાદુરશાહ પોતેજ હોવો જોઇએ" એમ પહેરેગીરે ધાર્યું. તે પુરૂષ દરવાજા પાસે આવ્યો અને તેને પહેરેગીરે તલવારની સલામ આપી. તે પુરૂષ કાંઇપણ ન બોલતાં એકદમ દરવાજામાં થઇને બહાર ચાલ્યો ગયો. તેના જવા પછી પહેરેગીર ત્રીજા માણસની આવવાની વાટ જોતો ઉભો રહયો. ઘણો વખત જવા છતાં કોઇને પણ આવતું ન જોઇને તે કંટાળી ગયો અને ઉંઘ લાવવાને માટે ભીંતને અઢેલીને ઉભો રહયો. તેની આંખમાં ઉંઘના ઝોકા આવવા લાગ્યા. ઉંઘમા તેને કોઇ મનુષ્યનો દરવાજા બહાર નીકલ-વાનો ભાસ થયો. એ ત્રીજી યુવતીના જવા પછી તે બરાબર જાગત થયો, અને તે વેલાએ વળી બીજી એક બાળા દરવાજામાંથી બહાર નીકલતી તેના જોવામાં આવી. કુળ ત્રણ મનુ-ષ્યના જવાનો ફરાવ થએલો હતો. ચારનો નહી; એતું ભાન આવતાં તરત તેને દોડીને તે બાળાનો હાથ પકડી લીધો બાળાએ પોતાનો હાથ છોડાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેમાં તે

નીષ્ફળ થઇ એટલામાં વીજલીનો ઝબકારો થયો; અને તે પ્રકાશમાં પહેરેગીરને તે બાળા ઘણી સુંદર અને બાર તેર વરસના વયની હોવી જોઇએ એમ દેખાયું. 'એને મે કયાંય પણ જોયલી હોવી જોઇએ' એવો તે પહેરેગીરને ભાસ થવાથી તે તેને બરાબરજ જોવા લાગ્યો, અને વીચાર કરવા લાગ્યો, પરંતુ કાંઇ પણ તેના ધ્યાનમાં આવ્યું નહી. પહેરેગીર પોતે જો કે કઠણ છાતીનો હતો; છતાં તે બાળાના સુંદર સ્વરૂપને જોઇને તેનું મન પીગલી ગયું, અને તેથી તે અદબથી તે બાળાને પુછવા લાગ્યો કેઃ-"માત્ર ત્રણ સપ્સોને જવા દેવાનોજ માહરી જોડે કરાર થયેલો છે; તો પછી ચોથાં તમો કોણ છો?"

"હું ચોથી નથી; પણ તે ત્રણ સપ્સોમાંનીજ એક છું," તે બાળાએ હીમતથી જવાબ આપ્યો.

" ત્રણ માનસોને જતાં તો હું માહરી આ આંખોથી જોઇ શકયો છું, એટલે તમે તે ત્રણ જણામાંના તો નથીજ," પહેરેગીરે મક્કમ જવાબ આપ્યો.

એ જવાબ સાંભળીને તે બાળાએ પોતાના ગલાંમાંથી એક બહુ કીંમતી મોતીની માળા કાઢીને પેહરેગીરના હાથમાં આપી અને કહયું કેઃ-"બસ હવે વધારે કાંઇ પણ બોલ્યા વગર મને જવા દે."

" આ માળા માહરા શું ઉપયોગની વારૂં? જો માથું સલામત ન રહે તો માળા પહેરશે કોણ?" પહેરેગીરે માળા પાછી આપીને કહયું

પહેરેગીરનો આવો જવાબ સાંભલી તે મક્કમ થઇને કહેવા લાગી કેઃ-"જો; હું જવાની તો નકકી! તું મને કદાપી રોકી શકવાનો નથી. જો તું મને જતી અટકાવીસ, તો હું આ પલેજ ધુમ પાડીને બધા સીપાહીઓને એકઠા કરીશ અને તેં સાંચ લઇને બહાદુરશાહને છાવણીમાંથી બહાર નીકલી જવા દીધો છે, તે વાત જાહેર કરી નાખીશ."

બાળાના આવાં વચનો સાંભળીને પહેરેગીર ભયથી ધ્રુજવા લાગ્યો, અને તે બાળાના હાથને છોડી દઇને બેચાર ડગલાં પાછળ હટીને ઉભો રહયો. પ્રસંગ મલતાંજ તે બાળા ત્યાંથી તરતજ અદ્રશ્ય થઇ ગઇ!!

તે બાળાના જવા પછી પહેરેગીર એકદમ હેબતાઇ ગયો. એ બાળા કોણ હતી, એવું હવે તેને સ્મરણ થયું, અને અજાયબ થતો તે મનમાંજ કહેવા લાગ્યો કેઃ-"એ બાળા તો બાસમહાલ બેગમની દુષ્ટર સુલતાના જલીમાજ હતીને શું?"

તે રાત્રે ઔરંગઝેબની છાવણીમાંથી ત્રણ માણસો નહાસી ગયા હતા, એની પહેરેગીર વીના બીજા કોઇને પણ ખબર નહોતી. ત્રણ માણસો ઉપરાંત એક ચોથુ મનુષ્ય પણ ચાલી ગયું હતું, એની તે પહેરેગીરને પણ ઓળખ નહોતી રહી. તેને તે મનુષ્યને ઓળખી કાઢવા માટે આખી રાત વીચાર કીધો, પરંતુ એ વિષે તે કાંઇ પણ અનુમાન કરી શકયો નહીં. છેવટે તેણે એવી રીતે પોતાના મનને સમજાવ્યું કેઃ-"એ તો ત્રણ માણસજ ગએલાં છે; ચોથાનો તો મને ખોટો ભાસજ થયો હશે?"

સુર્યોદય થતાં બહાદુરશાહના પલાયનની વાતો સાંભળતાંજ આખી છાવણીમાં મહા કોલાહલ વ્યાપી ગયો અને ઔરંગઝેબના મનમાં ઘણોજ સંતાપ થવા લાગ્યો. મુસલમાન સૈનિકો સર્વે શોધ કરવા લાગ્યા, પણ બહાદુરશાહનો કશો પતો લાગ્યો નહી.

—:o:—

પ્રકરણ ૩ જું.

ઔરંગજેબની સર્વથી પ્રીય બેગમ ખાસમહાલ હતી. જોકે ઔરંગજેબ સાધારણ રીતે પોતાની સ્ત્રીઓ સાથે કપટથીજ વરતતો હતો, પણ ખાસમહાલ બેગમ ઘણી ખુબસુરત હોવાથી તેના પ્રેમમાં તે સારી રીતે સપડાઇ ગયો હતો. એ ખાસમહાલ બેગમની બે કન્યાઓ હતી અને તેઓ બેઉ સાથેજ જનમેલી હતી. એકનું નામ જમીલા અને બીજીનું નામ જલીમા હતું. એ બાળાઓ જેવી સુંદર બાળાઓ તે વેળાએ કોઇપણ બાદશાહના જનાનખાનામાં નહોતી, એવી ચારે તરફ તેઓની ખ્યાતી હતી. એ ઉપરાંત એ બંને બહેનો દેખાવમા એટલી બધી એકસરખી હતી, કે ખાસમહાલ બેગમ પણ કઇ જલીમા ને કઇ જમીલા, એ બરાબર ઓળખી શકતી નહોતી. બાદશાહ પોતે પોતાની એ પુત્રીઓને પ્રાણ કરતાં પણ અધિક પ્રિય માનતો હતો, અને તેમના સુખ માટે પોતાના સર્વ સુખોનું બલીદાન આપવા તૈયાર હતો.

ઉપર વાચકોને જે જરલ્લુદીન અથવા દિલખુશનો પરિચય થયેલો છે; તે દિલખુશ કેવળ એકલી જમીલાને દીલોજાનથી ચહાતો હતો; પણ દિલખુશના એક દીલની જમીલા અને જલીમા બંને ખરીદદાર હતા. તેમનો એ પ્રેમ નિર્મળ અને સાફ હતો. દિલખુશ અને જમીલાને એક બીજા સાથે હસતાં રમતાં જોઇને જલીમાના દીલમાં ઘણો આઘાત થતો હતો, પણ એ અદેખાઇને તેને છાતીમાંજ દાબી રાખી હતી અને એની બીજા કોઇને જાણ થવા દીધી નહોતી. દિલખુશે છાવણીમાંથી નહાસી જવા માટેનો પોતાનો નિશ્ચય જમીલાને જણાવ્યો હતો અને ચંચળ ચિત્તની જમીલાએ પણ તેની સાથે જવાની પોતાની ઇચ્છા જણાવી. "તને છોડીને હું એક પળ પણ જીવતી નહીં રહેવાની!" એમ જમીલાએ કહયું. દિલખુશ પણ હજી નાદાન છોકરોજ હતો, એટલે તેને પણ કાંઇ લાંબો વીચાર સુઝ્યો નહી, અને બહાદુરશાહને એ વિષે કશું પણ ન કહેતા જમીલાને સાથે લઇ જવાનો ઠરાવ કર્યો.

જલીમાએ દિલખુશ અને જમીલાના એ વિચારને છુપી રીતે જાણી લીધો હતો. એ બન્નેની જે જે વાતચીત થાય, તે સર્વે છુપાઇને સાંભળવાનો જલીમાનો રોજ રોજનો પડી ગયો હતો. તેમના પરસ્પર આદર ભાવ અને પ્રેમને જોઇને જલીમાના દીલમા અદેખાઇ આવ્યા કરતી હતી. અંતે તો અદેખાઇ એટલી બધી વધી ગઇ કે, તેમના એ સુખને તે જોઇ શકતી નહી. અને તેથી તેમના સુખમા અંતર પાડવા માટેની તે ઇચ્છા કરવા લાગી. એવામાં તેને દિલખુશ અને જમીલાની નહાસવા માટેની મતલબ સંભાળી લીધી. એ બન્ને સાથે જઇ સાથે રહીને સુખ ભોગવે અને પોતે માત્ર દુઃખમાજ દીવસ ગાળે, એ વાત જલીમાને યોગ્ય લાગી નહી, એટલે તેને પણ તેમની પાછળ જવાનો વિચાર કર્યો.

એ બન્ને બહેનો એકજ બંગલામાં સુઇ રહેતી હતી. જલીમાને ભર ઉંઘમાં પડેલી જોઇને જમીલા ધીમેથી બીછાના પરથી ઉઠી અને નહાસી જવાની તૈયારી કરવા લાગી. જમીલાની જવા પછી જલીમા પણ બીછાનપરથી ઉઠી અને અંધારામા જમીલાની પાછળ પછળ કેટલાક અંતરપર ચાલવા લાગી. તે છાવણીના દરવાજામાંથી કેવી રીતે બહાર નીકલી ગઇ એનું ઉપર જણાવેલું હોવાથી પાછું જણાવવાની કશી પણ જરુર નથી.

ઝાવણીના પાછળના ભાગમાં એક પર્વત જોવામાં આવતો હતો, અને બે ટેકરીઓના મધ્યમા લીલાછમ ઘાસથી ભરેલી એક ખીણ આવેલી હતી. દિલખુશે એ ખીણમાં પોતાના આવવાની વાટ જોઇને બેસવાનું જમીલાને કહ્યું હતું. એ સ્થાને તે બન્ને પ્રેમી મળવાના હતાં. દિલખુશે જમીલાને એ ખીણના રસ્તાથી સારી રીતે વાકેફ કરી રાખી હતી, એટલે જમીલા છાવણીમાંથી નીકલીને તરત તે ખીણ તરફજ ચાલવા લાગી. જલીમા પણ અંધકારમાં તેણીની પાછળજ હતી. બન્ને બેહુનોના મનમાં પોતપોતાના વિચાર ચાલ્યા કરતા હતા.

તે સ્થાને આવતાંજ જમીલા જમીનપર બેસી ગઇ. અંધકારમાં બરાબર દેખાવ ન દેખાવાથી જલીમાએ જમીલાને બેસતી જોઇ નહતી, એટલે તે સીધીજ આગળ વધવા લાગી. ચાલતા ચાલતા અંધારામાજ જમીલાના શરીર સાથે અથડાઇ અને તે ધડાક દેતી કે નીચે પડી ગઇ. બન્નેએ ગભરાઇને પોકાર કર્યો. એટલામાં વિજલીનો ચમકાર થયો અને બન્ને બેહુનોએ એક બીજાને ઓળખી લીધી. જલીમાને જોતાંજ જમીલાએ પહેલો સવાલ કર્યો કેઃ-"કેમ જલીમા! અહીં શા માટે આવી વારૂં?"

"અને તું શા માટે આવી છે વારૂં?" જલીમાએ હસીને સામો સવાલ પુછ્યો.

"એ કારણ તારાથી છુપાવી રાખવાનું કાંઇ પણ કારણ નથી. હું દિલખુશને મલવા માટેજ સર્વેને છોડીને અહીં આવી છું." જમીલાએ જવાબ આપ્યો.

"અને તાહરો ત્યા દિલખુશનો મેલાપ ન થાય, એટલા માટે હું સર્વેનો ત્યાગ કરીને અહીં આવી છું." જલીમાએ ગુસ્સામાજ કહ્યું.

"જલીમા, તું એ શું બોલી?" જમીલાએ તાજુબ થઇ પુછ્યું.

"કાંઇ નહીં," જલીમાએ કહ્યું.

"એટલે?" જમીલાએ પાછું પુછ્યું.

"એટલે એજ કે, હું આજે તાહરો જીવ લેવાની છું! જો આ કટાર પણ હું સાથેજ લતી આવી છું!!" એમ કહીને જલીમાએ પોતાના કમરપટામાંથી છુપાવી રાખેલી તિક્ષ્ણ ધારવાલી કટારને બહાર કાઢી. કટારને જોતાંજ જમીલા ગભરાઇ ગઇ અને કહેવા લાગી કેઃ— "જલીમા! તું આજે ગાંડી તો નથી થઇને? તાહરો માહરામાં આટલો બધો પ્રેમ હોવા છતાં તું મને મારી નાખે એ ન બનવાજોગ છે?"

"માહરો તાહરામાં જે અત્યંત અનુરાગ છે, તેટલા માટેજ હું તને મારી નાખવાની છું. જોડીયા ભાઇ કે જોડીયા બેહુનોમાંથી એકનું મરણ થતાં બીજાનું જીવન ટકી નથી શકતું, શું તે તાહરા સાંભળવામાં નથી આવ્યું કે? એટલે કે, તને મારી નાખ્યા પછી હું તાહરા ગળે વલગીને અહીંજ પડી રહીશ અને અહીંજ મરી જઇસ. તું સુખ ભોગવે અને હું માહરા દીવસો દુઃખમાં વીતાડું, એ બનીજ કેમ શકે? તને એ યોગ્ય દેખાય છે ખરૂં કે?" જલીમાએ અત્યંત વિકટ હાસ્ય કરીને કહ્યું.

"ત્યારે શું તું ખરેખર મને મારીજ નાખવાની કે?" જમીલાએ ભયગીન થઇને પુછ્યું.

"જો એમ ન હોત, તો હું અહી આવતજ શા માટે," જલીમાએ કહ્યું.

"ઠીક, ત્યારે જો તારો એવોજ વિચાર હોય તો હવે વિલંબ ન કર, જલીમા ! નહી તો જો દિલ્લીશ્વર આવી લાગશે, તો તારાથી મને મારી શકાશે નહી. તને દુઃખમાં નાખી હવે સુખ ભોગવવાની મારી જરાપણ ઇચ્છા નથી." જમીલાએ પ્રાર્થના કરી.

ઘાટકી દિલની જલીમાએ તે પલેજ પોતાની કટાર જમીલાની છાતીમાં ભોકી દીધી અને તે પ્રેમી બાળાએ તરત પોતાનો પ્રાણ છોડી દીધો ! જલીમાએ પોતાની મૃત ભગિનીનું શરીર તપ્તશય્યામાં રાખ્યું, તેના હોઠોને ચુંબન કર્યું, અને તેને આલિંગન આપીને ત્યાંજ શયન કર્યું. રાજમહાલમાં જેવી રીતે તેઓ નિદ્રાનો આસ્વાદ લેતી હતી, તેવીજ રીતે એ નિર્જીવ ખીણમાંની પાષાણ શિલાપર પણ તેઓ કાયમની નિદ્રા સુખમાં પડેલી દેખાતી હતી. હવે તેમના મુખનો રંગ અવિભંગ હતો,

પ્રકરણ ૪ થું.

બહાદુરશાહના છાવણી છોડીને ચાલ્યા જવાથી બાદશાહ ઔરંગઝેબના અંતઃકરણમાં ઘણોજ ખેદ થયો. તેના પરજ બાદશાહના ભવિષ્યનો સઘળો આધાર રહેલો હતો. બહાદુર શાહના હાથમાંજ સર્વે રાજ્ય કારભાર સોંપીને બાદશાહનો મકકાની યાત્રાએ જવાનો વીચાર હતો. એ સર્વે મનના મનસુબા મનમાંજ રહ્યા અને તે પિતાને છોડીને ચાલ્યો ગયો; એટલુંજ નહી, પણ તેણે શત્રુનો અવતાર ધારણ કર્યો, એટલે જેથી ઔરંગઝેબના દીલમાં ઘણો ક્રોધ ચઢયો, છતાં બાદશાહ પોતે અત્યંત દૃઢ છાતીના હોવાથી એ સર્વે દુઃખોને મુક મુખથી સહન કરી શકયો. જો કે પુત્રના દુરાચરણથી તેનુ દીલ ચીરાઇને ભિન્ન ભિન્ન થઇ ગયું હતું; તથાપી એ શોકનું ચિન્હ તેને બહાર પ્રકટ થવા ન દીધું. અને જ્યારે પોતાની આજ્ઞાધીન પુત્રીઓ જમીલા અને જલીમાંના પલાયનની વાર્તા તેના સાંભલવામા આવી, ત્યારે એ આઘાત સહન ન થવાથી તે મુર્ચ્છિત્ત થઇને જમીનપર ઢલી પડયો.

એ શોકના આઘાતથી તેનું પાષાણ સમાન દીલ વધારે ફોલી થઇ ગયું. ત્રણ દિવસ સુધી તેના સમક્ષ જવાની કોઇની પણ હીંમત ચલી શકી નહીં.

કન્યા વિયોગની વેદનાથી ઉન્મત થએલી ખાસમહાલ બેગમ દોડતી દોડતી બાદશાહ પાસે આવી અને શોકપુર્ણ કરૂણ સ્વરથી બાદશાહને કહેવા લાગી કે:-"જહાંપનાહ ? મારી છોકરીઓ મને પાછી લાવી આપો ?" બાદશાહનો કશો પણ ઉપાય ચાલે તેમ ન હતું; કારણ કે તે છોકરીઓને શોધવાનો એક પણ ઉપાય ઔરંગઝેબે બાકી રાખ્યો ન હતો. મુગલ સૈનીકો ચારે દીશામાં તે બાળાઓની અનેક પ્રકારે શોધ કરી આવ્યા હતા; પરંતુ તેમનો કશો પણ પત્તો મળી શકયો ન હતો.

ત્રણ દિવસ પછી બાદશાહે શય્યાનો ત્યાગ કર્યો. એટલા સમયમાં જમીલા અને જલીમાનો કોઇક પત્તો મલ્યો હતો, અને તેઓ પાછી પણ આવી હતી એટલે કે તે બન્ને બેરૂનોના મૃત શરીરોને ત્યા લાવવામાં આવ્યાં હતાં ? જે વેળાએ મુસલમાન સૈનિકો પર્વત અને જંગલમાં અટકતા તે બાળાઓની શોધ કરતા કરતા હતા, તે વેળાએ અચાનક ઉપર કહેલી

બીજુમાંથી તેમના મૃત શરીરો તેમને મળી આવ્યાં હતાં. અને તે શરીરોને તેઓ છાવણીમાં લઇ આવ્યા હતા. જમીલાના વક્ષ સ્થળમાં એક કટાર ભોકાયલી હતી. અને જલીમાના શરીરમાં શસ્ત્ર લાગવાનું કાંઇ પણ ચિન્હ હતું નહીં. જમીલ ના ગળામાં હાથ નાંખીને જલીમા તેના દેહ પર પડેલી હતી, અને બન્ને બેહેનોના હેકો એક સાથે મળી ગયા હતા એવી અવસ્થામાં તે મૃત-શરીરોને નિષાદીઓ બાદશાહ સમક્ષ ઉપાડી લઇ આવ્યા. ઔરંગઝેબ એ કરૂણાજનક દેખાવ જોઇને ત્યાંને ત્યાંજ મુર્છિત થઇ ગયો.

એ બાળાઓને ત્યાંજ દફનાવવામાં આવી ને ત્યાં ઔરંગઝેબે કબર બંધ કરી. એ પછી ઘણા દીવસ સુધી એક ફકીર એ કબરપર પુષ્પ ચડાવ્યા કરતો હતો. તેના એ કામને આસપાસના ગામોના લોકોએ કેટલાક વર્ષ પર્યંત ચાલુ જોવા પ્રમુ હતું. જ્યારે ને ત્યારે એ બન્ને કબરો પુલોથી ઢંકાયલીજ લોકોના જોવામાં આવ્યા કરતી હતી. પરંતુ તે ફકીર કોણવાર પણ કોઇની નજરે પડયો ન હતો. એ ફકીર કોણ હોવો જોઇએ, એ ચતુર વાંચકોને નવેસરથી કહેવાની જરૂર નથી.

ફેશનેબલ બાનુઓ કાજે ફાંકડું પ્રદરશન.

ફાઇન આર્ટ નીડલવર્ક ડીપાર્ટમેન્ટ

અલબેલી મુંબઇ નગરીની તમામ કોમની ફેશનેબલ બાનુઓ અને ભારતની અનેક રાણીઓમાં બેહદ પંકાયલું બાતું.

ઝીક કસબ, રેશમ, સીકવન્સ, જલી તથા આરીના કામમાં બીનહરીફ છે. અમારા બાતાંમાંથી ભરાયલી સાડીઓ, અને બ્લાઉઝોનું ઉમદા કામ, તેની મનબુશ કરનારી ઓરીજીનલ ડીઝાઇનો એક બાસ સ્પેશીયાલીટી છે. બીજાઓ અમારી ડીઝાઇનોની નકલ કરવાની ફોકટની કોશેશ કરે છે એજ હમારા ઉત્તમ કામની સાબેતી છે. અમારા ભાવો અમારી નાદર કારીગીરી તરફ જોતાં કીફાયત છે. અમારા બાતાંમાં થયલું ભરત કામ નીચલાં ઠેકાણા સીવાય બીજા કોઇની દુકાને મલશે નહીં.

સ્વદેશી બાદી ઉપર બહુજ ઉમદા ભરતકામ કરી આપવામાં આવે છે. જોવાથી બાત્રી થશે. નમુનાઓ તઇયાર છે.

ધનબાઈ ફરદુનજી બનાજી,

નાં ૫, આલનામોંટ રોડ, મંભાલા હીલ, મુંબઇ.

ચર્પટ પંજરિકા સ્તોત્રઃ

ભજ ગોવિંદા, ભજ ગોવિંદ.
ગોવિંદા ભજ મૂઢમતે !
મૃત્યુ આવી દ્વાર થાતાં,
નહિં રક્ષે કૃકૃમ કરણે–ટેક

૧

દિન જાવની પછી સાયં પ્રાતઃ
શિશિર વસંત ઋતુ ફરી આવત,
પમ ખેપે ને જાગે આયુ,
તૃષ્ણા ન તજતો આશાવાયુ
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

૨

અગ્રે અગ્નિ પીઠે ભાનુ,
રાત્રે દાઢી ધરિયા જાનુ,
કરતલ ભિક્ષા તરૂત વાસો,
તૃષ્ણા ન તજતા આશાપાશો
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

૩

જ્યાં લગી વિત્તોપાર્જન થાશે,
ત્યા લગી આપ્તજનો ગુણગાશે,
પાછળ ફરતાં જર્જર દેહે,
વાર્તા કોઇ ન પુછે ગેહે,
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

૪

જટિલ મુંડિત લુંચિત કેશી,
ભગવાં વસ્ત્ર ધરે બહુ વેશી;
જોતાં પણ કંઈ મુંઢ ન જોશે,
ઉદર નિમિત્ત ફરે બહુ વેશે,
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

૫

ભગવદ્ ગિતા, કરેજ અધિતા;
ગંગા જળની કણિકા પીતા,
સકૃદપિ પ્રભુપદને જે અર્ચે,
તેના નરને યમ શીદ ચર્ચે,
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

૬

અંગ ગળ્યુ શીર પળિતાં આવ્યાં,
દંત વિનાનાં મુખ જણાયાંઃ
વૃદ્ધ થતા ચાલ્યા ગ્રહી દંડો,
તૃષ્ણા ન તજતી આશા પિંડો,
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

૭

બાળપણામા ક્રીડા કરતો,
તરૂણપણે તરૂણી શું રમતો,
વૃદ્ધપણે ચિંતામાં જાગો,
પરબ્રહ્મમા કોઇ ન લાગ્યો,
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

૮

ફરિથી જનમવું, ફરી થવિ મરવુ,
ફરિફરિ જનનિ જઠરે વસવું,
ઓચા આ દુસ્તર સંસારે,
કૃપા કરી ઓ પ્રભુ મુરારે !
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

૯

ફરીથી રજની, ફરીથી દિવસો
ફરી વળી પક્ષો ને વળિ માસો
ફરી અયનો ને વરસો થાતાં,
તોં પણ આશાપાર્ષ ન જાતાં,
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

૧૦

વૃદ્ધપણે શા કામ વિકારો,
નીર સુકાનાં શાં જ તળાવો;
ધન જાતાં માં પરિજન શાનો,
જ્ઞાન થતાં સંસાર જ શાનો
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે ;

૧૧

નારી રતન ને નાભિ નિવેશો,
એ સહુ મિથ્યા માયા વેશો;
એ નરમાયું માંસ વિકારે,
ધાર એમ તું વારંવારે,
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

૧૨

તું હું કોણ કહીયા આવ્યા,
કોણ માત ને તાત ગણાયા;
સ્વપ્ન સમા આ સૌ સંસારો,
અસાર છે એ આપ વિચારો,
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

૧૩

ગીતા નામ હજારો ગાવાં,
શ્રી પતિનાં પદ નિત્યે ધ્યાવાં;
સંત સમાગમમાં મન લેવું,
નિજ ધન દીનજનોને દેવું,
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

૧૪

જ્યાં લગી જીવ વસે છે દેહે,
ત્યાં લગી વાત પુછે સૌ ગેહે;
દેહ તજી વાયુ જાતાં મા,
નારી બ્હીની તે કાંયામાં;
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

૧૫

સુખથી કરતા રામા ભોગો,
વળતા વળગે દેહે રોગો;
યદપી જગમાં મરણું શરણું,
તદપીન તજતા પાપાચરણું,
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

૧૬

ફાટયાં વસ્ત્રની કંથા ધરતો,
પુણ્ય પાપહીણ માર્ગ વિચરતો,
કુંતું કે તે નથી એ જાણે,
તો પછી શાને શોક તું આણે,
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

૧૭

ગંગાદિકમાં કરતાં સ્નાનો,
વ્રત આચરવાં, દેવાં દાનો;
જ્ઞાનહીણને આ સૌ કરતાં;
મોક્ષ નથી શતવાર જનમતાં,
ભજ ગોવિંદા, ભજ ગોવિંદા,
ગોવિંદા ભજ મુઢમતે !

કવિ ભાઇશંકરજી વિદ્યારામ પંડિત.

બાટલીવાલાની ૪૦ વરસની પ્રખ્યાત દવાઓ

બાટલીવાલાનું એગ્યુમીક્ષચર ઓચ્યુની ગોળીઓ.
બાટલીવાલાનું (ટૅનીફ મીરપ) બાલામૃત.
બાટલીવાલાનું (ક્રોર ઓપ) બામ.
બાટલીવાલાનું કચુનાઇન ટીકડીઓ.
બાટલીવાલાનું (ક્રોસેરાનું) ડાઓરીયા મીક્ષચર.
બાટલીવાલાની રોનીફ પીલ્સ.
બાટલીવાલાનું દરાજનો મલમ.
બાટલીવાલાનું દાંતનું મંજન.

વેપારીઓને ફીફાયત ભાવ. પ્રાઇસલીસ્ટ માટે લખો.

ડો. એચ. એલ. બાટલીવાળા સન્સ એન્ડ કું૦ લીમીટેડ.

શાપુરજી એચ. એલ. બાટલીવાલા, મેનેજીંગ ડાયરેકટર.
પી. ઓ. વરલી, મુંબઇ નં૦ ૧૮.

તારનું એડરેસ–"*Cawashapur*" *Bombay.*

ગ્રાંટરોડ વેરથી તમારે મારકીટ વેર ધકેલા ખાતા જવાની કંઈજ જરૂર નથી.

જામ, જેલી, બીસ્કુટ, સારડીન, કોકો, ચોકલેટ, ઇ. વેલાતી ખોરાકી; સેન્ટ, લવન્ડર, કોલોનવૉટર, સાબુ, તેલ, હેરઓઈલો, જાતજાતના મેકરોના; જેપાનીઝ અને ચાઇનીઝ કટલરી, તથા ભેટ સોગાટને લાયકની હમા ચીજો; પેટન્ટ મેડીસીનો, અને પરફ્યમરી. મારકીટ ભાવે અમો વેચ્યે છીએ.

ભેસાન્યાની કું.

સ્લેટર રોડ, ગ્રાંટરોડ, મુંબઈ.

અરશેદજીની કું૦

હમારે ત્યાથી નવમારીની કસ્તી, નારાં, ધી, ખાંડ, મેવો, દરેગ મસાલો, ચાહે, કોફી, સુખડ, ફોગાન, અગર, અત્તરના રમકડાં, નવા વરસનો ત્યા બધ દે કાર્ડો, ભેટ આપવા લાયક ચીજો; ત્યા દરેક જાતનો વિલાયતી માલ, પેટન્ટ દવાઓ, વિગેરે ફીફાયત ભાવે મલશે.

દે૦—તાપ્યા બીલ્ડીંગ, રેલ્વે હોટલની સામે ચર્ની રોડ જંકશન, મુંબઇ.

WHY LOOK
"OLD?"
Persian
Hair Dye
RESTORES
"GREY HAIR"
To be had from the Army and Navy, Kemps, Phillips Thomson and Taylor, Leach and Webway, Treacher, and also from all known Chemist & Druggists. SOLE AGENTS.
HORMUSJI DOSABHOY & Co.
BOMBAY No. 4 TEL. NO 511

દુનિયાની તવારીખમાં ભાટ લોકોએ ભજવેલો અગત્યનો ભાગ.

લખનાર—Mr. J. M. Hormusji

(૪)

In our heart of hearts believing
Victory crowns the just,
And that braggarts must
Surely bite the dust
March we to the field ungrieving,
In our heart of hearts believing
Victory crowns the just!"

Song of the British soldiers in the last World-War,
(Composed by Thomas Hardy.)

કાવ્ય સૃષ્ટિનું સૌંદર્ય છે, કાવ્ય સૃષ્ટિનું સુખ છે, તેમજ કાવ્યજ સૃષ્ટિનુ જીવનપ્રાણ છે. પરમાણુંમાં કાવ્ય છેઃ વિરાટ રૂપમાં કાવ્ય છેઃ સાગરમાં કાવ્ય છે બિન્દુમા કાવ્ય છેઃ રેણુંમાં કાવ્ય છેઃ પર્વતમાં કાવ્ય છેઃ વાયુ અને અગ્નિમાં કાવ્ય છે જળ અને થળમાં કાવ્ય છેઃ આકાશમાં કાવ્ય છેઃ પ્રકાશમાં કાવ્ય છેઃ અંધકારમાં પણ કાવ્ય છેઃ સૂર્ય, ચન્દ્ર અને તારાગણુમા કાવ્ય છેઃ કિરણ અને કૌમુદીમાં કાવ્ય છેઃ મનુષ્યમાં કાવ્ય છેઃ પશુવર્ગમાં કાવ્ય છેઃ પક્ષીઓમાં કાવ્ય છેઃ—જ્યાં જ્યાં નજર કરશો ત્યા ત્યાં કાવ્યનુ સામ્રાજ્ય વ્યાપ્ત થયલું જણાશે। પ્રકૃતિ કાવ્યમય છેઃ અખિલ બ્રહ્માંડ એક અદભૂત મહાકાવ્ય છે. જે મનુષ્યે સારગર્ભિત રસમયી કાવ્યના આનદને. સ્વાદ ચાખ્યો તેજ વસ્તુતઃ ભાગ્યવાન્ છેઃ જે મનુષ્યે આ સરસ્વતી મંદિરમાં કંઈ પણ શિક્ષા ગ્રહણ કીધી અથવા મનન કર્યું તેજ પંડિત છેઃ તેમજ જે મનુષ્યે કાવ્યરૂપ રત્નાગર સાગરના પરમપવિત્ર પ્રવાહમાં વહન કીધું તેજ વિરકત છે। જેણે આ અમૃતના મહોદધિમાં ડૂબકી મારી બે ચાર ચોટા ભરી લાવી તૃષાપીડિત, પરિશ્રમિત, રોગ-મરત અને મૃતપ્રાય માનવીઓની તરસ છિપાવી તેમના વ્યાધિઓનું ચોડો કાળ પણ નિવારણ કર્યું અને તેમને શક્તિસામર્થ્ય અને પુનર્જીવનનું દાન દીધું, તેનું નામ તે કવિ। ઈશ્વરીય સૌંદર્યનું ભાષાનાં વસ્તુત્વદ્વારા જનસમાજને નિરીક્ષણ કરાવવું એ કવિનું કર્તવ્ય છેઃ પોતાની પ્રતિભાદ્વારા એ સૌંદર્યસાગરનાં વર્ણનમાં જેટલો એ ઉંડો જાય છે તેટલો એ પોતાનાં કર્તવ્યમાં સાફલ્યતા મેળવે છે. સંસારના પદાર્થો અને ઘટનાઓ સૌ કોઇ જોઇ શકે છે પરંતુ જે આખોથી કવિઓ તેમની ઝાંખી કરે છે તે નિરાલીજ છેઃ એક નિરક્ષર

ગામડયો પર્વતોનાં ભિત્તરમાંથી ધસી આવતા પ્રવાહને. માત્ર 'નદી'ની સંજ્ઞાથી ઓળખશે જ્યારે એક કવિનાં કાલ્પનિક મનમગજમાં તે એક શ્વેત વસ્ત્રવાળી, શોભાયુકત, લાવણ્યમયી લલનાનાં નૃત્ય કરતી શૃંગારયુકત શરીરની રંગભૂમિનું ચિત્ર ખડું કરશે! " જ્હાં ન પહુંચે રવિ તહાં પહુંચે કવિઃ" એ કવિ અને કવિતાનો આદર્શ છે. કવિની સૃષ્ટિમાં સંપૂર્ણ પ્રજાતંત્ર છે, સમષ્ટિવાદનો શુદ્ધ વ્યવહાર છે, સ્વતંત્રતા છે, સ્વચ્છંદતા છે, અપરિમિત-અનર્ગળ સમ્પતિ છેઃ એના કાવ્ય પ્રવાહને કોઇ રોકી શકતું નથી. રસની દિવ્ય ભૂમિનાં દર્શન કરાવનાર, મનુષ્ય-હૃદયના મર્મભાગમા પ્રવેશી તેમાં અંતર્હિત રહેલા અકૃતિમ ભાવોને જાગૃત કરનાર, માનવદેહનાં ક્ષણિક સુખદુઃખની પરંપરાની પરવાહ ન કરતાં તેનાં ચિરસ્થાયી સ્વભાવસિદ્ધ ચૈતન્ય અને આનંદનાં સનાતન ગાન ગાનાર, પ્રકૃતિનાં રંગથી પોતે રંગાયા વિના પ્રકૃતિને રંગીને સત્કર્મના ગુહ્ય પાઠો શિખવનાર, કોણ? તો કહુ- 'કવીશ્વર.' પ્રકૃતિનો માત્ર પશ્ચદ્દભૂમિ તરીકે ઉપયોગ કરીને તેના ઉપર આત્માનું હૃદયહારક ચિત્ર આલેખવું, વાંચકને ઐહિક તેમજ આમુષ્મિક કલ્યાણની ઝાંખી કરાવવી, તેનાં અંતઃકરણમાં તેજોમય ઐશ્વર્યની ઝગહળતી જ્યોતિ પ્રકટાવવી, તેમજ સ્વદેશપ્રીતિ અને જાત્યાભિમાનનો વિદ્યુતાગ્નિ તેની રગરગમાં સતેજ કરવોઃ એજ કવીશ્વરોની રસસિધ્ધિ, એજ તેમની સુકૃતિ, એજ તેમનું કૌશલ્ય! કાવ્યોમાં વીરરસ કાવ્યો પ્રાધાન્ય ધરાવે છે તેમ કવિઓમાં ચારણો સર્વશ્રેષ્ઠ છે. વીરકવિતા રચવી ઘણી અઘરી છેઃ ઇતિહાસ પુરાણમાંની વાર્ત્તા શોધી વિસ્તારવી, આડકથાથી શોભાવવી, પદાર્થ અને ગુણનાં તેજ વર્ણનથી રંગવી, અર્થવિચાર અને અર્થાલંકાર પ્રૌઢ રાખવા અને રચના પણ શબ્દાલંકારયુકત સાદી રાખવી, પ્રથમથી તે છેવટ સૂધી એકસંબંધ વાદપુરઃસર રાખી મૂખ્ય વિષયને અર્થેતિ જાગતો રાખવોઃ એ સઘળું વીરથી બુધ્ધિનું કામ છે! વીરકવિતાનો ઉદ્દેશ નીતિભકિત સદ્‌ગુણ, પરાક્રમ, સત્ય, ન્યાય, પ્રમાણિકપણું, મૈત્રી, ધર્મ, પરમાર્થાદિને વાચકવૃંદના ચર્મચક્ષુઓ આગળ એવી રીતે ખડો કરવાનો છે કે તેમનો શાશ્વત છાપ યુગો વહે તોપણ જેવો ને તેવો રહેવા પામે. વળી કાવ્યનું બંધારણ એવા પ્રકારનું હોવુ જોઇએ કે, તે સડસડાટ અભણ મનુષ્યોનાં મગજપર પણ ઠસી જાયઃ પિંગળના ડિંગળથી વીર કાવ્યોને બહુધા નિરાળા રાખવામાં આવે છે એનું એજ પ્રયોજન છે. પ્રતાપરૂદ્રમાં એ માટે શ્લોક મળે છે કેઃ શબ્દ ને અર્થ જેમાં દોષ વિનાના છે અને જેમાં શબ્દાલંકાર ને અર્થાલંકાર સારા છે તેને કાવ્ય કહેવું ઉચિત છે—પછી તે ગદ્ય હોય કે પદ્ય હોય!—

गुणालंकारसहितौ शब्दार्थौ दोषवर्जितौ ।
गद्यपद्योभयमयं काव्यं काव्यविदो विदुः ॥

ગૂર્જરરાષ્ટ્રના ઇતિહાસમાં પણ ભાટ ચારણોએ ઓછો અગત્યનો ભાગ ભજવ્યો નથી. જૂનાગઢનો યાદવ રાજા રા' ગ્રાહરિપુ ઇ. સ. ૯૮૨ માં મરણ પામ્યો અને તેની ગાદીપર તેનો પુત્ર રા' કવાત બેઠો જેણે ઇ૰ સ૰ ૯૮૨થી ૧૦૦૩ સૂધી આખૂના આન્તા રાજાને દશ વાર પકડી છોડી દીધો હતો, પરંતુ શિયાળબેટનો પરમાર વીરમદેવ રાજાઓને યુકિતથી પકડી લાકડાંનાં પાંજરાંમાં પૂરતો, તેના હાથમાં રા' કવાત પણ એક વાર સપડાયો. આથી રા' એ હિંમત નહી હારતાં એક બારોટદ્વારા પોતાના મામા ઉગા વાલાને પોતાની હકીકત કહેવાડવાથી તેણે આવી રા'ને છોડાવ્યો. રા' ની પછી તેનો કુંવર રા' ઘવાસ રાજ્યાસનપર આવ્યો. અણહિલવાડ

ગાટણથી સોલંકી રાજની રાણીઓ સોમનાથની યાત્રાએ આવેથી ત્યારે તેમનું અપમાન થાય એવું આચરણ કરવાથી દુલ્લભસેન સોલંકીએ ચઢી આવી તેનું પાટનગર વામનસ્થલી જીતી લીધાથી રા' દયાસ સહકુટુંબપરિવાર જુનાગઢના ઉપરકોટમાં ભરાઇ બેઠો, જેને સોલંકી લશ્કરે ઘેરો ઘાલ્યો. ચુડાસમાના ભાટ કહે છે કે એ કોટ જીતવો મુશ્કેલ જણાયો ત્યારે બિજલ નામે એક ચારણે દુલ્લભસેનને કહ્યું કેઃ "મને મોટું ઇનામ આપો તો હું એકલો જે કામ લશ્કરથી નથી થતું તે કરી આવું!" રાજાએ કબૂલ કર્યાથી ચારણ, માગણ જાત હોતાં કોટમાં જતાં કોઇને ન અટકાવ્યાથી, અંદર પેઠો. રા' દયાસની સોરઠરાણી પર વિશેષ પ્રીતિ હતી; તે રાણીની રાજા ઉપર બહુ સત્તા હતી, એણીને રાત્રીએ એવું સ્વપ્ન આવ્યું કે રા' પાસે કોઇ ચારણે દાનમાં રા'નું માથું માગતાં તેણે તે આપ્યું! આ સ્વપ્ન સાચું પડવાનો ભય લાગવાથી તેણીએ રા'ને એક કોઠામાં રાખ્યો-અને ત્યાં કોઇ જઇ શકે નહીં એવો બંદોબસ્ત કર્યો. બિજલ ચારણને આ વાત જણાઇ એટલે સદરહુ ખૂરજ પાસે બેસીને રા' ના જવકાઓ બોલવા લાગ્યો. આથી રા' એ બારીમાંથી બારોટને દીઠો એટલે તેને ઉપર આવવા સારૂ એક લાકડી દોરડાંને છેડે બાંધીને તે દોરડું નીચે લટકતું મૂકયું જેથી લાકડી ઉપર દોરડું ઝાલીને ચારણ બેઠો એટલે રા'એ તેને ઉપર બેંચી લીધો! એ વિષે સોરઠો છે કેઃ—

ચારણ ચઢિયો કોટ, મયો ગઢે માગશો;
સોરા રા' દયાસ, સે હણે ન કદિ કહારે!

રા' એ ભાટને કહ્યું: જે ગમે તે માગ—હું આપવા તૈયાર છું! ત્યારે તેણે રા'નું માથું માંગ્યું. રા' તે આપવા તૈયાર થયો જેની રા'ના કુટુંબમાં જાણ થતાં ત્યાં સૌ આવ્યાં, ત્યારે ચારણને રાણીએ કહ્યું કેઃ—

અધા તું અધા થિયે, ભાઇયેછ મંગણિહાર;
તાજી દિયા તકડા દિયાં, હાથી દિયા હલકાર;
ગિનની ચંદનહાર, દે' છડીંધા સરદાર!"

પ્રત્યુત્તરમાં ચારણે કહ્યું:—

ગેમર આય ઘણા, તાજિ આય તખીલમે;
મોઢે નાંય મણા, આલો શિર વાલો અબે!

છેવટે રા' દયાસે માથું કાપી ચારણને આપ્યું, જેથી સોલંકી લશ્કર જૂનાગઢ સ્વહસ્તે કરવાને શક્તિવાન થયું! જગદેવ પરમારને માટે પણ એવીજ એક કથા ભાટ લોકો કહે છે. તેઓનાં વૃત્તાંત મુજબ જગદેવ જે કે માળવા દેશની ધારાનગરીના ઉદયાદિત્ય રાજાનો પુત્ર થતો હતો છતાં પણ દુર્દૈવવશાત્ તે ગુજરાતના પ્રતાપી રાજા સિદ્ધરાજ જયસિંહની દરબારમાં સેનાપતિની નોકરી કરતો હતો. કુંતેકાક એવો બન્યો કે સિદ્ધરાજની જોડીજી નામક સકળરૂપગુણસંપન્ન પટરાણીના અંગમાં એકવાર કાળભૈરવે પ્રવેશ કર્યો અને તેણીને નાના પ્રકારે સંતાપવા લાગ્યો. જગદેવને આ વાતની ખબર થતાં એક રાત્રે તે દ્વાદશતરવારાદિ અસ્ત્રશસ્ત્રોથી સજ્જ થઇ રાણીના શયનગૃહમાં છુપાઇ રહ્યો, અને કાળભૈરવનું આવાગમન થતાં તેને સખ્ત શિક્ષા કરી ફરીથી રાણીના શરીરમાં પ્રવેશ નહીં કરવાનું તેની પાસે વચન લીધું. કાળભૈરવની માતા ચામુંડાને પોતાના પુત્રની જગદેવે થી અસદ્ગતિ કરી તેની જાણ થઇ ત્યારે પોતાના પુત્રને

છોડાવવાને માટે કાળ ભૂત જેવી, દુર્બળ, ધરડી, લાંબા દાંતવાળી, કદરૂપિદામણી, વિખરાયલા વાળવાળી, કપાળે સિંદુરની પિયળ ફરેલી, ખભા ઉપર કાળી સોગડી ઓઢેલી, કાળા ઉનનો કાંબળો પહેરેલી, એવી અતિ ડરામણી ડોશીનું સ્વરૂપ ધારણ કરી હાથમાં ત્રિશૂળ લઇ કંકાળી ભાટણને વેશે સિદ્ધરાજના દરબારમાં જઇ, ડાબે હાથે રાજેંદ્રને અને જમણે હાથે જગદેવના આસનને આશિર્વાદ દઇ તેણી છેડો માથે ઓઢી નિડરપણે રાવની સામે ઉભી. સિદ્ધરાજે જગદેવને પોતા કરતાં વધારે માન તેણીએ શા સબબસર આપ્યું પૂછતાં તેણીએ કહ્યું કેઃ મેં યોગ્યજ કર્યું છે! આથી સિદ્ધરાવનું અંતઃકરણ ક્ષોભિત થવાથી તેણે તે કૃત્રિમ ભાટણને કહ્યુઃ જગદેવ પાસે ભાગ, તે આપશે તેનાથી હું ચોગણું આપીશ! આથી તેણીએ જગદેવ આગળ જઇ સઘળો વૃત્તાન્ત વિદિત કર્યો, જેથી પરમારે પોતાની સોલંકીણી રાણીની સલાહ પૂછી પોતાનું માથું પોતાને હાથે કાપી કંકાળીને આપ્યું! આ લઇ તેણી રાજા ભણી ગઇ પણ પરમારરાણીને કહેતી ગઇ કેઃ હું આવું તેટલો વાર ઘડનું રક્ષણ કરી મંગળ ગીત ગાજો! સિદ્ધરાજ જગદેવનું માથું જોઇ આશ્ચર્યચકિત થઇ ગયો, અને પોતાનું માથું આપવાની હિમ્મત ચાલી નહી એટલે પોતાની હાર કબુલ કરી. આ પછી ભાટણ પરમારનું મસ્તક લઇ તેને ઉતારે ગઇ અને પેલાંજ ધડપર તે માથું મૂકી જગદેવને પુનઃજીવતદાન દીધું, જેની પારિતોષિક તરીકે જગદેવે તેણીના પુત્ર કાળભૈરવને તેણીને સ્વાધિન કર્યો! આ કથા ઉપરથી જો કંઇપણ સારાંશ નીકળી શકતો હોય તે એજ છે કે આગળના મનુષ્યો ભાટનાં ગોત્રને કેટલું પ્રતિષ્ઠિત ગણતા હતા!

દરવાણી દર ખોલ, અસાં પરદેશી મંગણા;
કોઇ મંગે લખ કરોડ, અસાં શીરસા સવાલી છું!

ખ્વાજા અમીર બેગ ખોરાસાનના શાહ તેહમાસ્પ સફવીની રાજ્યસભાનો બારોટ હતો. એકવાર શાહની તેના ઉપર ધતરાજી થતાં તેને એક કિલ્લામાં કેદ કર્યો. એવામાં થોડા દિવસ બાદ સુલતાનની ગેરહાજરી જોઇ તેના શત્રુ અબ્દુલ્લાખાન ઉઝબેગે ખોરાસાનપર એકાએક ચઢાઇ કરી તે સર કરી લીધું. આ પછી તેણે શાયર અમીરબેગ ઉપર નીચલો અભિમાનયુકત રૂકકો મોકલ્યો કેઃ

"અય ખ્વાજા! બઅદ અઝીં તમઅ અઝઝેંદગી બેમોર ઝાંરકે ગસ્તે મરનદ ખાની મોકામે મા!"

અર્થાત ઓ ખ્વાજા! હવે જીંદગીની આશા મૂકી દે કારણ કે રાજ્યાસન પર આમારી બેઠક થઇ છે! એના પ્રત્યુત્તરમાં શાયરે નીચલી ગઝલ મોકલી જેથી ઉઝબેગને સખ્ત ઝણઝણાટ લાગ્યોઃ

અય બાદ! અગર બઅહલે ખુરાસાં ગુઝર કૂની, ઝેન્હાર અઝંહ દેહ અરે ખશાં પયામે મા!'
વાંગહ બોયુ બરાહે વફા આં ગોરહ રા, કાય ગસ્તહ કીનેખાહે રોબા ખાસો આમે મા!
કહકે ગુરેરો બહલે શોમા સબત કર્દહ ખુવદ, દર રોકકઅહ ખુવદ દરાં રોકકઅહ નામે મા!
'કાય ખાન્હ! બઅદ ઝીં તમઅ અઝ ઝેંદગી બેમોર, ઝાંર કે ગસ્તહ મરનદ ખાની મોકામે મા!'
અય મુદઅ! મગર નશનીદી કે મીરસદ, શાહે સેતારહ અયલો સપહર અહતેશામે મા!
બાશદ જવાબે કમવઇ ખાની કે કર્દઇ, બયતી ફ ગોફતએ હાફેઝે શીરીં કલામે માઃ
'બન્દાં ખુવદ કરીસ્મહો નાઝે સહીકદાન, કાયદ બજલ્વહ સર્વે સનોબર ખરામે મા!'

ભાવાર્થ કેઃ ઓ પવનની લેહરી! જો તું ખોરાસાનના લોકો તરફ જતી હોય તો તેઓને મારો સંદેશો કહેજે, કે આ પ્રજા જેઓને આપણુ સર્વ ધિક્કારીએ છીએ તેઓમાંના એક મારી ઉપર અહંતામમતા ભર્યો પત્ર મોકલવાની સરફથી કરી છે કેઃ 'ઓ ખાન! હવેથી જીવનની આશા છોડ, સમ્રાટ કે રાજ્યગાદી અગાડી બેઠક થઇ છે!' તેના જવાબમાં હું ઝટ-પટ જ કહું છું કે - અય ખોટા દાવાદાર! તે સાંભળ્યું નથી કે અમારો પાદશહ તારાઓ જેટલું અગણિત લશ્કર લઇ અને આસમાનના જેવા દબદબા સાથે આવે છે? બાદશાહી માટે જે તું દાવો કરે છે તેનો જવાબ તો હાલેઝની સુંદર લીટીથી અમો આપીએ છીએ કેઃ સીધાં કદની છોડીઓના નાજોનખરાં અને ચાળાચસકા તો જ્યારે અમારી સર્વના કદની માશુક પોતાનાં ઉત્તમોત્તમ સૌંદર્ય સાથે આવશે ત્યાં સુધીજ ચાલી શકશે! આ પછી શાહ તહમાસપ સફવીએ જલદીજ ખોરાસાન સર કર્યું અને શાયરને તેની નિમકહલાલી માટે સારો સરપાવ આપ્યો. બીકાનેરનરેશ રાજસિંહનો ભાઇ પૃથ્વીરાજ અકબરની દરબારનો એક રણધીર યોધ્ધો તેમજ શરવીર બારોટ હતો. એની રૂપસુંદર સ્ત્રી કિરણમયી પણ એક દેવાંગનાજ હતી, કારણ કે એકવાર બાદશાહ અકબરે તેણી ઉપર કુદૃષ્ટિ કરવાથી તેણીએ ભારતવર્ષના ચક્રવર્તિ મોગલ સમ્રાટને ઉંચકી પૃથ્વીપર ફેંકી દીધો અને તેની પાસે "માતા" કહેવાડી માફી મંગાવ્યા પછીજ તેને છોડયો! યદ્યપિ સઘળા રજપૂત રાજાઓ અકબરના છત્ર નીચે આવ્યા હતા છતાં પણ મેવાડનો રાણો પ્રતાપ હજી પણ મુસલમાનો સામે ધિક્કારથી જોતો હતો અને તેણે અકબરનું આધિપત્ય સ્વીકારવાની સાફ ના પાડી હતીઃ એ તેનાં સ્વદેશાભિમાન અને જાતિય ગૌરવ માટે પૃથ્વીરાજ પ્રતાપસિંહનો ગોવા પરસ્તાર જન્યો હતો, પરંતુ એકવાર સંજોગવશાત પ્રતાપને અકબર પર સંધિનો પ્રસ્તાવ લખી મોકલવો પડયો. પૃથ્વીરાજ આ બનાવથી અભિજ્ઞ બનતાં તેણે અકબરને કહ્યુંઃ મૈં પ્રતાપકા ભલી ભાંતિ જનતા હૂંઃ યહ પત્ર ઉનકા નહીં હૈ, ઔર તો કયા, યદિ આપ અપના તાજભી દેદેં તોભી તેજસ્વી પ્રતાપ આપકે વશમેં નહીં હોંગે!" આ સ્વદેશ પ્રેમી વીર કવિએ છૂપાછૂપ હિંદુ રાણાને ઉદ્દીપન આપવા તેની ઉપર દોહરા લખી મોકલ્યા કેઃ

પાતળ રાણા પ્રતાપ મલ, બાંકો ઘડા મિભાડ;
ધૂરાંડે કુણ હૈ ધૂરાં, તો ઉભાં મેવાડ?
હિંદુપતિ પરતાપ, પત રાખો હિંદુઆણરી;
સહો વિપત સંતાપ; સત્યસપથ કરિ આપની.
પાતલ જો પતસાહ, બોલે મુખ હુતા બયણ;
મિહર પછમ દિસ માંહ, ઉગે કાસપ રાવવત!
પટકૂ મૂછાં પાણ, કે પટકૂં નિજ તન કરદ;
દીજે લિખ દિવાણ, ઇણ દો મહલી બાત એક!

રાઠોડ વીર પૃથ્વીરાજની આ કવિતા વાંચતાં પ્રતાપને એટલું સ્ફુરી ઉઠયું કે તેણે નવીન સાહસ કરી દશ હજાર રજપૂતોનું એક તાજું સૈન્ય ભેગું કર્યું અને અકબરને પહેલાં કરતાં વધુ રંજાડવા લાગ્યો અને પોતાની દૃઢ પ્રતિજ્ઞામાં કિંચિત પણ ડગ્યો નહીં! શાહ પૃથ્વીરાજ પર ઉત્તર કલગી મોકલ્યો કેઃ

ખુસી હુંત પીથલ કમધ, પટકૈ મૂછાં પાણ;
પછટણ હુ જેતૈ પતો, કમલા સિર કેવાણ!

પૃથ્વીરાજની પેઠેજ અબ્દુલરહિમ ખાનખાનાનો અક્ષર દરબારનો વિચક્ષણ ભાટ હતો. અને તે પણ મુસલમાન હોવા છતાં પ્રતાપને તેની સ્વદેશ પ્રીતિ અને સ્વધર્માભિમાન માટે સહૃદય વખાણતો હતો. એકવાર એનાં કુટુંબની બેગમો રાણાને હાથ સપડાઇ ત્યારે રાણાજીએ તેમની યોગ્ય સરભિયા કરી તેમને ઘર મોકલી હતી, જેથી પ્રતાપનાં પોતાવટપણા માટે રહિમની શ્રદ્ધા વૃદ્ધિગત થઇ, અને તેનાં એક પ્રત્યક્ષ દૃષ્ટાંત તરીકે તેણે રજપૂતાની ભાષામાં પ્રતાપ માટે અનેક દોહા રચ્યા, તેમાંનો એક આ:

ધ્રમ રહસિ રહસિ ધરા, જિસજ્જસૈ ખૂરસાણ;
અમર વિસમ્ભઉ ઉપરૈ, રખિયૌ નહચૌ રાણ!

સ્કૉટલંડના લૉર્ડ મૅકલીઑડનો ભાટ મૅકક્રીમન નામે હતો. એકવાર મૅકલીઑડે દૂરના દેશ પર ચઢાઇ કરવા લશ્કર એકઠું કર્યું, ત્યારે તે વિશ્વાસુ બારોટે સલાહ આપી કે આ અનિશ્ચિત સાહસ ફળીભૂત થશે નહી, પરંતુ તે લૉર્ડે તેનું કહેવું માન્ય કર્યું નહી. મૅકક્રીમનને કુદરતી પ્રેરણા થઇ હતી કે આ લડાઇમાંથી તે પોતે જીવતો આવવાનો નથી! એ ઉપર તેણે ગેલીક ભાષામાં એક કાવ્ય જોડયું જેનો રાહ આ પ્રમાણે છે: Cha tille mi tuille ged thilleadh Macleod cha till Mackrimmon!" ("હું પાછો કદિ આવીશ નહી! મૅકલીઑડ પાછો ફરશે, પણ મૅકક્રીમન કદિ આવશે નહી!") આ તેની ભવિષ્યવાણી ખરી પડી હતી, અને ત્યારથી આ પણ એક રણગીત ગણાવા લાગ્યું! એજ પ્રમાણે ફ્રેડરૅલાન નામે એક વૅલ્શ બારોટ માટે કહેવાય છે કે તે પણ પોતાનું મોહત ચેતયો હતો જેથી મરણ શય્યા ઉપર પોતાનું વાજંત્ર મંગાવી એક મોહતનું ગીત ગાઇ આસપાસનાઓને ફરમાવ્યું હતું કે આજ ગીત મારી ઉત્તરક્રિયા વખતે ગાવું! એક સૅક્ષન રણગીતનો થોડોક ભાગ નીચે આપીએ છીએ:

All must perish!
The sword cleaveth the helmet;
The strong armour is pierced by the lance:
Fire devoureth the dwelling of princes.
Engines break down the fences of the battle.
All must perish!
The race of Hengist is gone—
The name of Horsa is no more!
Shrink not then from your doom, sons of the sword!
Let your blades drink blood like wine!
Feast ye in the banquet of slaughter!
Strong] be your swords while your blood is warm!
And spare neither for pity nor fear!
For vengeance hath but an hour!
Strong hate itself shall expire!
I also must perish!

સિંધ દેશમાં પાંવર ધરતી છે તેનો શેરખાંવર નામે રાજા હતો તેને મૂળનક્ષત્રમાં એક કુંવરી અવતરી. જોષિએ રાજા શેરને કહ્યું કે એનું મુખ જોશો તો તમો આંધળા થશો! આથી પાષાણહૃદયી પિતાએ સુકોમળ સુંદરીને રાતોરાત જંગલમાં મોકલાવી દીધી! બીજી સવારે હડમતિયા કુંભારના જોવામાં તે આવ્યાથી તેણે તેણીને પોતાને ઘેર લઇ જઇ પાળી અને તેણી મોટી થતાં તે તેણીને મનેવડી ગામે લઇ ગયો. એ સમયે પાટણના પ્રજાપાલક સિદ્ધરાજ જયસિંહના ચાર દસોંદી ભાટ નામે લાલાભાટ, ભંગડભાટ, ચંચભાટ અને ઉજલભાટ પરદેશગમન કરતા મનેવડીમાં આવી પહોંચ્યા જેમણે કુંભારની દીકરી રાણુકની ખૂબસુરતીનાં વખાણ સાંભળી તેણીને સિદ્ધરાજની રાણી બનાવવા હડમતિયાને ફરમાણ કર્યું અને કુંભારે તે ન છૂટકે કબૂલ કર્યું. જોવામાં જૂનાગઢના ચૂડાસમા રાજેંગારને જાણ થઇ કે તેના મુલકમાંથી સિદ્ધરાજ એક સુંદર કન્યાનું હરણ કરે છે, જેથી તેણે દેસલ અને વિસલ નામે બે ભાટો સાથે ઘોડું મોકલી રાણુકદેવીને બળાત્કારે જૂનાગઢ બોલાવી મંગાણી લગ્ન કરી લીધાં! આથી સિદ્ધરાય મોટું લશ્કર લઇ જૂનાગઢ આવ્યો અને તેને બાર વર્ષ સુધી ઘેરો ઘાલ્યો, પણ છેવટે રા' નો બાણેજ ફુટવાથી કિલ્લો સર થયો, રા' ખેંગાર મરાયો અને રાણુકદેવી સતી થઇ! તાસંબંધે સિદ્ધરાજના રાજબારોટ હેમચંદે તેને તેનાં ઘરાતન માટે વખાણ્યો છે કે:

भूमिं कामगवि स्वगोमयरसैरासिंच रत्नाकरा।
मुक्तास्वस्तिकमातनुष्वमुडुप त्वं पूर्णकुंभी भव॥
धृत्वा कल्पतरोर्दलानि सरलैर्दिग्वारणा स्तोरणा।
न्याधत्त स्वकरैर्विजित्य जगतीं नव्येतिसिद्धाधिपः॥

"સિદ્ધરાજ પૃથ્વી જીતીને આવે છે, માટે ઓ કામદુધા! તમે તમારા ગોમયરસવડે ધરતિનું સિંચન કરો! ઓ સમૂદ્ર! તમે મોતીના સ્વસ્તિક પૂરો! ઓ ચંદ્ર! તમે તમારા પૂર્ણ તેજથી પ્રકાશ કરો! ઓ દિશાના હાથીઓ! તમે તમારી સૂંઢો વડે કલ્પતરુના પાંદડાંનું તોરણ ધારણ કરો!" એ પ્રમાણે અણીકવાર ભાટો કજ્યા અને સંતાપનું પણ મૂળ થઇ પડે છે. શંકર ભારોટે જૂનગઢની દરબારમાં જયશિખરની બહાદૂરીની પ્રશંસા કરી જેનું પરિણામ એ આવ્યું કે જયશિખર યુધ્ધમાં મરાયો, તેનું રાજ્ય ટુકડેટુકડા થઇ ગયું, અને તેની સગર્ભા રાણીને વનવાસ સહન કરવો પડ્યો! વિગ્રહ પ્રસંગે ભારોટોની અન્યોન્ય કાવ્યચમત્કૃતિનું એક ઉદાહરણ આપેલું અસ્થાને નહિ ગણાય. સુલતાન સંજર સેલજૂકીએ ખ્વારઝમનો પાદ શાહી શાહઝાદા અતસીઝને આપી દીધી જેણે સુલતાનથી સ્વતંત્ર થવાનો પ્રયાસ કરતાં સંજર મોટા સૈન્ય સાથે ઉતરી આવ્યો જેથી અતસીઝ હઝારઅસપના કિલ્લામાં ભરાઇ બેઠો. અને ભાટ રશીદ વટવાટ પાસે લખાવી મોકલ્યું કે:

मरा बा मलेक ताकते जंग नीस्त, बसुलेहरा मरा नीज आहंग नीस्त;
मलेक शहरयारस्तो शाहे जेहान, चूनीज अज चूनीन पादशाह नंग नीस्त।
अगर बाद पायस्त यकराने शाह, हम्यते मरा नीज पा लंग नीस्त;
बखाकम आयद बसीस्तान रवम, खुदाये जेहानरा जेहान तंग नीस्त;

યાને—બાદશાહ સાથે લડવાની મારામાં શક્તિ નથી તેમજ તેની સાથે સંધિ કરવાનો પણ મારો વિચાર નથી! બાદશાહ દુનિયાનો સુલતાન છે અને એવાથી ન્હાસવું એમાં કંઈ પણ શરમ નથી! સુલતાનનો ઘોડો જો કે તેજ ચાલનો છે છતાં મારો તોખાર કંઈ લંગડો નથી! સુલતાન ખ્વાર્ઝમ પરથકી આવે છે તો હું રીસ્તાન જવું છું—પૃથ્વી બન્ને માટે જોઇએ એટલી પહોળી છે! આ વાંચી સંજરે હઝારઅસ્પને ઘેરો ઘાલ્યો. એની દરબારમા શાયર અન્વરી હતો તેણે સુલતાનની પ્રશંસા કરનારૂં એક કાવ્ય રચી એક તીર સાથે તે હઝાર અસ્પના કિલ્લાપર દુશ્મનની છાવણીમાં મોકલ્યું! શત્રુઓએ તે ખોલીને જોતાં તેઓએ તેમાં વાંચ્યું કેઃ

અયશાહ! હમે મૂહકે જેહાન હસ્ત તોરાસ્ત, એઝ દોસ્તો એકબાલ શાહી કરમ તોરાસ્ત!
ઇગરોઝ બયક હોમ્લહ હઝારઅસ્પ મેગીર, ફર્દા ખાર્ઝમો સદ હઝાર અસ્પ તોરાસ્ત!

"હા બાદશાહ! આખી દુનિયાની સલ્તનત તારીજ છે, અને તારા વ્યવસાય તરીકે નસીબએ તને બાદશાહી આપી છે! એકજ હુમલામાં તું આજે હઝારઅસ્પનો કિલ્લો લઇ લે, કાલે આવતી કાલે એક લાખ ઘોડા સાથે આખું ખ્વાર્ઝમ તારે તાબે થશે!" એના ઉત્તરમાં કવિ વટવાટે પોતાના સુલતાન આત્સીઝની તારીફ કરી કેઃ

ગર્દા કે બજ્મમન્ત મયી સાફીરત ન દોર્દ, અબ્રદાએ તો અઝ ગૂસ્સહ ખૂન બાયદ ખોર્દ;
ર બસ્મે તો. અયં શાહ ખુવદ રોસ્તમ ગોર્દ, યક ખર ઝ હઝાર અસ્પ નતોવાનદ બોર્દ!

"હા શાહ! તારાં પ્યાલાંમાં સ્વચ્છ શરાબ છે અને નહીંકે કચરો, જ્યારે તારા દુશ્મનોને તો બધા ભાર્યા લોહી પીવું પડે છે! અગર જો બહાદૂર રૂસ્તમ પણ તારો શત્રુ થઇને આવે તો પણ તે તારા હઝાર અસ્પમાંથી એક ગધેડો પણ લઇ જવા શકે નહી!" જ્યારે શાહ સંજરનાં વાચવામાં આત્સીઝના ભાટ વટવાટની આ સતરો આવી ત્યારે ક્રોધથી તે રાતો પીળો થઇ ગયો અને તેજ ક્ષણે અને તેજ સ્થળે સૈાગંદ ખાધા કે રશીદ જો હાથમાં આવે તો તેનાં શરીરના સાત ટુકડા કરવા! ઘોડા વખ્ત પછી તે કિલ્લો તે સર કરી શક્યો, આત્સીઝે પલાયનમ કર્યું, અને વટવાટ કાંઇ ફેંકણે ભરાઈ બેઠો, પરંતુ શાહ સંજરનો સેક્રેટરી નજીબ-ઉદ-દીન મૂનશી રશિદનો મિત્ર થતો હતો તેણે એક વાર ટાણું જોઇ શાહને કહ્યું કેઃ "જેહાંપનાહ! વટવાટ (જેનો શબ્દાર્થ 'બતકી' પણ થાય છે) એક અત્યંત નહાનું પક્ષી છે, જેના સાત તો શું, પણ બે કકડા કરવા પણ અશક્ય છે!" આ યુક્તિપૂર્ણ કથનથી શાહ પ્રસન્ન થયો અને વટવાટને માફી બક્ષી. એકવાર અકબર પોતાના એક રાજકવિ પર ખફા થયો અને તેને પોતાનું રાજ્ય છોડી જવાનો આદેશ દીધો. કેટલાક દિવસ પછી અકબર એક જંગલમાંથી ઘોડેસ્વાર થઇને જતો હતો ત્યારે તેણે એક શખ્સને ઝાડપરથી ઝાડપર ચઢી જતાં દીઠો. ત્યાં જઇ જુવે છે તો પેલાજ કવિરાજ! "કેમ તું હજી અહીંજ છે?" શાહે પુછ્યું, "મેં તને દેશપાર કર્યો હતો ને?" "શું કરૂં, નામદાર?" તેણે હાજર જવાબ કર્યો "હું ઘણી જગાએ ફર્યો પણ જ્યાં પણ કોઇનું રાજ્ય છે?" પૂછું તો સઘળે 'અકબરનું!' એવોજ જવાબ મળ્યો, જેથી નાચાર થઇ હવે તો પેલી દુનિયામાં જવાનો નિર્ણય કર્યો છે, અને આ ઝાડપર ચઢ્યો છું તે મારી સફરનું પહેલું પંગથ્યું છે!" આથી સ્મિત હાસ્ય કરી અકબરે તેની શિક્ષા

૨૬ કરી ! ઇ.સ. ૧૮૩૦ની ફ્રાંસની રાજકીય ઊથલપાથલ વખતે 'La Parisienne" નામક એક પ્રજા ગીત કાસિમિર ડેલાવિને જોડયું હતું જે "૧૮૩૦નું માર્સાલેઝ" કહેવાય છે જેમાંની એક કડી નીચે પ્રમાણે છે:

Paris n'a plus qu'un cri de gloire :
En avant marchons,
Contre leurs canons,
A travers le fer, le fen des battailons,
Courons-a la victoire !

એવું જણાય છે કે બહુ પુરાણા કાળથી ભાટચારણો રણાંગણમાં યોદ્ધાઓને વાંસળી વગાડી શૂર ચઢાવતા હતા. યુરોપમાં શિલ્પશાસ્ત્રનાં ૬૦૦૦થી પણ વધુ વર્ષોનાં પ્રાચીન ખંડેરો પર વાંસળીનું ચિત્ર જોઈ શકાય છે ફ્રીસાર્ટોમ નામક લેખકના જણાવવા પ્રમાણે ૧૮૦૦ વર્ષની વ'ત પરથુદ બૅગ-પાઇપ'પણ હરતી ધરાવતી હતી ! ઇ'ગલંડની અંદર તેની આમદ પીક્ટ (Picts) લોકોથી થઇ હતી. સ્કૉટલેંડની અંદર તો વાંસળીની જે રાહ અનાદિ કાળમાં હતી તેજ અદ્યાપિપર્યંત વંશપરંપરા ચાલતી આવેલી છે, હાલના યુરોપી મહાવિગ્રહમાં પણ વાંસળીની હસ્તી માલૂમ પડે છે. ઉત્તર અમેરીકાના ઇન્ડયનોમાં વાંસળી એ સુલેહનું ચિન્હ ગણાય છે. "હાર્પ" વાદિત્ર પણ લડાઇમા એવોજ ભાગ ભજવતું આવ્યું છે, જેનાં પરિણામે આયર્લેંડના એક ડેવિડ નામે રાજાએ તો એને રાજકીય સંજ્ઞા બનાવ્યું હતું, અને ઇગ્લંડના હેનરી આઠમા અને જેમ્સ પહેલા એ પણ એજ પ્રમાણે કર્યું હતું. બાઇબલ પ્રમાણે જુબલ એ હાર્પ વગાડનાર ભાટોમાં સૌથી પહેલો હતો જેને ભાટે કહે છે: "He was the father of all such as handle the harp & the organ," (Genesis IV, 21) આધુનિક સમયમાં શૂરવીરોની ગેર-હાજરી, રજપૂતોનું કાયરપણું, ભાટ ચારણોની અધોગતિ, અને રાજકર્ત્તાઓના વિલાસીપણાં માટે એક ભાટ અફસોસ કરી કહે છે કે:-

પ્યાલી પૈ પ્યાલી પી પી ખાલી કિયા કરૌ પીપે,
નશા કરૌ આકુ ભંગ ચરસ અફૂતી કા।
ઘરકા બિગારા સાર ધારા ઘર વારિન સો,
કરૌ વાર અનિતા કૌ માન પરા દૂતી કા।
ખોહા કરિબેકા જગહ હોહા કરા સિખા મત,
અસ્ત્રશસ્ત્ર વિદ્યા રણચાતુરી નિપૂતી કા।
દેશકે કપૂતૌ રાજપૂતા કૂખ મરજાઓ।
નામ ના લજાઓ બીર પ્યારી રજપૂતી કા।

જેવા ભાટો શૂરા હોય છે તેવીજ શૂરી તેમની સ્ત્રી જાતિ પણ છે એ ભૂલવું જોઇતું નથી. માણિયા ગામમાં એક ચારણ જાતિની સ્ત્રી નાગબાઇ નામની રહેતી હતી, તેણી સુરૂપા તેમજ પતિવ્રતા હતી, જેણીના વખાણ સાંભળી સોરઠનો રા' માંડળિક તે ગામ ગયો, ત્યાં તે બાઇની છેડ કરી તે ઉપરથી તેણીએ શાપ દીધો કે: "જેવી રીતે હું તારી આગળથી કરી

જાઉં છું તેવી રીતે તારી ભાગ્યદેવી, તારાથી વિમુખ થઇ, તારા શત્રુ મુસલમાનને વરશે !" એમ કહી તેણી ચાલી ગઇ. મંડળિક શરમિંદો થઇ જૂનાગઢ પાછો ગયો. નાગબાઈ દોહા બોલી હતી તેમાના થોડાક નીચે પ્રમાણે છેઃ–

ગંગાજળ ગઢેશા પંડ, તારૂં હુતુ પવિત્ર;
વીન્વે રગત ગયાં, મને તો વાળા મંડળિક,
ચૂંડારા ચારણ તણું, વચનજ માને વીર,
નેવાં તણા નીર, મોભે ન ચડે મંડળિક.
પોથાને પુરાણ, ભાગવતે ભિળસો નહિ,
કલમો પઢસો કુરાણ, મું સંભારસ મંડળિક,
છસે રાંની રીત, રાં પણ રે'શે નહિ,
બમતો ભાગસ ભીખ, મું સંભારસ મંડળિક.

સ્કૉટલંડ દેશના ઇતિહાસમાં ટૉમસ નામનો એક ચારણ (Thomas the Rhymer) આગળપડ ભાગ ભજવે છે. એ એક ઉત્તમ બારોટ હતો એટલુંજ નહી પણ એક ભવિષ્યવેત્તા પણ હતો અને ઇસુની ૧૩ મી સદીની શરૂઆતમાં થઇ ગયેલો મનાય છે. અર્લસ્ટન નામના બર્વિકશાયરની પશ્ચિમે આવેલાં એક પૂરાતન અને ઐતિહાસિક ગામમાં આ ભાટ જમીન ધરાવતો હતો અને મરણ પણ ત્યાંજ પામ્યો હતો, જેની કબર ઉપર લેખ કરવામાં આવ્યો છે કે: "Auld Rhymour's Race, Lies in this Place!" એનાં માનમાં એની ઘોરની પાસેની ખીણ "Rhymer's Glen" કહેવાતી, જેનું એક ચિત્ર પણ ટર્નરે દોર્યું હતું, અને તે પુરાણી જગાએ મરાયા ઍડ્રુવર્થ અને સર વૉલ્ટર સ્કૉટે ઘણા સુખી કલાકો પસાર કર્યા હતા. વૉલ્ટર બાવર નામક એક પાછલા ભાટના વૃત્તાંત પરથી જણાય છે કે કબ્રારના અર્લે એકવાર ટૉમસને 'આવતી કાલે શું થશે?' પૂછતાં તેણે કહ્યું હતું કે: 'સ્કૉટલંડનો રાજા ત્રીજો ઍલેકઝાંડર મરણ પામશે!' જે વાણી અક્ષરશઃ ખરી ઠરી હતી: સ્કૉચ નરવીર વિલ્યમ વૉલેસની તવારીખ લખનાર અંધ ભાટ હૅરીએ, તેમજ "Originale Cronykil of Scotland" ના લેખક ઍન્ડ્રૂ વિન્ટને તેમજ "બ્રુસ"ના ભાટ લેખક બાર્બરે પણ ટૉમસની ભવિષ્યવાણીઓ વિષે ઇશારા કર્યા છે; તેજ પ્રમાણે નૉરહામનો કૉન્સ્ટેબલ સર ટૉમસ ગ્રે જે ઍડીનબરાના કિલ્લામાં ૧૫૫૫ માં કેદ પડયો હતો તેણે ત્યાં નૉર્મન-ફ્રેંચ "Scalacronica" નામક ગ્રંથ રચ્યો હતો જેમાં પણ તે ટૉમસને સંબોધી લખે છે: "Banaster ou de Thomas de Ercildoune...furount ditz en figure." એકવાર ટૉમસ રાહીમરે ભવિષ્ય ભાખ્યું હતું કે:

Betide, betide, whate'er betide.
There'll aye be Haings at Bermesyde!"

આ ચારણની ભવિષ્યવાણી એટલી બધી ખરી પડી હતી કે ૧૨૯૭ માં તે મરણ પામ્યો ત્યારે ગ્રામ લોકોએ તો તેને એક પયગમ્બરનોજ દરજ્જો આપ્યો! આથી તે વખતના ઘણા વિદ્વાન માણસો પણ આશ્ચર્ય અને અણુકા કરવા લાગ્યા, અને વિન્ટન પણ કહે છે: "*He sayd it in his prophecy; But how he wist it was ferly!*" એને વિષે

લોકમાન્યતા એવી છે કે ટૉમસને એકવાર પરીઓ પોતાની રાણી આગળ લઈ ગઈ, જેણીએ તેને ભવિષ્યનું જ્ઞાન આપ્યું અને સાત વર્ષ પોતાની સાથે રાખી પાછો તેને દેશ મોકળો દીધો. ઇંગ્લંડના ત્રીજા ઍડવર્ડની સાથે સ્કૉચ લોકોને થયલી હુપ્લીન અને હૅલીડનની લડાઇઓ વિષે પણ તેણે પોતાના દેશીઓને અગાઉથી ચેતાવ્યા હતા. બીશપ સ્પૉટીસવુડના જણાવવા પ્રમાણે "ઇંગ્લંડ અને સ્કૉટલંડના રાજાઓ એક એવા રાજાથી જોડાશે કે જેની મા ફ્રેંચ હશે અને જે રૉબર્ટ બ્રુસનો ૯ મો વંશજ હશે." એ તેના ભવિષ્યવાણી સ્કૉટલંડના જેમ્સ ૬ ઠા અને ઇંગ્લંડના જેમ્સ ૧લાના બાબમાં ફળીભૂત થઇ હતી! વળી ફ્લૉડનની નાશકારક લડાઇમાં જેમ્સ ચોથાની હાર તેમજ તેના અને જયોર્જ ડગલાસનાં મરણ વિષે પણ તેણે અગાહી દીધી હતી, અને દેશની શી સ્થિતિ થશે તે માટે પણ તેણે જણાવ્યું હતું કે:

But then the lilye shal be loused when they least thtnk;
Then clear king's blood shal quake for fear of death:
For churls shal chop off heads of their chief beirnes,
And carfe of the crowns that Christ hath appointed.

(અપૂર્ણ.)

—:o:—

મુંબઇની જાણીતી જેરી પેરીશીયન જેરી કું.

વગર ભેલનું ચોખ્ખું દુધ, માખણ, સ્વચ્છ શ્રેષ્ટ ક્રીમ, મેળવવાનું તમામ ભરૂશાપાત્ર એકલું મથક છે. એકવાર ત્રાયલ લેશોજી?

ટેમરીંડ લેન, ફોર્ટ મુંબઇ.

મજબુત મન અને કદાવર શરીર.

એ તંદુરસ્તીની નીશાની છે. એવી તદુરસ્તી મેળવવા મનને મજબુત કરવા અને શરીરને બળવાન બનાવવા તથા મગજની શક્તિને ખીલવવા વાપરો।

આતંકનિગ્રહ ગોળીઓ.

આ દવા વાપરવાથી તમને જે કબજીઆત હશે તો દુર થશે, લોહી બગડેલું હશે તો સુધરશે અને તેમાં વધારો થશે. પાચન શક્તિ નિર્બળ હશે તો તે પણ સુધારશે. શરીરનાં દરેક અવયવ મજબુત બનશે. કોઇપણ જાતનો ધાતુનો ખીગાડ કે સ્વપ્નમાં ધાતુનું જવું વીગેરે ધાતુને લગતા વિકારો દુર થશે. ધાતુને લગતાં દરદો મટી જઇ તેમાં શુદ્ધિ વૃદ્ધિ થશે. કીંમત ૩૨ ગોળીની ડબ્બી ૧ ની રૂ. ૧).

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

બ્રાન્ચ ઓફીસ, કાલબાદેવી રોડ, મુબઇ. } આતંકનિગ્રહ ઔષધાલય, જામનગર, કાઠિયાવાડ.

ચાઉતારનું અમૃતબિંદુ

રજીસ્ટર્ડ નં. ૮૪૧-૧૦

સખતમાં સખત માથાનો દુખાવો માત્ર એકજ મીનીટમાં દુર થઇ જાય છે. માત્ર પેટની ઉપર ચોળવાથી પણ પેટમાંનો દુઃખાવો મટી જાય છે. પવન છુટવા માંડે છે. અને બાદી-બદહજમી દુર થાય છે. દાંત અને દાઢનું કળતર એકજ મીનીટમાં શાંત પડી જાય છે. વીંછીના ડંખ ઉપર તો તેનો ચમત્કાર એલોકીકજ છે. ઉંચામાં ઉંચી જાતના કોઈ પણ પેનકીલર કરતાં અમૃતબિન્દુ ઘણી ઉંચી જાતની દવા છે. વિલાયતી દવાની દરેક દુકાન ઉપર તે વેચાય છે. હાલમાં તેની કીંમત ૧ સીસી રૂ. ૧॥ત્રણ સીસીના રૂ, ૪॥ત્થા ૬ સીસીના રૂ. ૭॥ છે. પોસ્ટેજ હમારે માથે છે

બધા દવાવાળા વેચે છેઃ—કેટલોગ મફત મળે છેઃ

લખોઃ—"અમૃતબિંદુ" ઓફીસ સુકામ પોષ્ટ-નડીઆદ (ગુજરાત.)

સંસારનો ફાંસો.

લખનાર:—દામોદર કાપડીયા.

પ્રકરણ ૩૭.

તે આખ્ખા દીવસ દરમીયાન પ્રીલીસ નોરમનની રીતભાતમાં કાંઇ એવું ઝનુની, કાંઇ એવું અચોકકસ, કાંઇ એવું વિચીત્ર હતું કે નાનાં પારખને ઘણી ચટકફટક થયા કીધી; તે બાપડીના નાજુક જીગરમાં કેાઇ ઘણેા ભયાનક ધાસ્તીનેા ણટકેા થયા કીધેા, પણ તે ઘેરમાં કેાઇબી એવું હતું નહિ કે જેની કને જઇ તે પેાતાની ભયનેા સ્ફેાટ કરી શકે. તે સુંદરીએ મીસીસ નોરમનને તે એમેચ્યુઞ્જનેા નાટક નહિ જોવા જવા વાસ્તે સમજાવવાના અનેક પ્રયત્નેા કર્યા; તેણીએ એટલે સુધી કર્યું કે પેાતે મીસીસ નોરમનના ડ્રેસીંગ રૂમમાં ગઇ, તેનું બંધ બારણું ખેાલાવ્યું અને પેાતે કાંઇ વાત કરવા માંગતી હતી એવું કહી તે શેઠાણીની મેડને પણ ત્યાંથી તરત દુર કરાવી નાંખી.

"મીસીસ નોરમન," તે કેામલાંગી બેાલી; "ખુદાને ખાતર તમે જરા માહરૂં સમજો! આજે હું તમારે કાજે સુખી થઇ શકતી નથી; તમારેા અવતારજ ણદલાઇ ગયલેા લાગેછ–તમે ઘણાં સીક દીસેાછ?"

પરંતુ જવાબ દેવાને ણદલે મીસીસ નોરમન તેા ફરી ગઇ અને સામેની મેાટી આરસીમાં પેાતાના પડછાયાને ટીકીટીકીને જોવા લાગી.

"હું માંદી જેવી નથી લાગતી," તે ધીમાં અવાજે બેાલી.

નાનાં પારખ તે ઇંગ્લીશ અબળાની વધારે નજદીક ગઇ, અને મીસીસ નોરમનની બેાલ્લી ગરદન આજુણાજુ પેાતાના હાથ ભેરવ્યા; પછી એક અબળાની દીલસેાઝીથી દેારવાઇ, તે વાંકી વળી અને તે બાઇનાં ગાલેા ચુમ્યાં. મીસીસ નોરમન તેા જાણે સર્પે ડંખી હેાય તે મીસાલ ચમકી–ઝબકી ને નાનાંને આંચકેા મારી ઉઠીને ઉભી થઇ. તેણીનેા ચેહરેા લાલચેાળ થઇ આવ્યેા હતેા.

"એમ ના કરતી!" તેણીએ ઉશ્કેરાઇને પુકાર્યું. "ફરીથી એમ કદી કરતી નાં. તું મને પાછી માણસાઇ અવતારમાં લાવી મુકશે, અને મારૂં જીગર તેા પત્થર થઇ ગયું છે. છેલ્લાં બે વરસ થયાં મને કદી કેાઇએ કીસી કીધી નથી."

નાન્ટં પારખ ગરમ, ગમખ્વારીનાં મુંગાં ચાંલ્લુએ રહતી એક ટેબલનો ટેકો લઇ ઉભી.

"મને કેહો," તે મધુરીએ નમ્ર હલકે પુછયુ. "આજે સહવારે તમે કયાં ગયાં હતાં ?"

તે ઉમરવાળી અબળાના ચેહરાએ જરા વાર સેહજ હલ રંગ પકડયો, પણ પછીથી તો ત્યાં મોહત કરતાંબી બદતર ફીકાશ ફેલાઇ રહયો.

"તું તે કાંય જાણવા માંગેછ ?" તેણીએ શકથી આંખો ચુંચી કરી સવાલ કર્યો.

"કાંઇબી ખાસ કારણોસર તો નહિજ," નાન્ટંએ જવાબ દીધો. "ફકટ હું તમારે વાસ્તે બહુ આતુર છેઉં, ને વળી આજે આખ્ખો દીવસ તમારી તબીયત ઠીક લાગતી નથી. આજે રાતે જવાનું માંડી વાળો, ભલાં મીસીસ નોરમન–તમારો ચેહરો આતશની માફક જળેછ અને તમારા હાથો તો બરફ કરતાં બી ઠંડા છે !"

"હું પેલાં પીછાંઓથી તેને ગરમ કરવા ચાહું છ," મીસીસ નોરમને ઘણું કડવાસથી હસીને ટકોર કીધી.

"મરંવા દેઓની એ પીછાંને," નાન્ટં બોલી, "હું તદ્દન ખાત્રી પુર્વક છેઉં કે એ પીછાંના સંબંધમાં તમારા ધણી જેટલા દલગીર થયાછ તેટલાજ પસ્તાયછ બી; હું તેવણના ચેહરા ઉપરથી તે વાંચી શકું છ."

"તું એમ ધારેછ ?" મીસીસ નોરમને આતુરતાથી પૂછયું, "આહ, મને કેવો કરાર થાયછ ! પણ પેલી કારમણી નથી પસ્તાતી; એ તો આઇ પીને સ્ટેજ ઉપર પીછાં પેહડી આવવા મથેલી છે, અને લોકો બધાં માહરી મશકેરી કરે !"

"તમે એ અબળા વાસ્તે કાંય નથી ભુલી જતાં ?" નાન્ટંએ કાલાવાલા કર્યા, "એના ચેહરાની ખુબસુરતી ને અવાજની મધુરતાએ જે લોકોને ભાનુ ભુલાં બનાવી દેછ. પણ યાદ રાખજો કે ખુબસુરતી જરૂર જાંખી પડશે ને અવાજ જરૂર મરી જશે. ખુદાને ખાતર એને ભુલી જાઓ !"

"આજના દીવસ પછી હું જરૂર ભુલી જવશ," મીસીસ નોરમને ઘણું ગંભીર સરોદે કહયું, "પણ આજે તો હું એને એની સઘળી કુંકરાજી સાથે પેલાં પીછાંમાં જોવા માંગુછ. માત્ર આજની રાત ને પછીથી હું એક નાટક જોવા કદી પણ જવાની નથી."

જયારે તે શેઠાણીનું મનજ તે બીના ઉપર ચોંટી ચીટકીને બેઠેલું હતું ત્યારે તેમાં હરકત નાંખવાનું તે મધુરી માહોમબુબને ઘણું કુર લાગ્યું, કદાચ તેણી પોતાનો બોલ પાળશે, અને આજની રાત પછી હંમેશ વાસ્તે તેણી પેલી ફેઠાને ભુલી જશે.

"તમે એમ એકાંતમાં છુપાછુપ શા વાસ્તે જવા માંગોછ ?" નાન્ટંએ પ્રશ્ન કર્યો.

પણ તે સવાલનો જવાબ નાન્સને મળ્યો નહિ; મળ્યો ખરો, પણ એવો કે જેનો તે કાંઇ મીનીંગ ઉપજાવી શકી નહિ. તકરાર કરવાનું તમામ ફોકટનું હતું; તે છતાં નાન્સને તો કોઇ ભયાનક ચીજનો ઝટકો થયાજ કરતો હતો, કે જે શું હતું તે બાપડી જાણી કે સમજી શકી નહિ.

તેઓ સાથેજ જમ્યાં; મી૦ નોરમન તો ઘરમાં હતો નહિ, અને જમતી વખતે તેઓ વચ્ચે કાંઇ ઝાઝી વાતચીત થઇ નહિ.

"આપણે ગાડીમાં જઇશું?" નાન્સએ પુછયું.

"નહિ, નહિ, આપરે ફેમ સ્ટેન્ડ સુધી ચાલીનેજ જઇશું."

તે આંખોમાં કાંઇ ઘણાં ઘાડા અર્થસુચક ચમકારાઓ થતા હતા. જેને તે કોમળાંગીને બહુ બીહવરાવી. તેણીએ બરાં જીગરથી ઇચ્છયું કે મી૦ નોરમન ઘરમાં હતે–તે, સઘળો જોખમ બેંચી, તેની આગળ જતે ને પોતાની ધણીઆણીને ઘેરની બાહાર નહિ નિકળતા દેવાની તાકીદ કરવા સમજાવ્યું હતે. પછી જે તમામ સાદો કેસ મીસીસ નોરમને પેહડયો તેનાંથી તેણી અત્યંતીથી ચમકીજ ગઇ.

તેઓ ઘેરની બાહાર પડયાં, કે તરત થોડાં ડગલાં ચાલી તેઓને એક ફેમ મળી ગઇ જેમાં બેસીને ઠીએતર ઉપર હુંકારી ગયાં. તે જો કે એક એમેચ્યુરઝની ટોળકીનો નાટક હતો, છતાં ઠીએટર રાબેતાં કરતાં બી વધુ ચીકાર થઇ ગઇ હતી; તે બે બાળાઓને ઘણી મોટી મુશકેલીથી એકદમ નીચેના વર્ગની બે ટીકીતો–તેણી છેક પુણ્યામાં મળી શકી પણ તે છતાં એટલું નશીબવંતુ હતું કે ઠીએતરમાંનું એકેએક પુણ્ય તેઓ ત્યાંથી જોઇ શકતાં હતાં.

"જો, જો!" મીસીસ નોરમને પોતાનો ઉશકેરાયેલો અવાજ જેમ તેમ દાબી ઘણું ધીમેથી કહયું, "તું આય બધી બાઇઓને જોઇ શકેછ? એઓમા માહરી ઘણી કેહવાતી સહીઓ છે. પેલી એક મીસીસ સીડની, કે જે માહરો હાથ હંમેશાં ઘણી માયાથી પકડેછ તે માહરા ધણીને લગતી સૌથી છેલ્લામાં છેલ્લી ગપો કહેછે, પેલી મીસ ડોલસ્કી કે જે હંમેશાં આંખમાં આંજુઓ સાથેજ માહરી સાથે વાતો કરેછ ને કેહછ કે આ એકટ્રેસ ફેગ કદી બેહસ્તમાં જઇ શકવાની નથી.—અને હવે એ બધાંઓ આજે એ ફેડાને વખાણશે ને માહરી ઠઠ્ઠા મશ્કરી કરશે, કાંયજે હું એકદમ સાદા ચેહરાની છેઉં."

અને એટલું બોલવાનું તે અજાણ્યે પુરૂં કીધું કે તરતજ તે મકાન મોટા પોકારોની ગજ નાથી બધું ધુજી રહયું. આવકારના સાહદો, તાલીઓના ગગડાટ અને પુલોના વરસાદથી તે ઠીએતરનો એકેક પાયો જાણે ધમધમી આવ્યો; અને કાનના બેહર ફાડી મુકે તેવા તે અવાજમાં બુબસુરત ફેડા નમન કરતી અને હસ્તી સ્ટેજ ઉપર ઉભેલી હતી. 'બુબસુરતી' શબ્દ તેણી વાસ્તેના વર્ણન માટે પુરતો નથી.

બીહક ફેલાવનારી લાગતી હતી. તેણીએ પેલા ડાયમંડ નેકલેસ ને ફ્રોસ પેહડયો હતો ત્યારે તેણીના બાલમાં ડાયમન્ડ સ્ટારઝ મુકેલા હતા.

"પેલા ડાયમંડસ પાછા!" મીસીસ નોરમન બોલી, "એ પેલા નવાબ જેહાંગીરે આપેલા રૂબીઝ કાંય નહિ પેહડતી હોશે?"

નાન્સીએ જવાબ કર્યો નહિ; તેણી તો તેણીની સામેના તે ચીત્ત ચોરી લેનારાં 'વીઝન'ને વખાણવામાં ગરક ગઈ હતી.

"લોકો એનાં ઉપરથી કેવાં મરી ફીટેછ!" મીસીસ નોરમને જારી રાખ્યું. "એ લોક આય બધી ધામાંધુમા કરતાં ક્યારે થોભશે? વોટ નોનસનસ—એને હજી તો એની હોઠો પણ બોલ્યા નથી. યુ સી, એ લોકો એનાં ચેહરાનાં વખાણ ગાયછ—એનાં પોતાનાં નહિ."

તે નાટક—બલ્કે એક ઓપરેટા ઘણો સરસ હતો. પેહલ્લા અંકમાં ફ્રેડા એક રાણી તરીકે રજુ થઇ હતી. તે તેનાં ભાગને ઘણો અચ્છો ઇનસાફ આપતી હતી—તે પાર્ટને તે તદન લાયક હતી; અને જ્યારે એક સીનની આખેરીએ તેણીએ પોતાનાં માથાં ઉપર એક તાજ મુકી આ શબ્દો કહ્યાં: "હું રાણી છઉં," ત્યારે તેણીનું બુસ્સાદાર, ઉશકેરાયેલું ઓડયન્સ સાવ દીવાનુંજ બની ગયું!

ઓહ, તેણીને પાછી અને પાછી બોલાવામાં આવી! 'ખુબસુરત ફ્રેડા'નું નામ દરેકનાં હોઠો ઉપર હતું; ફુલો અને ગજરાઓનાં એક ઢગ તેણીનાં પગો આગળ આવી પડયો!

પછી નાટકનો તે સીન આવ્યો કે જે જોવા ખાસ તે ઓડયન્સનું ફેશનેબ્લ લોક આવ્યું હતું—પોતાનાં ધણીથી નાહસી છુટેલી તે રાણી એક બેડુતની ઝુંપડીમાં આવી પડી હતી અને તેણી પાસે રાણી તરીકે દાવો કરવા કોઇબી ચીજ હતી નહિ. સીવાય એક ઘણુંજ મોધાં પીછાંની નોડ, કે જેની બેમુળ કીંમત તે ભુલી ગયેલી કેહવાતી હતી. ફ્રેડાં એક રાણીનાં દમામદાર કપડામાં પુરતી ખુબસુરત હતી; કીંતુ એક બેડુતનાં અવતારમાં તો તે કાંઇ અજબ ઝલેહ મારી રહી હતી. તેણીના ચળકતા કાળા બાલ સુંદર વેલની માફક બબાં ઉપર વેરવીખેર થઈ પડયા હતા; તેણીના સફેદ હાથો, જેઓ વટી તે પેલાં પીછાંને સાચવતી હતી તેઓ જોવા વાસ્તે ઘણાં અજબ ભર્યા હતા. લોકોની નજર તેણીની ખુબસુરતી ઉપર જેમ જેમ વધારે પડતી તેમ તેમ લોકો તેણી ઉપર દીવાના બની જવા લાગ્યાં—તેઓ ઘેલાં, છાકટાં બની ગયાં હતાં!

તે એક ઘણો ફક્કડ એકટ હતો—બહુ અજબ ભરેલી રીતે ભજવાતો ને ટકાવી રાખવામાં આવેલો હતો. તે સખ્ખત, ઠંડી આંખો જે એકટ્રેસની દરેક હીલચાલ તપાસતી હતી તે વધારે ને વધારે ક્રુર બનતી ગઇ—તેઓ ધીક્કાર ને ક્રોધથી પજરતી હતી; અને જ્યારે તેણીએ તે પીછાંને સ્ટેજ ઉપર જોયાં ત્યારે મીસીસ નોરમનનો ચેહરો ખુની બન્યો, કે જે જોતાંજ દીલનાં ગાત્રેગાત્રાં ધીલાં પડી જાય!

નાન્તનું જગર તેણી વાસ્તે દાઝી આવ્યું; તેણીને તે એક ફોકટનું વેદનાને લંબાવા જેવું લાગ્યું.

"તમે જે બંધુ જોવા માંગતા હતા તે તો જોઈ ચુકાંછ," તેણી નમ્રતાથી બોલી. "ચાલો હવે ઘેરે જઈએ, મીસીસ નોરમન."

"આય પ્લેમાં કેટલા એકટસ છે?" મીસીસ નોરમને સવાલ કર્યો.

"ચાર," નાન્ત'એ પ્રોગ્રામમાં જોઈને કહયું.

"ત્યારે તો," મીસીસ નોરમને જણાવ્યું, "આપણે ત્રીજા એકટ પછી ઉઠી જઇશું."

પુરાને બબર હતી કે તેણીની ખુબસુરત શોખને ટીકતી બેઠેલી તે ગંભીર, શુંગસ, ગમખ્વાર બાઇનાં મગજમાંથી તે વખતે કેવા ભયાનક વિચારો પસાર થઇ જતા હતા! તે એબલાં દુઃખી જીગરમાં એટલી પુરતી ગમખ્વારી હતી કે તે આખ્યાં ઓડયનસને તેણે શોકાતુર બનાવ્યું હતે, જો તેઓએ તે બણી જોવાની દરકાર રાખી હોતે તો. જ્યારે ત્રીજો એકટ પુરો થયો ત્યારે તે ઉઠી.

"મને પુરતું મળ્યું છ; આપણે હવે જઇયું," તેણીએ નાન્ત'ને કહું; પણ તેણીને લપેરા આવ્યા, અને ચાલી શકવા અગાઉ તેણીને નાન્ત'નાં હાથનો ટેકો લઇ કેટલીક મીનીટો સુધી થોભી જવું પડયું.

બીજી મીનીટે તો તેઓ બાહારની ઠંડી હવામાં આવી ઉભાં; રાતનાં આકાશમાં હજારો તારાઓ ઝગઝગી રહેલા હતા. તેઓ ઠીએટરનાં પોબાલ પોરટીકોમાં થોડી વાર ઉભાં; પછી નાન્ત'એ કહું—

"હું એક ફેણ બોલાંઉ?"

મીસીસ નોરમને ઝબકીને ઉપર જોયું, જાણે એક મોટા સ્વપનામાંથી ચમકીને જાગી ઉઠી હોય તેમ.

"નહિ. આપણે ચાલતાં જઇશું," તેણીએ જવાબ દીધો.

નાન્ત'એ અનયણીથી તેણી બણી જોયું; પરંતુ તે ચાતુરીએ કશો રીમાર્ક કર્યો નહિ. મીસીસ નોરમનનાં ફાંટાને શરણે જવાનું હાલને કાજ તે છોકરીને વાજબી લાગ્યું, જો તે અબળા ફ્રેન્ટ જેવી થઈ જશે તો. ગાડી તો તૈયાર હતી.

તેઓ થોડા વખત સુધી ચાલ્યાં કીધાં; પછી એકાએક, અને જાણે પોતે શું કેહતી હતી તે જાણી શકતી નહિ હોય તેમ, મીસીસ નોરમન બોલી—

"હું અજબ થાંઉછ. શું નાટક આટલા વખતમાં પુરો થઈ ગયો હોશે?"

"હું માનું છ કે તે અત્યારેજ બલાસ થવા પાંમેલો હોવો જોઇયે," પોતાના નાના ઘડીયાળ બણી નજર નાંખી નાન્ત પારએ જવાબ કર્યો.

જો કે મોકુ પડયું થયેલું હતું છતાં જે મોહલ્લામાંથી તે બે બાઇઓ પસાર થઈ જતી હતી તેમાં લોકોની ઘણી આવજાવણ હતી; અને સામેથી આવતાં એક

નાના ટોળકાંને પસાર કરી જતાં નાન્દને એકાએક માલમ પડયું કે તેણીની સાથી તેણીની બાજુમાં વધુવાર હતી નહિ. કુદરતી રવેશે તે ફોમળાંગીએ વિચાર્યું કે મીસીસ નોરમન એકદમ આગલ વધી ગઈ હશે, અને, તેથી, પેહલી મીનીટો તો તે ગભરાઈ નહિ. તેણીએ જરા ઝડપી પગલાં ભર્યાં–પણ મીસીસ નોરમનનો આગળ ચાલતો આકાર નજરે પડયો નહિ! તોપણ તે મધુરીને આવી રાતની વખતે એમ નજરચુકનો બનાવ કાંઇ ઘણો અસાધારણ લાગ્યો નહિ, અને આત્રી લાગી કે ઘરે જતાં રસ્તામાં તો તે તેણીને જરૂર પકડી પાડી શકશે. તે છતાં, તે બાઇની આખ્ખા દીવસની વિચિત્ર રીતભાત યાદ કરી તેણીને ભય ને કશો ઓટાંનો ખટકો થયો ખરો. એમ તો નહિ હોય કે મીસીસ નોરમને હાથે કરીને નજર ચુકાવી નાંખી હોય? અને જો તેમ કીધું હોય તો તેમાં તેણીની શું મકસદ સમાઈ હતી?

નાન્દ આયંદે 'નવાણ મનઝીલ'માં આવી પુગી; પણ તે ઘરની શેઠાણી હજી સુધી આવવા પાંમી હતી નહિ. તેણી કયાં ગઇ હતી? તેણીનું શું થયું હતું? નાન્દને ઘણાં ઘણાં વિચારો આવ્યા. તે ચીંતાથી માંદી જેવી પડી ગઈ; તેણીને સમજ પી નહિ પડયું કે શું કરવું અને કેમ કરવું? સૌથી સરસ ચીજ જે કરવાની તેણીને લાગી તે પાછું ઠીએટર પર જઈ અને તલાસ કરવાની હતી. અને તેમ કરતાં કદાચ રસ્તામાં મીસીસ નોરમન મળી જાય એવી તેણીને આત્રી થઇ.

ઠીએટરથી થોડુંક છેટું હતું અને તેણી ધીમે ધીમે ચાલવા લાગી, ડાબી અને જમણી બાજુએ જોતી ને તેણીની શેઠાણીને મળી જવાની વછી રાખતી. પછી તે ઠીએટરની છેક ઘણી નજદીક આવી અને જોયું તો તે બાજુનો રસ્તો લોકોની ભીડથી અસાધારણ રીતે ચીકાર થઈ ગયો હતો. તે જેમ જેમ વધારે નજદીક આવતી ગઈ તેમ તેમ લોકોનો ધસારો એટલો મોટો માલમ પડયો કે તેણીને એકેક પગલું ભરતાં મોટી મુશીબત પડી.

"શું થયુછ?" લોકોનાં ટોલકાંથી સેહજ દુર એક આબરૂદાર પોષાકમાં ઉભેલી અંગ્રેજ બાનુને તેણીએ સવાલ કર્યો.

"શું તમે નથી જાણતાં?" તે બાઇએ ઉશકેરાયલા અવાજે પુકાર્યું "ઓહ, ધી બ્યુટીપુલ ફ્રેડા! આજે તો લોકોના જીગરને ખુશાલીથી ધુજાવીને છક કર્યાં હતાં અને હવે—"

નાન્દ ધાસ્તી ને બીહકથી ફ્રેન્ટ જેવી થઇ ગઇ.

"અને હવે શું?" તેણીએ પુછયું: પણ પેલી અબળા તો ફરી ગઇ.

એકાએક ત્યાં એકથું થયેલું લોક એક મોટોરકારને પસાર થઇ જવા વાસ્તે બે ભાગમાં વેંહચાઇ ગયું, કે જે કાર ઠીએટરનાં દરવાજા ભણી ગઈ; અને નાન્દએ પોતાને એક નાની રડતી છોકરીની બાજુમાં ઉભેલી જોઇ.

"ઓહ, ખુબસુરત ફ્રેડા! એ બિચારી માહરા તરફ કેવી લલી હતી!" નાન્દએ તેણીને ડચકાં ખાઇને રડતી સમજી.

"એને શું થયું છે તે મને કેહેશો, જવાન બાનુ?" તે કામળાંગીએ માયાથી તે રડતી બાળાને પૂછયું. "હું અહીં ઘણો વખત થયો ઉભેલી છેઉં, પણ મને કેહનારૂં કોઇ મળી શકતું નથી. લોકો-બમુસ કરીને તમારાં યુરોપીયન લોકો ઘણુંજ ઉશકેરાઈ ગયેલાં માલમ પડેછ."

"ઉશકેરાઇ ગયેલાં! એ લોકો દીવાના થઇ ગયાંછ," તે બાળકીએ ઘણા ઝનુનથી કહયું. "અને જો જેને એ કારસ્તાન કીધું છે તેનો પન્તો હાથ લાગે કેની તો—તો તેને યા તેણીને ચીરી ફાંસી નાંખવામાં આવે."

પાછો નાજાંના જીગરમાં એક જાતનો અરાબીનો ખટકો થયો-તે બાતેનથી બધી થરથર ધ્રુજી.

"પણ શું થયુંછ તે તો મને જણાવો!" તે સુંદરીએ પાછો સવાલ કર્યો.

"તમે નથી જાણતાં?" જવાબ મળ્યો. "કોઇ માણસના અવતારના સેહતાને એનાં ચેહરા ઉપર ઝેરી એસીડ નાંખી બાળી નાંખ્યોછ!" તે નાની રમણીએ ઉસકેરાઇ જતા અવાજે બોલાંસો કર્યો.

તે બુલાસો સમજી નાજાં થોડીક મીનીટો તો જવાબ પણ દઇ શકી નહિ. તે ધાસ્તીથી જાણે પત્થર જેવી થઇ ગઇ. એ કોણે નાંખી હતી?

"ઝેરી એસીડ!" આયદે તે બાળાએ બોબરા સાહદે કહયું. "તમે તદ્દન બાત્રીપુર્વક છો-ઝેરી એસીડ?"

"હા; અને એ લોકો કેહેછ કે એનો લવલી ચેહરો તમામ બળી ગયોછ. ડાકટરો કેહછ કે એ જીવશે તો ખરી, પણ એટલી કદરૂપી થઇ ગયેલી કે કોઇને એનાં તરફ જોવા પણ નહિ ગમે."

પછી વળી પાછો લોકોનો ધસારો ચાલુ થયો; અને જાણે જાદુથી હોય તેમ, ત્યાંનો ઉશકેરાયેલો ગોંધાટ તમામ દબાઈ ગયો, કેમજે પેલી મોટોર ગાડી ધીમેથી થીએટરની બાહાર નિકળી અને તેમાં કેદા કે જે હવે વધુ વાર બુબસુરત ન હતી તે બે ડાકટરો અને નર્સ સાથે હતી.

થીએટરની લાઇટો બુજવી નાંખવામાં આવી, લોકો-વેરવીખેર થઇ ગયાં, અને તે રાતનાં અંધકારમાં નાજાંએ પોતાને તમામ એકલી પડેલી જોઇ. તે ધીમે ધીમે ઘર તરફ જવા લાગી, ધાસ્તીથી સાવ સકમણકમ બનેલી અને ભયથી રગેરગ ધ્રુજતી હતી; અને જ્યાંથીણો તે પસાર થઇ ત્યાં તેણીએ કેદા અને કેદાનીજ વાત સમજી. એક ચીજ તે એકથી કરી શકી, અને તે એ કે ગુનેહગાર વિષે કોઇ કાંઇ જાણતું હતું નહિ-કોઇને પણ તે કામ વાસ્તે કોઇ ચોકકસ આસામી ઉપર શકી જઇ શકયો હતો નહિ.

જ્યારે એક વાર પાછી 'નવાબ મનઝીલ'નાં બારણાં આગળ નાજાં આવી ઉભી ત્યારે ત્યાંનો ચંગ વજાડતાં તેણીનાં હાથો ધ્રુજ્યા, અંદર તે શું જોશે અને શું સમજશે તે ધાસ્તીથી આયદે સઘળી હીંમત એકઠી કરી તેણીએ ચંગ વજા-

હયો, અને જવાબમાં આવી ઉભેલો ત્યાંનો એક ભરદ્દ નોકર તદ્દન સાધારણ દીસ્યો. ત્યારે કાંઈ પણ અસાધારણ અંદર મકાનમાં નજ બન્યું હતું!

"બાઇ ઘેરમાં આવેલાં છે, મીસ." તેણીના સવાલના જવાબમાં તે નોકરે કહયું. "તમારા ગયા પછી એવણ તુરત આવ્યાં."

નાનાં પોતાના રૂમમા ગઇ. તે બીહુક કે જે બરાંપણાં કરતાં ઘણી ભયંકર દીસી હતી તે હવે તેણીમાંથી રફ્તે રફ્તે નાણુદ થવા લાગી; તે ભય કેટલો ભયાનક હોવી જોઇયે તેનો ખ્યાલ હવેજ માત્ર તેણીને તેણીના ધ્રુજતા અવયવો ને સફેદ ચેહરા ઉપરથી આવ્યો, તેણીએ તે ધાસ્તીને શબ્દોનો આકાર આપવાની હામ ભીડી ન હોતી, તેણી પોતાને પણ શબ્દો વાટે તે ભય કહી શકી હતી નહિ. હવે તેણી જોઇ શકી કે તે બધા ભયાનક ખ્યાલોનું સબરદબર ખોટા હતા, મીસીસ નોરમન તો ઘર આગળ તેણીના પૂછી જવાં પછીથી ઘણી જલ્દી આવી ચુકી હતી.

તેણી પોતાનાં ઓરડામાં આવી ઉભી, હીલચાલ કરવા વાસ્તે સાવ અશકત અને પોતાની ધ્રુજતી રગોને શાંત પાડવાની વેત્રણ કરતી. એક થોડી વધારે મીનીટો અને તેણી સાવધ થઇ શકી; પણ તે કોઇ ગુપ્ત, રાક્ષસી, ડરામણી ભય તો જાણે તેણી આગળ લટકયાજ કરતી જણાતી ને જાણે તેની અસરથી હોય તેમ, ગમે તેવી કોશેશ છતાં, તેણીનાં હાથ પગમાં તો ધ્રુજારી થયાજ કીધી. એ શું હતું? તેણીએ મીસીસ નોરમનની આયાને તેડી મંગાવી, કે જેણીએ આવતાંને વાર બીહકથી પોતાનાં ડોળા પોહળા પટાક કરી નાંખ્યા.

"બાઇ, બાઇ, તમુને શું છે-તમે કાંઇ સારાં દીસ્તાં નથી? એમ બધાં ધ્રુજોછ કાંય? હું તમારે વાસ્તે કાંઇ લાંઉ?"

"મને જરા એક ગરમાગરમ સ્ટ્રોંગ કોફીનું કપ પીવા ગમશે," નાનાંએ કહ્યું.

તે દાસી પુત્રી ગઇ, અને જરા વારમાં કોફીનાં કપ સાથે પાછી ફરી.

"તમે ધારોછ, મીસ પારખ," તે દાસીપુત્રી બોલી, "મારાં બાઇને પણ કાંઇ એવું હોવા ગમશે? એવણ આયાંછ ત્યારનાં કાંઇ બરાબર લાગતાં નથી."

"મેં તુને બોલાવી તેનું એજ કારણ કે હું બાઇ આગળ જઇ શકું કે નહિ તે પૂછવાને વાસ્તે."

"હા-બાઇ, તમે જાઓ તો સારૂં, એવણ કંઇ બોલતાં'તા કે રસ્તામાં તમે ને એવણ એકાએક છુટાં પડી ગયાં, પછી મેં બધુ તમારે વાસ્તે કહયું. તમે પાછાં ચાલી ગયાં પછી તરતજ એવણ આવી લાગાં- પાંચ સાતેક મીનીટ પછી હોશે," તે દાસીપુત્રીએ બોલાસો કર્યો. પાછો નાનાંના દીલમાં સધ્યારો ફેલાયો.

"કોફીનું કપ હું લઇ જાઉં કે તમે લઇ જાઓછ, મીસ પારખ!"

"નહિ. હું જ લઇ જવશ," નાનાં બોલી.

કોફીના કપ સાથે તે પોહળી ચાલો પસાર કરી જતી વખતે તે ફરેસ્તા જેવી સુંદરીનાં હોઠો ઘરાં અંતઃકરણની જોશબારેલી બંદગીઓના કલામ પઢવામાં રોકાઈ ગયલા હતા; પણ તે કલામો જ્યારે તેણીએ મીસીસ નોરમનનો ચેહરો જોયો ત્યારે તુરતજ તેણીના હોઠો ઉપર મરી ગયા, તે ચેહરો બધી ભયાનક આફતથી હોય તેમ ભખી બાયેલા જેવો હતો; આંખો તો જાણે આતશનાકુંડોળાઓ મીસાલ દીસતી હતી. નાન્સીએ કાપીનું કપ એક ટેબલ ઉપર મુકી દીધું અને બોલી—

"બાય ડીયર મીસીસ નોરમન, તમે બહુંજ સીક થઈ ગયેલાં લાગોછ," તેણીએ કહયું. "હું તમારે વાસ્તે શું કરી શકું?"

"હું સીક નથી, હું જરા પણ સીક નથી થઈ ગઈ," મીસીસ નોરમને ઉતાવળથી જવાબ દીધો, એટલી બધી ઉતાવળે કે નાન્સી અજાયબીથી ચમકી.

"જો હું જરા 'અનનર્વ' થઈ ગઈ હોઉ તો તેમાં વાંક તમારો છે, મીસ પારખ; તમારે એમ મને છોડી દેવી જોઈતી ના હતી."

નાન્સી તે કમનશીબ બાનું વાસ્તે દયાથી એટલી બધી ઢાઈ ગઇ હતી કે તેણીને ગુસ્સો કરે યા બીજવાત ઉપજાવે તેવો કશો રીમાર્ક તે કરી શકી નહિ.

"હું એ વાસ્તે દલગીર છઉ," તેણીએ નમ્ર હલકે જણાવ્યું. "હું સમજી શકતી નથી કે મેં તમને કેમ 'મીસ' કીધાં."

"ત્યારે તું એમ કબુલેછ તો ખરી કે વાંક તાહરો હતો—કે તાહરે લીધેજ હું બુલી પડી શકી?"

"હા," નાન્સીએ જવાબ દીધો—"મને બીહક લાગેછ કે તેમ છે ખરૂં."

"તું જાણેછ તો ખરી કે તાહરાં ઘેરે આવી ગયા પછી હું થોડીજ મીનીટમાં ઘેર પાછી ફરી હતી?"

"હા—હું તે બરાબર જાણું છું," તે રમણીએ શાંતીને જરા બી તજયા વગર ધીમાં અવાજે જવાબ કર્યો.

એક સધ્યારા અને સંતોષનો દેખાવ તે ચાલુ સફેદ ચેહરા ઉપર નાન્સીનાં આ જવાબોથી એકાએક ધાઇ આવ્યો, જાણે કોઇ ક્રીસમની રાક્ષસી બીહક તેણીનાં કાળજાંમાંથી ઓછી થઈ હોય તેમ.

"હું ખુશી છેઉં કે એ તું જાણેછ," મીસીસ નોરમને કહ્યું. "એ તો જરા કઠંગુ દીસેછ કે હું બેબદી પડી ગઈ. સારૂં છે કે તું જાણેછ."

તેણીએ પોતાનું માંથું નરમ ટકયા ઉપર ટેકવી દીધું, અને કશાબી મીનીંગ વગર તેણીની આંખો તે ઓરડાની ચોતરફ દોડવા લાગી.

"બાય કોફી પીવાની જરા કોશેશ કરો," જે અવાજે એક નાના માંદા બચ્ચાંને આપણે કહયે છીએ તેવાજ પતામણા અવાજે નાન્સીએ તેણીને કહયું.

"કૉફી ? નહિ; મને તેની દરકાર નથી." પછી જરા વારે ઘણી સીધ્રતાથી— "હા-હા-લાવો-હું જરા પી જાઉં."

તેણીએ કૉફીનું કપ ઘસઘસ પીને જરાવારમાં ખાલી કરી નાંખ્યું, અને તે ફીકકા ચેહરા ઉપર રંગ આવ્યો, તેણીની આંખોમાંનો ઝનુની દેખાવ પણ લગાર દપટ પડયો. નાન્ડ તેણીની પાસે બેઠી, અને જે એક ભયંકર ત્રેજેડી બનવા પામી હતી તેનાથી તેણીને વાકેફ કરવી કે નહિ તેના મોટાં વમાસણમાં પડી. તેણીએ પોતાના મનથી ઘણી તકરારો લીધી, અને મીસીસ નોરમનની આવી અસ્થિર હાલતમાં તે વાત તેને નહિજ જણાવવી એવા નિર્ણય ઉપર આવ્યે તે આવી શકી.

થણીક વારે મીસીસ નોરમનના હોઠો હાલ્યા; જાણે તે કાંઇ બોલવા માંગતી હોય, અને નાન્ડ તરફ અવારનવાર સવાલ કરતા દેખાવે તે બાઈએ જોયું; પણ તે સુકકા હોઠો હંમેશાં પાછા ચુપકીદીમાં બંધ થઇ જતા અને તે ભારી પાપણો ને ચળકતી આંખોને ઢાંકી દેતા. પછી-ઘણે વારે આવ્યે તે બોલી.

"આજની રાત તમે મારી આગળજ રહેશો, મીસ પારખ ?" તેણીએ પુછયું. "હું ઘણી નબળી અને નરવસ બની ગઇછ. હું જાણતી નથી કે કાંય."

"અચ્ચીતજ; હું મોટી ખુશી સાથે રેહવશ." નાન્ડએ જવાબ દીધો, "અને હું બેસીને તમારી આગળ વાંચશ, કે જેથી તમને ઉંઘ આવી જાય."

પછી જો કે તે માહણુએ કલાકો સુધી વાંચ્યા કીધું, તો પણ તેણીએ દુઃખથી જણી જતાં માથાંએ અંહીથી તંદ્રી અછાડપછાડ કીધી અને કશી ઉંઘ આવી શકી નહિ. લાગત બે દીવસો સુધી તે કમનશીબ બાનું પોતાનાં રૂમની અંદર ભરાઇ રહી અને નાન્ડ સીવાય પોતાની આગળ કોઇનેબી આવવા દીધાં નહિ.

"હું કાંઇ માંદી થઇ નથી ગઇ," તે અવારનવાર ગભરાતથી બોલતી, "જરા મને નરવસ જેવું લાગ્યા કરેછ. તું તો મારી આગળની આગળજ રેહજે-બીજા કોઇને આવવા દેતી નાં."

નાન્ડ મીસીસ નોરમન સાથે આખ્ખો વખત રહી-રાત અને દીસ; એ દરમીયાન તેણીને મી૰ નોરમનને મળવાનો કાંઇ પણ ચાન્સ મળી શકયો નહિ, અથવા તો તેની ઘણીઆણીની બેચેની વિષે પણ તેને તે જણાવી શકી નહિ. તે તેણીની નજદીક કદી આવ્યો નહિ, પરંતુ દુરથી અને બાહારથીજ તેણે ખબર મેળવ્યા કીધી. વળી નાન્ડને આ પણ જાણવાની તક મળી શકી નહિ કે એ મી૰ નોરમન પેલી ફ્રેડા વિષે શું જાણતો હતો ને કેવી રીતે તેણી વિષે તેને લાગતું હતું. એ બધું જાણવાની તે નાજનીનને ઉતકંથા તો ઘણી થઇ; પણ તેને બર લાવવાનું તેણીથી ફાવી શકયું નહિ. મીસીસ નોરમન કોઇ અજબ જીજ્ઞાસાથી દરેક પેપરો મંગાવી જોતી અને તેમાંની એકેએક ખબર બહુજ ઝડપ ને આતુરતાથી વાંચતી-એટલી કે તે બાળા પોતે પણ એ જોઇ બહુ વિસ્મય પામતી.

એકટ્રેસ ફ્રેડા વિષે આપવામાં આવતો હેવાલ બહુજ કરૂણામય ને દયા ઉશકેરે તેવો હતો; એ કાંઇ સાચ્ચું ન હતું કે તેણીનો ચેહરો બળી ગયો હતો; કીંતુ તે બલેહવંતી આંખો કે જેના વટી તેણે ભલાંભલાંના જીગરો પોતાનાં પગો આગળ આણી અને કંચડી નાંખ્યા હતાં તેને મોટું નુકશાન થયું હતું. તેણીનાં કપાળ ઉપર એક ભયાનક દાભ પડેલો હતો, અને બીજો એકએક ગાલ ઉપર. તે પ્રવાહીએ પોતાનો ખોફ અને ક્રોધ તેણીની સુંદર ગરદન અને બાંહાં ઉપર ખાલી કર્યો હતો.

ગુનેહગારને પકડી આપવા જાતો તેનો પત્તો મેળવી આપનાર વિષે એક મોટું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું—પરંતુ હજી સુધી કાંઇપણ પરીણામ આવેલું જાહેર થયું હતું નહિ. તે ઝેરી એસીડ કેમ અને કેવી રીતે નાંખવામા આવી હતી તેણી કોઇથી પકડી શકાયું નહિ. કોઇ અજબ સંજોગો વચ્ચે તે ખુની હુમલો થવા પામ્યો હતો.

"જનમ ટેશનીકાલનીજ. સજા-જો કાંઇ ણી થાય તો તે ગુનેહગાર ભોગવવા પાંમશે."

મીસીસ નોરમને, તે બનાવ ઉપરનાં ટીકકા વાંચતાં, ઉપલો વાકય વધારે ધ્યાનથી વાંચ્યો અને ફરી વાંચ્યો.

"ઓ મોહોતની સજા કરતાં ઘણી નપેતર સજા છે," તે બહુ બણળા અવાજે બોલી; "બરૂ' કેની ?" અને તેણીની જવાન કમપેન્યને ઉત્તર દીધો—

"અને જો ખુન કરવા કરતાં બી વધારે બદતર ગુનાહ છે."

મીસીસ નોરમન કમકમી, અને બાજુનાં ચેહરા ભણી દયા માંગતી, ગભરાયેલે, ફાટેલે ડોળે જોવા લાગી.

તે એક ઘણો વિચિત્ર સંજોગ બન્યો, કે જ્યારે બાજુ તે કલંકીત ચેહરા ભણી તરબાતથી જોઇ રહી હતી ત્યારે મીસીસ નોરમનની આયાએ આવીને તેણીને કહયું કે મી૰ નોરમન બાજુને મળવા માંગતા હતા. તેણી ઉતાવળે ઉતાવળે નીચે ગઇ અને તે બરથારને ડ્રોઇંગ રૂમમાં મોટી ઉશકેરણી વચ્ચે ઉપર ને નીચે ફેરા ખાતો જોયો–તેનો ચેહરો ઘણો જનુની જેવો હતો, જ્યારે તે ઉપરનો ફીકાશ એક મુવેલાં માણસનાં ચેહરાને તદન મળતો આવ્યો. તે બાજુ તરફ ઘણી ઉતાવળે ફર્યો, અને જેવી તેણીને દાખલ થયેલી જોઇ કે તુરત તેણે તે મોટા ઓરડાનું બારણું ઢાંકી દીધું.

"તમે જાણોછ." તેણે ઉશકેરાતની એક બરાડ પાડી—"તમે જાણોછ, લોકો માહરી બૈયર વિષે શું કેહછ તે ?"

"નહિ," તે સુંદરીએ જવાબ દીધો. "હું કેમ જાણી શકું ? તમારાં ઘણીઆણી બે દીવસ થયાં સીક છે, અને હું આખો વખત તેણીની આગળની આગળ રહેલી છેઉં."

"સીક ?" તેણે કહ્યું. "કાંઈ અજાયબ જેવું નહિ કેહવાય ! તમને ખબર નથી, પણ ગામમાં બહુ મજબુત અફવા ઉડેલી છે કે આય કાઇમ તેણીએ પોતે કીધું છ, અથવા કોઇને રોકીને કરાવેલું છે. ગ્રેટ હેવન ! શું તમે તે માનતાં નથી ?" નાન્સના ચેહરા ઉપરનાં લોહીનું ટીપેટીપું ઉડી ગયું અને તે એક કાપવા કાઢેલાં નિર્દોષ બકરાં પેરે ધ્રુજવા ને કાંપવા લાગી. "માઇ ગૉડ ! જો તમે કાંઈ પણ જાણતાં હોવ તો મને એકદમ કહી દેઓ, કે જેથી હું એને વખતસર બચાવી લઈ શકું !"

"હું જે જાણું છ તે તમને બધું કહી દેવશ," તે બાળાએ જવાબ કર્યો; અને તેણીએ માંડી મેળીને પેહલ્લેથી છેલ્લે વેર બધી હકીકત તે આનંદને કહી દીધી.

તે ઘણો બુરો બદમાસ હતો—એક સંસારનો ફાંસો—અને તે છતાં તેણીને તેની દયા ઉપજી, કેમ જે તે વખતે તેનો મરદ ચેહરો એવો ભખી ખાધેલા જેવો, એવો રડમેસ અને કંગાળ બની ગયેલો હતો કે કોઇને બી દયા અને દીલસોઝી ઉપજ્યા વગર રેહ નહિ.

"હા—ત્યારે તો એનેજ કીધું છ !" તેણે પુકાર્યું. "ઓહ, ખુદા ! હવે એનું શું ? હું શું કરું-કેમ કરું ?" અને તે બધો ધ્રુજવા લાગ્યો. "એ તદન દીવાની થઈ ગયેલી હોવી જોઇયે !"

"જો તેમ હોય તો," નાન્સ ગંભીર સરોદે બોલી—"વાંક તમારો પોતાનો છે, તમે એને દીવાની કરી મુકી !"

તેણીનાં શબ્દોએ તેને શાંત ને સાવધ કર્યો. તેનું માંથું ઝુંબી પડ્યું.

"હા—મારા ગુનાહની એ મને સજા છે," તે બહુ ગમખ્વારીથી લજવાઈને બોલ્યો. પછી થોભીને—"આય તમારી કહેલી હકીકત જો સાચ્ચી હોય તો હવે એને માંથે ઘણી મોટી ધાસ્તી છે."

"હું ધારું છ કે સૌથી મોટી ધાસ્તી," નાન્સએ જવાબમાં જણાવ્યું.

"હું સમજી શકતો નથી કે એ અફવાએ કયાંથી મુળ લીધું. પણ જો પોલીસ કાંઇણી પગલાં ભરશે તો તમારી જબાનીના મુખ્ય આધારે એને સજા થશે—દેશ પારની સજા—જન્મ દેશનીકાલની સજા," અને એ બોલતી વખતે તેનો અવાજ બહુ ભયાનક ને ગમગીન લાગતો હતો. "તમુને એકદમ કેથે ચાલી જવું જોઇયે; તમુને ગમે ત્યાં જાઓ, પણ કોઇબી સલામતીભરેલી અને છુપી જગાએ જંજો બીજા માણસોમાં તો પોલો બહુલ્લો છે કે જેને તમુને દાખલ કીધાંતા અને એક એની આયા. હું એ લોકોને તો મેનેજ કરી શકશ,"

"હા, માહરે જવું જ જોઇયે," નાન્સ કબુલ થઇ, "જો કે એવણને છોડીને જવા મને મુદ્દલ ગમતું નથી."

"તમારાં ઠામ ઠેકાણાની ઇધાણીઓ છુપાવવા વાસ્તે તમારે એકદમ કાળજીવંત અને સંભાળભર્યા બનવાની બહુ જરૂર છે," તે ઘણાં ગંભીરપણાથી સમજાવવા

લાગ્યો. "અહીંથી એક ક્રૅણ લઇ સ્ટેશન પર જજો-અને તમુને જે ગમે તે ટીકીટ લઇ કોઇ તદ્દન ભલતાંજ સ્ટેશને ઉતરી પડજો અને બને તેટલી રીતે હુંફાવી શકો તેમ કરજો, અલબત, તમારા જેવી એક નાજુક કુંમળી બાંનુ વાસ્તે એ ઘણુંજ કેહવાય-પણ સંજોગો જોતાં એ મને માંગી લેવાની ફરજ પડેછ. માંફ કરજો-પણ સહીસલામતી ખાતર તમારી મુસાફરી કટકેકટકે બાંગીનેજ પુરી કરજો-હું તમને સારી રીતે નવાજીને મોકલશ. તેથી તમારે ચીંતા કરવાની નથી." તે બહુ ઉતાવળથી ને દયા ઉપજાવે તેવા ઉશકેરાયેલા અવાજે બોલતો હતો, "બનતાં તુલીક બોર ખબર પણ ન કાઢતાં-એટલે કે તમારાથી જેટલું બને તેટલુજ. અને વરી અહીંના સ્ટેશન પરથી લીધેલી ટીકીટ સાવ બાળી નાંખવાની બી બહુંજ સાવચેતી ને તકેદારી રાખજો. એટલું તમે કરશો?"

"હા-જરૂર," તે મધુરી માહાણુએ ધીમાં સરાટે જવાબ કર્યો.

"હવે તો હું દરેક અવાજે ચમકી જાઉછ-સેડજ સનસારાએ બી મારાનાં ગાત્રેગાત્રાં ધીલાં થઇ જાયછ. ખુદાને ખાતર! પોલીસની નજરે તમે ના પડતાં."

"હું જેટલી બનશે તેટલી ઉતાવળ કરશ," નાજાંએ જવાબ કર્યો. "તમારી તદ્દન ખાત્રી છે કે એથી વધારે હું કાંઇ બી બજાવી શકવાની નથી-એનાંથી વધારે સારી ચીજ?"

"કાંઇબી નહિ," તે ભરથારે કહયું. "તમારી જુબાની અને જો તમે અહીં-રેહશો તો જુબાની આપવાની તમને ફરજજ પડશે-એને દેશતરીપાર કરવાને વાસ્તે બસ છે, ગુડ બાય, વાહલાં ને ભલાં મીસ પારબ."

"ગુડ બાય," નાજાં-તે નિર્દોષ, દુન્યાદારીના દગા કટકાથી વરસો સુધી બેખબર રહેલી તે બાળકી ઘણાં રડમસ અવાજે બોલી, "અને જો આય ભયંકાર બનાવનું સેવન તમો બીહોછ તે કરતાં સારૂં આવે તો તમે એનાં તરફ હવેથી વધારે દયાળુ થજો—કોઇબી સંજોગો વચ્ચે, હવે તમે એની ભણી માયા, દયા અને પ્યા-રથી વર્તજો."

"હું તે પ્રોમીસ કરૂંછ," તેણે કહયું, અને કેહતી વખતે તે મુર્ખ-અને મુર્ખ નહિ તો બીજો કોણ?-ભરથારનો અવાજ લાગણીથી ધ્રુજ્યો.

પેકપુકનું કામ ઘણી ઝડપથી કરી લેવામાં આવ્યું; પણ નાજાં તે કમનશીબ ઘણીઆણીને મળ્યા વગર તે મકાન છોડી--જઈ શકી નહિ, જો કે તેણીની વર્તણુક ગમે તેવી ભયાનક અને ત્રાસ ઉપજાવે એવી હતી, તોપણ હંમેશ વાસ્તે ચાલી જવા અગાઉ તેણી મીસીસ નોરમનનાં ઓરડામાં ગઇ, અને તેણીને બારી આગળની એક ખુરસી ઉપર ઢગલો પુંજો થઈ બેઠેલી જોઈ. તે પુંદરી તે વખતે જે બરી કંગાલ્યતનો કરૂણામય અવતાર તે બાનુંનાં લખી કાઢેલા ચેહરા ઉપર ફેલાઇ રહેલો હતો તે તેણીની આખ્ખી જીંદગી દરમીયાન

પણ ખુશી જઈ શકી નહિ. તે જોતાં, નાનાં તેણીનાં પાપનું અગાધપણું સદંતર વિસરી ગઇ, અને તે ઠંડા બરફ જેવા–અને ખુની–હાથો પોતાનામાં બહુ પ્યાર અને લાગણીથી લઇ લીધા.

"જે બરાં દીલની તોજેશ રૈછ તેને પરવરદીગાર માંફી બક્ષ્યા વગર રહી શકતો નથી," નાનાંએ ધીમાં અને શાંત અવાજે કહ્યું.

પણ તે ભારી, ડલ દોજખી કંગાલ્યત તેણીનાં ચેહરા ઉપર જેવી ને તેવી રહી, અને નાનાં ચુપકીદીમાં તેણીને છોડી આવી.

જ્યારે તે છોકરી એક વાર પાછી ચોકખી, નિરમળ બાહારની હવામાં આવી ઉભી ત્યારે તેણીએ પરવરદીગારનાં હુન્નરો હુન્નર શુક્ર કર્યા કે ગુનાહ, કંગાલ્યત, કંકાસનું વેદના ઉપજાવે તેવું એક વાતાવરણ તે હવે હમેશ વાસ્તે છોડીને આવી હતી.

તેણીએ તેને જેમ કેહવામાં આવ્યું હતું તેમજ પોતાની મુસાફરી ખટકે ખટકે ભાગીને પુરી કીધી, અને આયંદે ઠાક, જંજાળથી ઘેરાયેલી તે મુંબાઇ આવી પૂગી. અલબટ, મુબાઇમાં તેણીએ ભલાં મેહરબાઇ મગોલને યાદ કર્યાં અને તેવણના માહીમ બાતેના 'મેહર વિલા'માં જઇ ઉભી, કે જ્યાં તે જાણતી હતી કે તેણીને હંમેશાં બહુજ માયાકુળ આવકાર મળવાનો હતો. પ્રીય વાંચનારને કેહવાની કશીએ આવશ્યકતા નથી કે તે ચેહરેનમુન સુંદરીને "મેહર વિલા"માં બહુજ આનંદમય આવકાર મળ્યો.

અને ત્યાંજ–ત્યાંજ તે ભયાનક કાહાણી કે જેમાં તેણીએ થોડો ઘણો અગત્યનો ભાગ ભજવ્યો હતો તેનું દરદનાક સેવટ વાંચ્યું અને જાણ્યું. તેણીને મોકલી દેવાનું આયંદે કાંઇએ બચ લાગી શકયું નહિ હતું; મીસીસ નારમનની વિરૂદ્ધની જબાની બહુજ મજબુત હતી. ખુબસુરત ફેડા એક ભયાનક માંદગીનું તાસવીસભર્યું બીછાણું લાંબા દીવસો સુધી ભોગવી આયંદે માંગે લાગી ગઇ અને મીસીસ નારમનની ત્યારપછી તપાસ ચાલી. તે ચકચારભર્યા કેસમાં તેણીએજ આ ખુની કર્મ કર્યું હતું એવું ઘણુંજ આસાનીથી પુરવાર થયું અને તે કંગાળ ઓરતને જીંદગીભરનાં કેદખાનાની સજા થઇ. ખરો ગુનેહગાર–તે બદમાસ ભરથાર કે જેણે તેણીને આવું એક કર્મ કરવા વાસ્તે તમામ દીવાની કરી મેળી હતી–તે તો આસાનીથી છટકી ને છુટો રેહવા પામ્યો, કે જે પ્રમાણે ઘણા બરા એવા સંસારના ફાંસાઓ રહી જવા પામે છે, અને તે બાપડી–તે પ્યાર દીવાની ઓરત જડમુળથી ભર જવાનીમાં ઉડી અને ઉખડી ગઇ!

(સાંધણ છે.)

ચંદ્રપ્રભા ગોળીઓ.

સ્ત્રીઓને દુર બેસતી વખત ઘણું લોહી જવાને લીધે તેણીના શરીરમાં દાખલ થતી નબળાઇ તેણીને અનેક પ્રકારની માંદગીમાં રોકીજ રાખે છે. ઘરનું કામકાજ તેણીથી બની શકતું નથી. કે પોતાનાં બચ્ચાંઓની સંભાળ પણ લઇ શકાતી નથી. ઘર સંસારની દરેક સગવડ અને શેભા વગેરેનો મુખ્ય આધાર સ્ત્રી ઉપરજ છે. તેણીજ જ્યારે આવી રીતે અશકત થઇ પડી ઘરની સંભાળ નથી લઇ શકતી તેથી ઘરની દરેક સગવડ વીખાઇ જાય છે. ઘરનાં માણસો અનેક અગવડોમાં આવી પડે છે: તથા તેણી પોતે પણ દુઃખી થયા કરે છે. અવા દરદમાં જરા પણ બેદરકારી ન રાખતાં, તરતજ તેણીને અમારી ચંદ્રપ્રભા ગોળીઓનું સેવન કરાવવું જોઇએ. એ ગોળીઓના સેવનથી દુર બેસવાનો ટાઇમ નિયમિત થાય છે, ગર્ભાશયની ગરમી મટે છે, શરીરમાં કૈવત આવે છે. લોહી સુધરે છે અને તંદુરસ્તી દઢી રહે છે.

કીંમત:—૧૬ ગોળીની ડબ્બી એકનો રૂપિયો. એક વધારે વિગત જાણવા માટે પ્રાઇસ લીસ્ટ મંગાવી વાંચો અને વાકેફ થાઓ.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.

મુંબઇ—બ્રાંચ,
કાલબાદેવી રોડ.

આંતરનિગ્રહ ઔષધાલય.
જામનગર—કાઠિયાવાડ.

જસમાઇનનો આયોડાઇઝ્ડ

સારસાપરેલા.

લોહી સુધારી નિરોગી અને જીંદગીની મઝા લોગવવાને શકિતવાન બનાવવા માટે આ જસમાઇનનો સારસાપરેલા જરૂર વાપરવો પ્રમેહ, ચાંદી, વિસ્ફોટીક, અને બીજા ગરમીનાં દરદોમાં પેઢેલા નબળાની દવા છે. સંધીવા ઉપર તેનો ગુણ અજબ જેવો છે. બરસ, હુબરસ, દરાજ, બરજવાં ગડગુમડ, કંઠમાળ, કોઢ, અને એવાં અનેક દરદો ઉપર આ જસમાઇનનો સારસા પરેલા ખાસ કરીને વાપરવા લાયક દવા છે. દમ, બાંસી, અને છાતીનાં દરદોમાં ઘણોજ ફાયદાકારક છે. કીંમત રૂ. ૧।। વી. પી. થી રૂ. ૧।।= ત્રણ શીશીના રૂ. ૫)= અને ૬ શીશીના રૂ. ૯)= વી. પી. સહીત.

દરેક દવાના વેપારી પણ તે વેચે છે.

લખો:—અમૃતબિંદુ ઓફીસ—નડીઆદ.

૫૦૦૦ વર્ષ પહેલાં લખાએલો

જ્યોતીષનો મહાન ગ્રંથ !!!

હિંદુસ્તાનના મહાન ઋષીઓમાં ભૃગુ ઋષીનું નામ જગ પ્રશહુર છે.

પંડીત કાશીવાળા ને મળો.

આ મહાન ઋષાનુ લખેલુ તાજુબીભરેલુ પુસ્તક "ભૃગુ સંહિતા" અમારી પાસે મોજુદ છે.

પ્રાચીન જ્યોતીષ શાસ્ત્રની સત્યતા જુઓ.

કચ્છના નામદાર રાઓ જી. સી. આઇ. ઈ. ફીરોજશા મ્હેતા, ગોખલે, મ૦ ગાંધીજી, લો૦ તિલક, ભાવજી ગોવિંદજી શેઠ અને બીજા નામાંકિત આસામીઓની જન્મ કુંડલીઓ તેમના જીવનની સાચી વિગતો સહિત આ ગ્રંથમાંથી નીકળી છે.

આ ગ્રંથમાંથી તમો તે નીચે જણાવેલી તાજુબી ભરેલી વિગતો મળશે.

મુંબઇના જાણીતા આ ગેવાનો, શ્રીમતો આ આતાંનો લાભ લઇ ચુકયા છે

બહારગામના ઘરાકોએ કુંડળી સાથે રૂ. ૧૦ અગાઉથી મોકલવા. મજકુર ગ્રંથના આધારે સમગ્ર જીવનનું વૃતાંત રૂ. ૧૦ ની વી. પી. થી મોકલવામાં આવશે. એટલે એકંદર ફી રૂ. ૨૦ થશે.

તમો સાથે લાવશો કુંડલીની નકલ તૈયાર જોશો-

એટલુંજ નહિં પણ મુંબઇમાં મહાન ગણા તા જ્યોતીષના પં ડીતોનો પણ આ તાજુબીભરેલો ગ્રંથ જોવાને દરોડા પડે છે.

પંડીત કાશીવાળા

ભૃગુ જ્યોતીષ કાર્યાલય.

૨૯૨-૯૪ બીજે માળે-કાલબાદેવી રોડ, દાદી શેઠ અગ્યારી ગલીને નાકે મુંબઇ ૨.

કુંડલીના આધારે તમારી જીંદગીની જન્મથી મૃત્યુ સુધીની તેમજ મૃત્યુનો ટાઇમ વિગેરે તાજુબી ભરેલી વિગતો તમે જોશો.